॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# નિષ્કુળાનંદ કાવ્ય અમૃતધારા

ધીરજાખ્યાન-હરિસ્મૃતિ-અરજીવિનય
ભાગ (૫) પાંચમો
પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી
કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી

બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી
શ્રી હરિસ્વરૂપદાસજીની પૂણ્ય સ્મૃતિમાં

**-: છપાવી પ્રસિધ્ધિ કર્તા :-**

મહંત પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજી
શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ.

**-: સંશોધક :-**

મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી

સંવત્ ૨૦૬૬ પોષ વદ ૧૪ મકરસંક્રાંતિ
કીમત રૂા. ૫૦ પ્રત. ૪૦૦૦
સને. ૨૦૧૦ ૧૪ જાન્યુઆરી ગુરુવાર

**-: પ્રાપ્તિ સ્થાન :-**
શ્રી નરનારાયણદેવ, કોઠાર.
શ્રી સ્વામિનારાયણ મંદિર
ભુજ - કચ્છ. ૩૭૦૦૦૧.

**-: સહયોગ :-**

ગામ શ્રી મિરઝાપરના પ.ભ. પિતાજી ભીમજીભાઈ પ્રેમજી શીયાણી ધ.પ. અ.નિ. લાલબાઈ. ખીમજીભાઈ ભીમજી શીયાણી ધ.પ. અ.નિ. મેગબાઈ, સુપુત્ર હીરજીભાઈ ખીમજી, ધ.પ. વાલબાઈ શીયાણી, સુપુત્ર કરસનભાઈ ખીમજી, ધ.પ. હંસાબેન શીયાણી, સુપુત્ર નિમેશકુમાર ખીમજી ધ.પ. રમીલાબેન શીયાણી, હીરલબેન હીરજી - ભાવિકાબેન હીરજી - રોશન હીરજી - નીશાબેન કરસન - ડેવીશ કરસન - દર્શની કરસન - નયન નિમેશ - પ્રિયલ નિમેશ - કિશન નિમેશ શીયાણી સહ પરિવાર તરફથી આ ''નિષ્કુલાનંદ કાવ્ય અમૃતધારા'' પુસ્તિકા ભાગ પાંચમો છપાવી પ્રસિદ્ધ કરવામાં મદદ કરેલ છે.

હસ્તે સાંખ્ય યોગી સામબાઈ અરજણ હિરાણી, મિરઝાપર (કચ્છ)

**-: મુદ્રક :-**

**શ્રી સ્વામિનારાયણ મંદિર**
**ભુજ - કચ્છ.**

**શ્રી નિષ્કુળાનંદ કાવ્ય અમૃતધારા**
**ભાગ પાંચમો.**

**Dt. 6 - 9 - 06**

-: આજ્ઞાપત્ર :-

સ.ગુ. મહંત સ્વામી હરિસ્વરૂપદાસજી તથા
સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી
શ્રીસ્વામિનારાયણ મંદિર
ભુજ - કચ્છ.

આપના પત્ર તા. ૦૫,૦૯,૨૦૦૬ ના અનુસંધાનમાં જણાવવાનું કે આપના તરફથી ''નિષ્કુળાનંદ કાવ્ય અમૃતધારા'' ધીરજાખ્યાન - હરિસ્મૃતિ - અરજીવિનય ભાગ - ૫, પાંચમો પુસ્તક સંપ્રદાયમાં પ્રકાશિત કરવા આપને શુભાશીર્વાદ સહ આજ્ઞા આપવામાં આવે છે.
આ પ્રકાશન સત્સંગી માત્ર માટે ભક્તિ સંવર્ધનનું અમૂલ્ય સાધન બની રહે તેવી શ્રીનરનારાયણદેવના શ્રીચરણોમાં પ્રાર્થના સહ.

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી
શ્રીસ્વામિનારાયણ મંદિર,
કાળુપુર, અમદાવાદ - ૧



# -: નિવેદન :-

સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી સ્વામિનારાયણ ભગવાનના પાંચસો પરમહંસમાં વૈરાગ્યમૂર્તિ રૂપ અક્ષરધામના મુક્ત હતા. જેનો પુરાવો સ્વામીનું જીવન અને કવન છે, જેનાં પત્ની કહ્યાગરાં, આજ્ઞાંકિત અને રૂપાળાં હોય, જેને બે ત્યાં દીકરા રમતા હોય, કામ-ધંધો જોરદાર ચાલતો હોય, સમાજમાં અને ગામમાં જેની પ્રતિષ્ઠા અને આબરૂ બહુ સારી હોય, પોતે ભર યુવાનીમાં હોય, અને સ્વામિનારાયણ ભગવાન ઓચિંતા એટલું જ કહે કે તમારા જેવા એક માણસની અમને જરૂર છે. એટલામાં જ સર્વ સંસાર, કીર્તિ, સંપત્તિ છોડી સાધુ થઇ જાય, એ અક્ષરધામના મુક્ત હોય તો જ બને, લૌકિક જીવનું એમાં કામ નહિ.

સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી સ્વામીની જીભે સરસ્વતીજીનો વાસ હતો, તેથી એ બહુ ભણેલા નહોતા છતાં પણ એમણે જે શાસ્ત્રો રચ્યાં છે તે અગાધ અને અજબ ગજબની રચનાથી રચ્યાં છે. કોઇ ભક્તજન હૃદયપૂર્વક વાંચે તો હૈયું પુલંકિત થઇ જાય.

નિષ્કુળાનંદ સ્વામીએ રચેલા '' નિષ્કુળાનંદકાવ્ય'' ગ્રંથમાં ધીરજાખ્યાન - હરિસ્મૃતિ અને અરજીવિનયનું સ્વરૂપ વર્ણવ્યું છે. એવો એક મહાન અને અદ્‌ભુત આ ગ્રંથ છે. જેનું નામ છે ''અમૃતધારા ભાગ - ૫''

## -: પ્રસ્તાવના :-

શ્રી અક્ષરધામના અધિપતિ સર્વોપરી પુરુષોત્તમ નારાયણે મુમુક્ષુ આત્માનું આત્યંતિક કલ્યાણ કરવા માટે ધર્મ ભક્તિ થકી માનવ શરીર ધારણ કર્યું. અને અગણિત આત્માઓને પોતાના શરણે લીઈ કલ્યાણનો માર્ગ બતાવ્યો. દિવ્ય કલ્યાણનો માર્ગ અખંડ ચાલુ રાખવા મહાન સંતો પાસે સત્શાસ્ત્રોની રચનાઓ કરાવી. નિષ્કુળાનંદ સ્વામીને નિમિત્ત બનાવીને જન ઉપયોગી ધીરજાખ્યાન નામનો ગ્રંથ બનાવ્યો. આ ગ્રંથ સંજીવની ઔષધ સમાન છે. મુમુક્ષુને સાચી દિશા બતાવે છે.

ધીરજવાળા જ સુકીર્તિ મેળવે છે. અને ધર્મનિયમના પાલનમાં મહાન સહાયક બને છે, ધારેલા લક્ષ્ય સુધી પહોંચી શકે છે.
ધીરજ ઢાલનું કામ કરે છે.

ધીરજની ડગલે ને પગલે જરૂર પડે. ધીરજ વિના કોઇ પણ કાર્ય થતું નથી. ધીરજ ન રાખે તો મુશ્કેલીઓ ઊભી થાય છે. ધીરજ રાખવાથી મોટામાં મોટા સંકટને સરલતાથી પાર કરી અને સુખ શાન્તિ અનુભવી શકાય છે. આપણે ભાગ્યશાળી છીએ. સ્વામીનાં શાસ્ત્રો વાંચવા અને સાંભળવા મળે છે.
ધીરજ રાખવાથી મનમાં શાન્તિ રહેશે.

ઘણા માણસો વાતની વાતમાં ધીરજ ગુમાવી બેસે છે. મનગમતું જરાક મરડાય તો જોઇ લ્યો એના મોઢાનો રંગ. મનગમતું જ થવું જોઇએ. સહન કરવું તે સંતનું ભૂષણ છે. એમાં સંકટો આવે છતાં મુઝાશો નહિ. શાન્તિ રાખીને ધીરજ રાખવી.
ધીરજશાળી સૌને ગમે છે. ધીરજ રાખો.



નિષ્કુળાનંદ સ્વામીએ જુદા જુદા રાગ અને ઢાળમાં અદ્‌ભુત સાહિત્યની રચના કરી સંપ્રદાયની સેવામાં મૂકી. સ્વામિનારાયણ ભગવાનને યાદ કરીને આ ધીરજાખ્યાન નામનો ગ્રંથ તેનું અવશ્ય વાંચન અને શ્રવણ કરીએ. જેથી ધીરજ રાખવાની શક્તિ મળશે. અધીરા માણસ માટે આ શાસ્ત્ર બહુ ઉપયોગી છે. શ્રીનિષ્કુળાનંદ સ્વામી આજે આપણી સૌની વચ્ચે પ્રત્યક્ષપણે ભલે નથી પરંતુ તેમના અમર અક્ષર દેહે હંમેશાં આપણી સાથે જ છે. દિવ્ય સ્વરૂપે સત્સંગમાં આપણી સાથે છે...

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# ધીરજાખ્યાન અમૃતધારા

---

નિષ્કુળાનંદ સ્વામીએ ભવિષ્યનો વિચાર કરીને શાસ્ત્રનો વારસો આ સત્સંગ સમાજને આપ્યો છે. શાસ્ત્રોની સુવાસ કાયમ માટે લોકોમાં મહેકતી રહે એટલા માટે અનેક શાસ્ત્રો બનાવ્યાં છે.

જન્મજન્માંતરનાં પૂન્ય ભેગાં થાય ત્યારે આવાં શાસ્ત્રો વાંચવાનો અને સાંભળવાનો લ્હાવો મળે છે. એમાં પણ આ તો સર્વોપરી સ્વામિનારાયણના પરમ એકાંતિક બ્રહ્મનિષ્ઠ વૈરાગ્ય મૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીના મુખેથી ગવાયેલી ધીરજાખ્યાનની કથા છે. આ ગ્રંથ વ્યક્તિને શાંતિ અને સમાજને ભક્તિમાર્ગે દઢ ગતિ આપવાની ક્ષમતા ધરાવે છે. પ્રારંભમાં શાસ્ત્રોનું પૂજન કરવામાં આવે છે. શા માટે પૂજન કરીએ છીએ? ભગવાનના ગુણ ચરિત્રથી ભરપુર છે તેથી.

નિષ્કુળાનંદ સ્વામી મંગલાચરણ કરે છેઃ-

**મંગળ મૂર્તિ મહાપ્રભુ, શ્રીસહજાનંદ સુખરૂપ;**
**ભક્તિધર્મ સુત શ્રીહરિ, સમરું સદાય અનૂપ.**
**પરમ દયાળુ છો તમે, શ્રીકૃષ્ણ સર્વાધીશ;**
**પ્રથમ તમને પ્રણમું, નમું વારમવાર હું શિશ.**

ભગવાનનું સ્મરણ કરતાં કહે છે, હે મંગળકારી મૂર્તિ! શ્રી સહજાનંદ સ્વામી, પ્રગટ પુરુષોતમ નારાયણ, ભક્તિ ધર્મના પુત્ર, હું તમને વારંવાર નમસ્કાર કરું છું. ભગવદ્ સ્મરણ સુખ આપનારું છે અને વિઘ્નને દૂર કરનાર છે. સુખ જોઈતું હોય તો જગતનાં તમામ દ્વંદ્વથી મુક્ત થઈને ભગવાનના સ્વરૂપનું અખંડ સ્મરણ કરો અને અલૌકિક



રૂપમાં મનને જોડો. રાગ ધન્યાશ્રી-

**સુખના સિંધુ શ્રી સહજાનંદજી, જગજીવન કહીએ જગવંદજી ।**
**શરણાગતના સદા સુખકંદજી, પરમ સ્નેહી છે પરમાનંદજી ॥૧॥**

શ્રી સહજાનંદ સ્વામી સુખના સિંધુ છે. મહા સુખનો ખજાનો છે. એ સુખનો ક્યારેય નાશ થતો નથી. આપણે ભૌતિક રીતે સુખી છીએ અને એ સુખને આપણે સાચું સુખ માની બેઠા છીએ પણ સાચી હકીકતમાં ભૌતિક સુખ એ સુખ નથી. તેમજ કાયમી સુખ પણ નથી. નાશવંત સુખ દુઃખથી મિશ્રિત હોય છે. શાશ્વત સુખ મહા અલૌકિક સુખ છે. એ સુખનો કદી નાશ થતો નથી. જેનું મન સંસારના સુખમાં લોભાતું હોય તેને ભગવાનનું સુખ ઓળખાતું નથી.

**ઢાળ– પરમ સ્નેહી સંત જનના, છે ઘણા હેતુ ઘનશ્યામ ।**
**દાસના દોષ ટાળવા, રહેછે તૈયાર આઠુંજામ ॥૨॥**
**અનેક વિઘનથી લિયે ઉગારી, કરી પળે પળે પ્રતીપાળ ।**
**પરદુઃખ દેખી નવ શકે, એવા છે જો દીન દયાળ ॥૩॥**
**નિજ દાસને દુશ્મનજન, ઘડીઘડીએ ઘાત કરે ઘણી ।**
**ક્ષણુક્ષણુએ ખબર ખરી, રાખે છે હરિ તેહતણી ॥૪॥**

દાસના દોષ ટાળવા, રહે છે તૈયાર આઠુ જામ, અનેક વિઘ્નથી લિયે ઉગારી, કરી પળે પળે પ્રતિપાળ. અમારું વચન માનશો તો શ્રી હરિ કહે છે જે ધામમાંથી અમે આવ્યા છીએ તે ધામમાં તમને સર્વેને તેડી જાશું. અમે કહીએ તેમ કરશો તો. તમને મહા કષ્ટ કોઈ આવી પડશે, સાત દકાલી જેવું કષ્ટ પડશે તે થકી રક્ષા કરશું. કોઈ ઉગર્યાનો આરો નહિ હોય એવું કષ્ટ આવી પડશે તો પણ રક્ષા કરશું. કેવી રીતે આપણે વર્તીશું તો પ્રભુ રક્ષા કરશે? શ્રીજીમહારાજ કહે છે, 'અમારા સત્સંગના ધર્મ બહુ રીતે પાળશો તો, ને સત્સંગ રાખશો તો, ને સત્સંગ નહિ રાખો, મન ફાવે તેમ વર્તશો તો મહા દુઃખ પામશો. તેમાં અમારે લેણા દેણા નથી.'

**જેમ પાળે જનની પુત્રને, બહુબહુ કરી જતન ।**
**એમ જાળવે નિજજનને, બહુ ભાવે કરી ભગવન**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, જનેતા માવડી જેમ પોતાના બાળકની ડગલે ને પગલે હરહમેશાં સંભાળ રાખે છે, જતન કરે છે તેમ પરમાત્મા એકાંતિક ભક્તની

હંમેશ સંભાળ રાખે છે. વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, એકાંતિક ભક્ત કોને કહેવાય ? સર્વ વાસનાનો ત્યાગ કરીને બ્રહ્મરૂપ થઈને ભગવાનની ભક્તિ કરે તેને એકાંતિક ભક્ત કહેવાય.

એક વખત બે સંતો કચ્છના ગામડામાં ફરતા હતા. એક પાપી ચારણે આ બે સંતોને દીઠા અને મનમાં થયું કે આ સ્વામિનારાયણ બાવા ગામને બગાડશે. દારૂ, ભાંગ, ગાંજો ખાવાની મનાઈ કરશે. તેના પહેલાં એને પૂરા કરી નાખીએ. એવું ધારી હાકોટો માર્યો. “અલ્યા બાવલા! ઊભા રહો! ક્યાં જાવ છો? મારી હકની ધરતી ઉપર કેમ ચાલ્યા? માર્યા વિના નહિ મૂકું. માણસોને બગાડો છો!” એમ કહી પોતાને ઘેર લઈ આવ્યો.

ગાળો બોલતો જાય ને મારી કૂટીને સંતોને મેડી ઉપર પૂરી દીધા. ભૂખ્યા તરસ્યા સંતો મનમાં મનમાં પ્રભુનું સ્મરણ કરે છે. બરાબર રાતના બાર વાગ્યા.

**શ્રીજીમહારાજ મદદ કરવા પહોંચી આવ્યા.**

દરવાજો ખટખટાવ્યો. પાપી ચારણ બે ગાદલાં પાથરી સૂતો હતો. તે બોલ્યો, “કોણ છો?” પ્રભુએ કહ્યું, “ગમે તે હોય, જલદી દરવાજો ખોલ નહિતર મારી નાખીશ.” પ્રભુએ દરવાજાને એવો જોરથી ધક્કો માર્યો. ફટાક દેતા દરવાજો ખુલ્લી ગયો. ચારણ મંડ્યો થરથર ધ્રુજવા. પ્રભુએ જમપુરીમાં મૂકી દીધો. ત્યાં જમના દુતોએ દંડાથી ખૂબ માર્યો. “અરે પાપી! તેં સાચા સંતને મેડી ઉપર મારીને પૂરી મુક્યા છે તેની તને હવે ખબર પડશે.” એમ કહી લોઢાના ચાબુકથી ખૂબ માર્યો.

ભગવાન કહે, “બરાબર જેવી સજા કરજો. જેથી ખબર પડે કે બીજાને પજવવાથી કેવું દુઃખ થતું હશે.” મિજાગરાં બધાં નરમ કરી નાખ્યાં. માર પડે જમપુરીમાં અને દેહ ઉછળે ને પછડાય આંહી ઘરમાં. પછી ભગવાન એને દેહમાં લઈ આવ્યા. “કેમ, હવે સંતને હેરાન કરીશ?” બે હાથ જોડી ચારણ બોલ્યો, “હવે કોઈને હેરાન નહિ કરું. મને માફ કરો. હું જીવીશ ત્યાં સુધી મારું શરીર દુઃખશે.” સીધો નેતર થઈ ગયો.

પ્રભુનો સ્વભાવ મા જેવો છે. ગંદુ બાળક થઈને આવે ત્યારે મા બરાબર નવરાવીને ચોખ્ખું કરે. બાળક ભલે રાડો પાડે છતાં મા એને બરાબર સાફ કરે. તેમ ગંદા જીવ પાપ કરીને આવે ત્યારે પ્રભુ એને જમપુરીમાં બરાબર સજા કરે છે અને સન્માર્ગે વાળે છે.



**આ જગમાં જીવને વળી, હરિ સમ હેતુ નહિ કોય ।**
**પરમ સુખ પામે પ્રાણધારી, એમ ચિંતવે શ્રીહરિ સોય ॥૭॥**

ભક્તિમાં લેણ દેણ ન હોય. હું આટલું કરું, તમે મારું આ કાર્ય કરી દો. અહૈતુકી ભક્તિ હોવી જોઈએ. કેવળ પ્રભુની પ્રસન્નતા માટે જ ભક્તિ કરવી. બીજી કોઈ ઈચ્છા રાખવી નહિ. સાધારણ માનવી એમ સમજે છે કે ભક્તિ કરીએ તો ભગવાન બહુ પૈસા આપે. ભક્તિનું ફળ પૈસો નથી. ભક્તિનું ફળ ભગવાન છે. ભગવાન સાધન નથી. સાધ્ય છે. જ્યાં ભક્તિ છે ત્યાંજ ભગવાન છે. જીવનના છેલ્લા શ્વાસ સુધી ભક્તિ ચાલુ રાખો. નિરાશ ન થાઓ. ભક્તિ શિર સાટે કરો ને બીજાને કરાવો. અંતરશત્રુ થકી લડી શકે તે ભકિતના માર્ગે ચડી શકે છે. હરિ સમ હેતુ નહિ કોય, એવું સમજી લેવું મનમાંય.

**જે દુઃખે થાય સુખ જનને, તે દેછે દુઃખ દયા કરી ।**
**જેહ સુખે દુઃખ ઉપજે, તે આપે નહિ કેદિ હરિ ॥૮॥**
**જેમ અનેક વિધની ઔષધિ, હોય અતિ કડવી કસાયલી ।**
**દર્દારિ દિયે દર્દિને, ટાળવા વ્યાધિ બાહેર માંચલી ॥૯॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સાચુ સુખ શરૂઆતમાં કડવું લાગે, અઘરું લાગે. જેમ હરડેની ફાકી તમે પીઓ તો મોઢું બગડી જાય, તૂરી લાગે. પણ ખાધેલી હરડે આંતરડામાં જઈને અમૃત જેવું કામ કરે છે. હરડેમાં ગુણ છે. આયુષ્ય વધારે ને રોગનો નાશ કરે. પરિણામ બહુ સારું આવે. રોગ માત્ર મટી જાય. અત્યારે ધર્મ-નિયમ, પૂજા- પાઠ, જપ-તપ વિગેરે સત્કર્મ કરવા કદાચ કઠણ લાગશે. પ્રભાતમાં વહેલું જાગવું કઠણ લાગશે, ગુરૂની ટકોર કડવી લાગશે પણ જન્મ મરણનો રોગ ટળી જશે. દર્દારિ દિયે દર્દિને, ટાળવા વ્યાધિ બાહેર માયલી, ઔષધ હોય કડવી કસાયલી.

શ્રધ્ધા પૂર્વક અચળ ભરોસો ભગવાનનો રાખવો. એક સંત એકાંતમાં કુટિરમાં પ્રભુ સ્મરણ કરતા હતા. એક સર્પ મહાત્માની પાટ ઉપર ચડ્યો. કુંડલી વાળીને સામે બેઠો. શિષ્યોએ આ દશ્ય જોયું. કહ્યું, “ગુરૂજી! અમને આજ્ઞા આપો. અમે તમારા માટે સુરક્ષિત જગ્યાની ગોઠવણ કરીએ.” ગુરૂજીએ સરસ જવાબ આપ્યો, “હું ભગવાનને ખોળે બેઠો છું. હું પૂર્ણ સુરક્ષિત છું. પ્રભુ મારી મા છે. મને દૂધ પીવડાવનારી જનેતા મા જતી રહી છે. પણ પરમ શાંતિમાં મન ગયેલું હોય ત્યારે હું પ્રભુના સ્મરણ રૂપી દૂધ ધાવવા માટે ભગવાનના ખોળામાં જાઉં છું. એ મારી મા આ લોક અને પરલોકમાં

રક્ષા કરનારી છે.

**નિષ્કુલાનંદ એમ નિજજનની, સા'ય કરે છે શ્રીહરિ ॥**

શ્રી હરિનો મને અચળ ભરોસો છે. મારી ચિંતા કરવાનો કોઇ પ્રશ્ન જ નથી.'' થોડીવાર પછી સર્પ સંતના ચરણનો સ્પર્શ કરીને જતો રહ્યો. સર્પનું પણ કલ્યાણ થયું. સંત દર્શનથી તેની મુક્તિ થઇ ગઇ. આ છે સંતનો પ્રતાપ.

**આગે અનેક થયા હરિજનજી, તેહને આવ્યાં બહુ બહુ વિઘનજી ।**
**સમઝી વિચારી કર્યાં ઉલ્લંઘનજી, ભાવશું ભજ્યા શ્રીભગવનજી ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, પ્રાચીન ભક્તોએ મુશ્કેલી સમયમાં કેવી ધીરજ રાખી છે તેની વાત તમને કહેવી છે.

**વિપત્તિમાં વાસુદેવ ભૂલાય નહિ તે ભક્ત સાચો.**

જગતસુખની લાલચ મેલી શિરને સાટે ભગવાનનું સ્મરણ કરે છે. તેવા શિરોમણી ભક્તોના જીવનની કથા તમને સંભળાવું છું.

**તે ભક્ત પ્રહ્લાદ પ્રમાણિયે, જાણિયે ધ્રુવ જનક જેદેવ ।**
**વિભીષણ અંબરરીષ આદિ, ભજ્યા હરિ તજી બીજી ટેવ ॥૩॥**
**શિબી વળી સુધનવા, ઋભુ ને રંતિદેવ કહીયે ।**
**નળ મૃદગલ મયૂરધ્વજ, હરિશ્ચંદ્ર હરિજન લહીયે ॥**

બાળભક્ત પ્રહ્લાદજી, ધ્રુવજી, જનક રાજા, જયદેવ, વિભીષણ, અંબરીષ રાજા, શિબી રાજા, સુધન્વા, ઋભુ, રંતિદેવ રાજા, નળ રાજા, મૃદગલ ઋષિ, મયુરધ્વજ રાજા, હરિશ્ચંદ્ર રાજા, શુકદેવજી, નારદજી, સનકાદિક, જડભરત, જાજળિ, આરૂણી, ઉપમન્યુ... આ બધા ભક્તો ખરા ખપવાળા હતા. આત્મજ્ઞાની અને ધીરજશાળી હતા. આત્મનિષ્ઠા અને દેહનિષ્ઠાના માર્ગ અલગ અલગ છે. તેલ અને પાણી એક વાસણમાં ભેળા નાખો તોય તે નોખા જ રહે, તેમ આત્મજ્ઞાની અને દેહાભિમાની ભક્ત એક સ્થળમાં ભેળા રહેતા હોય તો પણ બેયના વર્તનમાં ઘણો ફેર હોય છે.

આત્મજ્ઞાનીને જગતના વિષય અગ્નિ જેવા લાગે.
દેહાભિમાનીને જગતના વિષય મીઠા મધુરા લાગે.
આત્મજ્ઞાનીનું મન પ્રભુની મૂર્તિમાં રમ્યા કરે.



દેહાભિમાનીનું મન જગતની માયામાં રમ્યા કરે.
આત્મજ્ઞાનીને જગતની ચર્ચામાં કંટોળો આવે.
દેહાભિમાનીને જગતના ગામ ગપાટામાં મજા આવે.

**ધીરજ રાખવાથી મોટા સંકટને સરળતાથી પાર કરી શકાય છે.**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, 'અલ્પ સુખ સંસારનું, તેમાં દુઃખનો નહિ પાર, જેમાં ધાખે ખાયે ધંતુર નર, તેમાં નાવે સુખ નિરધાર.' ધતુરાના ડેડા ખાય તેને સુખ ન થાય. તેમ આ સંસાર પણ એવોજ છે. સંસાર સ્વપ્ના જેવો છે. એવું સમજીને સાચા ભક્તજનોનું મન ભગવાન સિવાય ક્યાંય પણ લોભાતું નથી. 'તજ્યું સુખ ત્રિય તન ધનનું, કરવા પ્રભુને પ્રસન્ન.'

**મોટા દુઃખને મટાડવા, કશી કમર કરડાઇ કરી ।**
**જીતિયે કે જાય જીવથી, પણ એ દુઃખમાં નાવિયે ફરી ॥**

મોટામાં મોટું દુઃખ કયું છે? જન્મવું અને મરવું. જન્મ મરણનું સંકટ મોટું, તે થકી મનમાં ડરી, ભજી લ્યોને સહજાનંદ હરિ. આજથી નક્કી ઠરાવ કરી રાખો, મારે ભવમાં ફેરા હવે નથી ફરવા રે, મે તો તનડું લીધું છે તમને વરવા રે. પ્રભુના સ્વરૂપમાં મસ્ત બનીને રહેવું છે અને અંતરશત્રુ સાથે જીત કરીને અક્ષરધામમાં જવું છે. માયા દુઃખનો દરિયો છે. ભગવાન સુખના સાગર છે.

આ જન્મે કે લાખ જન્મ બાદ પણ એક જ કામ આપણને કરવાનું છે. શું? માયા મૂકવી અને શ્રી હરિનું સ્મરણ વધારવું. શ્રીજીમહારાજના અક્ષરધામને પામવું હોય તો માયિક વાસના છોડવી પડશે તો દિવ્ય આનંદ મળશે. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, 'મીણનો દોરો ઊનાળામાં ઢીલો ઢસ થઇ જાય. શિયાળો આવે ત્યારે અક્કળ થઇ જાય, પણ સોનાનો દોરો જેવો હોય તેવો ને તેવોજ રહે. ઢીલો ન થાય ને કડક પણ ન થાય.' તેમ ભક્તને સોનાના દોરા જેવું થવું. માન-અપમાન, સુખ-દુઃખ, હાનિ-લાભ, જીવનમાં ભાવપરિવર્તન લાવે નહિ. ખોટી ચિંતા કરવી નહિ, પણ મસ્ત બનીને ખુમારીપૂર્વક ભક્તિ કરવી. ભક્તિ કરવાથી જ ભવસાગર તરી શકાય છે.

**એવો આગ્રહ જેણે આદર્યો, કરી અંતરે ઉંડો વિચાર ।**
**નિષ્કુલાનંદ એવા જનની, શ્રીહરિ કરે છે સાર ॥૧૦॥**

સાચા ભક્તજનની શ્રીહરિ કરે છે સાર, રક્ષા કરવા રહે છે તૈયાર. શ્રીજી મહારાજે સંતોને કહ્યું, ''તમે વિચરો દેશ વિદેશ, આપો સૌ જનને ઉપદેશ.'' દૈવી

જીવાત્માને સંતોની વાણી સાંભળી આનંદ થાય. શ્રધ્ધા અને ભાવના વધતી જાય. પણ આસુરી જીવાત્માને ઈર્ષ્યા આવે. "સ્વામિનારાયણ ભગવાન અને તેમના સંતોનો જયજયકાર થાય તે બરાબર નહિ. આપણો જયજયકાર અને વાહ વાહ થવી જોઈએ." શ્રી રામચંદ્રજી ભગવાનનો જયજયકાર થતો હતો તો મંથરાને ઈર્ષ્યા આવી. શ્રી કૃષ્ણ ભગવાનનો જયજયકાર થતો હતો ત્યારે શિશુપાળને ઈર્ષ્યા આવી. અને સ્વામિનારાયણ ભગવાનનો જયજયકાર થતો ત્યારે અનેક આસુરી જીવાત્માને ઈર્ષ્યા થઈ છે.

આત્માનંદસ્વામી ચાર સંતોને લઈને ગામ જલસેણ પધાર્યા. ગામના ઝાંપે વૃક્ષ નીચે ઉતારો રાખ્યો, સત્સંગ કરાવે. અનેક મુમુક્ષુ કથા સાંભળવા આવે. દુષ્ટ પ્રકૃતિવાળાને આ ગમ્યું નહિ. "આ બાવા ગામને બગાડશે. આપણને કોઈ માનપાન આપશે નહિ. તેથી ઝેર ખવરાવીને મારી નાખીએ. જલદી પતી જાય." ઝેર નાખીને રસોઇ બનાવી. સંતો પાસે બે દુષ્ટો આવ્યા. પગે લાગીને કહ્યું, "તમે અમારા ગામમાં આવ્યા છો તે બહુ સારું થયું. આજે અમારા તરફથી રસોઇ જમજો. અમારી કમાણી લેખે લાગે." ઉપરથી આદર બતાવે છે, અંતરમાં વેર ભર્યું છે.

સંતોને કાંઇ ખબર નથી કે રસોઇમાં ઝેર છે. તેથી કહ્યું, "રાખી જાવ. અમારા નિત્ય નિયમ પુરા થશે પછી ઠાકોરજીને જમાડીને જમશું." ઈર્ષ્યાળુ ચાલ્યા ગયા. રાજી થાય છે. "હવે ખબર પડશે." સંતો જમવાની તૈયારી કરે છે ત્યાં ભગવાન તેજના પુંજ મધ્યે પ્રગટ થયા. પ્રકાશ પ્રકાશ છવાઇ ગયો. શ્રીજીમહારાજનાં દર્શન થયાં. સંતો બે હાથ જોડી, નમસ્કાર કરી પગે લાગ્યા.

શ્રી હરિ કહે છે, "હે સંતો! આ ભોજન જમશો નહિ. તેમાં ઝેર નાખેલું છે. ગાય કે ભેંસને ખવરાવશો નહિ. જમીનમાં દાટી દો. પાણીમાં પણ નાખજો નહિ. માછલાં ભોજન ખાશે તો મરી જાશે." આટલું બોલતાં પ્રભુ અદ્રશ્ય થઇ ગયા. સંતોને મૃત્યુના મુખથી બચાવી લીધા. સમય જતાં તે ઈર્ષ્યાળુ પાપી મનુષ્ય પોતાનાં કર્યાં કર્મ ભોગવીને રિબાઇ રિબાઇને મરી ગયા ને જમપુરીમાં પહોંચી ગયા.

**કુદરતની કોર્ટમાં રતી રતીના જવાબ દેવા પડશે**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, "મૃત્યું છે તે હિસાબ દેવાનો દિવસ છે."

**જમના દૂતો જોરાવર છે, તેની ખાશો લાતુંજી ।**
**અભાગીયા તેં જાણી જોઇને, દુઃખ લીધું વેંચાતુંજી ॥**



પાપીના મોઢામાં ઉકાળેલું તેલ રેડીને ખુબ માર મારે છે ત્યારે પાપી બરાડા પાડે. "બચાવો, બચાવો! દુઃખ ખમાતું નથી!" પણ ત્યાં કોણ બચાવે?! સ્વામી કહે છે, જેવાં પાપ તેવી સજા જમદૂતો કરે છે. જમદૂતના મારથી બચવું હોય તો ભગવાનની આજ્ઞાનું પાલન કરી ભક્તિ કરો. સંત સમાગમ કરો. પ્રભુના નામનો જપ કરો. સત્સંગ વગરનું જીવન નકામું છે.

**શુભ મતિ સુણો સહુ સુખની વાતજી, હરિ ભજતાં રહેવું રાજી રળીયાતજી**
**સુખ દુઃખ આવે જો તેમાં દિન રાતજી, કાંઇ કચવાઇ ન થાય રકળીયાતજી**

સુખ દુઃખ આવે સંસારમાં, ભાવ ધરી ભજવા ભગવાન. સંસાર સુખ દુઃખનો દરિયો છે. નિષ્કુળાનંદસ્વામી કહે છે, દુઃખ આવે તો ગભરાશો નહિ. દુઃખ પાપને બાળવા માટે આવ્યું છે. દુઃખ તમને સાવધાન કરવા માટે આવ્યું છે. દુઃખમાં માનવ ડાહ્યો થાય છે. ઘડતર થાય છે. ઘણે ભાગે અતિ સુખ સંપતિમાં કોઇને ભગવાન મળ્યા નથી. અતિ દુઃખમાં અને વિપતિમાં ભગવાનનાં દર્શન થયાં છે.

**સુખાવસાને ઇદમેવ સારં દુઃખાવસાને ઇદમેવ જ્ઞેયમ્ ।**
**દેહાવસાને ઇદમેવ જાપ્યં, ગોવિંદ દામોદર માધવેતિ ॥**

પ્રભુની સ્તુતિ કરવાથી અભિમાન મરે છે અને નમ્રતા આવે છે. ત્રણ સમયે સ્તુતિ કરવાની જરૂર છે. સુખના સમયે, દુઃખના સમયે અને દેહાવસાને. સુખમાં શ્રી હરિને સાથે રાખશો તો તમારે ઘેર દુઃખ કોઇ દિવસ આવશે નહિ. ભગવાનને કહેજો કે, "હે પ્રભુ! હું લાયક નથી છતાં ખૂબ સુખ આપ્યું છે. ખૂબ ધન, સંપતિ, માલ, મિલ્કત આપ્યાં છે." સુખમાં પ્રભુનો ઉપકાર માનો અને દુઃખમાં પણ પ્રભુનો ઉપકાર માનજો.

**વણતોળી વિપતમાંહી, વળી ધરવી અંતરે ધીરને ।**
**સદાય ન હોય સરખું, હોય સુખ દુઃખ શરીરને ॥**
**તેમાં કાયરતા કોરે કરી, હૈયે હીંમત રૂડી રાખવી ।**
**મોળી વાતને મુખથી, વળી ભૂલે પણ નવ ભાખવી ॥**

વણતોળી વિપતમાંહી ધરવી અંતરે ધીર. સદાય સુખ નથી રહેતું અને સદાય દુઃખ નથી રહેતું. પણ સુખી કેમ થવાય? હૈયે હિંમત રાખવી પણ નિરાશાવાદી થાવું નહિ.

**મેરૂ પર્વત સમાન મન મજબૂત રાખો.**

શ્રી સ્વામિનારાયણ ભગવાનના વખતની બનેલી ઘટના છે. જામનગર જીલ્લામાં જગામેડી ગામ છે. ત્યાં એક પરમભક્ત છોકરો રહેતો હતો. છોકરો સત્સંગી પણ તેનો બાપ ભારે કુસંગી અને નિર્દય હતો. છોકરો સ્વામિનારાયણ નામ બોલે તે તેના પિતાજીને બિલકુલ ગમે નહિ. તેથી છોકરાને મારકુટ કરે, હેરાન કરે, જમવાનું કાંઇ આપે નહિ. બહુ દુઃખી કરે છે છતાં પણ છોકરો જરાય હિંમત હારતો નથી. મન મજબુત કરીને હરિ સ્મરણ કરે છે.

**હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ,**
**પ્રથમ પહેલું મસ્તક મૂકી, વળતું લેવું નામ જોને. . .હરિ . . .**

એક વખત બાપ દીકરો પોતાના ખેતરમાં ગયા. બાપ કહે છે, ''મારું માની જા અને ભગવાનનું નામ લેવાનું બંધ કર નહિંતર મારી નાખીશ. ચેતી જા અને હરિ સ્મરણ કરતો અટકી જા.'' છોકરો બોલ્યો, ''પિતાજી, પ્રભુનું નામ તો મારા શિરને સાટે છે. તે નહિ છોડું.'' બાપનો ક્રોધ વધી ગયો. મારું માનતો નથી.

ગાડામાં ભર ભરીને છોકરાને ગળે જોતર બાંધીને કહ્યું, ''હવે સ્વામિનારાયણ નામ બોલીશ? '' ''હા પિતાજી! તમે પણ બોલો ને હું પણ બોલીશ. પ્રભુ આપણા જીવન પ્રાણ છે. શ્વાસોશ્વાસની રીધમ પ્રભુ ચલાવે છે.'' બાપ બોલ્યો, ''જો સ્વામિનારાયણ નામ બોલીશ તો આ ભર ભરેલું ગાડું ઉલાળીને તને મારી નાખીશ!'' ત્યારે છોકરાએ કહ્યું, ''ભલે મારી નાખો પણ હું ભગવાનનું ભજન નહિ મૂકું.'' તેના પિતાએ ક્રોધ કરીને ભર ભરેલું ગાડું ઉલાળીને છોકરાને મારી નાખ્યો. મરણ સામે દેખાતું હતું છતાં આ છોકરાએ ભજન છોડ્યું નહિ. ધન્ય છે છોકરાની હિંમત અને નિષ્ઠાને.

**આ ગ્રંથ મુમુક્ષુને સાચી દિશા બતાવે છે.**

ધીરજાખ્યાન ગ્રંથના અક્ષરે અક્ષર વાંચીને અંતરમાં કંડારવા જેવા છે. યથાર્થ મહિમા સમજાશે તો આ સત્સંગમાં ધ્યાન ભજનનું વિશેષ સુખ પ્રાપ્ત થશે. નિષ્કુળાનંદ સ્વામીના વિચારોને પકડવા તેમાં આપણી બુધ્ધિ ટૂંકી પડે.

**જેમ શૂરો જુવે શરીરના, ઘણા ઘણા લાગેલ ઘાવ ।**
**તેમ તેમ મલકાય મનમાં, વળી નાખે મૂછે તાવ ॥**
**ઘણે દુઃખે મુખ ઉજળું, રહે શૂરવીરનું સદાય ।**
**અલ્પ દુઃખે અણોસરો, રાત દિવસ રહે હૃદામાંય ॥**



શૂરવીર લડવૈયો તીર બરછીના તીક્ષ્ણ જોરદાર આયુધોથી ડરી જતો નથી. આયુધો જોઈને તેને શૂરાતન ચડે છે. તેમ શૂરવીર ભક્ત દુઃખથી ડરી જતો નથી. મનનો દાબ્યો દબાય નહિ. મનની સામે લડે છે. મન એવું ખરાબ છે જો વિશ્વાસ કરો તો ગોથું ખાઇ જાવ. મન ભેગા ભળી જાવ તો મન ક્યારેક માર પણ ખવડાવે. મનને એમ છે કે કરોડ જન્મ સુધી ભગવાનના ધામમાં જાય નહિ એવો માયામાં ઘુંચવી નાખીશ. પણ જો જીવાત્મા શૂરવીર થાય તો ભગવાન તેને મદદ કરે છે. ઈન્દ્રિયો ઘોડા જેવી ચંચળ છે. શૂરવીર ભક્ત થાવું હોય તો ભગવાનનાં કથા કીર્તન સાંભળી તમારા મનને ભગવાનમાં રાખો. ભગવાનનું રૂપ જોઇને તમારી દૃષ્ટિને ભગવાનમાં રાખો તો મનનો બધો ગર્વ ઉતરી જશે. મન મોક્ષ આપનારું થશે.

**મુખથી મોટી વારતા, કષ્ટ સહ્યા વિના ન કહેવાય ।**
**ભીડય પડ્યામાં ભળ્યો નથી, ત્યાં સુધી ઝાંખ્યપ નવ જાય ॥**
**શૂરા સંતનું સરખું કહીયે, તન ઉપર એક તાન ।**
**શૂરો મરે સંત સુખ પરહરે, કરે અળગું અંગ અભિમાન ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, શૂરવીરતા રાખવી. દાસના દાસ થઇને રહેવું. ગમે તેવી સમ વિષમ પરિસ્થિતિ ઊભી થાય છતાં ધર્મમાંથી ડગવું નહિ. મુખે મોટી વાર્તા કરે પણ વર્તનમાં કાંઇ ઠેકાણું ન હોય, એ તો ઉધઇ ખાઇ ગયેલા મકાન જેવા છે. ઉપરથી મકાન બરાબર સરસ લાગે પણ પાયા ખવાઇ ગયા હોય. ધર્મ, ભક્તિ, જ્ઞાન કે વૈરાગ્ય રૂપી સદ્ગુણ એના જીવનમાં હોય નહિ. કેવળ ભગવાં કપડાં પહેરીને ફરે. વર્તન કે વિવેક બિલકુલ હોય નહિ. ઉધઇ ચડેલા મકાનની દીવાલમાં જરાક ગોદો મારો તો તરત કાણું થઇ જાય. તેમ એવા સંતો કે ભક્તો હોય તેને તરત સંતોનો અવગુણ આવી જાય છે. રહો સાવધાન અને અળગું કરો અભિમાન. ભજન ભક્તિ કરવાનું રાખો એક તાન.

**સંકટના સમૂહમાંહિ, દિલે દીનતા આણે નહિ ।**
**ચડયો રહે કેફ ચિત્તમાં, તેને સમ વિષમ ગણતિ સહિ ॥**
**ઇચ્છે સંકટ આવવા, જેમાં સાંભરે શ્રી ઘનશ્યામ ।**
**નિષ્કુલાનંદ એ ભક્ત કહીયે, નારાયણના નિષ્કામ ॥**

ભગવાનને રાજી કરવા હોય તો કેવી ભક્તિ કરવી? નિષ્કામ ભક્તિ કરવી.

સુખ દુઃખના અનંત પ્રસંગોમાં ભગવાન સિવાય ક્યાંય પ્રતીતિ ન રાખવી. વિચાર્યા વિના જ્યાં ત્યાં દોડવું નહિ. દ્રઢતા પૂર્વક ભગવાનનો આશ્રય રાખવો જોઈએ. ખરેખરા નિષ્કામ ભક્તજનો મુક્તિની પણ ઈચ્છા રાખતા નથી. કેવળ પ્રભુની પ્રસન્નતાને જ ઈચ્છે છે. સકામ ભક્તજનો ભિખારીની જેમ ભગવાન પાસે માગ્યા જ કરે છે. ભિખારીને વસ્ત્ર આપો તો લોટ માગે. લોટ આપો તો વાસણ માગે. તેમ આ જગતની અંદર માણસો લગભગ ભૂખ્યા છે. જમી લીધા પછી ધરાઈ જતા નથી.

**અગ્નિ ગરમી વિનાનો હોય નહિ,**
**તેમ સંસાર દુઃખ વિનાનો હોય નહિ.**

જેના પ્રારબ્ધમાં સુખ લખ્યું નથી તે બંગલામાં પણ દુઃખી થાય છે. હૈયું બાળે છે. જેના ભાગ્યમાં સુખ લખ્યું છે તે જંગલમાં ઝાડ નીચે બેઠો હોય તો ત્યાં પણ તેને શાંતિ મળે છે. બહુ પવિત્રતાથી, બહુ સરળતાથી જેનું યૌવન પસાર થયું છે તેવા મહાપુરૂષો જગતમાં બહુ થોડા હોય છે. આ જીવાત્મા લૌકિક સુખ અનેક જન્મથી ભોગવતો આવ્યો છે. ફસાયેલો રહ્યો છે. આજ સુધી એને શાંતિ મળી નથી. જેમ જગતના વ્યવહારના દરેક કાર્યમાં શૂરવીરતા જોઈએ તેમ ભક્તિ માર્ગમાં પણ શૂરવીરતાની જરૂર પડે છે. વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, ભગવાનના ભક્તોએ પતિવ્રતાપણું રાખવું. અને બીજું શૂરવીરપણું રાખવું.

**જેનાં કસાણાં કસોટિમાં તનજી, તે થયા નર નિરવિઘનજી ।**
**સુખ દુઃખ પડ્યે ન મુંઝાય મનજી, કાચું માને સાચું કસણી વનજી ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, દુઃખ પડે મૂંઝાય નહિ મન, અનેક ભક્તનાં કસોટીમાં કસાણાં છે તન. સાચા ભક્તજન કામ, ક્રોધ, લોભ, મોહ, મમતા ને માન વિગેરે આંતરિક દુશ્મન સામે ટક્કર લે છે. દુઃખમાં માણસનું ઘડતર થાય છે. તમારા જીવનમાં સુખ આવે તો પ્રભુનો ઉપકાર માનજો, અને દુઃખનો પ્રસંગ આવે તો પણ ભગવાનનો ઉપકાર માનજો. મારા મન અને સ્વભાવને સુધારવા માટે મને પ્રભુએ સજા કરી છે. મારા પાપના પ્રમાણમાં બહુ ઓછી સજા કરી છે. પ્રભુ બહુ દયાળુ છે. મારાથી ડગલે ને પગલે પાપ થઇ જાય છે. તેના પ્રમાણે જો મને સજા કરે તો કદાચ ખાવાનું પણ મને મળે નહિ. સવળો વિચાર કરવો.

**જીંદગી દુઃખમય છે, તેને જીરવી જાણો.**

ભગવાન ઉપર દોષ મૂકવો નહિ. ભગવાન મારી સામે જોતા નથી. મારી



વિનંતી સાંભળતા નથી. મારું દુઃખ મટાડતા નથી. વિગેરે દોષ પ્રભુ પર મૂકવો નહિ.

**કાચું માને કસણી વિના, શોધાણું માનેછે સાર ।**
**ફરી ન થાય ફેરવણી, એવો ઉંડો ઉરે વિચાર ॥**

સ્વામી કહે છે, ફરી ન થાય ફેરવણી. એટલે ફરીથી કોઇ પણ માતાના ગર્ભમાં જવું ન પડે. ભવસાગરમાં ભટકવું ન પડે, એવો ઊંડો કરવો વિચાર. શ્રીજી મહારાજ ગ. પ્ર. પ્ર. ૨૧ના વચનામૃતમાં ચેતવણી આપે છે, આ જીવાત્માએ અનેક વાર સ્ત્રીના દેહ ધરી ધરીને સંસારના સુખ ભોગવ્યાં છે. અનેકવાર પુરુષોનાં દેહ ધરીને વિષય સુખ ભોગવ્યાં છે. આ જીવાત્મા તમામ દેશાંતરમાં ફરી આવ્યો છે. જન્મ મરણનાં ચક્કરમાં રખડ્યા જ કરે છે. જ્યાં સુધી ભગવાનની ખરેખરી ભક્તિ નહિ આદરે ત્યાં સુધી ચોરાશી લાખ જાતના ફેરામાં રખડશે.

**જેમ કુલાલ કસે મૃત્તિકા, વળી કાષ્ટને કસે સુતાર ।**
**દરજી કસે દુકુળને, લોહને કસે છે લુહાર ॥**
**જેમ શલાટ શિલાને કસી કરી, રૂડું આણે વળી તેમાં રૂપ ।**
**એમ કસાય છે જન હરિના, ત્યારે થાય છે શુદ્ધસ્વરૂપ ॥**

નિષ્કુળાનંદસ્વામી દ્દષ્ટાંત આપે છે. કુલાલ એટલે કુંભાર. કુંભાર માટી લાવી, પાણી નાખીને પગથી ખૂંદે. પછી પીંડ બનાવે. પછી ચાક ઉપર ચડાવે. માટલીનો ઘાટ કરે. પછી અગ્નિના નિભાડામાં નાખીને તાપ આપી પાકો કરે ત્યારે માટલી બની ઉપયોગી થાય. પછી તેમાં પાણી ભરાય ને ઠંડુ થાય. કસાય ત્યારે કીમત વધે છે. કાષ્ટને કસે સુતાર... કરવતથી કાપકુટ કરી રંધો લઈને છોલ ઉતારે. બંધ બેસતું કરે. બારી, બારણાં, પલંગ, કબાટ વિગેરે ફર્નીચર બનાવે ત્યારે તેની કીમત વધે છે. દરજી કસે દુકૂળને. કાપડને દરજી કાતરથી કાપીને વસ્ત્રને સીવે છે ત્યારે તેની કીમત વધે છે.

લોહને કસે લુહાર... લુહાર એરણ ઉપર લોઢું રાખીને અગ્નિથી બરાબર તપાવીને ટીપે છે ને હથિયાર બનાવે છે. હથિયારને આકાર આપવા માટે બરાબર ટીપે. પછી તેની કીમત વધે છે. તેમ માણસ કસોટીરૂપી તાપમાં ટીપાય તો તેની કીમત વધે છે. સદ્‌ગુરુરૂપી લુહારની ટીપ હસતે મુખે સહન કરવી પડે તો જ ઘાટ નીકળે નહિંતર કટાએલું લોઢુંજ રહી જાય. પછી ભંગારમાં જાય... એની કોઇ કીમત નહિ. ટીપ સહન કરે તો મુક્તદશાને પામી જાય. શલાટ પથ્થરને કસી કરી આણે છે સુંદર રૂપ. પથ્થરમાં ઘાટ બનાવે ત્યારે તે મૂર્તિ થઇ પૂજાય છે ને કીમત વધે છે.

**જાણો જેમ શોધાય છે સુવર્ણ, તે કનક કુંદન થાય છે ।**
**રૂડી રીતે રૂપું શોધતાં, જાણો ચોખી ચાંદી કહેવાયછે ॥**
**રૂપ રંગ ને રૂડાપણું, મૂલ તોલમાં વધે વળી ।**
**તેહ શોધ્યાથી સહુ સમઝો, વધી કીંમત સઘળી ॥**

સોનાને તાવી તાવીને પછી ઘરેણાં બનાવે, પછી કીમત વધે છે. વળી જેમ બીજી ધાતુને ગાળી બાળે મેલ માંયથી, તેને તોલે જે ભેગે ભરી, અન્ય ધાતુ આવતી નથી. સોનીના હથોડીના ટચકા સહન કરવા પડે ત્યારે એ સોના-ચાંદીમાંથી સરસ મજાના દાગીના બને છે. નિષ્કુળાનંદસ્વામી કહે છે, ભગવાનના અક્ષરધામમાં આપણને જવું છે. ત્યાં સાડાસોળ વલા જેવો ચોખો આત્મા થશે ત્યારે ભગવાનના અલૌકિક સુખને પામશે. કાંઇ પણ જીવનમાં અધુરાશ રહેશે તો બદરિકાશ્રમધામમાં તપ કરાવીને પછી જ્યારે વિરક્ત થશે ત્યારે પોતાના ધામમાં તેડી જશે. ત્યાં ટકોરા બંધનું કામ છે.

**જેમ પરિયટ પટકે પટને, વળી દિયે મુશળનો માર ।**
**ત્યારે મેલ માંહ્યલો, નવ રહે રતિ નિરધાર ॥**

ધોબી વસ્ત્રને ઊના પાણીમાં બાફે પછી ધોકાથી મારે ત્યારે તેનો મેલ નીકળે છે. જેમ મજીઠને ખાંડે ખરી, રૂડી રીતેશું રંગરેજ, ચળકે રંગે આવે ચટકી, વળી તેમાં તે આવે તેજ. ચોખાને જેમ જેમ ખાંડે તેમ તેમાં ચળકાટ આવે છે. એમ ભગવાનના ભક્તોની પરીક્ષા મુશ્કેલીમાં થાય છે. પણ દુઃખ દેખીને સાચા ભક્તજનો હિંમત હારી જતા નથી. તે વિષે એક સરસ કથા છે. સાંભળો...

નિષ્કુળાનંદસ્વામી કહે છે, સુખ અને દુઃખનું કારણ સમજણ છે. જેની સમજણ સવળી તેને દુઃખમાં પણ આનંદ રહેશે, અને જેની સમજણ અવળી તેને સુખમાં પણ કંટાળો રહેશે.

બોટાદ ગામની નજીક શીરવાણીયા ગામમાં ગીગા ધાધલ નામે દરબાર રહેતા હતા. સેવાભાવી અને પ્રભુ પ્રેમી હતા. જનકરાજા જેવી શ્રેષ્ઠ સમજણ છે. વ્યવહાર સાધારણ પણ સમજણ મહાન હતી. સમય જતાં બન્ને આંખે આંધળા થઇ ગયા. આંખે અંધ હતા, પણ તેની અંતરની આંખો ખુલ્લી હતી. સમય જતાં તેની પત્નીનું મૃત્યુ થઇ ગયું. તેના પરિવારમાં એક દીકરો અને એક દીકરી હતી. દીકરાનાં લગ્ન થયાં હતાં અને દીકરી વિધવા થઇને બાપને ઘરે આવી હતી. દીકરો ખેતીનું કામ કરે અને દીકરી



ઘરનું કામ કરે.

ગીગાભક્ત ભજન ભક્તિનું કામ કરે. એવામાં વિપત્તિ ઉપર વિપત્તિ આવી. દીકરો બીમાર થયો. ભગત તેની બાજુમાં બેસી માળા ફેરવે છે. દીકરાને શ્રીજીમહારાજે દર્શન આપીને કહ્યું, ''તારી આયુષ્ય પૂરી થઈ ગઇ છે. અમે તને તેડવા આવ્યા છીએ. તારા પિતાજીને પૂછી જો. રાજી થઇને રજા આપે તો તને ધામમાં તેડી જઇએ.'' આ વાત સાંભળી બાપે પૂછ્યું, ''દીકરા, તું કોની સાથે વાતું કરે છે?''

દીકરાએ કહ્યું, ''બાપુજી, મને શ્રીજીમહારાજ તેડવા આવ્યા છે ને કહે છે, તારા બાપુજી રાજીપે રજા આપે તો તને અક્ષરધામમાં તેડી જઇએ.'' બાપુજીએ સરસ જવાબ આપ્યો, ''શ્રીજીમહારાજ તેડવા આવ્યા છે તો હું રાજીપે રજા આપુ છું. મારી ચિંતા ન કરો! સુખેથી તેડી જાવ.'' શ્રી હરિ દીકરાને ધામમાં તેડી ગયા. પછી સગા સંબધી બધા ઘરે બેસવા આવે ત્યારે કહે, ''કમાઉ દીકરાને ભગવાન તેડી ગયા ને તમે આંખે દેખતા નથી. હવે તમે કેમ ગુજરાન ચલાવશો?''

દીકરી વિધવા છે. બહુ ખોટું થયું. બધા કરગરે, રડે ને જુદી જુદી વાત કરે. ત્યારે ગીગાભક્તે કહ્યું, ''શ્રીજીમહારાજને જે ગમ્યું તે બરાબર. વહેલા મોડું બધાને જાવું જ છે.'' આવા કઠિન દુઃખને દબાવવું અને મનને મજબૂત રાખવું અતિ કઠિન કામ છે. હવે ઘરમાં બાપ દીકરી રહ્યાં. છ મહિના પછી દીકરી બીમાર થઇ ગઇ. શ્રીજી મહારાજ તેડવા આવ્યા. ''ચાલો! આયુષ્ય પૂરુ થઈ ગયું છે.'' ભગતે કહ્યું, ''પ્રભુ, આપની જેવી ઇચ્છા.'' દીકરીને ચિંતા થાય છે. રડતાં રડતાં પિતાજીને કહે છે, ''પિતાજી, હું ધામમાં જઇશ પછી તમારું કોણ? તમને કોણ રસોઇ કરી જમાડશે? કોણ તમારી લાકડી પકડીને મંદિરે લઇ જશે?''

ભગતે કહ્યું, ''બેટા! મારી ચિંતા તારે નથી કરવાની. મારી ચિંતા શ્રીજી મહારાજ કરશે. એ જે કરતા હશે તે સારું જ કરતા હશે. તું સુખેથી અક્ષરધામમાં જા.'' દીકરીને શ્રીજીમહારાજ ધામમાં તેડી ગયા. ભગવાન ઉપર વિશ્વાસ રાખી ધીરજપૂર્વક ભજન કીર્તન કરે છે. ભગવાન કહે છે, જે મારા ઉપર વિશ્વાસ રાખે છે તેની જેમ પાંપણ આંખની રક્ષા કરે છે તેમ હું રક્ષા કરીશ.

**સજ્જન ક્યારેય ગુસ્સે થતા નથી, અને**
**દુર્જન ક્યારેય નમ્રતાથી વાત કરતા નથી.**

શ્રી સ્વામિનારાયણ ભગવાન રાત્રે બોટાદના શિવલાલભાઇને દર્શન દઇને

કહ્યું, ''ગીગાભગતને તમારા ઘરે તેડી આવો અને તમારા દીકરાના જેવી સેવા અને સંભાળ રાખજો.'' પછી શિવલાલભાઇ ગીગાભગતને પોતાના ઘેર તેડી આવ્યા અને જીવનભર ખુબ સેવા કરી. સેવા માટે એક નોકર રાખ્યો. મહિનાના પાંચસો રૂપિયા પગાર આપતા અને દરરોજ શિવલાલભાઇ ભગત પાસે બેસી દીકરાની જેમ ખૂબ સંભાળ રાખે.

**જો હોય હિમત રે, નરને ઉરમાં ભારી ।**
**દ્રઢતા જોઇને રે, તેની મદદ કરે મોરારી ॥**

''બાપા, કાંઇ જોઇએ તો કહેજો. હું તમારો દીકરો છું.'' એમ કહી વાંસામાં હાથ ફેરવે, પગ દાબે, ખૂબ ચાકરી કરે છે. પછી સમય જતાં ગીગાભક્તને શ્રીજી મહારાજ ધામમાં તેડી ગયા. તેમની અંતિમ વિધિ અને શ્રાધ્ધ વિગેરે તમામ કાર્ય શિવલાલભાઇએ કર્યું. કહેવાનો મૂળ હાર્દ એ છે કે કેટલી બધી કઠિન વિપત્તિ આવી, ઘરમાં એકલા થઇ ગયા, છતાં હિંમત હારી ગયા નહિ. ભગવાન જે કરે છે તે સારું જ કરે છે. આવો દ્રઢ વિશ્વાસ.

આજે સગા દીકરાઓ મા બાપની પ્રેમ ભાવથી સેવા કરતા નથી. મીઠી વાણીથી બોલાવતા નથી. પણ ધન્ય છે શિવલાલભાઇની સમજણને કે ભક્તની સેવા કરી રાજી કર્યા. શ્રીજીમહારાજે કહ્યું, ''તમે નિરાધાર ભક્તની સેવા કરી તે અમારી સેવા કર્યા બરાબર માનીએ છીએ.'' એમ કહી પ્રભુ શિવલાલભાઇને બાથમાં લઇને મળ્યા અને પુષ્પનો હાર પહેરાવી રાજીપો વ્યક્ત કર્યો.

**એમ ભક્ત ભગવાનના, આવે કષ્ટે શોધાય આપ ।**
**નિષ્કુલાનંદ એ ભક્તનો, વળી વધે અધિક પ્રતાપ ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, ધીરજ રાખો. અકળાઇને જ્યાં ત્યાં ફાફાં મારો નહિ. હું ભજન ભક્તિ કરું છું છતાંય પ્રભુ શા માટે મારું દુઃખ ટાળતા નથી? હનુમાનજીના ચરણમાં તેલ અને સો વખત નાળિયેર ચડાવ્યાં, ભગવાનના પાંચ ભોગના થાળ કરાવ્યા, દીપમાળા પુરી છતાં મુશ્કેલી મટતી નથી. અધીરા બની જાય. વળી ત્રીજી જગ્યાએ દોડે. ત્યાંથી કાંઇ દુઃખમાં ફેરફાર ન થાય એટલે ચોથી જગ્યા શોધી કાઢે. બહુ દોડો નહિ. પ્રભુ પર પરિપક્વ નિષ્ઠા રાખો. સાચા ભક્તજનોને પંચવિષયમાં ક્યાંય પ્રીતિ હોતી નથી અને દૈહિક દુઃખથી હિંમત હારી જતા નથી. શ્રીજીમહારાજનો પરિપક્વ નિશ્ચય રાખવો.



**રાગ રામગ્રી – ભક્ત થાવું રે ભગવાનનું, છે જો કઠણ કામ ।**
**સુખ સર્વે સંસારનાંરે, કરવાં જોઇએ હરામ; ભક્ત૦ ॥૧॥**
**દેહ ગેહ દારા દામનું, મેલવું મમતા ને માન ।**
**એહમાંથી સુખ આવે એવુંરે, ભૂલ્યે ન પડે ભાન; ભક્ત૦ ॥**

સાચા શ્રેષ્ઠ જ્ઞાની ભક્ત થાવું કઠણ કામ છે. પાયલોટ થવું, ડોક્ટર થાવું, આર્કિટેક થાવું, એન્જીનિયર થાવું, કોન્ટ્રાકટર વિગેરે ડીગ્રી લેવી સરળ છે પણ સાચા ભક્ત થાવું કઠણ છે. સુખ સર્વે સંસારનાં કરવાં જોઇએ હરામ. પરિવારમાંથી મમતા અને મોહ તજી વિરક્ત થવું તે કઠણ કામ છે.

**ઘરમાં રહેવું એ પાપ નથી પણ**
**ઘરમાં વધુ પડતી આસક્તિ રાખવી એ પાપ છે.**

હૈયામાં જગતનું પ્રાધાન્ય હોય ત્યારે ભજન સ્મરણમાં ચિત ચોંટતું નથી. કેશર ચંદનના વાટકા પર માંખી બેસશે નહિ પણ ગંદકી ઉપર બેસશે. માંખીને ગંદકીમાં વધારે ખેંચાણ છે, તેમ જેને જગતની માયામાં ખેંચાણ હોય તેને જગતની માયારૂપી ગંદકી જ ગમે છે. ચંદન જેવા સત્સંગને મૂકીને કુસંગરૂપી ગંદકી પર જઇને બેસે છે. જીવાત્માને ઊંધુ તાન ચડ્યું છે તેથી પ્રભુમાં મન ચોંટતું નથી. નાશવંત પંચવિષયમાં મન ચોંટી જાય છે.

વિપત્ આવે વણ વાંકથી તો પણ કાયર થાય નહિ. અણધારી વિપત્તિ આવી પડે છતાં પણ દૈહિક દુઃખથી હિંમત હારી જતા નથી. દરેક ક્રિયામાં ભગવાનને સાથે રાખે છે. પ્રભુનું સ્મરણ ચૂકતા નથી. એક ક્ષણ પણ ભગવાનને ભૂલતા નથી. એવા ભક્તોને નિષ્કુળાનંદ સ્વામી આશીર્વાદ આપે છે.

**નિષ્કુળાનંદ એવા ભક્તનો, જશ જુગોજુગ કહાવે; ભક્ત૦ ॥**

સાચા ભક્તોના જશ જુગોજુગ ગવાય છે. પાકેલા ફળ ઉપર પક્ષીઓ વધારે ચાંચ મારે છે તેમ સાચા ભક્તને લોકો બહુ હેરાન કરે છે. પણ તેથી કાંઇ ડરી જવાય નહિ. ઝાડ ઉપર ફળ આવે તો લોકો પથરા ફેંક્યા વિના રહે નહિ. માણસનો સ્વભાવ અટકચાળો છે.

**બાલ ભક્ત પ્રલાદજી**

**જેહને થાવું હોય હરિભક્તજી, તેહને ન થાવું આ દેહમાં આસક્તજી**
**વળી વિષય સુખથી રે'વું વિરક્તજી, જેહ સુખ સારું આ જળેછે જક્તજી**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભગવાનને પ્રસન્ન કરવા માટે થોડાંક શરીરનાં સુખ છોડવાં જોઇએ. જેહને થાવું હોય હરિભક્ત, તેને વિષય સુખથી રહેવું વિરક્ત, પણ દેહમાં ન થાવું આસક્ત. રાજબા, લાડુબા, ઝમકુબાઇ વિગેરે રાજકુંવરીએ ભગવાન સ્વામિનારાયણને રાજી કરવા સર્વસ્વનો ત્યાગકરી અખંડ ભગવાનનું ભજન કર્યું છે.

**જક્ત સુખમાં ન જળવું, વળીવિષય સુખને સ્વાદ ।**
**શુદ્ધ ભક્ત શ્રી હરિતણા, થાવું જેવા જન પ્રહ્લાદ ॥**

નિષ્કુળાનંદસ્વામી શૂરવીર ભક્તોમાં સૌથી પહેલા પ્રહ્લાદજીને યાદ કર્યા છે. પ્રહ્લાદજીના પિતાનું નામ છે હિરણ્યકશિપુ. માતાનું નામ છે કયાધુ. પિતા અસુર છે ને પુત્ર ભક્ત છે. કેવી વિરોધાભાસી વાત.

### ગર્ભવાસમાં ગુરુ કર્યા.

ગર્ભવાસમાંહીથી ગુરુ કર્યા. મુનિ નારદજીને નિરધાર, નિશ્ચય કર્યું હરિ ભજશું, તજશું સુખ સંસાર. હિરણ્યકશિપુ શક્તિશાળી બનવા માટે તપ કરવા વનમાં ગયો. ઇન્દ્ર વિચાર કરે છે, હિરણ્યકશિપુ અસુર છે ને કયાધુના ગર્ભમાં બાળક પોષાય છે તે પણ અસુર થશે. અમારા સાથે વિરોધ કરશે. તેથી ઉગતા શત્રુનો નાશ કરી નાખીએ. એવું ધારી કયાધુનું અપહરણ કરી જાય છે. કયાધુની ભયંકર દશા થઇ. હવે શું કરવું? કલ્પાંત કરતાં ખૂબ રડે છે.

રસ્તામાં નારદજીનો આશ્રમ આવ્યો. નારદજીએ પૂછ્યું, "દેવરાજ ઇન્દ્ર! તું આ કોને લઇ જાય છે?" "હિરણ્યકશિપુની પત્ની કયાધુને લઇ જાઉં છું. બાળકનો જન્મ થશે કે તુરંત મારી નાખીશ." નારદજીએ યુક્તિ કરી કહ્યું, "આ કયાધુ નથી પણ કયાધુની દાસી છે! માટે છોડી દે." કયાધુને મૂકી દીધાં. હવે કયાધુ નારદજીના આશ્રમમાં રહે છે. નારદજીના આશ્રમમાં અખંડ ધૂન્ય ચાલુ રહે છે. નારદજીના મુખથી દરરોજ કયાધુ કથા સાંભળે છે. સત્સંગ કરે, પૂજા પાઠ, ભજન કીર્તન કરે. તેના સદગુણો શિશુરૂપે ગર્ભમાં રહેલા બાળક ઉપર આત્મસાત થયા. સમય જતાં બાળકનો જન્મ થયો. નામ રાખ્યું પ્રહ્લાદજી. પ્રહ્લાદજીએ નક્કી કર્યું કે આજથી મારા ગુરુ નારદજી છે.

### જિંદગી મહાસાગર છે તેમાં તરી જાણો.

હિરણ્યકશિપુ મન્દરાચળ પર્વતમાં અન્ન જળનો ત્યાગ કરી કઠણ તપશ્ચર્યા કરે અને બ્રહ્માજીના મંત્રનો જાપ કરે. શરીર ઉપર રાફડો થઇ ગયો. ઉગ્ર તપ કર્યું.



બ્રહ્માજી આવ્યા. પાણીનો છંટકાવ કર્યો. રાફડામાંથી હિરણ્યકશિપુ બહાર આવ્યો. બ્રહ્માજીએ કહ્યું, "વરદાન માગ... તારી શી ઇચ્છા છે?" "હું અજર અમર રહું પણ કોઇ દિવસ મરું નહિ. એવું વરદાન આપો!"

બ્રહ્માજી બોલ્યા, "જેનો જન્મ થયો છે તે નિશ્ચિત મરવાનો છે. માટે બીજું કાંઇક માગ." હિરણ્યકશિપુ પોતાની સલામતી રહેવા માટે માગે છે... "દિવસે ન મરૂં, રાત્રે ન મરૂં, ઘરમાં ન મરૂં, ઘર બહાર ન મરૂં, અસ્ત્રથી ન મરૂં, શસ્ત્રથી ન મરૂં, પશુથી ન મરૂં, માનવથી ન મરૂં, પૃથ્વી ઉપર ન મરૂં, આકાશમાં ન મરૂં, લીલાથી ન મરૂં, સુકાથી ન મરૂં." બ્રહ્માજી બોલ્યા, "તથાસ્તુ... તારા માગ્યા મુજબ થશે."

હિરણ્યકશિપુ ઘરે આવ્યો. અહંકાર વધી ગયો. હું અજર અમર છું, મને કોઇ મારનાર નથી. પ્રહ્લાદજી સાત વરસના થયા. પિતા કહે છે, "બેટા પ્રહ્લાદ, તારે હવે ભણવા જવાનું છે."

**આસુરીવિદ્યા આપણી, તમે પઢો કરી બહુ પ્રીત ।**
**વિબુધ રવામ વિષ્ણુથકી, તો થાઓ અતિશે અજીત ॥**

"આસુરી વિદ્યા ભણો ને વિષ્ણુ સાથે જીત કરો." પ્રહ્લાદજીને આ વાત બિલકુલ ગમી નહિ. મને ભગવાન વહાલા છે ને મારા બાપ ભગવાનથી વિરોધ કરે છે તો બાપ દીકરાનો મનમેળ કેમ થશે? પણ ના કહેવાશે નહિ. પણ હમણાં તો એને હા કહું. વળી ના કહેવાય કેમ. પણ નિષ્કુળાનંદના નાથને, થાશે જેમ ધાર્યું હશે તેમ.

**અધ્યારૂ શંડામર્ક જે, તેને કહેછે એમ ભૂપાળ ।**
**ભણાવો આને વિદ્યા આપણી, જાઓ તેડી બેસાડો નિશાળ ॥**
**પ્રહ્લાદ બેઠા પછી પઢવા, લખી આપ્યા આસુરી અંક ।**
**તેને તર્તટાળી લખ્યા, નારાયણ થઇ નિઃશંક ॥**

રાજાએ શંડામર્ક નામના બે શિક્ષકોને બોલાવ્યા. "પ્રહ્લાદને આસુરી વિદ્યા ભણાવો. એટલે મારઝૂડ, છળકપટ, દગા પેચ કેમ કરવો તે બધું રાજનીતિ શીખવાડો." શિક્ષકે પાટીમાં આસુરી વિદ્યા લખી દીધી. પ્રહ્લાદજીએ એ અક્ષર ઉપર છેકો મારીને વાક્યને ભૂસી નાખ્યું. તેના બદલે ૐ નારાયણ ૐ નારાયણ લખી દીધું. ત્યારે માસ્તરે કહ્યું, "એ તો આપણો શત્રુ છે. એનું નામ લખાય નહિ."

**ત્યારે પ્રહ્લાદ કહે પાપી જનના, હશે શત્રુ શ્રીભગવાન ।**
**મારે તો સદા એ મિત્ર છે, આદ્ય અંતે મધ્યે નિદાન ॥**

પ્રહ્લાદજી હિંમત પૂર્વક બોલ્યા, “અસુર લોકોને શત્રુ જેવા કદાચ ભગવાન લાગતા હશે પણ મારા તો મિત્ર છે. અનાદિ કાળના હેતુ છે. નારાયણ કોઈના શત્રુ નથી.” માસ્તરને થયું, મૂકોને ઉપાધિ... આપણે શું? જેમ કરે તેમ. રાજાના દીકરાને ઝાઝું કહેવાશે નહિ. નિશાળમાં ઘણાં બધાં બાળકો ભણવા આવ્યાં છે. પ્રહ્લાદજી બાળકોને ભલામણ કરે છે.

**મરી જાવું સહુને મૂરખો, શિદ ચઢો છો બીજે નોર ।**
**ભજો શ્રીભગવાનને, તજો બીજો સોર બકોર ॥**
**જેને ભજ્યે જગ જીતી જાયે, અને થાય સુખિયા સદાય ।**
**તેને તજી બીજું બોલે જેહ, તેહ કૃતઘ્ની કે'વાય ॥**

“મારા વહાલા મિત્રો! બધાને એક દિવસ મરવાનું નક્કી છે તો સાચા ભાવથી ભગવાન ભજીને જીવાત્માનું કલ્યાણ કરી લ્યોને. ચાલો બધા મારી સાથે તાલી પાડીને જોરથી ભગવાનના નામની ધૂન કરો!” બાળકો ઊંચે સાદે ધૂન શરૂ કરી. “નારાયણ હરે, ૐ શ્રી નારાયણ હરે!” પ્રભુના નામનો અવાજ રાજ મહેલમાં સંભળાય છે. હિરણ્યકશિપુનો મગજ છટક્યો. સિપાઈને કહ્યું, “તમે નિશાળમાં જાવ. શત્રૂનું નામ બંધ કરાવો.”

સિપાઈ નિશાળમાં આવ્યા. છોકરાઓ અને પ્રહ્લાદજી નાચતા જાય, કૂદતા જાય, મશગૂલ બની નારાયળ નામ જપતા જાય. સિપાઈએ કહ્યું, “રાજકુંવર! નારાયણ નામ લેવાનું બંધ કરો. તમારા પિતાજી રૂઠે છે.” એમ કહી પ્રહ્લાદજીનો હાથ પકડ્યો. ત્યાં તેને રંગ લાગી ગયો. સિપાઈ પણ ઊંચે સ્વરે તાલી પાડી ધૂન કરવા લાગી ગયા. પછી દીવાનજી આવ્યા. એને પણ ભક્તિનો રંગ લાગી ગયો. એ પણ નાચવા લાગી ગયા. પછી મંત્રી આવ્યા. તેને પણ રંગ લાગી ગયો. પ્રહ્લાદજીનો હાથ પકડે ત્યાં દેહ ભાન ભૂલાઈ જાય. આખી નિશાળ ગાજી ઉઠી.

પછી ક્રોધે ભર્યો હિરણ્યકશિપુ આવ્યો. પ્રહ્લાદજીનો હાથ પકડ્યો. “છોડી દે મારા શત્રૂનું નામ! નહિંતર મારી નાખીશ!” બધાને ભજનનો રંગ લાગ્યો પણ પથ્થર હૃદયના અસુરને રંગ લાગ્યો નહિ.

**ખોલી મર્મ ખરૂં કહ્યું, પ્રહ્લાદ તમારો જે તન ।**
**તેતો ભક્ત છે ભગવાનનો, એ મેં જોઇ લીધું રાજન ॥**
**આસુર વિદ્યા એની જીભે, ભુલે પણ ભણશે નહિ ।**



**બીજા બાળકને બગાડશે, વળી અવળો ઉપદેશ દઇ ॥**

માસ્તર કહે છે, “રાજન્! પ્રહ્લાદજી સાધારણ બાળક નથી પણ ભગવાનનો ભક્ત છે. એ આસુરી વિદ્યા ભૂલે પણ ભણશે નહિ. ને બીજા બાળકને પણ બગાડશે. માટે કાંઈક શિક્ષા કરો તો થાય. બહુ જોર કરે છે.” ત્યારે હિરણ્યકશિપુ પ્રહ્લાદજીને બોલાવ્યા. “બેટા! મારી વાત ધ્યાન દઈને સાંભળ. આપું રાજ્ય તને આજથી, અન્ન ધન સર્વે સમાન, ત્રણ લોકમાં કહું તારું, કોઈ મોડી શકે નહિ માન. હું કહું તેમ કરીશ તો આજથી તને રાજ્ય સોંપી દઉં. તારું ત્રણ લોકમાં ખૂબ માન પાન વધશે. સૌ સન્માન કરશે. તું ખૂબ સુખી થઈશ.

મારું માની જા ને નારાયણ નામ લેતો બંધ થા.” ત્યારે પ્રહ્લાદજીએ સરસ જવાબ આપ્યો, “રાજ્ય સંપત્તિ મને પાપરૂપ અને જેલ સમાન લાગે છે. મારે તો આ જન્મે પ્રભુ ભજીને મારા જીવાત્માનું કલ્યાણ કરવું છે પણ ક્યાંય કારભારમાં લોભાવું નથી.”

**ત્યારે હિરણ્યકશિપુ બોલ્યો હાકલી, માગિ લેછે મુખે શીદ મોત**
**માનતો નથી તું માહરું, મરી જાઇશ તું તારાસોત**

હિરણ્યકશિપુએ ક્રોધ કરીને હાકલ મારી. “મારું માનતો નથી ને કોઈથી ડરતો નથી! ચેતી જા ને નારાયણનું નામ બોલતાં અટકી જા નહિંતર વગર મોતે મરી જઈશ.” પ્રહ્લાદજી હાથ જોડીને ઊભા છે. “અલ્યા! મને ખોટો વિનય બતાવે છે?! બધા દેવતાઓ મારાથી થરથર કંપે છે અને તું નીડર થઈને ઊભો છે?! તું કોના બળથી નિર્ભય છે?” “પિતાજી, જેના બળ વડે તમે બોલો છો તેનું બળ મને મળ્યું છે. જીવ પ્રાણી માત્રમાં મારા નારાયણની શક્તિ છે. હવે ક્રોધ બંધ કરો અને ભગવાન નારાયણનું સ્મરણ શરૂ કરો!” “અરે મૂર્ખ! મારો દીકરો થઈને મને સમજાવે છે?! હમણાંજ તને મારી નાખીશ!

**ત્યારે હિરણ્યકશિપુ કહે કોપ કરી, તને હણીશ મારે હાથ ।**
**તારી રક્ષા કેમ કરશે, નિષ્કુલાનંદનો નાથ ॥**

જોઈ લઉં છું તારી રક્ષા કોણ કરે છે.” સેવકને આજ્ઞા કરી. “પ્રહ્લાદને જલદી મારી નજર આગળથી હટાવી લ્યો! એ કુહાડા જેવો છે. અસુરકુળ કાનનનો કાપનાર એ છે કુઠાર. જંગલમાં ઘણાં બધાં વૃક્ષ હોય તેને કુહાડો કાપી નાખે છે તેમ આ અસુર કુળને કાપનારો છે. ઝેર જેવો છે. અસુર કુળનો કાળ લાગે છે. કાળ થઈને મારા ઘરે

દીકરો થઈને આવ્યો છે. તેને જેમ બને તેમ જલદી મારી નાખો! છૂટી આપું છું. છેલ્લી આજ્ઞા એ જ છે. કરો એના જીવની ઘાત.'' સિપાઈ પ્રહ્લાદજીને ધક્કા મારીને બહાર લઈ ગયા. જેમ ફાવે તેમ ધમકાવે, મારે અને બહુ દુઃખી કરે છે.

**નમે'રી ને નિર્દયા, વળી પાપના પુંજ કહિયે ।**
**તેને પાને પ્રહ્લાદ પડિયા, ખરી ક્ષમા એની લહિયે ॥**

કસાઈ જેમ ગાયને પકડી જાય તેમ નિર્દય પાપી સિપાઈઓ પ્રહ્લાદજીને પકડીને ખૂબ હેરાન કરે છે, છતાં પણ પ્રભુનું સ્મરણ ચાલુ છે. શ્વાસો શ્વાસ હરિ નામ જપે છે.

**રાગ–રામગ્રી – પદાતિ કહે પે'લવાનને, હુકમ કર્યો છે રાયે ।**
**ચીરી નાખ્ય પ્રહ્લદને, બાંધી હાથીને પાયે; પદાતિ૦ ॥**

રાજા કહે છે, ''પ્રહ્લાદને હાથીના બે પગ વચ્ચે દોરડાથી ઝકડીને બાંધો પછી હાથીને દોડાવો.'' પણ રામ રાખે તેને કોણ ચાખે! દોરડું કપાઈ ગયું ને હાથીએ પોતાની સુંઢ વડે પ્રહ્લાદજીને પોતાની પીઠ પર બેસાડી દીધા. બધા જોતાજ રહી ગયા. હવે શું કરવું?! અનાજમાં ઝેર ભેળવ્યું અને પછી જમવા આપ્યું. ''લે પ્રહ્લાદ, જમી લે.'' પ્રહ્લાદજી હરિ સ્મરણ કરતા કરતા જમ્યા તો ઝેરને પ્રભુએ અમૃત બનાવી દીધું.

**મારનાર કરતાં બચાવનાર મોટો છે.**

રાજાના સેવકો પ્રહ્લાદજીને સમજાવે છે, ''તારો બાપ તારા ઉપર બહુ રૂઠે છે તો ભગવાનનું નામ લેવાનું મૂકી દે.'' ત્યારે પ્રહ્લાદજી હિંમત પૂર્વક બોલ્યા, ''મોટો રાજમહેલ હોય તેમાં એક મચ્છરીયું ગણગણાટ કરે તો શું રાજા પોતાનો મહેલ છોડી દે છે? નથી છોડતો. તેમ મારા પિતા મને હેરાન કરે તો શું ભગવાનનું ભજન છોડી દેવાય? ભગવાનનું નામ મારા જીવ સંગાથે જડાઈ ગયું છે.'' કોઈને દયા નથી આવતી કે આટલા નાના બાળકને દુખી ન કરીએ.

**તેમ તપાસી સહુ કરો, નાખો ઠાઉકો ઠાલે કૂપ ।**
**મરી જાશે કે ૧ભોરંગ ખાશે, થાશે તેણે રાજી ઘણું ભૂપ ॥**

પ્રહ્લાદજીને ઉપાડીને ખાલી કૂવામાં ફેંકી દીધા. ત્યાં ભગવાને અધરા અધર ઝીલી લીધા. કાંઈ ન થયું, સિપાઈઓ પ્રહ્લાદજીને ડુંગર ઉપર લઈ આવ્યા. પ્રહ્લાદજીને જોરથી નીચે ફેંક્યા તો નીચે ફૂલની શય્યા થઈ ગઈ. તે ઉપર બેઠા છે. જરાય આંચ ન આવી. હજાર હાથ વાળાની છાયા હોય તો બે હાથ વાળાથી કાંઈ નહિ થાય. પછી



ખારા જળ ખારા કીચમાં ઘાલિયા ઘણો દઈ ભાર, તેથી પ્રહ્લાદ ઉગર્યા શ્રી હરિએ કરી સાર. હજારો ઉપાય કર્યા પણ પ્રહ્લાદજીનું મૃત્યુ થયું નહિ, પણ કોઈ જાતની ઈજા પણ થઈ નહિ. સૌ વિચાર કરતા થઈ ગયા. અગ્નિમાં બાળવા માટે હોલિકાએ ખૂબ પ્રયાસ કર્યો તો હોલિકા બળી ગઈ અને પ્રહ્લાદજી બચી ગયા. ખાડો ખોદે એ પડે. આ બધો ભગવદ્ સ્મરણનો પ્રતાપ છે.

**આશ્ચર્ય પામ્યા અમર નર, જોઇ પ્રહ્લદની ધીર ।**
**નિષ્કુલાનંદના નાથની કસણી, જોઇ નયણે આવ્યાં નીર ॥**

દેવતાઓની આંખોમાં આંસુ આવી ગયાં. ધન્ય છે બાલ ભક્ત પ્રહ્લાદજીને. ધન્ય છે એમની ભક્તિની શક્તિને. ધીરજશાળી સંકટથી તરી જાય છે. જીવનમાં હિંમત રાખો. ધીરજ ઢાલનું કામ કરે છે.

**નથી હરિજનને ધીરજ સમ ધનજી, કામ દામ આવે એ દોયલે દનજી**
**જ્યારે જન કરે હરિનું ભજનજી, તેમાં બહુ આવે વિપત વિઘનજી ॥**
**ઢાળ– વિઘન આવે વણ ચિંતવ્યાં, સુર અસુર ને નર થકી ।**
**જોખમ ન થાય જન જેમ, તેમ વાત કરવી નકી ॥**

ધીરજ શક્તિ હરિજનને જોઈએ હંમેશ, તેને નડતા નથી કલેશ. અતિ કઠણ વિપત્તિમાંથી ઉગારી લે છે જગદીશ. પ્રત્યકે મનુષ્ય પ્રથમ જો એક ધીરજ રાખતાં શીખી લે તો તેના જીવનમાં ઘણી જ શાંતિ રહે છે અને થોડી મહેનતે કાર્ય પાર પડી જાય છે. નિષ્કુળાનંદ સ્વામી ભલામણ કરે છે…

**ભક્ત થાવું ભગવાનનું, રાખી વિષય સુખની આશ ।**
**બેઉ કામ ન બગાડીયે, થાઇએ ખરા હરિના દાસ ॥૪॥**

અંતરના વિકારો દૂર કરો. વિકાર વિરમ્યા વિના નિરાંતે હરિભજન થઈ શકશે નહિ. વિકારોનો ઉતાપ શાંતિ લેવા દેશે નહિ. મોક્ષ મેળવવાનું કામ કાંઈ નાનું નથી. અતિ મોટું કામ લઈને આપણે બેઠા છીએ. તેમાં આળસ ને ગાફલાઈ રાખીએ તો કેમ મેળ પડે? કાળ જાયે ને કામ ન થાયે, વળી જાયે ખાલી ખેપ. આ લોકની કમાણી કરવી હોય તો પણ તત્પર થઈને મંડી પડે તો કમાણી ભેગી થાય. નહિંતર થાય નહિ. તો આપણને તો પરલોકની મોટી કમાણી કરવી છે.

મુક્તિ મેળવતાં વરસો નથી લાગતાં. આ દેહે જ મુક્તિ થઈ જાય એમ છે

અને સાવધાની ન રાખો તો ભવોનાભવ નીકળી જાય તો પણ કાંઇ ઠેકાણું પડે નહિ. તાવે ઘાવ જેમ ઘણના, ઘણા લગાડે છે લુહાર, તક ચૂકે છે તાતણી, તો સાંધો થાય નહિ લગાર. હરિ ભજવાની તક આવી છે. વારંવાર આવો યોગ મળવો બહુ દુર્લભ છે.

**જોને મોરે જેવું એ મોંઘું હતું, એવું મોઘું નથી જો આજ ।**
**પ્રહ્લાદની પેઠે આપણને, નથી કસતા મહારાજ ॥૮॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, પ્રહ્લાદજીના જેવા આપણી કસણી પ્રભુ લેતા નથી. આપણને તો શ્રીજીમહારાજે સત્સંગરૂપી બગીચામાં બેસાડી દીધા છે. મોહ, માયા, મમતા તેમજ કુટેવો અને જાતિ સ્વભાવ ન ટાળીએ તો સત્સંગના બગીચાની સુગંધ ન આવે. જાતિ સ્વભાવ ટળી જાય તો અલૌકિક આનંદ આવે.

હિરણ્યકશિપુ ક્રોધમાં પગ પછાડતો પછાડતો હાથમાં તલવાર લઈને આવ્યો.

**ઉતપાત તે અતિશે થયો, કહે પાપી પ્રહ્લાદ ક્યાં ગયો ।**
**દેખાડ તારા રાખનારને, કાઢી ખડગ મારવા રહ્યો ॥**

દાંત કચકચાવી બોલ્યો, ''પ્રહ્લાદ! દેખાડ તારા રાખનારને. તને જે સાંચવે છે, તારી જે રક્ષા કરે છે એ બતાવ. ક્યાં છે?'' પ્રહ્લાદજી બોલ્યા, ''મારા ભગવાન સર્વત્ર, સર્વદા અને સર્વ સ્થળે વ્યાપીને રહ્યા છે. વ્યાપીને રહ્યા છે તેથી વિષ્ણુ કહેવાય છે.

**જલે વિષ્ણુઃ સ્થલે વિષ્ણુઃ, વિષ્ણુઃ પર્વતમસ્તકે ।**
**જ્વાલા માલા કુલે વિષ્ણુઃ, સર્વં વિષ્ણુમયં જગત્ ॥**

મારા ભગવાન સમગ્ર વિશ્વમાં વ્યાપીને રહ્યા છે. વિશ્વમાં ભગવાન છે. ભગવાનમાં વિશ્વ રહેલું છે.'' તો દેખાતા કેમ નથી? પ્રહ્લાદજી જેવી ભક્તિની શક્તિ હોય, દેહ દષ્ટિ ભૂલાય અને આત્મદષ્ટિ થાય તો સાક્ષાત્કાર થાય. બ્રહ્મભાવના પ્રગટ થાય તો સાક્ષાત પરમેશ્વરનાં દર્શન થાય. જ્યાં જોઉં ત્યાં રામજી ભાસે રે, બીજુ કાંઇ ન દેખાય. એવી સ્થિતિ થાય તો હરિ દર્શન થાય. પ્રહ્લાદજીની એવી સ્થિતિ થઈ ગઈ છે. ''મને સાચવનારો સર્વત્ર છે.'' ત્યારે હિરણ્યકશિપુએ કહ્યું, ''ખોટું ન બોલ!''

**અરેરે એવું બોલ્ય માં તું, વળી કહે ઠરાવીને ઠીક ।**
**તુંને તારા રાખનારની જો, મારે નથી હૈયામાં બીક ॥**

''સાચું બોલ! કોઇ માણસ ક્યાંક તો રહેતો હોયને. તારો રક્ષણ કરનારો સર્વત્ર હોય અવું કોઇ દિવસ બને નહિ. કોઇ એક જગ્યા મને ચોક્કસ બતાવ. હું



તેનાથી ડરતો નથી.'' પ્રહ્લાદજીએ વિચાર્યું, ચોખું સરનામું બતાવી દઉં.

**પછી પ્રહ્લાદે પ્રકાશિયું, જોઇ અસુરનો આરંભ ।**
**કહ્યું છે આ કાષ્ટમાં, સ્થિર રહ્યા છે થઇ સ્થંભ ॥**

''મારું રક્ષણ કરવાર વિષ્ણુ આ થાંભલાની અંદર બિરાજેલા છે.'' ''અરરર! મારા રાજમહલમાં સંતાઈને બેઠો છે?!'' હિરણ્યકશિપુ ભાન ભૂલી ગયો. આંખની રોનક ફરી ગઇ. તાંબુ તપી જાય તેવો તામ્ર વર્ણ બની ગયો. હાથ લાંબો કરી બોલ્યો, ''હમણાંજ થાંભલાને ભાંગી નાખીશ!''

**ઠરાવ્યા જ્યારે હરિ સ્થંભમાં, ત્યારે કોપ્યો લઇ કરવાલ ।**
**ઠિકાઠિક મારી સ્થંભમાં, ત્યાં પ્રગટ્યા પ્રભુ ગોપાલ ॥**

જોરથી સ્થંભમાં તલવારનો પ્રહાર કર્યો. સ્થંભ ફાટી ગયો અને ભયંકર ગર્જના કરતા નરસિંહ ભગવાન પ્રગટ થયા.

**બોલો નરસિંહ ભગવાન કી જય!!!**

મુખારવિંદ સિંહના જેવું અને શ્રી અંગ માનવના જેવું છે. લાલ ચોળ નેત્ર અને ભયંકર દાઢ દેખાય છે. ધરતી ધ્રુજવા લાગી. જાણે પ્રલય કરશે કે શું! દેવતાઓ ગભરાઇ ગયા. ભયંકર ગર્જના કરતા તુરંત હિરણ્યકશિપુને પકડી લીધો. ખોળામાં બેસાડી ઉંબરા ઉપર બેઠા. તીક્ષ્ણ નખ નાભીમાં ભરાવ્યા. ''બોલ! ઘરમાં છે કે ઘર બહાર?'' ''બરાબર ઉંબરામાં સૂતો છું.'' ''દિવસ છે કે રાત છે?'' ''બરાબર સંધ્યા સમય છે.'' ''મનુષ્ય છું કે પશુ છું?'' ''નથી માનવ ને નથી પશુ.'' માથું સિંહનું છે ને શરીર માણસ જેવું છે. નખ બતાવીને કહ્યું, ''લીલું છે કે સુકું?'' ''નખ લીલા ન કહેવાય ને સૂકા ન કહેવાય.''

''અસ્ત્ર છે કે શસ્ત્ર?'' ''નથી અસ્ત્ર, નથી શસ્ત્ર પણ નખ છે.'' નરસિંહ ભગવાને તીક્ષ્ણ નખ પેટમાં ભરાવી ચરરર કરતો ચીરી નાખ્યો. હાહાકાર કરતો હિરણ્યકશિપુ મૃત્યુ પામ્યો. ત્યારે સ્વર્ગના દેવતાઓએ પ્રભુ ઉપર પુષ્પનો વરસાદ કર્યો. બોલો નરસિંહ ભગવાનકી જય!!!

**ભગવાન પાસે કોઇનો ખોટો વટ રહેતો નથી.**

નરસિંહ ભગવાનનો ક્રોધ શાંત થતો નથી. ભયંકર ગર્જના કરે છે. કોણ શાંત કરે? બ્રહ્માજી બે હાથ જોડી સ્તુતિ કરે છે પણ પ્રભુ શાંત થતા નથી. લક્ષ્મીજીને બોલાવ્યાં. લક્ષ્મીજીએ કહ્યું, ''મને જોતાં જ પ્રભુ શાંત થઈ જશે.'' પ્રભુનું ભયંકર

સ્વરૂપ જોઇ લક્ષ્મીજી ડરી ગયાં. હવે શું કરવું? પ્રભુ એવા ખીજાયા છે કે મારા ભક્તને શા માટે દુ:ખી કર્યા.

બ્રહ્માજીએ કહ્યું, ''પ્રહ્લાદજી, તમે ભગવાન પાસે જાવ. તમારા માટે ભગવાન પ્રગટ થયા છે તેથી તમારા થકી શાંત થશે.'' પ્રહ્લાદજી ભગવાન નરસિંહ પાસે ગયા. બે હાથ જોડી વંદન કરી પ્રભુના ચરણમાં સાષ્ટાંગ પ્રણામ કર્યા. ભગવાને પ્રહ્લદજીના માથા ઉપર હેતાળ હાથ ફેરવતાં કહ્યું, ''બેટા પ્રહ્લાદ, મને તારું રક્ષણ કરવામાં વિલંબ થયો છે, તેથી ક્ષમા માગું છું. બેટા, ધન્ય છે તારી ભક્તિને અને ધીરજ શક્તિને.'' પ્રહ્લાદને વહાલ કરતાં કરતાં ધીરે ધીરે નરસિંહ ભગવાન શાંત થઇ ગયા.

**પ્રગટ્યા નૃસિંહજી પ્રહ્લાદને કાજજી, બહુ રાજી થઇ બોલિયા મહારાજજી**
**માગો માગો પ્રહ્લાદ મુજથકી આજજી, આપું તમને તેહ સુખનો સમાજજી**

ભગવાને બે હાથથી તેડીને પ્રહ્લાદજીને પોતાના ખોળામાં બેસાડ્યા. ''બેટા, માગો... આપને શું આપું. જે માગો તે આપું સુખનો સમાજ.''

**મારે તો નથી કાંઇ માગવું, પણ એવું કહેશોમાં કોઇને ।**
**પંચ વિષયમાં પ્રીત જીવને, માગશે રહ્યાછે જેમાં મોઇને ॥**
**થોડિક સેવા કરી તમારી, માગેછે મોટા સુખને ।**
**એવા વે'પારીને ઓળખી, વિષયસુખ દેશોમાં વિમુખને ॥**

પ્રહ્લાદજી બે હાથ જોડી કહે છે, ''તમે મળ્યા પછી કાંઇ માગવાનું રહેતું નથી પણ કળિયુગમાં જો તમે ભક્તોને કાંઇક માગવાનું કહેશો તો તે વિષય સુખ માગશે. પુત્ર, પરિવાર, માલ, મિલકત વિગેરે માયા માગશે માટે દયા કરીને કળિયુગમાં કોઇ ભક્તને માગવાનું કહેશો નહિ.'' પ્રભુ કહે છે, ''પ્રહ્લાદ, તારા માટે ન માગે તો કાંઇ નહિ પણ આનંદ ખાતર કાંઇક માગ.''

''હે પ્રભુ! મારા પિતાને તમે મારી નાખ્યા છે તેનો મોક્ષ કરો. સદ્‌ગતિ આપો.'' પ્રભુ કહે છે, ''બેટા પ્રહ્લાદ! મારા ભક્તના પિતા છે આવું ધારીને ચોક્કસ તારા પિતાનું કલ્યાણ કરીશ.'' પ્રહ્લાદજી જેવા ભક્ત જેના પરિવારમાં હોય તેનું ઇકોતેર પેઢીનું કલ્યાણ થાય છે. પ્રહ્લાદજી જેવા પુત્ર હોય તો મા-બાપને તારે છે. દુર્યોધન જેવો પાપી પુત્ર હોય તો મા-બાપની દુર્ગતિ કરે છે.

પ્રભુ કહે છે, ''હે પ્રહ્લાદ! આજ સુધી મેં કોઇ દૈત્યને મારા ખોળામાં લીધા નથી. તારા જેવા ભક્તને કારણે તારા પિતાને મેં મારા ખોળામાં લીધો છે. મારા



ભક્તના પિતા છે તેથી મેં ઉધ્ધાર કર્યો છે.''

**જે સારૂં વિચારે છે તે મહાન બની શકે છે.**

વચનામૃતમાં શ્રીજીમહારાજ પ્રહ્લાદજીને ઘણી વખત યાદ કર્યા છે. પ્રહ્લાદજી કહે છે, ''હે પ્રભુ! તમે મારા દેહની રક્ષા કરી તેને હું રક્ષા નથી માનતો. પણ મારા અંત:શત્રુ જે કામ, ક્રોધ, લોભ, મોહ તે થકી જ્યારે રક્ષા કરશો ત્યારે હું રક્ષા માનીશ.'' પેખી ભક્તિ પ્રહ્લાદની, એવી આપણે પણ આદરો, નક્કી પાયો નાખી કરી, ભય તજી ભક્તિ કરો. નિષ્કુળાનંદસ્વામી કહે છે, ભક્ત છે બહુ ભાતના, દામ વામ ખૂબ ખાન પાનના, એવું ન થાવું આપણે, થાવું ખરા ભક્ત ભગવાનના.

સ્વામી કહે છે, તમને કેવા ભક્ત થાવું છે? આ દુનિયામાં ઉપરછલી ભક્તિ કરનારા ઘણા ભક્તો છે પણ અંતરની ભક્તિ કરનારા બહુ થોડા હોય છે. સ્વામી દશ ઈન્દ્રિયોને જીતવાની વાત કરે છે. આંખને જીતવી, સ્વાદને જીતવો, મનને જીતવું. ઈન્દ્રિયોને પોતપોતાના વિષયમાંથી પાછી વાળી અને ભગવાન તરફ વાળવી.

**સેવક થઇ ઘનશ્યામના, ઇચ્છવાં સુખ સંસારનાં ।**
**નિષ્કુલાનંદ એ ભક્ત નહિ, એતો લક્ષણ છે ચોર જારનાં ॥**

ઘનશ્યામ મહારાજના સેવક થઈને સંસારના સુખમાં રચ્યો પચ્યો રહે છે તે લક્ષણ છે ચોર જારના. કેવા માણસને જીવતા કે મરીને સુખ થતું નથી? એક લોભી માણસ અને બીજો સ્ત્રીને વિષે બેઠ્યા ઉઠ્યાની વાસનાવાળાને મરીને કે જીવતાં સુખ થતું નથી.

**રાગ– રામગ્રી – ભક્ત સાચા ભગવાનના, ઝાઝા જડતા નથી ।**
**લક્ષણ જોઇ લેવાં લખીરે, શું કહિયે ઘણું કથી; ભક્ત૦ ॥**
**અતિ દયાળુ દિલના, પડ્યે કષ્ટે ન કા'ય ।**
**પ્રાણધારીને પીડે નહિરે, પર પીડયે પીડાય; ભક્ત૦ ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, સાચા ભક્ત ઝાઝા જડતા નથી. ઘેટાં બકરાંના ટોળાં હોય પણ સિંહનાં ટોળાં ન હોય. પર્વતપ્રાય ભક્તિ કરવી. વરસાદ વરસે ત્યારે ઢેફાં હોય તે પલળીને પાણી ભેળાં પાણી થઈ જાય. નાના નાના પથ્થરના ટુકડા ખેંચાઈ જાય પણ પર્વતને કાંઇ ન થાય. એ ખેંચાય નહિ. તેમ જેની પર્વતપ્રાય ભક્તિ થઈ જાય તેને કામ ક્રોધ અને માયા ખેંચી શકે નહિ. કોઇ ગાળો દે, અપમાન કરે તો મૂંઝાઈ જાય નહિ. હાર પહેરાવે તો ફૂલાઈ જાય નહિ.

## આ કથા હારેલાને હિંમત આપે છે.

ગામ ઉપલેટા નજીક સુપેડી ગામ છે. તે ગામના માણસો આશરે ચાલીસ. બધા સાથે મળીને ગંગાજીમાં સ્નાન કરવા જાય છે. પગપાળા અતિ આનંદ ઉત્સાહ સાથે કીર્તન ગાતા ચાલ્યા જાય છે. ગઢપુરની નજીક આવ્યા ત્યારે વિચાર થયો કે સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરી, જમીને નિરાંતે વિસામો લઇ પછી આગળ ચાલતાં થાશું. દાદાખાચરના દરબારમાં આવ્યા. શ્રીજીમહારાજ લીંબવૃક્ષ નીચે સંતો ભક્તોની સાથે વિરાજમાન છે. ત્યાં યાત્રિકો આવ્યા. પ્રભુને પગે લાગીને બેઠા. પ્રભુએ મીઠો આવકાર આપ્યો. ‘‘આજની રાત આંહી રોકાઇ જાવ.’’

યાત્રિકો બોલ્યા, ‘‘ગંગાજી જવું છે તેથી ઉતાવળ છે.’’ પણ તે સંઘમાં એક ડાહ્યો કરીને પરમ ભક્ત હતો. પૂર્વનો મોક્ષભાગી આત્મા હતો. તેથી તે એક નજરે શ્રીજીમહારાજ સામે જોઇ રહ્યો. નીરખી નીરખીને દર્શન કરે છે. વૃત્તિ સ્થિર થઇ ગઇ. લોહ ચમકને ખેંચે તેમ મન ખેંચાઇ ગયું. લક્ષ લાગી ગયો. ડાહ્યાના મોટાભાઇ કહે છે, ‘‘ડાહ્યા, ચાલ. અમે ગંગાજી જઇએ છીએ.’’ ડાહ્યાએ સરસ જવાબ આપ્યો. ‘‘મને અડસઠ તીર્થ ગંગાજી અને જમુનાજી અહીંજ મળી ગયાં છે. મારે ક્યાંય જવું નથી.’’ બહુ સમજાવ્યો પણ એકનો બે ન થયો.

યાત્રિકો ચાલતા થયા. ડાહ્યો ગઢપુરમાં રહી ગયો. નિત્ય શ્રી હરિની સમીપે રહેવાથી સત્સંગ ચડતો રહ્યો. દૃઢ નિશ્ચય કરી લીધો કે મારું સમગ્ર જીવન પ્રભુ ચરણમાં સમર્પિત કરવું જ છે. યાત્રાળુ ગંગાજીમાં સ્નાન કરી, થોડાક દિવસ રહ્યા. પછી પાછા વળ્યા. ગઢપુર આવ્યા. ડાહ્યાને કહ્યું, ‘‘ચાલ ઘરે.’’ ડાહ્યાએ કહ્યું, ‘‘મને અસલી ઘર મલી ગયું છે. હું ક્યાંય જવાનો નથી.’’ ખૂબ સમજાવ્યો. ‘‘મા-બાપ વાટ જોતા હશે. રજા વગર રોકાવાય નહિ.’’ ડાહ્યો ઘરે ગયો નહિ.

યાત્રાળુ ભજન કીર્તન કરતાં ગામ સુપેડી આવ્યાં. સગાં સંબંધી સૌ ઝાંપે મળવા આવ્યાં. ડાહ્યાના પિતાજી રામભાઇએ કહ્યું, ‘‘યાત્રાળુના સંઘમાં ડાહ્યો કેમ દેખાતો નથી? ક્યાં ગયો છે?’’ ત્યારે ડાહ્યાના મોટાભાઇ રવજીએ કહ્યું, ‘‘ગઢપુરમાં સ્વામિનારાયણની પાસે રોકાઇ ગયો છે.’’ ‘‘શા માટે રોકાવા દીધો?’’ ‘‘પિતાજી, મેં ડાહ્યાને ઘણો સમજાવ્યો પણ આવ્યો જ નહિ. હું શું કરું?’’ ‘‘અલ્યા મૂર્ખ! તને ભાન છે કે નથી?! સ્વામિનારાયણે ભુરકી નાખી ડાહ્યાને વશ કરી લીધો છે. તું જલદી પાછો જા ને ડાહ્યાને આંહી લઇ આવ. મને તેના વગર ઘરમાં સૂનું લાગે છે.’’



રવજી પોતાના ચાર પાંચ મિત્રોને સાથે લઇને ગઢપુર જાય છે. હાથમાં લાકડી લીધી. ‘‘ડાહ્યો નહિ માને તો લાકડીથી મારીશ!’’ ઉતાવળે પગલે ગઢપુરના રસ્તે ચાલ્યા જાય છે. દાદાખાચરના દરબારમાં આવ્યા. લીંબવૃક્ષ નીચે શ્રી હરિ સંતો ભક્તોની સાથે બિરાજમાન છે. રવજીભાઇ લાકડી પછાડી ઊંચે અવાજે બોલ્યા, ‘‘હે સ્વામિનારાયણ! અમારો ડાહ્યો ક્યાં છે? જલદી બતાવો.’’ શ્રીજીમહારાજે કહ્યું, ‘‘આ સભામાં બેઠો છે.’’ ડાહ્યા પાસે આવી લાકડીનો ગોદો ભરાવ્યો. લાલ આંખ કરી કહ્યું, ‘‘ઊભો થા! ચાલ ઘરે.’’ એમ કહી વળી લાકડીનો ગોદો માર્યો.

‘‘માત-પિતા મને વઢે છે. જલદી ઊઠ.’’ ડાહ્યો એકાગ્રતાથી માળા ફેરવે છે તેથી કાંઇ બોલ્યો નહિ. ભાઇએ જોરથી પડખામાં લાકડી મારી. ‘‘ઊઠ! ચાલ ઘરે. નહિંતર માર્યા વગર નહિ મૂકું.’’ એમ કહી વળી લાકડી મારી. દયાળુ શ્રીજીમહારાજે કહ્યું, ‘‘ડાહ્યા ભક્ત, તમે ઘરે જાવ.’’ નકામો માર ખાવો પડે તે બરાબર નહિ. શ્રી હરિની આજ્ઞાથી ડાહ્યો ઘરે આવ્યો. પિતા રામભાઇએ ડાહ્યાને ચાર-પાંચ તમાચા મારી દીધા. ‘‘મારું માની જા ને સ્વામિનારાયણનું નામ બંધ કરી દે. ને નહિ માને તો લાકડીથી બરાબર જેવો માર ખાઇશ.’’

ડાહ્યો શાંતિથી બોલ્યો, ‘‘પિતાજી, સ્વામિનારાયણ ભગવાન સાક્ષાત પરમેશ્વર છે. એમની કૃપાથી, એમના સ્મરણથી મને અંતરમાં આનંદ વર્તે છે. તમે સ્વામિનારાયણ ભગવાનનું શરણું સ્વીકારી લેશો તો ભવસાગર પાર થઇ જશો અને મહા અલૌકિક સુખને પામશો.’’ ‘‘અલ્યા, તારી લવરી બંધ કર!’’ એમ કહી લાકડીથી ખૂબ માર માર્યો. સોળા ઊઠી આવ્યા. ઢોરની જેમ મારે છે. લાકડી તૂટી ગઇ. વિચાર કરો, કેમ સહન થયું હશે? ડાહ્યા ભક્ત ઊંચા સ્વરથી સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલે છે.

પિતાએ આકરી ધમકી આપી. ‘‘અલ્યા ડાહ્યા! સ્વામિનારાયણ નામ બોલતો બંધ થઇ જા, નહિંતર કૂવામાં ઊંધે માથે લટકાવીશ ત્યારે તું સીધો થઇશ.’’ ‘‘પિતાજી! સ્વામિનારાયણ નામ તો મારા જીવ સાથે જડાઇ ગયું છે. તે મારા શિરને સાટે છે.’’ પિતાના ક્રોધનો પાર ન રહ્યો. ડાહ્યાને પગે દોરડું બાંધીને કૂવામાં ઊંધે માથે લટકાવ્યો છતાં ડાહ્યાભક્ત અખંડ સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપ કરે છે.

થોડીવાર પાણીમાં રાખ્યો પછી બહાર કાઢ્યો તો પણ કાંઇ થયું નહિ. શાંતિથી હરિ સ્મરણ કરે છે. પછી બળદ બાંધવાની કોઢમાં એક થાંભલો હતો તે થાંભલામાં જાડા દોરડાથી ઝકડીને ડાહ્યાને બાંધી દીધો. ઓરડાને બંધ કરી દીધો. શરીરમાં વઢ પડી

ગયા. માંડ માંડ શ્વાસ લેવાય છે. ચાર દિવસ સુધી ભૂખ્યો તરસ્યો ઊભો છે. પગમાં જુવા કરડે છે તેથી ઢીમણા થઇ ગયાં. ખૂબ પીડા થાય છે. બ્રહ્મરૂપ બની હરિ સ્મરણ કરે છે.

**ભગવાન મદદ કરવા પહોંચી આવ્યા.**

અંધારી રાત્રે પ્રકાશ છવાઇ ગયો. પ્રકાશ મધ્યે તેજસ્વી સ્વરૂપે શ્વેત વસ્ત્ર ધારી શ્રીહરિ પ્રગટ થયા. ડાહ્યાભક્તના શરીરે હાથ ફેરવ્યો. દોરડાં બાંધ્યાં હતાં તે તરત તૂટી ગયાં. ડાહ્યો શ્રીહરિને પગે લાગ્યો. પ્રભુએ બાથમાં લઇને ઊભો કર્યો. આખા શરીરે હાથ ફેરવ્યો તેથી પીડા મટી ગઇ.

શ્રીજીમહારાજે કહ્યું, ''તમે ચાર દિવસના ભુખ્યા છો. લ્યો, આ પ્રસાદ જમો.'' ડાહ્યાભક્ત પ્રેમથી પ્રસાદ જમ્યા. પ્રભુ કહે છે, ''ભક્તરાજ, તમારી શી ઇચ્છા છે?'' ''મહારાજ, મને તમારા ચરણમાં અખંડ રહેવું છે.'' શ્રીહરિએ કહ્યું, ''આંખ બંધ કરો.'' પછી કહ્યું, ''હવે આંખ ખોલો.'' જ્યાં આંખ ખોલી તો દાદાખાચરનો દરબાર, લીંબવૃક્ષ અને અક્ષર ઓરડીનાં દર્શન થયાં. ડાહ્યાભક્ત રાજી રાજી થઇ ગયા.

ડાહ્યાના સગા સંબધીએ પાંચમે દિવસે દરવાજો ખોલીને જોયું તો ડાહ્યો નથી. ''હવે શું કરવું?! ક્યાં ગયો હશે?'' ચારે બાજુ જોઇ વળ્યા. પછી દોડતા ગઢપુર આવ્યા. શ્રીજીમહારાજ સભામાં બિરાજેલા છે. સામે સંતો ને ભક્તો બેઠા છે. અમૃતરસનું પાન કરે છે. આજુ બાજુ જોયું પણ ડાહ્યો દેખાતો નથી! ''હે સ્વામિનારાયણ, અમારો ડાહ્યો ક્યાં?''

શ્રીજીમહારાજે કહ્યું, ''ડાહ્યાને તો તમે અહીંથી લઇ ગયા છો. તે હવે આંહી ક્યાંથી હોય?!'' ડાહ્યો કથામાં બેઠો છે પણ પ્રભુના ઐશ્વર્ય શક્તિથી તેને દેખાતો નથી. વિલે મોઢે પાછા સુપેડી ગામ આવ્યા. સમય જતાં ડાહ્યાના ત્યાગ વૈરાગ્ની દ્રઢતા જોઇ તેને ભાગવતી દીક્ષા આપીને સાધુ કર્યા. ત્યાગનો મારગ શૂરાનો છે. કાયરનું કામ નથી. અનેક સંકટો સહન કર્યાં પણ સત્સંગ છોડ્યો નહિ. ધન્ય છે ડાહ્યાભક્તની ધીરજ શક્તિને.

**ક્ષમા ઘણી ક્ષોભે નહિ, સુખ દુ:ખને સહે ।**
**નિષ્કુલાનંદ એવા ભક્તથી, હરિ દૂર ન રહે; ભક્ત૦ ॥**

સંતો ધર્મપ્રચાર માટે દેશોદેશ ફરવા ગયા. આસુરી માણસો સંતોને ખૂબ ત્રાસ આપે છે. પથ્થરો ફેંકે, લાકડીથી મારે, ગાળો બોલે ત્યારે નાના સંતો કહે છે,



''ગુરુજી! હવે હદ થાય છે. ત્રાસનો કોઇ પાર નથી. લોકો મારવા દોડે છે. ચાલોને આપણે દૂર જંગલમાં જતા રહીએ. ત્યાં બેસીને સુખેથી હરિ ભજન કરશું. બહુ શાંતિ રહેશે.''

ગુરુજી કહે છે, ''જંગલમાં જવાય નહિ પણ જગત વચ્ચે રહેવાય. બધા લોકો સરખા ન હોય. બીજાના અજ્ઞાન રૂપી અંધારાં દૂર કરવાનાં છે. આપણે નમ્રતા રાખીશું, સરળ બનીશું તો પ્રભુ સારું કરશે. અને અજ્ઞાની જીવાત્માને જ્ઞાનનું પોષણ મળશે તો ચોક્કસ તેના આત્માનું કલ્યાણ થશે. પરોપકાર કાર્યમાં અને ભક્તિ માર્ગમાં હિંમત હારવી નહિ. જે સારું વિચારે છે તે મહાન બની શકે છે.''

**ધીરજશાળી ભક્ત ધ્રુવજી.**

**વળી ધન્ય ધન્ય ધ્રુવજીને કહિયેજી, જેનો તાત ઉત્તાનપાદ લહિયેજી ।**
**સુનીતિને ઉદર આવ્યા જહિયેજી, જનની ઉરમાં વિચારિયું તહિયેજી**

નિષ્કુળાનંદસ્વામી હવે ધ્રુવજીની કથા કહે છે. ઉત્તાનપાદ રાજાની બે રાણીઓ હતી. સુનીતિ અને સુરૂચિ. સુનીતિના પુત્રનું નામ ધ્રુવજી છે. રાજા સુરૂચિરાણીને આધીન હતો. રાજા અને સુરૂચિરાણી સોનાના સિંહાસન ઉપર બેઠા છે. ધ્રુવજી પાંચ વરસના છે. તે દોડીને પિતાજીના ખોળામાં બેસવા આવ્યા. અપર માતા સુરૂચિએ ધ્રુવજીને ધક્કો માર્યો. ''હઠ હઠ અભાગણીના પુત્ર. તારા પિતાનો ખોળો જોઇતો હોય તો મારા જેવીના ઉદરે જન્મ ધારણ કરીશ ત્યારે તારા પિતાના ખોળામાં તને બેસવા મલશે.'' ધ્રુવજી ઉદાસ થઇ ગયા. બાળકનો જે તિરસ્કાર કરે છે તેને પ્રભુના તિરસ્કાર બરાબર પાપ લાગે છે. નિર્દોષ બાળકમાં પ્રભુનો વાસ છે.

**તેમ ધ્રુવે એમ ધાર્યું હતું, અતિ થાવું છે સહુથી ઉદાસ ।**
**રાજ સાજ સુખ સંપત્તિ, મેલી વન કરવો છે વાસ ॥**

રૂદન કરતા કરતા ધ્રુવજી માતા સુનીતિ પાસે આવ્યા. માએ ખોળામાં બેસાડ્યા. કહે છે, ''બેટા! ઘરમાં મને માન નથી તો તને ક્યાંથી માન હોય? રાજા મારો વારંવાર તિરસ્કાર કરે છે. રાજાને તારી અપરમા બહુ વહાલી લાગે છે. બેટા! આ દુનિયામાં સાચા પરમ પિતા એક પરમેશ્વર છે. તેનું શરણું સ્વીકારે છે તે મહા અલૌકિક સુખને પામે છે. આ જગતનું સુખ તો નાશવંત છે. શાશ્વત સુખ તો પ્રભુના ચરણમાં છે. તું વનમાં જા અને પ્રભુનું અખંડ સ્મરણ કરી પ્રભુને પ્રસન્ન કર.'' પાંચ વરસના ધ્રુવજીએ નક્કી કરી લીધું કે સાચી વાત છે. આ જગતની અંદર ભગવાન સિવાય કોઇ ભલું કરે

એમ નથી. આ જગતનાં સુખ અલ્પ છે. છોકરાઓને સંપત્તિ નહિ... સારા સંસ્કારનો વારસો આપો.

**અલ્પ સુખ સંસારનું, જે મળે ને મટી જાયરે ।**
**તેહ સારૂં આવું તન ખોઇ, કહો કોણ દુ:ખને ચા'યરે ॥**
**અચળ સુખ અવિનાશીનું, જેહ પામીને પાછું નવ ટળે ।**
**એવા સુખને પરહરી, બીજા સુખમાં કોણ બળે ॥**

સાચા ભક્તો ચૌદલોકના સુખમાં ક્યાંય લોભાતા નથી. પ્રભુના ભજનનું ફળ બહુ મોટું છે. કરોડો વર્ષો સુધી સુખ ભોગવે છતાં પણ ખૂટે નહિ એવું અવિનાશી અને અચળ સુખ છે. આ દુનિયાનું સુખ તુચ્છ અને નાશવંત છે. આ સંસાર ભુલવણી જેવો છે. ભુલા પડી જાય તો જલદી નીકળાતું નથી.

**એવું દ્રઢ ધ્રુવે કર્યું, મો'રથી મનમાંય ।**
**નિષ્કુલાનંદનો નાથ ભજશું, તજશું બીજી ઇચ્છાય ॥**

ધ્રુવજીએ ઠરાવ કરી લીધો કે હવે જન્મમરણના ફેરામાં ગોથાં ખાવાં નથી. વિકારોથી વિરક્ત બનીને મુક્તદશાને પામવું છે. આવી દ્રઢ ટેક જોઇને પરમાત્માએ વિચાર કર્યો. પાંચ વરસનો બાળક તપશ્ચર્યા કરવા જાય છે તે બહુ મોટી વાત કહેવાય. માતાનું હૃદય ભરાઇ આવ્યું. "બેટા, તું એકલો વનમાં નથી જાતો. તારી સાથે મારા આશીર્વાદ છે." એમ કહી બાથમાં લઇને ભેટીને માથા ઉપર હાથ ફેરવે છે. "બેટા, તને રસ્તામાં ચોક્કસ સંત મળશે અને માર્ગ દર્શન બતાવશે.

બેટા, પહેલાં તું તારી ઓરમાન માતાને પગે લાગ." "મા, એણે મને ધક્કા માર્યા છે. ત્યાં હું હવે કેમ જઇશ?" "બેટા, તને વેરવૃત્તિ રહેશે તો તારું મન ભગવાનમાં લાગશે નહિ. વેર યાદ આવશે."

**ડાહ્યા માણસને એક શબ્દ કાફી થઇ જાય છે.**
**મુર્ખને હજારો શબ્દ ઓછા પડે છે.**

ધ્રુવજી ઓરમાન માને પગે લાગી પછી જનેતા માને પગે લાગી વનમાં જવા રવાના થયા છે. રાજા ઉત્તાનપાદને ખબર પડી મારો પુત્ર ધ્રુવ વનમાં જાય છે. તેણે સમજાવ્યા કે, "નાના બાળકને માન અપમાન કેવું હોય! પાછા વળો અને અડધું રાજ્ય તમને અત્યારેજ આપી દઉં." ધ્રુવજી બોલ્યા, "રાજ્યમાં સુખ હોય તો



સ્વયંભૂમનુ રાજા, ચિત્રકેતુ રાજા વિગેરે વનમાં તપ કરવા શા સારું જાય? મને રાજ્યની કોઇ ઇચ્છા નથી. મને એક જ ઇચ્છા છે. પ્રભુનું સ્મરણ સાથે તપ કરીને પ્રભુને પ્રસન્ન કરવા છે." હરિ સ્મરણ કરતા કરતા રવાના થઇ ગયા.

**દ્રઢ વિચાર એમ કરી ધ્રુવે મનજી, વેગેશું ચાલિયા વળતા વનજી**
**મારગમાં મળ્યા નારદમુનિ જનજી, તેણે કહ્યાં બહુ હેતનાં વચનજી**

પ્રભુએ નારદજીને પ્રેરણા કરી... "એક નાનો પાંચ વરસનો બાળક ઘર છોડીને વનમાં જાય છે. એને રસ્તામાં તમે મળો અને એનું ભકિતમાર્ગમાં મનોબળ કેવું છે તેની પરીક્ષા કરો." ધ્રુવજીએ નાનું પિતાંબર પહેર્યું છે. ગળામાં તુલસીની કંઠી પહેરી છે. ભાલમાં સુંદર તિલક છે. મુખમાં પ્રભુનું નામ છે. જપ કરતા કરતા ચાલ્યા આવે છે.

નારદજીને જોયા ને ધ્રુવજી પગે લાગી નમસ્કાર કર્યા. કોમળ બાળકને જોઇ નારદજીની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. ધ્રુવજીના માથા ઉપર હાથ પધરાવ્યો. "બેટા, કેટલે સુધી જાઓ છો?" ધ્રુવજીને હિંમત આવી ગઇ. એક માતાનો ખોળો મૂકીને આવ્યો છું પણ મને ભગવાને બીજી માતા શોધી દીધી છે. જનેતા માવડી સ્તનપાન કરાવી મોટો કર્યો અને સદ્‌ગુરુ રૂપી મા સદાયને માટે સ્તનપાન છોડાવી જન્મ મરણના ફેરા ટાળી દે છે.

નારદજી કહે છે, "બેટા! તમે કેટલે સુધી જવાના છો?" "હું વનમાં જાઉં છું." "બેટા! તમારી ઉંમર વનમાં જવાય તેવી નથી. ખેલો, કૂદો ને રમો. વનમાં ભયંકર જનાવર હોય છે, તે તમને મારી નાખશે. માટે પાછા વળી જાવ." ધ્રુવજી કહે છે, "મારી સાથે ભગવાન છે તો જનાવર મને શું કરશે? ઘરે જવું નથી ને માયામાં લોભાવું નથી. વનમાં જઇશ ને તપ કરી પ્રભુને પ્રસન્ન કરીશ. આશીર્વાદ આપો. તપમાં મને સફળતા પ્રાપ્ત થાય."

**વૈરાગ્ય અડગ હોય તેને માયા રોકી શક્તી નથી.**

આવી હિંમત ભરી વાત સાંભળી નારદજી કહે છે, "તમારો નિર્ણય આટલો મક્કમ છે તો આશીર્વાદ આપું છું. તમે મધુવનમાં જાઓ. સવાર, બપોર અને સાંજ ત્રણ વખત યમુનાજીમાં સ્નાન કરજો. ફળફૂલનો આહાર કરજો. અંતરમાં પ્રભુને ધારીને 'ૐ નમો ભગવતે વાસુદેવાય' દ્વાદશાક્ષર મંત્રનો જાપ કરજો. તમારી ભક્તિ જરૂર સફળ થશે. પ્રભુનાં પ્રત્યક્ષ દર્શન થશે." ધ્રુવજી વનમાં ગયા. તપ શરૂ કર્યું.

**પાંચ વરષના એક પગે, ઉભા અચળ અડગ થઇ ।**
**બહુ રબલાઉં આવે બિવરાવવા, તેના બિવરાવ્યા બીવે નહિ ॥**

એક પગે ઉભા રહી ધ્યાનસ્થ સ્થિતિમાં પ્રભુનું સ્મરણ સાથે જપ કરે છે. ત્રણ દિવસ સુધી ઉપવાસ કરે. ચોથે દિવસે ફળ જમે. બીજા મહિનામાં છ ઉપવાસ કરે છે. ખરી પડેલાં પાંદડાં જમે છે. ત્રીજો મહિનો બેઠો એટલે નવ દિવસ ઉપવાસ કરે અને દશમે દિવસે ફક્ત એક ખોબો જમુનાજીનું જળ પીવે. અનેક જનાવર આવે છે પણ શાંત રહી કાંઇ કરતાં નથી. સ્થિર થઇને ધ્રુવજી સામે બેસી જાય.

ચોથો મહિનો શરૂ થયો ત્યારે બાર દિવસ સુધી ઉપવાસ કરે છે ને તેરમે દિવસે ખાલી વાયુનું ભક્ષણ કરે છે. પાંચમો મહિનો શરૂ થયો ત્યારે શ્વાસને રોક્યો. પ્રાણને રૂંધ્યો એક પગના અંગુઠા ઉપર પર્વતની પેઠે અખંડ ઊભા રહી ગયા.

**પ્રભુ મળ્યા સારૂં પરહર્યું, સર્વે શરીરનું સુખ ।**
**રાજી કરવા રમાપતિ, અતિ દિયે છે દેહને દુ:ખ ॥**

આકરૂં તપ આદર્યું, જોઇ પામ્યા જન મન ત્રાસ, ધરણી લાગી ધ્રૂજવા, ડરવા લાગ્યા દિગ્પાળ. પાંચ વરસના બાળકનું તપ ધરતીમાતાથી જોવાયું નહિ. ધરણી મંડી ધ્રૂજવા ડરવા લાગ્યા દિગ્પાળ, નાની વયમાં દીઠા બહુ બળવાળા ભક્તરાજ.

**હો હોકાર હુંકારા કરે, કરે કાનમાં ક્રુર ઉચ્ચાર ;**
**મારો મારો ખાઓ ખાઓ કહે, પણ ન ડરે ધ્રુવજી લગાર ।**
**અન્ન જળ તજી આરંભ્યું, કઠણ તપ જે કહેવાય ;**
**તજી લાલચ તનની, આદર્યો એહ ઉપાય ॥**

અન્ન જળ તજી દીધું. કઠિન તપશ્ચર્યા કરે છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, મહા ભયંકર વનમાં કઠિન તપશ્ચર્યા કરવી, અખંડ હરિ સ્મરણ કરવું તે કાંઇ નાની સૂની વાત નથી. ઢીલા પોચાનું કામ નથી.

**દેહ પાત્યામિ અર્થ સાધ્યામિ.**

શિર સાટાની વાત છે. ધારી ટેક ધ્રુવના સરખી, ઉર આંટી પાડવી એમ, પામું હરિ કે પાડું પંડને, કરું ધ્રુવે કર્યું હું તેમ. વિચારવા જેવી વાત છે. પરમેશ્વર સર્વ સુખના ધામ છે છતાં પ્રભુમાં જીવની વૃત્તિ ચોટતી નથી. અને માયિક નાશવંત તુચ્છ પદાર્થમાં વૃત્તિ ચોટી જાય છે તેનું શું કારણ હશે? શ્રીજી મહારાજ ચોખવટ કરતાં કહે



છે, સ્ત્રીને પુરુષમાં હેત થાય છે અને પુરુષને સ્ત્રીમાં હેત થાય છે. સ્ત્રીથી ઉપજી જે પ્રજા તેમાં પણ સહેજે હેત થાય છે. તે હેત રૂપી ભગવાનની માયા છે. તે માયાના પ્રવાહમાં જે ન વહે તેની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં રહે છે. ગ. પ્ર. પ્ર. ૩૪.

નિષ્કુળાનંદસ્વામી કહે છે, જેવી ધ્રુવજીએ અચળ ટેક રાખીને ભક્તિ કરી છે તેવી ભક્તિ આપણે કરવી.

**એના જેવી વળી આપણે, ભલિ ભાતે બાંધિયે ભેટ ।**
**ત્યારે પ્રસન્ન જન પર પ્રભુ, ન થાય કહો કેમ નેટ ॥**

હિંમત જોઇ હરિજનની, હરિ રહે છે હાજર હજુર, પણ ભાગે મન ભક્તિ કરે, તેથી શ્રી હરિ રહે છે દૂર. સ્વામી કહે છે, હિંમત રાખીને દુ:ખની સામે ટક્કર ઝીલીને શાંતિથી હરિ ભજન કરો. પહેલાં જે જે ભક્ત થઇ ગયા છે તેમણે ઘણાં સંકટ સહન કર્યાં છે.

વરસાદ પડે ત્યારે જ્ઞાની હોય કે અજ્ઞાની... સહુ ભીંજાય છે. તેમ આ સંસારમાં અનેક દુ:ખોને ત્રિવિધતાપનો વરસાદ પડ્યા જ કરે છે. તેનાથી ડરીને જો ભગવાનની ભક્તિમાં શ્રધ્ધા ડગી જશે, તેથી દુ:ખથી બચાશે નહિ. સહજાનંદી સિંહ બની સત્સંગ કરો ને બીજાને કરાવો. સ્વામિનારાયણ ભગવાને શૂરવીર અને શ્રધ્ધાવાન સપૂતોને જન્મ દેનારી કચ્છની ધીંગી ધરતીનાં ખૂબ વખાણ કર્યાં છે. કચ્છ દેશનો સત્સંગ ભર્યો ભર્યો લાગે છે.

**કચ્છ દેશના નિષ્કપટ ભોળા ભક્તો**
**કચ્છદેશના દાગીના રૂપ છે.**

ભગવાન આપણા પતિ છે. માલિક છે. જેમ પત્નિ પતિ માટે સર્વસ્વ છોડે છે તો જ તેને પતિનું સુખ મળે છે તેમ અક્ષરધામના મુક્ત થવું હોય અને ભગવાનને પામવું હોય તો આ લોકની તમામ ઇચ્છાઓ છોડવી જ પડશે. દિવસ અને રાત્રિ સાથે રહે નહિ તેમ ભગવાન અને માયા સાથે રહે નહિ.

**સાચા ને સોંઘા ઘણા છે, નથી મોંઘા થયા મહારાજ ।**
**ખોટાને ન જડે ખોળતાં, તે દિન કે વળી આજ ॥**

સાચા ને સોંઘા છે, નથી મોંઘા થયા મહારાજ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સત્સંગમાં કેટલો પગ ટકે છે, ભજન, ભક્તિ, કથા, કીર્તનમાં, પૂજા- પાઠમાં મન કેટલું ટકે છે તેના ઉપર આધારિત છે. ભગવાનનો માર્ગ શૂરવીરનો છે. બીજું જીવનમાં

એક જ અંગ રાખો. કાંચીડાની જેમ રંગ બદલાવો નહિ. સાચા ભક્ત થાઓ. બોલવાનું જુદું ને કરવાનું જુદું એવું કપટ ન કરો. રહેણી કરણી એક જ રાખશો તો ભક્તિમાં એટલી તાકાત છે કે તે ભક્તની તમામ જવાબદારી પ્રભુ લઇ લે છે. બાપની સાથે મુસાફરી કરનાર છોકરાને કાંઇ ભાતાની ફિકર હોય નહિ. તેમ ભગવાનનો આશરો રાખીને અખંડ ભક્તિમાં લીન રહેનારને પોતાની ફિકર હોય નહિ. પ્રભુ સાથે મુસાફરી કરવી એટલે પ્રભુને અંતરમાં રાખીને ભજન કરવું.

**માટે કસર મૂકી કરી, થાઓ ખરા હરિના દાસ ।**
**નિષ્કુલાનંદ નજીક છે, તે દાસ પાસ અવિનાશ ॥**

ખરા હરિના દાસ તેની પાસે રહે છે અવિનાશ. ધીરજશાળી ભક્ત કદી થાય નહિ ઉદાસ. નાનો બાળક પોતે કોની ગોદમાં બેઠો છે તે વારંવાર ધ્યાન રાખે છે. અને જો પોતાની માતા પિતાની ગોદમાં હોય તો શાંતિથી નિશ્ચિંત બેસી રહે છે. પરંતુ જો તે બીજા કોઇની ગોદમાં હોય તો તે ભય પામીને રડવાનું શરૂ કરે છે. તેમ આપણને પણ વારંવાર ચકાસવું, આપણે સ્વામિનારાયણની ગોદમાં બેઠા છીએ કે અન્ય કોઇ બીજાને આશરે છીએ તેનો વારંવાર તપાસ કરવો. અને જો આશરો મૂકી દેશો તો દુઃખી થશો ને રડવાનો વારો આવશે.

**ઉચ્ચ શિક્ષણથી શિક્ષિત થયેલો માણસ**
**બીજાને ભૌતિક રીતે સુખી કરી શકે છે.**

સુખની માત્રા જણાવતાં શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ અનંત કોટિ બ્રહ્માંડનાં વિષય સુખ ભેળા કરીએ તો પણ ભગવાનના એક રોમના કોટીના ભાગની બરોબર થાય નહિ. ભગવાનના સુખ આગળ વિષયનાં સુખ છે તે નરકકુંડ જેવાં છે. આવો મહિમા સમજાય તો આ લોકનાં તુચ્છ ક્ષણભંગુર સુખમાંથી તમામ આસક્તિ ટળી જાય છે. કોઇ બંધન તેને નડતું નથી.

**વળી કહું વર્ણવી ધ્રુવની વાતજી, શીત ઉષ્ણ સહેછે દિન ને રાતજી ।**
**તેમાં ન થાય કોઇ કાળે કળિયાતજી, કરવા હરિને રાજી રળિયાતજી**

ધ્રુવજી હરિને રાજી કરવા માટે (શીત- ઉષ્ણ) ટાઢ ને તડકો સહન કરી જપ ને તપ કરે છે.



**રાજી કરવા મહારાજને, સુખ દુઃખ સહેછે શરીર ।**
**અડગ ઉભા એક પગ ભર, ધારી દઢતા મન ધીર ॥**
**રોઝ ગેડાં પાડા અરણા, શશાં જસેમર સુરાગાય ।**
**આવે એવાં વળી દુઃખ દેવા, પણ બીવે નહિ મનમાંય ॥**

ભયંકર જનાવરો ધ્રુવજી પાસે દોડતાં આવે પણ ધ્રુવજી બિવે નહિ મનમાંય. ધ્રુવજીનાં દર્શન થાય ત્યાં જનાવર શાંત થઇ જાય, કારણ કે જીવ પ્રાણી માત્રની દોરી ભગવાનના હાથમાં છે. ભગવાન અખંડ ધ્રૂવજીની રક્ષામાં છે. કોમળ પાંચ વરસના બાળ ભક્તની કથા સાંભળી રૂંવાડાં ઊભા થઇ જાય.

છઠ્ઠો મહિનો શરૂ થયો ત્યારે ધ્રૂવજીને ખાનપાનની ખબર નથી. અને નથી કરતા નિંદ્રા નયણે, ભજે છે ભગવાનને વારમવાર વયણે. શ્વાસોશ્વાસ સમરે શ્રી ઘનશ્યામ, પળ એક પામતા નથી વિરામ. તનને રાખ્યું છે તપમાં, મનને રાખ્યું છે મહા પ્રભુમાંય. જગત વિસરાઇ ગયું અને ભાવ સમાધિમાં ડૂબી ગયા. દેહ દશા ભૂલાઇ ગઇ. બ્રહ્મભાવના પ્રગટ થઇ. દેહ અને મન સ્થિર થઇ ગયું છે. સમયની ખબર પડતી નથી. પ્રભુ પ્રેમમાં ડુબી ગયા છે. પ્રભુનું ધ્યાન કરે છે.

**મન પાપ કરવા માટે નથી**
**પણ પ્રભુનું ધ્યાન કરવા માટે છે.**

ભક્તરાજ ધ્રુવજીની ભક્તિ જોઇને દેવતાઓ, દાનવો અને માનવો આશ્ચર્ય પામી ગયા. પ્રભુ જલદી દર્શન આપો. આ જગતની અંદર આવા બાલ ભક્ત કોઇ થયા નથી. ભગવાન વિચારે છે આજે ધ્રૂવજીને દર્શન દેવા તો ઠીક પણ ધ્રુવજીનાં દર્શન કરવા જાવું છે. ધ્રૂવજીના અંતરમાં આનંદમય ચતુર્ભુજ નારાયણ સ્વરૂપ પ્રગટ થયું. શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારી, પીળુ પિતાંબર, માથે મુગટ, કંઠમાં વૈજયન્તી માળા. એવાં નારાયણનાં દર્શન થયાં.

**રાગ રામગ્રી–**

**ઇચ્છ્યા અટળ પદ આપવા, અલબેલો અવિનાશ ।**
**આવી એમ ધ્રુવને કહ્યુંરે, માગોમાગો મુજ પાસ; ઇચ્છ્યા. ॥**

ધ્રુવજીનાં નેત્રો બંધ છે. તેમને અંતરમાં ભગવાનનાં દર્શન થાય છે. તેથી આંખ ઉઘાડવાની ઈચ્છા થતી નથી. બહાર ભગવાન ઊભા છે. હવે શું કરવું?! પ્રભુને થયું કાંઇક યુક્તિ કરું. અંતરમાં ભગવાન દેખાતા હતા તે સ્વરૂપ અદ્રશ્ય થઇ

ગયું. અંતરમાં ભગવાનનાં દર્શન થતાં હતાં તે હવે દેખાતા નથી. તેથી ધ્રુવજી વ્યાકુળ થઇ ગયા. ભગવાન કેમ દેખાતા નથી? જ્યાં આંખ ઉઘાડી ત્યાં સામે ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં.

**બોલો ચતુર્ભુજ નારાયણ ભગવાનની જય!!!**

ધ્રુવજી પ્રેમથી બે હાથ જોડીને વારંવાર નીરખી નીરખીને દર્શન કરે છે. દૃષ્ટિ સ્થિર થઇ ગઇ. સ્તુતિ કરવી છે પણ ભણેલા નથી. તેથી બોલવાની ઇચ્છા થાય પણ શું બોલે?! પરમાત્માના હાથમાં શંખ હતો તેનો ધ્રૂવજીના ગાલમાં સ્પર્શ કર્યો તેથી સરસ્વતી જાગૃત થયાં. ધ્રૂવજી સુંદર સ્તુતિ કરે છે.

**યોન્તઃ પ્રવિશ્ય મમ વાચમિતાં પ્રસુપ્તાં,**
**સંજીવયત્યખિલશક્તિધરઃ સ્વધામ્ના ।**
**અન્યાઁશ્ચ હસ્તચરણશ્રવણત્વગાદીન્ ,**
**પ્રાણાન્નમો ભગવતે પુરુષાય તુભ્યમ્ ॥**

"હે પ્રભુ, તમે મારા અંતરમાં પ્રવેશ કરીને મારી સૂતેલી વાણીને સજીવ કરી છે. મન, બુધ્ધિ, ઇન્દ્રિયોને સત્કર્મમાં પ્રેરણા આપનારા હે પુરુષોત્તમ નારાયણ, આપના ચરણમાં હું વારંવાર વંદન કરું છું. હે કૃપાસાગર, આપની કૃપાથી મને તમારાં દર્શન થયાં છે."

પ્રભુ કહે છે, "હે ભક્તરાજ ધ્રૂવજી, હું તમારા ઉપર ખૂબ રાજી થયો છું. માગો માગો મુજ પાસ." એમ બોલ્યા છે અવિનાશ. ત્યારે ધ્રૂવજી બે હાથ જોડી કહે છે.

**ધ્રુવજી કહે ધન્ય ધન્ય નાથજી, તમે પ્રસન્નજ થયા ।**
**એથી બીજું શું માગવું, દિન દુઃખના ગયા; ઇચ્છ્યા. ॥**
**અખંડ રે'જો મારે અંતરે, પ્રભુ આવાના આવા ।**
**મોટું બંધન છે માયાતણું, તેમાં ન દેશો બંધાવા; ઇચ્છ્યા. ॥**

"હે પ્રભુ! તમારાં દર્શન થયાં પછી બીજું શું જોઇએ, પણ તમે કહો છો કે કાંઇક માગો તો અખંડ રહેજો મારે અંતરે, પ્રભુ આવા ને આવા, મોટું બંધન છે માયા તણું, તેમાં ન દેશો મૂંઝાવા." ભગવાન સ્મિત હાસ્ય કરતાં બોલ્યા, "વાહ ભગત, વાહ. દેખવામાં નાના છો પણ માગવામાં યોગીથી પણ વધો એવા લાગો છો. તથાસ્તુ, તમારા માગ્યા મુજબ અવશ્ય થશે. માયા તમને બંધન નહિ કરે."



ભગવાન કહે છે, "તમે છત્રીસ હજાર વરસ સુધી તમારા પિતાનું રાજ્ય ચલાવો." ધ્રુવજી કહે છે, "હે પ્રભુ! રાજ્યમાં જવાની કોઇ ઇચ્છા નથી. તમારા અવિચળ દિવ્ય ધામમાં લઇ જાવ." પ્રભુ કહે છે, "તમે જ્યાં સુધી રાજ્ય ભોગવશો નહિ ત્યાં સુધી મારું ધામ મળશે નહિ." "શા માટે નહિ મળે?" "તમને આગલા જન્મની વાસના છે. વાસના પુરી થાશે, ભક્તિ કરશો ત્યારે મુક્તિ થાશે." વાસના જન્મ મરણના ફેરામાં ભટકાવે છે.

પ્રભુ કહે છે, "પૂર્વ જન્મમાં તમે એક તપસ્વી બ્રાહ્મણ હતા. વનમાં તપ કરતા હતા. બાજુના ગામના રાજા અને રાણી વનમાં વિહાર કરવા નીકળ્યાં હતાં. તપસ્વી બ્રાહ્મણની નજર તે રાજા અને રાણી ઉપર ગઇ. આહા હા... રાજા રાણી કેવાં વનમાં આનંદથી ફરે છે. હું જો રાજા બન્યો હોત તો મને કેવો આનંદ મળત. મોજ મઝા કરત. રાજ્ય દરબારમાં સોનાના સિંહાસન ઉપર બેસવા મળત. આ વિચાર અંતરમાં ચોંટી ગયો. વારંવાર આ વાતને બ્રાહ્મણ યાદ કર્યા જ કરે. રાજા બનું તો કેવી મજા આવે. રાણી સાથે રહેવા મળે. આંહી સાવ એકલો જ છું...

**માયામાંથી મનને મરડીને ભગવાનનું બળ રાખવું.**

સમય જતાં તે બ્રાહ્મણનું મૃત્યુ થયું. રાજા બનવાની વાસના રહી ગઇ તેથી બીજે જન્મે તે તપસ્વી બ્રાહ્મણનો ઉત્તાનપાદ રાજાને ત્યાં જન્મ થયો. તેનું નામ રાખ્યું ધ્રૂવજી. આમ તમને પૂર્વજન્મની વાસના છે. તમારે છત્રીસ હજાર વરસ સુધી રાજ્ય ચલાવવાનું છે. પૂર્વજન્મની તપશ્ચર્યાના પુણ્યથી તમે પાંચ વરસના વનમાં જઇ શક્યા અને ધીરજ રાખી છ મહિના સુધી તપ કર્યું ને પ્રભુને પ્રસન્ન કર્યા. તે પૂર્વજન્મના પુણ્યનો પ્રતાપ છે." આટલું કહી ભગવાન અદૃશ્ય થઇ ગયા. ભક્તિનું ફળ ગમે ત્યારે ઊગી નીકળે છે. નિષ્ફળ જતું નથી.

ધ્રુવજીએ ઘણા વરસો સુધી રાજ્ય કર્યું પછી 'પુત્રવત્સરને' ગાદી આપી અને યમુના કિનારે ભક્તિ કરવા ગયા છે. સમય જતાં ભગવાન વિમાન લઇને તેડવા આવ્યા ત્યારે એક પગ મૃત્યુદેવના માથા ઉપર રાખ્યો અને બીજો પગ વિમાનમાં પધરાવ્યો. વિમાનમાં બેસી ગયા. મુક્તાત્મા આ જગત છોડીને ભગવાનના ધામમાં જાય છે ત્યારે ધામમાં મોટો ઉત્સવ થાય છે. ભગવાન ખૂબ રાજી થાય છે. મારો દીકરો આજે મારા ધામમાં આવ્યો. પરમાનંદ થયો છે.

**હરિ ભજવા હરખ હોય હૈયેજી, ત્યારે ભક્ત ધ્રુવ જેવા થઇયેજી ।**
**એથી ઓરા રતિયે ન રહિયેજી, પરમપદને પામિયે તહિયેજી ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે ભગવાન ભજવાનો હૈયે હરખ હોય તો ભક્ત ધ્રુવજી જેવા ધીરજશાળી થવું. ધ્રુવજીએ પ્રભુ સાથે સંબધ રાખ્યો કે પરમાત્મા મારા પિતા છે. હું એમનો પુત્ર છું. સ્વામી કહે છે, પરમાત્મા સાથે પ્રેમ કરો. સંબંધ વિના પ્રેમ થાય નહિ. પરમાત્માને પિતા માનો. તમે પુત્ર બનો. પરમાત્માને સ્વામી માનો. તમે સેવક બનો. પરમાત્માની સાથે સંબંધ જોડો. સંબંધથી જ સ્મરણ થાય છે.

**પરમપદને પામિયે, વામિયે સર્વે વિકાર ।**
**કાચા સાચા સુખને, નવ પામે નિરધાર ॥**

વામીયે સર્વે વિકાર તો પામીએ સુખ નિરધાર... સ્વામી કહે છે, જીવનમાં કાંઇ પણ ન્યૂનતા હોય તો સંત સમાગમ કરીને ટાળી નાખવી. સમજવા જેવી કથા છે.

**આ શાસ્ત્રને તમારા ઘરમાં વસાવો,**
**જીવનને ધીરજ રૂપી સદગુણોથી મહેકાવો.**

આપણને ભુજમાં નરનારાયણ ભગવાનનાં દર્શન કરવા જવું હોય તો આપણી પાસે સારું વાહન જોઇએ. તે વાહનનાં ચાર વ્હીલ બરાબર જોઇએ. જો એકાદ વ્હીલ ઓછું હોય તો ગાડી ચાલે નહિ. તેમ આપણને અક્ષરધામમાં સર્વોપરી શ્રી હરિની સેવામાં પહોંચવું હોય તો ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય બરાબર હોવાં જોઇએ. જો તેમાં ફેરફાર હોય તો આપણી ગાડી અક્ષરધામ સુધી પુરુષોતમ નારાયણ પાસે પહોંચે નહિ. વચનામૃત ગ. પ્ર. ૧૯ માં શ્રીજીમહારાજ કહે છે, સ્વધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય આ ચાર ગુણ તેમને એક બીજાની અપેક્ષા છે. મોક્ષ માટે એ ચાર ગુણ જરૂરી છે. એ ચાર ગુણ અત્યારથી આત્મસાત કરશું તો અક્ષરધામમાં પહોંચશું અને શ્રી હરિની સેવામાં રહેવાશે. એ ચાર ગુણમાંથી જે ગુણની ન્યૂનતા હોય તો એકાંતિક ભક્તની સેવા સમાગમ કરીને એ ન્યૂનતા ટાળવી.

**વાંછના વિષય સુખની, રહે અખંડ તે ઉરમાંય ।**
**ભાળી એવા ભક્તને, કહો કેની કરે હરિ સા'ય ॥**

ભગવાન સાથે દઢપણે જોડાઇ જાય છે તેની સહાય કરે છે શ્રી હરિ. પણ જેના અંતરમાં કૂડ કપટ ભર્યું હોય, વિષય સુખની ઝાળું બળતી હોય, ભીતરમાં વાસના



ભરી હોય, સર્પ જેવો તીખો ઝેરીલો સ્વભાવ હોય, વાણી ઉપર કાબુ ન હોય, ધર્મહીન અને ભક્તિહીન હોય તેની ભગવાન રક્ષા કરતા નથી. વેદદ્રોહી, ગુરુદ્રોહી, માતૃદ્રોહી અને સંતનો દ્રોહી હોય તેની ભગવાન સહાય કરતા નથી. ભગવાન એકાંતિક ભક્તની રક્ષા કરે છે. ભગવાનના ખરેખરા ભક્ત છે તે માયા રૂપી પાણીમાં ક્યારેય પણ ડૂબી જતા નથી. તે વિષેની કથા સાંભળો...

જેતલપુરના વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, બહુ રીતે સત્સંગ રાખશો અને જો તમને મહાપ્રલય જેવું દુઃખ આવી પડશે, કોઇ ઉગર્યાનો ઉપાય નહિ હોય તો પણ અમે રક્ષા કરશું. ભગવાનનું શરણું જેણે લીધું છે તે અમર થઇ ગયા છે. એવા ભક્તને કોઇ માન આપે તો ફૂલાય નહિ, અપમાન કરે તો મૂંઝાય નહિ. સર્વકાળે એક જ મતિ રહે છે. આગળ અનેક ભક્તો થઇ ગયા છે. તેમના જીવનમાં ઘણાં દુઃખ આવ્યાં છે, છતાં દુઃખથી ડર્યા નથી. હિંમત હારી ગયા નથી. ધીરજ રાખીને સત્સંગ કરેલ છે.

પીઠવડીનાં પરમ ભક્ત હતાં. નામ હતું રૂકમાઇબાઇ. નિયમ ધર્મનું બરાબર પાલન કરે. પોતે સત્સંગ કરે ને બીજાને કરાવે. દીકરી માવતરને ઘેર કેટલા દિવસ હોય? માતાએ દીકરીનાં હળિયાદમાં કલ્યાણભાઇ સાથે લગ્ન કર્યાં. સાસરા પક્ષમાં બીલકુલ સત્સંગ નહિ. નિયમધર્મનું કોઇ પાલન કરે નહિ. પાણી ગાળીને વાપરે નહિ. સવારે પૂજા પાઠ કાંઇ કરે નહિ. એકાદશીનું વ્રત કરે નહિ. સાવ નાસ્તિક જેવાં હતાં.

રૂકમાઇબાઇને તેમની રીતભાત જરાય ગમે નહિ. સત્સંગની વાત કરે તો વાતને ઉડાડી દે. "અમને સત્સંગ કરવો ગમે નહિ. અમે ભગવાનને માનતા નથી!" સત્સંગ તો ભાગ્યશાળી હોય તે જ કરી શકે છે. સાસુ, નણંદ અને પતિ બહુ જ કનડગત કરે છે. રોટલા ઉપર ડુંગળી ઘસી જાય તો રૂકમાઇબાઇ છાસ ને દૂધ પી લે પણ કોઇને કાંઇ પણ કહે નહિ. પીવાના પાણીમાં, છાશમાં અને દૂધમાં અણગાળેલ પાણી નાખી દે. ડુંગળી, લસણ અને હીંગ વિગેરે તામસી પદાર્થ નાખી દે. ઉપવાસ થઇ જાય પણ રૂકમાઈબાઇ જમે નહિ. હિંમત રાખી દિવસ પસાર કરે છે.

અંતરમાં શ્રી હરિનું સ્મરણ ચાલુ છે. સ્વામિનારાયણ, શ્રી સ્વામિનારાયણ. માછલું પાણી વિના રહી ન શકે તેમ સાચા ભક્તજન ભગવાન વિના રહી ન શકે. માછલાનું જીવન જળ છે. ભક્તનું જીવન ભગવાન છે. ડાળ અને પાંદડાં ઊંચાં રહે છે તેમ સાચા ભક્તજન જગતનો વ્યવહાર ઉપર ઉપરથી કરતા હોય છે પણ તેમનું મન તો ભગવાનમાં જ ચોટેલું હોય છે. જેમ ઝાડનું મૂળ જમીનમાં રહે છે તેમ ભક્તજનનું

મૂળ ભગવાનની ભક્તિમાં જ રહે છે.

**ઘરમાં દરરોજ સાફ સુફ કરવી પડે તેમ**
**મનને સદવિચારથી સાફ કરવું પડે છે.**

રૂકમાઈબાઈનું ક્યારેક હૈયું દુઃખથી ભરાઈ આવે છે ત્યારે સાડીના ઘુંઘટમાં આંસુ સારી લે પણ ઘરની વાત બહાર કોઈને કહે નહિ. એક દિવસ તેના પતિએ પૂજા સંતાડી દીધી. માળા તોડી નાખી અને મન ફાવે તેમ મારકૂટ કરે. બહુ હેરાન કરે છે. દુઃખનો કોઈ પાર નથી છતાં બધું સહન કરે છે અને ઘરનું કામ શાંતિથી કરે. ઘરમાં કોઈ પ્રેમભાવથી બોલાવતાં નથી. સૌ કોઈ તિરસ્કાર કરે છે.

એક વખત રૂકમાઈબાઈને મારી કૂટીને ભૂખ્યાં તરસ્યાં ઘરમાં પૂરી દીધાં. "જોઈ લઈશ, હવે તારો ભગવાન શું કરે છે! અમારું માનતી નથી. મન ફાવે તેમ કરે છે." સાત દિવસ થયા કોઈએ પાણી કે ભોજન આપ્યું નથી. દુઃખનો કોઈ પાર નથી. વિચાર કરો, પાણી વિના કેમ દિવસ પસાર કર્યા હશે? રડતાં રડતાં શ્રી હરિને યાદ કરે છે. "તમને મળ્યા વિના મારી પીડા મટશે નહિ." ઓરડામાં બેઠાં બેઠાં કીર્તન ગાય છે.

**રંગીલાકાન છેટે રહેવું વારી નવ ઘટે,**
**રંગીલાકાન મળ્યા વિના તે પીડા નવ મટે ।**
**રંગીલાકાન બ્રહ્માનંદની અરજી તે સાંભળો,**
**રંગીલાકાન આવી એકાન્તે મુજને મળો ॥**

"હે પ્રભુ! મારી અરજી સાંભળો. એકાંતે મુજને મળો ને મારું દુઃખ દૂર કરો!" અંતરની પ્રાર્થના સાંભળી પ્રભુ મદદમાં આવી ગયા. મધ્ય રાત્રે ઘરમાં શ્વેત પ્રકાશ છવાઈ ગયો. પ્રકાશ મધ્યે દિવ્યસ્વરૂપે શ્રીજીમહારાજ પ્રગટ થયા.

રૂકમાઈબાઈ પ્રભુના ચરણમાં મસ્તક મૂકી ચરણને આંસુથી પલાળી દીધાં. શ્રીજી મહારાજે પોતાનો હસ્તકમળ બાઈના મસ્તક ઉપર પધરાવ્યો. શ્રીજીમહારાજ કહે છે, "રૂકમાઈબાઈ, ધન્ય છે તમારી ભક્તિને અને ધીરજ શક્તિને. હું તમારી સાથે જ છું. તમે જરાય ચિંતા ન કરશો. ધીરજ રાખો. બધું સારું થઈ જશે. તમારી શી ઈચ્છા છે?" "મહારાજ, મને તમારા ચરણમાં રાખો અને કુસંગીથી બચાવો. મને ગઢપુરમાં જીવુબા અને લાડુબા સાથે રહેવું છે. આ જગતની ઝંઝટ ગમતી નથી."

શ્રીજીમહારાજ કહે છે, "આજથી તમારું દુઃખ દૂર થઈ જશે. આંખ બંધ કરી અમારું ધ્યાન કરો." જ્યાં આંખ બંધ કરી ત્યાં ભગવાને પોતાની યોગશક્તિથી ગઢપુરમાં



પહોંચાડી દીધાં. જ્યાં આંખ ખોલી ત્યાં ગઢપુર દાદાખાચરનો દરબાર દેખાયો. આશ્ચર્યનો કોઈ પાર ન રહ્યો. "હે મહારાજ! તમે મારી ખરી વેળાએ રક્ષા કરી. તમારી દયાનો કોઈ પાર નથી."

બીજે દિવસે રૂકમાઈબાઈના પતિએ ઓરડો ખોલ્યો તો અંદર કોઈ નથી! શોધતાં શોધતાં ગઢપુર આવ્યાં. ત્યાં પ્રભુએ તેમનાં બધાનાં અંતઃકરણ ફેરવી દીધાં. તેથી પ્રભુને પગે લાગ્યાં. "હે મહારાજ! હવે તમે રૂકમાઈબાઈને હળીયાદ મોકલો. અમે જરાય દુઃખી નહિ કરીએ. નિયમ ધર્મનું પાલન કરશું ને સત્સંગ કરશું." શ્રીજી મહારાજે કહ્યું, "રૂકમાઈબાઈ, તમે તમારા ઘેર સુખેથી જાઓ. સત્સંગનું બળ રાખીને સૌને સત્સંગ કરાવજો. પ્રભુનું સ્મરણ કરતાં કરતાં રસોઈ બનાવજો. તે રસોઈ જે જમશે તેનાં અંતઃકરણ પવિત્ર થશે અને પ્રભુની ભક્તિ કરશે. તમને હેરાન નહિ કરે. એવા શુભ આશીર્વાદ આપીએ છીએ."

રૂકમાઈબાઈ ઘરે ગયાં. ધીરે ધીરે આખા ગામમાં સત્સંગ વધવા લાગ્યો. સાથે બેસીને સૌ સત્સંગ કરે ને બીજાને કરાવે છે. આખું ગામ સત્સંગી થઈ ગયું. આ છે સત્સંગ અને ધીરજનો પ્રતાપ. ધીરજ રાખવાથી સંકટ દૂર થાય છે અને સુખ શાંતિ અનુભવી શકાય છે. જગતના જીવને સતત પૈસા, પુત્ર પરિવાર અને માયાનું રાત દિવસ સ્મરણ રહે છે. મોક્ષભાગી જીવાત્માને રાત દિવસ સતત પ્રભુનું સ્મરણ રહે છે. આ કથા હારેલાને હિંમત આપે છે. હિંમત રાખો.

**આ લોક અને પરલોકમાં સદા સુખિયો કોણ રહે છે?**

તેનો ઉપાય શ્રીજીમહારાજ વચનામૃતમાં સમજાવે છે. એક દઢ વૈરાગ્ય હોય ને બીજો દઢ સ્વધર્મ હોય, ઈન્દ્રિયો જીતીને વશ કરી હોય, ભગવાનની ભક્તિને વિષે અતિશય પ્રીતિ હોય, ભગવાનના ભક્તને વિષે મિત્રભાવ વર્તતો હોય, ભગવાનના ભક્ત થકી ઉદાસ થાય નહિ, ભગવાનના ભક્તને સંગે રાજી રહે, કોઈ વિમુખ જીવની સોબત ગમે નહિ, એવાં જેનાં લક્ષણ હોય તે આ લોકને વિષે અને પરલોકને વિષે સદાય સુખિયો રહે છે. ગ. મ. ૮.

**માટે ભક્ત એ ભૂલા પડ્યા, નથી ભૂલા પડ્યા ભગવાન ।**
**જેહ જેવી ભક્તિ કરે, તેવું ફળ પામે નિદાન ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, જેહ જેવી ભક્તિ કરે છે તેવું ફળ તેને મળે છે. ઊંધી બુધ્ધિ વાળાને સીધી સવળી વાત સમજાતી નથી. જેની ઊંધી બુધ્ધિ છે તેવા પાપી

માણસ એમ કહે છે કે ભગવાને મારો દાટ વાળી નાખ્યો. ઘરમાં બીમારી આવે કે કોઇનું મૃત્યુ થઇ જાય તો ભગવાન ઉપર દોષ નાખે. વાત સમજી રાખજો! ભગવાન કોઇનું બગાડતા નથી. પ્રભુ સૌ જીવપ્રાણી માત્રના હિતકારી છે. સારા સારા ભક્તજન પણ આવું બોલતા હોય છે. ભગવાને મને દુઃખી કરી નાખ્યો. ભગવાન કોઇને હેરાન કરતા નથી, છતાં ઊંધી બુધ્ધિવાળા ભગવાનનો દોષ કાઢે છે. આ આપણી ભૂલ છે. ટાળવી જોઇશે.

આવું બોલતા હશો ત્યારે ભગવાનને કેવું દુઃખ લાગતું હશે? વિચાર કરો! આપણે કોઇનું કાંઇ બગાડ્યું ન હોય અને છતાં તમને કહે કે તમે મારું બગાડ્યું, મને હેરાન કરી નાખ્યો ત્યારે તમને કેવું માઠું લાગે છે? તો ભગવાનને કેવું માઠું લાગતું હશે? માટે વિચારીને બોલો.

**વાવિયે બીજ વળી વિષનું, કરિયે અમૃતફળની આશ ।**
**એહ વાત નથી નિપજવી, તેહનો તે કરવો તપાસ ॥**

વાવીએ બાવળીયાનાં બીજ અને આશા રાખીએ કે મને સુંદર મઝાની કેશર કેરી મળશે. કેરી નહિ મળે. કાંટા વાગશે. એટલે રાત દિવસ પાપ કરીએ, સંતો અને ભક્તોનો દ્રોહ કરીએ અને આશા રાખીએ, મને મહા સુખ પ્રાપ્ત થશે... સુખ નહિ મળે. જમપુરીમાં બરાબર જેવા ધોકા ખાવા પડશે. સુખ જોઇએ છીએ અને સુખનું સાધન કરવું નથી તે કેમ બનશે? સ્વામી દષ્ટાંત આપે છે.

લાકડાના ભૂસાના લાડવા કરે અને આશા રાખે મને બુંદીના લાડવા જેવો સ્વાદ મળશે, તે મૂર્ખ છે. સ્વામી કહે છે, ખોટી મૂર્ખાઇ ન કરો. સીધા સરળ થઇને પ્રભુની આજ્ઞાનું પાલન કરો.

**ભૂત ભવિષ્ય વર્તમાનમાંયે, વળી વિચારવી એહ વાત ।**
**ભક્તિ કરી મો'રે ભગતે, તેવી કરવી વિખ્યાત ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, દાદાખાચર, પર્વતભાઇ, ડાહ્યાભક્ત, જનકરાજા, પ્રહ્લાદજી અને ધ્રુવજી જેવા સાચા ભક્ત થાવ. નાની વયમાં પોતાનું કાર્ય સિધ્ધ કર્યું. ધન્ય છે એવા સાચા નિષ્ઠાર્થી ભક્તજનને.

**માટે સાચા થઇ સહુ મંડો, ખોટ્ય ખંખેરી કાઢો ખરી ।**
**નિષ્કુલાનંદ કહે નાથજી, રિઝશે તો શ્રીહરિ ॥**

જે કાંઇ જીવનમાં હરિ ભજવાના માર્ગમાં ખોટ હોય તે ખંખેરીને કાઢી નાખો.



કાંઇ ખોટ છે? કામ, ક્રોધ, લોભ, કપટ, માન, ઈર્ષ્યા અને મત્સર એટલાં વાનાં રહિત થઇને ભગવાનની ભક્તિ કરે તેના ઉપર ભગવાન રાજી થાય છે. ભક્તિનું આનંદનું અમૃત ઝરણું શાશ્વત છે. આઠે પહોર જેના અંતરમાં આનંદ ભર્યો હોય તેવા ભક્તની સાથે ભગવાન રમે છે, જમે છે ને મદદ કરવા દોડી આવે છે. શ્રીહરિ કહે છે, અમારો આશરો રાખશો તો અમે તમને ઉગારી લેશું ને અમારા ધામમાં તેડી જાશું. ગમે તેવા સંકલ્પના તરંગો ઊઠે તેને યુક્તિ કરીને જીતી લે તે સાચા ભક્ત કહેવાય. સંકલ્પનો હઠાવ્યો હઠી જાય નહિ, હિંમત રાખીને અંતરશત્રુથી લડતો રહે તો ભગવાન એના ઉપર કૃપા દૃષ્ટિ કરે છે.

## સત્યવાદી હરિશ્ચંદ્ર રાજા.

**જુવો હરિભક્ત થયા હરિશ્ચંદ્રજી, જેનું સત્ય જોઇ અકળાણો ઇંદ્રજી ।**
**ત્યારે ગયો વિષ્ણુની પાસે પુરંદરજી, જઇ કહી વાત મારૂં ગયું મંદરજી**

અયોધ્યા નગરીના સત્યવાદી હરિશ્ચંદ્ર રાજા રાજ્ય કરતા હતા. સત્ય સ્વરૂપ પ્રભુનું ધ્યાન કરતા અને સત્યનું યથાર્થ પાલન કરતા. સત્યમાં જ સર્વ સુખ રહ્યું છે. સ્વધર્મનું મુખ્ય અંગ સત્ય છે. સત્ય પરમાત્માનો ભેટો કરાવનાર છે. સત્યમય ભગવદ પરાયણ એમનું જીવન હતું.

એક દિવસ સ્વર્ગલોકનો રાજા ઈન્દ્ર રત્ન સિંહાસનમાં બેઠા છે. તે સભામાં તેત્રીસ કરોડ દેવતાઓ અને અઠયાસી હજાર ઋષિઓ બેઠા છે. ઈન્દ્રરાજાએ પૂછ્યું, ‘‘આ જગતની અંદર કોઇ સત્યવાદી હશે?’’ ત્યારે વશિષ્ઠ ઋષિએ કહ્યું, ‘‘વિશ્વ સત્યને આધારે ટકી રહ્યું છે. દુનિયામાં સત્યના પાલક હોય જ. અયોધ્યા નગરીના હરિશ્ચંદ્ર રાજા તે પરમ સત્યવાદી છે. એના જેવો કોઇ સત્યવાદી રાજા નથી. એના શ્વાસો શ્વાસમાં સત્ય ભર્યું છે. કોઇ દિવસ કોઇ પણ કાર્ય અસત્ય કરતા જ નથી. અસત્ય બોલતા નથી. સત્ય એજ એમનું જીવન છે.’’

આવું સાંભળીને ઈન્દ્ર રાજાને બીક લાગી. મારા કરતા હરિશ્ચંદ્ર રાજાનું પુણ્ય વધી જશે તો કદાચ મારી સત્તા લઇ લેશે તો?! મારી ઈન્દ્ર પદવી ત્રિલોકીનું સ્થાન ખાલી કરવું પડે. સત્તા દીધી કેમ પોસાય? સત્તા દેવાની વાત આવે ત્યારે ભલભલાને ધ્રુજારી છૂટે છે. ઈન્દ્રરાજા અકળાઈ ગયો. હવે શું કરવું? અનેક મંત્રી, તંત્રી દીવાન વિગેરેની સલાહ લીધી. બધાએ કહ્યું, ‘‘તમે ભગવાન પાસે જાવ. એ રસ્તો બતાવશે. સાચી સલાહ આપશે.’’ ઈન્દ્ર રાજા ભગવાન પાસે આવ્યો. પગે લાગીને વાત કરી.

**મારું તો ઘર ગયું, આજ કાલ લેશે અવધપતિ ।**
**એનું સત્યધર્મ નિ'મ જોઇને, હુંતો અકળાણો અતિ ॥**
**એને દાને કરી ડોલિયું, મારું અચળ ઇંદ્રાસન ।**
**માટે રાખો કહું મુજને, હું આવ્યો શરણે ભગવન ॥**

"હે પ્રભુ! મારું રાજ્ય ઝુંટવાઇ જશે. અવધના પતિ રાજા હરિશ્ચંદ્રના સત્યના અને તપના પુણ્યથી મારું ઈન્દ્રાસન ડોલવા લાગ્યું છે. મને રાત દિવસ ચિંતા થાય છે. દયા કરો. મારી સત્તા હેમખેમ રહે તેવું કાંઇક કરો!" સ્મિત હાસ્ય કરતા પ્રભુ બોલ્યા, "તું શા માટે ચિંતા કરે છે?

**ત્યારે વિષ્ણુ એમ બોલિયા, તું બેસ સ્થાનક તાહરે ।**
**નથી દેવું ઇંદ્રાસન એને, એને રાખવો છે ધામ માહરે ॥**

"હરિશ્ચંદ્ર રાજાને ઇંદ્રાસનની કોઇ ઈચ્છા નથી. સ્વર્ગલોકની કાંઇ અપેક્ષા નથી. એને સ્વર્ગનું રાજય મારે નથી આપવું પણ એને તો મારા અક્ષરધામનું રાજ્ય આપવું છે. તું શા માટે ગભરાય છે? તારી સત્તા માટે તે ભૂખ્યા નથી." ઇંદ્રરાજાને શાંતિ થઇ. હવે મારું રાજ્ય સલામત રહેશે. પાછા સ્વર્ગલોકમાં આવ્યા.

ભગવાને વિશ્વામિત્ર ઋષિને કહ્યું, "હરિશ્ચંદ્ર રાજા પરમ સત્યવાદી છે. ધર્મનિષ્ઠા મજબુત છે. સત્યસ્વરૂપ પરમાત્માના પરમ ઉપાસક છે. તેની અચળ નિષ્ઠાને હું બરાબર જાણું છું પણ બીજાને કેમ ખબર પડે કે હરિશ્ચંદ્ર રાજા કેવા ધીરજશાળી છે, સત્ય ટેક રાખનારા છે? તેની થોડીક કસોટી કરવાની છે. તો તમે જાવ અને પરીક્ષા કરો."

**ત્યારે વિશ્વામિત્ર કહે વિષ્ણુને, એમાં લાગે મને અપરાધ ।**
**ત્યારે વિષ્ણુ કહે મારે વચને, નથી તમને કાંઇ બાધ ॥**
**જેણે વસિષ્ઠસુત સો સંહાર્યા, એવા છે દિલના દયાળ ।**
**તેને એ કામ કઠણ નથી, ઉઠી ચાલિયા તતકાળ ॥**

વિશ્વામિત્ર કહે છે, "હું પરીક્ષા લેવા જાઉં, કસોટી કરું તો મને અપરાધ લાગશે તો ?" પ્રભુએ કહ્યું, "મારા વચનથી જાશો તો અપરાધ નહિ લાગે." ભગવાન સમજે છે કે વશિષ્ઠ ઋષિના સો પુત્રને મારી નાખ્યા ત્યારે દયા ક્યાં ગઇ હતી. સાવ નિર્દય હૃદયના છે. વિશ્વામિત્ર ઋષિએ સો પુત્રોને મારી નાખ્યા તેની સંક્ષિપ્તમાં કથા સાંભળો...

વિશ્વામિત્ર મૂળ ક્ષત્રિય હતા. તેણે ખૂબ તપ કર્યું. તપનો અહંકાર આવ્યો. મારા



જેવો કોઇ તપસ્વી નથી. વિશ્વામિત્ર ઋષિ વશિષ્ઠ ઋષિના આશ્રમમાં આવે ત્યારે વશિષ્ઠજી મીઠો આવકાર આપે. "રાજર્ષિ પધારો, પધારો." રાજર્ષિ કહે તે સંબોધન વિશ્વામિત્રને ગમે નહિ. રજોગુણી અને તમોગુણી પ્રકૃતિ હોય તેને રાજર્ષિ કહેવાય. હું તો બ્રહ્મનિષ્ઠ ઉત્તમ સંત છું. તપસ્વી છું ને મને રાજર્ષિ શા માટે કહે છે?! વિશ્વામિત્રને પોતાના વખાણ બહુ ગમે. વખાણે તો રાજી રાજી થઇ જાય. મને બ્રહ્મર્ષિ શા માટે નથી કહેતા?

**સ્વભાવ ટાળવા અને મોહને મારવાનો આ ગ્રંથ છે.**

ઈર્ષ્યા અને અભાવને લીધે વશિષ્ઠજીના સો પુત્રોને વિશ્વામિત્રે મારી નાખ્યા તો પણ સંતોષ થયો નહિ. અહંકાર તેજ થયો. વધી ગયો. વશિષ્ઠજીને મારી નાખીશ. એ એના મનમાં શું સમજે છે? મને બ્રહ્મર્ષિ શા માટે નથી કહેતા? ક્રોધ કાબુમાં ન રહ્યો. વિશ્વામિત્ર રાત્રે વશિષ્ઠજીના આશ્રમમાં આવ્યા. આશ્રમની વાંસે સંતાઇને ઊભા રહ્યા. લાગ મળે તો પતાવી નાખું. પૂર્ણિમાની અજવાળી રાત્રી હતી. આકાશમાં ચંદ્રમા સોળે કળાએ ખીલી રહ્યા છે. અરૂન્ધતી અને વશિષ્ઠજી બન્ને દંપતી આશ્રમમાં બેઠાં છે.

અરૂન્ધતી કહે છે, "પતિદેવ! આજે આકાશમાં ચંદ્રમા કેવા ખીલી રહ્યા છે આવું તપ જગતમાં કોનું હશે ?" એટલે વશિષ્ઠજી બોલ્યા, "આ દુનિયામાં વિશ્વામિત્રજી જેવું કોઇનું તપ નથી. વિશ્વામિત્રનું તપ ચંદ્રમા જેવું ખીલી રહ્યું છે. એનું તપ અજોડ અને અલૌકિક છે. ભારે તપસ્વી અને દિવ્ય ઋષિ છે. ધન્ય છે એના તપની શક્તિને." સંતાઇ બેઠેલા વિશ્વામિત્રે આ શબ્દો સાંભળ્યા અને અંતરમાં ઠંડક વળી. મારી ગેરહાજરીમાં કેવા વખાણ કરે છે. મારા તપને પૂનમના ચંદ્ર સમાન ગણે છે.

**મહાન થવું હોય તો ધીરજને ધારણ કરો.**

ધિક્કાર છે મને કે મેં તેના સો પુત્રોને મારી નાખ્યા છતાં તે મારા વખાણ કરે છે. દોડતા આવ્યા અને વશિષ્ઠજીના પગમાં પડ્યા. "મને માફ કરો બાપજી! મેં બહુ મોટું પાપ કર્યું છે. વગર વાંકે તમારા દીકરાઓને મારી નાખ્યા છતાં તમે ધીરજ રાખી. મારી પ્રશંસા કરો છો. મારા તપને બીરદાવો છો." વિશ્વામિત્ર પાપનો પસ્તાવો કરતાં રડે છે. ત્યારે વશિષ્ઠજીએ કહ્યું, "બ્રહ્મર્ષિ, તમે રડો નહિ. તમારામાં હવે બ્રાહ્મણપણાનો ગુણ અને નમ્રતા આવી છે. તેથી બ્રહ્મર્ષિ કહીને બોલાવ્યા." ત્યારે વિશ્વામિત્ર રાજી થયા. "પહેલેથી જ મને બ્રહ્મર્ષિ કહ્યા હોત તો તમારા દીકરાને મારી નાખ્યા ન હોત. હવે કેમ બ્રહ્મર્ષિ કહ્યા?" ત્યારે વશિષ્ઠજીએ કહ્યું, "પહેલાં તમારામાં અહંકાર અને

ક્રોધ વિગેરે દોષ હતા. અત્યારે તે દોષ નીકળી ગયા છે તેથી મેં બ્રહ્મર્ષિ કહીને બોલાવ્યા. ગુણ વિનાના વખાણ કરે તે ગાંડો ગણાય છે.''

**અવધપુરિયે આવિયા, હરિશ્ચંદ્ર રાયને ઘેર,**
**નિષ્કુલાનંદ હરિશ્ચદ્રે પછી, પૂજા કરી બહુપેર ॥**

વિશ્વામિત્ર ઋષિ અયોધ્યામાં હરિશ્ચંદ્ર રાજાના રાજમહેલમાં આવ્યા. રાજાએ ખૂબ સન્માન કર્યું. ''આપ પધાર્યા તે બહુ સારું થયું. રાજમહેલ પાવન થયો.'' પુષ્પનો હાર પહેરાવી સત્કાર કર્યો. ''આજ્ઞા કરો, અમે શું સેવા કરીએ? જે જોઈએ તે માગો. આપની શી ઈચ્છા છે?''

**માગો કાંઇક મુજ પાસથી, તેહ આપું તમને આજ ।**
**ત્યારે મુનિ બોલિયા, આપ્ય તારૂં સર્વે રાજ ॥**
**પૂછ રાણી કુંવર તારાને, સહુ હોય રાજી રળિયાત ।**
**તો મેં જે માગ્યું તે આપજ્યે, નહિ તો ન કર્ય મુખથી વાત ॥**

''રાજન્, મને તારું સર્વે રાજપાટ, ધન, સંપત્તિ, તમામ મિલ્કત મને આપી દે. તારા પુત્રને અને પત્ની તારામતીને પૂછી જો. તે શું કહે છે? તેની રજા લઇ આવ.'' હરિશ્ચંદ્ર રાજાએ પુત્ર રોહિત કુમાર અને તારામતીને પૂછ્યું, ''વિશ્વામિત્ર ઋષિ સમગ્ર રાજપાટ માગે છે. તો આપણે શું કરશું?'' તેઓએ કહ્યું, ''ખુશીથી આપી દો. અમે રાજી છીએ.'' વિશ્વામિત્ર બોલ્યા, ''હજુ બરાબર વિચારી લેજો. ઉતાવળ ન કરશો. હું પહેલેથી ચેતવી દઉં છું. અર્પણ કર્યા પછી બહુ દુઃખી થાશો ને રાંકની જેમ રખડશો.

**રાજ્ય દઇને રાંક થાશો, નહિ મળે અંબર અન્ન આહાર ।**
**અળતોળ્યું દુઃખ આવશે, નહિ રહે સત્ય કરો વિચાર ॥**

ખાવા પીવા પહેરવા ઓઢવા કાંઇ નહિ મળે. અણ તોળ્યું, માપ વિનાનું દુઃખ આવશે. તમારું સત્ય નહિ ટકે. મુશ્કેલી પડશે. સત્ય નહિ ટકાવી શકો. રાજા બોલ્યા, ''એક વખત અમે તમને કહી દીધું. તમામ સંપત્તિ, રાજપાટ તમને અર્પણ કરીએ છીએ. વચન આપી ફરી જવાય નહિ.'' વિશ્વામિત્ર બોલ્યા, ''તમારું સમગ્ર રાજ્ય મેં સ્વીકારી લીધું પણ દક્ષિણા બાકી છે. દક્ષિણા આપો એટલે દાન પુરુ આપ્યું ગણાશે.'' રાજાએ કહ્યું, ''રાજ્ય સંપત્તિ તમને આપી દીધી તે બધી દક્ષિણા જ છે ને!'' ''ના, એ નહિ ચાલે. જલદી દક્ષિણા આપી દો. સવા મણ સોનું જોઈએ છીએ.''



**રાજ્ય સાજ સમૃદ્ધિ મારી, એથી બા'ર હોય કાંય તુજતણું ।**
**આપ્ય તે ઉતાવળું, એમ ઘાંઘો કીધો ઘણું ॥**

ત્યારે રાજાએ કહ્યું, ''તમે ચિંતા ન કરો. મારા રાણીનાં શરીર પર ઘણાં બધાં સોનાનાં દાગીના છે. તે આપું છું.'' હરિશ્ચંદ્રરાજાએ રાણીને કહ્યું, ''દેવી, તમારાં તમામ દાગીના ઋષિ મહારાજને આપી દો.'' રાણીસાહેબ પોતાના ગળામાંથી હાર ઉતારીને આપ્યો. ''લ્યો, આ દક્ષિણા.'' વિશ્વામિત્ર ખીજાઇને બોલ્યા, ''એ દાગીના તો રાજ્યના જ ગણાય. તમે મને રાજ્ય અર્પણ કર્યું તેમાં તમામ માલ મિલ્કત આવી જાય છે. તમામ હીરા માણેક સોનાનાં દાગીના મને આપી દો. એ સિવાય તમારી પાસે બીજું કાંઇ હોય તે મને દક્ષિણામાં આપો.''

**ત્યારે રાય કહે આ રાજ્યમાં તો, અમારું નથી અણુંભાર ।**
**કુંવર રાણી આ દેહ મારું, એછે દીધા થકી બા'ર ॥**

હરિશ્ચંદ્ર રાજા હાથ જોડી કહે છે, ''હે ઋષિરાજ! સાચી વાત છે. રાજ્યની માલ મિલ્કતમાં હવે અમારો કાંઇ હક ન કહેવાય. બધુંજ તમારું છે પણ અમારા ત્રણ જણાનાં શરીરરૂપી સંપત્તિ એક બાકી છે. તે તમને દક્ષિણા પેટે આપી દઈએ છીએ.'' વિશ્વામિત્ર બોલ્યા, ''તમારા શરીરને હું શું કરું?! મારે તો દક્ષિણા જોઈએ છે. કાંઈ વાંધો નહિ. તમને ત્રણને કાશીની બજારમાં વેચીશ ને જે પૈસા મળશે તે દક્ષિણા માની લઈશ. જલદી જાવ કાશી નગરીમાં. હું રૂબરૂ આવીશ અને તમને વેંચી દઇશ.''

**વિશ્વામિત્ર કહે વિતશે એકમાસજી, ત્યારે હું આવીશ તમારી પાસજી ।**
**ત્યાં સુધી કરજો કાશીમાંહી વાસજી, પછી હું વેચીશ કરી તપાસજી ॥**

રાજા, રાણી અને રોહિતકુમાર ત્રણ જણ ધીરજ રાખીને ચાલતાં કાશીએ જાય છે. નગરની પ્રજા હૃદયફાટ રૂદન કરે છે. ''અમે તમારા સાથે ચાલશું.'' રાજા ધીરજ આપી કહે છે, ''તમે રડો નહિ... ધીરજ રાખો. ભગવાન બધું સારું કરશે.'' વિચારવા જેવી કથા છે.

**રાજા રાણી કુંવરનાં છે, અતિ કોમળ અંગ ।**
**સોસો સેવા જેની કરતા, નથી તેને સેવક એક સંગ ॥**
**કાંટા કાંકરા આકરા અતિ, ખાડા ખડિયા ઠેશું ઠબકે ।**
**ગોખરું રભ્રંઠ ડાભ શુળીયાં, લાગે પગમાં લોહી ટબકે ॥**

સો સો માણસો જેની સેવામાં હાજર રહેતા. આજે એક પણ માણસ સેવામાં સાથે નથી. કાંટા, કાંકરા, ગોખરું પગમાં વાગે. લોહીની ટસરો ફૂટે. ચલાતું નથી છતાં પ્રભુનું સ્મરણ કરતાં ચાલ્યાં જાય છે. ખાધા પીધા વિનાના ચક્કર આવે, આંખે અંધારાં આવી જાય. લડથડીયાં ખાતા પૃથ્વી ઉપર પડી જાય. વૃક્ષ આવે ત્યાં થોડોક વિસામો કરે. ઘોર જંગલ છે. મન મજબૂત કરીને ચાલ્યા જાય છે. અયોધ્યાથી કાશીનગરી આસરે ૨૦૦ કીલો મીટર દૂર થાય. સહ્યાં ન જાય શરીરમાંહે, એવાં બીજાં કષ્ટ આવે બહુ, તોય દુઃખી ન માને દિલમાં, એવાં શ્રધ્ધાવાળા છે સહુ. દુઃખની કોઈ સીમા નથી. નિષ્કુળાનંદસ્વામી કહે છે, ધન્ય છે તેમની ધીરજને. ધન્ય છે તેમની સત્યની ટેકને.

**રાગ સિંધુ–**

**સત્યવાદી સંત સંકટને સહે, રહે ધીર ગંભીર નીરનિધિ જેવા ।**
**આપે અમાપે તાપે તપે નહિ કેદી, અડગ પગ મગે પરઠે એવા; સત્ય.**

સત્યવાદી સંત હોય તે રહે ધીર ગંભીર, નીરનિધિ જેવા. ગમે તેવાં દુઃખ આવે. સંકલ્પના તરંગ ઉઠે તેને યુક્તિ કરીને જીતી લે છે. હિંમત રાખીને દુઃખ સામે લડતો રહે છે. ચલાયમાન થતા નથી. રણમાં શૂરો ટુક ટુક થઈ જાય પણ પાછો ન પડે. અને સતી અગ્નિની જવાળા જોઇને પાછી ન વળે. સતી, શૂરો અને સંત દેહ સામુ જોયા વિના કુરબાની આપે છે.

**અતિ પ્રસન્નવદન નિશદિન રહે, ધન્ય ધન્ય જન પાવન સરે ।**
**જગજીવન સ્વજન વિઘન હરે, તેહ વિના ભજન મન નવ કરે; સત્ય.**

દુઃખમાં માણસ લથડતો હોય અને ધીરજાખ્યાન શાસ્ત્ર રૂપી લાકડી હાથમાં રાખશે, મગજમાં રાખશે તે ટેકો થશે. પડી જવાશે નહિ. હૈયામાં હિંમત આવશે. નિષ્કુળાનંદ જગવંદ સહજાનંદનો અચળ આશરો રાખીને ભજો નારાયણ સુખકંદ.

**ત્યાર પછી ત્રણે ચાલી ભૂલ્યાં વાટજી, આગળ આવ્યું ઉજ્જડ નડેડાટજી**
**નાવ્યું નીર નદી કોઇ વાટ ઘાટજી, તોય મને નથી કરતાં ઉચ્ચાટજી**

સત્યની ટેક રાખવા માટે અગણિત કષ્ટને સહન કરે છે. રસ્તો ભૂલી ગયા છતાં ધીરજ રાખી ઉજ્જડ વનમાં ચાલ્યાં જાય છે. વાઘ, વરુ, વાનર આદિક હિંસક પ્રાણીઓ ફરે છે. પાડે પશુ પંખી બુમરાણ. ભયંકર જંગલી જનાવરો બૂમો પાડે છે. ભલભલા ધ્રૂજી જાય. ત્રણે જણ ચકરી ખાઈ પૃથ્વી પર પડી જાય. વળી સુરતા આવે ત્યારે ધીરે ધીરે પગ ધરી ચાલતાં. આવી નદી પીધું નીર, નિષ્કુળાનંદ ત્યાં માર્ગ મળ્યો, પછી



ચાલ્યાં ત્રણે સુધીર.

**સાંજ પડે સહુ સામટાં મળી, વળી વાત કરે ધીરજની ।**
**સ્મરણ કરતાં શ્રીહરિનું, એમ નિગમે છે રજની ॥**

સાંજ પડે વિસામો લેવા બેસે. ત્યારે ધીરજ રાખીને સ્મરણ કરતાં શ્રી હરિનું, એમ વિતે છે રજની. આખી રાત પ્રભુનું સ્મરણ કરે. શ્રીજીમહારાજ વચનામૃતમાં ધીરજ રાખવાની વાત કરતાં કહે છે, જેમ જેમ આપણને કસણીમાં રાખે તેમ તેમ વધુ રાજી થવું જોઇએ જે ભગવાન જેમ જેમ મને વધુ દુઃખ દેશે તેમ તેમ વધુ મારે વશ થશે. અને પલ માત્ર મારાથી છેટે નહિ રહે. એવું સમજીને જેમ જેમ ભગવાન અતિ કસણી દેતા જાય તેમ તેમ અતિ રાજી થવું. પણ કોઈ રીતે દુઃખ દેખીને અથવા દેહના સુખ સારું પાછો પગ ભરવો નહિ. ગ. પ્ર. ૬૧... આપણા અંતરમાંથી શું જવાબ આવે છે? કરો તપાસ !

**પરમેશ્વરમાં વૃતિ ન રહે તે પરમેશ્વરનો ભક્ત નહિ.**

કસણી આવે ત્યારે આપણે રાજી થઈએ છીએ કે ભગવાન ઉપર ઢોળી નાખીએ છીએ? ભગવાને મને દુઃખી કરી નાખ્યો. નિષ્કુળાનંદસ્વામી કહે છે, હિંમત રાખો... બધા દિવસો સરખા ન હોય.

**તોય ટેક તજતાં નથી, કથી નથી કે'વાતી એની ધીર ।**
**ઓછપ ન આણે અંતરે, સુખ દુઃખ ન માને શરીર ॥**

સત્યને ટકાવવા માટે દેહના દુઃખની પરવા કરતા નથી. ભગવાનને રાજી કરવા રાજાઓ સંસારનાં સુખ છોડ્યાં છે. રાજપાટ, પુત્ર, પરિવાર છોડીને પ્રભુની ભક્તિ કરીને પ્રભુને પ્રસન્ન કર્યા છે. આપણે ભગવાન માટે ક્યાં રાજપાટ મૂક્યાં છે? થોડી ઝાઝી ઝંઝટ મૂકીએ તો પણ સારું છે. જેટલો સમય ભગવાનનાં ભજન, કીર્તનમાં, કથાવાર્તામાં, સત્સંગસમૈયામાં વિતાવીએ તેટલો વખતતો માયાનું સ્મરણ છૂટે.

**શરીરને પંપાળ્યા રાખશો તો ભજન થવાનું નથી.**

દૈહિક સુખ છે તે ભગવાનના માર્ગમાં આપણને ઢીલાં કરનારાં છે. એક મહિનો પૂરો થયો ત્યારે હરિશ્ચંદ્ર રાજા, તારામતી રાણી અને રોહિતકુમાર સાંજ વખતે કાશી પહોંચ્યાં. ચોકમાં ઊભાં રહ્યાં. વિશ્વામિત્ર ૠષિ તૈયાર ઊભા હતા.

**ત્યાંતો તૈયાર ઉભા હતા, ઋષિ વિશ્વામિત્ર જેનું નામ ।**
**તૃણ કોળી તે ઉપર ધરી, વળી વેચવાને કામ ॥**

જે માણસ વેચાઉ હોય તેના માથા ઉપર ઘાસની પુળી રાખે તેથી ખબર પડે, આ માણસ વેચાતો મળશે. હરિશ્ચંદ્ર રાજા, તારામતી રાણી, રોહિતદાસના માથા ઉપર ઘાસની પૂળી રાખી. હરિશ્ચંદ્ર રાજા ઊંચા સ્વરે કહે છે, ''હે કાશી વાસી જનો! અમે ત્રણે જણા સત્યની ખાતર વેચાવા આવ્યાં છીએ. તો અમને તમે વેચાતા રાખી અને ઋષિના ઋણમાંથી મુક્ત કરો.'' આવી રીતે બૂમ પાડે છે પણ કોઇ ખરીદનાર મળતો નથી.

વિશ્વામિત્ર ખીજાઇને બોલ્યા, ''રાજન્ ! હઠ છોડી દે. સત્યને મૂકી દે. સત્ય રાખવા માટે કેટલાં દુઃખ સહન કરવાં પડે છે. માટે બધું મૂકી દે અને તારું અયોધ્યાનું રાજ્ય પાછું લઇ લે ને ઉપાધિમાંથી મુક્ત થઇ જા.'' રાજાને સત્યમાંથી પડવું નથી. ગમે તેમ કરીને વિશ્વામિત્રને સત્યમાંથી પાડવા છે.

**રાણી રોહિદાસનું દ્વિજ દઇ ધનજી, તેડી ગયો તેહને નિજ ભવનજી**
**હરિશ્ચંદ્ર એક રહ્યા રાજનજી, તેપણ વેચાણો શ્વપચને સદનજી ॥**

એક વિધુર સત્સંગી બ્રાહ્મણ હતો. તેની જોરદાર સત્સંગની પ્રવૃત્તિ ચાલતી હતી. પૂજા પાઠ કરે, સત્યનારાયણ ભગવાનની કથા કરવા જાય. કર્મકાંડી બ્રાહ્મણ હતો. ઘરમાં મદદ કરે એવું કોઇ હતું નહિ તેથી એક હજાર સોનામહોર આપીને તારામતી રાણીને ખરીદ કરીને પોતાને ઘેર લઇ ગયો. તારામતીને કહ્યું, ''દીકરી, તું નિધડક રહેજે. હું તારો બાપ અને તું મારી દીકરી છે. તું મારી બહેન ને હું તારો ભાઇ છું.'' તારામતી રાણી કહે છે, ''ભાઇ, મારે શું કામ કરવાનું છે?''

**તારા ખાંડી દિયે તાંદુળા, પીસી દિયે ગોધૂમ આદિ અન્ન ।**
**જળ ભરે વાળે ઘર આંગણું, લીંપે સદન ધુવે વસન ॥**

બ્રાહ્મણ કહે છે, ''તારામતી, તારે પ્રભાતમાં વહેલું ઊઠવું. ઘર વાળીને સાફ કરવું, લીપવું, અને પૂજા માટે ફળ, ફૂલ, ચંદન, તુલસીપત્ર વિગેરે તૈયાર રાખવાં. વાસણ માંજવાં, વસ્ત્ર ધોવાં, ડાંગર ખાંડવી, ઘઉં દળવા, તળાવેથી પાણી ભરવા જવું. નોકરની જેમ ઘરનું કામ કરવું. વધ્યું ઘટ્યું મળે તે તારે ખાવાનું.'' વિચાર કરો, રાજાની મહારાણી છે. કોઇ દિવસ પાણીનો પ્યાલો ભરીને પીધો ન હોય. અનેક દાસ દાસીઓ સેવામાં હોય. તેને આખો દિવસ પારકા ઘરનું વૈતરું કરવું પડે છે છતાં પણ રાજી રહે છે કે સત્યની ખાતર દુઃખ ભોગવવું તે કુરબાન છે. રોહિદાસ શું કામ કરતા તે સાંભળો!



**રોહિદાસ પણ એહજ રીતે, કરે બ્રાહ્મણનું કામ ।**
**પુષ્પ પર્ણ તૃણ ઇંધણ આણે, ચાંપે ચરણ ચારૂ જામ ॥**

રોહિદાસને પણ તેજ બ્રાહ્મણ આઠસો સોનામહોરો આપી લઇ ગયો. ''તારે બગીચામાંથી ફૂલ લાવવાં, જંગલમાંથી લાકડા લાવવાં અને રાત્રે મારા પગ દબાવવા.'' આખી રાત રોહીદાસ બ્રાહ્મણના પગ દાબે. બીચારાને સૂવા ન દે અને સવારે હુકમ કરે. ''જલદી જા, ફળ ફૂલ લઇ આવ.'' વધ્યુ ઘટ્યું ખાવા દે. પેટ પુરતું જમવા પણ મળતું નથી. હરિશ્ચંદ્ર રાજાને એક કાળસેન શ્વપચ બારસો સોનામહોર આપીને લઇ ગયો. તેને શું કામ સોંપ્યું?!

**શ્વપચે સોંપ્યું હરિશ્ચંદ્રને, લેવો મડદે મડદે લાગ ।**
**આપે ખાંપણ પઇસો, ત્યારે મૂકવા દેવી આગ ॥**

શ્વપચ કહે છે, ''અલ્યા હરિયા! તારે રાત દિવસ સ્મશાનમાં રહેવાનું છે અને જે મડદું બાળવા આવે તેની પાસેથી એક પૈસો અને સવા ગજ કપડું અને ખીચડીની દાળ લેવાની. પછી મડદું બાળવા દેવાનું છે. એક ખોબો ખીચડીની દાળ મળે તે તારે ત્યાંજ સ્મશાનમાં રાંધીને ખાઇ લેવી. દાળ ન મળે તો ઉપવાસ કરવો. પણ મારા ઘરે કોઇ દિવસ તારે આવવાનું નહિ.'' કાશીનગરી બહુ મોટી તેથી માણસો ઘણાં મરે. હરિશ્ચંદ્ર રાજા રાત દિવસ દોડધામ કર્યા જ કરે.

**મડદે મડદે મશાણમાં, રડવડે રાત ને દન ।**
**જળ ટાંણે જળ ન મળે, અન્ન ટાંણે ન મળે અન્ન ॥**
**એવા કામમાં રાજા રહ્યા, તિયાં ગયા વહીકંઇ દન ।**
**નિષ્કુલાનંદ ન થાય બીજે, જેવું કર્યું એહ રાજન ॥**

પાણી પીવાનો પણ સમય મળતો નથી છતાં પણ ધીરજ રાખીને સોંપેલું કામ ઈમાનદારીથી કરે છે. વિશ્વામિત્ર પસ્તાય છે. કેટલી કઠણ કસોટી થાય છે છતાં પણ જરાય સત્યથી ડગતાં નથી. કાંઇક યુક્તિ કરવી પડશે.

**વિપ્ર કહે સુણ રોહિદાસ સુભાગ્યજી, સુગંધી ફુલ લાવ્ય જઇ બાગજી**
**ગયા ત્યારે ત્યાં ડશ્યા કાળે નાગજી, તેણે કરી તર્ત કર્યું તન ત્યાગજી**

બ્રાહ્મણ કહે છે, ''રોહીદાસ, બગીચામાંથી ફૂલ લઇ આવ.'' ફૂલ લેવા ગયો ત્યાં વિશ્વામિત્ર સર્પ રૂપે થઇને રોહિતના પગમાં દંશ માર્યો કે રોહિત તુરંત મૃત્યુ પામ્યો.

તારામતીને ખબર પડી તેથી બગીચામાં આવી પુત્રના શબને ખોળામાં લઈ હૃદયફાટ કરુણ સ્વરે ખૂબ રૂદન કરે છે. "બેટા! તારા પિતાને કોણ ખબર આપશે? અંતિમ વેળાએ તારું મોઢું જોવા નહિ મળે. હવે હું શું કરું?"

**મનને મજબુત કરી ધીરજ રાખો.**

**તે શબ લાવ્યા ગંગાતટે, ચે'રચી મૂકેછે આગ ।**
**ત્યારે હરિશ્ચંદ્ર કે'મ મૂકીશ અગ્નિ, આપ્યા વિના મારો લાગ ॥**

રોહિતકુમારના મૃત શરીરને સ્મશાનમાં લાવ્યાં. જ્યાં આગ મૂકવાની તૈયારી કરે ત્યાં હરિશ્ચંદ્ર રાજા આવી ગયા. "પહેલાં મારો લાગ આપો. સવાગજ કપડું, એક પૈસો અને ખીચડીની દાળ. પછી આગ મૂકવા દઈશ." રાજાએ શબ સામે નજર કરી. ઓહો! આ તો મારો પુત્ર રોહિત છે! પણ શેઠનો હું નોકર છું તેથી કર માફ નહિ થાય.

**આપી લાગ લગાડી ચિતા, થયું અર્ધ બળ્યું જ્યારે તન ।**
**ત્યારે નાખી ચે' ઓલવી, ઘણો ઘણો વરસી ઘન ॥**

લાગ આપી શબને અગ્નિ લગાડ્યો. ત્યાં વિશ્વામિત્રે દાવ શરૂ કર્યો. અગ્નિ સંસ્કાર ચાલુ છે ને વરસાદ પણ ચાલુ કર્યો. તારામતી અર્ધ બળેલા શરીરને ખોળામાં લઈ રડે છે. નિર્દય વિશ્વામિત્ર તુરંત કાશી નગરીના રાજા પાસે ગયા અને કહ્યું, "જલદી કરો! સ્મશાનમાં એક ડાકણ આવી છે. અર્ધ બળેલા મડદાને કાપી કાપી ખાય છે. તમે જલદી ડાકણને મારી નાખો." ચોકીદાર આવ્યા. હરિશ્ચંદ્ર રાજાને હુકમ કર્યો. "ડાકણને મારી નાખ!"

હરિશ્ચંદ્ર રાજા નજીક આવ્યા. તારામતી પુત્ર રોહિતના શબને ખોળામાં રાખી રડે છે. ભુખના દુઃખથી દેહ દુર્બળ અને કાળો થઈ ગયો છે. રખડી રખડીને શરીર કરમાઈ ગયું છે. જ્યાં તલવારથી મારવા જાય ત્યાં એક નજર થઈ. ઓળખી ગયા આ મારી પત્ની તારામતી છે. ખોળામાં પુત્ર રોહિત છે. હાથ અટકી ગયો. આ હા! મારી પત્નીને મારા હાથે કેમ મારું? ત્યારે રાણી રડતાં રડતાં કહે છે, "પતિદેવ! તમે મને ઓળખી ગયા છો પણ તલવારથી નહિ મારો તો સત્યથી પડ્યા ગણાશો." અતિ વિકટ પરિસ્થિતિ સર્જાઈ ગઈ છે. હવે શું કરવું?! રાજા વિચાર કરે છે. ત્યારે તારામતી કહે છે...

**રાણી વાણી જાણી તાંણી તીખી કહે, કાઢ કાઢ કાઢ કરવાળ તારી ।**
**ગ્રહે અતિ ગાઢ ગાઢ ગાઢ મને, વાઢ વાઢ વાઢ વળી મૂંડ મારી; રાણી.**



"પતિદેવ! તલવારના એક ઝાટકે મારું માથું ઉડાડી દો. શા માટે ડરો છો? સત્યની ટેક રાખવા આપણે રાજપાટ છોડ્યાં. રખડતાં, ભુખ્યાં, તરસ્યાં કાશીનગરીમાં વેચાયાં. ગુલામ થઈને બીજાનાં કામ કર્યાં. હવે સત્યથી ચલાયમાન થવાય નહિ. હિંમત રાખી મારા ગરદન પર તલવારનો પ્રહાર કરી દો પણ સત્યને ટકાવી રાખો."

**હિંમતવાળા પત્નિ ભાગ્યશાળીને ઘેર હોય છે.**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, ધન્ય છે તારામતીની ધીરજ શક્તિને.

**કાઢ્યું ખડગ થડક ધડક નથી, થડક થડક તે થડક ટળી ।**
**ફડક ફડક ફડકતી નથી, ઝડક ઝડક કહે મને માર વળી; રાણી૦**

હરિશ્ચંદ્ર રાજા ઊંડા વિચારમાં ઉતરી ગયા. પાંચ પગલાં પાછળ હટી ગયા. પછી હિંમત રાખી દોટ મૂકી. જ્યાં તારામતીના ગરદન પર તલવાર મારવા જાય ત્યાં ભગવાન મદદમાં આવી ગયા.

**નિષ્કુલાનંદ અનાથના નાથજી, હાથેહાથ હાથ ગ્રહી લીધોછે તિયાં; રાણી.**

હરિશ્ચંદ્ર રાજાનો હાથ પરમાત્મા પ્રગટ થઈને પકડી લીધો. ત્યાં તો બ્રહ્મા, શંકર, અગ્નિદેવ, વશિષ્ઠમુનિ સર્વે વિમાનમાંથી આવી હાજર થઈ ગયા. "શાબાશ, શાબાશ હરિશ્ચંદ્ર! શાબાશ! ધન્ય છે તમારી પત્ની તારામતીને! ધન્ય છે તમારા પુત્ર રોહીતને! અને એથી પણ ધન્ય છે તમારી સત્યની ટેકને! અપાર સંકટ સહન કર્યાં પણ સત્યને ટકાવી રાખ્યું." પ્રભુ કહે છે...

**માગો હરિશ્ચંદ્ર આપું તુજનેજી, તમથી વા'લું નથી બીજું મુજનેજી ।**
**તમને પીડયા સુણી સુરેશની રગુંજનેજી, ઘટે એવું કામ કરવું અબુજનેજી**

"હે હરિશ્ચંદ્ર! માગો, જે માગો તે તમને આપું." "હે પ્રભુ, તમે મળ્યા પછી બીજુ કાંઈ માગવાનું રહેતું નથી. મારા માટે તમે સર્વસ્વ છો. મારે કાંઈ જોઈતું નથી છતાં તમારે જો આપવું જ હોય તો...

**એમ કરતાં હોય આપવું, તો માગું છું મારા શ્યામ ।**
**અમે અમારી રૈયત સહિત, રાખો તેડી તમારે ધામ ॥**

અમે અમારી રૈયત સહિત, તેડી રાખો તમારે ધામ. સમગ્ર પ્રજાનું કલ્યાણ કરો." "તથાસ્તુ! તમારા માગ્યા મુજબ થશે." ભગવાને રોહિત સામે અમીદૃષ્ટિ કરી તેથી રોહિતકુમાર સજીવન થયો. તારામતી રાણી સ્વસ્થ બની ગયાં. હરિશ્ચંદ્ર રાજા પ્રભુના

ચરણમાં ઝૂકી ગયા. આંખનાં આંસુથી ચરણ પલાળી દીધાં. પ્રભુએ પોતાનો હસ્તકમળ તેમના શિરપર મૂકી પીઠ થાબડી કહ્યું, "વિશ્વામિત્રે તમારી કઠિન પરિસ્થિતિ કરી ખૂબ દુઃખ આપ્યું છે. તેને સુદર્શન ચક્રથી મારીશ!" જ્યાં હાથમાં સુદર્શન ચક્ર લેવા જાય ત્યાં હરિશ્ચંદ્ર રાજાએ પ્રભુનો હાથ પકડી લીધો. "કૃપાનાથ, વિશ્વામિત્રને મારો નહિ! એણે જે કર્યું તે સારું કર્યું છે.

**જ્યાં સત્ય છે ત્યાં સુખ સંપતિ, રિધ્ધિ અને કીર્તિ છે.**

હીરો અમુલ્ય કીમતી હોય પણ શરણે ચઢાવ્યા સિવાય કિંમત થતી નથી. અમારી સત્યતાની કસોટી કરી ત્યારે અમને તમારાં સાક્ષાત્ દર્શન થયાં છે. હે પ્રભુ! મારા નિમિત્તે વિશ્વામિત્રને મારી નાખો તો મને બ્રહ્મહત્યાનું પાપ લાગે. હે પ્રભુ! અમારા અંતરમાં સદાય ધીરજ રહે, સત્ય રહે અને તમારી ભક્તિમાં સદાય મન તલ્લીન રહે એવું શુભ વરદાન આપો."

**એવી ભક્તિ આદરવી ખરી, જાણો જેવી હરિશ્ચંદ્રે કરી ।**
**તેહ વિના તન મન તાને, નથી રીઝતા શ્રીહરિ ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, હરિશ્ચંદ્ર રાજાના જેવી ધીરજ રાખવી, શ્રીજી મહારાજ વચનામૃતમાં પૂછે છે, ખરો ભક્ત કોને કહેવાય? પોતાના દેહમાં કોઇક દીર્ઘ રોગ આવી પડે, તથા અન્ન ખાવા ન મળે, વસ્ત્ર ન મળે ઇત્યાદિક ગમે એટલું દુઃખ અથવા સુખ આવી પડે તો પણ ભગવાનની ઉપાસના, ભક્તિ, નિયમ, ધર્મ, શ્રધ્ધા એમાંથી રંચમાત્ર મોળો ન પડે, રતિવા સરસ થાય તેને ખરો હરિભક્ત કહેવાય. ગ. અ. ૨૫.

**સત્યને જીવનમાં ટકાવી રાખજો.**

એક સત્યદેવ રાજા હતા. જેવું નામ તેવા તેમાં ગુણ હતા. પ્રભુમાં અસાધારણ પ્રેમ હતો. પુત્રવત પ્રજાનું પાલન કરતા. ન્યાય નીતિ પ્રમાણે ચાલે. કોઇને કલ્પાવીને દુઃખી કરે નહિ. સંત, બ્રાહ્મણ, ગરીબ, ગાયને અન્ન વસ્ત્ર આપી સંતોષ પમાડે. દિલના દરિયાવ અને દાતાર હતા. કોઇને આંગણેથી ખાલી હાથે જવા દે નહિ. મધુર વાણીથી સૌને આદર આપતા.

ભગવાનના ભક્તની સવારે વહેલા ઊઠવાની ટેવ હોય છે. વહેલા ઊઠી દરરોજ બે કલાક સુધી એકાગ્ર ચિતથી માનસી પૂજા કરે. પછી મૂર્તિની પૂજા કરે, પ્રદક્ષિણા કરે, માળા ફેરવે, દંડવત કરે, નારાયણ કવચના પાઠ કરે. શાસ્ત્રોનું વાંચન કરે. ત્યાં સરસ



મજાનાં સોનેરી તારવાળાં વસ્ત્ર ધારણ કરેલાં રૂપરૂપના અંબાર જેવાં તેજસ્વી સ્ત્રીને રાજમહેલમાંથી બહાર જતાં જોયાં.

રાજાને આશ્ચર્ય થયું. આવાં તેજસ્વી સ્ત્રી કોણ હશે? "બહેન, આપ કોણ છો?" "મને નથી ઓળખતા?! હું લક્ષ્મીજી છું. તમારું ઘર છોડીને હું જાઉં છું." રાજાએ કહ્યું, "ભલે, ખુશીથી જાવ." થોડી વાર થઇ ત્યાં એક સુંદર દિવ્ય પુરુષ શ્વેત વસ્ત્ર પહેરીને રાજમહેલમાંથી બહાર નીકળ્યો. રાજાએ પૂછ્યું, "આપ કોણ છો?" "હું દાન છું. લક્ષ્મીજી આંહીથી ચાલ્યાં ગયાં તો તમે દાન કઇ રીતે કરી શકશો? તેથી લક્ષ્મીજી સાથે હું પણ જઇશ. જ્યાં લક્ષ્મીજી હોય ત્યાં હું રહું છું." રાજાએ કહ્યું, "ભલે, ખુશીથી જાવ."

થોડીવાર પછી ત્રીજો એક સુંદર પુરુષ ઘરથી બહાર નીકળ્યો. રાજાએ પૂછ્યું, "આપ કોણ છો?" "હું સદાચાર છું. લક્ષ્મીજી અને દાન ગયા તો હું પણ એની સાથે જઇશ. અમે બધા સાથે રહીએ છીએ." રાજાએ કહ્યું, "ભલે, ખુશીથી જાવ." લક્ષ્મીજી, દાન અને સદાચાર ઘરની બહાર સત્યની વાટ જોઇને ઊભા છે. સત્ય આવે પછી આપણે સાથે મળીને જઇએ. ત્યાં એક દિવ્ય તેજસ્વી પુરુષ રાજમહેલથી બહાર જાય છે. રાજાએ પૂછ્યું, "આપ કોણ છો?" "હું યશ છું. લક્ષ્મીજી ગયા, દાન ગયું તો યશ કઇ રીતે મેળવી શકશો? તેથી હું પણ જઇશ." રાજાએ કહ્યું, "ભલે, ખુશીથી જાવ."

પછી એક યુવાન તેજસ્વી દિવ્ય સુશોભીત સોનેરી વસ્ત્ર પહેરીને ઊભો છે. કંઠમાં સુગંધી પુષ્પના હાર પહેર્યા છે. તે રાજમહેલમાંથી બહાર નીકળ્યો. રાજાએ પૂછ્યું, "આપ કોણ છો?" "હું સત્ય છું. તારા રાજમહેલમાંથી લક્ષ્મીજી ગયાં, દાન ગયું, યશ ગયો તો હું પણ તેમની સાથે જઇશ. જ્યાં લક્ષ્મીજી હોય ત્યાં દાન હોય. દાન કરવાથી યશ વધે. અમે સાથે રહીએ છીએ."

**અસત્ય બોલે છે તેના પુણ્યનો ક્ષય થાય છે.**

રાજાએ બે હાથ જોડી નમ્રતા પૂર્વક કહ્યું, "તમને હું નહિ જવા દઉં. તમે તો મારા શીરમોડ છો. તમને મેં મારા જીવનમાં રાખ્યા છે. તમામ કાર્ય સત્યથી જ કર્યાં છે. ખોટું કર્મ ક્યારેય કર્યું નથી. ખોટું બોલ્યો નથી. ખોટી સાક્ષી પૂરી નથી. ખોટું બોલીને પૈસા ભેગા કર્યા નથી. કોઇ દિવસ ગાળ બોલ્યો નથી. ભગવાન, સંતો, વેદ, ગુરુ અને બ્રાહ્મણોની નિંદા કરી નથી. આંગણે આવેલા સંતો અને અતિથિઓને આદર સત્કાર કરી સંતોષ પમાડ્યા છે. માતાપિતાની પ્રેમ ભાવથી ખૂબ સેવા કરી છે. પૂજા

પાઠ કર્યા સિવાય જમ્યો નથી. સદાય સત્યનું જ સેવન કર્યું છે. પરમાત્માની એક પણ આજ્ઞા લોપી નથી. તો તમે કઇ રીતે જઇ શકશો? તમને હું નહિ જવા દઉં. તમે મારું સર્વસ્વ છો.''

બધું જાય તો જવા દેજો પણ સત્ય જવા દેશો નહિ. સત્યે કહ્યું, ''તમે ચિંતા ન કરો. તમે તમારા જીવનમાં સદાય સત્ય રાખ્યું છે તેથી હું તમારો ત્યાગ નહિ કરું.'' જ્યાં સત્ય છે ત્યાં ભગવાન છે, લક્ષ્મીજી છે, દાન અને સદાચાર તથા યશ છે. લક્ષ્મીજી, દાન, યશ સદાચાર ઘરની બહાર ઊભાં વાટ જુવે છે. સત્ય આવે પછી ભેગા મળીને જઇશું. સત્ય ઘરથી બહાર ગયું નહિ તેથી લક્ષ્મીજી, દાન, યશ અને સદાચાર આ ચારેય પાછા રાજદરબારમાં આવ્યા. જ્યાં સત્ય છે ત્યાં બધા સદ્‌ગુણોને આવવુંજ પડે છે. સત્યને જીવનમાં ટકાવી રાખજો. આ કથા જીવનમાં ઉતારવા જેવી છે. અંતે સત્યની જય થાય છે.

**કાલાવાલાનું કામ નથી, આતો શિશ સાટાની વાત છે ।**
**તેહ વિના કોઇ કરે વલખાં, તેતો કાળી કામળિયે ભાત છે ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, ઘણા ભક્તોની એવી ટેવ હોય છે વાતની વાતમાં કાલાવાલા કરે. માફ કરજો તમે મોટા છો. અમારી ભૂલ થઇ જાય. અમે તો જગતના જીવ છીએ. માફ કરજો. એમ વારંવાર બોલ્યા જ કરે અને વર્તન જેમ કરતા હોય તેમ જ કરે. સ્વભાવમાં કાંઇ ફેરફાર કરે નહિ. ભક્તિ માર્ગમાં વધે નહિ. ખાલી બોલવાનું જ હોય. સેવા હોય તો બતાવજો એમ બોલે પણ કાંઇ કરે નહિ. વાણી પ્રમાણે વર્તન હોય નહિ. ભજન કરવામાં જરાય શૂરવીરતા કે ધીરજ હોય નહિ. સ્વામી કહે છે ફક્ત કાલાવાલા નહિ ચાલે. આ તો શીશ સાટાની વાત છે. કાળી કામળી ઉપર બીજો રંગ ચડે નહિ.

**શ્વેત વસ્ત્રમાં ભાત પડે તેમ નિર્મળ મનમાં**
**શ્રી હરિની મૂર્તિ ચોટી જાય છે.**

સ્વામી કહે છે, કાળા હૃદયમાં સત્સંગનો રંગ ચડશે નહિ. સ્વામી સરસ દષ્ટાંત આપે છે.

**જેમ હવાખાવાનું સુણી રહૈયાટળ, ચાલે કોઇ ચપણ લઇ ।**
**પણ પેટ ભર્યાનાં છે પાંપળાં, તે જાલમ નર જાણે નઇ ॥**

ખાવા પીવાનાં સાંસા છે. સગવડ નથી ને દરરોજ હવા ખાવા એટલે ફરવા



જાવું છે તે કેમ થાશે? કાની ડોશી જેવું થાશે. કાની ડોશીનું ઘરમાં કોઇ માને નહિ તેથી તેને રીસ ચડી તેથી આત્મઘાત કરવાનું નક્કી કર્યું. ગળામાં દોરડું બાંધીને ગાયની ગમાણમાં સૂઇ ગઇ. પછી ઘરનાં માણસો મંડ્યા શોધવા પણ ક્યાંય મળ્યા નહિ. હવે શું કરવું? થાકી ગયાં. ઘરમાં બેસી સૌ જમવા લાગ્યાં ત્યાં ડોશીમા ગમાણમાંથી બેઠાં થયાં. ''મેં આત્મઘાત કરી નાખ્યો. હવે તો હું કહું તેમ કરશો ને?!'' બધાં હસવા લાગ્યાં. આ તો દષ્ટાંત છે. તેનો સિધ્ધાંત સમજુતી જુદી છે.

જીવનમાં સત્ય ટેક ન હોય, સ્વામિનારાયણ ભગવાનમાં પરિપૂર્ણ નિષ્ઠા ન હોય, પૂજા પાઠ ભજન કીર્તન કાંઇ કરતા ન હોય, દાન પુણ્ય કાંઇ પણ કરે નહિ, માત-પિતાની સેવા પણ કરતા ન હોય, મંદિરે દર્શન કરવા જાય નહિ, ગામમાં આંટા મારે અને એમ કહે કે અમે નાસ્તિક નથી, અમે પ્રભુના ભક્ત છીએ તે બધા આ કાની ડોશી જેવા મૂર્ખા છે. નિષ્કુળાનંદસ્વામી કહે છે, ભગવાન ભજવામાં શૂરવીરતા રાખજો. પહેલાં કોઇ પણ ખોટાં કર્મ થઇ ગયાં હોય તો આજથી તે છોડી દેજો ને સત્ય માર્ગ પકડી લેજો. નિષ્કુળાનંદસ્વામી કહે છે, ભગવાનના દાખડા સામે જોજો.

**નિષ્કુલાનંદ કહે મૂવા પછી, જેજે થાત વાત તે ખરી ॥**

આગળ ખેલને હાંસી નથી. ભગવાનનો રસ્તો પકડી લેશો તો મહાસુખ મળે તેમ છે. ખટકો રાખીને ભજન સ્મરણ કરવું પણ ક્યાંય માયામાં બંધાવું નહિ.

**ભૂલ્યે કરે મનસુબો મનમાં, તે વિના પૈસે પુરો ન થાય ।**
**તેમ શ્રદ્ધાહીનની ભક્તી, તેપણ તેવી કે'વાય ॥**
**નથી વિત્ત વો'રે અજિયા, કરે હાથી લેવાની હોંસ ।**
**તેતો પામ્યાનાં પાંપળાં, અમથો કરે અપસોસ ॥**

સ્વામી દષ્ટાંત આપે છે, એક માણસ ઝવેરીની દુકાને હીરા ખરીદવા આવ્યો. ભાવ પૂછ્યો. ઝવેરીએ કહ્યું, ''એક લાખનો એક હીરો છે. તમારી પાસે કેટલા રૂપિયા છે?'' ''મારી પાસે અઢી રૂપિયા છે.'' ઝવેરીએ કહ્યું, ''ચાલતો થા. કોડી ખરીદી લેજે. હીરો નહિ મળે.'' બકરી ખરીદવા જેટલી તેવડ નથી ને હાથીની ઇચ્છા રાખે તો હાથી કેમ મળશે? સારા સારા સદ્‌ગુણોને ઇચ્છે પણ રાંક જેવા જીવને ક્યાંથી મળે?

સંસારમાં અને સત્સંગમાં તાકાત હોય તેનું જ કામ થાય છે. ભગવાન ભજવામાં તાકાત જોઇએ. બાય કાંગલાનો આ માર્ગ નથી. આ તો શૂરવીર અને શ્રધ્ધા વાળાનો માર્ગ છે. ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અને ઉપાસનાની તાકાત હોય તો પરમાત્મા

ભક્તને આધીન થાય છે. જાનમાં વરરાજા શિરપર મોડ પહેરે. જાનૈયા ન પહેરે. જાનૈયા તો જમે રમે ધરે વર શિરપર મોડ. જેના રોમરોમમાં સ્વામિનારાયણ ભગવાનની મસ્તી ચડી જાય તેના જીવાત્માનું કામ થઇ જાય છે.

સ્વામી દષ્ટાંત આપે છે, હંસ અને બગ રે રૂપે રંગે એક છે રે. પણ ગુણમાં ફરક છે. તેમ સાચા સંતમાં અને કાચા સંતમાં ફરક છે.

**સન્માનમાં ડોલે નહિ, અપમાનમાં બોલે નહિ તે સાચા સંત છે.**

સન્માન થાય ત્યારે ફુલાઇ જાય નહિ. મારું સન્માન નથી, મારા પરમાત્માનું સન્માન છે. હું તો સર્વે સત્સંગીનો દાસ છું. આશ્રમ બદલાવો તે સરળ છે. અંતર બદલવું અલગ વસ્તુ છે. જગતના તુચ્છ પદાર્થોને હ્રદયથી પકડી રાખવાં એ ત્યાગી સંતનું રાંકપણું છે. માનસિક દોષ અને સમજણમાં ખામી છે.

**માટે જોઇ અધિકાર આપણો, પછી દિલમાં કરવો દોડ ।**
**પ્રહ્લાદ ધ્રુવ હરિશ્ચંદ્ર જેવો, ક્યાંથી પૂરો થાય મન કોડ ॥**

સ્વામી કહે છે, આપણને જેવા તેવા આલી મવાલી નથી રહેવું પણ પ્રહ્લાદજી, ધ્રુવજી અને હરિશ્ચંદ્ર જેવા શૂરવીર ધીરજશાળી ભક્ત થવું છે. માણસ માત્ર સુખને ઝંખે છે પણ એને ખબર નથી કે સાચું સુખ ક્યાં છે. સુખ તો શ્રીજીમહારાજ અને મોટા સંતની આજ્ઞા પાળવામાં છે. મનનું ધાર્યું કરવામાં દુઃખ છે. પ્રભુનું ધાર્યું કરવામાં સુખ છે.

**શરીર સુખને સંભારતાં, નિશદિન નવરાં નવ રહિયે ।**
**મહાસુખ મહારાજનું, કહો તે કઇ રીતે લઇયે ॥**

દેહના સુખ માટે રાત દિવસ મહેનત કરીએ છીએ. સ્વામી કહે છે, મોક્ષની બાબતમાં બહુ ધ્યાન રાખવું. મોટો બીઝનેસ કરવો હોય તો ખૂબ ધ્યાન રાખવું પડે, નહિંતર નુકસાની આવતાં વાર ન લાગે. આ તો કલ્યાણ કરવું છે. પ્રભુના અક્ષરધામમાં જાવું છે. તે શું એમને એમ મળી જશે?! જીંદગી આખી કુટુંબ પરિવારના પોષણમાં જ વિતાવી દીધી. કાંઇ સત્કર્મ કર્યું નહિ. કાયરને ધીરજવાન થવું તે અટપટી વાત છે. નિષ્કુળાનંદસ્વામી કહે છે, શૂરવીર ભક્ત થાવું તે કઠણ કામ છે.

**અતિ દયાળુ રંતિદેવરાજા.**

**સુણો વળી કહું રંતિદેવની રીતજી, ભક્ત પ્રભુનો પૂરો પુનિતજી ।**
**સહ્યાં તેણે દુઃખ શરીરે અગણિતજી, કહું તેની વાત સુણો દઇ ચિત્તજી**



નિષ્કુળાનંદ સ્વામી કહે છે, પરોપકારી રંતિદેવ રાજાની કથા સાંભળો.

**કહું વાત રંતિદેવની, કરે નિજ નગરનું રાજ ।**
**પોતે પોતાની પ્રજા પાસે, રખાવે બહુ અનાજ ॥**

પરોપકાર એટલે શું? દુઃખીયાનું દુઃખ ટાળવું, ભયાતુરનો ભય ટાળવો, શરણાગતીને શરણું દેવું, કોઇ પણ યાચકને કાંઇ પણ વસ્તુ આપી સંતુષ્ટ કરવો, સહાય કરવી તેને પરોપકાર કહેવાય. પરોપકાર એટલે બીજા ઉપર ઉપકાર કરવો.

**નોપકારાત્ પરો ધર્મો, નાપકારાદઘ પરામ્ ॥**

પરોપકાર જેવું કોઇ પુણ્ય નથી અને અપકાર જેવું કોઇ પાપ નથી. પોતાના સગા સંબધીનું ભરણ પોષણ કરવું, સાજા માંદા વખતે ખબર રાખવી એ તો પશુ પક્ષીઓ પણ કરે છે. તે મહાન બાબત નથી. એ તો આપણી ફરજ છે. કરવી જ જોઇએ. એને પરોપકાર ન કહેવાય. નિસ્વાર્થ ભાવે કોઇને આફતમાંથી, દુઃખમાંથી બચાવવો તેને પરોપકાર કહેવાય. જન્મ મરણ યમયાતના અને ભવાટવીના ભયથી બચાવી અભયદાન આપવું તે ખરો પરોપકાર કહેવાય છે.

**માણસ પરોપકારથી શોભે છે.**
**શરીર શણગારવાથી શોભતો નથી.**

રંતિદેવના રાજ્યમાં વારંવાર દુષ્કાળ પડવા લાગ્યા. રંતિદેવ રાજાએ પ્રજાને કહ્યું, ‘‘અનાજનો સંગ્રહ રાખજો.’’

**એમ કરતાં આવી પડ્યો, બાર વરષનો વળી કાળ ।**
**એકાદશ વરસ અન્ન પો’ચિયું, દ્વાદશનો થયો જંજાળ ॥**

એક સાથે બાર વર્ષ સુધી વરસાદ વરસ્યો નહિ. મુશ્કેલી ઊભી થઇ. હવે શું કરવું? તે વખતમાં વિદેશમાંથી અનાજ આવી શકે તેવી કોઇ વ્યવસ્થા નહોતી. પ્રજા ભૂખે મરવા લાગી. ખેતીમાંથી કાંઇ પાક પાકે નહિ. માણસોના ઘરમાં અનાજ હતું તે બે વરસ સુધી ચાલ્યું. પછી શું કરવું? ભૂખ્યા તરસ્યા માણસો ફરે છે. રિબાય છે. રાજા પોતાના કોઠારમાંથી અનાજ આપવા લાગ્યા. અગિયાર વરસ સુધી પ્રજાને અનાજ આપ્યું. પછી અનાજ ખૂટી ગયું. રંતિદેવ રાજા ઘોડા ઉપર બેસીને નગરમાં ફરે અને પ્રજાનું ખૂબ જ ધ્યાન રાખે. દુષ્કાળનું બારમું વરસ ચાલુ થયું.

જમવા માટે કાંઇ નથી. તેથી માણસો બૂમો પાડે છે. ‘‘ખૂબ ભૂખ લાગી છે!

કાંઇક જમવાનું આપો!'' રાજાએ પોતાની પાસે જે સગવડ હતી, પલંગો, ખુરશીઓ, ફર્નીચર તે બધુ વેંચી નાખ્યું. દશ મહિના સુધી અનાજ પ્રજાને પૂરું પાડ્યું. હવે બે મહિના બાકી છે.

**કળકળે જન અન્ન વિના, બહુબહુ પાડેછે બકોર ।**
**તે સુણી રાય ચાલિયા, સંગે રાણી સુત વધુ ભોર ॥**

રાજ્ય દરબારમાં, નગરમાં કોઇની પાસે અનાજનો દાણો નથી. ઉપરા ઉપરી માણસોને ઉપવાસ થાય છે. જમવા માટે કાંઇ નથી. રંતિદેવ રાજાથી આ દુઃખ જોવાતું નથી. ભૂખને લીધે માણસો પગ ઘસી ઘસીને મરી જાય છે. તેથી રાજા, રાણી, પુત્ર અને પુત્રની પત્નિ આ ચાર જણા રાજમહેલ તજીને વન તરફ ચાલતા થઇ ગયા. વનમાં તપ કરે અને પ્રભુના નામના જપ કરે છે. પ્રાર્થના કરે છે, ''હે પ્રભુ! આ ચોમાસામાં વરસાદ સારો વરસાવજો. ભૂખ્યાનાં દુઃખ ટાળજો.'' વનમાં કાંઇ પણ જમવા માટે નથી. ભૂખ્યાં તરસ્યાં ચાર જણાના ઓગણપચાસ ઉપવાસ થઇ ગયા.

**ઉપવાસ ચોખા ચારેને પડ્યા, એક ઓછા પૂરા પંચાસ ।**
**ત્યાં અણઇચ્છાયે અન્ન મળ્યું, બેઠાં જમવા પાસોપાસ ॥**
**પાશેર પાશેર પાણીમાં, વળી આવ્યું હતું જે અન્ન ।**
**ઉપવાસ ઓગણપંચાસમે, કરવા બેઠાં ભોજન ॥**

હરિ ઇચ્છાથી એક શેર જેટલું અન્ન અને થોડુંક પાણી મળ્યું. તેમાંથી ચાર ભાગ કર્યા. રાજા, રાણી, પુત્ર અને પુત્રવધુ ઝાડનાં પાંદડામાં સરખા ભાગ કર્યા. રાજા ચારે બાજુ નજર કરે છે. કોઇ ભૂખ્યો માણસ આવે તો આ ભોજનમાંથી થોડુંક આપીએ. અભ્યાગતની વાટ જુવે છે. તીયાં અઘોરી એક આવીયો, સંગે લઇ વળી શ્વાન, ભૂખ્યો ભૂખ્યો એમ બરકે, કોઇ આપો ભોજન પાન. ''કોઇ ખાવાનું આપો! મારા ભૂખે પ્રાણ જાય છે. મારા ભૂખનું દુઃખ ટાળો.'' રાજાએ પોતાના ભાગનું અન્ન આપી દીધું. ''લે ભાઇ, તું જમી લે.'' અઘોરી તરત ભોજન જમી ગયો. ''હજુ હોય તો આપો. કકડીને ભૂખ લાગી છે.'' રાણીએ પોતાના ભાગનું અન્ન અભ્યાગતને આપી દીધું. તે પણ તરત જમી ગયો. રાજકુંવર અને તેમના પત્નિએ પોતાના ભાગનું અન્ન અભ્યાગતને આપી દીધું.

વિચાર કરો! ઓગણપચાસ ઉપવાસ થયા છે ને પોતાના ભાગનું ભોજન આપી દેવું તે ભારે કઠીન કામ છે. એ ઠેકાણે આપણે હોઇએ તો બીજાના ભાગનું લઇને ખાઇ



જઇએ. અરે! ભાઇ ભાઇના ભાગની મિલ્કત હોય તે પણ ધ્યાન ન રાખો તો પચાવી જાય. પારકાનું મળે તો પોતાનું કાઢે જ નહિ પણ આ કોઇ સામાન્ય રાજા નથી. સત્યવાદી પરોપકારી રાજા છે.

**પારકું ધન, પારકી મિલ્કત મીઠી લાગે છે.**

આવા મહાન વિભુતિઓનાં નામ સોનેરી અક્ષરે શાસ્ત્રોમાં અમર રહ્યાં છે. વરસો વીતી ગયાં છતાં એના ગુણ ગવાય છે. તે બધો પરોપકાર વૃતિનો પ્રતાપ છે. અભ્યાગતે થોડું પાણી પોતે પીધું અને બીજું કૂતરાને પાઇ, વધ્યું તે વાસણને લાત મારીને ઢોળી નાખ્યું. પાણી ઢોળી નાખ્યું છતાં પણ રાજાને જરાય ક્રોધ આવ્યો નહિ. આશ્ચર્યની વાત તો એ છે કે રાજા નીરવ શાંતિથી બેઠા છે. પ્રભુના મંત્રનો જપ કરે છે. કેટલી ધીરજશક્તિ છે એમની.

**વિચાર કરી એમ બોલિયા, મળ્યું અન્ન કેટલેક દન ।**
**ભલે આવ્યું અર્થ અભ્યાગતને, એમ કહી થયા પ્રસન્ન ॥**

રંતિદેવ અને કુટુંબીજનો અંતરમાં હરખાય છે. રાજી થાય છે. આપણે કેવા ભાગ્યશાળી છીએ કે આપે દુઃખી આત્માને અન્ન જળ આપી રાજી કર્યા. ખરી વેળાએ એક પાણીનો ઘૂંટડો દુઃખી આત્માને પિવડાવે છે તો તેને સદાવ્રત જેટલું પુણ્ય મળે છે. પછી તે અઘોરી અદ્રશ્ય થઇ ગયો અને સાક્ષાત્ મૂર્તિમાન ધર્મ પ્રગટ થયા. ''રાજન માગો! માગો, આપને શું આપું? તમારી દયાવૃત્તિ અને પરોપકાર પર વારી જાઉં છું. ધન્ય છે તમારી ધીરજશક્તિને અને પ્રભુ ભક્તિને. તમારા જેવા દયાળુ રાજા આજ સુધી કોઇ થયા નથી જે પોતે ભૂખ્યા રહીને બીજાને જમાડે.''

**નવા કપડાથી જેમ તમે કાયાને શણગારો છો**
**તેમ પરોપકાર રૂપી સદ્ગુણોથી કાળજાને શણગારજો.**

રંતિદેવ આશ્ચર્ય પામી ગયા. અઘોરીને બદલે ધર્મ પ્રગટ થયા. આ શું હશે? રાજા હાથ જોડી ગદગદ કંઠે કહે છે...

**ત્યારે રાય કહે ધન્ય ધન્ય ધર્મ, માગું રાજી થયા જાણી તમને ।**
**સુખી રહે સહુ પ્રાણધારી, એની આવે પીડા અમને ॥**

''હે ધર્મદેવ! નગરીના પ્રજાજનો સદાય સુખી રહે અને એની પીડા અમને આવે પણ પ્રજાજનો સુખીયા થાય. અમારા રાજ્યમાં સારો વરસાદ થાય જેથી જીવ પ્રાણી માત્ર સુખી થાય. એવું વરદાન આપો.'' ત્યારે ધર્મ કહે છે, ''તમારા પુણ્યનો

પ્રતાપથી વરદાન આપું છું જ્યાં સુધી તમે આ નગરનું રાજ્ય કરશો ત્યાં સુધી તમારા રાજ્યમાં ક્યારેય પણ દુષ્કાળ પડશે નહિ. મનગમતા વરસાદ થશે. સદાય ખેતર વાડી લીલા રહેશે. અને નદી તળાવ અને સરોવર પાણીથી છલકતાં રહેશે. અને દેહના અંતે પામશો અક્ષરધામ, એવું આપીએ છીએ વરદાન.'' નિષ્કુળાનંદસ્વામી કહે છે...

**ધન્ય એ રાયની ધીરજને, ધન્ય સત્યવાદી દયા ઘણી ।**
**એવી અનાદિની રીત જોઇ જન, પછી વિચારવી રીત આપણી ।।**
**એના જેવી હોય આપણી, તો ઠરી બેસવું એહ ઠીક છે ।**
**નહિ તો કસર કાઢવી, એહજ રૂડો વિવેક છે ।।**

સત્યવાદી હોય તેના દિલમાં દયા હોય છે. તે વિષેની એક સુંદર કથા છે. તીર્થ કરવા માટે ઘણા ભક્તજનો જતા હોય છે. ભગવાનમાં અતૂટ શ્રધ્ધા રાખી ભાવથી તીર્થયાત્રા કરવાવાળા બહુ ઓછા હોય છે. બાકી તો યાત્રાનું નામ પણ હકીકતમાં ફરવા જાય છે. ફરવા જવું અને યાત્રા કરવા જવું એ જાુદું છે. ઘણા લોકો યાત્રામાં પણ પાપ કરતા હોય છે. દેવ, મંદિર, તીર્થ અને સંતો ભક્તોની નિંદા કરે. સાધુ થઇને બેઠા છે, જમવાનું અને ઉતારાનું કાંઇ પૂછતા નથી. સાધુ સાવ નકામા છે. પવિત્ર નદીમાં સ્નાન કરે નહિ. મહિમા વગરની યાત્રા પ્લાસ્ટિકના ફૂલમાં સુગંધ ન હોય એવી છે.

ઘણી વખત એવું બને છે કદી યાત્રા કરવા ન ગયા હોય છતાં તીર્થ યાત્રાનું ફળ મળે છે. એક મહાત્માજી પાસે મૂર્તિમાન તીર્થ આવ્યાં. ''સાચી તીર્થયાત્રા તો મારા ભક્ત રામુએ કરી છે.'' અડસઠ તીર્થ કહે છે, ''અમારી પાસે લગભગ છ લાખ જેવા માણસો યાત્રા કરવા આવેલા છે પણ સાચી યાત્રા તો રામુએ કરી છે. કેરલ દેશમાં એક ભક્ત રહે છે. જાતનો ચમાર છે. તેને મળો તે બધી બાબત સમજાવશે.''

મહાત્માજીને મનમાં વિચાર થયો કે તેવા પવિત્ર ભક્તનાં મારે દર્શન કરવાં છે. ભક્તનું ઘર શોધે છે. ત્યાં રામુનું ઘર મળી ગયું. રામુએ સંતને જોયા ને તરત જ પ્રણામ કરી પગે લાગ્યો. સંતે પૂછ્યું, ''તું શું કરે છે?'' ''બાપજી, હું જોડા વેંચીને ગુજરાન ચલાવું છું. ભગવાનનું સ્મરણ કરતાં કરતાં ધંધો કરું છું. તેમાં મને શાંતિ છે.'' સંતે પૂછ્યું, ''તું તારા જીવનમાં ક્યારેય તીર્થ કરવા ગયો છે?'' ''બાપજી, હું તો સાવ ગરીબ છું. યાત્રા કરવા જવાય તેવી મારી સ્થિતિ નથી. માંડ માંડ છોકરાંનું પોષણ કરું છું. ઇચ્છા તો ખૂબ થાય છે યાત્રા કરવાની પણ ત્રેવડ નથી.''



સંતે પૂછ્યું, ''તમે કોઇ દિવસ કાંઇ મોટું દાનપુણ્ય કર્યું છે?'' ''બાપજી, અમે ચમાર શું દાનપુણ્ય કરી શકીએ?'' ત્યારે સંત કહે છે, ''મને સ્વપ્નામાં મૂર્તિમાન તીર્થનાં દર્શન થયાં. તેણે એમ કહ્યું કે સાચી યાત્રા તો મારા રામુ ભક્તે કરી છે. તેથી તમને મળવા આવ્યો છું.'' આ વાત સાંભળી રામુની આંખમાં આંસુ આવી ગયાં. ''બાપજી, ભગવાન તો દયાળુ છે તેથી કૃપા કરીને આંહી મોકલ્યા છે. રામુ, તમે તમારા જીવનમાં ક્યારેક દાન પુણ્ય કર્યું હશે. યાદ કરો.''

**રામુ ભક્તની સાચી યાત્રા.**

રામુભક્તે સરસ જવાબ દીધો. ''મને તીર્થ કરવાની ઘણી ઇચ્છા હતી. પછી મેં ભૂખ્યા રહીને એક એક રૂપિયો કરીને ૫૦૦ રૂપિયા ભેગા કર્યા. પાંચ વરસે ભેગા થયા. મહા મુશ્કેલીથી પૈસા બચાવ્યા, પછી તીર્થ કરવાની તૈયારી હતી ત્યાં રાત્રે બાર વાગ્યે મને કરુણ રૂદન સંભળાયું. હું જાગી ગયો. પાડોશમાં જોયું તો એક વિધવા બાઇ કરુણ હ્દયે રૂદન કરે છે. મેં પૂછ્યું, બહેન, શા માટે રડો છો? ભાઇ, આજ સાત દિવસ થયા મારા બાળકોને અનાજનો કોળિયો મળ્યો નથી. ઘરમાં અનાજનો દાણો નથી. ગામમાં માગવા જવાય તેમ નથી. મારા પતિ આજે પંદર દિવસ થયા મૃત્યુ પામ્યા છે.

ભાઇ! મારા દુ:ખનો કોઇ પાર નથી. વાંસની સળીથી ઝૂંપડી બનાવી રહીએ છીએ. હું મજુરી કરી જે મળે તેમાંથી મારું અને છોકરાંનું પેટ ભરતી હતી પણ તાવ આવવાથી ક્યાંય મજુરી કરવા જવાયું નથી. ધગધગતા શરીરે પથારીમાં પડી છું. આજે આઠ દિવસ થયા ભૂખ્યાં છીએ. મારાં ભૂખ્યાં ભુલકાનો કલ્પાંત મારાથી જોવાતું નથી. હવે હું શું કરું?''

રામુભક્ત કહે છે, ''ઠંડીમાં બાળકો ધ્રુજતાં હતાં. મારું હૈયું પીગળી ગયું. પાડોશમાં બાળકો અને વિધવા ટળવળે છે. માંદગીની પથારીમાં રિબાય છે ને હું તીર્થ યાત્રા કરવા કાલે જવાનો છું તે બરાબર નથી. ગરીબ બહેનના માથા ઉપર હાથ રાખી મેં આશ્વાસન આપી કહ્યું, બહેન હું તારો ધર્મનો ભાઇ છું. તું ચિંતા ન કર. પછી મેં બચાવેલ પૈસામાંથી અનાજ અને કપડાં લઇ દીધાં. ઘર સરખું કરાવી દીધું.'' ગરીબ બહેને આશીર્વાદ આપ્યા, ''ભાઇ, હે વીરા. તારી અડસઠ તીર્થની યાત્રા પૂરી થઇ. અમારી જીવનયાત્રાના ઉદરમાં તેં અનાજ પૂર્યું છે.

ભાઇ! તને ભગવાન ખૂબ ખૂબ સુખીયા કરે. ત્યારપછી મારા ઘરમાં આનંદ

છવાઇ ગયો.'' રામુભક્ત કહે છે, ''રાત્રે મને ભગવાને દર્શન આપ્યાં. રામુભક્ત! તને અડસઠ તીર્થનું પુણ્ય મળી ગયું છે. બેટા, તેં સાચી યાત્રા કરી છે. તારા ઉપર સદાય મારી કૃપા વરસતી રહેશે. બાપજી! ત્યારથી હું ખરેખર ખૂબ સુખિયો થયો છું. મારા જીવનમાં અને કુટુંબમાં ખૂબ સંપ અને શાંતિ છે. તીર્થના પણ તીર્થરૂપ ભગવાનનાં સાક્ષાત મને દર્શન થયાં છે. એ સ્વરૂપનાં દર્શન કરતાં કરતાં જીવન પસાર કરું છું.'' આવું સાંભળી મહાત્માજીએ બાથમાં લઇને રામુભક્તને ભેટી રાજીપો વ્યક્ત કર્યો.

નિષ્કુળાનંદસ્વામી કહે છે, ગમે તેટલા અવરોધ આવે તો પણ તેને તોડીને ભક્તિ માર્ગમાં આગળ વધે તે પ્રેમી ભક્તનું જીવન છે. મીરાંબાઇ, નરસિંહ મહેતા, ધ્રુવજી, પ્રહ્લાદજી, મુક્તાનંદ સ્વામી વિગેરે સંતો પણ સમાજના અવરોધો વચ્ચે પણ રસ્તો કરી આગળ વધ્યા છે.

**સોનું કદાપી અગ્નિ પરીક્ષાથી ગભરાતું નથી**
**કેમ કે એનાથી એ વધુ ઊજળું બને છે.**

સરિતા જોર ભેર આગળ વધતી જ જાય. પહાડોને ખુંદતી ખુંદતી સમુદ્રમાં ભળવા અધીરી બની વહેતી જ રહે છે. તેમ ભક્ત પણ અવરોધો, અડચણ, અપમાન બધાંને તોડતાં તોડતાં ધીરજ રાખીને ભક્તિ રૂપી નદી વહેતો વહેતો સહજાનંદ સાગરને મળવા કાજ અધીરોને તત્પર તલપાપડ બનીને હરિ સ્મરણ કરે છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આપણી રીત વિચારવી. એટલે આપણામાં દયાભાવ, સદ્ભાવ, ભક્તિભાવ અને સમર્પણભાવ કેટલો છે? તપાસતા રહેવું. આપણે સૌ જાણીએ છીએ ખાલી હાથે આવ્યા છીએ ને ખાલી હાથે જવાના છીએ. સાથે પુણ્ય ને પાપ ચાલશે. આગળ કઠિન રસ્તો છે છતાં જાણી જોઇને ભગવાનની આજ્ઞા શા માટે લોપો છો? ખોટનો ધંધો શું કામ કરો છો? આપણા હાથમાં વચનામૃત, શિક્ષાપત્રી જેવાં શ્રીમદ્ ભાગવત અને સત્સંગિજીવન જેવાં અને નિષ્કુળાનંદ કાવ્ય જેવાં શાસ્ત્રો છે. સર્વોપરી ઉપાસના છે. સોના જેવો સત્સંગ મળ્યો છે. નંદપંક્તિ જેવા સંતો મળ્યા છે. તો ભાવથી સત્સંગ કરી લેવો જોઇએ.

**બીજાં કામ તો કૈક કર્યાં, કેડે રાખ્યું એક કરવું કલ્યાણ ।**
**એને સમઝું સમઝવું, એ પણ જાણ તે અજાણ ॥**

નિષ્કુળાનંદસ્વામી ભલામણ કરે છે, સમજ્યા વિના જીંદગી બરબાદ કરશો નહિ. સાચા ભક્તને શોધવું સાચું. બીજાં તો અનેક કામ કર્યાં પણ કલ્યાણનું કામ બાકી



રહી જશે તો મોટી ખોટ રહી જશે. કલ્યાણમાં કાચું ન રાખવું. માણસ માટલું લેવા જાય ત્યારે ટકોરીને લે છે કે કાચું નથી ને. છિદ્ર નથી ને. નહિતર નકામા પૈસા જશે. ભક્તિ માર્ગમાં કચાશ રાખવી નહિ. વ્યવહાર માર્ગમાં પાકા થાઓ છો તેમ ભક્તિ માર્ગમાં પાકા થાઓ.

**આપે જમ્યા વિના આપણી, ભુખ કહો કેમ ભાગશે ।**
**નિષ્કુલાનંદ કહે સાચું કેતાં, કોઇકને દુઃખ પણ લાગશે ॥**

સ્વામી કહે છે, સાચું કહેતાં કોઇકને દુઃખ પણ લાગશે પણ સાચું કહ્યા સિવાય ખોટ ટળશે નહિ. પોતે જમે તો પોતાનું પેટ ભરાય. તેમ ભક્તિ પણ પોતાને જ કરવી પડશે. ડહાપણ મૂકીને મોક્ષ સુધારવો. આજથી પ્રભુમાં મસ્ત બની હરિ ભજન કરો અને ભગવાનની નાની મોટી આજ્ઞાનું યથાર્થ પાલન કરો. પ્રભુની આજ્ઞામાં રહેવામાં મજા છે. લોપવામાં સજા છે.

**જેટલું ભગવાનથી છેટે થવાય છે તેટલી સુખમાં ન્યૂનતા રહે છે.**

**રાગ સિંધુ–**

**કઠણ કસોટી મોટી મહારાજની, સહી રહે વળી કોઇ સંત શૂરા ।**
**જેમજેમ દુઃખ પડે આવી દેહને, તેમ તેમ તેમ પરખાય પૂરા; કઠણ. ॥**

જેમ જેમ દુઃખ પડે તેમ સહન કરી લે સંત શૂરા. નિષ્કુળાનંદસ્વામી કહે છે, આ નાશવંત સંસારનું ચક્ર એવું છે કે જેમાં દુઃખ તો વણમાગે આવવાનું જ છે. દુઃખની પ્રાપ્તિ માટે કોઇને પ્રયત્ન કરવો પડતો નથી. દુઃખને કોઇ આમંત્રણ આપતું નથી. છતાં પણ દુઃખ આંગણે આવીને ઊભું રહી જાય છે. આજે અનેક લોકો પૂછે છે કે દુઃખ દૂર કરવાની કોઇ ઔષધી છે? હા છે. શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં વિધિ નિષેધ સમજાવ્યો છે. આ કરવું ને આ ન કરવું એનું જો અડગપણે અક્ષરશઃ પાલન કરવામાં આવે તો દુઃખ નજીક આવી શકે નહિ. ખટકો રાખીને નિયમ ધર્મનું પાલન કરે તો તે જીવાત્મા મહા સુખિયો થાય છે. સુખી થાવાની અલૌકિક ચાવી આ છે. વ્યવહારની સાથે મોક્ષનું કાર્ય કરી લેવું.

**અનેક દેહ ખોયા અણ અરથે, તેહ દેહ કાંયે નાવ્યા કામે ।**
**હવે આદેહ હરિઅરથે કરી, રાખવું છે અચળ તે આઠું જામે; કઠણ.**

સ્વામી કહે છે, ઊંડાણમાંથી વિચાર કરજો. અનેક જન્મો મોહ, માયા ને મમતામાં ખોઇ નાખ્યા છે. હવે આ દેહે હરિ પ્રાપ્તિ અર્થે ભજન ભક્તિ કરીને અખંડ ધામને

પામી જાવ. જીવવું થોડું ને પંચાત ઝાઝી શું કામ કરો છો?! આ જગતમાં કેટલી મમતા રાખશો? થોડીક નિવૃત્તિ લેતાં શીખો. શાંતિથી બેસીને પૂજા, પાઠ, ભજન, કીર્તન કરી લ્યો. ઓચિંતો કાળ આવશે, ચાલો તૈયાર થઇ જાવ. લેવા આવ્યા છીએ. શું કાળને કહેવાશે કે મને થોડાક દિવસ મૂકી જાવ. તમારું કાંઇ નહિ ચાલે. ટાણું આવશે એટલે કાળ લઇ જવાનો છે. માટે અત્યારથી જ વ્યવહાર માર્ગની પંચાતની, આધિ વ્યાધિની બ્રેક મારતાં શીખો. ચેતી જાવ ને ભગવદ્‌ભક્તિમાં લાગી જાવ.

**એમ દ્રઢ ધિરજ ધરી કરીને, ભજે છે ભગવાન ભાને;**
**નિષ્કુળાનંદ કહે એમ જાણવું, અંતે અરથ પણ એજ આવે ; કઠણ.**

કોઇ કારણસર કદાચ હતાશા આવી ગઇ હોય પણ ભગવાન વળી સુખ શાંતિ આપી કોઇક દ્વારાએ ટેકો અપાવી દે છે. ધીરજ રાખવી. કહેવત છે ધીરજનાં ફળ મીઠાં. એ વાત સાવ સાચી છે. આપણા મનમાં એમ થાય કે શું થાશે, કેમ થાશે. ત્યાં આપો આપ બધું ભગવાન ગોઠવી દે છે. આ પરમેશ્વરની કૃપા છે. એવું ઘણી વખત આપણા જીવનમાં બનતું હોય છે. આપણને ખબર ન હોય ત્યાંથી રસ્તો નીકળી આવે ત્યારે સમજી જવું કે મારા ભગવાન આ રસ્તો કરી આવ્યા છે. પ્રભુ સુખ સાગર છે.

**અતિ ધીરજશાળી મયુરધ્વજ રાજા.**

**વળી કહું વાત એક અનૂપજી, ભક્ત એક રત્નપુરીનો ભૂપજી ।**
**નામ મયૂરધ્વજ સદાય સુખ રૂપજી, કરે યજ્ઞ હોમે હવિષ્યાન્ન તૂપજી**
**ઢાળ– હોમે હવિષ્યાન્ન જગન કરે, ભલો ભક્ત સત્યવાદી સઇ ।**
**ત્યાં શ્રીકૃષ્ણ અર્જુન આવિયા, વેષ વિપ્રનો લઇ ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, ધીરજશાળી મયુરધ્વજ રાજાની કથા સાંભળો. મયુરધ્વજ રાજા યજ્ઞ કરવાની બહુ ઇચ્છા ધરાવતા. યજ્ઞ પ્રેમી હતા. પ્રભુની ભક્તિ, ભજન, પૂજા, પાઠ કરે. અભ્યાગતને મનગમતું દાન આપતા. કોઇને નિરાશ મૂકતા નહિ. એના રાજ્યમાં યજ્ઞો ચાલુ જ હોય. તેના કુટુંબમાં ખુબ સંપ હતો. રાજા, રાણી અને પુત્ર આજ્ઞાપાલક અને ભગવદ્ ભક્ત હતા. દેહ જુદા હતા પણ મન એક હતું. પતિ પત્નિના દેહ જુદા હોય પણ મન એક હોય. ત્યાં સદાય ભગવાનનો નિવાસ રહે છે.

**શાંતિનું મૂળ શ્રી હરિનું સ્મરણ છે.**

ભગવાનને વિચાર થયો, મયુરધ્વજ રાજા મારો પરમ ભક્ત છે. તેની આજે



કસોટી કરવી છે. પરીક્ષા કરીએ તેમના અંતરમાં ધીરજ શક્તિ કેટલી છે. એવું ધારીને શ્રી કૃષ્ણ ભગવાન અને અર્જુન બે સાથે મળીને ગુરૂ શિષ્ય થઇને આવ્યા.

**કૃષ્ણ થયા કૃષ્ણ શર્મા, અર્જુન થયા તેના શિષ્ય ।**
**યજ્ઞશાળામાં આવિયા, જ્યાં બેઠા હતા નરેશ ॥**

શ્રી કૃષ્ણ ભગવાન ગુરુ બન્યા અને અર્જુન તેના શિષ્ય થયા. તપસ્વી બ્રાહ્મણનો વેશ લઇને યજ્ઞશાળામાં આવ્યા. ભૂદેવો સ્વાહા સ્વાહા કરતા અગ્નિમાં હવિષ્યાન હોમે છે. બે તપસ્વીઓને જોયા ને મયુરધ્વજ ઉભા થઇને આદર સત્કાર કરીને પગે લાગ્યા. “પધારો ભૂદેવો, પધારો. ભલે પધાર્યા પ્રભુ મારા, માગો કાંઇક મન અતિ અભિરામ.

આપ જેવા તપસ્વી ભૂદેવોથી મારો યજ્ઞ સફળ થયો. કહો, આપની શું સેવા કરીએ? માગો, જે માગશો તે આપીએ.” બ્રાહ્મણના વેશમાં ભગવાન બોલ્યા, “ત્યારે બ્રાહ્મણ કહે ધન્ય ધન્ય રાજા, સત્યવાદી તું સાચો સહી, પણ મારે છે જે માગવું, તે તર્ત તને કહેવાય નહિ. મારે તમારી પાસે માગવું છે પણ બોલી શકાય તેમ નથી. બહુ ગંભીર માગણી છે.” રાજાએ કહ્યું, “કાંઇ વાંધો નહિ. વિના સંકોચે માગી લ્યો. એમાં શા માટે ગભરાવ છો? રાજ્યની ઇચ્છા હોય તો મારું સમગ્ર રાજ્યપાટ આપી દઉં. બોલો, આપને શું જોઇએ છીએ?”

**ત્યારે દ્વિજ કહે ધર્મપુરથી, હું પુત્ર પરણાવા ચાલિયો ।**
**આવ્યા આ શહેરની સીમમાં, ત્યાં સુતને સિંહે ઝાલિયો ॥**

બ્રાહ્મણના રૂપમાં ભગવાન બોલ્યા, “હું ધર્મપુરથી મારા દીકરાને પરણાવવા માટે જાઉં છું. રસ્તામાં ઘાટું જંગલ આવ્યું ત્યાં અચાનક સિંહ દોડતો દોડતો આવ્યો અને મારા પુત્રને પકડ્યો. પંજા નીચે દબાવી દીધો. મને બહુ દુ:ખ થયું. મારો આનંદ ઉડી ગયો. અરરર! મારા પુત્રની આવી દશા?

એક જ પુત્રને એમ થયું, ગયું મારું કુળ સમૂળું સહિ. બુઢાપણમાં બાળક બીજો આવવાની આશા નહિ. હવે હું શું કરું? મેં રડતાં રડતાં સિંહને કહ્યું, તારે પેટ જ ભરવું છે ને. મારા પુત્રને મૂકી દે અને તેના બદલામાં મને ખાઇ જા ને સંતોષ માની લે. સિંહે મને કહ્યું, અમે જેને પકડીએ તેને છોડીએ નહિ. ઘણા દિવસનો ભૂખ્યો છું. આજે બરાબર શિકાર મળ્યો છે. તારા પુત્રને મૂકીશ નહિ. મારી નાખીશ.

ધરતીપર આળોટીને હું ઊંચે સાદે ખુબ રડ્યો. ખુબ અરજી કરી. મારા પુત્રને

છોડી દે. ત્યારે સિંહ બોલ્યો કે તારા દીકરાને બચાવવો હોય તો તું આ રતનપુરીના રાજા મયુરધ્વજ રાજા પાસે જા અને રાજાની રાણી ને રાજાનો પુત્ર બે મળીને રાજાનું અડધું શરીર બરાબર કાપીને આપે તો તું લઈ આવ. તો તારા દીકરાને છોડીશ. બોલો, મારાથી આવી દુઃખ જનક માગણી કરાય? તેથી મને માગતાં આંચકો લાગે છે.''

આવી કઠીન અને વિચિત્ર પરીક્ષા ભગવાન કરવા આવ્યા છે. દીકરો પરણાવવા જતા નહોતા છતાં પણ આવી મનકલ્પિત વાત રાજા પાસે રજુ કરી.

**અન્ન ધન આપે અવનિ, તેતો સત્યવાદીને છે સોયલું ।**
**પણ અંગ કાપીને જે આપવું, એથી બીજું શું દોયલું ॥**
**વણ માગ્યાનું જે માગવું, તેનો કરવો તપાસ ।**
**વે'રી આપે અંગ અધિપતિ, એવો આવે કેમ વિશ્વાસ ॥**

બ્રાહ્મણના રૂપમાં ભગવાન સિંહને કહે છે, ''કોઈ સત્યવાદી માણસ હોય, કદાચ બધુ જ અનાજ આપી શકે, બધા પૈસા આપી શકે, બધું રાજ્ય આપી શકે વિગેરે બધી ધન સંપત્તિ આપી શકે પણ પોતાનું શરીર કાપીને આપવું તે કોઈ આપી જ ન શકે. મને વિશ્વાસ નથી આવતો કે મયુરધ્વજ રાજા મને પોતાનું શરીર કાપીને આપશે.'' ત્યારે સિંહ બોલ્યો...

**ત્યારે વાઘ કહે એ વસમું નથી, અંગ આપશે જા તું અચિર ।**
**આગે અસ્થિ દધીચિયે આપ્યાં, આપ્યું શિબિયે કાપી શરીર ॥**
**કર્ણે કવચ આપિયું, આપ્યું બળિયે ત્રિલોકીનું રાજ ।**
**સત્યવાદીને છે સોયલું, જઇ જાચો ન પાડે તે ના જ ॥**

''તમે જાવ તો ખરા! સત્યવાદીની સમજણ ન્યારી હોય છે. એ બધું જ આપી શકે છે. દધીચિ ઋષિ પોતાના અસ્થિ ઈન્દ્રરાજાને આપ્યા હતા. વત્રાસુર અસુર હતો. કોઈથી મરતો નહોતો. ત્યારે સલાહ આપી કે દધીચિ ઋષિના શરીરનાં હાડકાંમાંથી વજ્ર બનાવશો ત્યારે તેના થકી વત્રાસુરનું મૃત્યુ થશે. પછી ઈન્દ્ર રાજા દધીચિ ઋષિ પાસે આવ્યો. સવિસ્તારથી વાત કહી સંભળાવી. દધીચિ ઋષિએ કહ્યું, અસુરનો નાશ થાય અને જગતના તમામ જીવાત્માઓને શાંતિ થાય તો મારા અસ્થિ લઈ જાવ.''

**આ ગ્રંથ હારેલાને હિંમત આપે છે.**

કોઈને પોતાનાં હાડકાં આપી દેવાં એ કાંઈ સહેલી વાત નથી. જીવન સમાપ્ત



થાય ત્યારે હાડકાં અપાય. ભગવાન બ્રાહ્મણના રૂપમાં કહે છે, ''સિંહે મને કહ્યું છે કે દધીચિ ઋષિ સત્યવાદી ને હિંમતવાળા હતા. તેવા જ હિંમતવાળા મયુરધ્વજ રાજા છે. તમે જાવ તો ખરા! તમને ના નહિ પાડે. તેથી તમારી પાસે આવ્યા છીએ. તમારું અડધું શરીર કાપીને અમને આપો તો મારો દીકરો બચી જાય ને તમારું મૃત્યુ થાય. બોલો, આ વાતનો શું નિકાલ કરશો?'' નથી કહેવાતી વાત ને નથી મુકાતી પુત્રની આશા. વિકટ સંકટ આવીયા, એક એક થકી અધીક, નિષ્કુળાનંદનો જે નાથ કરશે, તે જ થાશે અંતે ઠીક.

**ત્યારે રાય બોલિયા થઇ પ્રસન્નજી, ભલે તમે આવિયા મારે ભવનજી ।**
**આપીશ હું તમને આ મારું તનજી, તે જાણજ્યો તમે જરૂર મનજી ॥**

મયુરધ્વજ રાજા કહે છે, ''હે ભૂદેવ! તમે ચિંતા ન કરો. બ્રાહ્મણનો દીકરો બચી જતો હોય તો મારા જીવનને સમાપ્ત કરવા તૈયાર છું. મને મારા શરીરમાં કોઈ આસક્તિ નથી. મોડું વહેલું મરવાનું તો છે જ. જલદી મારું અડધું શરીર કાપીને લઈ જાવ ને બ્રહ્મકુમારનો બચાવ કરો.''

**ત્યારે ત્યાં મેરૂધ્વજને તેડાવિયો, આપી રાજગાદી એહને ।**
**પુત્ર પ્રજાને પાળજો, મ ટાળજો હરિશું સ્નેહને ॥**

રાજાએ પોતાના પુત્ર મેરુધ્વજને પાસે બોલાવ્યો. ''બેટા, આજથી આ રાજ્યનો તમામ કારભાર તમને સોંપુ છું. પુત્રની જેમ પ્રજાનું પાલન કરજો અને પ્રભુનું ભજન સ્મરણ કરજો. ગમે તેવી વિપત્તિ આવે પણ ભગવાનનું સ્મરણ ભૂલશો નહિ.'' સાચી સંપત્તિ અને વિપત્તિની વ્યાખ્યા શું છે? પ્રભુનું સ્મરણ એ સંપત્તિ અને પ્રભુનું વિસ્મરણ એ વિપત્તિ.

મયુરધ્વજ રાજાએ સ્નાન કર્યું. વસ્ત્ર પહેરી કંઠમાં તુલસીની કંઠી પહેરી લીધી. હરખતે હૈડે જીવન કુરબાન કરવા તૈયાર થયા. મંગાવ્યું કરવત વેરવા ત્યારે, અકળાઈ ઊઠ્યું ગામ. આ નિર્દય બ્રાહ્મણ કોણ જાણે ક્યાંથી આવ્યો છે? ચોક્કસ રાજાનો શત્રુ હશે તેથી અડધું શરીર માગે છે. દોડાદોડ થઈ ગઈ. નગરની પ્રજા આક્રંદ કરી ધ્રૂસ્કા મૂકીને રડે છે. હાહાકાર મચી ગયો. ''ધિક્કાર છે નિર્દય બ્રાહ્મણને કે અમારા પુણ્યશીલ રાજાને મારવા આવે છે!'' ત્યારે રાજાનો પુત્ર કહે છે...

**ત્યારે મેરુધ્વજ એમ કહે, હું સુત તમારો તમારૂં તન ।**
**આપો મને એ વિપ્રને, વળી કરો એને પ્રસન્ન ॥**

"હે પિતાજી! હું તમારા બદલે મારું અડધું શરીર આપવા તૈયાર છું. બાપનું બીજું સ્વરૂપ એમનો પુત્ર છે માટે મને અર્પણ કરી દો ને બ્રાહ્મણના પુત્રને બચાવી લ્યો." ત્યારે રાજરાણી બોલ્યાં, "દીકરા, તું રહેવા દે. હું તારા પિતાજીનું અડધું અંગ છું તેથી મારું અડધું શરીર કાપીને આપી દો. સિંહ મને ખાઈ જશે ને બ્રહ્મબાળ બચી જશે."

આવી વાત સાંભળી બ્રાહ્મણના રૂપમાં ભગવાન હતા તે ખિજાઈ ગયા. "વાત વીખેરાઈ ગઈ છે. કુંવર કહે છે, મારું અડધું અંગ લ્યો. રાણી કહે છે, મારું અંગ લ્યો. નક્કી વાત થતી નથી. ઢીલી વાત કરો છો.

**પડી વાત પંચાયતે, તે ન નિપજે નિરધાર ।**
**નિષ્કુલાનંદના નાથને, એવું ગમિયું આ વાર ॥**

પહેલેથી ચોખ્ખી ના પાડી દેવી હતી ને! નકામો અમારો સમય બગાડો છો. સત્યવાદી થઈને ખોટાં બહાનાં બતાવો છો." આપણી આવી કસોટી ભગવાન લે તો શું થાય? તરત કહી દઈએ, અંગ કાપીને અમે નહિ દઈએ. તારો દીકરો બચે તો ભલે ને ન બચે તો પણ ભલે. અમારે એવા સત્યવાદી થવાની જરૂર નથી. આ તો સત્યવાદીની વાત છે.

**ત્યારે કુમુદ્વતીને કહે દ્વીજ આમજી, નારી અંગ નરનું પણ વેદે કહ્યું વામજી**
**માટે અંગ તારું નાવે એને કામજી, એણે તો લીધું છે દક્ષિણનું નામજી**

મયુરધ્વજ રાજાનાં રાણીનું નામ કુમુદવતી હતું. બ્રાહ્મણ રૂપમાં ભગવાન કહે છે, "અમારે ડાબા અંગની જરૂર નથી." તમને ખ્યાલ હશે કે રાધાજી શ્રીકૃષ્ણ ભગવાનની ડાબી બાજુ હોય. સીતાજી, લક્ષ્મીજી ડાબી બાજુ હોય છે. ભૂદેવ કહે છે, "જલદી કરો." તરત ખુલ્લા ચોકમાં બે થાંભલા ઊભા કર્યા. આગળ રાણી અને પાછળ પુત્ર કરવત લઈને ઊભા છે.

બે થાંભલાની વચ્ચે રાજા ઊભા રહ્યા. કહે છે આજે ઉત્તમ તક આવી છે. ધન્ય ધન્ય મારા દેહને, જે આવ્યું બ્રાહ્મણને કાજ. લાવો કરવત કાકરી, આકરી કરી તેની ધાર, માથું ચીરીને મારું, તરત જઈ પોંચે પાર. કરવતની ધાર તેજ કરો, અને પાછળ રહેજે તું પુત્ર મારા, સામી રહેજે વળી તું સુંદરી, વચ્ચેથી માંડો તમે વેરવા. અતિશય હરખ હૈયે ભરી. રાજા કહે છે, "મારા શરીરની પીડા જોઈને તમે કોઈ રડજો નહિ. રાજી થઈને દાન અપાય પણ દિલગીર થઈને દાન અપાય નહિ. હિંમત રાખી ભગવાનનું નામ લઈને કરવત ચલાવો."



## જ્યાં કોઇ ચાવી કામ કરતી નથી
## ત્યાં ધીરજ કામ કરે છે.

પુત્રે કરવત ઉપાડી બરાબર રાજાના માથાની વચ્ચે રાખી. ત્યાં તો નગરની પ્રજા ધ્રુસકા મૂકી પોક મૂકી રડે છે. રાજા કહે છે, "અસ્રકની છોળ્યું ઉડશે, તમે રહેજો છેટે નરનાર."

**નિષ્કુલાનંદનો નાથ જોતાં, કર્યું કરવત તૈયાર ॥**

પાછળ પુત્ર ને આગળ પત્ની છે. માથા ઉપર કરવત સડસડાટ ચાલવા માંડ્યું. લોહીની પિચકારીઓ છૂટે છે. ભયંકર દુઃખ જોવાતું નથી. લોકો ઊંચાં અવળાં મોઢાં કરી ધ્રુસકે ધ્રુસકે રડે છે. "રહેવા દો અમારા રાજાને. મારો નહિ. લાકડાની જેમ વેરો નહિ." અતિ કરુણ દૃશ્ય સર્જાઈ ગયું છે.

**રાગ સિંધુ– આકરે કાકરે કરવત કાઢિયું, વાઢિયું મસ્તક લલાટ લગે**
**ધડક ફડક થડક નથી મને, અચળ અકળ ઉભા એક પગે; આકરે.**

શાક સુધારતા અચાનક જંતુ આવી જાય તો કંપારી થઈ જાય પણ આ ભૂદેવને આજે કાંઈ થતું નથી. પ્રભુ આકરામાં આકરી પરીક્ષા કરે છે. પ્રભુનો દયાળુ સ્વભાવ છે. ભક્તનું દુઃખ કેમ જોઈ શકતા હશે? પણ સોનાને ચળકતું બનાવવું છે. હીરાને ઓપ આપવો છે. તેથી કસોટી કરે છે. કપાળ સુધી કરવત આવ્યું. ત્યાં રાજાની ડાબી આંખમાંથી આંસુની ધાર ચાલી. એવું જોઈને ભૂદેવ છટક્યા. ક્રોધથી બોલ્યા, "કલ્પાંત કરીને આપેલું દાન મારે નથી જોઈતું. રડતાં રડતાં દાન આપે તે શું કામનું?! હસતાં હસતાં રાજીપેથી દાન કરે એ સાચું દાન કહેવાય. રોતાં રોતાં દાન કરે એ અમને ન ખપે." મયુરધ્વજ રાજા કહે છે, "હે ઋષિરાજ! અકળાશો નહિ. શાંતિ રાખો. ડાબી આંખમાં આંસુ શા માટે આવે છે તેનું કારણ સાંભળો.

**પછી આવીને પૂછિયું એહ અંગને,**
**કહે આંસુ આવ્યાનું કારણ સહિ ।**
**ત્યારે તે કહે અભાગ્ય શી અર્ધા અંગની,**
**જે બ્રાહ્મણને અર્થે આવ્યું નહિ; આકરે. ॥**

ડાબી આંખમાં આંસુ એટલે આવ્યાં છે કે જમણું અંગ બ્રાહ્મણને જીવિત દાન આપવામાં પરોપકાર માટે કામ આવશે અને ડાબુ અંગ કોઈને કામ નહિ આવે. જમણી

આંખ અને જમણુ અંગ ભાગ્યશાળી થઇ ગયું.'' આવું સાંભળી ભૂદેવ મટીને ચતુર્ભુજ નારાયણ પ્રગટ થયા. ''રાજન્! ધન્ય છે તમારી ધીરજ શક્તિને અને દ્રઢતાને. આવી કઠિન પરીક્ષા મેં લીધી છતાં આપ જરાય હિંમત હાર્યા નથી. ભલભલા ડગી જાય તે હસતે મુખે તમે કષ્ટ સહન કરી લ્યો છો. કાચા પોચાનું એ કામ નથી.''

પ્રભુએ પોતાનો હસ્તકમળ રાજાના મસ્તક ઉપર મૂક્યો. તરત જ કપાયેલો ભાગ જોડાઇ ગયો. હતું તેવુંજ મસ્તક થઇ ગયું. તરત પીડા મટી ગઇ. રાણી જોતાં જ રહી ગયાં. આ બધું શું દેખાય છે? બે હાથ જોડી પ્રભુ સામે જોઇ રહ્યાં છે. પ્રભુ કહે છે, ''હે રાજન! તમારું મનોબળ મજબૂત જોઇને દયાભાવ જોઇને હું ખૂબ જ પ્રસન્ન થયો છું. જે જોઇએ તે વરદાન માંગો.''

**મયૂરધ્વજ કહે માગું હું તે દેજોજી, આવું રૂપ અનુપ રુદિયામાં રે'જોજી**
**વળી એક બીજું મારે માગવું છેજોજી, હવે આવી પરિક્ષા કેનીએ મ લેજોજી**

મયુરધ્વજ રાજા પ્રભુને પગે લાગી બે હાથ જોડી કહે છે, ''આવું રૂપ અનુપ રૂદિયામાં રહેજો. આવા ને આવા રે, આવા ને આવા રે, રહેજો મારી આંખલડીમાં આવા ને આવા. આવા ને આવા મારા નાથ બિરાજો, હાંરે મારા તનડાના તાપ બુઝાવવા રે. બીજું એ વરદાન માગું છું કે મારી પરીક્ષા તમે લીધી છે તેવી જીવલેણ પરીક્ષા મહેરબાની કરીને કોઇની લેશો નહિ.'' વિચાર કરો! જીવતા માણસના માથા ઉપર કરવત ચલાવવી તેની કેવી ભયંકર દશા થતી હશે. કોઇને ગુમડું થયું હોય અને ડોક્ટર જરા દબાવે તો કેવું વસમુ લાગે તો કરવતથી લાકડાની જેમ માથાના બે ભાગ કરવા તે કેટલું કઠિન દુઃખ છે!

''હે પ્રભુ! કળિયુગમાં આવી પરીક્ષા કોઇની લેવા જશો તો કોઇ તમને ભગવાન તરીકે માનશે નહિ. કઠિન કસોટી સહન કરી શકશે નહિ.''

**સંકટના કંટક વડે જ જીવનનું ગુલાબ ખીલે છે.**

ભગવાને કહ્યું, ''હે રાજન્! આજથી વચન આપું છું, હવે કોઇ પણ ભક્તની આવી કસોટી નહિ કરું.'' નિષ્કુળાનંદસ્વામી કહે છે...

**સત્ય શ્રદ્ધા ધીરજપણું, જોઇએ એના જેવો વિવેક ।**
**ધર્મ પણ દ્રઢ ધારવો, જોઇએ એના જેવી ગ્રહી ટેક ॥**

એક ટેક વાળા બનજો. જીવનમાં સત્ય, શ્રધ્ધા, ધીરજપણું, વિવેક, ધર્મ ધારવો અને જોઇએ મયુરધ્વજ રાજાના જેવી ટેક. બુધ્ધિથી પાકો નિશ્ચય કરી લ્યો. મારે ભગવાન



સિવાય કાંઇ વહાલું રાખવું નથી. પાકો નિશ્ચય થઇ જાય તો જીવાત્માનું કામ થઇ જાય લૌકિક માર્ગમાં પણ શૂરવીરતા જોઇએ ને ભક્તિ માર્ગમાં પણ શૂરવીરતા જોઇએ. રગેરગમાં સંસારના જ લોચા ભર્યા છે. એક ક્ષણ પણ સંકલ્પ વિકલ્પ વગર જાતી નથી. સો વાતની એક વાત છે. ભગવાન પ્રાપ્ત કરવા હોય તો હૃદયમાં એક ભગવાનને જ રાખો.

**પળે પળે રંગ પલટે ચઢે, કૈ'યે નવલ કસુંબી કૈ'યે ૧નીલનો ।**
**એક રે'ણી કે'ણી એક રીત નહિ, સ્વભાવ સમ રસલીલનો ॥**

જીવનમાં એક જ રંગ રાખો. કાચીંડાની જેમ રંગ બદલાવો નહિ. બોલવાનું જુદુ, કરવાનું જુદુ એવું કપટ ન કરવું. રહેણી કહેણી એક રાખો અને ભગવાનમાં પ્રેમ કરો. વચનામૃતમાં સોમલાખાચરે પૂછ્યું, ''હે મહારાજ, પરમેશ્વરને વિષે દ્રઢ પ્રીતિ થવાનું કારણ શું છે? પ્રીતિ અતિશય કરીએ છીએ છતાં વાસના કેમ ટળતી નથી?'' શ્રીજીમહારાજ બોલ્યા જે, ''પ્રસંગ તો કરો છો પણ અડધો અમારો પ્રસંગ કરો છો અને અડધો જગતનો પ્રસંગ કરો છો તેથી ભગવાનમાં દ્રઢ પ્રીતિ થતી નથી.''

**જેમ ઇક્ષુ પામે અમૂલ્યતા, તેતો પ્રથમ પોતે પીલાય છે ।**
**ત્યાર પછી ચડે તાવડે, તેનાં ગોળ ખાંડ સાકર થાયછે ॥**

ઇક્ષુ એટલે શેરડી. શેરડી ચીચુડામાં પીલાય, પછી રસ નીકળે, પછી તે રસને અગ્નિના તાપમાં ઉકાળે. પછી તેમાંથી ગોળ, ખાંડ અને સાકર બને છે. એની કીમત વધે છે. કીમતી બનાવવા માટે ચીચુડામાં પીલાવું પડે. તાવડે ચડવું પડે. કસ્યા વિના કોઇ વસ્તુ ખરે ખપે નથી આવતી. એમ સમજી સંકટ સહો તો ભલી ભજી જાય ભગતી.

**શેખમીયાંની કસોટી.**

ગામ ગોંડળના શેખમીયાં મુસલમાન હતા, પણ શ્રીજીમહારાજમાં પાકી નિષ્ઠા હતી. રહેણી કહેણી હિંદુથી પણ સવાઇ હતી. નિયમ ધર્મનું નિત્ય પાલન કરતા. શેખમીયાં જ્યારે ગઢપુરમાં દર્શન કરવા આવે ત્યારે શ્રીજીમહારાજ ફૂલનો હાર પહેરાવીને ભરી સભામાં આગળ બેસાડે. આવું બધું કાઠી દરબારને જરાય ગમે નહિ. મુસલમાનનો આટલો બધો સત્કાર પ્રભુ કરે છે તે બરાબર નથી. યવનનો સત્કાર કરાય જ નહિ.

અરસ પરસ બોલ બોલ ચાલુ થઇ જાય. આપણાથી આગળ મુસલમાન બેસે તે જરાય વ્યાજબી નથી. ટીકા કરે. ખુણામાં બેસીને મીયાંની વાતુ કરે. શ્રીજીમહારાજે

આ વાત જાણી લીધી.

**શેખમીયાંની પરીક્ષા કરું,**
**કાઠીની અકળામણ ઉતારું.**

કાઠી દરબારની નજરું આગળ બતાવું કે શેખમીયાં કેવા ભક્ત છે. કથાની સમાપ્તિ થઈ. કથામાંથી બધા ઊઠી ગયા. મિયાંજી બેઠા છે. શ્રીજીમહારાજે કહ્યું, ''મિયાંજી, તમે ઊભા થઈને અમને કાંઈક મારો.'' ''અરે મહારાજ! તમે તો અમારા જીવન પ્રાણ છો. સેવા કરાય, પૂજા કરાય, જમાડાય પણ મરાય નહિ. પાપ લાગે ને નરકમાં પડવું પડે. મહારાજ, મારી જીભથી કાંઈ વધઘટ નહિ બોલું. તમે તો મારા આત્માના આધાર છો પ્રભુ.''

શ્રીજીમહારાજ કહે છે, ''ફક્ત હાથ ઊંચો કરીને મારવાનો દાવો કરો. કરવું જ પડશે.'' ઘણો આગ્રહ કર્યો તેથી મિયાંજીએ જરાક હાથ ઉંચો કર્યો. પ્રભુએ માનવ ચરિત્ર ચાલુ કર્યું. રાડ પાડી. ''દોડો દોડો! મને શેખમિયાં મારે છે. અમે કાંઈ તેનું બગાડ્યું નથી.'' ત્યાં તો કાઠી દરબાર દોડીને ધક્કા મારીને બહાર કાઢી આવ્યા. ''સાલા હરામી! શ્રીજીમહારાજ સામે હાથ ઉપાડતાં શરમ નથી આવતી? ઉપકારનો બદલો મારવામાં વાળે છે. નીકળ બહાર!''

મિયાંજી અંતરમાં ઊંડા ઉતરી ગયા. એક બાજુ બેસી માળા ફેરવે છે. ત્યાં એક સંતને દયા આવવાથી જમવાનું આપ્યું તો પ્રભુએ કહ્યું, ''આ મારકણાને કોણે જમવા આપ્યું છે? કાઢો બહાર!'' તરત કાઠી આવ્યા અને ભોજનની થાળીમાં ધુળ નાખી હોકીરો કરીને ધક્કા મારીને બહાર કાઢી મૂક્યા. હવે શું કરવું? પછી શેખમિયાં ગઢડાથી ગોંડલ આવ્યા. ત્યાંના રાજાની નોકરીમાં રહ્યા. શ્રીજીમહારાજે કહેવરાવ્યું, ''મિયાં મારકણો છે. તેને નોકરીમાં રાખજો નહિ. કાઢી મૂકો. એ અમને ગઢડામાં મારવા આવ્યો હતો.'' રાજાએ નોકરીમાંથી કાઢી મૂક્યા. મિયાંજીને ખૂબ દુઃખ થયું. રડતા રડતા રાજકોટમાં આવ્યા. ત્યાં અંગ્રેજ રાજ્યમાં નોકરી મળી ગઈ. ત્યાંથી પણ કઢાવ્યા. હવે શું કરવું ને ક્યાં જાવું ?

ગુજરાન કઈ રીતે ચલાવવું? બહુ મૂંઝાય છે. છતાં પણ શ્રીહરિનો રંચ માત્ર અભાવ આવ્યો નહિ. શ્રીહરિ જે કરતા હશે તે સારું જ કરતા હશે. પછી શેખજીએ દાદાખાચર પાસે રડતાં રડતાં વાત કરી કે, ''હું પ્રભુનો અપરાધી છું. પ્રભુ તો બહુ દયાળુ છે. બધું જાણે છે છતાં મારી વતીથી અરજી કરજો કે મને માફી આપી ને અપનાવી



લે. મને અંતરમાં ખૂબ દુઃખ થાય છે. જીવ બળે છે. શ્રીજીમહારાજનાં દર્શન ક્યારે થશે? મને ક્યાંય ગમતું નથી. હૃદય ઠરતું નથી. શાંતિ થતી નથી. શ્રીજીમહારાજ જલદી મળે એવી કૃપા કરજો.'' દર્શન વિના દિલ ઝંખે છે. રડતાં રડતાં કીર્તન ગાય છે.

**દુઃખી દિવસ ને શ્રીજી વિના . . દુઃખી . .**
**સાંભળ સખી મુજ વાત શ્રીજી વિના . . દુઃખી . .**
**ઘડીઓ જુગ જેવી થઇ રે, દિવસ કલ્પ સમાન;**
**માસ પક્ષ જાતા નથી રે, ભાવે ન ભોજન પાન. શ્રીજી . .**
**ચિત્ત મરું અતિ ચરચરે રે, આંખે આંસુડાની ધાર**
**પંથ નિહાળું પ્રેમથી રે, ક્યારે મળશે ધર્મકુમાર. શ્રીજી . .**

દાદાખાચરે શ્રી હરિને વાત કરી. પ્રભુએ કહ્યું, ''શેખમિયાંને બોલાવો. હું એના ઉપર ખુબ રાજી થયો છું.'' સમાચાર મળતાં મિયાંજી દોડતા ગઢપુર આવ્યા. ફળીયામાં જ દંડવત કરવા લાગી ગયા. શ્રીજીમહારાજ સફાળા ઊભા થઈને બાથમાં લઈને ભેટ્યા. માથા ઉપર હાથ ફેરવતાં કહ્યું, ''ધીરજ રાખો ભક્તરાજ.''

**તમે કઠણ પરીક્ષામાં પાસ થયા છો.**

શ્રીજીમહારાજ ગાદી તકીયા ઉપર બિરાજમાન થયા છે. પોતાની બાજુમાં મિયાંજીને સહુ હરિભક્તોની આગળ બેસાર્યા. મિયાંજી પ્રભુના ચરણમાં મસ્તક મૂકી આંખનાં આંસુથી શ્રીજીનાં ચરણ પલાળી દીધાં. ભરી સભામાં શ્રી હરિએ કહ્યું, ''આ શેખમિયાંજીની અમે વગર વાંકે કૂતરાની જેમ તિરસ્કાર કર્યો. હડધૂત કર્યા. નોકરીમાંથી કઢાવ્યા છતાં એને અમારો રંચમાત્ર અંતરમાં અભાવ આવ્યો નથી. વડવાનળ અગ્નિ જેવા એકાંતિક ભક્ત છે. એવા ભક્ત ઉપર વગર કહ્યે હેત થાય છે.''

**આદરણીય ભક્ત છે, મિયાંજી.**

આવું સાંભળી સભામાં બેઠેલા કાઠી દરબારો કહેવા લાગ્યા, ''સાચી વાત છે. આપણે પણ કેવા ધક્કા મારીને ન કહેવાના શબ્દો કહ્યા છતાં જરાય ગુસ્સે થયા નહિ. સત્સંગી ભક્તજનોનો અભાવ આવ્યો નહિ. બીજાની આવી પરીક્ષા લે તો એ તો મૂળગેથી જાય. ઢીલો થઈ જાય. સત્સંગથી બહાર નીકળી જાય ને ફાવે તેવી નિંદા કરે. પણ ધન્ય છે શેખમિયાંની ધન્યતાને. ખરેખર આગળ બેસાર્યા જેવા આદરણીય ભક્ત છે.''

નિષ્કુળાનંદસ્વામી કહે છે, લુહાર એરણ ઉપર લોઢું રાખીને અગ્નિથી બરાબર

તપાવીને જલદી જલદી જોરથી ટીપે ત્યારે હથિયાર બનાવી શકે છે. હથિયારને આકાર આપવા માટે બરાબર ટીપે. પછી તેની કીમત વધે છે. તેમ માણસ દુઃખ રૂપી તાપમાં અને જ્ઞાન રૂપી એરણમાં ટીપાય છે ત્યારે તેની કીમત વધે છે. સદગુરૂ રૂપી લુહારની ટીપ હસતે મુખે સહન કરવી પડે તો જ ઘાટ નીકળે. નહિતર કટાયેલું લોઢું જ રહી જાય. પછી ભંગારમાં જાય, એની કોઇ કીમત નહિ. ટીપ સહન કરે તો મુક્તદશાને પામી જાય.

**પોંચ વિના પર્વતે ચડ્યાની, હૈયે કરે કોઇ હોંસ ।**
**નિષ્કુળાનંદ કહે નહિ બને, અમથો થાશે અપસોસ ॥**

સ્વામી દૃષ્ટાંત આપે છે, ઢીંચણ ખૂબ દુખતા હોય, ઘરથી ભાગોળ સુધી ચલાતું ન હોય અને કહેશે કે હું ગિરનાર પર્વત ચડવા તૈયાર છું, તે કેમ બનશે? ક્યાંક વચ્ચેથી પડશે ને હાડકાં ભાંગશે. પછી પસ્તાવો થશે. પહેલી પહોંચ વિચારો. પછી સાવધાન અને શૂરવીર થાઓ. ભગવાનનો મહિમા સમજાઇ જાય તો આપણું કામ થઇ જાય. ચિત્રકેતુ રાજાએ કરોડ સ્ત્રી મૂકીને પ્રભુનું શરણ સ્વીકારી લીધું. દંતિયા ગામના દીનમણી શર્મા સોનાની થાળીમાં જમતા. ઘર આંગણે અષ્ટસિધ્ધિ ને નવનિધિ આંટા મારતી પણ સર્વોપરી શ્રી હરિનો મહિમા સમજાણો તો તમામ મમતા મૂકીને નિત્યાનંદ સ્વામી થયા.મહિમા સમજવાની વાત અનોખી છે.

## અતિ દયાળુ ઋભુરાજા.

**પ્રભુ ભજવા જેને કરવો ઉપાયજી, તેને એમ કરવું જેમ કર્યું ઋભુરાયજી**
**પ્રભુ પ્રસન્ન કરવા ગયા વનમાંયજી, આરંભી તપ ઉભા એક પાયજી**

નિષ્કુળાનંદસ્વામી ઋભુ નામના એક રાજા થયા તેની કથા કહે છે. રાજાએ વિચાર કર્યો કે મારે તપ કરી અખંડ પ્રભુનું સ્મરણ કરી પ્રભુને રાજી કરવા છે. પ્રભુને આપણા અંતરના ઓરડામાં પધરાવવા હોય તો પવિત્ર ચોખ્ખું હૃદય જોઇએ. તમે પિત્તળના વાસણમાં છાશ રાખો તો છાશ બગડી જાય. ત્રાંબાના વાસણમાં દૂધ બગડી જાય. તેલ કલાઇના વાસણમાં રાખો તો કટાઇ જાય. પ્રત્યેક ક્ષણ પરમાત્માનું ચિંતવન કરો તો અંતઃકરણ પવિત્ર થાય છે ને પ્રભુ તેમાં નિવાસ કરીને રહે છે.

ઋભુરાજા રાજ્ય દરબાર, સુખ, સંપત્તિ તમામ વૈભવ તજીને વનમાં ગયા. વિચાર કરો, રાજયનો ત્યાગ કરીને વનમાં જવું સહેલું નથી. કઠીન કામ છે. બે હાથ



ઊંચા કરી એક પગે ઊભા રહી તપ કરે છે. અખંડ પ્રભુનું ધ્યાન કરે છે. તનને રાખ્યું છે તપમાં, મન રાખ્યું છે મહાપ્રભુમાંય. દેહ અને મન સ્થિર થઇ ગયા. દેહ દશા ભુલાવા લાગી. જગત વિસરાઇ ગયું. સમયની ખબર નથી. પ્રભુ પ્રેમમાં ડૂબી ગયા. ધીમે ધીમે ખાવા પીવાનું બંધ કરી દીધું. કેવળ વાયુભક્ષણ કરે છે ને શ્વાસો શ્વાસ ૐ નારાયણાય નમઃ, ૐ નારાયણાય નમઃ મંત્રના જપ કરે છે. અન્ન જળ બંધ થવાથી ધીમે ધીમે શરીર સુકાતું જાય છે.

**શરીર સર્વે સુકી ગયું, રહ્યું નહિ લોહી ને માંસ ।**
**અસ્થિ રહ્યાં એક અંગમાં, રહ્યો શ્વાસ વણ વિશ્વાસ ॥**

પેટ ચોટી ગયું. માથું અને ઘૂંટણ મોટા દેખાવા લાગ્યા. કેવળ અસ્થિ દેખાય છે. સાવ કૃશ શરીર થઇ ગયું છે. સુકા કાષ્ટ જેમ ઊભા રહ્યા, અરણ્યમાં એકાએક, હાલે ચાલે નહિ ચરણે, એવી ગ્રહી આકરી ટેક. શરીર ઉપર માંખ મચ્છર બેસે, ભમરી ડંસ મારે છતાં હલતા નથી. ઉડાડતા નથી. ચિત પ્રભુમાં ચોટી ગયું છે. દેહ દષા ભુલાઇ ગઇ છે. મુક્તદશા પામી ગયા છે. દેહ દૃષ્ટિ રહી નથી. બ્રહ્મરૂપ થઇ ગયા છે.

પ્રહ્લાદજીની બ્રહ્માકાર દૃષ્ટિ થઇ તો થાંભલામાં પણ ભગવાનનાં દર્શન થયાં. ધ્રુવજીની બ્રહ્માકાર દૃષ્ટિ થઇ ગઇ તો અંતરમાં ભગવાનનાં દર્શન થયાં. કરણીબાની બ્રહ્માકારે દૃષ્ટિ થઇ તો યજ્ઞ થાય ડભાણમાં ને દર્શન થાય ધમડકામાં. ઋભુરાજા આટલું કઠિન તપ શા માટે કરે છે?

**રાજી કરવા રમાપતિ, અતિ આકરું તપ આદર્યું ।**
**ધરણી લાગી ધ્રુજવા, સ્વર્ગ કંપાયમાન કર્યું ॥**

પ્રભુને રાજી કરવા તપ કરે છે. બીજી કોઇ આશા નથી. આકરું તપ જોઇને ધરણી લાગી ધ્રૂજવા. સ્વર્ગલોકના રાજા ઇન્દ્ર વિચાર કરતા થઇ ગયા. આપણા કરતાં પુણ્ય ઋભુરાજાનું વધી જશે તો?! (ઇન્દ્રાસન) ઇન્દ્રલોકનું રાજય લઇ લેશે. ઇન્દ્રરાજા સદાય ડરતો જ હોય. મારાથી કોઇ પણ પુણ્યમાં વધી જાય નહિ. સત્તા ઝૂંટવાઇ જશે. હવે શું કરવું? ચાલો આપણે બધા ભગવાન પાસે જઇએ. પ્રાર્થના કરીએ કે ઋભુરાજાને તપ કરતા બંધ કરો.

**ત્યારે સુર ગયા શ્રીપતિ પાસજી, અમર સહુએ કરી અરદાસજી ।**
**અમને રાખ્યા ત્યાં અમે કર્યો છે નિવાસજી,**
**પણ હવે નથી હરિ એ સ્થાનકની આશજી ॥**

સ્વર્ગના રાજા અને દેવતાઓ ભગવાન પાસે ગયા. પ્રાર્થના કરી કે, ''હે પ્રભુ! અમારું સ્થાનક ઋભુરાજા લઈ લેશે. માટે તમે જલદી ત્યાં જાવ અને કઠિન તપશ્ચર્યા કરતા ઋભુરાયને દર્શન આપી તપ કરતા બંધ કરો.'' શ્રીહરિ કહે સુર સાંભળો, તમે જાઓ તમારે સ્થાનકે, એમ કહીને ઊઠિયા, અવિનાશી અચાનકે. ઋભુરાયના અંતરમાં પ્રકાશ છવાઈ ગયો. પ્રકાશ મધ્યે ચર્તુભુજ નારાયણ પ્રગટ થયા. પીળું પિતાંબર, માથે મુગટ, કાને કુંડળ, હસ્તુ મુખારવિંદ. ઋભુરાજાએ પ્રભુના ચરણારવિંદમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. આનંદનો પાર ન રહ્યો. ધન્ય ઘડી, ધન્ય અવસર. આજે મારો જન્મ સફળ થયો. અનેક જન્મથી વિખુટા પડેલા આત્માને આજે પરમાત્માનો ભેટો થયો. પ્રભુની આંખમાં આંસુ આવી ગયાં. મને પ્રસન્ન કરવા આવી કઠીન તપશ્ચર્યા કરો છો.

ભગવાને ઋભુરાજાના દુર્બળ શરીર ઉપર વ્હાલથી હાથ ફેરવ્યો છે. ''ધન્ય છે તમારી ધીરજ શક્તિને અને ભક્તિને. માગો રાય મુજથી, હું થયો છું પ્રસન્ન. જે માગો તે આપું.'' ઋભુરાજા કહે છે, ''હે પ્રભુ...''

**માગું છું હું મહાપ્રભુ, પંચ વિષય સંબંધી જે સુખ ।**
**દેશો માં તે દયા કરી, જેથી થાય તમથી વિમુખ ॥**

''તમે ક્યારેય પણ મને પંચવિષયનું સુખ આપશો નહિ.'' જગત સંબંધી પંચવિષય બંધનકારી છે. હૃદયમાં ચાર કુસંગી બેઠા છે. મન, બુધ્ધિ, ચિત અને અહંકાર. આ ચાર કુસંગી છે તે જગતનો કચરો લઈ લઈને હૃદય ભરે છે. કચરામાં ભગવાન કઈ રીતે રહી શકે? વિચાર કરો! આ ચાર ચોર છે તે બહુ ખરાબ છે. ચોર હોય તે પોતાના ઘરમાંથી ચોરી કરતા નથી. પણ ઈન્દ્રિયો છે તે પોતાના આત્માને જ છેતરે છે. ઘરમાંથી ચોરી કરે છે. શેની ચોરી કરે છે? શાંતિ, દયા, નમ્રતા, વિનય, શ્રધ્ધા, વિવેક, ધર્મ, ભક્તિ, જ્ઞાન વૈરાગ્ય આદિક સદ્‌ગુણોની ચોરી કરીને કચરો નાખે છે. તે કચરામાં ભગવાન કેમ રહી શકે?!

**માયાથી મુક્ત થાવું હોય તો પ્રભુની**
**કથા સાંભળો અને વાંચો.**

મોહ માયાથી જો હૃદય ભરશો તો હૃદય કટાઈ જશે ને ડહોળાઈ જશે. તેથી પરમાત્માનું સ્વરૂપ નહિ દેખાય. અતિ સુખમાં માનવી પ્રભુને ભૂલી જાય છે ને માયામાં ડૂબી જાય છે.



**ત્યારે શ્રીહરિ કહે શુદ્ધ ભક્ત તમે, નથી માયાનો લેશ તમમાં જરા**
**નિષ્કુલાનંદનો નાથ કહે, અનન્ય ભક્ત મારા ખરા ॥**

શ્રીહરિ ઋભુરાજાને કહે છે, ''તમે કહો છો કે આ જગત સંબંધી પંચવિષયનું સુખ દેશો નહિ. જો તમને જગતની માયામાં મમતા હોય તો રાજ્યનો ત્યાગ કરીને તપ કરવા આવી શકો નહિ. તમે તો મારા અનન્ય ભક્ત છો.'' શ્રીજીમહારાજ વચનામૃતમાં મોહ ટાળવાનો સરસ ઉપાય બતાવે છે.

વિષયમાંથી આસક્તિ ટાળવી એને વિષે આકળા થઈને અકળાઈ જવું નહિ. એમ વિચારવું જે આ જન્મે વિષયમાંથી આસક્તિ જેટલી ટળશે તેટલી ટાળવી છે અને એમ કરતાં જો કાંઈ રહી ગઈ તો બીજે જન્મે કરીને ટાળવી છે. પણ ભગવાનના ભક્ત છીએ તો નરક ચોરાશીમાં જવું નથી. હિંમત રાખીને ધીરે ધીરે મોહનું મૂળ ઉખાડ્યાનો આદર રાખવો. ગ. મ. ૧.

**એમ પ્રસન્ન કર્યા પરબ્રહ્મજી, સહી શરીરે બહુ પરિશ્રમજી ।**
**એહ વાત સાંભળી લેવો મર્મજી, વાત છે કઠણ નથી કાંઇ નર્મજી ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, શરીરને બહુ પરિશ્રમ આપી તપ કરવું તે સહેલું નથી. બહુ કઠિન કામ છે. ભકિતના માર્ગમાં કોઈ ભક્તને નાત જાત વાળાએ હેરાન કર્યા છે. કોઈને રાજ રજવાડાએ હેરાન કર્યા છે. કોઈ ભક્તને દેવોએ હેરાન કર્યા છે. આવી રીતે ભક્તની પરીક્ષા માટે કાંઈને કાંઈ વિઘ્ન આવ્યા વિના રહેતું નથી. વિઘ્ન આવતાં રહે ને આપણે ભક્તિરૂપી ગંગામાં સ્નાન કરી લેવું. હિંમત હારવી નહિ. ભક્તિ કર્યા સિવાય છૂટકો નથી. ભક્તિ કરવી જ પડશે.

**ઘરને રંગથી રંગીને રૂપાળુ બનાવો છો**
**તેમ અંતરને ભક્તિના રંગથી રૂપાળુ બનાવજો.**

એક શિષ્યે ગુરુને પૂછ્યું, ''ભક્તિના બીજની વાવણી કયે ઠેકાણે થાય?'' ગુરુએ સરસ જવાબ આપ્યો. ''કોઈ પણ ઝાડનું બીજ જયારે વાવવું હોય ત્યારે એ માટે લાયક જમીન જોઈએ. આંબા, શેરડી, કપાસ વાવવા માટે સારી જમીન જોઈએ. ભક્તિનું પ્રભુ પ્રેમનું ઝાડ વાવવા માટે વૈરાગ્યવાળું હૃદય જોઈએ. જયાં સુધી અંતરમાંથી સાચો વૈરાગ્ય ન આવ્યો હોય ત્યાં સુધી ભક્તિનું બીજ ઉગી શકતું નથી. મોહ, મમતા, આશા, તૃષ્ણા સંસાર પ્રત્યે ઓછી થાય તો જ સદ્‌ગુણો ખીલી ઊઠે. ભજન ભક્તિ કરવાનો ખરો ખપ રાખવો.''

**વણ ખપવાળાને એ વારતા, અણું એક અર્થે આવે નહિ ।**
**મહિમા માહાત્મ્ય મોટપ્ય મુખથી, કહિયે મર કથી કથી કહિ ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, આ જગતના નાશવંત સુખમાં આનંદ નથી. આનંદ આપણા હૃદયમાં છે. ભગવાનનો આનંદ વધતો જાય તેની ખબર કેમ પડે? કથા, કીર્તનમાં આનંદ આવે. રાસ રમવામાં મઝા આવે. પ્રભુની પૂજા કરવામાં શ્રધ્ધા જાગે. સત્સંગ સમૈયામાં મઝા આવે અને જગત સંબધી માયામાં સૂગ આવે. ભગવાન સિવાય ક્યાંય ચિત્ત ચોંટે નહિ, સદાય ભગવાનમાં જ મન લાગેલું રહે તો સદાય તેને અક્ષરધામના સુખનો અનુભવ થાય છે. ભગવાન ભજવાની ગરજ રાખવી જોઇએ.

**જેમ પશુજનને ચાર્ય પ્યારી, તેહ નીલી દેખીને નવ તજે ।**
**સહે કષ્ટ બહુ એહ સારું, તોય ભાવે કરી એહને ભજે ॥**

નિષ્કુળાનંદસ્વામી દૃષ્ટાંત આપે છે, લીલુ છમ રંજકાથી કે ઘાસચારાથી ખેતર ભર્યું હોય તેમાં રખડતું પશુ પ્રવેશી જાય અને લીલો રંજકો જોઇને ખાવા માંડે. ખેડૂતને ખબર પડે એટલે દોડીને લાકડીથી પશુને માર મારીને ખેતરથી બહાર તગડી મૂકે. ખેડૂત પાછો વળે એટલે પશુ પાછું ખેતરમાં પેસી જાય ને લીલો ચારો ખાવા લાગી જાય. ખેડૂત ખીજાઇને પાછો આવે. દોડતો લાકડીથી ખૂબ માર મારી તગડી મૂકે. પણ પશુને લીલી ચાર્ય ખાવાની ગરજ છે. એટલે મારને ભૂલી જાય છે ને ખેતરમાં પ્રવેશ કરે છે. કકડીને ભૂખ લાગી હોય તો બે દિવસનો ટાઢો રોટલો પણ ભાવી જાય.

**હરિના દાસ દેહના દુ:ખથી ડરે નહિ.**

મોક્ષની ગરજ હોય, જન્મ મરણના ફેરાથી કંટાળી ગયા હોય અને અક્ષરધામમાં મહા અલૌકિક સુખને પામવું હોય તો ભજન, ભક્તિ, જપ, તપ, કથા, કીર્તન, પુણ્ય વિગેરે સત્કર્મની ભૂખ રાખવી. પ્રભુપદ પામવાની ગરજ હોય તો ગમે તેવાં સંકટ આવે, અપમાન થાય, દુઃખ આવે છતાં હિંમત હારી જવું નહિ. ધીરજ રાખવી.

**જોને મોટી આશા છે મનમાં, જેવી પામવાને પૈસાતણી ।**
**તેવી આશા નથી અવિનાશ પદની, વાત શું કહિયે ઘણી ઘણી ॥**

સ્વામી કહે છે, આ જગતની અંદર માણસ પૈસા માટે કેટલાં દુઃખ સહન કરે છે. કેટલી દોડધામ કરે છે. રાત દિવસ, દેશ વિદેશ કાંઇ જુવે નહિ. કેમ પૈસા વધુ મળે, ઘણા મળે તેવી કોશિશ કરે છે. કમાણી કરવી જ જોઇએ. સંસારીને ઘરનો વ્યવહાર ચલાવવો જ પડે. કુટુંબ પરિવારની ફરજ બજાવવી જ જોઇએ. તેમ જીવને માટે



કમાણી કરવી જોઇશે ને! પૈસા મેળવવાની જેવી લગની છે એવી લગની, એવી તાણ ભજન, ભક્તિ, પૂજા, પાઠ, સત્સંગ સેવામાં રાખો તો બેડો પાર થઇ જાય અને જીવન સફળ થાય.

**અભિમાની માણસ પ્રશંસા માટે જીવતો હોય છે.**

રૂપિયાનો મહિમા સમજાયો છે તો કમાવાની મજા આવે છે તેમ કથાનો, સત્સંગનો મહિમા સમજાયો હોય તો કથા સાંભળવામાં મજા આવે, શાસ્ત્રો વાંચવાની મજા આવે. સ્વામી કહે છે, સત્સંગનો ખપ રાખવો. અંતે એ જ કામ આવશે. ખરા ખપ વાળા આ કથાનો તરત સ્વીકાર કરી લેશે. આપણને સત્સંગમાં જન્મ મળ્યો છે. હવે શ્રી નરનારાયણદેવને મૂકીને ક્યાંય આડા અવળા જવાય નહિ. આ ગ્રંથ વાંચન શ્રવણ કરવાથી અખૂટ પ્રેરણા બળ અને શાશ્વત શાંતિ મળે છે.

**અસત્ય સુખ સારુ એવું કરે, પિંડ પાડ્યા સુધી પ્રયાણ ।**
**સત્ય સુખને સાંભળી, વળી થાતી નથી એવી તાણ ॥**

સ્વામી કહે છે, આશ્ચર્યની વાત છે. અસત્ય વાતમાં, મોહ મમતામાં આખી જિંદગી પસાર કરી દે છે પણ સત્ય વાત જલદી સમજાતી નથી. ખબર છે, બધું સમજે છે. કાંઇ સાથે નહિ ચાલે છતાં પ્રભુ ભજવાની તાણ થતી નથી. સમા પર રહેવું સાવધાન, ભલી ભક્તિ કરવી નિદાન. આ સંસાર ઊંડા કૂવા જેવો છે. સુખ સાહેબી અનેક જાહોજલાલી આ જીવે અનંત વાર ભોગવી લીધા છે. પાણીનું બુંદ જ્યાં સુધી વૃક્ષના પાંદડા ઉપર હોય ત્યાં સુધી હીરાની જેમ મોતી જેવું ચળકાટ કરે. પણ પવનની લહેર આવે એટલે પછી ધૂળ ભેગું ધૂળ થઇ જાય. ગોત્યું મળે નહિ. માટે જગતની તમામ આસક્તિ મૂકીને પ્રભુનાં ચરણ સેવી લેવાં.

**વિષનો કીડો વિષમાં, વસી વખાણે વિષનું સુખ ।**
**તેને રે'તાં અમૃતમાં, થાય જરૂર જાણજો દુઃખ ॥**

છાણના કીડાને છાણમાં જ મઝા આવે. છાણના કીડાને શીરો ન ગમે. તેમ જગતના માયાવી જીવાત્માને કથા ન ગમે. હૈયામાં મોહ મમતા રૂપી છાણ ભર્યું હોય તેને ભજન, ભક્તિ, કથા, કીર્તન ગમે નહિ. સત્સંગ કરવાની ભલામણ કરશો તો કહેશે મને ભગવાનમાં, મંદિરમાં અને કથા કીર્તનમાં રસ નથી. આવા મલિન માણસો છાણના કીડા જેવા છે. તેવા પાપી જીવાત્મા હજારો વખત છાણમાં કીડા થાય છે. જન્મે છે ને મરે છે. નિષ્કુળાનંદસ્વામી કહે છે, હે ભક્તજનો! સાચા હરિના દાસ

બનજો. વિષય વાસના મનમાંથી છૂટે નહિ અને ભગવાનમાં પ્રેમ થાય નહિ, ધર્મ સહિત જીવનમાં ભક્તિ નથી તો તમારી કોઇ કીમત નથી.

**ભક્ત થાય ભગવાનના, પ્રથમના ભક્ત પ્રમાણ ।**
**નિષ્કુલાનંદ કહે તે વિના, બીજા માનો માયાના વેચાણ ॥**

જો ભગવાનનું ભજન સ્મરણ થાય તો કામ થઇ જાય. જે કરવાનું છે તે કાંઇ કર્યું નહિ. સગાનું કર્યું, શેઠનું કર્યું, દીકરાનું કર્યું પણ પોતાના આત્માનું કલ્યાણ થાય એવું કાંઇ ન કર્યું. માયાનો દાસ થયો પણ હરિનો દાસ થયો નહિ.

### માયાને મૂકીને આવ્યા છો ને?!

એક નદીના કાંઠે સંન્યાસી રહેતા હતા. સદાય ભક્તિમાં મસ્ત રહેતા. તેમના મનમાં સંસારની કોઇ પણ માયા હતી નહિ. પોતે ભલા ને ભગવાનની ભક્તિ ભલી. એમની વિદ્વતા અજોડ હતી. અનેક ભક્તજનો નમ્ર ભાવે આજીજી કરે. ‘‘અમને તમારા શિષ્ય બનાવો.’’ ત્યારે સંન્યાસી કહે, ‘‘મને શિષ્યો બનાવવાનો શોખ નથી. કેવળ શિષ્યો ભેગા કરવાનું મને તાન નથી. મને લાયક શિષ્ય જોઇએ.’’

એક વખત એક યુવાનને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તે સંન્યાસીની ઝૂંપડીએ આવ્યો. સંન્યાસીને પગે લાગીને બેઠો. ‘‘મને તમારો શિષ્ય બનાવો.’’ સંન્યાસીએ પૂછ્યું, ‘‘ધર્મ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે?’’ ‘‘હા હા, એક પણ ધર્મ શાસ્ત્ર બાકી નથી રાખ્યું. તમામ શાસ્ત્ર માઢે બોલી જાઉં ?’’

સંન્યાસીએ કહ્યું, ‘‘ધનના મોહનો ત્યાગ કર્યો છે?’’

યુવાન બોલ્યો, ‘‘છૂટે હાથે તમામ ધનનું દાન કરી દીધું છે.’’

સંન્યાસીએ કહ્યું, ‘‘સ્ત્રી, પુત્ર, પરિવાર પ્રત્યે માયા ને મમતા તજી દીધી છે?’’

યુવાન બોલ્યો, ‘‘એક રંચ જેટલી માયા કે મમતા રહેવા દીધી નથી.’’

સંન્યાસીએ કહ્યું, ‘‘સાથે શું લાવ્યા છો?’’

યુવાન બોલ્યો, ‘‘એક ધોતી પહેરીને આવ્યો છું. બીજું કશું લાવ્યો નથી.’’

સંન્યાસીએ કહ્યું, ‘‘કામ, ક્રોધ, લોભ, મોહ, આશા, તૃષ્ણા વિગેરે જીત્યા છો?’’

યુવાન બોલ્યો, ‘‘એ બધાંને જીતીને આવ્યો છું. લોભ હોય તો ધનના ભંડારમાંથી છૂટે હાથે દાન અપાય નહિ. મેં તો છૂટે હાથે ખૂબ દાન આપ્યું છે. ક્રોધ તો મારાથી દૂર રહે છે. કોઇ પણ અંતરના શત્રૂ નડતા નથી. કામ વાસના હોય તો ફૂલ જેવી કોમળ પત્નીને તજીને આંહી સન્યાસ લેવા કોણ આવે?!’’



### મને જલદી સંન્યાસી બનાવો.

સંન્યાસીએ કહ્યું , ‘‘મનમાં વાસના નથી ને? માયા તજીને આવ્યા છો ને?’’ યુવાન બોલ્યો, ‘‘વાસના બાળીને ભસ્મ કરી દીધી છે.’’ સન્યાસીએ કહ્યું, ‘‘દીક્ષા આપતાં પહેલાં તમારે મારું એક કામ કરવું પડશે.’’ ‘‘એક તો શું હજાર કામ હર્ષભેર કરવા તૈયાર છું! બતાવો મારા જેવી સેવા.’’

સંન્યાસીએ કહ્યું, ‘‘સામે નગરમાં એક વેશ્યા છે. તે દરરોજ દર્શન કરવા આંહી આવે છે. તે ભૂલમાં મારું પહેરવાનું ધોતીયું લઇ ગઇ છે. ત્યાંથી લઇ આવ. એક પણ રાત ત્યાં રોકાજે નહિ.’’ યુવાન દોડતો વેશ્યાના ઘરે ગયો. વેશ્યાના રૂપમાં આંખ અટકી ગઇ. શરીરમાં વાસનાનું જોર વધ્યું. વેશ્યાને કહ્યું, ‘‘મારી ઇચ્છા પુરી કરો. મને તમારો દાસ બનાવો.’’

વેશ્યાએ કહ્યું, ‘‘એક કામ કરો.’’ ‘‘શું?’’ ‘‘મારા વસંતકુંજના બગીચામાં કાલે સાચાં મોતી વાવવાં છે. હળની એક બાજુ બળદ જુતાશે. બીજી બાજુ તમારે જુતાવું પડશે. આજની રાત બળદની કોઠમાં સૂઇ રહો.’’ કામાતુર યુવાને કહ્યું, ‘‘કાંઇ વાંધો નહિ. મારી ઇચ્છા પુરી કરતાં હો તો જેમ કહેશો તેમ કરવા તૈયાર છું.’’ સવાર પડી. એક બાજુ બળદ જોતર્યો. બીજી બાજુ યુવાન છે. વેશ્યા યુવાનના બરડા પર ફટાફટ ચાબુક મારતી જાય અને પૂછતી જાય, ‘‘ચાબુક વાગતી નથી ને?!’’ યુવાન હસતાં હસતાં બોલ્યો, ‘‘ચાબુક ભલે વાગે, કાળી બળતરા ભલે થાય, પણ મારી ઇચ્છા પૂરી તો થશે ને!’’ બરડા પર ચાબુકના સોળ ઊઠીને લોહીની ટશરો ફૂટે છે છતાં યુવાન ઉંકાંટો પણ કરતો નથી.

બળદની સાથે બળદ જેવો બની હળને ખેંચે છે. ત્યાં અચાનક પેલા સંન્યાસી આવી ગયા. યુવાનને પૂછ્યું, ‘‘ કેમ છો બેટા? શું કરે છે?’’ આવું સાંભળી યુવાન ભોંઠો પડી ગયો. આજુ બાજુ જોયું તો ન મળે વેશ્યા ને ન મળે ખેતર ને ન મળે બળદ. નવાઇ પામી ગયો. સંન્યાસી યુવાનના માથા પર હાથ મૂકી, કામ વાસનાથી બંધાયેલો પ્રાણી કેવો હેરાન થાય છે, ચાબુક સટોસટ વીંઝાય છતાં મોહાંધ માણસ સમજે નહિ કે કામવાસના કેવી ખતરનાક છે. માણસની વિવેક બુધ્ધિનો વિનાશ કરે છે. વાસના પૂરી કરવા ચાબુકની માર ખાય છતાં વાસના જાય નહિ. કામવાસનાએ ભલભલાને ઉથલાવી નાખ્યા છે. માટે સાવધાન રહેજો.

સંન્યાસી કહે છે, ‘‘બેટા, મોતીનું ઝાડ ઊગે નહિ. મોતી તો દરિયામાં પાકે છે.’’

એમ કહી સંન્યાસીએ પોતાનો પવિત્ર હાથ યુવાનના બરડા ઉપર ફેરવ્યો. તેથી હતું તેવું શરીર થઇ ગયું. ચાબુક વાગ્યાની કાળીકળતર મટી ગઇ. સંન્યાસીએ કહ્યું, ‘‘બેટા!’’

**મનના રોગને માર્યા વિના સાચા વૈરાગી થવાતું નથી.**

‘‘ભીતરમાં રહેલી કામ વાસનાને જીત્યા સિવાય હું કોઇને શિષ્ય બનાવતો નથી. મનને મારવું ઘણું કઠણ છે. માટે ઘરે જા. ત્યાં રહીને ભગવાનનું ભજન કરજે.’’ સાચા સંન્યાસી થાવું સહેલું નથી. અષ્ટ પ્રકારે નારીનો ત્યાગ રાખવો જોઇએ. ઈન્દ્રિયોને આધિન થવાથી મનુષ્યના જીવનમાં વિકારો આવી જાય છે.

**દોયલું થાવું હરિદાસરે, સંતો દોયલું.**
**જોઇએ તજવી તનસુખ આશરે; સંતો.**
**શૂરો જેમ રણમાં લડવા, ધરે હૈયામાં અતિ હુલાસ ।**
**પેટ કટારી મારી પગ પરઠે, તેને કેની રહી ત્રાસરે; સંતો. ॥**

સ્વામી કહે છે, ભગવાનના એકાંતિક ભક્ત થાવું દોયલું છે. કઠણ છે. સરળ નથી. પૈસાદાર થવું, પ્રાઇમિનિસ્ટર થવું, ડોકટર થવું, ઑફિસર થવું, કથાકાર થવું, સમાજના આગેવાન થવું, સંગીતાચાર્ય બનવું બધુ જ સરળ છે. પણ હરિના દાસ થાવું દોયલું છે. તે ઉપરની કથા પરથી સમજાઇ ગયું હશે.

પરમ એકાંતિક ભક્ત થવું હોય તો શું કરવું? જેમ વેપારી પોતાના દરરોજ ચોપડા તપસ્યા કરે તો તેના વ્યવહારમાં ઝાઝી ગરબડ થતી નથી. તેમ જે માણસ દરરોજ પોતામાં રહેલા દોષને જોયા કરે તે કોઇક દિવસ સારા થઇ શકે છે. કાયરતા દૂર કરીને દરરોજ રાત્રે સૂતાં પહેલાં વિચાર કરવો, આજે મારાથી સાધુ સંતો વિગેરેની નિંદા તો નથી થઇ ગઇ ને?! કોઇની ભલાઇમાં આડી જીભ તો નથી વાળી ને?! કોઇને ખોટી સલાહ તો નથી દીધી ને?! મારાથી કોઇ જીવ દુભાઇ ગયો નથી ને?!

વડીલોને આદર આપવાને બદલે અનાદર નથી કર્યો ને?! સારા વિચાર કેટલા કર્યા? નકામી કુથલી કેટલી કરી? ધર્મનું કામ કેટલું કર્યું? આવી રીતે મનને દરરોજ તપાસ્યા કરો ને ભૂલ સુધારતા જાય તો એકાંતિક ભક્ત થઇ શકાય ને પાપથી બચી શકાય. કાયરતા દૂર કરો ને હિંમતમાં રહો. એ જ આ શાસ્ત્રનો સાર છે. ચિંતન જગતનું ન કરો... જગદીશનું કરો.

**શૂરા સંતની રીત એક સરખી, કરવો વેરીનો વિનાશ ।**
**કામ ક્રોધ લોભ મોહ જીતી, ભાવે ભજવા અવિનાશરે; સંતો. ॥**



જેમ શૂરવીર લડવૈયા લડાઇમાં ટક્કર લે છે તેમ સંતોને અંતરશત્રૂ સામે ટક્કર લેવી. મન, બુધ્ધિ, ચિત એ બધાં મોક્ષમાર્ગમાં મદદ કરે એવાં છે પણ તેને ભગવાન સન્મુખ લાવવાં પડે અને બરાબર ઓળખવાં પડે. એના સામે ટક્કર લેવી પડે. હંમેશાં જીવાત્માને ભલામણ દેતા રહેવું, હે આત્મા, તેં કેટલા જન્મો લીધા છે?! તું સમુદ્ર જેટલું દૂધ ધાવ્યો છે છતાં તારું ભટકણ ટળ્યું નથી.

હવે આ જન્મે પુરું કરવું છે કે પછી નવા સાગરના દૂધની શરૂઆત કરવી છે? જો છેલ્લો જન્મ કરવો હોય ને મહા સુખિયા થાવું હોય તો અખંડ ભજન ભક્તિમાં અને સત્સંગમાં જોડાઇ જાવ. આવી રીતે જીવાત્માને સજાગ કરવો. આ ધીરજાખ્યાન શાસ્ત્ર જીવને બળ દેવાની કથા છે. ધીરજ રાખવાની કથા છે. નિષ્કુળાનંદસ્વામી કહે છે, કામ, ક્રોધ, લોભ, મોહ આદિક અંતરશત્રુને જીતીને હરિ સ્મરણ કરવું. હરિ સ્મરણ કરવાથી અંતર નિર્મળ થઇ જાય છે અને અનાયાસે સંસાર ભૂલાય છે.

## દયાળુ શિબિરાજા

**વળી કહું વાત અનુપમ એકજી, સુણજો સહુ ઉર આણી વિવેકજી ।**
**કહું સત્યવાદી રાય શિબિની ટેકજી, મૂકી નહિ નૃપે મૂવાલગે છેકજી**
**છેક ટેક તજી નહિ, દિયે દેદેકાર કરી દાન ।**
**જેજે માગે તેતે આપે તેને, બહુ કરી સનમાન ॥**

નિષ્કુળાનંદસ્વામી સત્યનિષ્ઠ દયાળુ શિબિરાજાની કથા કહે છે. શિબિરાજા દાનેશ્વરી અને દાતાર હતા. અવિરત દાન આપવાની એમની ટેક હતી. ભૂખ્યાને ભોજન કરાવવું, તરસ્યાને પાણી પાવું. ખૂબ અન્ન વસ્ત્રનાં દાન કરે. આંગણેથી કોઇ ઠાલે હાથે જાય નહિ. છૂટે હાથે દાન આપે. ભગવાનની ભક્તિ પણ પ્રેમ ભાવથી કરે. આ ક્ષણિક સંસારમાંથી વિરક્ત હતા. એ સમજે છે કે આ માનવ શરીર વીજળીના ઝબકારા જેવું છે. ક્ષણિક છે. નાશ થતાં વાર નહિ લાગે. ઉપર ઉપરથી રાજ્ય દરબારમાં રહે છે. પણ અંતર સદાય ભગવાનમાં લાગેલું રહે છે.

એક વાત સમજી રાખો કે ભક્તજનને ભગવાનને મળવાની તાલાવેલી જાગે તો જ મન ભગવાનમાં લાગે. ભગવાનને મળવાની જ્યાં સુધી ચિંતા થતી નથી ત્યાં સુધી ચિત્ત ભગવાન તરફ વળતું નથી. આપણને જાત જાતની ચિંતા થાય. કુટુંબ પરિવારની, દુકાનની, ખેતીવાડીની, પગારની. આવી બધી બહુ ચિંતા થાય પણ ભગવાનના ભજન સ્મરણ વખતે, પૂજા પાઠ કરતી વખતે મારું મન ભગવાનમાં કેમ

રહેતું નથી એવી કોઇ દિવસ ચિંતા થાય છે? નથી થતી.

**ધીરજાખ્યાનની કથા જીવન**
**જીવવાની પાઠશાળા છે.**

આપણે યાત્રા કરવા જઇએ, ખૂબ થાક લાગ્યો હોય. ખૂબ ભૂખ લાગી હોય. મંદિરમાં જઇએ અને ઉતારા માટે રૂમ મળે. ગાદલાં ગોદડાં મળે અને જમવા માટે ભોજન મળે તો આપણા અંતરમાં સંતોષ થાય. આવી બધી સગવડ મળે ત્યારે વિચાર કરવો કે સરસ મજાના યાત્રિકો માટે ઉતારા બનાવ્યા છે. પાણી, પંખા, ગાદલા, માટલાં, બધી જ સુવિધા મળી છે, તે બધું ગૃહસ્થોએ દાન કર્યું છે. દાનેશ્વરીએ અન્ન દાન કર્યું હશે. તેના પુણ્યના પ્રતાપે આપણને ભોજન જમવા મળ્યું છે. આવા સારા વિચાર કરવા. ગૃહસ્થાશ્રમીએ પોતાની કમાણીમાંથી ઈષ્ટદેવને પ્રસન્ન કરવા માટે દ્રવ્ય સમર્પણ કરવું તે મોટું તપ છે.

**દાન આપનાર કરતાં દાન લેનાર મોટો છે.**

શિબિરાજા બહુ વિવેકી હતા. આદરથી સન્માન પૂર્વક ભાવથી દાન આપતા.

**ભૂખ્યો પ્યાસો કોઇ પ્રાણી આવે, માગે મનવાંછિત જે વળી ।**
**આપે તેને આદરશું, આરત્યવાણી સાંભળી ॥**

તિરસ્કાર કરીને દાન આપે તેને કોઇ જાતનું ફળ મળતું નથી. તે તામસ દાન છે. ભાવથી શ્રધ્ધા પૂર્વક દાન ઉત્તમ છે. સુપાત્રને દાન આપવું પણ કુપાત્રને દાન આપવું નહિ. ભૂખ્યાને ભોજન કરાવવું. તરસ્યાને પાણી પાવું એમાં પાત્રકુપાત્ર વિચારવાનું ન હોય. સુપાત્રને આપેલું દાન હજાર ઘણું ફળ આપે છે. પોતાની કમાણીમાંથી દશમો અથવા વીસમો ભાગ ભગવાન નરનારાયણદેવના મંદિરમાં અર્પણ કરવો. દાન આપે છે તેના ભંડાર કદી ખાલી થતા નથી. પ્રભુ વ્યાજ સહિત પાછું આપી દે છે.

**તેણે જશ વાધ્યો આ જક્તમાં, પરલોકે પડી ફાળ ।**
**ઇંદ્ર કહે લેશે આસન મારું, કરું કાંઇક રખવાળ ॥**
**પે'લી વે'લી પાળ બાંધિયે, તો રહે તળાવે તોય ।**
**આવ્યે જળે જે આદરવું, તે કામ ન આવે કોય ॥**

શિબિરાજાની કીર્તિ ચારે દિશામાં ફેલાઇ ગઇ કે રાજા ધર્મવાન, દયાવાન અને ભક્તિવાન છે. આ વાતની ઈન્દ્રરાજાને ખબર પડી. અંતરમાં ગરમ તેલ રેડાયું હોય



તેમ હૃદય તપી ગયું. ઈર્ષા ઉત્પન્ન થઇ. શિબિરાજાની કીર્તિ થાય છે તે સહન થતું નથી. વાહ વાહ મારી જ થવી જોઇએ. તેના બદલે શિબિરાજાની વાહ વાહ કેમ થાય છે? ચાલો આપણે પાણી પહેલાં પાળ બાંધીએ તો તળાવમાં પાણી ભરાય. વરસતા વરસાદમાં પાળ બાંધવા જઇએ તો પાળ તણાય જાય. અગ્નિ લાગે તો તરત ઓલવી નાખીએ તો નુકશાન થતું અટકી જાય. શિબીરાજાની કીર્તિ અટકાવી દઉં. એવી યુક્તિ કરવી પડશે.

**પછી શક્ર થયો શકરો, થયો હોલો તે હુતાશન ।**
**આવ્યા બેઉ ઉડતા, જ્યાં બેઠા હતા રાજન ॥**

અગ્નિદેવે હોલા (પક્ષી)નું રૂપ લીધું અને ઈન્દ્રરાજા બાજપક્ષી બન્યા. હોલો આકાશ માર્ગે ઉડે છે. પાછળ બાજ પક્ષી ઉડતો આવ્યો. હમણાંજ હોલાને ઝડપ મારી પકડી લઉં. ત્યાં હોલો ડરનો માર્યો. જલદી જલદી ફફળતો ઉડીને શિબીરાજાના ખોળામાં બેસી ગયો. હવે શું કરવું? શિબીરાજા હોલાના શરીર ઉપર મીઠો મીઠો હાથ ફેરવે છે. ત્યારે બાજ પક્ષીએ ચાંચ પહોળી કરી હોલાને પકડવા ગયો.

રાજાએ હાથ ઊંચો કરીને જોરથી બોલ્યા, ‘‘બાજ પક્ષી, છેટો રહેજે. કેમ નિર્દોષ પક્ષીને પકડવા આવ્યો છે?હોલાને અડજે નહિ. બીચારો હાંફતો ફફળતો મૃત્યુના બીકથી મારા શરણે આવ્યો છે. તેને મારવા નહિ દઉં.’’ ત્યારે બાજ બોલ્યો, ‘‘હોલો મારો શિકાર છે. ખૂબ ભૂખ લાગી છે. તેને મારીને હું ખાઇ જઇશ. હોલો મને આપી દે.’’ રાજાએ કહ્યું, ‘‘મારા શરણે આવેલાને મારવા નહિ દઉં. તારે બીજુ કાંઇ જોઇતું હોય તે માગી લે. પણ હોલો નહિ આપું. શરણે આવેલાનું રક્ષણ કરવું તે મારી ફરજ છે.’’

**મીઠી વાણીએ શાંત અંતરનો પડઘો છે.**

બાજ પક્ષી કહે છે, ‘‘મેં હોલા ઉપર તરાપ મારી પણ તે બચી ગયો ને ઉડતો ઉડતો તમારા ખોળામાં બેસી ગયો. હું કાંઇ ફળ ફુલ કે અનાજના દાણા ખાતો નથી. હું તો માંસ ભક્ષણ કરનારું પક્ષી છું. મારે હોલો જ જોઇએ છીએ. જલદી આપી દો. ખાઇ જાઉં ને ભૂખને શાંત કરું.’’

**ત્યારે બાજ કહે બીજું જોઇતું નથી, જોઇએ છીએ ખાવાનું આ વાર ।**
**નિષ્કુલાનંદનો નાથ કરી, આપ્ય માંસ એહ હોલાભાર ॥**

‘‘જો હોલો ન દેવો હોય તો તેના બદલામાં હોલાની ભારો ભાર માંસ આપી

દે.'' શિબીરાજા વિચાર કરતા થઇ ગયા. માંસ ક્યાંથી આપવું?! ગમે તે પ્રાણીની ઘાત કરે તો માંસ મળે. જીવતા જીવની ઘાત કરવી, મારી નાખવો તે મહાપાપ છે. સૂક્ષ્મ જંતુની પણ હિંસા કરાય નહિ. દયાળુ માણસ કોઇને દુભાવી શકે નહિ. તો મારવાની વાત ક્યાં?! શિબિરાજા તો દયાના સાગર છે ને દિલના દરિયાવ છે.

**શિબિરાજા છે દયાનો નિવાસજી, પાપકરતાં પામે બહુ ત્રાસજી ।**
**તેણે કેમ અપાય મારી પર માંસજી, તેનો તન મનમાં કર્યો તપાસજી ॥**

ધર્મનું મૂળ દયા છે. જેના દિલમાં દયા નથી તેના દિલમાં ધર્મ નથી. રાજા કહે છે, ''કાંઇ વાંધો નહિ. હોલાના શરીરમાં વજન છે તેટલું માંસ હું આપી દઉં.'' તુરંત ત્રાજવું મંગાવ્યું અને એક ત્રાજવામાં હોલાને બેસાડ્યો. બીજા ત્રાજવામાં પોતાના હાથેથી છરી લઇને સાથળમાંથી માંસનો લોચો કાઢીને છાબડામાં મૂક્યો. પણ છાબડું નીચું થતું નથી. આશ્ચર્યની વાત છે. ત્રાજવું કેમ નીચું થતું નથી?

**કાપી કાપી રાય આપીયું, સર્વે શરીરનું માંસ ।**
**તોય ત્રાજુ નવ ઉપડયું, તેહ હોલો બેઠો છે જેહ પાસ ॥**

હાથ કાપીને ત્રાજવામાં મૂક્યો તો પણ ત્રાજવું (છાબડું) નીચું થતું નથી. રાજા સમજી ગયા કે આ હોલો કોઇ સાધારણ પક્ષી નથી પણ કાંઇક કૌતુક લાગે છે. ત્રાજવું નમતું કેમ નથી?! મારી પરીક્ષા લેવા કોઇક આવ્યા લાગે છે. કાંઇ વાંધો નહિ. જે હોય તે. સ્વયં સમર્પણ થઇ જાઉં. અંતરમાં ભગવાનનું સ્મરણ કરતા કરતા રાજા ત્રાજવામાં બેસી ગયા. રાજરાણી, પુત્રપરિવાર અને નગરની પ્રજા હાહાકાર કરે છે. ''અરરર! અમારા રાજાનું હવે શું થશે? બાજ પક્ષી મારી નાખશે. અમારી સંભાળ કોણ રાખશે?'' સર્વે પ્રજા કલ્પાંત કરતાં ખૂબ ઊંચે સાદે રડે છે.ત્યાં આશ્ચર્ય સર્જાયું. હોલો અને બાજ પક્ષી અદ્રશ્ય થઇ ગયા અને અગ્નિદેવ અને ઇન્દ્રરાજા પ્રગટ થયા. ઇન્દ્રરાજા શિબિરાજાને ધન્યવાદ આપે છે.

**ત્યારે ઇંદ્ર કહે ધન્ય ધન્ય રાજા, તું જેવો નથી બીજો એક ।**
**તન અભિમાની તું નહિ, અમે જોયું કરી વિવેક ॥**

''રાજન ધન્ય છે તમારી ઉદારતા, ધીરજ, શક્તિ અને દયાને! તમે સત્યનિષ્ઠાર્થી છો. તું જેવો નથી બીજો એક, અમે જોયું કરી વિવેક. એક જીવને બચાવવા માટે તમે કુરબાન થવા તૈયાર થયા.અમે કઠિન પરીક્ષા લીધી છતાં તમને લેશ માત્ર ક્રોધ આવ્યો



નથી.'' એમ કહી ઇન્દ્રરાજાએ શિબિરાજાના શરીર ઉપર હાથ ફેરવ્યો કે જેવું હતું તેવું શરીર સ્વસ્થ બની ગયું. ''રાજન્, અમે તમારી દયાવૃત્તિ, પરોપકાર વૃત્તિ જોઇને રાજી થયા છીએ. ઇચ્છિત વરદાન માગો. અમે તમને શું આપીએ?''

**તન તજી બ્રહ્મલોક જાશો, થાશો બ્રહ્મસ્વરૂપ ॥**

શિબિરાજાએ સુંદર જવાબ આપ્યો, ''તમારી પાસે હું શું માગું? તમે પોતે ઇર્ષા અદેખાઇથી પીડાઓ છો. તમારા દેવલોકના વૈભવો અને સુખ અલ્પ અને નાશવંત છે. શાશ્વત મહા સુખ તો પરમેશ્વરના ચરણમાં છે તેથી તમારી પાસેથી મારે કાંઇ જોઇતું નથી. મારે તો કેવળ પરમાત્માની પ્રસન્નતા જોઇએ છે. પરમાત્મા જોઇએ છે.''

**પેલવે'લું લિયે પારખું, પછી દિયે છે અભયદાન ।**
**એવા સંકટને સહન કરતાં, જાણો નથી કાંઇ જ્યાન ॥**

ઇન્દ્રરાજા અને અગ્નિદેવે રાજાની અતિ કઠણ પરીક્ષા લીધી પણ શિબિરાજાએ દયા છોડી નહિ. એક હોલાને બચાવવા માટે પોતે પોતાના શરીરનું બલીદાન આપવા તૈયાર થઇ ગયા. કોઇ જીવાત્માને જીવીત દાન આપવું તે પણ એક પ્રકારનું દાન છે. જીવનમાં ઉદારતા, દયા, ધર્મનિષ્ઠા અને સ્વરૂપનિષ્ઠા જરૂર રાખજો. હિંસા કરવી નહિ. સુક્ષ્મ જીવને પણ મારવા નહિ.

વ્યવહારમાં, સંસારમાં, લગ્ન પ્રસંગમાં પહોળા થઇને ખૂબ પૈસા વાપરે અને પરહિતકાર માટે સેવા કરવી હોય તો શું કહે છે? જુઓને, દેશ કાળ કેવા ચાલે છે. મોંઘવારીનો કોઇ પાર નથી. ખુશાલીમાં પાર્ટી કરશે, પૈસા ઉડાડશે પણ સંત, બ્રાહ્મણ, ગાય અને ગરીબ ને અર્થે વાપરવું હોય તો મોંઘવારી નડે છે. તમારી કમાણીને સાર્થક કરવી હોય તો સંતો, બ્રાહ્મણો, ગાય, ગરીબ અને નીયાણીયુંને જમાડજો. આ એક લ્હાવો છે. આવા લાભ તો ભાગ્યશાળીને જ મળે છે. અતિ ઉડાઉ પણ ન થાવું અને અતિ લોભી પણ ન થાવું.

**વામને બાંધ્યા બળિરાય, પછી પોતે બંધાણા બહુ પેર ।**
**હજી સુધી હેતે કરી, હરિ રહેછે એને ઘેર ॥**

વામન ભગવાને બલીરાજાના મસ્તક ઉપર ચરણ મૂકીને પાતાળમાં દાબી દીધા. કેટલી વાર? થોડીક જ ઘડી. પણ પ્રભુ આજ સુધી બલીરાજાના બંધનમાં રહીને તેને ત્યાં પાતાળમાં નિવાસ કરીને રહ્યા છે.

**ઘનશ્યામ ઘણું રીઝે ત્યારે, જ્યારે રહે એ રાજની રીત ।**
**ધીરજ ધર્મ સત્ય સુશીલતા, તેના જેવી કરવી જોઇએ પ્રીત ॥**

**નિષ્કુળાનંદસ્વામી કહે છે, આ વાતનો સાર એ છે કે ઘનશ્યામ મહારાજને રાજી કરવા હોય તો ધીરજ રાખીને નિષ્ઠા સહિત ધર્મ સહિત ભક્તિ કરો ને બીજાને કરાવો. જીંદગી ઈશ્વરની બક્ષીસ છે. શાકમાં મીઠું ભુલાવું ન જોઈએ. જીંદગીમાં ભગવાન ભુલાવા ન જોઈએ.**

**ધીરજતાનો ખજાનો તે ધીરજાખ્યાન છે.**

જ્યારે આવે સુખ દુઃખના સમુહ મળી, ત્યારે ધીરજ રાખે સંત કહીએ તેને વળી. આત્માને સારામાં સારું શ્રેષ્ઠ સુખ જોઈતું હોય તેને સર્વ પ્રકારે ધીરજ રાખીને શ્રી હરિમાં જોડાઈ જવું. વિષયથી વિરક્ત રહેવું અને હરિમાં હેત કરવું.

**મોટી વાત કરતાં મુખથી, વળી સ્વાદ આવેછે સહુને ।**
**પણ જ્યારે જોઇએ આ જીવમાં, ત્યારે ભળાયે ભૂલ્ય બહુને ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, મોટી વાત કરતાં મુખથી સહુને મઝા આવે છે પણ વર્તન વિનાની વાત લૂખી છે. સવારે ઊઠીને સ્નાન, ધ્યાન, પૂજા, પાઠ, દેવ દર્શન, કથા, કીર્તન, સત્સંગ સમૈયા કાંઇ કરે નહિ ને બીજાની આગળ વાત કરે કે સત્સંગ કરવો જોઈએ. પણ પોતે કાંઇ કરે નહિ. એવી ખોટી બડાઇ ન કરજો. મુક્ત કોટીના બળવાન ભક્ત પરાક્રમ બતાવી જાણે. પણ કોઈ દિવસ બડાઇ કરે નહિ. મોટા ભક્ત જે મોરે થયા, તેના મતને અનુસરીએ અને ખરી હરિની ભક્તિ કરીએ.

સાધુએ શુકદેવજી અને ગોપાળાનંદ સ્વામી જેવા નંદ પંક્તિના સંત જેવું થાવું. અને હરિભક્તોને દાદાખાચર, જનકરાજા, અંબરીષ રાજા અને પર્વતભાઇ જેવું નિર્વાસનિક થાવું. પૂર્વના રાજાઓ રાજ્ય છોડીને વનમાં ગયા છે. આપણાથી નાનું સરખું ઘર છોડાતું નથી. ઘર છોડાય નહિ તો કાંઇ વાંધો નહિ. ઘરમાં રહેલી મમતાને ધીરે ધીરે ઓછી કરતા જવું અને પ્રભુમાં પ્રેમ વધારવો. વ્યવહારનું કાર્ય ઉપર ઉપરથી કરો. અને ભક્તિ ભજન અંતરના ભાવથી કરો. પણ નવાઇની વાત છે, સંસારની મમતા ઓછી થતી નથી. તે આપણી અજ્ઞાનતા છે.

**સાચું સુખ શ્રી હરિના ચરણમાં છે.**

જગતમાં સર્વે મનુષ્યોને સુખ પ્રિય છે. દુઃખ કોઈને ગમતું નથી. દુઃખને દૂર કરવા સૌ પ્રયત્ન કરે છે છતાં પણ દુઃખ દોડતું આવે છે. એક મહાત્માજી હતા. વનમાં



તપ કરે અને પ્રભુના નામના મંત્રનો જપ કરે. વિચાર કર્યો, આંહી જંગલમાં કોઇ માણસ મારી પાસે આવતું નથી તેથી મઝા નથી આવતી. સાવ એકલા શું કરવું? વનમાંથી ચાલતા થઇ ગયા. અયોધ્યાનું વન છોડીને એક ગામમાં આવ્યા. હનુમાનજીનું મંદિર હતું ત્યાં પૂજા કરે અને પ્રભુનું ધ્યાન કરે. ગામ દૂર હતું તેથી કોઇ દર્શન કરવા આવે નહિ. હવે શું કરવું?! આંહી પણ કોઇ આવતું નથી. પાછું એજ દુઃખ રહ્યું તેથી સુખ જોવા નીકળ્યા. સુખી કોણ હશે?

એક શહેરમાં આવ્યા. સાત માળનો ભવ્ય બંગલો જોયો. આની ઉપર ભગવાનની પૂરેપૂરી દયા લાગી છે. એ ચોક્કસ સુખી હશે. બંગલા પાસે ઊભા રહ્યા. શેઠે બોલાવ્યા, ‘‘પધારો પધારો મહાત્માજી! તમારા પગલાંથી અમારું ઘર પાવન થયું.’’ પછી નિરાંતે બેઠા. ત્યારે મહાત્માજી બોલ્યા, ‘‘તમને એક વાત પૂછવા આવ્યો છું. તમે બધા સુખી છો ને?!’’ ત્યારે શેઠની આંખમાં આંસુ ભરાઇ આવ્યા. ‘‘મહાત્માજી! પૈસા પુષ્કળ છે. સાત માળનો બંગલો છે. દશ બાર ગાડીઓ છે. નોકર ચાકર છે. ખાધે પીધે સુખી છીએ. પણ ઘરમાં કોઇ બાળક નથી. તેનું મોટું દુઃખ છે. બાળક વિના બંગલા શ્મશાન જેવા લાગે છે. અમારા દુઃખનો કોઇ પાર નથી. સંસારીનું ઘર બાળકોથી શોભે છે.’’

ત્યાંથી મહાત્માજી ચાલતા થયા. એક સોનીની મોટી દુકાન હતી તેમાં અનેક હીરા, માણેક ને સુવર્ણના દાગીના હતા. તે ઝવેરીને પૂછ્યું, ‘‘ તમે બધી વાતે સુખી છો ને?’’ ‘‘બાપજી, ધંધો બહુ સારો ચાલે છે પૈસૈ ઘણા છે. રહેવા માટે મઝાનું મકાન છે. પત્ની કહ્યાગરાં ને વિવેકી છે. પણ એક વાતનું મોટું દુઃખ છે. બે દીકરા છે પણ મહા દુષ્ટ છે. મને લાકડી લઇને સામા થાય છે. બાપુજી, તમે પાગલ થઇ ગયા છો. મને પાગલ કહીને બોલાવે છે. વ્યસનમાં ભરપૂર છે. ક્યારેક મારી પણ લે છે. કહેવાતું નથી ને સહેવાતું નથી. હું તો બહુ જ દુઃખી છું. આના કરતાં દીકરા ન હોત તો સારું.’’ એમ કહી ખૂબ રડવા લાગ્યા.

ત્યાંથી મહાત્માજી નગરશેઠ લક્ષ્મીચંદ શેઠના બંગલા પાસે આવ્યા. શેઠે સ્વાગત કર્યું, બેઠા. મહાત્માજીને થયું, રાજમહેલ ટપી જાય એવી જાહોજલાલી છે. ધન, સંપત્તિ, બાગ, બગીચા, નોકર, ચાકર ઘણા છે. ચાર સુપાત્ર દીકરા છે. આ જરૂર સુખીયા હશે. નગરશેઠને પૂછ્યું, ‘‘આપ સુખી છો ને?’’ ‘‘બાપજી, બધી વાતે સુખી છું પણ એક દુઃખનો પાર નથી. આજ દશ વરસ થયાં લકવાથી પીડાઉં છું. દવા ઉપર જીવું છું. ભોજન જમી શક્તો નથી.’’ ચોધાર આંસુએ રડી પડ્યા. ચાલી શકાતું નથી.

શરીર કાબુમાં નથી.

ત્યારે મહાત્માજી કહે છે, ‘‘જ્યાં જાઉં છું ત્યાં દુઃખીજ લોકો દેખાય છે તો સુખી કોણ હશે આ ગામમાં?!’’ ત્યારે નગરશેઠ બોલ્યા, ‘‘હું બહાર ગામ જઇ શક્તો નથી પણ બધા લોકો કહે છે હમણા અયોધ્યાથી એક મહાત્માજી આવ્યા છે, તે હનુમાનજીની પૂજા કરે છે. તે બહુ સુખી છે. તે નિરાંતે હરિ સ્મરણ કરે છે. કોઇ ઉપાધી નથી.’’

મહાત્માજી આવું સાંભળી ચમકી ગયા. હું સુખી માણસ શોધવા નીકળ્યો છું પણ સાચી હકીકતમાં હું પ્રભુની કૃપાથી બહુ સુખી છું. પ્રભુનું નામસ્મરણ કરવું, ધ્યાન, ધારણા, પૂજા, પાઠ કરું છું તેમાં જ સાચું સુખ છે. તુલસીદાસજી કહે છે...

**સુરપુર નરપુર નાગપુર, એ તીનમાં સુખ નહિ;**
**કાં સુખ હરિ કે ચરણ મેં, કાં સંતન કે માંહિ.**

શાશ્વત સુખ તો હરિના ચરણમાં અને સંત સમાગમમાં છે. બાકી તો સ્વર્ગ, મૃત્યુ કે પાતાળ પર્યંત ચૌદ લોકના રાજ્યને વિષે પણ સુખ નથી. મુક્તાનંદ સ્વામી ગાય છે.

**સુખ પામી રે સખી સુખ પામી,**
**હું તો સામળીયાને શરણે જાતાં સુખ પામી. . .**
**શરણાગતને પાળે સદા બહુનામી,**
**મારે હરિનો ઉપર હાથ, કશી ન રહી ખામી.**

વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ તેમાં જેવું સુખ છે તેવું ચૌદ લોકના રાજ્યને વિષે પણ નથી. આ જગતના મનુષ્યો ધન, સ્ત્રી, પુત્ર, પરિવાર, વૈભવ વિલાસને સુખરૂપ ગણે છે પણ તે સુખ ક્ષણિક છે. નાશવંત છે. સ્વપ્ના જેવું છે. ઝાંઝવાનાં પાણી જેવું છે. નિષ્કુળાનંદસ્વામી કહે છે...

**મનગમતું મેલી કરીને, મત મોટાનો મન ધારિયે ।**
**પ્રસન્ન કરવા છે પ્રાણપતિને, એટલું તો જરૂર વિચારિયે ॥**
**અંતરજામીની આગળે, નહિ ચાલે જૂઠ જરાય ।**
**એમ વિચારી આપણે, કસર ન રાખવી કાંય ॥**

મનનું ધાર્યું મૂકવું અને હરિનું ધાર્યું કરવું. મનને કાબુમાં રાખો તો મોક્ષ અને મનને છૂટું મૂકો તો બંધન છે. ‘‘મનઃ એવ મનુષ્યાણાં કારણં બન્ધમોક્ષયોઃ ।’’ અનાદિકાળથી માણસને મનનું ધાર્યું કરવાનો સ્વભાવ થઇ ગયો છે.



**બંધનનું કારણ મન છે, અને મોક્ષનું કારણ પણ મન છે.**

અંતરજામીની આગળે, નહિ ચાલે જૂઠું જરાય. માટે કસર ન રાખવી કાંય. માયા ગાફલને મારે છે ને જગતની માયામાં ફસાવે છે. ઘણા સાધારણ માણસો કહેતા હોય છે, અત્યારથી શું ભગવાન ભજવાની તાણ રાખવી! વૃધ્ધ થાશું ત્યારે ભક્તિ કરશું. એ ગલત વિચાર છે.

**માટે મોટા સંતને મળી, વળી ટાળવી સરવે ભૂલ્ય ।**
**નિષ્કુલાનંદ કહે નવ ખોઇએ, અવસર આવ્યો અમૂલ્ય ॥**

આપણને સર્વોપરી ઉપાસના મળી છે. સત્સંગમાં જન્મ મળ્યો છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને આપણને પોતાના રાજકુંવર બનાવ્યા છે. શ્રી નરનારાયણદેવને મૂકીને ક્યાંય આડા અવળા જવાય નહિ. ધ્યાન રાખજો. અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો છે. આવો અમૂલ્ય અવસર ટાળવો સર્વે ભૂલ છે. સ્વામી ભલામણ કરે છે, માણસના મનમાં એક એવી વાત ઠસાઇ જાય છે કે હું કહું તે થવું જ જોઇએ. આવી વિચિત્ર માન્યતાને લઇને માનવી ડગલે ને પગલે કલેશ ને ઉદ્વેગ પેદા કરે છે. ત્રાસમાંથી મુકિત મેળવવી હોય તો સરલ બનો! શીતળ શાંત સ્વભાવ રાખવાની ખાસ જરૂર છે.

**સ્વભાવ ઠરશે તો વ્યક્તિ તરી જશે.**

સામી વ્યક્તિ ગમે તેટલો તપાવવનો પ્રયાસ કરે, ખૂબ તપી જવાય તો આ કથા યાદ રાખજો. કદાચ આવેશ આવે તો છેવટે ઠરતાં શીખજો. એક બીજાની ભૂલને ભૂલી જઇશું તો જ મગજ ઠરશે. સમાધાનકારી વૃત્તિ માણસને શાંતિ અને સુખ આપશે.

**વિદેહી જનકરાજા**

**જેને ઉપાય કરવો હોય એહજી, તેને થાવું સહુથી નિઃસનેહજી ।**
**જેમ વરત્યા જનક જેહજી, કરતાં રાજ્ય કે’વાણા વિદેહજી ॥**

અનાશક્તિ યોગમાં જનકરાજાનું નામ વિશ્વમાં પ્રથમ લેવાય છે. એવા મિથિલા નગરીના રાજાની વાત સ્વામી કહે છે.

**નિર્બંધ જીવન જીવવું તે જ સાચું જ્ઞાન છે.**

તમને કોઇક વખત એવું લાગશે કે હું ભક્તિ કરું છું, જ્ઞાની છું, મારા મનમાં ક્રોધ નથી, વિકાર વાસના નથી, ઈર્ષા નથી, લોભ નથી, કોઇ જાતનું મને બંધન નથી

તે વાત ખોટી છે. આ બધા જ વિકારો અંદર બેઠા છે. માનવ સાવધાન થઇને સાધન કરે, ભક્તિ કરે ત્યાં સુધી વિકારો દેખાતા નથી. માનવ થોડો ગાફલ થાય કે અંદરના વિકારો બહાર આવે છે. જીવનના છેલ્લા શ્વાસ સુધી મન ઉપર વિશ્વાસ રાખશો નહિ. મન ક્યારે ખાડામાં ઉતારે તે કહેવાય નહિ. જ્ઞાની સંતો મન ઉપર વિશ્વાસ રાખતા નથી. મન ઉપર ભક્તિનો અંકુશ રાખે છે. સતત ભકિત કરવાની ટેક રાખો. જનક રાજા અખંડ પ્રભુનું સ્મરણ કરે છે. રાજ્ય વ્યવહાર ઉપર ઉપરથી કરે ને અંતરથી હરિ સ્મરણ ચાલુ જ હોય.

**વિદેહ કહેવાણા તે સાંભળી, ત્યાં આવ્યા નવ ઋષિરાય ।**
**ઉઠયા જનક ભેટવા સહુને, ઘણે હેત ઘાલી હૈયામાંય ॥**

એક વખત નવ યોગેશ્વરોને વિચાર થયો, આ જગતની અંદર રાજા જનકની વિદેહી તરીકે ખ્યાતી છે. દેહથી પૃથક વર્તે છે. દેહદશા ભૂલાઇ ગઇ છે ને આત્મદશામાં સદાય રહે છે તે યોગ્ય છે કે કેમ તેની પરીક્ષા કરીએ તો ચોક્કસ ખબર પડે. રાજ્ય ચલાવવું, ન્યાય નીતિના ચૂકાદા કરવા અને વિદેહી રહેવું એ તો આશ્ચર્યની વાત છે. જગતથી અલિપ્ત રહેવું તે શક્ય જ નથી. એક ઘર ચલાવવાની જવાબદારી હોય તો પણ સંસારમાં ખૂંચી જાય છે. મોહ મમતામાં ફસાઇ જાય છે તો રાજ્યસત્તામાં અનેક ઉપાધિમાં કેમ વિરક્ત રહેતા હશે?

અધિકારીની જવાબદારીમાં જનકરાજા એકાગ્રતાથી કઇ રીતે સ્થિર રહીને પૂજા, પાઠ, ધ્યાન, ધારણા, કથા, કીર્તન, ભજન, સ્મરણ કરતા હશે? કેવી રીતે દેહભાવ ભૂલાતો હશે? દેહદશા ભૂલાય ત્યારે વિદેહી કહેવાય. ચાલો આપણે તેની પરીક્ષા કરવા જઇએ. ચમસ, કવિ, અન્તરિક્ષ, હરિ, પ્રબુદ્ધ, પિપ્લાયન, કરભાજન, અગ્નિહોત્ર અને દ્રુમિલ, આ નવ યોગેશ્વરો જનકરાજાના દરબારમાં પધાર્યા. જનકરાજાએ મીઠો આવકાર આપ્યો.

‘‘ઋષિરાજ! તમારાં પાવનકારી પગલાંથી અમારો દરબાર પવિત્ર થયો છે. ધન્ય ઘડી, ધન્ય અવસર. પધારો, પધારો.’’ એમ કહી પગે લાગ્યા. અને પછી હાથ પહોળા કરીને નવ યોગેશ્વરોને એક સાથે બાથમાં લઇને ભેટીને રાજીપો વ્યક્ત કર્યો. પછી એક એક યોગેશ્વરોને બાથમાં લઇને મળ્યા. નવ યોગેશ્વરો આશ્ચર્ય પામી ગયા. પૂછ્યું, ‘‘રાજન્! આવી રીતે કરવાનું કારણ શું? પહેલાં બધાને સાથે ભેટીને મળ્યા પછી એક એકને ભેટીને મળ્યા.’’ ત્યારે જનકરાજાએ સરસ જવાબ આપ્યો...



**ત્યારે જનક કહે આ દેહનો, નથી પળ એકનો વિશ્વાસ ।**
**મળાય કેમ આ મુનિને, જ્યારે થઇ જાય તનનાશ ॥**

‘‘આ શરીરનો શો ભરોસો? અણધાર્યું શરીર પડી જાય તો બાકીના યોગેશ્વરને મળવાનું રહી જાય તેથી નવ યોગેશ્વરોનો એક સાથે સત્કાર કરી લીધો.’’ પછી રાજા જનક અને યોગેશ્વરો શાંતિથી બેઠા છે. ઘણા આધ્યાત્મિક પ્રશ્નો અને ઉત્તરો અરસ પરસ પૂછ્યા છે. જનકરાજા અનાસક્તિનો બોધ આપતાં કહે છે, ‘‘મારા અડધા શરીરને કોઇ ચંદન ચર્ચે અને અડધા શરીરને કોઇ તલવારથી કાપે તે મારા માટે બન્ને સમાન છે.’’ આવું સાંભળીને નવ યોગેશ્વરોને પરીક્ષા કરવાની ઇચ્છા થઇ.

શુકદેવજી કથા વાંચે છે. જનકરાજા મહાત્માઓની સાથે બેસીને કથા સાંભળે છે. ત્યાં અચાનક યોગેશ્વરોએ પોતાની યોગશક્તિથી મિથિલા નગરીમાં આગ લગાવી. મિથિલા નગરી, રાજમહેલ, આખું શહેર ભડકે બળે છે. અગ્નિની ઊંચી જ્વાળા દેખાય છે. હાહાકાર મચી ગયો. માણસો ઊંચે સાદે બૂમો પાડે છે. ‘‘દોડો દોડો! આગ લાગી છે! બધું બળીને ભસ્મ થઇ જશે.’’ માણસો દોડતા ગયા. વસ્તુનો બચાવ કરી લઇએ. મહાત્માઓનાં દિલ હચમચી ગયાં. તે પણ દોડતા ગયા. અમારાં ઝૂપડાં બળી જશે તો?! આખી સભા ખાલી થઇ ગઇ.

**સાચું સુખ ભોગમાં નહિ પણ ત્યાગમાં છે.**

એક જનકરાજા સ્થિર થઇને બેઠા છે. ધ્યાનથી માળા ફેરવે છે. નવ યોગેશ્વર કહે છે, ‘‘રાજન્, તમારો રાજમહેલ બળે છે. માલ મિલ્કત બળી ભસ્મ થઇ જશે. માટે જલદી દોડો અને નુકશાન થતું અટકાવો. અગણિત કીંમતી માલ બળી જાશે. કરોડો અને અબજોનો માલ ખાખ થઇ જાશે.’’ ત્યારે જનકરાજાએ સરસ જવાબ આપ્યો...

**મિથિલાલયાં પ્રદિપ્તાયાં ન મે દહ્યાતિ કિંચન ।**

‘‘મિથિલા નગરી બળે છે એમાં મારું કાંઇ બળતું નથી. મિથિલા નગરી મારી નથી. આ શરીર પણ મારું નથી. એક દિવસ આ શરીરનો નાશ થઇ જશે. આ દુનિયામાં મારું કાંઇ નથી. મારા તો એક પુરૂષોતમ નારાયણ ભગવાન છે. જે થવાનું હશે તે થશે. મને તેની કાંઇ ચિંતા નથી.’’ જનકરાજા કહે છે...

**રાજ સાજ સુખ સંપત્તિ, વળી દેહ ગેહ દારા દામ ।**
**એહ કોણ કેનાં કોણ આપણે, કોઇ કેને ન આવે કામ ॥**

**અણ સમઝણે આપણું, સહુ માની રહ્યું મનમાંય ।**
**જુવે વિચારી જીવમાં, તો નથી આપણું કાંય ॥**

"રાજ, સાજ, સુખ, સંપત્તિ, ધન, માલ, દેહ, દારા, દામ કોઇ કેને ન આવે કામ. અણસમઝે આપણે સૌ મારું છે એમ માની રહ્યા છીએ મનમાંય. પણ જુવે વિચારી જીવમાં તો નથી આપણું કાંય. સૌ કર્મ સંસ્કારે ભેગા થયાં છે ને કર્મ સંબંધ પૂરા થશે ત્યારે એક એક થઇને ચાલ્યા જાય છે. આ લોકમાં આવ્યા ત્યારે કાંઇ લઇને આવ્યાં નથી. આ લોકમાંથી દેહ તજીને જાશું ત્યારે કાંઇ સાથે નહિ ચાલે. પૂર્વનાં સગાં સંબંધીને અજ્ઞાને કરીને વીસરી ગયા છીએ. તેમ આ જન્મમાં સગાં સંબંધી રાજપાટ જ્ઞાને કરીને વીસરી દેવાં. મને કોઇ જાતનો મોહ નથી. કર્તા હર્તા ભગવાન છે."

આવી વાત સાંભળી નવ યોગેશ્વરો આશ્ચર્ય પામી ગયા. ધન્ય છે જનકરાજાની સમજણને. દેહથી વિરક્ત છે. આ જગતની અંદર તેમની નામના વિદેહી તરીકે છે તે યોગ્ય જ છે. મિથિલા નગરી ભડકે બળતી હતી તેની તરફ યોગેશ્વરોએ અમૃત ભરી નજર કરી કે તુરંત અગ્નિ દેખાતો બંધ થઇ ગયો. કોઇ પણ પદાર્થ બળ્યું નથી. આખી નગરી ક્ષેમ કુશળ છે પણ નવ યોગેશ્વરોએ યોગ શક્તિથી આવું દશ્ય દેખાડ્યું. આગ બંધ થઇ ગઇ. એટલે બધા માણસો અને મહાત્માજી પાછા સભામાં આવી બેસી ગયા. શુકદેવજીએ કહ્યું, "સંસાર ખરાબ નથી પણ સંસારમાં રહેલી જે આસક્તિ છે તે ખરાબ છે."

**એમ રાજ્યમાં રહી રાગ તજ્યો, એ છે લક્ષ લેવા જેવો ઘણો ।**
**તુચ્છ પદાર્થ સારું તણાવું, એવો જોઇએ નહિ મત આપણો ॥**

નિષ્કુળાનંદસ્વામી સાવધાન કરે છે, તુચ્છ પદાર્થ પાછળ તણાવું નહિ. સર્વે મનુષ્યો સુખને ઝંખે છે અને દુઃખથી ભાગે છે. હજી સુધી આ લોકમાં કોઇ માણસ સર્વ પ્રકારે, સર્વત્ર, સદા સુખી થઇ શક્યો જ નથી. સુખી થવા માટે અથાગ મહેનત કરે છે. સુખી થવા મનુષ્યો પ્લેનમાં ફરે, હિંડોળામાં ઝુલે, સ્વીમીંગ પૂલમાં ધૂબકા મારે, રાત દિવસ એ. સી. રૂમમાં રહે છતાં દુઃખ કેડો મૂકતું નથી. તેનું કારણ શું? નાશવંત સુખમાં શાંતિ છે જ નહિ. વચનામૃતમાં શ્રીહરિ કહે છે, જેમ આ મશાલ બળે છે તે મશાલને સમીપે જેવો પ્રકાશ છે તેવો થોડેક છેટે નથી. તેથી ઘણે છેટે તો મૂળગો નથી. તેમ બીજે ઠેકાણે તો કિંચિત દુઃખ છે અને સંપૂર્ણ સુખ તો ભગવાનના સમીપમાં રહ્યું છે. અને જેટલું ભગવાનથી છેટે થવાય છે તેટલી સુખમાં ન્યૂનતા રહે છે.



**ખાવા ખટ રસ નરેશ સુતને, તોય ડોડાં દેખી ડગે દલ ।**
**નિષ્કુળાનંદ કહે એ કંગાલ છે, નથી આવ્યો રાજાનો અમલ ॥**

નિષ્કુળાનંદસ્વામી દૃષ્ટાંત આપે છે, રાજાના કુંવરને જમવા માટે મેવા મિષ્ટાનના થાળ ભર્યા હોય તેને મૂકીને આકડાના ડોડા ખાવા જાય તો તે કંગાલ અને મૂર્ખો કહેવાય. આપણે અનંત કોટી બ્રહ્માંડના રાજાધિરાજ પરમેશ્વરના દીકરા છીએ. સ્વામિનારાયણ ભગવાન મારા બાપ છે. ખુમારી પૂર્વક હરિ ભજન કરો. 'દેહં પાતયામિ વા અર્થં સાધયામિ.' મારે સ્વામિનારાયણ ભગવાનના ચરણમાં નિવાસ કરવો છે. ગમે તેટલું સુખ દુઃખ આવે છતાં અટકી જવું નથી.

દેહ ભલેને અલમસ્ત હોય તેથી શું? સત્સંગ વિના જીવ બળિયો થાય નહિ. બળિયો થયા વિના ભજન, ભક્તિ, કથા, કીર્તનમાં મન જોડાય નહિ. ભગવાનમાં મન જોડ્યા સિવાય મુક્તિ થાય નહિ. એક વાત આજથી નક્કી કરી રાખો. ગમે તેમ થાય મારે ભગવાન ભજીને મારા આત્માને પ્રભુ ચરણમાં પહોંચાડવાનો છે.

**રાગ બિહાગડો– શિદને રહિયે કંગાલ રે સંતો, શીદ. ।**
**જ્યારે મળ્યો મોટો મહા માલરે સંતો.**
**પૂરણ બ્રહ્મ પુરુષોત્તમ પામી, ખામી ન રહી એક વાલ ।**
**અમલ સહિત વાત ઓચરવી, માની મનમાં નિહાલરે; સંતો. ॥**

પ્રગટ પ્રભુજી મળ્યા જેને, નથી ખામી કશી તેને. તો શીદને રહીએ કંગાલ. મળ્યો મહા મોંઘો માલ. માણસના ખિસ્સામાં થોડાક પૈસા હોય તો માનવને હિંમત રહે છે. ત્યારે જે ભક્તજન પરમાત્માને નિત્ય સાથે રાખીને ફરે, અખંડ સ્મરણ કરે તેને કેમ હિંમત નહિ હોય.

**જગતભરમાં આપણો મૂળ**
**સ્વામિનારાયણ સંપ્રદાય મોખરે છે.**

જેની પાસે ભગવાન છે, સદ્‌ગુણી રૂપી મિલ્કત છે, તેની પાસે બધુ જ છે. આખી દુનિયાની સંપત્તિ હોય પણ જો તેના જીવનમાં ભજન, ભક્તિ, ધર્મ, નિયમ, સ્વરૂપ નિષ્ઠા નથી તો તેની પાસે કાંઇ જ નથી. વચનામૃતમાં શ્રીહરિ કહે છે, પશુ કરતાં મનુષ્યને અધિક સુખ છે ને તે કરતાં રાજાનું સુખ અધિક છે, ને તેથી દેવતાનું સુખ અધિક છે, ને તેથી ઇન્દ્રરાજાનું સુખ અધિક છે, ને તેથી બૃહસ્પતિનું તેથી બ્રહ્માનું તેથી

વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ ને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે. ભગવાનના ધામના સુખનો જ્યારે વિચાર કરીએ ત્યારે બીજા સુખથી ઉદાસ થઈને મનમાં એમ થાય જે આ દેહ મૂકીને એ સુખને ક્યારે પામીએ.

નિષ્કુળાનંદ સ્વામી પાસે પુષ્કળ દૃષ્ટાંત છે તેમાંથી એક દૃષ્ટાંત આપે છે...

**રાજાની રાણી ભમી ભિખ માગે, હાલે કંગાલને હાલ ।**
**ઘર લજામણી રાણી જાણી રાજા, ખીજી પાડે વળી ખાલરે; સંતો. ॥**

એક રાજા પોતાના નગરમાં ઘોડા ઉપર બેસીને ફરવા ગયો. રસ્તામાં એક યુવાન સ્ત્રી દાતણની સોટી વેચતી હતી. રૂપાળી હતી. રાજા તેના રૂપમાં મોહિત થયો. પોતાના રાજ્યમાં લઈ આવ્યો. ‘‘આજથી તું મારી રાણી છે.’’ કાલની વાઘરી તે બીજે દિવસે રાજરાણી થઈ ગઈ. આલીશાન સાત માળનો વિશાળ રાજમહેલ, મોટર ગાડીઓ, બાગ બગીચા, હિંડોળાખાટ, હીરા માણેક ઝવેરાતની તિજોરી જોઈ નવાઈ પામી ગઈ. સેવા માટે અનેક દાસ દાસીઓ. પાણી માગે તો દૂધ મળે. રાણી સાહેબ, રાણી સાહેબ કહીને સૌ બોલાવે. ખૂબ આદર સત્કાર કરે. જાત જાતનાં ભોજન મેવા મિષ્ટાન્ન જમાડે. રાણીને મઝા નથી આવતી. શરીરે સૂકાતી જાય છે.

સદાય ઉદાસ રહે છે. આનંદ નથી. રાજા વિચાર કરે છે. નવી રાણી સૂકાતી કેમ જાય છે? ઘણી દવાઓ કરાવી પણ કાંઈ ફેર પડ્યો નહિ. પેટ ભરીને ખાતી નથી. હવે શું કરવું?! ત્યાં એક માનવ જીવનનો અનુભવી માણસ આવ્યો. તેણે રાણીને એકાંતમાં પૂછ્યું, ‘‘તું જાતની કોણ છે?’’ ‘‘હું જાતની વાઘરી છું. મને રાજમહેલમાં ફાવતું નથી. ગમતું નથી. હું પહેલાં દાતણની સોટીઓ વેચતી તે ધંધો મને મળી જાય તો મઝા આવે.’’

અનુભવી માણસે બારીની કીનારી ઉપર ઠેક ઠેકાણે બાજરાના રોટલાના ટુકડા ને દાતણની સોટીઓ રાખી. રાજાને કહ્યું, ‘‘તમે શાંતિથી અટારીમાં બેસીને શું થાય છે તે બધું જોયા કરો.’’ નવાં રાણી સાહેબા સવારે આઠ વાગ્યે જાગ્યાં. શયનખંડની બારીમાં દાતણની સોટી અને રોટલાના ટુકડા જોયા. ખુશ ખુશ થઈ ગઈ. હાશ... આજે મને બાજરાનો રોટલો મળ્યો. હસતાં હસતાં ટપ દઈને ટાઢા રોટલાનું બટકું મોઢામાં નાખી દીધું ને દાતણની સોટી હાથમાં લઈને જોરથી બોલી, ‘‘દાતણ લ્યો, ભાઈ દાતણ.’’ એમ કહી સોટી નીચે નાખી દીધી.

વળી બીજી બારી પાસે ગઈ. ‘‘દાતણ લ્યો, દાતણ!’’ એમ કહીને સોટી નીચે



નાખીને રોટલાનું બટકું આનંદથી ખાઈ ગઈ. ખુશ ખુશ થઈ ગઈ. બારીએ બારીએ ફરતી જાય ને બટકું રોટલો ખાતી જાય ને દાતણ લ્યો ભાઈ દાતણ કહેતી જાય. આવું જોઈને રાજા ગરમ થઈ ગયો. આ વાઘરણ મારી આબરૂ ગુમાવશે. આ રાજમહેલમાં રહેવા લાયક નથી. દાતણની સોટી લઈને ચાર પાંચ સોટી રાણીના વાંસામાં ફટકારી. મારી કૂટીને રાજમહેલમાંથી કાઢી મૂકી. ‘‘જા! રસ્તામાં દાતણ વેચજે ને રખડજે!’’

**જીવન મીઠું છે. તેને દુષ્કૃત્યોથી કડવું ન બનાવો.**

આ તો દૃષ્ટાંત છે. તેનો સિધ્ધાંત સમજવા જેવો છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન આ ભૂમિ ઉપર પધાર્યા. મોહ માયામાં ખૂંચેલા જીવાત્માનો હાથ પકડીને પરમાત્મા પોતાના રાજ્યમાં લઈ આવ્યા. પવિત્ર ભરતખંડમાં માનવ જન્મ આપ્યો. કૃપા કરીને સોના જેવો સત્સંગનો યોગ આપ્યો પણ જીવાત્માએ પોતાનો સ્વભાવ સુધાર્યો નહિ. વાઘરીની જેમ તુચ્છ માયાના પંચ વિષયમાં આસક્તિ રાખી. છાણના કીડાને શીરો ન ગમે અને જગતમાં બંધાયેલા માનવીને સત્સંગ ન ગમે. જો વાઘરણ જેવો સ્વભાવ રાખશો તો ચોરાસીના ચક્કરમાં ફરશો ને હેરાન થાશો. માયાનો માર ન ખાવો હોય તો પ્રભુનું શરણું સ્વીકારી લેજો.

**તન મન આશ તજી તુચ્છ જાણી, કાઢું સમઝી એ રસાલ ।**
**નિષ્કુલાનંદ એ ભક્ત હરિના, બીજા બજારી બકાલરે; સંતો. ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, આપણને બજારના બકાલી જેવા ભક્ત નથી થાવું પણ શૂરવીર ભક્ત થાવું છે. પ્રભુને પામવા માટે મોટા મોટા રાજાઓ રાજપાટ અને તમામ સમૃધ્ધિ છોડીને વનમાં ગયા અને સત્સંગ કર્યો. આપણે મૂર્ખ છીએ, તે નાશવંત દેહ અને દુનિયાની માયામાં ભરાઈને બેઠા છીએ. જન્મ-મરણ-મૃત્યુથી પર થઈ જવું હોય તો હરિમાં હેત વધારો. પ્રેમ ભક્તિ જેના જીવનમાં જાગી જાય તેની જીવન યાત્રા સફળ થાય.

**મોહ મમતાનો હિંડોળો.**

આયુષ્યોનો સૂર્ય આથમે તે પહેલાં પ્રભુ પ્રાપ્તિનો સૂર્ય પ્રગટ કરી લેજો. નહિંતર અચાનક અંધારું થશે અને રડવાનો વારો આવશે.

એક નગરનાં કરૂણાસાગર નામના શ્રીમંત શેઠ રહેતા હતા. તેમનો સ્વભાવ દયાળુ અને ઉદાર હતો. તેથી ગામમાં જાહેરાત કરી કે ગરીબ અને રાંક જે હોય તેના માટે હું સદાવ્રત ખુલ્લુ મૂકીશ. તેમાંથી સવારથી સાંજ સુધી જે જોઈએ તે લઈ જવાનું છે

ને પેટ ભરી ભોજન જમવાનું છે. અનેક ગરીબ અને ભૂખ્યા માણસો જમ્યા. સાંજે જમણવાર બંધ થયો. વાસણો ધોવાઇ ગયાં.

ત્યાં એક રાંક રડતો રડતો આવ્યો. ''હું બહુ ભૂખ્યો છું. મને કાંઇક જમવા આપો.'' આ સત્સંગમાં ઘણા રાંક જેવા હોય છે. કથા વાર્તા રૂપી જમણવાર પૂરો થઇ જાય પછી આવે અને કહે હું ભૂખ્યો છું. શેઠ રાંકને કહે છે, ''કાલે સવારે આવજે. સવારથી સાંજ સુધી તારે જેટલું જોઇએ તેટલું લઇ જજે.''

રાંક બીજે દિવસે સવારે વહેલો આવ્યો. શેઠના સેવકોએ ખજાનો ખોલી આપ્યો. તે જોઇ રાંક ખુશ ખુશ થઇ ગયો. પૈસાના બંડલ લઇને એક કોથળો ભર્યો. આગળ ગયો તો સોના ચાંદીના ઢગલા જોયા. ''ઓ હો! આ તો બહુ કીમતી માલ છે.'' પૈસા ઠાલવીને સોના ચાંદીના પાસા ભર્યા. વળી આગળ ગયો તો ત્યાં હીરા માણેક ને સાચા મોતીના હારના ઢગલા જોયા. તેથી સોનું રૂપુ ઠાલવીને હીરા માણેકથી કોથળો ભર્યો. પછી આગળ ગયો તો ત્યાં સોનાનો હિંડોળો દીઠો. તેના ઉપર મખમલના ગાદી તકિયા જોયા. આશ્ચર્યનો પાર નથી.

રાંકને થયું, કોથળો ભર્યો ને ઠાલવ્યો તેમાં થાકી ગયો છું. તેથી થોડીવાર નિરાંતે સૂઇ જાઉં. પછી કીમતી માલ લઇ જઇશ. હિંચકા ઉપર સૂતો. ઘસઘસાટ ઊંઘ આવી ગઇ. ત્યાં સાંજ પડી ગઇ. સૂર્ય આથમી ગયો. શેઠના નોકરો આવ્યા. લાકડીનો ગોદો ભરાવ્યો. ''અલ્યા! દિવસ અસ્ત થયો છે.'' હાથ ઝાલીને સદાવ્રતમાંથી બહાર કાઢ્યો. રાંક રડતો રડતો કહે છે, ''ભાઇ સાહેબ, સદાવ્રતમાંથી મને કાંઇક લેવા દો.'' સેવકો બોલ્યા, ''હવે કાંઇ નહિ લેવા મલે. દિવસ ઊગ્યાથી આથમ્યા સુધી જે લેવું હોય તે લઇ જવાની રજા હતી. કેમ લીધું નહિ?'' રાંક ઠાલે હાથે રવાનો થઇ ગયો.

આ દૃષ્ટાંતનો સિધ્ધાંત એ છે કે આપણને કરૂણાસાગર ભગવાને મનુષ્ય જન્મરૂપી ચિંતામણી આપી છે. જન્મથી મરણ સુધી દાન, પુણ્ય, ભજન, ભક્તિ, કથા કીર્તનનું ભાતું બાંધી લેજો. દેહ રૂપી કોથળામાં માયાવી પદાર્થ ભરવામાં રહી જશો નહિ. મોજ શોખ રૂપી મોહ નિદ્રામાં સૂતા રહી જાશો તો કાળ આવીને દેહ રૂપી સદાવ્રતમાંથી બહાર કાઢશે. ધ્યાન રાખજો, પુત્ર પરિવારના પ્રેમ સ્નેહ રૂપી હિંડોળે મોહ નિંદ્રામાં સૂતા રહી જવાય નહિ. ઘણા ભક્તો પચ્ચીસ પચાસ કે સિત્તેર વરસ જાય છતાં જાગતા નથી. મોહ મમતાના હિંડોળામાં ઊંઘતા રહી જવાય નહિ તેનું ધ્યાન રાખજો.



## ધીરજશાળી નળરાજા અને દમયંતી.

**વળી કહું વાત હરિજનની અમળજી, નલરપુરીનો રાજા એક નળજી**
**રૂપ ગુણ શીલ ઉદાર નિર્મળજી, એવો વીરસેનનો સુત સબળજી ॥**

વીરસેન રાજાના પુત્રનું નામ નળરાજા હતું. ભગવાનના પરમ ભક્ત હતા અને સદ્‌ગુણોથી યુક્ત હતા. સત્યવાદી અને ઉદાર દિલના હતા. દમયંતીએ મનમાં વિચાર કર્યો કે મારે સત્યવાદી નળરાજા સાથે જ લગ્ન કરવાં છે. મનોમન પ્રતિજ્ઞા કરી લીધી.

**સબળ ને સત્યવાદી સુણી, દમયંતીએ વિચારી વાત ।**
**વરવું છે એ નળને, બીજા પુરુષ તાતને ભ્રાત ॥**

જગતમાં જેટલા પુરુષો છે તે મારા ભાઇ અને પિતાજી સમાન છે. હૈયાની વાત હૈયામાં જ રાખી પણ પિતાજીને વાત કરી નહિ કે મારે નળરાજા સાથે પરણવું છે. પિતાજીને કાંઇ ખબર નથી તેથી દીકરી ઉમરલાયક જાણીને સ્વયંવર રચ્યો. દેશ દેશાંતરમાંથી રાજાઓ આવવા માટે તૈયાર થયા. નારદજીને વિચાર આવ્યો કે દમયંતીની પરીક્ષા લઇએ કે ટેક સાચી છે કે કાચી. નળરાજા સિવાય બીજા પુરુષમાં લોભાય છે કે નહિ. કસણી કર્યા વિના કીમત વધતી નથી.

નારદજી સ્વર્ગલોકમાં ગયા અને ઇન્દ્ર, ધર્મ, અગ્નિ અને વરુણદેવને વાત કરી. ''હાલ મૃત્યુલોકમાં દમયંતીજી બહુ જ રૂપવાન, ધર્મવાન, ગુણવાન અને વિનયવાન છે. તમારા જેવા દેવને ત્યાં શોભે એવાં ગુણીયલ છે પણ તેણે અચળ ટેક ધારણ કરી રાખી છે. કેવી ટેક છે તે સાંભળો.

**પણ એને વરવું છે નળને, એવી દૃઢ ધારીછે ટેક ।**
**ટેક તજાવી તમે વરો, તો વળે વડો વશેક ॥**

રાજા નળને વરીશ પણ બીજા કોઇને વરીશ નહિ. તમે તેની ટેક તોડાવીને એની સાથે પરણો તો તમારો જયજયકાર થાય.'' દેવતાએ કહ્યું, ''દમયંતીની ટેક તજાવી અમે પરાણે લગ્નની વાત કરીએ તો સામસામા કલેશ થાય માટે એ વાત રહેવા દો.'' ત્યારે નારદજી કહે છે, ''નળ અંતરે નિર્મળ છે. જેમ કહેશો તેમ કરશે. તજી પ્રિય પોતાતણું, તમારું પ્રિય અનુસરશે. નળરાજાને જેમ કહેશો તેમ કરશે. તમે મૃત્યુલોકમાં જાઓ ને નળરાજાને આ વાત કરો.'' સંતની આજ્ઞાને શિરોમાન્ય કરી.

**ત્યારે ચારે મળી કહ્યું નળને, તું કરય અમારાં વખાણ ।**
**તું તારી નિંદા કરજે, તો અમને વરશે એહ જાણ ॥**

દેવતાઓ નળરાજાને કહે છે, ‘‘દમયંતી અમારી સાથે પરણે તો તમે રાજી છો ને?’’ ‘‘હા હા, મારે કાંઇ વાંધો નથી.’’ ‘‘તો તમે એક કામ કરો. તમે દમયંતી પાસે જાવ અને તમારી નિંદા કરજો અને અમારાં વખાણ કરજો.’’ નળરાજા નિખાલસ હૃદયના છે. તેથી દમયંતી પાસે આવ્યા અને કહ્યું, ‘‘તું મને વરીને શું કરીશ? ગમે તેમ તોય અમે માણસ કહેવાઇએ અને દેવતાઓ તો સ્વર્ગના દેવ કહેવાય. દેવ સાથે પરણીશ તો તારો જયજયકાર થાશે.

મૃત્યુલોકના માણસો બીમાર થાય, રોગ થાય પણ સ્વર્ગલોકના દેવતાઓ ક્યારેય પણ બીમાર થતા નથી. કોઇ જાતનો રોગ થતો નથી.’’ નળરાજા કહે છે, ‘‘હું અત્યારે યુવાન છું, પણ મને સમય જતાં વૃધ્ધાવસ્થા આવશે પણ દેવતાઓ કોઇ દિવસ વૃધ્ધ થતા નથી. સદાય યુવાન જ રહે છે. જેનું પુણ્ય પૂરું થાય એ સ્વર્ગલોકમાંથી હેઠો પડે. એનું દેવત્વ પૂરું થઇ જાય. તને કાયમી સુખ જોઇતું હોય તો તું દેવોને પસંદ કરી લે. મનુષ્ય કરતાં દેવતાનું સ્થાન ઊંચુ છે.’’ આ પ્રમાણે દમયંતીને કહ્યું પછી દેવતાને કહે તમો દમયંતી પાસે જઇ વરવાની વાત કરો.

**ત્યારે દમયંતી કહે હે દેવતા, હું વરી છું નળરાય ।**
**હવે ડગાવું જો દિલને, તો પતિવ્રતાપણું જાય ॥**

દમયંતી હિંમત પૂર્વક જવાબ આપે છે, ‘‘મને ડગાવવાની કોશીશ છોડી દો. મેં નક્કી કરી લીધું છે હું વરીશ તો નળરાજાને. હવે મન ડગાવું તો મારું પતિવ્રતાપણું જાય ને પસ્તાવો થાય.’’ નળરાજાએ દેવતાઓને કહ્યું, ‘‘મેં દમયંતીને ડગાવવાની ઘણી કોશીશ કરી પણ તેનો નિર્ણય અફર છે. પર્વતપ્રાય નિશ્ચય છે. બીજાને વરશે નહિ.’’ દેવતાઓએ કહ્યું,‘‘ઠીક છે. હવે બીજી યુક્તિ કરીએ.’’ એટલે ઇન્દ્ર, ધર્મ, અગ્નિ અને વરૂણ આ ચાર દેવતાઓએ અસલ નળરાજાના જેવું જ રૂપ ધારણ કર્યું. સ્વયંવરમાં આવ્યા. જ્યાં નળરાજા બેઠા છે તેની બાજુમાં આવીને બેસી ગયા. હવે ખબર પડશે પતિવ્રતાપણું કેવું છે.

**પછી પાંચે થયા નળ પ્રમાણજી, પતિવ્રતા ધર્મથી પડી ઓળખાણજી ।**
**નાખી નળકંઠે વરમાળ સુજાણજી, સુરનર થયા નિરાશી નિરવાણજી ।**

પાંચ માણસો નળરાજા જેવા જ સ્વયંવરમાં બેઠા છે. ભલભલા ભૂલી જાય.



જરાય ફરક નથી. હવે શું કરવું? કોને વરમાળા પહેરાવવી. દમયંતીજી પુષ્પની માળા લઈને ઊભાં છે. મૂંઝાઇ ગયાં. વિચાર કરતાં થઇ ગયાં. પાંચ નળરાજા બેઠા છે. કોના કંઠમાં વરમાળા પહેરાવું? ભગવાનની પ્રાર્થના કરે છે. ‘‘હે પ્રભુ! મને સત્ય વાત સમજાતી નથી. સત્ય વાત સમજાય એવી કૃપા કરો.’’ અંતરમાં પ્રકાશ થયો. જે આંખનાં મટકાં મારે છે તે સાચી હકીકતમાં નળરાજા છે ને જે મટકાં નથી મારતા તે દેવલોકના દેવ છે. તુરંત દમયંતીજીએ પુષ્પની વરમાળા નળરાજાના કંઠમાં પહેરાવી દીધી. તાલીના નાદથી સૌ માણસોએ જયજયકાર કર્યો. ધન્ય છે પતિવ્રતા દમયંતી સતીને.

ચાર દેવ નિરાશ થઇ ગયા. ગમે તેમ કરીને દમયંતીને પતિવ્રતાના ધર્મથી ભંગ કરાવવો જ છે. માનસિક નિષ્ઠા તોડાવીએ. કાંઇક યુક્તિ કરીને પણ પતિવ્રતાનો ભંગ કરાવીએ. દમયંતીજીને મનમાં વિચાર થવો જોઇએ કે હું નળરાજાની સાથે પરણી તે ખોટું થયું. આવો વિચાર થવો જ જોઇએ તો તે સત્ય ટેકથી પડી જાય. ચાલો કાંઇક ઉપાય કરીએ. ઇન્દ્રરાજાએ કળિયુગને કહ્યું, ‘‘તું નળરાજાના શરીરમાં પ્રવેશ કર અને સત્યની ટેકમાંથી ચલિત કર.’’

કળિયુગ આંટા મારે છે પણ નળરાજાનું જીવન બહુ પવિત્ર છે, વિચાર પવિત્ર છે. ધર્મશીલ અને ભક્તિશીલ છે. તેથી કળિયુગથી રાજાનાં અંતરમાં જવાતું નથી. લાગ મળતો નથી. કળિયુગ રાત દિવસ રાજાની પાછળ પાછળ ફર્યા કરે છે. હવે શું કરવું? એક દિવસ એવું બન્યું કે રાજાને કોઇક કાર્યમાં ઉતાવળ છે તેથી જલદી જલદી સ્નાન કરતા હતા. તેમાં એક પગની પેની કોરી રહી ગઇ તેમાંથી કળિયુગ રાજાના શરીરમાં પ્રવેશ કરી ગયો.

સમજવા જેવી કથા છે. એક પેની કોરી રહી ગઇ તો કળિયુગ શરીરમાં પ્રવેશ કરી જાય. જે સ્નાન કરતા નહિ હોય અથવા સ્નાન કરે પણ માથું કોરૂં રાખતા હશે તેના મગજમાં કળિયુગ ચોક્કસ પ્રવેશ કરે છે. કળિયુગ પ્રવેશ કરે તો શું થાય? વિચાર મલિન થઇ જાય. સદ્‌વિચાર ઉડી જાય. અજ્ઞાનરૂપી અંધારું છવાઇ જાય. કામ, ક્રોધ, લોભ, તૃષ્ણા આદિક આંતરિક શત્રુ જોર કરે. નળરાજાની બુધ્ધિ ફરી ગઇ. ‘‘ચાલો જુગાર રમવા જઇએ!’’

**ત્યારે નળ મતિ રતિ નવ રહી, રમ્યો ધુતવિદ્યા ભ્રાત સાથ ।**
**રાજ સાજ સુખ સમૃદ્ધિ, લીધી જીતી કર્યો અનાથ ॥**

જુગાર રમ્યા. એક પછી એક વસ્તુઓ, સોનાના દાગીના, સંપત્તિ અને તમામ રાજ્ય હારી ગયા. રાજ્ય ગુમાવી બેઠા. બાજી જીતનારે કહ્યું, ''અત્યારે જ રાજ દરબાર છોડી બહાર નીકળી જાઓ.'' પતિપત્ની વચ્ચે લાંબુ ધોતિયા જેવું એક વસ્ત્ર આપ્યું. એક વસ્ત્ર પહેરી બે જણ વનમાં ચાલ્યાં ગયાં. જળ ટાણે જળ નવ મળે, અન્ન ટાણે ન મળે અન્ન, ભૂખ્યાં તરસ્યાં દુઃખી થતાં ભટકે છે વનોવન. પગમાં પગરખા નથી. લોહી ટપકે છે. કાંટા વાગે અને જંગલી જનાવરો ભયંકર શબ્દો કરે છે. દુઃખનો કોઇ પાર નથી. છતાં પણ સંભાળે નહિ સુખ રાજ્યનું, હૈયામાંહી લવલેશ, સદાય સંભારે છે શ્રી હરિ, અખંડ અંતરમાં અવિનાશ.

**વિક્ષેપો વચ્ચે રહીને સાધના કે**
**આરાધના કરવી એ ઘણું કપરું કામ છે.**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, દુઃખનો કોઇ પાર નથી છતાં પણ અખંડ પ્રભુનું સ્મરણ ચાલું છે.

**જેમ જેમ પડે વિપત્તિ વળી, તેમ તેમ મને મગન ।**
**એમ વનમાં વિચરે, રાત દિન રાણી ને રાજન ॥**

રાણી દમયંતીને રંચ માત્ર ખોટા વિચાર આવતા નથી કે હું નળરાજાને પરણી તેથી દુઃખી થાઉં છું. આના કરતા દેવને વરી હોત તો સારું થાત. આવો મનમાં સંકલ્પ પણ થતો નથી. ભગવાન જે કરતા હશે તે સારું કરતા હશે. હિંમત રાખી ધીરજતા પૂર્વક દુઃખ સહન કરે છે. કળિયુગને થયું. બીજી કોઇક યુક્તિ કરવી પડશે. આનાથી વધારે દુઃખી થાય તેવી કોશીશ કરું તો કદાચ સત્યથી ચલિત થશે ને હિંમત હારી જશે.

**એમ દિન કંઇ વહી ગયા, પછી રાજાએ કર્યો વિચાર ।**
**રાણી ખાણી સર્વે દુઃખની, માટે તજી દઉં નિરધાર ॥**

મધરાત્રીએ કળિયુગે નળરાજાના વિચાર બદલાવી નાખ્યા. એક વસ્ત્ર દંપતીએ પહેર્યું હતું તે વસ્ત્રને છરીથી કાપીને બે ભાગ કર્યા. એક ટુકડાથી શરીરને લપેટીને નળરાજા દમયંતીનો ત્યાગ કરીને ચાલ્યા ગયા. દમયંતી વનમાં એકલાં થઇ ગયાં. ખૂબ રડે છે. આટલા દિવસ મારા પતિ મારી સાથે હતા તેથી ધીરજ રહેતી કે હું એકલી નથી. પણ હવે હું શું કરીશ? જંગલમાં આકાશ સામે નજર કરી પ્રભુને યાદ કરતાં કરતાં કહે છે, ''દેહના પતિ ચાલ્યા ગયા પણ પ્રભુ! તમે મારા આત્માના પતિ છો. તમે મારી સાથે રહેજો ને મને તમારી સાથે રાખજો.''



**જતન કરતા તે જાતા રહ્યા, હવે રહીશ હું શી રીતમાં ।**
**હે દૈવ દીધું દુઃખ તેં સામટું, તેહનું ન વિચાર્યું ચિત્તમાં ॥**

સધવા સ્ત્રીનું શીર છત્ર એના પતિ છે. તમે તરછોડીને જતા રહ્યા. સતી દમયંતી વનમાં ફરે છે ને પતિને શોધે છે. રડી લડથડી પડી જાય, શુધ્ધ ન રહે શરીરની, નળ વિયોગી એ નારને, નયણે નદી ચાલે નીરની. પડતી આખડતી વળી, ચાલે એકાએક વનમાં, કાંટા કાંકરા વાગે પગમાં, તેની પીડા થાય છે તનમાં. દુઃખનો કોઇ પાર નથી. ખાવા પીવાનું કાંઇ મળતું નથી. છતાં પણ કોઇ દિવસ મન ડગતું નથી કે નળરાજાને વરી છું તેથી દુઃખી થાઉં છું. આવો ખોટો સંકલ્પ પણ થતો નથી. વિચાર કરો! કેટલી સહન શીલતા છે. આવું દુઃખ એક બે વરસ નહિ પણ...

**રાત દિવસ રડવડતાં, વળી વહી ગયાં વર્ષ બાર**

બાર વરસ મહાદુઃખમાં પસાર કર્યા. આ ધીરજાખ્યાનની કથા હિંમત આપે છે, ધીરજ રાખો. પછી કળિયુગ નળરાજાના શરીરમાંથી નીકળી ગયો. નળરાજાને સાચી સમજણ આવી. સત્યથી ચલાયમાન થયા નહિ.

**દમયંતીજી પરીક્ષામાં પાસ થયા.**

ભગવાનની કૃપાથી રાજા નળ અને દમયંતીજી પોતાના રાજધાનીમાં આવ્યાં અને સુખેથી ભગવાનનું ભજન કરવા લાગ્યાં. દેહના અંતે ઉત્તમ ગતિને પામ્યાં. સત્યને પકડી રાખે એના ઉપર ભગવાન રાજી થાય છે. દુઃખને હસતે મોઢે સહન કરે એજ સજ્જન સાધુ અને સત્યવાદી છે. નિષ્કુળાનંદસ્વામી ભલામણ કરે છે, સાધુને સુખ દુઃખમાં રાખવી દઢમતી, ધર્મમાં રહેવું અચળ અતિ, સેવા કરવી પ્રેમ થકી.

**એમ સાધુને સત્ય રાખવું, રાખવી દઢમતિ ધર્મમાં ।**
**સુખ દુઃખ સહી શરીરને, રહેવું અચળ નિજ આશ્રમમાં ॥**

સંતોમાં કેવી નમ્રતા હોવી જોઇએ તે વિષેની એક અતિ સુંદર કથા છે. ગુણાતીતાનંદ સ્વામીનું સેવાનું અંગ હતું. મંદિરની સેવા, સંતોની સેવા, ગાયોની સેવા કરે. કથા કીર્તન કરે. મંદિર સાફ કરે. માળા ફેરવે. ગુણાતીતાનંદ સ્વામી બેઠી દડીના, ઉઘાડું શરીર, થોડા શ્યામ વર્ણના ને ભગવાં વસ્ત્ર પહેરી પગથી માટી ખુંદે છે. જુનાગઢ મંદિરનું બાંધકામ ચાલુ છે. પરસેવાનાં બિંદુ ટપકે છે. ત્યાં એક કોયલી ગામના મહંત જુનાગઢના મંદિરમાં બાંધકામ થાય છે ત્યાં આવ્યા. સ્વામી નાની પોતડી પહેરી કામ કરે છે.

તે મહંતે પૂછ્યું, "જુનાગઢ મંદિરના મહંત ક્યાં છે? મારે તેમને મળવું છે." એને ખબર નથી કે આ માટી ખુંદે છે તે મહંત છે. એને એમ કે આ સામાન્ય સંત છે. ગુણાતીતાનંદ સ્વામીએ સરસ જવાબ આપ્યો. "તમે સભામંડપમાં જાવ. ત્યાં થોડીવાર બેસો. તમને મહંત મળશે." સ્વામી માટી ખુંદવી બંધ કરી હાથ પગ ધોઈને સભામંડપમાં આવ્યા. કોયલી ગામના મહંતને કહ્યું, "શું કામ છે? કહો." "બીજું કાંઇ કામ નથી પણ જુનાગઢ મંદિરના મહંતને મળવું છે."

"તો હું જ મહંત છું." ઓલ્યા સ્તબ્ધ થઇ ગયા. "તમે મહંત છો?!" "હા, હું મહંત છું." "તમે માટી ખુંદતા હતા તે સંત ને?" "હા એ જ છું." ઓલ્યા જોતા જ રહી ગયા. આવા સેવાભાવી મહેનતુ સ્વામિનારાયણના સાધુ? હસીને કહ્યું, "સ્વામી, તમે જુનાગઢના મહંત થઈને આવું હલકું કામ કરો છો એ બરાબર નથી. એવું કામ તો બીજા કરે." ગુણાતીતાનંદ સ્વામીએ સરસ જવાબ આપ્યો. "કામ નાનું હોય કે મોટું પણ છે તો ભગવાનના દરબારની સેવા ને! મોટા સંત હોય કે મહાન સંત હોય પણ સ્વામિનારાયણ ભગવાનના તો દાસ છે ને!" દાસનું લક્ષણ શું? માલિક રાજી થાય તેમ કરવું તે.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે, "સ્વયં શ્રીકૃષ્ણ પરમાત્માએ યજ્ઞમાં બ્રાહ્મણો જમ્યા હતા તેનાં એંઠા પતરાવળાં ઉપાડ્યાં છે. રામચંદ્રજી ભગવાન સંતોના રક્ષણ માટે રાજ્ય સુખનો ત્યાગ કરી વનમાં ગયા છે ને ત્યાં જટાયુની સેવા કરી છે. પુરુષોત્તમ નારાયણે વનમાં એક બીમાર સાધુની સેવા કરી છે. લોજમાં છાણ લેવા જતા. છાણાં થાપતા ને કાવડ લઈને ભીક્ષા માગવા જતા. ખૂબ સેવા કરી છે તો આપણે સેવા કરીએ તેમાં શું?!" આવું સાંભળી કોયલી ગામના મહંત વિચાર કરતા થઇ ગયા. સ્વામિ-નારાયણના સાધુમાં કેટલી બધી નમ્રતા છે. વિવેકશીલ છે અને વાણીમાં મધુરતા છે.

બપોરનો સમય થયો. કોયલીના મહંતને જમવા માટે સાથે રસોડામાં લઇ ગયા. બન્ને સાથે જમવા બેઠા. જ્યાં ભોજનપાત્ર પીરસાયું, ગુણાતીતાનંદ સ્વામીએ ભોજનમાં ખોબો ભરી પાણી નાખીને જમવા લાગ્યા. કોયલીના મહંત કહે છે, "ભોજનમાં કેમ પાણી નાખો છો?" સ્વામીએ કહ્યું, "સંતોને સ્વાદ ન હોય. જીહ્વાને સ્વાદ અને વાદમાં જીતવી. કંટ્રોલ રાખવો જીભ ઉપર."

**સ્વાદેન્દ્રિય પર નિગ્રહ જ મુખ્ય ધર્મ છે.**

સંતો જમ્યા બાદ સભા થઈ. તેમાં સ્વામી સંસારની ક્ષણભંગુરતાની વાત કરી.



સ્વામીની અમૃતવાણી સાંભળી મહંતે પૂછ્યું, "આપને દીર્ઘ ઉંમર સુધી જીવી શકવાનું રહસ્ય શું?" સ્વામીના મુખ ઉપર હાસ્ય પ્રસરી ગયું. પોતાની ઝોળી મંગાવી. મહંતને થયું જડીબુટી દેખાડશે. ત્યાં તો સ્વામીએ શિક્ષાપત્રી, માળા અને શ્રીહરિની મૂર્તિ બતાવીને કહ્યું, "આ અમારી સંપત્તિ છે. અમારી પાસેથી કોઇ લૂંટી જાય એવી કોઇ સંપત્તિ નથી. અમારા શિષ્યોને મોહ ન થાય. જેમને અમારા વારસાની ત્રણ ચીજ મેળવવાની ઇચ્છા હોય તેમને અમૃતનો દરિયો મળવાનો જ છે." આવા હતા આપણા સ્વામિનારાયણ ભગવાનના સાધુ ગુણાતીતાનંદજી. નમ્રતાવાળા અને સેવા ભાવી. કોયલીના મહંતને સ્વામીનો ગુણભાવ આવ્યો તેથી બહુ રાજી થયા. પછી પગે લાગીને પોતાના આશ્રમમાં ગયા.

નિષ્કુળાનંદસ્વામી કહે છે, પરમ એકાંતિક ભક્ત બનવું હોય, અક્ષરધામમાં જવું હોય તો ઈન્દ્રિયો ને અંતઃકરણને જરૂર કેળવવાં પડે છે. કેળવ્યા વગરની કોઇ વસ્તુ કામ લાગતી નથી. રોટલી કૂણી, સુંવાળી બનાવવી હોય તો લોટને બરાબર મસળવો પડે તો રોટલી સુંવાળી ને સરસ થાય ને આનંદથી જમી શકાય. માટીમાંથી ઘડો બનાવવો હોય તો માટીને બરાબર ખૂંદવી પડે તો ઘડામાં ઠંડુ પાણી થાય ને આનંદથી પી શકાય. પહેરવાનું વસ્ત્ર બનાવવું હોય તો કાપડને માપસર વેતરીને સીવવું પડે પછી આનંદથી પહેરી શકાય.

**ધર્મ સમ ધન નથી, નરનારીને નિદાન ।**
**ધર્મ જાતાં જો ધન મળે, તો જાણવું થયું એ જ્યાન ॥**

સર્વે સુખનું મૂળ ધર્મ છે. ધર્મનું તન, મન અને ખરા ખંતથી સેવન કરવું જોઇએ. જીસને ધર્મ સંપાદન નહિ કીયા એસા ધર્મહીન નાસ્તિક આદમી જિંદા હો તો ભી મૂડદે જૈસા હૈ. દેહ જીવકા આધાર હૈ. વૈસે જીંદગી ધર્મકે આધાર પર હૈ.

**રાગ બિહાગડો–**

**કરિયે રાજી ઘનશ્યામરે સંતો. । તો સરે સરવે કામરે સંતો. ।**
**મરજી જોઇ મહારાજના મનની, એમ રહિયે આઠું જામ ।**
**જે ન ગમે જગદીશને જાણો, તેનું ન પૂછીયે નામરે; સંતો. ॥**

હાથમાં બાજી છે ત્યાં સુધી કરી લ્યો હરિને રાજી. જીવાત્મા કહેશે ચાલ મંદિરે, મન કહેશે નથી જાવું. જીવ કહેશે વહેલો ઊઠીને પૂજા પાઠ કર, મન કહેશે ઠંડી પડે છે, સૂઇ જા. આવી રીતે અંતરમાં લડાઇ થયા કરે છે. પણ જો શૂરવીર ભક્ત હોય તો

મનનું કહ્યું કરે નહિ. જેને ઘનશ્યામ મહારાજને રાજી કરવા હોય, અક્ષરધામમાં જાવું હોય તેને સવારે વહેલા ઊઠી જવું જોઈએ. વહેલા ઊઠવાથી ઘણા ફાયદા થાય છે. નિરાંતે માનસી પૂજા થાય, નિરાંતે ગુરુમંત્રની માળા ફેરવાય. શાંતિથી દંડવત ને પ્રદક્ષિણા થાય. મંગળા આરતીનાં દર્શન થાય, કથા સંભળાય. કરીએ રાજી ઘનશ્યામ, તો સરે સર્વે કામ.

**જુવો રીત આગેના જનની, પામ્યા વિપત્તિ વિરામ ।**
**જનમથકી માનો મુવા સુધિ, ઠરી બેઠા નહિ ઠામરે; સંતો. ॥**

આગળના ભક્તોને ખૂબ વિપત્તિ આવી છે છતાં સત્યની ટેક, પ્રભુ પ્રત્યે નિષ્ઠા અને શૂરવીરતા છોડી નથી. માયા ગાફલને મારે છે ને જગતમાં ફસાવે છે. શૂરવીર ભક્ત સામે માયા અને મમતા આંખ ઊંચી કરીને જોતી નથી.

**માયામાં હેત કરશો તો લાખ ચોરાસીમાં ફરશો.**

ભગવાન પોતાનો આનંદ આપતા પહેલાં ભક્તની ક્યારેક કસોટી પણ કરે ખરા. પરંતુ જો કસોટીમાંથી પાસ થઈએ તો તે વારી જાય અને પોતાના અનહદ આનંદથી આપણા અંતરને છલકાવી દે. શ્રીજીમહારાજ આપણને જે પરિસ્થિતિમાં રાખે તેમાં રાજી રહેવું. છેલ્લા શ્વાસ સુધી તેમનું સ્મરણ કરીએ એવી ભગવાન પાસે પ્રાર્થના કરવી.

**હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને ।**
**પ્રથમ પહેલું મસ્તક મૂકી, વળતું લેવું નામ જોને ॥**

સિંહ જેવા શૂરવીર ભક્ત તો કોઈક જ હોય છે. બાકી સિંહનાં ટોળાં હોય નહિ. ઘેટાં બકરાંનાં ટોળાં હોય, સાચા ભક્તનાં ટોળાં ન હોય. કોઈક જ વીરલા હોય છે પોતે સત્સંગ કરે ને બીજાને કરાવે.

**એતો દોયલું સોયલુંછે આજ, તજીયે દોય દામ વામ ।**
**નિષ્કુલાનંદ નિ:શંક થઇને, પામિયે હરિનું ધામરે; સંતો. ॥**

ભક્તિ કરવી, ભગવાનને ઓળખવા તે ઢીલા પોચાનું કામ નથી. એ તો શિર સાટાની વાત છે. ભક્ત થાવું કાંઈ સહેલું નથી. સહેલું હોય તો આખી દુનિયા ભક્ત થઈ જાય. તો શું કામ અડધા કુસંગી રહે છે? અરે! પા ભાગનું જગત ભક્ત નથી અને જે ભક્ત થયા છે, તિલક ચાંદલો કરે છે ને કંઠી પહેરે છે તેમાંય કેટલાય નાસ્તિક છે. પોતાના વ્રતમાન શું છે એની એને ખબર નથી ને કહેવાય હરિભક્ત.



આ કથા અંતરમાં ઉતારવા જેવી છે. વાતની વાતમાં મનમેળ બગાડવો નહિ. ગુસ્સે થવું નહિ. હળી મળીને રહેવું તો જીવન જીવવાની મઝા આવશે. રમવાની મઝા આવશે. ફરવાની મઝા આવશે. જમવાની મઝા આવશે. સત્સંગ કરવાની મઝા આવશે. નહિંતર મઝા ઉડી જશે. માટે વર્તમાનકાળ સુધારો.

**આત્મનિવેદી અંબરીષ રાજા.**

નિષ્કુળાનંદસ્વામી સપ્તદ્વિપના સાર્વભૌમ ચક્રવર્તી આત્મનિવેદી અંબરીષ રાજાની કથા કહે છે. અંબરીષ રાજા પરમ ભાગવત ભક્ત હતા. દાનેશ્વરી હતા. રાજાની નવસો રાણીઓ હતી, હજારો દાસ દાસીઓ હાજર હતા પણ ભગવાનની સેવા પૂજા પોતે હાથે જ કરતા. સવારે વહેલા ઊઠી, સ્નાન કરી, પૂજા પાઠ કરે. પછી સુપાત્ર બ્રાહ્મણોને દાન આપે. ગાયોને ઘાસ ચારો આપે. અતિથીઓને છૂટે હાથે અન્ન વસ્ત્ર આપે. અંબરીષ રાજાનો નિયમ હતું, સંત, બ્રાહ્મણ અને ગાયોને જમાડી પછી પોતે જમે. એવો શ્રેષ્ઠ નિયમ હતું.

અંબરીષ રાજાને શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં યાદ કર્યા છે. રાજા દરરોજ ભગવાન માટે બગીચામાં ફૂલ વીણવા જાય, હાર બનાવે, પોતાના હાથે ચંદન ઘસે, સરોવરમાંથી પાણી ભરવા જાય અને ભાવથી પૂજા કરે. સેવા પૂજા કર્યા બાદ પગમાં ઘૂઘરા બાંધે. હાથમાં મંજીરા લઈને ભગવાન સન્મુખ પ્રેમ વિભોર બની નાચતા જાય ને કીર્તન ગાતા જાય. ભગવાનની ભક્તિ કર્યા વિના વ્યર્થકાળ નિર્ગમન કરતા નહિ. એકાદશીનું વ્રત કરે અને રાત્રે જાગરણ પણ કરે. કીર્તન ગાય...

**વળી કહું એક રાજા અંબરીષજી, તેને ઘેર આવ્યા દુર્વાસા લઇ શિષ્યજી**
**ભોજન કરાવ્ય અમને નરેશજી, ત્યારે નૃપ કહે નાહી આવો મુનેશજી**

અંબરીષ રાજાએ એકાદશીના દિવસે ઉપવાસ કર્યો છે. બારસના દિવસે પારણાં કરવાનો સમય થયો તે પહેલાં પાંચ હજાર શિષ્યો સહિત દુર્વાસા ઋષિ પધાર્યા. રાજા આદર સત્કાર કરી પગે લાગ્યા અને કહ્યું, ‘‘ધન્ય ઘડી, ધન્ય અવસર! ભલે પધાર્યા.આપ જેવા સંતોનાં ચરણોમાં અડસઠ તીર્થ રહ્યાં છે. અમારો રાજ્ય દરબાર પવિત્ર થયો. રસોઈ તૈયાર છે. આપ ભોજન જમીને અમને કૃતાર્થ કરો.’’ દુર્વાસા ઋષિ બોલ્યા, ‘‘ગંગાજીમાં સ્નાન કરી આવીએ પછી ભોજન કરશું.’’

**મુનિ વે’લા તમે આવજો, આજ છે દ્વાદશીનો દન ।**

દુર્વાસાઋષિ શિષ્યોની સાથે ગંગાજીમાં સ્નાન કરવા ગયા. જળક્રીડા કરતાં

કરતાં ઘણો વખત થઇ ગયો પણ કોઇ આવ્યા નહિ. અંબરીષ રાજા વાટ જુવે છે. હવે શું કરવું? પારણું કરવું જ જોઇએ નહિંતર વ્રત નિષ્ફળ જાય. પુરોહિત (ગોર)ને બોલાવીને વાત કરી કે આમંત્રણ આપેલા ઋષિઓને મૂકીને જવાય નહિ. હવે તમે જેમ કહો તેમ કરું. વ્રત નિષ્ફળ ન જાય ને ઋષિ કોપાયમાન ન થાય તેવો ઉપાય બતાવો.

પુરોહિતે કહ્યું, ''પ્રભુના ચરણામૃતની સાથે તુલસી પત્ર જમી લ્યો. પારણું કર્યું કહેવાશે અને આમંત્રિત અતિથીનો દોષ નહિ લાગે.'' પ્રભુ સ્મરણ કરતાં કરતાં રાજાએ ચરણામૃતનું પાન કર્યું. આ વાતની દુર્વાસા ઋષિને ખબર પડી.

**વીતી વેળાયે મુનિ આવિયા, રાજા કેમ કર્યું તેં ભોજન ।**
**મને જમાડ્યા વિના જમ્યો, દઉંછું હું શાપ રાજન ॥**

દુર્વાસા ઋષિ રાજા પાસે આવ્યા. ક્રોધથી બોલ્યા, ''આમંત્રણ આપેલા સંતોને જમાડ્યા સિવાય જમાય નહિ. તું અમને મૂકીને શા માટે જમ્યો?! અભિમાની થઇ ગયો છે. તારા મનમાં એમ છે કે મારા જેવો કોઇ ભક્ત નથી પણ ધ્યાન રાખજે... સત્તાનું અને સત્કર્મનું તને અભિમાન છે કે મારા જેવો કોઇ પુન્યશીલ કોઇ રાજા નથી. તારું અભિમાન હું ઉતારી દઇશ. ત્યારે તને ખબર પડશે.''

અંબરીષ રાજા બે હાથ જોડી નમ્રતા પૂર્વક બોલ્યા, ''હે ઋષિરાજ! બ્રાહ્મણોના કહેવાથી મેં ફક્ત ચરણામૃત અને તુલસીપત્ર લીધું છે. બાકી કાંઇ ભોજન કે દૂધ પણ જમ્યો નથી. મારી ભૂલને ક્ષમા કરો ને આપ શાંત થાવ.'' દુર્વાસા ક્રોધથી બોલ્યા, ''તું મને બોધ આપનાર કોણ?! જોઇ લઉં છું તારા જેવા અભિમાની રાજાને સજા કરવી જ જોઇએ. અમને જમાડ્યા સિવાય તેં ચરણામૃત શા માટે પીધું?'' દુર્વાસા ઋષિ ક્રોધથી પોતાના મસ્તકની જટા ખંખેરી કે તેમાંથી એક ભયંકર (કૃત્યા) રાક્ષસણી ઉત્પન્ન થઇ. ''બોલ, મારે શું કરવાનું છે?'' દુર્વાસાએ કહ્યું, ''અંબરીષ રાજાનો નાશ કરી નાખ.'' કૃત્યા ખાઉં ખાઉં કરતી રાજા પાસે દોડતી આવી. દાંત કચકચાવતી રાડો પાડે છે. રાજા નિર્ભય પણે સ્થિર થઇ ઊભા ઊભા હરિ સ્મરણ કરે છે. પ્રભુ મદદમાં આવી ગયા.

**શાપ દઇ આપે ચાલિયા, આવ્યું સુદર્શન તે વાર ।**
**બહુ ભાગે આવે બાળતું, પછી આવ્યા હરિને આધાર ॥**

સાઠ હજાર સૂર્યના તેજવાળું સુદર્શન ચક્ર કૃત્યા સામે મૂક્યું. કૃત્યા બળીને ભસ્મ થઇ ગઇ. પછી સુદર્શન ચક્ર સણણણ કરતું દુર્વાસા ઋષિના પાછળ પડ્યું દુર્વાસા જાય



મૂઠી વાળીને ભાગ્યા. ''બચાવો બચાવો! મને ચક્ર બાળી નાખશે.'' દોડતા દોડતા પાતાળમાં શેષનારાયણ પાસે આવ્યા. ''શરણાગતં માં પાહિ. શરણે આવેલા મને બચાવો.'' શેષજીએ કહ્યું, ''ભગવાનના ભક્તના અપરાધીને મારાથી બચાવી શકાય નહિ. આંહીથી જલદી જતા રહો. અમને સુદર્શન ચક્રથી ભય લાગે છે.''

**મન ફાવે તેવું વર્તન કરો, એટલે મુસીબતોની શરૂઆત થઇ જાય.**

ત્યાંથી ભૂખ્યા તરસ્યા જાય ભાગ્યા. ''કોઇ બચાવો! મને કોઇ બચાવો.'' હાંફતા દોડતા શ્વાસભેર બ્રહ્મલોકમાં બ્રહ્માજી પાસે આવ્યા. ''ભો બ્રહ્મન્ શરણાગતં માં પાહિ. રક્ષા કરો, રક્ષા કરો!'' બ્રહ્માજીએ કહ્યું, ''મારાથી તમારું રક્ષણ નહિ થઇ શકે. જલદી ચાલ્યા જાવ.'' બરાડા પાડતા દોડતા દોડતા કૈલાસમાં આવ્યા. ''હે શંભુ! મારું રક્ષણ કરો! સુદર્શન ચક્રના તીક્ષ્ણ તાપથી બચાવો. મને બાળી ભસ્મ કરી નાખશે.'' શંભુએ કહ્યું, ''તમે તમારા ક્રોધી સ્વભાવથી દુઃખી થાવ છો. હવે તમારાં કર્યાં કર્મ ભોગવો. આંહીથી જલદી જતા રહો. નહિંતર હમણાંજ તમારો ને અમારો સુદર્શન ચક્ર ઘાણ કાઢી નાખશે.''

ત્યાંથી દુર્વાસા ભૂખ્યા તરસ્યા જાય દોડ્યા. થાકીને લોથ થઇ ગયા છે. પરસેવાથી પલળી ગયા છે. કાંઇ સૂઝતું નથી. હવે શું કરવું? રડતા રડતા વિષ્ણુ ભગવાનના શરણે આવ્યા. પગે લાગી બે હાથ જોડી કહે છે, ''હે પ્રભુ! કષ્ટ નિવારો ને મને ઉગારો.''

**કહ્યું હરિને કષ્ટ નિવારિયે, ટાળિયે સુદર્શનનો ત્રાસ ।**
**ત્યારે શ્રીપતિ કહે ઋષિ સાંભળો, તમે જાઓ અંબરીષ પાસ ॥**

પ્રભુ કહે છે, ''મને મોટો જાણીને મારા શરણે આવ્યા છો પણ હું મારા ભક્તોનો પણ ભક્ત છું. ભક્તને આધીન છું. હું રક્ષણ નહિ કરું.''

**જેનો અપરાધ કર્યો છે તેની માફી માગો.**

''અંબરીષ રાજા પાસે જાવ. અપરાધ અંબરીષ રાજાનો કર્યો છે ને અમારી પાસે આવ્યા છો?! જલદી જાવ. નહિંતર તમને સુદર્શન ચક્ર બાળીને ભસ્મ કરી નાખશે.'' ઋષિ દોડતા આવ્યા અંબરીષ રાજા પાસે.

**ત્યારે ઋષિ આવ્યા રાય પાસળે, રાય પાય લાગી કહ્યો અભિપ્રાય ।**
**આજ તેદિ એક ભાવ હોય તો, સુદર્શન દૂર થાય ॥**

બે હાથ જોડી પગે લાગીને કહે છે, ''હે રાજન! મારું રક્ષણ કરો.રક્ષણ કરો.

મને સુદર્શન ચક્રના તાપથી બચાવો.'' અંબરીષ રાજાએ હાથ ઝાલી દુર્વાસા ઋષિને ઊભા કર્યા. બાથમાં લઈને મળ્યા. ધીરજ આપતાં કહે છે, ''તમે રડો નહિ. ચિંતા ન કરો.'' સુદર્શન ચક્ર સામે હાથ જોડી અંબરીષ રાજા કહે છે, ''આજ અને તે દિવસે એક ભાવ હોય તો સુદર્શન દૂર થઈ જાવ. દુર્વાસા ઋષિએ મારું અપમાન કર્યું, તિરસ્કાર કર્યો ત્યારે અને અત્યારે મારા ચરણમાં પડીને આજીજી કરે છે ત્યારે મને તેવો ને તેવો ભાવ હોય તો હે સુદર્શન ચક્ર, તમે શાંત થઈ જાવ.'' ચક્ર શાંત થઈ ગયું અને પોતાના સ્થાનકે ચાલ્યું ગયું.

**એમ શત્રુ મિત્ર જેને સમ છે, સમ છે સુખ દુઃખ દેનાર ।**
**એવા ભક્ત જે જક્તમાંહી, તેની ઉપર પ્રભુનો પ્યાર ॥**

અંબરીષ રાજાને મન શત્રુ અને મિત્ર પ્રત્યે સમાન દૃષ્ટિ છે. વિચારવા જેવી કથા છે. નિર્દોષ ભક્તરાજ અંબરીષને મારવા દુર્વાસા ઋષિ તૈયાર થયા પણ પોતાને બચવા માટે એક વરસ સુધી ત્રિલોકમાં દોડવું પડ્યું. કોઈએ રક્ષણ કર્યું નહિ. છેવટે ભગવાનના કહેવાથી ભક્તને શરણે ગયા ત્યારે છૂટકો થયો.

### પોતાની ભૂલ જોતાં શીખો.

પર પ્રાણીને પીડે નહિ, મર પીડાય પંડ પોતાતણું, એવો વિચાર જેને અંતરે ઘડીએ ઘડીએ રહે છે ઘણું. દુર્વાસા ઋષિ એક વર્ષ સુધી ભૂખ્યા તરસ્યા ત્રિલાકમાં ફર્યા ત્યાં સુધી અંબરીષ રાજાએ પણ ભોજન કર્યું નહિ. મહાત્મા દુર્વાસાજી ભૂખ્યા ગયા છે તો મારાથી કેમ ભોજન કરાય? આવા ધીરજશાળી છે તેથી તેમના નામ શાસ્ત્રોમાં અમર રહી ગયા છે ને તેમના ગુણ ગવાય છે. પછી અંબરીષ રાજાએ દુર્વાસા ઋષિને પ્રેમથી ભોજન જમાડી રાજી કર્યા.

સમજવા જેવી બાબત છે. તમારા ઘરે કોઈ સંત આવ્યા હોય અને ઝગડો કરે કે તું અભિમાની છે, તારું અભિમાન ઉતારી નાખીશ, ક્રોધ કરીને ફાવે તેમ બોલે પછી તે સંત એક વરસ પછી ફરીથી તમારી ઘરે આવે તો તમે તેનો આદર સત્કાર કરી બાથમાં ભીડીને મળીને ભોજન જમાડો કે અપમાન કરી તગડી મૂકો? અંતરમાંથી શું જવાબ આવે છે? આપણામાં અને સાચા શ્રેષ્ઠ ભક્તોમાં આકાશ અને પાતાળ જેટલો તફાવત છે.

### ધીરજની ડગલે ને પગલે જરૂર પડે છે.

આત્મનિવેદીનો અર્થ શું? આત્મ એટલે જીવ. નિવેદી એટલે સમર્પણ કરનાર.



પોતાનું સમગ્ર જીવન પ્રભુને સમર્પિત કરનારને આત્મનિવેદી કહેવાય. ગઢપુર ગામના દાદાખાચર આત્મનિવેદી ભક્ત છે. તમામ સંપત્તિ અને શરીર ભગવત્પારાયણ કર્યું છે છતાં પણ કોઈ કીર્તિનો કે નામનો મોહ નહિ. જગતમાં ઉપસવાની કોઈ અભિલાષા નહિ. આવા ભક્તો છે તે ભગવાનના દીકરા છે. હિતકારી સ્વભાવ છે.

**હિતકારી ભારી સૌ જીવના, જેને ભૂંડાઇ ભાગ આવી નથી ।**
**તેણે અવળું અવરનું, કેમ થાય ઉપર અંતરથી ॥**

દુર્વાસા ઋષિને પસ્તાવો થાય છે કે એક વરસ પહેલાં હું જમી ગયો હોત તો કાંઈ મુશ્કેલી થાત નહિ. મેં આવા નિર્દોષ રાજા અને ઉત્તમ ભક્તનું અપમાન કર્યું, અનાદર કર્યો પરંતુ ધન્ય છે અંબરીષ રાજાને. એક વર્ષ સુધી કાંઈ જમ્યા નથી. અને મારા પ્રત્યે સદ્‌ભાવ બદલાયો નહિ. મારા અપકારનો બદલો ઉપકારથી મને પાછો વાળ્યો. નહિંતર સુદર્શન ચક્ર મને બાળીને ભસ્મ કરી નાખત. ધન્ય છે સમુદ્ર જેવા ધીરજશાળી ગંભીર અંબરીષ રાજાને.

### નિષ્કુળાનંદસ્વામી મુક્તિ માટે નિમંત્રણ આપે છે.

મોક્ષ ક્યાંથી મળશે? જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ. નાના, મોટા, ગરીબ, તવંગર, સાક્ષર, નિરક્ષર. કળિયુગમાં મુક્તિ બહુ દોયલી હોય છે. પણ ભગવાન સ્વામિનારાયણ મુક્તિ સોયલી બનાવી છે. મુક્તાનંદસ્વામી આરતીમાં ગાય છે.

**મુક્તિનંદ કહે મુક્તિ સુગમ કરી સિદ્ધિ, પ્રભુ જય સદ્ ગુરુ સ્વામી.**

મુક્તિ અપાવે એ સાચી વિદ્યા છે. વડોદરાના નાથ ભક્ત શાકબકાલુ વેચીને વ્યવહાર ચલાવતા પણ ભગવાનને ઓળખી લીધા. અખંડ પ્રભુને હૃદયમાં ધારીને ભજન ભક્તિમાં જ સમય વ્યતીત કરતા તેથી તેને શ્રીજી મહારાજ તેમને કુશાગ્ર બુધ્ધિવાળા કહ્યા છે. વડોદરાના દીવાનજી ફક્ત વ્યવહારમાં જ બુધ્ધિ વાપરતા. દિવાનજીએ મૃત્યુ પછીની કાંઈ તૈયારી નહોતી કરી. શ્વાસોશ્વાસ ચલાવનારનો ઉપકાર માન્યો નહોતો. ભગવાનને ઓળખવામાં થાપ ખાઈ ગયા તેથી તેને જાડી બુધ્ધિવાળા કહ્યા છે.

પાપ દૂર કરવાં હોય તો ગંગાજીમાં સ્નાન કરો. તાપ દૂર કરવા હોય તો ચંદ્રના કિરણમાં ઝૂમો. દીનતા દૂર કરવી હોય તો કલ્પતરૂનું સેવન કરો. પરંતુ પાપ, તાપ ને સંતાપ દૂર કરવાં હોય તો નિત્ય સત્સંગ કરો. સત્શાસ્ત્રોનું વાંચન અને શ્રવણ કરો.

## મુક્તિ અપાવે એ સાચી વિદ્યા છે.

જીવનનું અંતિમ લક્ષ્ય શ્રીજીમહારાજના ચરણમાં પહોંચવાનું છે અને મૂર્તિનું અવિરત સુખ મેળવવાનું છે. શાસ્ત્રો વાંચવાથી, શ્રવણ કરવાથી જીવાત્માને વિશેષ બળ પ્રાપ્ત થાય છે. ભગવાનની કૃપાનો કોઇ પાર નથી. તે વિશેની એક સુંદર કથા છે. મુમુક્ષુ હોય તો તે ઘડતર કરનાર ઘડવૈયાને ક્યારેય ભૂલતા નથી. સત્સંગમાં ચેતના આવે, દૂષણો દૂર થાય અને સત્સંગની સુવાસ પ્રસરે તે માટે આ ધીરજાખ્યાન શાસ્ત્ર છે.

એક કઠિયારો જંગલમાં રખડતો હતો. જંગલમાં આંટા મારે ને લાકડાં કાપીને ભારો બાંધે. પછી ગામમાં આવીને વેચે. તેમાંથી પૈસા મળે તેનાથી ગુજરાન ચલાવે. એક વખત રાજા જંગલમાં ફરવા માટે નીકળ્યા. મારી પ્રજા શું કરે છે? કઠીયારાને જોયો. તેના પગમાં પગરખાં નથી. માથે લાકડાનો ભારો ઉપાડ્યો છે. ફાટેલ, તૂટેલ મેલાં કપડાં પહેર્યાં છે. વૈશાખ મહિનાનો સખત તાપ. પરસેવાથી રેબઝેબ થઇ ગયો છે. કઠિયારાને જોયો ને રાજાને દયા આવી. આ બીચારો બહુ દુઃખી છે. રાજાએ કઠિયારાને બોલાવ્યો. કઠિયારો ભયભીત થઇ ગયો. રાજા મને દંડ કરશે તો? ફફડી ગયો. હવે શું કરવું?

રાજાએ કહ્યું, ‘‘ભાઇ, તું ચિંતા ન કર. તારી લાકડાની ભારી નીચી નાખ અને મારા ઘોડા ઉપર બેસી જા.’’ કઠિયારાને રાજદરબારમાં લઇ આવ્યા. સેવકોને કહ્યું, ‘‘આ માણસને પાણીથી સ્નાન કરાવી ને સરસ મઝાનાં કીમતી વસ્ત્ર પહેરાવો. સુંદર મેવા મિષ્ટાનનાં ભોજન જમાડી રાજકચેરીમાં લઇ આવો!’’ કઠિયારો વિચાર કરતો થઇ ગયો. આ બધું શું બની રહ્યું છે? રાજાની બાજુમાં ખુરશી હતી. ત્યાં કઠિયારાને બેસાડ્યો.

રાજાએ પૂછ્યું, ‘‘તારો પરિવાર છે?’’ ‘‘હા અન્નદાતા, બે દીકરા છે. એક દીકરી છે ને એક મારા પત્ની છે.’’ ‘‘તું ઘરે જા અને તારા પરિવારને બોલાવી આવ. આંહી પરિવાર સહિત તું રહેજે અને જે તારાથી સેવા થાય તે સેવા કરજે, અને મોજ કરજે અને ભગવાનને યાદ કરજે.’’ કઠિયારો પરિવારને રાજમહેલમાં લઇ આવ્યો. કઠિયારાને આનંદનો પાર નથી. કઠિયારો વિચાર કરે છે. આહાહા, આવો સુંદર મજાનો રાજદરબાર, ખુરશી, હિંડોળાખાટ, સાહેબીનો કોઇ પાર નથી. આવો જાહોજલાલી, મોટો વૈભવ મારા નશીબમાં ક્યાંથી હોય! પણ રાજા રાજી થયા તેનું આ પરિણામ છે.



પછી કઠિયારો પોતાનાં જુનાં કપડાં ફાટેલાં તૂટેલાં અને કુહાડો ને દોરડું આ બધી વસ્તુ પેટીમાં સાચવી રાખી અને તેને દરરોજ જુવે અને મનને ઉપદેશ કરે કે હે મનવા! તું ગરીબાઇ ભૂલજે નહિ. તારા નસીબમાં તો જંગલમાં રખડવાનું ભારા વેચી ગુજરાન ચલાવવાનું જ હતું પણ આ તો રાજા રાજી થયા એટલે મોજ કરે છે. પણ હે મનવા! જૂની ગરીબીના દિવસો ભૂલજે નહિ એમ કહી પ્રભુને યાદ કરે, નમસ્કાર કરે.

એક દિવસ રાજાના પ્રધાનજીએ આ દશ્ય જોયું તેથી પ્રધાનજીએ રાજાને વાત કરી. ‘‘આપણા રાજદરબારમાં માણસ આવ્યો છે તે અડધો કલાક પૂજા કરે છે તે તમે જોઇ છે?’’ રાજાને નવાઇ લાગી. ‘‘કઠિયારો પ્રભુની પૂજા કરે?!’’ ‘‘હાહા, પૂજા કરે, પ્રાર્થના પણ કરે.’’ રાજાએ કઠિયારાને કહ્યું, ‘‘મને તારી પૂજાનાં દર્શન કરવાં છે.’’ કઠિયારાએ બે હાથ જોડી કહ્યું, ‘‘અન્નદાતા, મારી પૂજાનાં દર્શન કરવા જેવાં નથી.’’ રાજા કહે, ‘‘ગમે તેમ થાય, મને તારી પૂજાનાં દર્શન કરાવ.’’ જ્યાં પેટી ખોલી ત્યાં જૂનાં, મેલાં, તૂટેલાં કપડાં કુહાડો અને દોરડું જોયું.

રાજા બોલ્યા, ‘‘અલ્યા, આવી તારી પૂજા?! કમાલ કરે છે. અડધો કલાક નકામો બગાડે છે. ભગવાનની મૂર્તિની પૂજા કરાય. કપડાંની પૂજા ન કરાય.’’

## રાજાના દીલને ડોલાવે એવો જવાબ.

કઠિયારાએ સરસ જવાબ આપ્યો. ‘‘હે અન્નદાતા! હું મારા મનને દરરોજ સમજાવું છું કે તું છકી ન જજે. તારા જૂના દિવસ આવા હતા. જંગલમાં ભટકતો હતો. આ તો રાજમહારાજાની મહેર થઇ છે તેથી જલસા કરીએ છીએ. મારૂં મન આ વાતને ક્યારેય ભૂલી ન જાય, તમારો ઉપકાર ભૂલાઇ ન જાય, અડધો કલાક મારા મનને દરરોજ શીખામણ દઉં છું. અન્નદાતા, તમારી દયાનો કોઇ પાર નથી.’’ આવું બોલતાં ગદગદીત થઇ આંખમાં આંસુ આવી ગયાં. પગે લાગીને કહ્યું, ‘‘તમારી કૃપા અનહદ છે. તે ઉપર વારી જાઉં છું.’’

રાજા ગાદી તકીયા પરથી ઊભા થઇ ગયા. બાથમાં લઇને કઠિયારાને ભેટી રાજીપો વ્યક્ત કર્યો. હેતનાં આંસુ આવી ગયાં. આવો વફાદાર માણસ ઉપકારને ભૂલતો નથી. કઠિયારાના માથા ઉપર હાથ મૂકી રાજાએ કહ્યું, ‘‘આજથી તને મારૂં પ્રધાનપદ આપું છું. તું આજથી મારો જમણો હાથ છે.’’

વિચાર કરો! કઠિયારો રાજાના કરેલા ઉપકારને ભૂલ્યો નહિ તો રાજાએ તેને પ્રધાનપદ આપ્યું. તેમ આપણે રાજાના પણ મહારાજા, અનંત કોટી બ્રહ્માંડના ધણી

સ્વામિનારાયણ ભગવાનને ભૂલશું નહિ, એના ઉપકારને નજરમાં રાખશું, એમનું શરણું સ્વીકારશું તો અક્ષરધામનું પદ ચોક્કસ આપશે અને જન્મ મરણના ફેરાથી મુક્ત કરશે. ભગવાને આજે કૃપા કરીને આપણને ભુજમાં નરનારાયણદેવના ખોળામાં બેસાડી દીધા છે. પોતાના રાજકુંવર બનાવ્યા છે. નરનારાયણદેવનો ખોળો મૂકીને ક્યાંય આડા અવળા જાવું નહિ.

**ભુજ મંદિર છે તે ભજનની ભૂમિ છે.**

નિયમિત ધ્યાન, પ્રાર્થના, સ્મરણ, સ્વાધ્યાય અને સત્સંગ વિના મન મેલું થઇ જાય છે. દૂધની અંદર ભળી ગયેલું પાણી દૂધને ભાવે વેંચાય છે તેમ સત્સંગમાં દરરોજ બેસતો સામાન્ય માણસ પણ સૌને માટે માનનીય અને આદરણીય બની જાય છે. વચનામૃતમાં શ્રીહરિ કહે છે, અતિ સાચે ભાવે સત્સંગ કરે તો તેને કોઇ જાતનો દોષ હૈયામાં રહે નહિ અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઇ જાય છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે...

**સમુદ્ર શીતળ સદાય, કેને દુઃખ ન દિયે કાંચ ।**
**નિષ્કુલાનંદ એ ભક્તની, શ્રીહરિ કરેછે સા'ય ॥**

સાચા સંતો સમુદ્ર જેવા શીતળ સ્વભાવના હોય છે. એવા ભક્તની શ્રી હરિ કરે છે સહાય. વિવેકી હોય તે મોહ માયાથી વેગળા રહે છે. તેને સ્વપ્રામાં માયા ગમતી નથી તો જાગ્રતમાં ક્યાંથી ગમે?! સાચા સંતો પોતે દુઃખી થાય પણ બીજાને સુખી કરવાની ભાવના રાખે છે.

**ભગવદીય ભક્ત વિભિષણ.**

**વળી કહું ભક્ત એક વિભીષણજી, ભજે હરિ કરી વિવેક વિચક્ષણજી**
**તેહ જાણી રાવણ કોપ્યો તતક્ષણજી, તેનું કોણ કરે રાક્ષસ રક્ષણજી ॥**

નિષ્કુળાનંદસ્વામી પરમ ભક્ત વિભીષણને યાદ કરે છે. વિભિષણ અને રાવણ બે સગા ભાઇ હતા. લંકા નગરીમાં રહેતા હતા. લંકા નગરી રાક્ષસની નગરી હતી. એક જ માતા થકી જન્મ થયો હોય પણ ભાઇ ભાઇ બે સરખા સ્વભાવના ન હોય. એક શ્રેષ્ઠ સંત બનીને પ્રભુના ચરણમાં સમર્પિત થઇ ગયા હોય, એક જગતની માયામાં ફેલ ફિતૂર વ્યસનમાં ભરપુર હોય. ભક્ત વિભિષણ લંકામાં રહે છે. તે નગરીના લોકો બધા ભોગવિલાસમાં ડૂબેલા હતા. રાક્ષસ પ્રકૃતિના હતા. આખી લંકા નગરીમાં એક જ ભક્ત વિભીષણ હતા. બાકી બધા અસુર હતા.

લંકામાં રિધ્ધિ સિધ્ધિ ખૂબ હતી. સોનાના મહેલ, ગાદી તકીયા, બંગલા વિગેરે



ખૂબ સંપત્તિથી ભરેલી લંકા હતી. રાવણ ત્રણ લોક ઉપર શાસન કરતો. એની રાજધાની કેવી જબરી હશે! દેવોને દાસ બનાવ્યા હતા. દરરોજ સોનાના સિંહાસનમાં બેસતો. આ લોકની અઢળક સંપત્તિ મોજ શોખ છે પણ અલૌકિક સંપત્તિ કાંઇ નથી. પૂજા પાઠ, દાન પુણ્ય, નિયમ ધર્મ, કથા કીર્તન, સત્સંગ સમૈયા વિગેરે સાચી સંપત્તિ કાંઇ નથી.

એક વખત રાત્રિના સમયે રાવણ ગદા લઇને લંકામાં રાત્રિચર્યા માટે નીકળ્યો. મારી પ્રજા શું કરે છે? પ્રજા ભોગ વિલાસમાં ડૂબેલી છે. નાચ ગાન થાય છે. ક્યાંય પણ ધર્મનું અસ્તિત્વ નથી. એક મકાન પર નજર કરી તો તે મકાન પર ધનુષ્યનું ચિત્ર દોરેલું હતું. આંગણામાં ગાય બાંધેલી છે. તુલસીનો ક્યારો છે. એ મકાનની અંદર રામ ધૂન્ય થતી હતી. તેનો અવાજ બહાર સંભળાતો હતો. "અરે! મારા નગરામાં મારા શત્રૂનું નામ કોણ બોલે છે?!" હાથમાં ગદા હતી. ક્રોધથી દરવાજાને ગદા મારી. દરવાજો ખુલી ગયો.

વિભીષણ હાથમાં માળા લઇને ઘરથી બહાર આવ્યા. રાવણને આવકાર આપ્યો. "પધારો ભાઇ, પધારો. રામ રામ..." અને રાવણનો મગજ છટક્યો. દાંત કચકચાવી બોલ્યો, "મારા શત્રૂનું નામ તું શા માટે બોલે છે?! મારા રાજ્યમાં કોઇને પણ ભગવાનનું નામ લેવાનું નથી. આ જગતની અંદર કોઇ ભગવાન નથી. હું જ ભગવાન છું. મારા નામનો જપ કર. પણ અયોધ્યાના રામનું નામ લેતો બંધ થઇ જા. નહિંતર મેળ નહિ પડે."

વિભીષણ કહે છે, "ભાઇ! અનંત કોટી બ્રહ્માંડના ધણી પુરુષોતમ નારાયણ છે. સર્વે જીવપ્રાણી માત્રના નિયંતા છે અને પોષક છે. સૌના હિતકારી છે. કોઇના શત્રુ નથી. તમે પણ નારાયણ નામનો જપ કરો. તમારું કલ્યાણ થશે." "અરે! મને શિખામણ દેવા વાળો તું કોણ?! મને તારો વિવેક સાંભળવો નથી. મારા રાજ્યમાં રહેવું હોય તો મારા શત્રૂનું નામ લેવાનું છોડી દે."

વિભિષણે કહ્યું, "પ્રભુનું નામ મારા જીવ સંગાથે જડાઇ ગયું છે. પ્રભુ તો મારા જીવના આધાર છે." રાવણનો ક્રોધ વધી ગયો. સત્તાનો મદ છલકે છે. વિભીષણને બળ પૂર્વક જોરથી ધક્કા માર્યા. વિભીષણ ધરતી ઉપર પડી ગયા. મુખમાં હરિનું નામ જપ ચાલુ છે. રાવણે જોરથી લાતનો પ્રહાર કર્યો. "અત્યારે ને અત્યારે મારા રાજ્યમાંથી નીકળી જા નહિંતર જીવથી મારી નાખીશ! મારે તારું મોઢું જોવું નથી."

**કરી શકો તો કોઇનું સન્માન કરજો, પણ અપમાન કદી કરશો નહિ.**

વિભીષણ લંકા તજીને જ્યાં રામચંદ્રજી ભગવાનના સૈન્યનો પડાવ હતો ત્યાં

આવ્યા. પણ જરાય દીલગીર થયા નહિ.

**રાક્ષસ રાવણે લાત મારી, કાઢ્યા લંકાથી બા'ર ।**
**આવ્યા રામના સૈન્યમાં, ના'પ્યા ગરવા તે વાર ॥**

ભગવાનને શરણે આવ્યા. જરાય ચિંતા કરતા નથી કે હવે હું શું કરીશ? ક્યાં જઈશ? મારું શું થશે? આવી સ્થિતિ આપણી થાય તો શું થાય? રડવાનું શરૂ કરી દઈએ. પણ વિભીષણ પ્રભુને શરણે આવ્યા. ભગવાનનો ટેકો સાચો, જગતનો ટેકો કાચો. આવા શૂરવીર ભક્ત થવાની જરૂર છે. જેને એક વાર ભગવાનની મસ્તી ચડી જાય તેને કોઈ પદાર્થમાં મોહ થતો નથી. મારી સાથે મારા ભગવાન છે. શૂરવીરતા રાખે તો સમય જતાં સર્વે દુઃખ ભાગી જાય છે. આ કામ શૂરવીરનું છે.

**ત્યારે વિભીષણ કહે રખવાળને, જઇ કહો રામજીને વાત ।**
**ભક્ત તમારો નામ વિભીષણ, આવ્યો છે રાવણનો ભ્રાત ॥**

રાત્રીનો સમય છે. ચોકીદારે પૂછ્યું, "કોણ છો?" વિભીષણે કહ્યુ, "રાવણનો ભાઈ છું. મારું નામ વિભીષણ છે." "આંહી કેમ આવ્યો છે?" "શ્રી રામચંદ્રજી ભગવાનને શરણે આવ્યો છું." "ત્યાંજ ઊભો રહેજે. રામચંદ્રજીને પૂછીને પછી જવાબ આપીશ." ચોકીદાર દોડતો પ્રભુ પાસે આવ્યો. "હે પ્રભુ! લંકાપતિ રાવણનો ભાઈ આવ્યો છે. તેને આપણા નિવાસમાં આવવાની ઈચ્છા છે. તમને મળવું છે. તો તમે આજ્ઞા આપો તેમ કરીએ."

**ત્યારે સેવકે કહ્યું શ્રીરામને, સુણી રામ કહે સુણ્ય દાસ ।**
**આવે તો આવે સમ ખાઇને, વણ સમે નહિ વિશ્વાસ ॥**

ચોકીવાળાએ કહ્યું, "પ્રભુના નિવાસની અંદર પ્રવેશ કરવો હોય તો નિષ્કપટ ભાવે સમ ખાવ. તો તેડી જઈએ પ્રભુ પાસ. નહિંતર અંદર જવાની મનાઈ છે." વિભીષણ અંતરમાં ભગવાનને સંભાળીને સમ ખાય છે.

**ત્યારે વિભીષણ કહે સુત દારા સંબંધી, રાજ સાજ અમલ અન્ન ધન**
**આપે રૂપ અનુપ રામજી, જો દગો હોય મારે મન ॥**

"જો મારા મનમાં દગો હોય તો મને સારા સુપાત્ર દીકરા મળે, સારી સુપાત્ર પત્ની મળે અને સારા મનમેળવાળા સગાં સંબધી મળે. રાજ, સાજ, અન્ન, ધન અને ખૂબ ભૌતિક સંપત્તિઓ મળે." આવા સમ સાંભળી સૌ વિચાર કરતા થઇ ગયા. આ સમ ખાય છે કે વરદાન માગે છે? ચોક્કસ એના અંતરમાં કપટ ભર્યું હશે. દીલમાં દગો



હોય તો નુકસાન કરશે.

ચોકીવાળો અને બીજા સેવકો ભગવાન પાસે આવીને વાત કરી. વિભીષણ તો ખૂબ સુખ સંપત્તિ ને વૈભવ માગે છે. વિસ્તારથી વાત કહી સંભળાવી. "હવે શું કરશું?" પ્રભુ સ્મિત હાસ્ય કરતાં કહ્યું, "વિભીષણે ભારે સમ ખાધા છે. જલદી મારી પાસે આવવા દો. મારે તેમને મળવું છે." હરખતા હૈયે વિભીષણ પ્રભુ પાસે આવ્યા અને પ્રભુના ચરણારવિંદમાં ઝૂકી ગયા. "હે પ્રભુ! તમારા ચરણે ને શરણે આવ્યો છું. મને તમારી સાથે રાખો." પ્રભુએ બાથમાં લઈને રાજીપો વ્યક્ત કર્યો. "ધન્ય છે વિભીષણ તમારી સમજણને અને ધીરજતાને. તમે જગતના સુખથી ઉદાસ છો. વિરક્ત છો. ભલા ભક્ત વિભીષણ તું જગ સુખથી છો ઉદાસ. તમે પરીક્ષામાં પાસ થયા."

**સુત કલત્ર કારણે, સુર અસુર નર ઇચ્છે ઘણું ।**
**રાજ્ય ધનરૂપે સહુએ સુખ માન્યું છે, તેતેં બંધન જાણ્યું આપણું ॥**

પ્રભુ કહે છે, "હે વિભીષણ! ધન સંપત્તિ માટે સુર અસુર નર ઈચ્છે ઘણું. તે સંપત્તિને તેં બંધન તુલ્ય જાણ્યું છે. તારી સમજણ શ્રેષ્ઠ છે." ગમે તેટલાં સુખ મળે છતાં માણસ ધરાતો નથી. પ્રભુમાં જેને અતિશે પ્રેમ છે તે સાચું ધન છે. આ લોકનું ધન હોય, બંગલા હોય, નોકર ચાકર હોય, ફરવા ગાડી હોય, બધું જ હોય, પણ જેના જીવનમાં ધર્મ નથી, ભક્તિ ભજનનું ધન નથી તે સાચી હકીકતમાં દરીદ્ર છે. જેનામાં નિષ્કામ ભક્તિ છે તે ખરો ધનવાન છે.

**એમ કહી વિભીષણને, રાજી થયા શ્રીરામ ।**
**ધન્ય એવા હરિજનને, જેને સુખ સંસારી સમને ઠામ ॥**

ભગવાન ભક્ત વિભીષણ ઉપર ખૂબ રાજી થયા. વિભીષણનું અસુરકુળ હોવા છતાં પરમ ભક્ત થયા તેનું મૂળ કારણ ભગવદ્ સ્મરણ છે. ભગવાનનું શરણું સ્વીકાર્યું તેથી અસુર મટીને મહા શિરોમણી ભક્ત કહેવાયા.

વચનામૃતમાં શ્રીજીમહારાજ વારંવાર ચેતવણી આપે છે. સત્સંગી માત્રનો અભાવ લેવો નહિ. આવી બાબત તમને રામાયણ, મહાભારત કે ગીતામાં જોવા નહિ મળે. ભગવાનના માર્ગમાં અભાવ લેવાની ટેવ રોકી રાખે છે. અવગુણ કે અભાવ લેવાની ટેવ પડી જાય તો સમજવું કે સત્સંગમાં આપણી પાનખર ઋતુની શરૂઆત થઈ છે. અભાવ લેશે તો સૂર્ય જેવો પ્રકાશમાન જીવાત્મા હશે તો પણ કીડી જેવો થઈ જશે. પૂર્ણિમાના ચંદ્ર જેવો હશે તો અમાવાસ્યા જેવો કાળો મેશ થઈ જશે.

**વાત છે - અપરાધથી બચો.**

સંતો સત્સંગ પ્રચારાર્થે દેશાંતરમાં ફરે છે. શંકરાનંદ સ્વામી અને નારાયણદાસ સ્વામી ફરતા ફરતા વસો ગામમાં આવ્યા. ગામના ઝાંપે વૃક્ષ હતું ત્યાં ઉતારો કર્યો. ભાવિક ભક્તો કથા સાંભળવા આવે. તેને સરસ ઉપદેશ આપે છે. ''આ સંસારનું સુખ ઝાંઝવાના પાણી જેવું છે. ઝાંઝવાના પાણીથી સ્નાન થાય નહિ, પીવાય નહિ. ખાલી આભાસ માત્ર દેખાય. આ સંસાર સ્વપ્ન જેવો છે. તેને નાશ થતાં વાર લાગતી નથી.''

''જગતની માયામાં રચ્યા પચ્યા રહેલા જીવાત્માને સતત પૈસાનું સ્મરણ રહે છે અને મોક્ષભાગી જીવાત્માને સતત પ્રભુનું સ્મરણ રહે છે. આપણા અંતરમાં તપાસ કરો. આપણે જગતના જીવ છીએ કે મોક્ષભાગી જીવ છીએ? સતત પૈસાનું, પુત્ર પરિવારનું સ્મરણ થતું ન હોય તો મોક્ષભાગી જીવ. તપાસ કરો, સૌ સૌના અંતરમાંથી શું જવાબ આવે છે? વચનામૃતમાં શ્રી હરિ કહે છે, પરમેશ્વરના ભક્ત હોય તેમણે જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી કઠણ છે અને જગતના જીવને પરમેશ્વરમાં વૃત્તિ રાખવી કઠણ છે.''

**અંતરને ઠારવાનો ગ્રંથ ધીરજાખ્યાન છે.**

ખૂબ ઉપદેશ આપ્યો. પછી રાત્રે નિયમ ચેષ્ટા બોલ્યા અને માનસી પૂજા કરી સૂઇ ગયા. નારાયણદાસ ભલા ભોળા અને ઋષિ જેવા હતા. શંકરાનંદ સ્વામી સ્વભાવના તેજ હતા. નારાયણદાસ ભર નિંદ્રામાં સૂતા છે. સવારના સાડા ત્રણ થયા ત્યારે શંકરાનંદ સ્વામીએ ઊઠીને નારાયણદાસ સ્વામીને પગનું ઠેબુ મારીને કહ્યું, ''ક્યું બૈલ જૈસે સોતે હો? ભાન નહિ હૈ કે પ્રભાત હો ગયા.'' આવી રીતે વારંવાર નારાયણદાસને ધમકાવે છતાં સ્વામી કાંઇ બોલે નહિ. સહન કરે.

શ્રી સ્વામિનારાયણ ભગવાન રાત્રે શંકરાનંદ સ્વામીને દર્શન આપ્યાં અને કહ્યું, ''કેમ તમે તમારી વાણીને બેફામ મૂકી દીધી છે? ફાવે તેવું બોલીને લાત મારો છો? નારાયણદાસને બૈલ જેવા કહો છો? જેટલા વખત બૈલ જેવા કહ્યા, તેટલા જન્મ બળદના લેવા પડશે. બળદ થઇને બીજાના ધોકા ખાશો ને જન્મમરણના ચક્કરમાં રખડશો. કર્મ વિચારીને કરવાં જોઇએ ને!''

**પાણી અને વાણી બન્ને ગાળીને, વાપરીએ તે પરિણામ સુંદર આવે.**

હંમેશાં વાણીમાં વિવેક રાખવો. જીવનનો આધાર વાણી ઉપર છે. માણસની પરીક્ષા વાણી ઉપરથી થાય છે.



**Speak sweet words.**

**મિષ્ટ વાણી બોલો.**

શંકરાનંદસ્વામી બે હાથ જોડી કહે છે, ''હે પ્રભુ! મારી ભૂલ થઇ છે. મને માફ કરો! હવે બીજી વખત એવું કાંઇ નહિ બોલું.'' શ્રીજીમહારાજે કહ્યું, ''હું માફી નહિ આપી શકું. તમારે નારાયણદાસ સ્વામીની માફી માગવી જોઇશે. એ માફી આપશે તો તમારે બળદ નહિ થાવું પડે. તમે એમનો અપરાધ કર્યો છે. જલદી જાવ અને સ્વામીનો રાજીપો મેળવો.'' શંકરાનંદ સ્વામીએ પગે લાગી માફી માગી કે મારી ભૂલને ક્ષમા કરો. દયાળુ સંતે માફી આપી અને કહ્યું, ''ચિંતા ન કરો.''

શ્રીજીમહારાજે કહ્યું છે કે નિત્ય લાખ રૂપિયા લાવતો હોય પણ જો તે ભગવાનના સંતો અને ભક્તોનું ઘસાતું બોલે તો તે અમને દીઠો પણ ગમે નહિ. સત્સંગની કાંઇ સેવા ન કરતો હોય અને સૂતો સૂતો ખાતો હોય પણ જો ભગવાનના સંતો ભક્તોનું સારૂં બોલતો હોય, ગુણ લેતો હોય તો તેની ચાકરી હું કરાવું.

જે ઘસાતું બોલે છે તેનું માથું કપાણું જાણવું. એની આસુરી મતિ થઇ છે એમ જાણવું. જો પાપ ન કરીએ, દ્રોહ ન કરીએ તો હજારો ધર્મ પાળ્યા બરાબર છે. હજારો દાન કર્યા બરાબર છે. આપણે દરરોજ પ્રાર્થના કરવી. પ્રેમાનંદસ્વામી પ્રાર્થના કરે છે...

**તમારા કોઇ ભક્તનો, મારે દ્રોહ ક્યારે નવ થાય, એ વર માગું છું.**
**સંગ એકાન્તિક ભક્તનો મને નિત્ય આપો મુનિરાય, એ વર માગું છું.**
**દાસ તમારા દાસનો, મને રાખો નાથ હજુર, એ વર માગું છું.**
**પ્રેમાનંદની વિનતિ, સાંભળજો શ્યામ જરૂર, એ વર માગું છું.**

સમજણ વિના બધા દુઃખી થાય છે. ખોટી હાયવોય કરવા જેવું નથી. અમે મરી ગયા ને અમે શું કરીએ? આવી દલીલ છોડીને પ્રભુને પામવાનો માર્ગ પકડો. સંસારમાં તમે રહો પણ સંસાર તમારામાં ન રહેવો જોઇએ. સંસાર સાથે ખપ પુરતું કામ રાખીએ તો ભગવાન ભૂલાય નહિ. કેવી રીતે? જેમ અગ્નિ પાસેથી આપણે ઘણાં કામ લઇએ છીએ પણ અગ્નિને આપણા અંગને અડવા દેતાં નથી, તેવી રીતે સંસારમાં રહીએ તો સંસાર બાધ નથી કરતો.

**એમ નર નિર્જરનાં, જેને સુખ સ્વપ્નાને તુલ્ય ।**
**નિષ્કુલાનંદ કહે એ ભક્ત હરિના, અતિ મોટા અમૂલ્ય ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, જેને આ સંસારનુ સુખ સ્વપ્ન તુલ્ય જણાય તે ભક્ત હરિના અતિ મોટા અમૂલ્ય. પ્રભુને ભજવા હોય,અક્ષરધામમાં જવું હોય, અખંડ સુખને પામવું હોય તો વારંવાર પરમાત્માને જોવાની ટેવ પાડો તો મન બગડશે નહિ. જગત બગડ્યું નથી મન બગડ્યું છે. આ જગતને કોઇ સુધારી શક્યા નથી, પરંતુ જેણે દૃષ્ટિ સુધારી છે તેની સૃષ્ટિ દિવ્ય બને છે. જેની દૃષ્ટિ દિવ્ય તેની સૃષ્ટિ દિવ્ય. પરમાત્માનું દિવ્ય સ્વરૂપ આંખમાં રાખશો તો મન પવિત્ર થશે. મન પવિત્ર થશે તો વિચાર સારા થશે તો જીવાત્માને અપાર સુખનો ખજાનો હાથ આવશે.

## સાચા શ્રેષ્ઠ ભક્ત સુધન્વા.

નિષ્કુળાનંદસ્વામી મહાન ભક્ત સુધન્વા રાજાની કથા સંભળાવે છે. હંસધ્વજ રાજાના પુત્રનું નામ સુધન્વા હતું. સુધન્વા પરમ ભક્ત હતા. શાંતિથી ધીરજ રાખી સવારનો સમય ભગવાનનું ધ્યાન, પૂજન, માળા, પ્રાર્થના વિગેરે સત્કર્મમાં પસાર કરતા. સવાર સાંજ આપણે ચાર કલાક ભગવાનને યાદ કરીએ તો ભગવાન ચોવીસ કલાક આપણને યાદ કરશે અને રક્ષા પણ કરશે. પ્રભુનું ધ્યાન કરતાં, માળા ફેરવતાં, પૂજા કરતાં, ભગવાનના જ સંકલ્પ થાય તો એ ઉત્તમ પૂજા કહેવાય અને જો વ્યવહારના સંકલ્પ થાય, જગતના સંકલ્પ થાય તો તે પૂજા ઉત્તમ નહિ ગણાય.

## શાંતિનું મૂળ શ્રી હરિનું સ્મરણ છે.

શાકમાં મીઠુ ભુલાવું ન જોઇએ. મીંડાની આગળ એકડો ભુલાવો ન જોઇએ. જાનમાં વરરાજા ભુલાવો ન જોઇએ અને જીંદગીમાં ભગવાન ભુલાવા ન જોઇએ. જે ભગવાનને અખંડ યાદ કરે તેને સાધુ કહેવાય અને જેને ખુદ ભગવાન યાદ કરે છે તેને સંત કહેવાય. સંત શબ્દ બહુ મહાન છે. સંત ગમે તે કપડામાં હોય. એને વસ્ત્ર સંયાસની કોઇ જરૂર નથી. અંતર ભક્તિથી રંગાઇ જવું જોઇએ. પ્રભુને પ્રેમ પાત્ર બનાવો.

**હંસધ્વજ સુત સુધનવા જેહજી, તેને અતિ શ્રીહરિમાં સનેહજી ।**
**દૃઢ હરિભક્ત અચળ વળી એહજી,**
**અલ્પ દોષે આવ્યા તાતના ગુન્હામાં તેહજી ॥**

ભક્ત સુધન્વા પ્રભુનું અખંડ સ્મરણ કરે છે. હંસધ્વજ રાજાના રાજ્યમાં બે દિવાન હતા. તે કપટી, કુસંગી અને નિર્દય હતા. બે સંપીને દરરોજ રાજ્યમાંથી છુપી રીતે ચોરી કરી લેતા. દિવાનને વિચાર થયો કે આ વાતની રાજકુંવર સુધન્વાને ખબર પડશે તો અમને દેશ નિકાલ કરશે. રાજકુંવરનું મૃત્યુ થઇ જાય તેવી યુક્તિ કરીએ



જેથી આડો આવે નહિ. સમય જતાં રાજ્યમાં તમામ માણસોની સલાહ સૂચના લેવાનો પ્રસંગ આવ્યો.

દીવાનજીએ રાજાને કહ્યું, ‘‘દેશદેશાંતરથી માણસો બોલાવો. મોટી સભા કરો. જાહેરાત કરી દો કે સવારના સૂર્યોદય પહેલાં સભામાં હાજર થાય ને જે સૂર્યોદય પહેલાં સભામાં હાજર ન થાય તેને ઉકળતા તેલના કડાયામાં નાખવો.’’ નીચે અગ્નિ પ્રગટેલો હોય. દીવાનજી રાજી થાય છે કે હવે સુધન્વાની ખબર પડશે. મોડો આવશે તો મોત થાશે. તેથી આપણને અડચણ નડશે નહિ. રાજ્યમાં જાહેરાતનો ઢંઢેરો પીટાવ્યો. ‘‘સવારના સુર્યોદય પહેલા રાજદરબારની સભામાં હાજર થવાનું છે. જે સમયસર નહિ આવે તેને સજા કરવામાં આવશે. ઉકળતા તેલમાં નાખવામાં આવશે.’’

આ વાતની નગરમાં જાણ થઇ ગઇ. રાજાએ સુધન્વાને કહ્યું, ‘‘બેટા, કાલે સૂર્યોદય પહેલાં સભામાં પધારવાનું છે.’’ ‘‘ભલે પિતાજી, ચોક્કસ આવીશ.’’ સુધન્વાના અંતરમાં સદાય ભગવાન પુરુષોતમ નારાયણનો આનંદ વહ્યા કરે. ગમે તેવી વિકટ પરિસ્થિતિ ઉભી થાય તો પણ સુધન્વા ઉદાસ થાય નહિ. આઠે પહોર એના અંતરમાં ભગવાનનો આનંદ ભરેલો જ હોય. તેવા ભક્તની સાથે ભગવાન રમે છે, જમે છે અને મદદ કરવા દોડી આવે છે. સદાય આનંદમાં રહેવું અને બીજાને આનંદમાં રાખવા.

## પ્રભુની પૂજા કરવી તે અક્ષરધામમાં જવાની નીસરણી છે.

સુધન્વા હરિસ્મરણ કરતા કરતા રાત્રે સૂઇ ગયા. વહેલી સવારે નાહી ધોઇ પૂજા કરી માળા ફેરવે છે. પ્રભુના અંગોઅંગનું ચિંતવન કરતા એવા મશ્ગુલ બની ગયા કે સમયની કાંઈ ખબર રહી નહિ. દેહ દશા ભૂલાઇ ગઇ. બ્રહ્મ ભાવના પ્રગટ થઇ. આનંદ હોય તો જ બે કલાક માળા ફેરવાય, નહિંતર માથું ચડે. સવાર પડી, રાજ્યમાં રહેનાર તમામ માણસો સભામાં હાજર થઇ ગયા. એક રાજકુંવર સુધન્વા સભામાં આવ્યા નથી. રાજા હંસધ્વજ વિચાર કરતા થઇ ગયા. હવે શું કરવું? મેં ભલામણ કરી હતી છતાં પણ પુત્ર સુધન્વા સમયસર આવ્યો નહિ.

દીવાનજી કહે છે, ‘‘રાજ્યનો હુકમ સૌને એક સરખો લાગુ પડે. એમાં જરાય ફેરફાર ચાલશે નહિ. તમે રાજા થઇને ફાવે તેમ કરશો તો રૈયતને વિશ્વાસ ઊઠી જશે. બીલકુલ સ્વાર્થ નહિ ચાલે. માટે નક્કી કરેલ ઠરાવ પ્રમાણે કરવું જ પડશે. તેમાં પક્ષપાત કરશો તો તમે અસત્ય ઠરશો ને નિંદાને પાત્ર બનશો.’’

રાજા ગમગીન બની ગયા. શું જવાબ આપવો? મનોમન પ્રભુને યાદ કરે છે. ''હે પ્રભુ! તમે રક્ષા કરજો.'' રાજાએ કહ્યું, ''કાંઇ વાંધો નહિ. ઠરાવ પ્રમાણે અગ્નિ સળગાવો. તેના ઉપર મોટું પાત્ર મૂકી એમાં તેલ ભરો અને ઉકળતા તેલમાં સુધન્વાને પકડી તેલમાં બેસાડી દો. ભગવાનની ઈચ્છા હશે તેમ થાશે. મારનાર કરતાં બચાવનાર મોટો છે.''

**તેને તાતે તપાસ કઢાવી, નાખ્યો તપેલ તેલની માંઇ ।**
**શ્રીહરિના સ્મરણ થકી, વળી કાયા ન બળી કાંઇ ॥**

તમામ માણસો આ તમાસો જોવા તલપીને ઊભાં છે. રાજકુંવરનું શું થશે? આવી વાત ચાલે છે. ત્યાં સુધન્વા પૂજા પાઠ કરી ધ્યાનમાંથી જાગૃત થયા. દશ વાગ્યાનો સમય થયો. અરરર, આજ મોડું થઇ ગયું. પિતાજી સભામાં મારી વાટ જોતા હશે. જલદી જલદી દોડતા આવ્યા. પિતાજીને પગે લાગીને કહ્યું, ''પિતાજી! મને માફ કરો. મોડું થઇ ગયું છે. પ્રભુમાં વૃત્તિ રહેવાથી સમયની ખબર ન રહી. હવે મારે શું કરવાનું છે?''

રાજા બોલ્યા, ''બેટા! તને ઠરાવ પ્રમાણે સજા ભોગવવી પડશે. વચન લોપી ગયો છે, તેથી આ ગરમા ગરમ ઉકળતા તેલના પાત્રમાં તારે બેસવાનું છે.'' નિર્દય દીવાનજીએ સુધન્વાને પકડીને ઉકળતા તેલમાં બેસાડી દીધા. ગરમ વરાળ નીકળે છે. નજીક પણ જઇ શકાય તેમ નથી. પણ રામ રાખે તેને કોણ ચાખે! સુધન્વા શ્વાસો શ્વાસ ૐ નારાયણાય ૐ નારાયણાય હરિમંત્રના જપ કરે છે. ભગવાને તેલને શીતળ ઠંડું કરી દીધું. બીજાને ઉકળતું વરાળ નીકળતું દેખાય છે. ઉકળતા તેલ નીચે ચૂલામાં અગ્નિ બળે છે, ને પાત્રમાં સુધન્વા શાંતિથી આંખ બંધ કરી પ્રભુનું ધ્યાન કરે છે. આ છે પ્રભુ નામસ્મરણનો પ્રતાપ. આંચ ન આવી.

**જેને પ્રભુનો સાથ છે તેને સદા લીલા લહેર છે.**

હરિસ્મરણનો અદ્‌ભૂત પ્રતાપ છે. મીરાંબાઇને રાણાએ ઝેર આપ્યું. મારાંબાઇ હરિ સ્મરણ કરતાં કરતાં પી ગયાં તો ભગવાને ઝેરને અમૃત બનાવી દીધું. આ છે પ્રભુ સ્મરણનો પ્રતાપ. સમુદ્ર મંથન કર્યું ત્યારે હળાહળ કાળકૂટ ઝેર નીકળ્યું. તે ભોળા શંભુ હરિ સ્મરણ કરતા કરતા પી ગયા. અમૃત બની ગયું. આપણા મુક્તાનંદ સ્વામીને રસોઇમાં દ્વેષીલોકોએ ઝેર નાખ્યું તો શ્રીજીમહારાજે ઝેરને અમૃત બનાવી દીધું. આ છે હરિ સ્મરણનો પ્રતાપ. પ્રભુ સ્મરણમાં, પ્રભુના નામમાં ગજબની શક્તિ રહેલી છે.



માટે હરિ નામ જપતા રહો, જપતા રહો.

મંત્રી અને દીવાન રોષ કરી બોલ્યા, ''તેલ તપ્યું નથી, અથવા સુધન્વા પાસે કાંઇક ઔષધી છે તેથી તેલ ઠારી નાખ્યું છે. હવે ખબર પડશે.''

**ત્યારે કહે તેલ તપ્યું નથી, કાંતો ઔષધિ છે એહ પાસ ।**
**તેલ પણ તપેલ ખરું, નહિ ઔષધી કાઢ્યો તપાસ ॥**

મંત્રી અને દીવાનનો મગજ છટક્યો. ''ચાલો, ખાતરી કરી જોઇએ! તેલ ગરમ છે કે કેમ.'' હાથમાં બે ત્રણ શ્રી ફળ (નાળીયેર) લઇ તેલમાં ઘા કર્યા. ધડાકા સાથે શ્રી ફળ ફાટ્યાં ને કાચલાં ઉડીને માથામાં ને કપાળમાં જોરથી વાગ્યાં. મોઢામાં ગરમા ગરમ તેલ જોરથી ઉડ્યું. મોઢાં દાઝી ગયાં. આંખો બળી ગઇ. દેખાતું બંધ થઇ ગયું. પાણી વિના માછલું તરફડે તેમ તરફડે છે. દુઃખનો કોઇ પાર નથી. ધડાક દઇને ધરતી ઉપર પડ્યા. પગ ઘસે છે. બોલાતું નથી. મોઢાં દાઝી ગયાં છે. દેખાતું નથી. પીડાનો કોઇ પાર નથી. દુઃખી દુઃખી થઇ ગયા. બીજાનું ભૂંડુ ઇચ્છે તો પોતાનું જ ભૂંડુ થાય છે. કર્યા કર્મ ભોગવે છે.

**"ખોટા ધંધો કરો છો! માણસ છો કે રાક્ષસ છો?"**

સમય જતાં રીબાઇ રીબાઇને મરી ગયા. નિર્દોષ ભક્તને દુઃખી કરવા ગયા તે પોતે દુઃખી થયા અને જમપુરીમાં ધકેલાઇ ગયા.

**સાચો ભક્ત શ્રીકૃષ્ણે જાણીને, કરી કષ્ટમાંયે એની સા'ય ।**
**ખરી પળે નવ ખમી શકે, દુઃખ દાસનું મનમાંય ॥**
**પળપળની પીડા હરવા, હરિ હરિજન પાસે રહે ।**
**વણ વિશ્વાસી એહ વાતને, લેશમાત્ર પણ નવ લહે ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, દાસનાં દુઃખ ટાળવા, ત્રીકમ કહે છે તૈયાર. ભગવાન બહુ દયાળુ છે. રાત દિવસ પોતાના ભક્તનું ધ્યાન રાખે છે. રક્ષણ કરે છે. સમજવા જેવી કથા છે. પ્રભુની ફરજ છે આપણું કલ્યાણ કરવું અને જીવપ્રાણીમાત્રનું પોષણ કરવું. જીવાત્માની ફરજ છે કે પ્રભુને શરણે જવું, પ્રભુની આજ્ઞાનું પાલન કરવું. રાત દિવસ રક્ષા કરે છે એવા છે દીનદયાળ પરમાત્મા.

ભગવાન આપણું ખૂબ ધ્યાન રાખે છે પણ આપણે ભગવાનનું ધ્યાન રાખતા નથી. આપણે પૈસાનું, માલ મિલ્કત અને કુટુંબ પરિવારનું ધ્યાન રાખીએ છીએ. એમનું ધ્યાન રાખવું જરૂરી છે ફરજ બજાવવી એ બરાબર છે પણ જેનું ધ્યાન રાખવું જોઇએ

એ ખાસ ભૂલાઇ જાય છે. પ્રભુનો ઉપકાર ભૂલાઇ જાય છે એ મોટી ખોટ છે. ભગવાન કહે છે, ''હે જીવાત્મા! તું ભૂલ કરે છે. તારૂં ધ્યાન માયા નથી રાખતી. હું રાખું છું.''

**જનક જનની નિજ જનના, સાચા શ્રીહરિ કહેવાય ।**
**એહ હેત જેવું કરે જીવને, તેવું બીજે કહો કેમ થાય ॥**

આ જગતના જીવપ્રાણી માત્રના માતા પિતા કોણ છે? ભગવાન છે. તારે ઘરે છે એ મા બાપ કેવા છે? સ્વાર્થી છે. જો કમાઇને આપો તો બરાબર નહિંતર તિરસ્કાર કરે. ન બોલવાનું બોલે પણ ખરા. તને ભણાવ્યો, ગણાવ્યો, પરણાવ્યો, માલ મિલ્કત આપી છતાં તું અમને બોલાવતો નથી. અમારું ધ્યાન રાખતો નથી. પૈસા ટકા કાંઇ પણ આપતો નથી. ઝગડો કરે.

પણ ભગવાન છે તે કોઇ સ્વાર્થ રાખતા નથી. મને રૂપિયા આપે છે કે નહિ એ કાંઇ જોતા નથી. ફક્ત ભાવ જુવે છે. અંતરમાંથી, ઊંડાણથી વિચાર કરજો. અખંડ આપણા શ્વાસોશ્વાસની રીધમ કોણ ચલાવે છે? ખાધેલા ભોજનને કોણ પચાવે છે? ચાલવાની શક્તિ, બોલવાની શક્તિ આ બધું કોણ કરે છ? સવારે મીઠો મીઠો હાથ ફેરવી ભર નિંદ્રામાંથી કોણ જગાડે છે? ભગવાન જગાડે છે. બધું ભગવાન કરે છે. મા બાળકનું ધ્યાન રાખે તેથી વિશેષ ભગવાન આપણું ધ્યાન રાખે છે. ભગવાન સૌને અન્ન જળ પ્રકાશ આપી જીવાડે છે.

**નકી ભક્ત સારૂં નાથજી, અવનિયે રહેછે અખંડ ।**
**દુર્મતિ તે દેખે નહિ, જેમ પડદા આડું પંડ ॥**

ભગવાન દિવ્ય સ્વરૂપે આ પૃથ્વી પર અખંડ રહ્યા છે. સર્વત્ર અને સર્વદા પ્રગટ છે. પડદામાં રહીને ભક્તની ધીરજ જુએ છે.

**સ્વામી માયામાં સૂતેલા જીવાત્માને જગાડે છે.**

માયાનો મોહ ટળી જશે તો ભગવાનમાં મન લાગી જશે. હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં સર્વે ક્રિયામાં ભગવાનને સંભારવાનો અભ્યાસ રાખવો. અભ્યાસથી સર્વે કઠિન કામ સરળ થઇ જાય છે. આપણને મહા અલૌકિક પ્રાપ્તિ મળી છે. પરંતુ ઉપલક દૃષ્ટિ છે તેથી અંતરમાં મોજ આવતી નથી. અંતરવૃતિ થશે તો જે પ્રાપ્તિ મળી છે તેનો મહિમા સમજાશે. શ્રી હરિ મહા આનંદનું ધામ છે. એને જે જે પામ્યા છે તે મહા સુખિયા થાય છે. શ્રી હરિનું સ્મરણ કરતાં આપણું અંતર રંગાઇ જવું જોઇએ.



**એહ આદિ ભક્ત થયા બહુ ભૂપજી, સાચા સત્યવાદી અનઘ અનૂપજી**
**પરપીડા હરવા શુદ્ધ સુખરૂપજી, કરી હરિ રાજી તરી ગયા ભવકૂપજી ।**

અનેક ભક્તો હરિને ભજીને ભવસાગર તરી ગયા છે. ધન્ય ધન્ય તેવા ભક્તની ભક્તિ અને ધન્ય ધન્ય એહની ટેક. એવી ટેક જોઇએ આપણી કરવા પ્રભુને પ્રસન્ન. જ્યાં સુધી ન રીઝે શ્રી હરિ, ત્યાં સુધી કરવી જતન. હંમેશાં સત્સંગનો ખપ રાખવો. સત્સંગનો ખપ હોય તેનાથી શું ન થાય! જેને ભગવાનનો ખપ હોય તે સુખ, દુઃખ, અપમાન, બધું જ સહન કરી શકે છે. સંસ્કૃતમાં કહેવત છે...

**બુભુક્ષિતં ન પ્રતિભાતિ કિંચિત્ ।**

ભૂખ્યા માણસને કાંઇ નજરમાં આવતું નથી. જે મળે તે જમી લે. શ્રીજી મહારાજે સંતોને રસકસનાં નિયમ આપ્યા હતા. ખારું, ખાટું, તીખું, ગળ્યું, ઘી તેલ વિગેરે જમવું નહિ. સાદુ ભોજન જમવું. નંદ પંક્તિના સંતો ભિક્ષા લેવા જાય. રસ જળ દેવતાને આપી દે પછી (નીરસ) રસવિનાનું ભોજન જમીને ભજન કરે. આ કથા એ બતાવે છે કે સાદુ ભોજન જમવાથી શરીર સારું રહે છે અને સાત્વિકતા આવે છે. ભગવાનના ભક્તને બહુ સ્વાદીયા થવું નહિ. ટાણે જે મળે દાળ ભાત રોટલી તે જમી લેવું. ક્યારેક શાક ન હોય તો છાશ ને રોટલો જમી લેવાં. પેટનો ખાડો જ ભરવો છે ને! બહુ સ્વાદ રાખવો સારો નહિ.

ક્યારેક રોટલાનો મેળ ન હોય તો ફળ ફ્રુટ જમી લેવું પણ જમવા ટાણે કલેશ કરવો નહિ. સંતોષ રાખી ભગવાનનું સ્મરણ કરતાં કરતાં ભોજન કરવું. એક વખત સાઠ સંતો જામનગર પધાર્યા. ત્યાં ડોળી તળાવને કાંઠે વૃક્ષ નીચે બેસીને ભજન કીર્તન કરે છે. જમવા માટે કાંઇ નથી. ભૂખના દુઃખથી સંતોનાં શરીર સુકાઇ ગયાં છે. એક વખત અદ્‌ભૂતાનંદ સ્વામીએ સ્વરૂપાનંદસ્વામીને કહ્યું, ''સ્વામી! સંતો ભૂખ્યા છે. તો આ તળાવની ખારી ખરવટ (પોપળી) ચાટીએ?'' વિચાર કરો! સંતો કેટલા ભૂખ્યા હશે કે તળાવની માટી ચાટવા તૈયાર છે! સ્વામીએ કહ્યું, ''સારું, માટી ચાટો.'' ચાર દિવસ સુધી સંતોએ માટી ચાટીને રહ્યા.

**જીવનમાં શાંતિની કીમત છે, તેટલી પૈસાની નથી.**

પાંચમે દિવસે બપોરના બાર વાગ્યા છે. એક હરિભક્તે લોટ આપ્યો. તેના ગોળા બનાવીને જમ્યા. પાણી પીને તળાવને કાંઠે બેઠા બેઠા શાંતિથી કીર્તન ગાય છે.

**ભજી લે ભગવાનને સાચા સંતને મળીને,**
**વચનમાં વિશ્વાસ રાખી ભજનમાં ભળીને**
**પૂર્વ કેરાં પાપ તારા તો જાશે બળીને . .ભજી...**
**ઓળખી લે અવીનાશી, રહેજે ફૈનમાં ગળીને**
**રીઝશે રંગરેલ વહાલો અઠળક ઢળીને . .ભજી...**
**ચેતી લે ચિતમાં વિચારી ચાલજે ડરીને**
**દેવાનંદના નાશ ભજો પ્રેમમાં ભરીને . .ભજી...**

આનંદ મગ્ન બની કીર્તન ગાય છે. ત્યાંથી અનેક સેવકોને સાથે લઇ રાજા જામસાહેબ પસાર થયા. સેવકોને કહ્યું, ''આ કોના સાધુ છે? કેવાં સરસ કીર્તન ગાય છે.'' ''અન્નદાતા! એ સ્વામિનારાયણ ભગવાનના સાધુ છે.'' રાજા દયાળુ અને દિલાવર હતા તેથી પૂછ્યું, ''આ બધા સંતો ક્યાં જમે છે?'' ''અન્નદાતા! એ બધા સાધુ આપણા નગરમાં ભીક્ષા માગીને જમે છે. ભીક્ષા ન મળે તો ઉપવાસ કરીને ભજન કરે છે પણ કોઈ પાસે જોરાઇએ કાંઇ માગતા નથી. રાજીપે કોઇ અન્ન આપે તો લે છે.''

રાજા ધર્મશીલ હતા તેથી સંતો પાસે આવ્યા અને કહ્યું, ''કાલે અમારા તરફથી રસોઇ બનાવજો અને પ્રેમ ભાવથી જમજો.'' ત્યારે સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું, ''અમે તમારા આમંત્રણને શિર સાટે સ્વીકારીએ છીએ પણ અમારા ગુરુદેવની આજ્ઞા છે કે એક જગ્યાએ વધારે રહેવું નહિ.'' રાજાએ ખૂબ આગ્રહ કર્યો. ''અમારી રસોઇ લેવી જ પડશે. અમારું અનાજ તમારા જેવા પવિત્ર સંતોના મુખમાં જાય એવો ઉપાય બતાવો.''

**સાચા સંતો વિશ્વને વંદનીય છે.**

સ્વરૂપાનંદસ્વામી બોલ્યા જે, ''અમારા સાધુ કાલે સવારે પ્રભાતમાં ભીક્ષા માગવા આવે ત્યારે અન્ન દાન કરજો.'' રાજા રાજી થયા. બીજે દિવસે રાજાએ દરેક સંસારીના ઘરના દરવાજે પોતાના નોકરોને ગોળ, ઘી, લોટની મોટી મોટી ગાંસડી બાંધીને ઉભા રાખ્યા. સવારે સંતો ભીક્ષા માટે આવ્યા કે ગોળની ભીલિયો, લોટના ડબ્બા, ઘી તેલના ઘડા, શાક ભાજી સંતોને અર્પણ કર્યું. પગે લાગીને નમસ્કાર કર્યા.

રાજાએ નોકરોને કહ્યું, ''આ બધો માલ સંતોના નિવાસ સ્થાને પહોંચતો કરો.'' નોકરો ડોળી તળાવના કાંઠે બધો માલ રાખી ગયા. સ્વરૂપાનંદસ્વામીએ બધા સંતોને કહ્યું, ''સાધુરામ! બાજરાના લોટની કુલેર બનાવો ને ઠાકોરજીને જમાડીને આપણે



જમીએ.'' આવી રીતે છ દિવસ સુધી ફક્ત બાજરાના લોટની કુલેર જમ્યા. બાકીનો માલ ત્યાંજ રાખી દીધો. પછી સ્વરૂપાનંદ સ્વામી બોલ્યા, ''હે સંતો! આ જામનગર શહેરમાં રહેવાશે નહિ. રાજા અને પ્રજા તરફથી ખૂબ માન પાન અને સત્કાર મળે છે. ખાવા પીવા માટે ખૂબ પદાર્થ આવે છે.''

''શ્રીજીમહારાજે કહયું છે કે, માન પાન, આદર સત્કાર, ખાનપાન ખૂબ મળે ત્યાં રહેશો નહિ. તેથી બીજે ગામ જતા રહીએ.'' વિચાર કરો, આપણા નંદ પંક્તિના સંતોએ મૂળાનાં પાકેલાં પાંદડાં જે ફેંકી દે તે ખાઇને અગવડ વેઠીને અપમાન સહન કરીને ખૂબ દુઃખ વેઠીને સત્સંગના પાયા રોપ્યા છે.આપણને સહેજે સત્સંગ પ્રાપ્ત થયો છે તો માન અપમાન નહિ ગણીને ભગવાન ભજવાનો ખરો ખપ રાખવો. ધીરજ રાખવી. મનને મજબૂત કરીને અખંડ હરિ સ્મરણ કરવું તે જ આ ધીરજાખ્યાન શાસ્ત્રનો સાર છે.

સ્વામી ઉદાહરણ આપે છે.

**જેમ ધુવે કોઇ લુગડું, પણ માંય રહી જાય મેલ ।**
**ત્યાં સુધી ન જાણવું, એહ વસ્ત્રને ધોયેલ ॥**

હ્રદયરૂપી વસ્ત્રને ધોવું હોય તો ભક્તિના પાણીમાં ઝબોળીને જ્ઞાનરૂપી સાબુ લગાડો પછી વૈરાગ્યરૂપી ધોકાથી સ્વચ્છ કરો તો અંતર ધોવાઇને પવિત્ર થઇ જશે. પછી તે અંતરમાં સાક્ષાત પુરુષોત્તમ નારાયણનાં દર્શન થશે.

**ભક્તિરૂપી ગંગામાં આત્માને સ્નાન કરાવો.**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, આપણને સામે પાર જવું હોય અને વચ્ચમાં દરિયો હોય તો હોડી (વહાણ)નો સહારો લેવો પડે.

**જેમ બેસે કોઇ ઝાઝમાં, હોય ઉંડા અર્ણવમાંય ।**
**ત્યાં સુધી સુખ ભૂમિનું, શીદ માનીને મલકાય ॥**

આપણે હોડીમાં બેસીએ, હોડી ભર દરિયામાં ઘુમરી લેતી હોય ને આપણે રાજી થઇએ કે આનંદથી ઘેર પહોંચી જઇશું, પણ ખુશ થવાની જરૂર નથી. અચાનક પવનનું વાવાઝોડુ ઉપડે તો હોડી મધ દરિયે ડૂબી પણ જાય. સ્વામી કહે છે, આ સંસાર છે તે સાગર જેવો છે. સંસાર સાગરમાં મનરૂપી હોડી દરિયામાં ઝૂલે છે. ભક્તજનો, તે વાવાઝોડામાંથી બચવા માટે નિત્ય પ્રાર્થના કરે છે. હે શામળા! તોફાની સાગરમાંથી અમને બચાવો નહિંતર મોહ, માયા, મમતાના તરંગમાં ડૂબી જાશું ને જન્મ મરણના ચક્કરમાં ભટકશું તેથી ઉગારી લ્યો. શામળા લેજો સંભાળ.

**શામળા લેજો સંભાળ, હોડી મારી દરિયે ઝૂલે છે**
**મોહમાયાના લોઢ ઉઠે છે, દરિયામાં તોફાન અપાર.. હોડી ...**
**કામને ક્રોધનાં વાદળાં ચડ્યાં છે, ઝેરના વરસે વરસાદ.. હોડી**
**ઝેરના વેરના વાવટા ચટ્યા છે, અંતરમાં તોફાન અપાર.. હોડી**

અંતરરૂપી હોડીમાં કામ, ક્રોધ, લોભ, વેર, ઝેર, ઈર્ષા, કપટ, અદેખાઇના રાત દિવસ સંકલ્પ વિકલ્પરૂપી મોજાં ઉછળ્યા કરે છે. હોડી તોફાની સાગરમાં ઘુમરી ખાય છે અને ઊંચી ઉછળી ઉછળીને પછડાટી ખાય છે. રાત દિવસ મનમાં બળ્યા કરે. આ મારાથી કેમ વધી ગયો? આગળ નીકળી ગયો. એની કેમ વાહ વાહ થાય છે? મારી વાહ વાહ થવી જોઇએ. વિગેરે અંતરશત્રૂ અંતરમાં તોફાન કરે છે. હે પ્રભુ! ભયંકર તોફાનમાંથી અમને બચાવી લેજો. અમને એક તમારો જ આધાર છે.

**એક જ ખારવો તુજને ધાર્યો છે, એક મારે તારો આધાર.. હોડી.**

એક પ્રભુનો આધાર રાખશો તો તોફાની સંસાર સાગરથી બચી જાશો. સ્વરૂપ નિષ્ઠા પાકી રાખો. ભગવદાશ્રિત બનો. અન્યાશ્રિત નહિ.

**કર્યાં કેશરિયાં શૂરા સરખાં, પણ લીધી નથી લડાઇ ।**
**ત્યાં સુધી તે વેષની, કેમ વખાણાય વડાઇ ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, સૈનિકનો વેશ લેવાથી જીત થતી નથી. શૂરવીરતા આવી જતી નથી. શત્રૂ સામે લડવું પડે, તીર બરછીના ઘા સહન કરવાં પડે. કુરબાની આપવી પડે છે. તેમ શ્રેષ્ઠ શૂરવીર ભક્ત અંતરશત્રુ સામે લડત લે છે. શત્રૂનો દાબ્યો દબાઇ જાય નહિ. શત્રૂ જોરદાર છે. કામને જીતવા જાય ત્યાં લોભ બેઠો થઇ જાય. લોભને શાંતિથી સમજાવવા જાય ત્યાં માન અભિમાન મોઢું ઊંચુ કરીને ઊભો થઇ જાય. અભિમાનને વિવેકરૂપી વિચારથી બેસાડી દે તો ઈર્ષા ઊભી થઇ જાય. આ બળવાન યોધ્ધા એવા જોરદાર છે કે ભગવાન સુધી પહોંચવા દેતા નથી.

**કામ ક્રોધ લોભ કહીયે, એ અતિશે ઝીણા અરિ ।**
**આવતાં એને ઓળખીને, વળી ખબર તે રાખવી ખરી ॥**
**અખંડ આગ્રહ એહ ઉપરે, જેહ જેહ રાખે છે જન ।**
**તેહ તેહ એ શત્રુ થકી, નર રહે નિરવિઘન ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, ધ્યાન રાખજો. અંતરશત્રૂ એવા જોરદાર છે જો વિશ્વાસ કરે તો ગોથુ ખાઈ જાય. મન ભેગા ભળી જાવ તો મન માર ખવડાવે. માયામાં ગુંચવી



નાખે. મનને એમ છે કે કરોડ જન્મ સુધી ભગવાનના ધામમાં જાય નહિ એવો માયામાં ગુંચવી નાખીશ પણ આત્મજ્ઞાની પરમ ભક્ત ક્યાંય લોભાતા નથી. આત્મજ્ઞાનીને જગતની ચર્ચામાં કંટાળો આવે. દેહાભિમાનીને જગતના ગામ ગપાટામાં મજા આવે. આત્મજ્ઞાનીનું મન ભગવાનની મૂર્તિમાં રમ્યા કરે. દેહાભિમાનીનું મન માયામાં રમ્યા કરે.

**ગાફલને ઘાયલ કરે, સાજુ રહેવા ન દિયે શરીર ।**
**નિષ્કુલાનંદ સચેત રહેવું, ધરી દઢતા અતિ ધીર ॥**

માયા ગાફલને મારે છે અને સંસારમાં કરોળિયાની લાળની જેમ ગુંચવી નાખે છે. માયા માયા કરતો મુરખ તૃષ્ણામાં તણાણોજી. સુખ દુઃખનાં વાવાઝોડાં આવશે. સુખમાં છલકાઇ જવું નહિ અને દુઃખમાં મૂંઝાઇ જવું નહિ. વચનામૃતમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે છે, આ લોકને વિષે અને પરલોકને વિષે સદાય સુખિયો કોણ રહે છે? તેનાં કેવાં લક્ષણ હોય તે સાંભળો!

એક દ્રઢ વૈરાગ્ય હોય, બીજો સ્વધર્મ હોય, ઇન્દ્રિયો જીતીને વશ કર્યા હોય, ભગવાનના ભક્તને વિષે અતિશે પ્રીતિ હોય, ભગવાનના ભક્તને વિષે મિત્રભાવ વર્તતો હોય, ભગવાનના ભક્ત થકી કોઇ દિવસ ઉદાસ થાય નહિ. ભગવાનના ભક્તને સંગે રાજી રહે પણ વિમુખની સોબત ગમે નહિ. એવાં હરિભક્તનાં લક્ષણ હોય તે આ લોકને વિષે તથા પરલોકને વિષે સદાય સુખીયો રહે છે.

**જ્ઞાન સભર શાસ્ત્ર મનના મિત્ર છે.**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, સપાટ મેદાન હોય તો દોડી શકાય પરંતુ પહાડ (પર્વત) ચડવા માટે ધીરજતા અને મક્કમતા જોઇએ. ધીરજ છે તે મોટું ધન છે. આ આખો ગ્રંથ ધીરજ ઉપર છે.

**પદરાગ બિહાગડો– ધીરજ સમ નહિ ધન રે સંતો. ધીરજ. ।**
**આવે અર્થ દોયલે દનરે સંતો. । ટેક –**
**અતોલ દુઃખ પડે જ્યારે આવી, તેતો ન સે'વાય તન ।**
**તેમાં કાયર થઇને કેદી, ન વદે દીન વચનરે; સંતો. ॥**

ધીરજ રાખવાથી ગમે તેવાં વિકટ વિઘ્ન પણ દૂર થઈ જાય છે. સુખી થવા મનુષ્યો પ્લેનમાં ફરે, હિંડોળે ઝુલે, સ્વીમીંગ પુલમાં ધુબાકા મારે કે રાત દિવસ એ. સી. રૂમમાં રહે છતાં દુઃખ કેડો મૂકતું નથી. તેનું કારણ શું છે? દુઃખમાં સુખ માની બેઠા

છે. ખોટા સુખને સાચું સુખ માની બેઠા છે. સાચું સુખ કોને કહેવાય? તો જે એક વાર મળ્યા પછી ક્યારેય પણ નાશ થાય નહિ. સાચું સુખ ભગવાનના ચરણમાં રહ્યું છે. ભગવાનની સમીપમાં રહ્યું છે. જેટલું ભગવાનથી છેટું થવાય છે તેટલી સુખમાં ન્યૂનતા રહે છે. ધીરજવંતને આપે અત્યંત દુઃખ બહુ દુરિજન, તે તો સર્વે સહે શરીરે, જાણી તે જન અજ્ઞાન. આગળ જે ધીરજશાળી ભક્તો થઈ ગયા છે તેને સ્વામી યાદ કરે છે.

**આગે સીતા કુંતા ને દ્રૌપદી, ધારી ધીરજ અતિ મન ।**
**નિષ્કુલાનંદના નાથને કર્યા, પૂરણ એણે પ્રસન્નરે; સંતો. ॥**

સતી સીતાજી મર્યાદા પુરુષોતમ નારાયણનાં પત્ની છે. તેમને બે વખત વનમાં ખૂબ દુઃખ વેઠવું પડ્યું છે. ખૂબ સહન કરવું પડ્યું છે. દ્રૌપદીજી અને કુંતાજીને પણ અસહ્ય દુઃખ આવ્યાં છે છતાં પણ હિંમત હાર્યા નથી. દુઃખમાં ભગવાન ભૂલ્યાં નથી. સુખ અને દુઃખ બે સગા ભાઈ છે. અતિ સુખ આવે ત્યારે દુઃખ ભોગવવાની તૈયારી રાખવી પડે. દુઃખ આપણી બાજુમાં ચાદર ઓઢીને સૂતું છે. ક્યારે ઊભું થાય કાંઈ કહી શકાય નહિ.

મનુષ્ય માત્ર સુખને ઝંખે છે અને દુઃખથી ભાગે છે. આ લોકમાં કોઈ પણ માણસ સર્વ પ્રકારે સર્વત્ર, સદા સુખી થઈ શક્યો જ નથી. રાજા હોય કે રંક, ગરીબ હોય કે તવંગર, ભણેલ હોય કે અભણ, ત્યાગી હોય કે ગૃહસ્થ. બધા દુઃખમુક્તિ અને અધિક સુખપ્રાપ્તિ માટે અથાગ મહેનત કરે છે પણ ધ્યાન રાખજો, આનંદનું અમૃત ઝરણું હ્યદયમાંથી સ્ફુરવાનું સાધન છે સત્સંગ. શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે,સારા ભૂંડા ઘાટે કરીને ગ્લાનિ પામવી નહિ. પોતાના ચિત્ત થકી આત્માને જુદો માનીને ભગવાનનું ભજન કરવું અને સદાય આનંદમાં રહેવું.

**જગતથી વિરક્ત જડભરતજી.**

નિષ્કુળાનંદસ્વામી પરમહંસ માત્રના આદર્શ મહાત્મા જડભરતજીની કથા વર્ણવે છે. પૂર્વ જન્મમાં તેઓ ઋષભદેવ ભગવાનના પુત્ર હતા. ઋષભદેવ ભગવાનના એક સો પુત્રો હતા. તેમાંથી ભરતજી સૌથી મોટા હતા. આખા દેશનું રાજ્ય ભરતજી ચલાવતા હતા. તેથી આ દેશનું નામ ભારત રાખવામાં આવ્યું. સમ્રાટ રાજા છે. રાજ્ય કારભારની જવાબદારી હોવા છતાં નિત્ય પૂજા પાઠ કરે, ધ્યાન ભજન કરે અને અખંડ હરિમાં વૃત્તિ રાખે. ભક્તિ કરવાથી તેમના જીવનમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો.

વિચાર કરો! સમગ્ર દેશમાં વાહ વાહ થતી હોય, ખૂબ માન પાન આદર સત્કાર



થતા હોય, મેવા મિષ્ટાન્ન વિગેરે વિવિધ પ્રકારનાં ભોજન જમવા મળતાં હોય, અનેક દાસ દાસીઓ સેવામાં હાજર હોય તેના જીવનમાં જ્ઞાન યુક્ત વૈરાગ્ય વસી ગયો. તેથી તમામ માયા દૂર ખસી ગઈ. શુભ વિચાર અંતરમાં પ્રગટ થયો. અખંડ અવિનાશી સુખ તો પ્રભુના ચરણમાં છે. સંસારનું સુખ તો નાશવંત છે. વૈરાગ્ય જીવનમાં આવે તો શું થાય? વૈરાગ્ય જગત સંબંધી માયાથી છૂટા કરે છે અને ભક્તિ છે તે ભગવાનમાં જોડે છે.

રાજા ભરત રાજ પાટ, સુખ સમૃધ્ધિ સમગ્ર પરિવારનો ત્યાગ કરીને પુલહાશ્રમ નામે પવિત્ર તીર્થ ભૂમિ છે ત્યાં તપ કરવા પહોંચી ગયા. ગંડકી નદીના કિનારે બેસીને પ્રભુના નામ જપની સાથે તપ કરે છે. અંતરમાં અખંડ હરિનું સ્મરણ ચાલુ છે. આંખ બંધ કરી પ્રભુનું ધ્યાન કરે છે. તે વનમાં અચાનક સિંહે ગર્જના કરી તેથી એક ગર્ભવતી હરણી ભય પામીને નાઠી. ગંડકી નદી ઓળંગવા માટે તલાપ મારી ત્યાં અચાનક હરણીનું બચ્ચું પેટમાંથી શ્રવી ગયું. તાજુ જન્મેલું બચ્ચું પાણીમાં ફાંફાં મારે છે.

ભરતજીની નજર હરણીના બચ્ચા ઉપર ગઈ. દયા આવી ને પાણીમાં તણાતા બચ્ચાને પકડી લીધું. તાજુ કોમળ ઘાસ લાવે ને બચ્ચાને ખવડાવે. પાણી પાય. હાથ ફેરવે. જોઈને રાજી થાય. ખોળામાં બેસાડી પંપાળે રમાડે. કેવું રૂપાળું છે. બચ્ચામાં માયા બંધાઈ ગઈ. હરિનું સ્મરણ ધીરે ધીરે છૂટી ગયું ને હરણનું સ્મરણ ચાલુ થયું.

**પશુ દોરડાથી બંધાય છે, માનવ વાસનાથી બંધાય છે.**

સમય જતાં બચ્ચું મોટું થયું તેથી વનમાં ચાલ્યું ગયું. ભરતજીએ બહુ શોધ્યું પણ મળ્યું નહિ. બચ્ચામાં ચિત્ત ચોંટી ગયું. રાત દિવસ બચ્ચાને યાદ કરે. એમ કરતાં અંત સમય આવ્યો. જેવી મતિ તેવી ગતિ. મૃગલામાં મન રહેવાથી બીજે જન્મે મૃગલાનો જન્મ આવ્યો.

**યં યં વાપિ સ્મરન્ભાવં ત્યજત્યન્તે કલેવરમે ।**
**તં તમેવૈતિ કૌન્તેય સદા તદ્‌ભાવ ભાવિત: ॥**

છેલ્લા શ્વાસ સુધી મૃગલાને યાદ કરતાં કરતાં મૃત્યુ થયું તેથી મૃગલુ થવુ પડ્યું. જ્ઞાનના પ્રભાવથી જાગૃતિ રહી કે વાસનાને કારણે મને પશુ યોનિ મળી છે. ઘાસ ખાતા નથી. પસ્તાવો કર્યા કરે છે. માયા એ મને પકડી લીધો. હવે સાવધાન રહીશ. સમય જતાં તે મૃગલાનું મૃત્યુ થયું. તેનો આત્મા બ્રાહ્મણને ઘેર દીકરો થઈને આવ્યો. નામ રાખ્યું ભરત. આ જગતમાં ક્યાંય બંધાવું નથી ગમતું. તેથી દોડે, કૂદે ને ગાંડાની

જેમ બોલે. જડની જેમ ક્રિયા કરે તેથી તેને જડભરત કહીને બધા બોલાવે છે.

**એવા ધીરજવાળા જાણો જડભરતજી, હતા અતિ આપે અત્યંત સમર્થજી**
**સહ્યાં દુઃખ દેહે રહી ઉન્મત્તજી, કરે ઘરપર કામ તેમાં એક મતજી ॥**

સમય જતાં જડભરતના મા-બાપનું મૃત્યુ થઇ ગયું એટલે ભાઇ ભોજાઇને ત્યાં રહે છે. ભાભી ગાંડો કહીને બોલાવે. અપમાન કરે, તિરસ્કાર કરે. કામપર કામ બતાવ્યા કરે છતાં ભરતજી કોઇ દિવસ કાંઇ બોલે નહિ. ખીજાય નહિ. ટાઇમસર જમવા આપે નહિ. સડ્યું, બગડ્યું ને દાઝી ગયું હોય, આગલા દિવસનું વધ્યું ઘટ્યું હોય તેવું ભોજન જમવા આપે. તે જડભરતજી આનંદથી પ્રભુ સ્મરણ કરતા જમી લે.

**મત રહિત મુનિ રહે, મળે અન્ન જેવું તેવું જમે ।**
**કોહ્યું ક્સાયું સડયું બગડયું, બળ્યું ઉતર્યું ખાઇ દિન નિગમે ॥**

ભાભી એમના પતિ પાસે કહ્યા કરે, ‘‘જડભરત ઘરમાં બરાબર કામમાં ધ્યાન દેતો નથી. બાળકોને પણ રમાડતો નથી. બરાબર વાસણ માંજતો નથી તો તેને ખેતરમાં મૂકી દો. પક્ષી ઉડાડશે ને ખેતર સાચવશે.’’ મોટાભાઇએ કહ્યું, ‘‘ભરત! આપણા ખેતરમાં જા. બાજરામાં ડુંડાં સારાં થયાં છે. ચકલાં દાણા ખાઇ જાય નહિ. ધ્યાન રાખી પક્ષીઓને ઉડાડજે.’’

**ત્યારે ભ્રાતે કહ્યું જડભરતને, રાખો ખરી ખેતની ખબર ।**
**ત્યારે જડભરતજી જઇ રહ્યા, ઉભા રાતમાં અડર ॥**

ભરતજી ખેતરમાં આવ્યા તો અનેક પક્ષીઓ કિલકિલાટ કરતાં આનંદથી બાજરના દાણા ખાય છે. બીચારાં ભૂખ્યાં પક્ષીઓને પથરા મારી ઉડાડવાં તે સારૂં ન કહેવાય. મારે નિર્દય નથી થવું. ભલે દાણા ખાય.

**રામકી ચિડીયા, રામકા ખેત,**
**ચુગલા ચિડીયા, ભરભર પેટ.**

ભરતજી કહે છે ખેતર ભગવાનનું છે. બાજરાના દાણા ભગવાને બનાવ્યા છે. પક્ષીઓ પણ ભગવાનનાં છે તો પેટ ભરીને ખાવ ને જલસા કરો! પક્ષીઓ દાણા ખાય છે ને ભરતજી રાજી થાય છે. આજે મોટું પુણ્ય થશે. બીજા જમે ને આનંદ થાય તે પરોપકાર કહેવાય. સવાર પડી. મોટાભાઇ ખેતરમાં આવ્યા તો બાજરાના દાણા બધા પક્ષીઓ ખાઇ ગયાં છે. ભાઇ ખિજાઇ ગયા. ‘‘અમારી મહેનત પાણીમાં ગઇ. આખું



કુટુંબ હવે એક વરસ સુધી શું ખાશે? તારામાં કોઇ જાતની અક્કલ નથી! ખાઇ પીને રખડે છે. નીકળી જા ખેતરથી બહાર! જ્યાં ફાવે ત્યાં જતો રહે! મને તારી કાંઇ જરૂર નથી ને કાંઇ ફિકર નથી!’’ ભરતજીને એટલું જ જોઇતું હતું. સારું થયું. ઘરના બંધનથી મુક્ત થયા. એકલા જંગલમાં ચાલતા થઇ ગયા. હરિ સ્મરણ કરતા કરતા મસ્ત બની વનમાં ફરે છે. કોઇ જાતની ચિંતા નથી.

**ત્યાં તસ્કર નર આવીને, ઝાલી લઇ ગયા જડભરતને ।**
**ઉભા રાખ્યા દેવી આગળ્યે, તેને મારવા તરતને ॥**

ચોર લોકોએ ભરતજીને પકડી લીધા. ભદ્રકાળી દેવીના મંદિરમાં લઇ આવ્યા અને કહ્યું, ‘‘તારા શરીરનું દેવીને બલિદાન કરવાનું છે. એટલે તારું માથું કાપીને દેવીને અર્પણ કરશું. ભૂખ્યા પેટે બલિદાન કરાય નહિ તેથી તું આ સુખડી જમી લે.’’ ભરતજી તરત સુખડી જમવા બેસી ગયા. મોત નજર સામે દેખાય છે. ખબર છે કે તલવારના એક ઝાટકે મારું માથું કાપી નાખશે છતાં પણ જરાય દિલમાં ડરતા નથી. અફસોસ નથી. કોઇ ઉદાસીનતા નથી. આપણને મરવાની ખબર પડે તો હ્રદયના ધબકારા વધી જાય. રૂદન ચાલુ થઇ જાય.

ભરતજીની દેહ દશા ભૂલાઇ ગઇ છે. બ્રહ્મભાવના પ્રગટ થઇ છે. તેથી કોઇ જાતની ચિંતા નથી. બધા જોતા જ રહી ગયા. મરવાની અણી પર છે ને આનંદથી સુખડી જમે છે. નવાઇની વાત છે. ભરતજી વિચાર કરે છે, હું એકલો નથી. મારી સાથે મારા ભગવાન છે. તે મારી ચોક્કસ રક્ષા કરશે.

**પછી તીખી તરવાર લઇ કરી, હાથ ઉપાડયો હણવા કાજ ।**
**તે દેખી ન શકી દિલે દેવી, હાથ ઝાલી લીધો વાજોવાજ ॥**

ચોર જ્યાં હાથમાં તરવાર લઇ ભરતજીને મારવા હાથ ઉંચો કરી પ્રહાર કરવા જાય ત્યાં મૂર્તિમાન સાક્ષાત દેવી પ્રગટ થયાં. દેવીએ ચોરનો હાથ પકડી લીધો. ‘‘અલ્યા પાપી! મારા નિર્દોષ ભક્તને મારો છો?! હું કોઇની હિંસા કરીને રાજી થતી નથી. મને એવું બલિદાન જોઇતું નથી. હું જગતના કોઇ પણ જીવાત્માનું ભક્ષણ કરતી નથી. સૌનું રક્ષણ કરૂં છું.’’ દેવીએ તરવારથી ચોરનું માથું કાપી નાખ્યું.

**જોડી હાથ જડભરત આગળે, કરે અતિ વિનંતિ તે વળી ।**
**નિષ્કુલાનંદના નાથ વા’લા, તમને પીડયા પાપીયે મળી ॥**

બે હાથ જોડી દેવી કહે છે, ‘‘હે ભક્તરાજ! જરાય ચિંતા ન કરજો. તમે સુખેથી

જયાં જવું હોય ત્યાં જાવ. તમારા જેવા ભકતનો મારી નજર સામે વધ થાય તો ભગવાન મને માફ ન કરે.''

**કોઇ પણ ધર્મ હોય અહિંસા જ એનો મર્મ છે.**

**એમ કહી દેવી ગઇ છે સમાયજી, નથી હર્ષ શોક જડભરતને કાંયજી ।**
**તેહ સમે રાજા આવ્યો એક ત્યાંયજી, નામ રહુગણ બેશી શિબિકાયજી**

રહુગણ રાજા કપિલમુનિના આશ્રમમાં જઇને તત્ત્વજ્ઞાન મેળવવા પાલખીમાં બેઠા છે. ચાર સેવકો પાલખી ઉપાડી ચાલ્યા જાય છે. પણ આગળ જતાં એક સેવક બિમાર થઇ ગયો. હવે શું કરવું. રાજાએ કહ્યું રસ્તામાં જે સામે માણસ મળે તેને પકડીને લઇ આવો. સામે રૃષ્ટ પુષ્ટ શરીરવાળા જડભરત મળ્યા. પકડી લીધા, અલ્યા ક્યાં જાય છે. ચાલ અમારી સાથે રાજાની પાલખી ઉપાડ. જડભરતજી મનમાં વિચાર કરે છે, પૂર્વજન્મ હું અનેક વખત પાલખીમાં બેઠો છું. આજે પાલખી ઉપાડવાનો પ્રસંગ આવ્યો. જેવી હરિની ઇચ્છા. એમ ધારી ભરતજીએ પાલખી ખભે ઉપાડી. પ્રભુ સ્મરણ કરતા કરતા ચાલતા થયા.

**જડભરત જાળવે જીવજંતુ, કીડી મકોડી ન કચરાય ।**
**દિયે તલપ તે દેખીને, તે થડક રાયે ન ખમાય ॥**

ભરતજી ધરતીમાં નીચે નજર રાખીને ચાલે છે, કોઇ જીવ જંતુ કચડાઇ જાય નહિ. રસ્તામાં એક દર આવ્યું. અનેક જંતુ ફરે છે, આ જંતુમાં મારા ભગવાન બેઠા છે, તેથી કૂદકો માર્યો. કચડાઇ જાય નહિ. કૂદકો મારતાંની સાથે પાલખીનો દાંડો રહુગણ રાજાના માથામાં વાગ્યો. અલ્યા સરખા ચાલો. ખબર પડતી નથી મને વાગી જાય છે. આગળ જતાં કીડીનું મોટું દર આવ્યું, તેથી મોટો કૂદકો માર્યો. રાજાને મોટો આંચકો આવ્યો, અલ્યા તમને ચાલતાં આવડે છે કે નહિ. સરખા ચાલો. મન ફાવે તેમ કૂદકા મારો છો ! માર્યા વિના નહિ મૂકું.

**ત્યારે ભૂપ કહે છે ભોઇને, આવી કરોછો અવળાઇ કેમ ।**
**ત્યારે ભોઇ કહે ભૂપાળને, આ નવો કરેછે એમ ॥**

ત્યારે સેવકો બોલ્યા, ''અન્નદાતા અમે તો સરખા ચાલીએ છીએ. ધ્યાન પૂર્વક તમને આંચકો ન લાગે તેમ પણ આ નવો માણસ ગાંડા જેવો છે, તે ક્યારેક દોડે, ક્યારેક કૂદકો ભરે અને ક્યારેક ઊભો રહી જાય છે.



એમાં અમે શું કરીએ. રાજાના ક્રોધનો પાર નથી. ખીજાઇને પાલખીમાંથી બેઠાં બેઠાં પગ બહાર કાઢી ભરતજીના ખભામાં જોરથી લાત મારી, અરે પાગલ જીવતો છતાં મુઆ જેવો છે. તને ભાન નથી, સરખું ચાલતાં આવડતું નથી. હું સમ્રાટ રાજા છું. તને સજા કરીશ, ત્યારે સીધો થઇશ.

ભરતજી કાંઇ બોલતા નથી. ભરતજીના નિયમ હતા. એક, કોઇથી ઝાઝું બોલવું નહિ. બીજું ચાર હાથથી છેટી નજર કરવી નહિ. નીચું જોઇને ચાલે. કીડીનું મોટું દર આવ્યું તેથી મોટો કૂદકો માર્યો. પાલખી ઉથલી પડી. રાજા પડી ગયો. સેવકો મંડ્યા ધ્રૂજવા. રાજા ક્રોધ કરીને ભરતજીને મારવા તૈયાર થયો. એય તું કોણ છે ? ચાલતાં નથી આવડતું. સજા કરીશ, તારી મજા ઉડાડી દઇશ. ત્યારે ખબર પડશે. માર ખાઇશ ત્યારે તારી ચાલ સુધરશે. ખૂબ અપમાન કરી તિરસ્કાર કરે છે. ફાવે તેવું બોલે છે. ખૂબ બોલ્યો... બોલી બોલી થાક્યો...

ત્યારે ભરતજીને વિચાર થયો કે મેં રાજાની પાલખી ઉપાડી છે. તેથી મારે તેનું કલ્યાણ કરવું પડશે. તેથી ધીરેથી શાન્તસ્વાભાવે બોલ્યા.. આપ કેટલે સુધી જાઓ છો ?? જ્ઞાન મેળવવા જાઉં છું. અરે જ્ઞાન મેળવવું હોય તો બીજાને માથે ભાર ઉપડાવીને કોઇના ઋણી બનીને જવાય નહિ. નમ્ર બનીને જવાય.

**અવળાઇ જે મારા અંગની, તે કહું હું સર્વે તુજને ।**
**તેં જેજે કહ્યું તારી જીભથી, તેનું નથી દુઃખ કાંઇ મુજને ॥**
**તેં કહ્યું જોઇ આ તનને, તેહ નથી આત્મામાં એક ।**
**દેહદર્શી તો એમજ દેખે, જેને નથી અંતરે વિવેક ॥**

ભરતજી કહે છે, આત્માને કાંઇ સુખ કે દુઃખ નથી.. આત્મા તો આનંદરૂપ છે. તમે કહો છો કે તું જીવતો છતાં મરેલા જેવો છે. મને આખું જગત જીવતે મુઆ જેવુંજ લાગે છે. આજે છે ને આવતી કાલે નથી. રાજા ! તું કહે છે કે તને મારીશ.. તો આ શરીરથી હું જુદો છું. શરીરને મારવાથી મારી ચાલ સુધરશે નહિ. મેં બ્રહ્મદૃષ્ટિ સ્થિર કરી છે. જીવ હિંસા ન થાય એટલે હું કૂદકો મારતો હતો. પાગલને મારવાથી કોઇ ડાહ્યો થતો નથી. ડાહ્યા થતા હોય તો જગતમાં કોઇ પાગલ રહે નહિ.

**ત્યારે પૂછ્યું રાયે પિછાન પડી, લાગ્યા પાય પ્રણિપત કરી ।**
**ક્ષમા કરજો અપરાધ મારા, એમ કહ્યું અતિ કરગરી ॥**

રહુગણ રાજા જોતા રહી ગયા. આ કોઇ સાધારણ માનવી નથી. પણ ગાંડાના

વેશમાં કોઇ જ્ઞાની મહાત્માજી છે ! વેશ કદાચ છુપો રહેશે પણ વાણી પરથી ઓળખાઇ જાય. રહુગણ રાજા એ ભરતજીના ચરણમાં માથું ઝૂકાવ્યું. ભરતજીએ બાથમાં લઇને ઊભા કર્યા. ત્યાં રાજાની નજર ભરતજીના ખંભે રહેલી જનોઇ પર પડી. રાજા રડી પડ્યા. આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. હે મહાત્માજી ! મને માફ કરો ! મેં ગાય જેવા પવિત્ર સંતના ખભા ઉપર ભાર ઉપડાવ્યો... હું એ પાપમાંથી ક્યારે છૂટીશ. ભરતજીએ ધીરજ આપી રાજાને શાંત કર્યા.

**ઉત્તમ સાહિત્ય સદ્‌ગુણોનું સિંચન કરે છે.**

રહુગણ રાજા કહે છે, સેવકો ! તમે પાલખી લઇ જાઓ. હવે મારે કપિલમુનિના આશ્રમમાં નથી જાવું. જીવનભર ભરતજીની પાસે રહીને જ્ઞાન મેળવીને મારા આત્માનું કલ્યાણ કરીશ. ભરતજી ભવાટવીનું જ્ઞાન આપે છે. આ ભવમાં ભૂલવણી છે, ભારે તેમાં ભૂલ્યા નર ને નારી.. સંસાર ભારે આંટી ઘૂંટી વાળો છે. અનેક માણસોનાં જીવન ચક્કરમાં ચડી ગયાં છે. મોટા મોટા શહેરમાં એવા રસ્તા હોય છે કે જો ખ્યાલ ન રાખે તો અંદર ફર્યા જ કરો ! ઊંધે રસ્તે ચડી જાય. તેમ સંસારના અનેક જીવાત્મા ઊંધે રસ્તે ચડી જાય છે. હજુ આરો આવ્યો નથી. ચક્કરમાં ફર્યા જ કરે છે.

ભવજળ તરવા માટે સરળ ઉપાય બીજો કોઇ નથી. દાન, તપ, વ્રત, તીર્થ આ સાધન બધાં બરાબર છે. માણસને સમુદ્ર તરવો હોય અને એમ કહે કે હું તરવૈયો છું. તુબડાં બાંધીને તરી નહિ શકાય. ભગવાનના નામ સ્મરણ અને ધર્મ સહિત ભક્તિ છે તે સીધે સીધું નાવ છે. પેલે પાર પહોંચાડે છે.

**સાચો શ્રીમંત કોણ ?**

જેના રુદયમાં અખંડ ભગવદ્ સ્મરણ ચાલું છે તે સાચી હકીકતમાં શ્રીમંત છે. ભજન સ્મરણ કથા કીર્તન અને જ્ઞાન જીવનમાં વધતાં જાય તો માયા દૂર થતી જાય. અને વૈરાગ્યવૃત્તિ જાગૃત થાય છે. જીવાત્મામાં અપાર બળ રહ્યું છે. પણ માયાના આવરણથી દબાઇ જાય છે. મનને વારંવાર સમજાવો કે આ જગત મિથ્યા છે. જેને આપણાં માનીએ છીએ, એ આપણી સાથે આવશે નહિ. અંત સમે કોઇ સહાય નહિ કરે. આવી રીતે વારંવાર મનને સમજાવતા રહેશો તો મન સંસારમાં ચોટશે નહિ. વિગેરે ખૂબ ઉપદેશ આપ્યો છે. રહુગણ રાજાને મોક્ષનો માર્ગ બતાવ્યો.

**એના જેવું થાય આપણે, ત્યારે પડે પૂરી પિછાન ।**
**ખરા ખોટાની ખબર ખરી, નકી જણાયે નિદાન ॥**



નિષ્કુળાનંદ સ્વામી કહે છે. જડભરતજીના જેવી ધીરજી રાખવી. વાતની વાતમાં અકળાઇ જવું નહિ, જીવનમાં સુખ શાન્તિ જોઇતી હોય તો ક્ષમા આપતાં શીખવું. ક્ષમા એટલે શું ? જતું કરી દેવું. એને ક્ષમા કહેવાય. ગમે તેટલા ગુન્હા કર્યા હોય, અભાવ લીધો હોય. છતાં તેને માફી આપી દેવી તેને કહેવાય ક્ષમા.

**યજ્ઞવાન કરતાં ક્ષમાવાન ઉત્તમ છે.**

કોઇનો વાંક હોય તો ક્ષમા આપતાં શીખજો. વાતને પકડી ન રાખજો, આપણા સંપ્રદાયનો પાયો સહનશીલતા ઉપર રચાયેલો છે. દુઃખનો નાશ કરવામાં ક્ષમા છે તે ખડગ છે. માણસ સમજે કે જતુ કરીએ તો વટ જાય. પણ ઊંડાણમાંથી વિચારજો... જતુ કરીએ તો વટ જાય નહિ પણ વટ રહી જાય. ધીરજ રાખે તો સુખી થાય.

**ભાદે વડ ભિંડો તડોવડય છે, સામુ વડથી વધે છે વશેક ।**
**નિષ્કુલાનંદ નમૂળિયાંની, અંતે ટકે નહિ ટેક ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે ભાદરવાના ભીંડા જેવું ન થવું. પણ વડના વૃક્ષ જેવા મજબૂત થાવું, શ્રાવણ મહિનામાં ભીંડાનો છોડ ફાલ્યો ફુલ્યો હોય ને ભાદરવો આવે ત્યારે કરમાઇ જાય. પણ વટવૃક્ષ તો હજારો વર્ષ સુધી સ્થિર રહે છે. પ્રભુનો મારગ વિકટ છે. ભવ બ્રહ્માના જીવનમાં ભૂલ આવી ગઇ છે. અંતરશત્રૂ આગળ હારી ગયા છે. ભગવાનના ધામમાં જાવું હાય, પરમ સુખિયા થવું હોય, તેને હમેશાં શ્રેષ્ઠ સાચા જ્ઞાની સંતોનો યોગ રાખવો. નિષ્કુળાનંદ સ્વામીના આવા જોરદાર ગ્રંથનો અભ્યાસ રાખવો.

શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, અમારે તો ભગવાનની કથા કીર્તન કે વાર્તા કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઇ કાળે તૃપ્તિ થતીજ નથી ને તમારે પણ સર્વેને એવી રીતે વર્તવું.

**સાચા ભક્તની કસોટી**

પંજાબદેશના રણજીતસિંહ રાજા હતા. એના રાજ્યમાં પ્રજા સુખી સમૃદ્ધ.. ન્યાયપ્રિય અને ઉદ્યમશીલ હતી. રણજીતસિંહ રાજા સત્યવાદી દયાળુ અને ધર્મવાન ઉદાર દિલના હતા. અવાર નવાર રાજયમાં પ્રજાજનોની લોક અને રાજય મુલાકાતે જતા અને લોકોનાં દુઃખ દારિદ્રયને ટાળતા અને પ્રજાને ધર્મમાં વર્તાવતા. રાજાએ નગરમાં જાહેરાત કરાવી કે મારા રાજયમાં પ્રભુના ભક્ત હોય, પૂજા-પાઠ-તિલક ચાંદલો, પ્રભુના મંત્ર જાપ વગેરે સત્કર્મ કરતા હોય એકાદશીનું વ્રત કરતા હોય એવા

ધર્મશીલ તેમની પાસેથી ધરતીનું ખેતવાડી વિગેરેના મહેસુલના પૈસા લેવા નહીં. મહેસુલ માફ..

આવું સાંભળી અનેક માણસો એમ કહેતા કે અમે ભગવાનના ભક્ત છીએ. અભક્ત હોય તે પણ ભક્ત છીએ આવું બોલે.. જેથી પૈસા ભરવા પડે નહિ. આવી રીતે દશ વરસ સુધી ચાલ્યું. રાજ્યના કોઠારમાં પૈસા આવતા બંધ થયા, આવક બંધ થઇ ગઇ. દીવાન વિચાર કરતા થઇ ગયા. આ પ્રમાણે ચાલશે તો રાજ્યનો વહિવટ કેમ નભશે. આગળ જતાં ખતરો થશે. તેથી કાંઇક યુક્તિ કરવી જોઇએ.

દીવાનજી ચતુર હતા. તેણે રાજાને વાત કરી.. આપણે પરીક્ષા કરીએ કે કેટલા માણસો સાચા ભક્ત છે. સાચા ખરેખરા ભક્તજનના મહેસુલ માફ અને જે ભક્તના બાને પૈસા નથી ભરતા તેની ખાત્રી કરશું ત્યારે ખબર પડશે. અમે ભક્ત છીએ એમ કહેવાથી ભક્ત થઇ જવાતું નથી. ભગવાનમાં દ્રઢ શ્રદ્ધા અને અચળ ટેક જોઇએ. રાજાએ કહ્યું, સાચી વાત છે. કરો પરીક્ષા.

દીવાનજીએ જાહેરાત કરી જે મહેસુલના પૈસા રાજ્યમાં ભરતા નથી તે બધા ભક્તજનો આજે રાજ્ય કચેરીમાં આવજો. હજારો મણસોની લાઇન લાગી ગઇ, પછી એક રૂમમાં શેલડી પીલવાનો ચીચુડો રાખ્યો. (કાળીંગાં) તરબુચ પીલાય. તેનું લાલ પાણી બહાર પાઇપ દ્વારા એક મોટા વાસણમાં પડે.

દીવાનજીએ માણસોને કહ્યું, સાચા ભકતજન હોય તે ચીચુડામાં પિલાવા તૈયાર થઈ જાવ.. ભકતજન પિલાય છે તેનું આ લોહી નીકળે છે ચાલો અંદર આવો..... કોણ છે ચીચુડામાં પિલાવા તૈયાર ? ?... જલદી લાઈનમાં ઊભી જાવ... આવું સાંભળી સૌ સ્તબધ થઈ ગયા...વિચાર કરતા થઈ ગયા...હવે શું કરવું ...જે ચીચુડામાં પિલાશે તેના પૈસા માફ થશે... કોઈ તૈયાર થતું નથી... પિલાવા કરતાં પૈસા ભરવા સારા... પૈસા ભરશું પણ ચીચુડામાં પિલાશું નહિ... સૌ એક સાથે બોલી ઉઠ્યા..અમે પૈસા ભરશું પણ પિલાશું નહિ...અમે ભકત નથી....

બે માણસો પરમ એકાંતિક ભકત હતા. તેણે કહ્યું, અમને ચીચુડામાં પીલવા હોય તો પીલી નાખો... પણ અમે ભગવાનના ભકત છીએ તે અમે નહિ કહીએ ભગવાનના ભકત નથી... ભગવાનતો અમારા દેહના અને જીવના ધણી છે. શિરને સાટે અમે એમની શરણાગતિ લીધલ છે. હવે તમે જેમ કરો તેમ...સિપાઈ તે બે ભકતને ઓરડામાં હાથ ઝાલીને લઈ આવ્યા..અલ્યા જાણી જોઈને શા માટે મરવા



તૈયાર થયા છો ? કહી દો ને અમે ભકત નથી.. તો મરતાં બચી જશો.

ભક્ત બોલ્યો... અમને પાછા હટાવવાની કોશિશ છોડી દો..અમારો અચલ સિધ્ધાંત છે. અમે પ્રભુના ભકત છીએ. તમારે જેમ કરવું હોય તેમ કરી લ્યો.. આ જીભથી અમે નહિ બોલીયે જે અમે ભગવાનના ભક્ત નથી.. પતિવ્રતા સતિ નારી પતિ સાથે પરણી જાય પછી કોઈ દિવસ એમ ન બોલે કે આ મારો પતિ નથી...રાજા ગાદી પર બેઠા બેઠા આ વાત સાંભળે છે. તરત ઊઠીને તે બે ભકતરાજને બાથમાં લઈને મળ્યા...પુષ્પનો હાર પહેરાવી રાજીપો વ્યકત કર્યો...અને કહ્યું, તમે પરીક્ષામાં પાસ થયા..તમે સાચા ભક્ત છો...

તમે ખરેખરા ભક્ત છો...તમારે ચિચૂડામાં પિલાવાનું નથી...તમારી અચળ ટેક અને શ્રધ્ધા જોઈને અમે જાહેરાત કરીએ છીએ. તમારું જિંદગીભર મહેસુલ માફ છે...અને જે સાચા ભક્ત નથી, તેમણે દશ વરસના પૈસા જે નથી ભર્યા ...તે સરકારમાં ભરપાઈ કરી જાય...

## બળવાન વ્યકિત ભગવાનના માર્ગે ચાલી શકે છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભક્તિરૂપી છોડને બહુ સાચવવો જોઈએ. નાનો છોડ રસ્તામાં વાવે તો ચારે બાજુ વાડ કરે તો છોડને કોઈ ખાઈ જાય નહિ... અને જો વાડ ન કરે તો છોડને કોઈ ખાઈ જાય પછી જયારે છોડ મોટો થાય ઘેઘૂ વૃક્ષ બની જાય એની પાડ જમીનમાં ઉતરી જાય પછી એને બકરાંઅ હેરાન કરતા નથી...એમ પ્રારંભ કાળની ભક્તિમાં સાધનદશામાં રહેલા સાધકે ધર્મનું અવશ્ય પાલન કરવું જોઈએ... તો જ ભક્તિ લાંબી ટકે...

## મક્કમતા હશે તો અક્ષરધામની પ્રાપ્તિ થશે.

ભક્તિ માહાત્મ્ય સહિત હોય એવી અચળ ભક્તિમાં કોઈ વિઘ્ન આવતું નથી, માહાત્મ્ય વિનાની ભક્તિ વીજળીના જેવી કહેવાય... વીજળી થાય ત્યારે પ્રકાશ જલદીથી થાય અને પાછું અંધારું તરત થઈ જાય...માહાત્મ્ય સહિત ભક્તિ પર્વતપ્રાય લાંબાકાળ સુધી ટકે છે

ભગવાનકી ભક્તિ ભાવ ઔર શ્રધ્ધાસે કરતે હો...તો ભક્તિ દિવ્ય બન જાતી હૈ...એક જન્મમેં સંસારકા સુખ ન મિલાતા તો કયા હુવા...કરોડો જન્મોમેં આપ સબ લોગોંકો માયાકા સુખ મિલા હૈ...લાખોં જન્મોમેં બહોત મોજ શોખ કીયા હૈ...અબ યે એક આખિરી જન્મમેં પરમાત્માકે ચરનમેં સમર્પિત બન જાય...

## નિર્વિકાર સ્થિતિજ્ઞ શ્રી શુકદેવજી

શુકદેવજી જન્મ સિધ્ધ યોગી હતા. શુકદેવજી તેમની માતાના ગર્ભમાં બાર વર્ષો સુધી રહયા. પિતા વ્યાસજીએ કહ્યું, દીકરા ! તારી માતાને તું બહુ દુઃખી કરે છે. આજે બાર વરસ થયાં તારી માતાને ભાર સહન કરવો પડે છે. માટે જન્મ ધારણ કરો અને માતાને દુઃખથી મુક્ત કરો. શુકદેવજી ગર્ભ માંથી બોલ્યા.. મારી માતાને પૂછો મારો ફુલ જેટલો પણ વજન સહન કરવો પડતો નથી. તો જન્મ ન લેવાનું કારણ શું છે ?. પિતાજી મને માયાની બીક લાગે છે. હું ઉદર બહાર આવીશને મને માયા જગતના પ્રલોભનમાં ખેંચી જાશે તો!.. માયા ભલભલાને ગોથાં ખવડાવે છે. દુઃખી કરે છે.

વિચારવા જેવી કથા છે...શુકદેવજીને માયાની બીક લાગે છે ને આપણને માયામાં મઝા આવે છે,. પિતાજી !..તમે માયાને ખેંચી લ્યો તો મારી માતાના ઉદરથી બહાર આવીશ. વ્યાસજીએ એક સેકંડ માયા ખેંચી ત્યારે શુકદેવજીએ જન્મ ધારણ કર્યો...તેની સાથે નવલાખ જીવાત્માઓ જન્મ ધારણ કરી ચૂકયા... તેને માયા અડી નહિ... તેથી તે જંગલમાં એક પર્વત ઉપર તપશ્ચર્યા કરવા લાગ્યા... નવલાખ યોગીએ જયાં તપ કર્યું ત સ્થળનું નામ છે નવલખો પર્વત.

**માયા પરમાત્માના બળથી જીતાય છે આપ બળે જીતાતી નથી.**

શુકદેવજીની પૂર્ણ નિર્વિકાર સ્થિતિ છે. સીધા વન તરફ પ્રયાણ કર્યું.. પિતા વ્યાસજી.. સાદ પાડયો હે પુત્ર પાછા વળો...બૂમો પાડતા પાડતા શુકદેવજીની પાછળ પાછળ જાય છે...ત્યારે વૃક્ષો દ્વારા શુકદેવજીએ જવાબ આપ્યો... વૃક્ષોમાંથી અવાજ આવ્યો, હે પિતાજી ! મારી પાછળ દોડો નહિ... પણ પ્રભુમાં મન રાખી હરિ સ્મરણ કરો... વ્યારજી કહે છે. હે દીકરા !... જો તું યોગી થા ... તો રાજા જનક પાસે જાજે ... ને એમની પાસેથી જ્ઞાન મેળવી એમનો ગુરુ તરીકે સ્વીકાર કરજે... શાસ્ત્રોમાં લખ્યું છે કે ગુરુ વિના જ્ઞાન વિના મુક્તિ થતી નથી.

શુકદેવજી મહારાજ રાજા પરીક્ષિતનો મોક્ષ કરવા તેની પાસે અલમસ્ત થઈ ચાલ્યા આવે છે, મુખમાં પ્રભુનું નામ જપે છે.

**ટેક એક નેક શુકજીની સારીજી, મતિ અતિ મોટી સૌને સુખકારીજી**
**ગજપુર આવ્યા રાય પાસે વિચારીજી, પંથમાં પીડા પામ્યા મુનિ ભારીજી**

ગજપુર એટલે હસ્તિનાપુરમાં પરીક્ષિતરાજાનું કલ્યાણ કરવા આવી રહ્યા છે... પૂર્ણ નિર્વિકાર સ્થિતિ છે...



**ભારે પીડા પામ્યા પરથી, કરી બહુબહુ ઉપહાસ ।**
**ઉન્મત્ત જાણી કહે કઠણ વાણી, ડરાવે દેખાડી ત્રાસ ॥**

શુકદેવજી ઉપર કોઈ ધૂળ ઉડાડે, કોઈ કચરો ફેંકે, કોઈ ગાંડો જાય ગાંડો જાય એમ કહી પથરા ફેંકે છે... પણ શુકદેવજી કાંઈ પણ બોલતા નથી શ્વાસો શ્વાસ ૐ નારાયણાય... ૐ શ્રી નારાયણાય નમઃ જપ કરતા ચાલ્યા જાય છે. આવા બ્રહ્મનિષ્ઠ સંતને જગતના જીવ કયાંથી ઓળખી શકે.. કે આ દિવ્ય મુક્તાત્મા સંત છે. આ જગતની અંદર સાચા સંતોને ઓળખવા માટે દિવ્ય દ્દષ્ટિ જોઈએ...

કોઈક ઉન્મત્ત યુવાનીયા લાકડીના ગોદા પણ ભરાવે છે... કિકિયારી કરી મશ્કરી કરે છે... પણ ધન્ય છે શુકદેવજીની ધીરજને.

**સદ્‌ગુણોની ચાવી પ્રભુની ભક્તિ છે.**

શુકદેવજી આંખ ઊંચી કરી જોતા નથી,... દુનિયા તણા દો રંગના ધોખા હ્રદે ધરશો નહિ... તે આજે હાર પહેરાવે ને કાલે નિંદા કરી અપમાન પણ કરશે... દુનિયા દો રંગી છે... કયારે ધક્કો દે કાંઈ નક્કી નહિ...

**કોઇક નાખે ગોબર ઠોબર, પેશાબ ઇંટ પાણા કઇ ।**
**કોઇક સંચારે છે સરિયા, પાપી નર પૂઠ્યમાં લઇ ॥**
**કોઇક તાડે તાળી પાડે, પમાડે દુઃખ વિમુખ ઘણું ।**
**શોક હરખ તેનો શુકજીને, નથી અંતરની માંય અણું ॥**

કોઈક અબુજ માણસો કાદવ કીચડ ફેંકે છે શુકદેવજી ઉપર... કોઈક માણસ તાળી પાડીને... ગાંડો આવ્યો... ગાંડો આવ્યો કહીને રાડો પાડે છે, કોઈક નિર્દય સરિયો લઈ શુકદેવજીના વાંસામાં મારે છે... છતાં કાંઈ પણ બોલતા નથી... ધીર ગંભીર થઈ હરિ સ્મરણ કરે છે... શુકદેવજી સામાન્ય યોગી નથી ... જો પાપી સામે નજર કરે તો બળીને ભસ્મ થઈ જાય... અપમાન કરનારનું મનમાં કલ્યાણ ઈચ્છે છે. હે પ્રભુ ! મને જે મારે છે તેને તમે સદ્‌બુધ્ધિ આપજો... ધીરજશાળી સૌને ગમે છે.

જ્યારથી સૃષ્ટિ સરજાઈ છે ત્યારથી જગત અને ભગતનો મેળ બેઠો જ નથી... ઈર્ષાળુ માણસોને ઈર્ષા રહ્યા જ કરે છે... પણ ધ્યાન રાખજો ભગવોનના ભક્તને હેરાન કરે છે... તો પોતે હેરાન થઈ જાય છે. ભક્તને કાંઈ આંચ આવતી નથી, સાચા સંતને ગમે તેટલા હેરાન કરે, છતાં હરિભક્તને હૈયે હોય નહિ... જે દુઃખ દેતલને દુઃખ થાય એવો સંકલ્પ પણ કરતા નથી...

**કે'તા નથી તેનું કોઇને, જાણી જક્તના જીવ અજાણ ।**
**એવા થકા આવ્યા નરેશ પાસે, કર્યું રાજાનું કલ્યાણ ॥**

શુકદેવજી દરિયા જેવા ગુણગંભીર છે... ચંદનને જેમ ઘસે તેમ સુગંધની ફોર છૂટે... શેરડીને જેમ પીલે તેમ વધારે મીઠો રસ મળે, તેમ પ્રભુના લાડીલા સંતોને કોઈ અજ્ઞાની માણસ દુઃખી કરે તો તે કષ્ટ આપનારનું પણ ભલુ ઈચ્છે છે... ધીર ગંભીર સંતોના આખ્યાન પ્રેરણાદાયક છે...

**મીઠી વાણી શાંત અંતઃકરણનો પડઘો છે.**

બીજાના અપરાધો સહન કરે તેનું નામ તિતિક્ષા... ધીરજતા ધર્મ નિયમના પાલનમાં એક મહાન સહાયક બને છે. ધારેલા લક્ષ્ય સુધી પહોંચી શકે છે.

આગે વ્યાસને આપ્યો જેણે, ઉત્તર જન વનમાં રહી ।
આવરણ રહિત આત્મદર્શી, એવા સમર્થ શુકજી સહી ॥

શુકદેવજી આત્મદર્શી છે, દેહદર્શી નથી. વિરક્ત પણે વર્તે છે. વ્યાસજીએ અઢાર હજાર શ્લોકોની શ્રીમદ્ ભાગવત શાસ્ત્રની રચના કરી... પણ ચિંતા થાય છે કે મેં શાસ્ત્રતો બનાવ્યું, પણ પ્રચાર કોણ કરશે. જન્મથી જેને માયાનો સંસર્ગ ન થયો હોય એજ શાસ્ત્રનો પ્રચાર કરી શકશે... બહુ વિચારને અંતે વ્યાસજીએ નક્કી કર્યું કે પુત્ર શુકદેવજી પૂર્ણ નિર્વિકારી છે... રંભા અપ્સરા પણ ચલાયમાન કરી શકી નહિ... પણ તે હાલ વનમાં તપ કરે છે... બ્રહ્મચિંતનમાં લીન છે...

શુકદેવજીને વનમાંથી આંહી કોણ લાવશે ??... વનમાંથી આવે તો મારા આશ્રમમાં બેસીને હું ભાગવત શાસ્ત્ર ભણાવું... પછી વ્યાસજીએ પોતાના શિષ્યોને કહ્યું, "તમે વનમાં શુકદેવજી જ્યાં તપ કરતા હોય ત્યાં જાવ... શિષ્યોને બોલ્યા અમને હિંસક જાનવરોની બીક લાગે છે!... વ્યાસજીએ કહયું, " હું તમને શ્લોક આપું છું. તે તમે બોલશો તો જાનવરો શાંત થઈ જશે... તમને કાંઈ નહિ કરે. અંતરમાં ભગવાનું ધ્યાન કરતા કરતા આ શ્લોક બોલજો..

**બ્રર્હાપીડં નટવરવપુઃ કર્ણયોઃ કર્ણીકારં,**
**બિભ્રદ્વાસઃ કનકકપિશં વૈજ્યન્તીં ચ માલમ્ ।**
**રન્ધ્રાન્ વેણોરધરસુધયા પૂરયન્ ગોપવૃન્દૈઃ,**
**વૃન્દારણ્યં સ્વપદરમણં પ્રાવિશદ્ ગીતકીર્તિઃ ॥**



વ્યાસજીએ કહ્યું, "આવા શ્લોક બોલશો તો હિંસક પ્રાણી સ્થિર થઈને વેર વૃત્તિ ભૂલીને શાંત થઈ જશે.. શિષ્યો વનમાં આવ્યા.. ભગવાનને અંતરમાં ધારીને શ્લોક બોલે છે.. સંસ્કૃત ભાષા મધુર ભાષા છે.. દેવ ભાષા છે.. જ્યાં શુકદેવજીએ શ્લોકનો મધુર મનોહર અવાજ સાંભળ્યો... કોણ બોલે છે? નજીક ગયા.. પૂછ્યું.. આપ કોણ છો ?? અમે વ્યાસજીના શિષ્યો છીએ. તમને આવા મધુર શ્લોક કોણે શીખવ્યા છે ?? અમારા ગુરુ વ્યાસજીએ શીખવ્યા છે.. આવા કેટલા શ્લોક છે ? આવા તો અઢાર હજાર શ્લોક છે.

ઓ...હો.. વ્યાસજી તો મારા પિતા થાય છે. મારે પણ આવા મધુર શ્લોકથી પ્રભુના ગુણ ગાવા છે. તરત રવાના થઈ ગયા. બાર વરસ પછી પિતા પુત્રનું મિલન થયું. વ્યાસજીએ પુત્રને છાતી સરસા ચાંપીને કહ્યું, ભલે દીકરા તમે આંહી આવ્યા. મારી ચિંતા દૂર થઈ. પછી શુકદેવજીને અઢાર અજાર શ્લોક ભણાવ્યા. થોડા સમયમાં બધી વિદ્યા ભણી લીધી. પૂર્વના મુક્તાત્મા જીવને કાંઈ ભણવું પડે !! પછી તે શ્રીમદ્ ભાગવતની કથા નૈમિશારણ્ય ક્ષેત્રના કિનારે રાજા પરીક્ષિતને સંભળાવી તેમને મોક્ષ ગતિ આપી છે.

**સમર્થ પણ એ સર્વે સહ્યું, અસમર્થ સહે તેનું શું કહિએ ।**
**આજે તપાસો આપણું, એના જેવા નથી કે છઇએ ।**

નિષ્કુળાનંદસ્વામી સાધુ સમાજને સાવધાન રહેવાની વાત કરે છે. સાધુને શુકદેવજી જડભરત જેવા થાવું. મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી જેવા થાવું માયા ગાફલને મારે છે. સાવધાનને માયા મારતી નથી, વર્તમાનકાળ સુધરશે તો ભવિષ્ય ચોક્કસ સુધરવાનું જ છે. આળસ તજીને જીવનમાં કલ્યાણનાં પુષ્પો ખીલાવો. આ જગતની અંદર માણસો લગભગ રોદણાં કાઢી રોતા હોય છે. રાડ બંધ થતી જ નથી. સાચું સંતત્વ ન આપ્યું હોય તો સંત પણ રડે. વિવેક વિન સૌ દુઃખિયા. વિવેક હીન અને અહંકારી દુઃખી થયા છે. જીવનમાં વિવેક વિનય અને સમજણ જરુર રાખવી. ઘણે ભાગે અતિ સુખ સંપત્તિમાં કોઈને ભગવાન મળ્યા નથી, અતિ દુઃખમાં વિપત્તિમાં ભગવાનનાં દર્શન થયા છે.

**ભકતની રીત જો ભક્તમાં, જન જાણો જોઇએ જરૂર ।**
**પોતાની રીત પરહરી પરી, હરિદાસ ન કરવી દૂર ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, સત્સંગમાં આવે ત્યારે કેટલો બધો નિર્માની સ્વભાવ

હોય, દીન આધિન હોય, મનમાં એવી ભાવના હોય મને જેમ વઢીને કહેશે તેમ હું ગુણ લઈશ દાસનો દાસ થઈને સેવા કરીશ. સંતોને ભાવથી નમતા રહેશું... મોટા થયા પછી એની સદ્‌ભાવના નાશ થતી જાય, દાસ થવાને બદલે વડીલ સંતોને નમાવવા માંગે... સત્સંગમાં આવ્યા પછી આવું થાય તો બહુ મોટી જબરી ખોટ છે..

**બહાર વૃત્તિના કારણે અંતર ડોળાઈ જાય છે.**

જબરી ખોટ આવી ગઈ... તે વિષે એક સરસ વાત છે... એક નથ્થુ ભક્ત હતા... ખેતીવાડીનો ધંધો કરે... સત્સંગ સમૈયામાં ચાલીને પહોંચી જાય ત્યાં કથા સાંભળે... બે ભજન કીર્તન ગાય પછી સાંજે ઘેર આવે, શ્રધ્ધા ભાવ પૂર્વક ભક્તિ કરે... સ્થિતિ બહુ ગરીબ...આજીવિકામાં ખેંચ પડે...તેથી સાદાઈથી ઘરનો નિર્વાહ કરે ચલાવે...છતાં કયારેક જમ્યા વિના રહી જાય.

એક વખત શ્રીજીમહારાજ સંતો ભક્તોની સાથે તેના ગામના ઝાંપે પધાર્યા ખબર પડી. દોડતા નથ્થુભાઈ આવ્યા શ્રીજીમહારાજના ચરણમાં લાકડીની પેઠે ઢળી પડ્યા. પછી હાથ જોડીને કહ્યું, પ્રભુ ! મારે ઘેર પધારો ! પ્રભુ ચાલતા થયા... નથ્થુભક્તનો પ્રેમ ઉભરાયો તરત શ્રીજીમહારાજને પોતાના ખંભે બેસાડી દીધા...નથ્થુભક્ત પ્રેમવિભોર થઈ ગયા... ધન્ય ઘડી ધન્ય અવસર બેસાડી દીધા...નથ્થુભક્ત

**પૂર્વનું પુણ્ય પ્રગટ થયું જ્યારે, સ્વામિનારાયણ મળ્યા ત્યારે**
**નેણે મોહનવર નીરખ્યા જ્યારે, પૂરણકામ થયું મારું ત્યારે**
**પ્રેમે કરી મંદિર પધરાવ્યા, શ્યામ સુંદરવર મનડે ભાવ્યા**

સ્વામિનારાયણ ભગવાનને ઓસરીમાં માંચી ઉપર બેસાડ્યા... પછી ગરમ પાણીથી સ્નાન કરાવ્યું, વસ્ત્ર અલંકાર ધારણ કરાવ્યાં... પછી ચંદન પુષ્પથી પૂજા કરી...આરતી ઉતારી ખૂબ રાજી થયા. રોટલો કેરીનું અથાણુંને છાશ જમવા માટે આપ્યું... શ્રી હરિ થોડું જમ્યા ને પછી સંતોને પ્રસાદ આપ્યો... થોડી વિશ્રાંતિ લીધી પછી નથ્થુભક્ત શ્રી હરિને ખભા ઉપર બેસાડીને દૂર સુધી મૂકવા ગયા... પ્રાર્થના કરી,'' હે પ્રભુ ! બીજી વખત સેવકની ઝૂંપડીએ જરૂર પધારજો અને સેવકની સેવા સ્વીકારજો... આટલું બોલતાં આંખમાં આંસુ આવી ગયાં... પ્રભુએ કહ્યું, ''ચોક્કસ બીજી વખત આવીશું... તમે રડો નહિ..

આગળ જતાં સંતોએ કહ્યું, હે પ્રભુ ! નથ્થુભક્ત ઉપર કૃપાદૃષ્ટિ કરો. વ્યવહાર



સુધરે તો સુખી થાય.. પ્રભુએ કહ્યું, ''પૈસે ટકે સુખી થશે તો અમને ભૂલી જશે.. પૈસાનું અભિમાન ભલભલાને સતાવે છે. પૈસા માણસને અક્કડ બનાવે છે. ગરીબાઈ નમ્રતા લાવે છે. જે છે તે બરાબર છે. સંતોએ કહ્યું, મહારાજ નથ્થુભક્ત સમજણવાળા છે. તે સુખ સંપત્તિમાં પ્રભુ ભૂલી જાય તેવા લાગતા નથી. પ્રભુએ કહ્યું, બહુ સારું ધીમે ધીમે વ્યવહાર સારો થશે.

શ્રીજી મહારાજની કૃપાથી ધન સંપત્તિ વધતી ગઈ. સારો વેપાર ચાલે છે... મોટો આલેસરી બંગલો વીસ પચીસ મજુરો દુકાનમાં કામ કરે. બે ઘોડાગાડી...દશ નોકરો... સુખ સંપત્તિ વધતી ગઈ અને ભક્તિ ભજન ઓછાં થતાં ગયાં... પહેલાં દરરોજ મંદિરે દર્શન કરવા આવતા... હવે એક અઠવાડીયે એક વખત ઘોડાગાડીમાં બેસીને મંદિરે દર્શન કરવા આવે... દરરોજ બે ભજન ગાતા તે હવે બે મીનીટમાં નમસ્કાર કરી ચાલ્યા જાય. અભિમાન મૂકીને પ્રભુ ભજો...

Bnm ego and Devote to god

કપડાં બગડવાની બીકથી દંડવત પ્રણામ કરે નહિ... પહેલાં પૂજા પાઠ કરી ભગવાનનું ધ્યાન કરી માળા ફેરવતા... હવે વાડી..ગાડી..લાડીને પૈસાનું ધ્યાન કરે છે. પહેલાં અંતરમાં ભગવાન રમતા હતા. હવે અંતરમાં માયા રમે છે. પહેલાં સંતો ભક્તોના ગુણ ગાતા હવે દ્રોહ કરે છે. આવી રીતે દશ વરસ સુધી ચાલ્યું... પછી પ્રભુ તેના ગામને ઝાંપે (ભાગોળે) સંતો ભક્તોની સાથે પધાર્યા સવારનો સમય છે, પીપળાના વૃક્ષની છાયામાં બેઠા... સમાચાર મોકલાવ્યા કે નથ્થુભક્ત બોલ્યા, હું નવરો નથી. શ્રીજી અને સંતો નવરા છે. મન ફાવે ત્યારે ચાલ્યા આવે છે.. મારે દુકાને જાવું છે.

**અણસમજણ મતિને ફેરવી નાખે છે.**

જમા ઉધારનું ખાતું લખવું છે. નોકરને કહ્યું,'' પહેલું દુકાનનું કામ કરી લે... બપોર પછી ચાર વાગે જમવાનું ઝાંપે આપવા જાજે... ચાર વાગે નોકર આવ્યો. શ્રીજીમહારાજને કહ્યું,'' લ્યો જમવાનું.. પ્રભુએ કહ્યું, ''નથ્થુભક્ત ન આવ્યા?? નોકર બોલ્યો અમારા શેઠ નવરા નથી... તેણે કહ્યું છે હું નહિ આવું.. તમે જમી લ્યો. પ્રભુએ કહ્યું, હું ભોજનનો ભૂખ્યો નથી. પોતે આંહી આવે... નોકર દોડતો દુકાને આવ્યો... વાત કરી... તમને જાવાનું છે....

નથ્થુભક્ત બોલ્યા,'' હું નવરો નથી... નહિ જાઉં... શ્રીજીમહારાજે અને સંતોએ સાંજ સુધી વાટજોઈ ભૂખ્યા તરસ્યા બેઠા છે. પણ નથ્થુભક્ત આવ્યા નહિ...

શ્રીજીમહારાજે સંતોને કહ્યું, "ઘણી સંપત્તિ શું કામની કે તમને ભગવાન ભૂલાવે... પૈસા કમાવા એ પાપ નથી પણ ભગવાનને ભૂલી જવા એ પાપ છે. ધન સંપત્તિ ભેગી કરવી તે ખરાબ નથી, પણ તમાં આસક્તિ રાખવી તે ખરાબ છે... શ્રીજીમહારાજે કહ્યું, " નથ્થુભક્ત ધંધામાંથી નવરા નથી. તો હવે નવરા થઈ જશે ને મઝા કરશે... શ્રીજીમહારાજ અને સંતો ભૂખ્યા તરસ્યા બીજે ગામ પધાર્યા.

નથ્થુભક્ત... મા-બાપની સેવા...કરતા નથી. ફાવે તેવું વડીલનું અપમાન કરે છે. મા-બાપને દુઃખી કરે છે...રડાવે છે...

**માવતરની આંખમાં બે વખત આંસુ આવે છે.**
**દીકરી ઘર છોડે ત્યારે, અને દીકરો તરછોડે ત્યારે**

વ્યસનમાં ડૂબી ગયો. પૂજા પાઠ આદિક સત્કર્મ છોડી દીધાં... વેપારમાં ખોટ ગઈ, ધીરે ધીરે બે વરસ પછી રાંક જેવો ભીખારી થઈ ગયો. દુકાન, મકાન અને ગાડીઓ વેચાઈ ગયાં... તમામ પૈસા વેડફાઈ ગયા... જમવા માટે રોટલા પણ મળતા નથી, નથ્થુશેઠમાંથી નાથીયો થઈ ગયો. પસ્તાવાનો પાર નથી, રિબાઈ રિબાઈને જિંદગી પસાર કરી... મનુષ્ય જન્મ હારી ગયો ને જમપુરીમાં ધકેલાઈ ગયો...

**નથ્થુશેઠમાંથી નાથીયો થઈ ગયો.**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, ગાંઠનું ખોયું. ગાંઠનું એટલે ?? મૂળિયામાં જે સદવિચાર હતા.. અંખડ હરિભજન કરવું છે.. સંતો ભક્તો ગાયની સેવા કરવી છે... પ્રભુનો રાજીપો મેળવવો છે. આવા સદવિચાર નષ્ટ થઈ ગયા.. આત્માનું કલ્યાણ કરવું હોય તો સત્સંગનો ખપ રાખવો... અને અણસમજણને દૂર કરવી...

શ્રી સ્વામિનારાયણ ભગવાન વચનામૃતમાં કહે છે, અમારે સમજણ વાળા સાથે બને છે. એક શુકદેવજીની પેઠે આત્મારૂપ થઈને પરમેશ્વરનું ભજન કરવું... યાદ રાખજો કે ઝેર કરતાં વધારે સંહારક અણ સમજણ છે.

આગ કરતાં વધારે જલદ અણસમજણ છે.

રાક્ષસ કરતાં વધારે ખતરનાક અણસમજણ છે.

તલવાર કરતાં વધારે ઘાતક અણસમજણ છે.

સિંહ કરતાં વધારે ક્રૂર અણસમજણ છે. કારણ કે આ તમામ પરિબળો જીવાત્માને માટે વધુમાં વધુ મોતનાં જ કારણ ને છે. જ્યારે અણસમજણ (અજ્ઞાન) તો દુર્બુધ્ધિ અને દુર્ગતિનું કારણ બને છે. તેમજ મુક્તિથી વંચિત રાખે છે.



**વેષ લેશ લેવાય નહિ, શાહુકાર નરેશનું સુખ ।**
**બોલી દેશી તો બહુ તેમજ કરે, પણ દામ હુકમનું રહે દુઃખ ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, રાજાના જેવો શાહુકારના જેવો દીવાન, પ્રધાન અને મંત્રી વિગેરે કર્મચારીના જેવો માણસ વેશ લઈ શકે બોલી શકે ચાલી શકે પણ રાજાનો હુકમ નગરની પ્રજા ઉપર ચાલે તેવો હુકમ કોઈનો ચાલે નહિ...રાજાની જેમ કરોડો ને અબજો રૂપિયા કયાંથી લાવશો? રાજાના જેવી બોલી ને વેશ લઈ શકે પણ દામ હુકમનું રહે દુઃખ. વેશ લેવો એટલે ?? સંત થવું. ભગવી ચુંદડી પહેરવી સરળ છે. પણ શુકદેવજી જેવા ધીરજશાળી ભક્ત થવું અતિ કઠણ છે. શુકદેવજી-પ્રહ્લાદ-ધ્રુવજી વિગેરે ભક્તજનો ના જેવી સહનશક્તિ કયાંથી લાવશો ??...

**લાગણી વગરનું જીવન સુકી ધરતી જેવું છે.**

સ્વામી કહે છે...આવા ધીરજાખ્યાન શાસ્ત્રનું વાંચન, શ્રવણ અને મનન કરી જીવનમાં ઉતારશો.. વર્તનમાં લાવશો તો ચોક્કસ ધીરજશક્તિ અને સહન શક્તિ આવશે.. ધીરજ રાખવાની ઔષધિ નિષ્કુળાનંદસ્વામી આપે છે. શાંતિ દરરોજ ધીરજાખ્યાન શાસ્ત્ર વાંચશો તો સ્વભાવ ઠરશે... ને જીવનમાં શાંતિ થશે... નિષ્કુળાનંદસ્વામી દૃષ્ટાંત આપે છે...

**ઓઢી અજીન અંગે સિંહનું, જંબુક કરે જેમ જોર ।**
**નિષ્કુલાનંદ એહ વાતનો, અંતે નહિ આવે નોર ॥**

શિયાળ હોય તે સિંહનું ચામડું ઓઢીને જોર કરે તો શું માણસ ડરી જશે... સિંહનું ચામડું ઓઢવાથી સિંહ થઈ જવાતું નથી... એમ ભક્તિનો વેશ લેવાથી... ભક્તનાં ચિહ્ન (કંઠી...માળા...તિલક) ધારણ કરવાથી ભક્ત થઈ જવાતું નથી... એ માટે તો ઘણી બધી સાધના... અને ધીરજ જોઈએ... શાંત પ્રકૃતિ જોઈએ... વસ્ત્રો બદલી આપણે ભલે સફળ બન્યા હોઈએ પણ મનને બદલવું તો હજી આપણને માટે બાકી છે...

**બ્રહ્મ ચિંતનમાં લીન મહાત્મા નારદજી**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, ભરતખંડના મુખ્ય ભક્ત નારદજી છે.

**વળી કહું ઋષિ નારદ એક નકીજી, જેને પ્રતીત પ્રગટની છે પકીજી**
**આપે જ્ઞાન દાન જનને વિવેકજી, પામ્યા ભવપાર અગણિત એહ થકીજી**

નારદજી પૂર્વાવતારમાં દાસી પુત્ર હતા... સંતોનો યોગ થયો, તેથી તે બીજા જન્મમાં નારદજી થયા. પ્રભુના અખંડ જપ કર્યા જ કરે. પ્રભુના અખંડ જપ કરવાથી મોડા સંત કહેવાય છે. તમામ શાસ્ત્રોમાં તેમનીમ ખ્યાતિ છે. અનેક આત્માઓને જ્ઞાનદાન આપેને ભવસાગરથી પાર કરે. નારદજીના આશ્રમમાં પ્રભુની અખંડ ધૂન્ય ચાલુ રહે છે.

**અગણિત જીવ ઉદ્ધારવા, ફરે સ્વર્ગ મૃત્યું ને પાતાળ ।**
**જ્યાં જ્યાં હોય જીવ જીજ્ઞાસુ, ત્યાં ત્યાં જાય તતકાળ ॥**

નારદજી નારાયણ...નારાયણ જપ કરતા ફરે સ્વર્ગ મૃત્યુને પાતાળ. જીજ્ઞાસુ જીવાત્મા પાસે પહોંચી જાય તતકાળ, અનેક જીવાત્માનો ઉધ્ધાર કરવા ત્રણ લોકમાં ફરતા ફરતા આવ્યા છે. પ્રજાપતિની પાસ, તેના દશ હજાર યુવાન દીકરાઓને મળ્યા, અને ઉપદેશ આપ્યો... કે આ જગતની અંદર ભાગ્યશાળી કોણ ??.. જેણે ભગવાનને ઓળખી લીધા ધર્મ સહિત ભક્તિ કરે તે સાચી હકીકતમાં ભાગ્યશાળી છે.

નારદજી કહે છે, મનુષ્ય શરીર ભોગ ભોગવવા માટે નથી, પણ જીવાત્માની મુક્તિ કરવા માટે છે.. અનંત જન્મોથી આ જીવ આજગતની અંદર જન્મમરણરૂપી ચક્કરમાં ફર્યા કરે છે... નિષ્કામ વ્રતનું પાલન કરીને હરિ સ્મરણ કરો અને મહાસુખ પામો... વિગેરે ખૂબ ઉપદેશ આપ્યો.

**એમ કરતાં આવિયા, નારદ નારાયણ સર ।**
**દીઠા સામટા સહસ્ર દશ, દક્ષ પ્રજાપતિના કુંવર ॥**

દક્ષ પ્રજાપતિના દશ હજાર પુત્રો (કચ્છ) નારાયણ સરોવરના કિનારે તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા.. નારદજી ત્યાં પહોંચી ગયા.. નારદજીએ દશ હજાર યુવાન દીકરાને માયાથી બચાવી લીધા... દશ હજારને દીક્ષા આપી સાધુ કર્યા... નારદજીની નજર ફરતી જ હોય... કોઈ ગુણીયલ દેખાય તો ઉપદેશ આપી ભગવાનની ભગવી ચુંદડી પહેરાવી ભક્તિના રંગે રંગી દે...

દક્ષે કહ્યું, નારદજી ! તમે મારા દીકરાને શા માટે સાધુ કર્યા ??... અમે દીકરા કેમ મોટા કરીએ છીએ તેની તમને ખબર ન પડે !...તૈયાર માલ વાળી લીધો...

**તેને ઉપદેશ આપી કાપી, સંસાર સુખની આશ ।**
**તેહ સાંભળી દક્ષ દિલે, અતિશે થયો ઉદાસ ॥**

પછી દક્ષ પ્રજાપતિએ હજાર પુત્રોને પ્રગટ કર્યા, દીકરા મોટા થયા.. પિતાએ કહ્યું, " લગ્ન કરો ! દીકરાઓ બોલ્યા પહેલાં અમે તપશ્ચર્યા કરશું... પછી લગ્નની



વાત.. દક્ષ બોલ્યા ધ્યાન રાખજો... નારદજી સાધુ થાવાની વાત કરે તો માનજો નહિ... દીકરાઓ નારાયણ સરોવરના કિનારે આવ્યા.. તપ શરૂ કર્યું. ત્યાં નારદજી નારાયણ નારાયણ કરતા પહોંચી ગયા. ઉપદેશ આપતા કહે છે,

**નાશવંત આ દેહ વડેથી અવિનાશી ફળ લેવુંજી**
**પત્રવાલાને જમીને કરીને બહાર ફેંકી દેવુંજી...**

આત્માનો ઉધ્ધાર કરવા માટે ભગવાને આપણને મનુષ્ય જન્મ આપ્યોછે. આ જગતના નાશવંત સુખમાં આનંદ પ્રભુ ભજવામાં છે. આ સંસારમાં પરણે છે તે પસ્તાય છે... અને વાંઢો પણ પસ્તાય છે...

**વિશ્વનાં તમામ સુખ પ્રભુના ચરણોમાં છે.**

માટે સાવધાન થઈ જાવ ને ભક્તિના માર્ગે ચડી જાવ. નારદજીની સમજણમાં બહુ ઊંડું વિજ્ઞાન સમાયેલું છે. ત્યાર પછી એક સહસ્ત્રને, ઉપજાવી મૂકયા એહ સ્થાન, તેને પણ તેના ભાઈના જેવું આપ્યું છે નારદજીએ જ્ઞાન... લક્ષ્મીજી સદાય ભગવાનના ચરણમાં બેસીને સેવા કરે છે... નારદજીના યોગમાં જે આવે તેને વૈરાગ્ય ચડાવી દે... હજાર દીકરા સાધુ થઈ ગયા...

**તે સુણી દક્ષ દિલગીર થયો, આપ્યો નારદજીને શાપ ।**
**મુહૂર્ત ઉપર તમે જ્યાં રહો, ત્યાં મૃત્યું પામજો આપ ॥**

દક્ષ પ્રજાપતિ ખીજાઈ ગયા... જાવ શાપ આપું છું... ગો દોહન માત્ર કયાંક સ્થિર નહિ રહી શકો.. નારદજી ખુશ થયા... કાંઈ વાંધો નહિ... તમારા શાપને શિરોમાન્ય કરૂં છું... ઘણી જગ્યાએ ફરશું ને ઘણા સાધુ કરશું... શાપ ચડાવી શિર ઉપરે આપે છે હજી ઉપદેશ એના જેવો આગ્રહ હરિભક્તને જોઈએ હંમેશ...

નિષ્કુળાનંદસ્વામી કહે છે, તમે સત્સંગ કરોને બીજાને કરાવો... કોઈ અપમાન કરે, અપશબ્દો બોલે... મશ્કરી કરે... તિરસ્કાર કરે, છતાં પ્રભુની ભક્તિ ભજનનો આગ્રહ છોડવો નહિ... અજ્ઞાની જીવાત્માને મોક્ષનો માર્ગ બતાવવો તે અભયદાન કહેવાય છે... મોક્ષના દાતા ભગવાન અને ભગવાનના સાચા સંતો છે... સંતો વિશ્વનું ઢાંકણું છે... સંતો વિશ્વની માતા છે... સંતોથી આપણો સત્સંગ ભર્યો ભર્યો લાગે છે... સંતો ભવસાગરમાં ડૂબતા જીવાત્માને તારનારા છે...

**ચોખે મારગે ચલાવતાં, કોઇને ગમે કે નવ ગમે ।**
**કહ્યામાં કસર ન રાખવી, સુખ દુઃખ સમે વસમે ॥૯॥**

**આળસી ન બેસવું આપણે, હેતે કરવી હરિની વાત ।**
**નિષ્કુલાનંદનો નાથજી, રહે રાજી તે પર દિન રાત ॥**

સ્વામી કહે છે, પોતાના જીવનમાં અને મુમુક્ષુ જીવાત્માના હૈયામાં ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનો દીવો પ્રગટાવવો... પણ આળસ રાખવું નહિ હેતે કરવી હરિની વાત, તેના ઉપર રાજી થાય રળિયાત... મનુષ્ય શરીર ભોગ ભોગવવા માટે નથી... મોક્ષ મેળવવા માટે છે... ઝાડનું થડ કાપી નાખે તો આખું વૃક્ષ સુકાઈ જાય, ભજન ભક્તિ, પૂજા પાઠ, કથા કીર્તન, સત્સંગ સમૈયા કરે તો સત્સંગ લીલો રહે. અને સત્કર્મ કાંઈ કરે નહિ તો, સત્સંગ સૂકાઈ જાય... સંતો પરમહિતકારી છે...

**સાચા સંત અનંત રાજી કર્યા શ્રીહરિ, મેલી મમત તન મન તણી**
**હીમત અતિ મતિમાંય તે આણીને, રતિપતિની લીધી લાજ ઘણી; સાચા.**

ટાયરમાં હવા ન હોય તો કાર (ગાડી) ચાલે નહિ... તેમ જીવનમાં સત્સંગ ન હોય તો ભક્તિ જામે નહિ પ્રભુમાં પ્રેમ થાશે તો સદ્‌ગુણો વધતા જાશે... અને અલૌકિક બળ આવશે, લોઢાને ગરમ કરવાથી નરમ થઈ જાય છે. અને નરમ થઈ ગયા પછી જ આકાર થઈ શકે છે. તેમ આપણું કઠોર હૃદય પ્રભુ પ્રેમથી નરમ થતું જાય છે. ધીરે ધીરે જીંદગી સુધરતી જાય છે અને આત્માનો આનંદ વધતો જાય છે.

### વાલીયા ભીલમાંથી વાલ્મીક ઋષિ થયા

વાલીયો ભીલ મહા પાપી ને નિર્દય હતો. અનેક માણસોને લૂંટીને મારી નાખતો... ધોળે દહાડે જાન લૂંટે... કોઈથી ડરતો નહિ... જેટલી સાડીમાં ભાત તેટલાં વાલીયા લુંટારાનાં પાપ... માંસ ભક્ષણ કરે ને જંગલમાં રખડે... એક વખત ઘાટા જંગલમાં રખડે છે... નારદજી નારાયણ નારાયણ કરતા ચાલ્યા જાય છે.ત્યાં અચાનક વાલીયો લૂંટારો આવ્યો... નારદજીને પકડયા... તારા ખિસ્સામાં જે હોય તે આપી દે... નહિંતર મારી નાખીશ... ગળામાં શું પહેર્યું છે ? કાઢ જોઈએ નારદજી બોલ્યા, ‘‘ગળામાં તો તુલસીની કંઠી છે... અને ઝોળીમાં સાકર સીંગાનો પ્રસાદ છે... લ્યો આ પ્રસાદ જમો!... લુંટારાએ પ્રસાદ ખાધો અને વૃત્તિ જરાક બદલાઈ ગઈ. રોફ કરતો હતો તે નરમ થઈ ગયો...

લુટારો બોલ્યો !... તારી પાસે રૂપિયા કેટલા છે?? નારદજીએ કહ્યું, ‘‘ મારી પાસે પૈસા નથી પણ પરમેશ્વર છે... ભજન કીર્તન ગાવાં એ મારું સાચું નાણું છે... તમને સાચું નાણું જોઈએ તે આપું... નારદજીએ ભજન શરૂ કર્યું... વીણા નાદ શરૂ



કર્યો... વાતાવરણ સૂરથી ગાજી ઉઠ્યું...

**જન્મ ધરીને શું શું કીધું શું શું લીધું ભાતુંજી**
**વહાલાને વિસારી દીધા કીધા બીજી વાતુંજી**
**યમ ધર્મ તે લેખાં લેશે કાઢી તારું ખાતુંજી**
**જોરાવર છે જમના દૂતો તેની ખાશો લાતુંજી**
**હરિ ચરણનું શરણું મેલી મન મેલ્યું અથડાતુંજી**
**દાસ નારાયણ કહે હવે, જમપુરીમાં જાતુંજી**

નારદજી કહે છે,‘‘ ધ્યાન રાખજો પાપનું ફળ દુઃખ છે... પુણ્યનું ફળ સુખ છે... ધર્મરાજા ખાતું તપાસસે કે કેટલું પાપ છે ને કેટલું પુણ્ય છે... પછી તે પ્રમાણે સજા કરશે જમના દૂતો જોરાવર છે. તેની ખાશો લાતુંજી... ઉકળતી કડાઈમાં જેમ ભજિયાં તળાય તેમ ભઠ્ઠીમાં નાખશે... કર્યાં કર્મ ભોગવવાં પડશે. હિંસા કરવી તે મહા પાપ છે... જમના દૂતો બરાબર જેવાં દંડા મારી ધુમાડા કાઢી નાખશે... માટે ચેતી જાય અને પાપથી અટકી જાવ... કોઈને મદદ ન કરી શકીએ તો કાંઈ નહિ... પણ દુઃખી તો ન કરીએ... જીવન ન આપી શકીએ તો કાંઈ નહિ પણ કોઈના જીવનને સમાપ્ત ન કરીએ... પાપમાં કોઈ ભાગીદાર નહિ થાય...

**હસી હસી કર્યાં જેહ પાપ રે... રોઈ રોઈ ભોગવજો આપ રે...**

અત્યારે હસી હસીને પાપ કરે છે... સમય આવશે ત્યારે આકરી સજા ભોગવવી પડશે ત્યારે બહુ કઠણ પડશે... માટે ચેતી જા ને પાપ છોડી દે. વાલીયો લુંટારો બોલ્યો, હું પાપ કરું છું તો અમારા ઘરનાં કુટુંબી ભાગીદાર થશે... મને એકલાને ભોગવવું નહિ પડે... નારદજીએ કહ્યું, તું ઘરે જા... સગાં સંબંધીને પૂછી આવ... પાપમાં ભાગીદાર થાશો!... લૂંટારો બોલ્યો,‘‘ હું ઘરે પૂછવા જાઉંને તમે ભાગી જાવ તો! માટે ચાલો તમને ઝાડ સાથે દોરડાથી બાંધી દઉં... નારદજીને ઝાડ સાથે બાંધી દીધા... લૂંટારો આવ્યો ઘેર... પત્નીને પૂછ્યું, ‘‘ હું લુંટફાટ કરીને માલ મિલકત લઈ આવું છું... તે પાપમાં તમે ભાગીદાર થાશો ને!... ત્યારે તેનાં પત્ની બોલ્યા, અમે શા માટે ભાગીદાર થઈએ ? તમારી ફરજ છે... કંટુંબ પરિવારનું પોષણ કરવું... ન્યાય નીતિથી કમાતા હો તો... શા માટે પાપ કરો છો ? તમારાં કર્યાં તમે ભોગવો...

વાલીયો પાછો જંગલમાં આવ્યો... નારદજીને કહ્યું, ‘‘કોઈ પાપમાં ભાગીદાર થતાં નથી... હવે હું શું કરું ! નારદજી બોલ્યા... મને ઝાડમાં બાંધ્યો છે... છૂટો તો

કર ! વાલીયા લૂંટારે નારદજીને છૂટા કર્યા... સત્યનો માર્ગ પકડી લે ને જીવન સાર્થક કરી લે.. સગાં સંબંધી સૌ સ્વાર્થનાં સગાં છે... સાચા અંતરમાંથી નીકળેલા બોલ પાપીને અસર કરી ગયા... પગે લાગીને કહ્યું, " બાપજી મને સત્ય માર્ગ બતાવો... સંત દર્શનથી બધાં પાપ બળી ગયાં... સંતો લોઢા જેવા પાપી જીવને કંચન જેવા કરે છે... ભરાડીમાંથી ભક્ત બનાવે છે... દુરાચારીમાંથી સદાચારી બનાવે છે...

**જીવનમાં માનસીક શાંતિ મહત્વની છે.**

વાલીયો ભીલ કહે છે, "હવે હું શું.. ભગવાનના નામનો જપ કર... જપ કરવાથી પાપનો નાશ થાય છે અને અંતરમાં જ્ઞાનનો પ્રકાશ પથરાય છે.

**ૐ નમો ભગવતે વાસુદેવાય... ૐ નમો ભગવતે વાસુદેવાય...**

આ મંત્રનો જપ કરજે... વાલીયો બોલ્યો આવડું મોટું નામ મને આવડે નહિ. આવડે...તો...રામ. રામ... નામનો જપ કરજે... સાવ સહેલું છે. વાલીયાએ કહ્યું, "એવું નામ મને બોલતા નહિ ફાવે... અરે ભલા માણસ બે શબ્દ બોલતા નહિ આવડે.. નારદજીને કહ્યું, મરા..મરા..તો આવડશે ને." હા...હા...એ નામ બોલતાં ફાવશે... આખી જીંદગી મેં માણસો માર્યા છે તેથી મરા...મરા બોલીશ... 'ભગવાન તારું કલ્યાણ કરે અને સહાય સદ્‌બુધ્ધિ આપે'... આટલા આશીર્વાદ આપી નારદજી ત્યાંથી ચાલ્યા ગયા અને મોક્ષનો માર્ગ બતાવી ગયા...

વાલીયો... એક જગ્યાએ બેસીને વનમાં.. મરા..મરા..મરા.. નામનો જપ કરે છે... મરા...મરા બોલે તો રામ...રામ થઈ જાય... અંતરમાં શાંતિ થવા લાગી પ્રભુ સ્મરણથી હદયની મલિનતા દૂર થઈ ગઈ... વર્ષો સુધી એક જગ્યાએ બેસીને જપ કર્યા... રાફડા વળી ગયા સમય જતાં વાલીયા લૂંટારામાંથી વાલ્મીક ઋષિ થઈ ગયા... નારદજી જો વાલીયા લૂંટારાને મળ્યા ન હોત તો વાલ્મીક ઋષિ ન બની શકયા હોત... તેથી તુલસીદાસએ વાલ્મીક ઋષિને યાદ કર્યા છે...

**ઉલટા નામ જપત જગ જાના, વાલ્મીક ભયે બ્રહ્મ સમાના**

જપ કરવાથી દેહદશા ભૂલાઈ ગઈ અને બ્રહ્મ ભાવના પ્રગટ થઈ... જગત વિસરાઈ ગયું... મન ભગવાનમાં જપ કરવાથી ચોંટી ગયું... સ્થિરતા આવી ગઈ... દેહ સ્થિર થાય તો મન સ્થિર થાય છે... એક જગ્યાએ બેસીને જપ કરવા તે અતિ કઠણ કામ છે.



**મોક્ષ માર્ગ દોઘયલો છે, મળી જાય તો પળમાં મળી જાય**
**અને ન મળે તો ભવોના ભવો નીકળી જાય.**

પરબ્રહ્મ પરમાત્મામાં સ્નેહ થાય તો જીવન પવિત્ર થાય છે. જાતે ભીલ હોય કે અભણ હોય. સ્ત્રી હોય કે પુરુષ હોય, જે વ્યક્તિ જેટલો પરમાત્મા સાથે એક થાય છે, સન્મુખ થાય છે તેટલો તે દેહાધ્યાસથી દૂર થતા જાય છે અને પરમાત્માની નજીક આવે છે.

**દામ વામ ધામ દીઠાં પણ નવ ગમે, કામ શ્યામ સાથે રાખ્યું છે જેણે ।**
**નામ ઠામ ન પૂછે ગામ ગ્રાસનું રે, આઠું જામ હામ હૈયે રહેછે તેણે; સાચા.**

સાચા સંત આઠો જામ હૈયાના હેતથી... હરિ સ્મરણ કરે છે. જ્ઞાન વૈરાગ્ય સાથે ભક્તિ વધારવા માટે આ ધીરજાખ્યાન ગ્રંથ છે... જ્ઞાન અને વૈરાગ્ય આપણા હદયમાં છે... પણ અજ્ઞાનને કારણે મોહ-મમતાને કારણે ઊંઘી જાય છે. ઊંઘતાં જ્ઞાન અને વૈરાગ્યને જાગૃત કરવા માટે આ કથા છે... મહિમા સહિત અખંડ સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરશો તો જીવનમાં ક્રાંતિ થશે... એવા સંતનો સંગ ઉમંગશું કરિયે તો અભંગ રંગ રૂડો રહે... નિષ્કુળાનંદસ્વામી કહે છે, સાચાના સંગમાં રહો...

ભગવાનનું સ્મરણ મનને ઠારે છે, ભગવાનની વાણી હૈયાને ઠારે છે. ભગવાનની મૂર્તિ આંખને ઠારે છે. ભગવાન સાથે અખંડ સંબંધ રાખવો...

**નિવૃત્તિ ધર્મના આચાર્ય શ્રીસનકાદિકજી**

નિષ્કુળાનંદ સ્વામી સનકાદિકની કથા કહે છે... સનક,સનંદ, સનાતન અને સનત્કુમાર આ ચાર ભાઈઓ સનકાદિક કહેવાય છે. સનકાદિક બ્રહ્માના માનસ પુત્રો છે... બ્રહ્માના મનથી ઉત્પન્ન થયા છે. બ્રહ્માએ સનકાદિકને કહ્યું, "તમે સંસારની વૃધ્ધિ કરો !! પિતાજી અમને સંસાર ગમતો નથી... સંસારના પ્રબળ પ્રવાહમાં જવું નથી... સંસારની અમને સુગ આવે છે... અમારે તો પ્રભુની ભક્તિ કરીને ભગવાનને રાજી કરવા છે... ભગવાનના ગુણ ગાવા છે. સમગ્ર જીવન પરમાત્મા પુરુષોત્તમનારાયણમાં સમર્પિત કરવું છે... સદાય તેમના ચરણમાં રહેવું છે...

**એવા તો સનકાદિક સુજાણજી, વિષયસુખ દુ:ખરૂપ જાણી તજી તાણજી**
**ભજી પ્રભુ પામિયા પદ નિર્વાણજી, એહ વાત સરવે પુરાણે પ્રમાણજી ॥**

સનકાદિક ચારે ભાઈ સાથે જ સંપીને રહે... સંપીને ભજન ભક્તિ કરે...

સનકાદિક ઋષિઓ નિવૃત્તિધર્મના આચાર્ય છે... પૂર્ણ નિર્વિકાર છે... સનકાદિક પોતાના પિતા બ્રહ્માજીને કહે છે, પિતાજી ! જ્યાં અંતરશત્રૂ કામ, ક્રોધ, લોભ, મોહ, માયા, આશા, તૃષ્ણા, કૂડ, કપટ, કાળ, કર્મ હોય નહિ એવી જગ્યા બતાવો. ત્યાં અમારે જાવું છે. શાંતિથી પ્રભુ સ્મરણ કરવું છે.

બ્રહ્માજીએ કહ્યું, " ભગવાનનું વૈકુંઠધામ છે ત્યાં અનંત સંતો-ભક્તોની સાથે સાક્ષાત લક્ષ્મીનારાયણ બિરાજે છે. ત્યાં કામ, ક્રોધ, લોભ, વિગેરે કોઈ અંતરશત્રૂ નથી... ત્યાં જાવ... પણ ગડબડ કરશો નહિ.. સનકાદિક બોલ્યા જેના મનમાં કામ, ક્રોધ, લોભ, ઈર્ષા, હોય તેના મનમાં ગડબડ હોય.. પણ અમારા મનમાં અને આંખમાં ભગવાન રમે છે. તેથી કોઈ પ્રકારની ગડબડ થશે નહિ અમે કામ.. ઉપર વિજય મેળવ્યો છે...

**પુરાણે વાત એહ પરઠી, સનકાદિક સમ નહિ કોય ।**
**વેર કરી વિષયસુખ સાથે, ભજ્યા શ્રીહરિ સોય ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, સનકાદિક વિષય સુખથી પર છે... અષ્ટઆવરણ એમને નડતાં નથી.. અષ્ટઆવરણથી પર છે... સનકાદિક વૈકુંઠધામમાં નારાયણ નારાયણ જપ કરતા કરતા લક્ષ્મીનારાયણ ભગવાનનાં દર્શનની તીવ્ર ઈચ્છાથી દોડતા જાય છે. છ દરવાજાની પાસેથી પસાર થઈ ગયા... વૈકુંઠધામમાં સાત દરવાજા છે. એક એક દ્વારમાં બે બે પાર્ષદોનો પહેરો છે. દ્વારપાળ છે. દર્શનની તીવ્ર આતુરતાથી સાતમા દ્વારે દોડતા આવ્યા... જ્યાં અંદર પ્રવેશ કરવા જાય... ત્યાં દ્વારપાળ જય અને વિજયે લાકડી આડી કરી... અંદર જવા નહિ મળે અમને પૂછતા નથી... રજા લેતા નથી ને સીધા અંદર જાવ છો ??.. થોડી વાર ઊભા રહો !.. સનકાદિકને થોડો આવેશ આવી ગયો.. મગજ ગરમ થઈ ગયો...

**જેનો મગજ વારંવાર છટકે તે, એના માટે જોખમી બાબત છે.**

સનકાદિક ક્રોધથી બોલ્યા અમે ભગવાન નારાયણનાં દર્શન કરવા જાઈએ છીએ ને તમે શા માટે રોકો છો ??.. અમારું અપમાન કરો છો !... જય વિજય પાર્ષદ બોલ્યા અમે તમારું અપમાન કરતા નથી પણ ભગવાનનો હુકમ થાય પછી તમને અંદર પ્રવેશવા દઈએ... ભગવાનની આજ્ઞા લીધા સિવાય તમે કેમ જઈ શકો !...

જ્ઞાની કામ પર વિજય મેળવે છે પણ જો સાવધાની ન રાખે તો ક્રોધ શત્રૂ હુમલો કરશે. સનકાદિક કહે છે, તમે ભગવાનના દ્વારપાળ થઈને અભિમાન કરો



છો... અમને છ દરવાજામાં પ્રવેશ કરતાં કોઈએ રોકવટ કરી નહિ, ને તમે રોકવટ કેમ કરો છો ? વૈષ્ણવો સર્વ ભક્તોમાં સમભાવ રાખે છે. ને તમે વિષમતા કરો છો.. તમે ભગવાનના ધામમાં રહેવા માટે લાયક નથી... જાવ તમને શાપ આપીએ છીએ. તમે રાક્ષસ થાશો... જય વિજય ધ્રૂજી ગયા... વિચાર કરે છે. હવે શું કરવું !!... વંદન કરીને બોલ્યા... અમારી ભૂલને માફ કરો...

તમારા શાપને શિરોમાન્ય કરીએ છીએ પણ એટલી કૃપા કરો... કે રાક્ષસ થયા પછી પુરુષોત્તમ નારાયણનું સતત અમને સ્મરણ રહે... ભગવાન ભૂલાય નહિ... એવી દયા કરો... વૈકુંઠધામમાં આવી રકઝક ચાલે છે. પ્રભુ સાંભળી ગયા. મારા ધામ સુધી સનકાદિક પહોંચી આવ્યા ને ક્રોધ કરે છે... કામ પર વિજય મેળવ્યો છે પણ હજુ એમણે ક્રોધ ઉપર વિજય મેળવ્યો નથી...

**સનકાદિક મારા ધામમાં આવવા લાયક નથી**

પુરુષોત્તમ નારાયણ બહાર દરવાજા પાસે આવ્યા... સનકાદિકને સાક્ષાત પરમાત્માનાં દર્શન થયાં. આનંદ વિભોર બની ગયા... ધન્ય ઘડી ધન્ય અવસર... આજે અમારો જન્મ સફળ થયો... વારંવાર નમસ્કાર કરીને નીરખીને દર્શન કરે છે. ચિત્ત હરિમાં ચોટી ગયું... સનકાદિકને સાચું ભાન આવ્યું... અરે અમે ભગવાનના ધામમાં આવીને ક્રોધ કર્યો... પાર્ષદોને શાપ આપ્યો તે સારું નથી કર્યું... પોતાની ભૂલ પોતાને દેખાય છે... જ્ઞાની ભક્તને પોતાના દોષ દેખાય છે. અજ્ઞાનીને પોતાની ભૂલ કે દોષ દેખાતા નથી. બીજાના દોષ જોવા કરતાં પોતાના દોષ જોતાં શીખવું... પોતાની ભૂલ પોતાને સમજાઈ જાય તો એના જીવનું કલ્યાણ થઈ જાય...

સજ્જન માણસનો ક્રોધ એક ક્ષણ ટકે
સાધારણ માણસનો ક્રોધ બે કલાક સુધી હોય...
નીચ માણસનો ક્રોધ દિવસને રાત સુધી હોય...

મહા પાપી માણસનો ક્રોધ આખી જીંદગી સુધી હોય... મરતાં સુધી હોય છે... ક્રોધનું પહેલું સ્વરૂપ વરતનમાં અક્કડપણું આવે છે. અને અર્ધબળેલ કાષ્ઠની પેઠે ધુંધવાયા કરે... આપણા અંતરમાં તપાસ કરો... આપણો ક્યાં નંબર લાગે છે... સજ્જનમાં કે સાધારણ માણસમાં... જુવો વિચારી ઊંડું અંતરમાં,

સનકાદિક કહે છે, "હે પ્રભુ... અમને સજા કરો ! પ્રભુએ કહ્યું તમે ચિંતા ન કરો ! તમે કાંઈ ભૂલ કરી નથી... તમારા જેવા જ્ઞાની સંતો મને બહુ વહાલા લાગે છે.

તમારા જેવા મહાન સંતમહાત્માનો મારો હાથ અપરાધ કરે તો મારા હાથને કાપી નાખું... તો આ પાર્ષદોની શી વાત છે. ભલે અસુર થઈ જતા...

આપણને મનમાં એમ વિચાર થશે હે હું ભક્તિ કરું છું, તેથી મારામાં ક્રોધ આવતો નથી. તે સાવ ખોટી માન્યતા છે. આપણા મનમાં કામ, ક્રોધ, લોભ વિકારો છે. માનવ સાવધાન થઈ ભક્તિ કરે. ત્યાં સુધી વિકારો દેખાતા નથી.... માનવ થોડો ગાફલ થાય કે અંદરના વિકારો બહાર આવે છે.. જીવનના છેલ્લા શ્વાસ સુધી સાવધાન રહેજો...

સનકાદિકને ક્રોધ ક્યાંથી આવ્યો ?? મનમાં હતો તે જ બહાર આવ્યો. મન ઉપર વિશ્વાસ રાખનારને મન ખાડામાં ઉતારે છે. સાચા સંતો મન ઉપર વિશ્વાસ રાખતા નથી. મન ઉપર ભક્તિનો અકુંશ રાખે છે..

**મંદિરમાં ક્રોધ કરે એને બહુ સજા થાય છે.**

મંદિરમાં ભગવાનની સન્મુખ ક્રોધ ક્યારેય પણ કરવો નહિ. ભગવાન સામે જોરથી બોલવું નહિ. કજિયા કરવા નહિ. બહુ જોરથી બોલો તો ભગવાનને બીક લાગે છે. આ મારામારી કરવા આવ્યો છે કે શું ?? ભગવાન બહુ કોમળ છે... રાજાધિરાજ છે... મંદિરમાં પ્રેમથી બોલો... મધુર બોલો... બધાને પ્રેમથી જુઓ... મંદિરમાં ભગવાનની સન્મુખ ખડખડાટ હસે છે તેને પાપ લાગે છે. મંદિરમાં બહુ સાવધાન રહેવું... મંદિરમાં કરેલા પાપની સજા બહુ મોટી થાય છે... વાણીને ઘીની જેમ વાપરો... દ્રોહ કરવો નહિ...

સનકાદિકને પસ્તાવો થાય છે. બે હાથ જોડી કહે છે, "હે પ્રભુ ! અમારો શાપ મિથ્યા કરી નાખો. ભગવાન બોલ્યા. ત્રણ જન્મ સુધી એ અસુર થશે. પછી વૈકુંઠધામને દરવાજે પાછા પાર્ષદ થઈને દ્વારપાળ તરીકે સેવા કરશે. પછી જય વિજય ત્રણ જન્મ સુધી અસુર થયા. પહેલા જન્મમાં હિરણ્યાક્ષ અને હિરણ્યકશ્યપુ, બીજા જન્મે રાવણ અને કુંભકર્ણ અને ત્રીજા જન્મે શીશુપાળ અને દંતવક્ર થયા. પછી પાછા હતા ત્યાંજ સેવામાં વૈકુંઠધામમાં પહોંચી ગયા.

ભગવાનના ધામના દરવાજે ક્રોધ કર્યો તે પ્રભુને બિલકુલ ગમ્યું નહિ. તેથી કહ્યું કે તમને મારા ધામની અંદર પ્રવેશ નહિ મળે... તમે પાછા જાવ...

**અંતરશત્રુ જિતાય તો, પ્રભુના ધામમાં જવાય**

ભજન ભક્તિ કરો... ને સ્વભાવ જીતો... લાયક થશો ત્યારે ધામમાં પ્રવેશ



મળશે. કામ, ક્રોધ, મોહ, લોભ, મમતા, કપટ વિગેરે દુરાચાર ભર્યા હોય તેને મારા ધામમાં હું રાખતો નથી. સ્વભાવ ટાળવા માટે જન્મ-મરણના ચક્કરમાં ફરવું પડે છે. ભગવાનને ઘરે ટકોરાબંધનું કામ છે. પછી સનકાદિક સ્વભાવને ઠારવા માટે વનમાં તપશ્ચર્યા કરવા ગયા છે...

**જેહ સુખ સારું શિવ બ્રહ્મા, સુર અસુર નર ભૂખ્યા ભમે ।**
**તે સુખ સનકાદિકને, સ્વપ્નામાં પણ નવ ગમે ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, શિવ, બ્રહ્મા, ઈન્દ્ર, ચંદ્ર, સુર્ય આદિક દેવતાઓને પણ આ જગતની માયાએ ગોથાં ખવરાવ્યાં છે. સમજણ માગી લે એવી કથા છે. અનુકૂળતા મળે તો વાસના વધે.. લોભ વધે. વધારે જગતનું સુખ ભોગવે તેથી મોહ મમતા વધતી જાય. પછી માયા તેને ભક્તિ કરવા દેતી નથી. વધારે ભેગું કરવાની ઈચ્છા થાય છે. ધંધો સારો ચાલે છે. તેથી દર્શન કરવાનો સમય મળતો નથી. માયામાં ખૂંચી જાય છે. અનુકુળતામાં પણ ભક્તિ કરતા નથી. ગાફલ બની જાય છે...

પ્રતિકૂળ પરિસ્થિતિમાં માનવ હાય હાય કરે છે... શાંતિથી ભક્તિ કરતો નથી... જે મળ્યું છે તેમાં તેને સંતોષ નથી. સનકાદિકને આ સંસારનું સુખ સ્વપ્ના જેવું લાગે છે. તનને રાખ્યું છે તપમાં, મન રાખ્યું છે મહાપ્રભુમાંય અખંડ હરિનું સ્મરણ કરે છે. દેહદશા ભૂલાઈ ગઈ. અને જગત વિસરાઈ ગયું. અને ભાવ સમાધિમાં ડૂબી ગયા. બ્રહ્મભાવના પ્રગટ થઈ. દેહ અને મન સ્થિર થઈ ગયું છે. સમયની ખબર પડતી નથી. પ્રભુ પ્રેમમાં ગરકાવ ગઈ ગયા છે. આકરું તપ જોઈને ધરણી લાગી ધ્રુજવા. ડરવા લાગ્યા દિગ્પાળ. નાની વયમાં દીઠા બહુ બળવાળા ભક્તરાજ

સનક-સનંદન-સનાતન અને સનતકુમાર આ ચારે ભાઈઓ આનંદમય ભૂમિકામાં મગ્ન બની ગયા છે. અંતરમાં પ્રગટ પુરુષોત્તમ નારાયણનાં દર્શન થયાં. પીળું પિતાંબર, માથે મુગટ, કાને કુંડળ, વૈજયંતીમાળા, ચરણમાં નૂપુર. સ્મિત હાસ્ય યુક્ત ભગવાનનાં દર્શન થયાં. વરસોથી તલપતા આત્માને આજ પરમાત્માની ઝાંખી થઈ. આનંદનો પાર ન રહ્યો... સનકાદિક બે હાથ જોડી વારંવાર નમસ્કાર કરે છે. દૃષ્ટિ પરમાત્માના સ્વરૂપમાં સ્થિર થઈ ગઈ નીરખી નીરખીને પ્રભુનાં દર્શન કરે છે.

**ભક્તિ કરી હરિને રિઝવ્યા, માગો માગો કહે શ્રીઘનશ્યામ ।**
**માગિયે વય વર્ષ પાંચની, વળી રહિયે સદા નિષ્કામ ॥**

પ્રભુ કહે છે, મારા માટે તમે આટલી કઠિન તપશ્ચર્યા કરો છો... હું ખૂબ

પ્રસન્ન થયો છું. જે માગો તે આપું. સનકાદિક બે હાથ જોડી કહે છે, “હે પ્રભુ ! તમે રાજી થયા છો. તો અમને એવું વરદાન આપો અમારી સદાય માટે કાયમ પાંચ વર્ષની ઉંમર રહે. ક્યારે પણ યુવાન કે વૃધ્ધાવસ્થા આવે જ નહિ. પાંચ વર્ષના બાળકને કોઈ અંતઃશત્રૂ નડતા નથી. સાવ નિખાલસ હોય છે. પ્રભુએ કહ્યું, તથાસ્તુ. તમારા માગ્યા મુજબ થશે. તમને અમે સદાય અમારા ચરણમાં વાસ આપીએ છીએ.

**પછી પામી અવસ્થા વર્ષ પાંચની, સર્વે લોકમાં ફરે સુજાણ ।**
**સુણાવે કથા શ્રીકૃષ્ણની, કરે બહુ જીવનાં કલ્યાણ ॥**

ભગવાનનાં ચરણ પાસે નાની ચાર પ્રતિમાઓ દેખાય છે તે સ્વરૂપ સનકાદિકોની છે... ભગવાને સનકાદિકને પોતાના ચરણમાં કાયમ નિવાસ આપ્યો છે. સર્વે લોકમાં ફરે સુજાણ અને કરે બહુ જીવનું કલ્યાણ...

**ઉંડી અંતરથી ઇચ્છા ગઇ, સ્પર્શ સુખ ત્રિયા તનની ।**
**એની પેઠે કરો આપણે, મેલી દિયો ઇચ્છા મનની ॥**
**નિરવિષયી ગમે છે નાથને, વિષય વિકળ ગમતા નથી ।**
**જેમ સમળ નર બેસે સભામાં, સહુ જાણે ઉઠી જાયે આંહિથી ॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, જેના અંતરમાં વિષય વાસના ખદબદતી હોય તે ભગવાનને બિલકુલ ગમતો નથી. માયિક આકારને જોનારા છે. ચિંતવન કરનારા છે કોટિ કલ્પ સુધી નરક ચોરાશી વિષે ભમે છે... વચનામૃતમાં શ્રીહરિ કહે છે, પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય તેને પાણીથી ભરવા મંડે તો ક્યારેય ભરાય નહિ તેમ ઈન્દ્રિયો છે. તેને ક્યારેય વિષય થકી તૃપ્તિ થઈ નથી ને થશે નહિ.

**વિષય વાસના ના ઘા ભજન ભક્તિથી રુજાય છે.**

ખરેખર વૈરાગ્યવાનની વાત જુદી હોય છે. તે આ લોકનાં ભોગ સુખમાં ક્યાંય બંધાય નહિ. જેને ખરેખરો વૈરાગ્ય હોય તેને જગતના લોચા સાંભળવા ગમે નહિ પાપીની સોબત ગમે નહિ. ખોટું બોલવું ગમે નહિ. જ્યાં ત્યાં રખડવું ગમે નહિ. બધી વૃત્તિ સમેટીને ભગવાનના સ્વરૂપમાં રાખે.

**ઉપર બન્યા બહુ ઉજળા, માંયે મેલની મણા નથી ।**
**એવા જન જોઇ જગપતિ, અભાવ કરે છે ઉરથી ॥**

ઉપરથી ઉજળાં કપડાં પહેરે પણ અંતરમાં ભૂંડી વાસના ભરી હોય એવી



મલિનતાને જોઈને દૂર રહે છે શ્રી હરિ... સ્વામી કહે છે, કેવા ભક્ત થાવું છે ?? ઠરાવ કરો. જન્મ મરણના ફેરાથી મુક્ત થાવું હોયતો પરમ ભક્ત સનકાદિક જેવા નિષ્કામી ભક્ત થાવાનો આગ્રહ રાખવો...

**પરમ ભક્ત કોને કહેવાય ?**

એક મંદિરના પૂજારી હતા. અંતરના ભાવ શ્રધ્ધા અને આનંદથી પ્રભુની પૂજા કરે. અખંડ જપ કરે. સત્સંગ કરે ને કરાવે. વ્યર્થ સમય બગાડે નહિ. પ્રભુ માટે ફૂલ વીણવા જાય. હાર પરોવે. આખો દિવસ સેવા સાથે સ્મરણ ચાલુ રાખે... ભક્તિ ભાવ જોઈને ભગવાન પ્રસન્ન થયા... તેજ તેજ છવાઈ ગયું... તેજ મધ્યે પ્રભુનાં દર્શન થયાં. પૂજારીના આનંદનો પાર ન રહ્યો... પ્રભુ સદાય પ્રગટ પ્રગટ અને પ્રગટ જ છે. કપટી, દંભી, ક્રોધી, વાસનિક, ઈર્ષાળુ અને દ્રોહી માણસથી લાખો ગાઉ દૂર છે.

પૂજારી પ્રભુને પગે લાગ્યા. આજ મારો જન્મ સફળ થયો... પૂજારી કહે છે, “હે પ્રભુ !... પરમ ભક્ત કોને કહેવાય ?? મને સમજાવો... ભગવાને પૂજારીને પિત્તળની થાળી આપી અને કહ્યું, “ આ પીતળની થાળી છે તેને હાથ અડાડે ને તે થાળી સોનાની થઈ જાય તે મારો પરમ ભક્ત છે. જગતમાં આ વાતની જાહેરાત થઈ ગઈ... કે પિત્તળની થાળીને અડે ને સોનાની થાય તે સાચો ભક્ત....

હજારો માણસો આ તમાશો જોવા આવ્યા છે... આ વાતની રાજાને ખબર પડી તેથી અનેક સેવકો લઈને મંદિરમાં આવ્યા... વિચાર કરે છે, મેં બહુ સારાં કાર્ય કર્યાં છે. તળાવ અને સરોવર કરાવ્યાં છે. વૃક્ષારોપણ કરાવ્યાં છે. ગરીબ માટે ધર્મશાળાઓ કરાવી છે. સંતો-બ્રાહ્મણો અને નિરાધારને અનેક પ્રકારનાં દાન આપ્યાં છે. કદાચ હું સાચો ભક્ત સાબિત થઈ શકું... એવું વિચારી થાળીને હાથમાં લીધી... મારા જેટલું કોઈ માણસ દાન પુણ્ય કરી શકે નહિ... હમણાં જ થાળી સોનાની થઈ જશે. પણ થાળી સોનાની થઈ નહિ... રાજા વિચાર કરતા થઈ ગયા. હવે શું કરવું !... ચિંતા કરે છે. ઉદાસ થઈ ઊભા છે...

ત્યારે પૂજારીએ કહ્યું, “ રાજન ચિંતા ન કરો!... તમે પ્રજા ઉપર કરવેરો નાખો છો... તમારા ખજાનામાં અન્યાયના પૈસા ભેગા થતા હોય છે. ચુકાદા આપવામાં ક્યારેક અન્યાય થઈ જતા હોય છે. તેથી ચિંતા કરવા જેવું નથી... પછી અનેક શેઠીયા શ્રીમંત આવ્યા... હાથમાં પીતળની થાળી લીધી... પણ થાળી સોનાની થઈ નહિ, ધર્મ નિયમનું પાલન કરતા ન હોય... ફાવે તેમ ભાવ વધારીને મન ગમતાં નાણાં

લીધાં હોય... કપટ કરી પૈસા ભેગા કર્યા હોય તેમનાથી થાળી સોનાની ક્યાંથી થાય !!

હજારો શેઠિયાઓ.. પંડિતો... અમીર... ઉમરાવોએ... થાળીનો સ્પર્શ કર્યો પણ થાળી સોનાની થઈ નહિ... બધા વિચાર કરે છે !... સાચો ભક્ત કોણ હશે ??... ત્યાં એવું બન્યું મંદિર નજીકથી એક કાલા ઘેલા ખેડૂત પસાર થયા... હજારો માણસો જોઈને તે નજીક આવ્યા... માણસોને ઠેકડી કરવાની ઈચ્છા થઈ... મશ્કરી કરતાં ખેડૂતને કહ્યું, ‘‘ખેડૂતબાપા આ પિત્તળની થાળીને હાથમાં ઉપાડો ! ઈનામ મળશે. ખેડૂત વિચાર કરે છે. થાળી ગરમ હશે તો !! દાઝી જઈશ... ખેડૂતબાપાએ મંદિરમાં બિરાજતા ભગવાન સામે નજર કરી. અંતરમાં પ્રભુને ધારી સ્વામિનારાયણ સ્વામિ-નારાયણ જપ કરતાં કરતાં હાથમાં થાળી ઉપાડી કે તુરંત થાળી સોનાની થઈ ગઈ...

માણસો આશ્ચર્ય પામી ગયા. તાળીનો ગગડાટ કરી ઊંચે સાદે બોલ્યા... સાચા ભક્ત આ ખેડૂતબાપા છે... ત્યાં ભગવાન મૂર્તિમાંથી પ્રગટ થયા અને પુષ્પનો હાર ખેડૂતબાપાને પહેરાવ્યો... ખેડૂત બાપા રાજી રાજી થઈ ગયા. આજે હું ભાગ્યશાળી થઈ ગયો. હૈયામાં હરખ સમાતો નથી. નીરખી નીરખીને દર્શન કરે છે. મૂર્તિ અંતરમાં ઉતરી ગઈ... ખેડૂતબાપા પ્રભુને પગે લાગ્યા ત્યારે પ્રભુએ ખેડૂતના વાંસા ઉપર હાથ મૂકી આશીર્વાદ આપ્યા... તમારી ભક્તિ ઉત્તરોત્તર સદાય વૃધ્ધિ થતી રહેશે... આટલું બોલી પ્રભુ અદૃશ્ય થઈ ગયા...

પૂજારીએ કહ્યું, ‘‘ ખેડૂતબાપા... તમારા જીવનનું વર્તન આ તમામ માણસોને કહી સંભળાવો! ખેડૂતબાપા કહે છે, સંતોના આશીર્વાદથી અને પ્રભુની કૃપાથી મારા જીવનમાં છ સરળ મુદ્દાઓ અંતરમાં ધારી રાખ્યા છે. તેથી મને અંતરમાં કાયમ શાંતિ અને આનંદ રહે છે. તેથી નિરાંતે હરિસ્મરણ થાય છે. પૂજારી કહે છે તે છ બાબત અમને સંભળાવો !...

પહેલી બાબત એ છે કે... સંત સમાગમ કરવામાં... ભજન ભક્તિ કરવામાં આળસ રાખવી નહિ... ખરા ખંતથી પ્રભુસ્મરણ કરવું

બીજી બાબત એ છે કે... કુસંગીનો સંગ કરવો નહિ. તેથી સદાય દૂર રહેવું. જેથી વ્યસનથી મુક્ત રહેવાય...

ત્રીજી બાબત એ છે કે... કોઈ પાસે હાથ લાંબો કરવો નહિ કાંઈ માગવું નહિ... પરુષાર્થ કરતા રહેવું....

ચોથી બાબત એ છે કે... હક્કનું ખાવું... હરામનું ખાવું નહિ... તેથી હક્કનું



ખૂટતું નથી... શક્તિ પ્રમાણે દાન કરું છું...

પાંચમી બાબત એ છે કે... હમેશાં સત્ય બોલવું... હિતકારી ભાષા બોલવી કોઈને દુઃખ લાગે તેવું બોલવું નહિ...

છઠ્ઠી બાબત એ છે કે... કોઈના દોષ જોવા નહિ... ભૂલ થાય તો તરત સુધારી લેવી...

**ફળ આવતાં વૃક્ષો નીચા નમે છે.**
**પાણી ભરતાં વાદળ નીચા નમે છે.**
**સદ્ગુણો ભરાતાં સંતો નીચા નમે છે.**

આવું સાંભળી સૌ માણસો ખૂબ રાજી થયા. રાજાએ ખેડૂતને શાબાશી આપી કહ્યું, ‘‘ધન્ય છે તમારી સમજણને... સાચી હકીકતમાં તમે સાચા ભક્ત છો... ભગવાનના દરબારમાં તમારા જેવા ભક્તની જરૂર છે...

**ઇચ્છા ઓ અનેક ઉરમાં, ખાન પાન સ્પર્શ સુખની ।**
**એવા ભક્તની ભગતિ, હરિ વદે નહિ વિમુખની ॥**
**પંચ વિષયની પટારિયું, ઘણી ઘાટે ભરી ઘટમાંય ।**
**નિષ્કુલાનંદ કહે નાથના, એહ ભક્ત તે ન કહેવાય ॥**

સ્વામી કહે છે, હૃદયમાં જગત સંબંધી વિષય વિકાર માયાનાં ટારા ભર્યા છે.. તે ખાલી કરો.. વાસનાથી મુક્ત બનો.. સાચા ભક્તજનો માયિક સુખ માગતા નથી... દુનિયાદારીના સુખથી જીવને સંતોષ થતો નથી. પુત્ર મળે ને પૌત્રની ઈચ્છા થાય. પૈસા મળે તો બંગલાની ઈચ્છા થાય. એક પછી એક સુખ મળતાં આવે છતાં નાશવંત સુખની તૃપ્તિ થતી નથી. ત્રીવિધ તાપમાં આખો સંસાર સળગી રહ્યો છે.

**-: મહાત્મા જાજળી ઋષિ :-**

**વળી ઋષિ એક જાણો જાજળીજી, આરંભ્યું તપ અતિ વિષમ વળીજી**
**કર્યું હરિધ્યાન તેણે તન શુદ્ધ ટળીજી,**
**આવ્યાં વનવિહંગ ઘણી સુઘરિયો મળીજી ॥**

પ્રચીનકાળમાં એક જાજળી નામના ઋષિ હતા. પુરાણમાં તેની કથા આવે છે... તે વનમાં એકલા રહેતા હતા, આરંભ્યું તપ વિષમ અતિ વળી કર્યું હરિધ્યાન તેણે તન શુધ્ધ ટળી... એક પગે ઊભા રહી તપ કરે છે... નખથી શિખા સુધી હરિનું

સ્મરણ સાથે હરિ ધ્યાન કરે છે... તપની સાથે હરિસ્મરણ કરવું જોઈએ... કેવળ તપ કરવાથી મુક્તિ માર્ગમાં સફળતા મળતી નથી... તપની સાથે ભક્તિનું જોડાણ હોવું જોઈએ... મોક્ષનું કામ મોટું છે.. કાંઈક સત્સંગનું ભાતુ બાંધી લેજો... પણ કુપાતર જીવાત્મા કાંઈ કરે નહિ... ગામમાં આંટા મારે પણ હરિ સ્મરણ કરે નહિ...

**જીવનના છેલ્લા શ્વાસ સુધી, ભક્તિ ચાલુ રાખો**

જેમ શરીર માટે દરરોજ ભોજન અનિવાર્ય છે. તેમ આત્મા માટે હરિસ્મરણ અનિવાર્ય છે... ભક્તિ તો નિત્યની સાધના ને આરાધના છે... જાજળીઋષિ સ્થિર થઈ ગયાછે... અન્ન જળનો ત્યાગ કરી દીધો... માથે કેશની જટા વધી ગઈ, દાઢીના વાળ અને માથાના વાળથી આખું મસ્તક કેશથી ભરાઈ ગયું... પક્ષીઓ તેના કેશ ઉપર બેસે... સમય જતાં સુઘરી નામના પક્ષીએ ઋષિના મસ્તકને વૃક્ષ જાણીને કાનમાં માળા બનાવ્યા. માળામાં ઈંડા મોટા થયાં. કિલકિલાટ કરે આનંદથી કલરવ કરે.

**સુઘરિયે મળી માળા ઘાલ્યા, વળી બેઉ કાનની કોર ।**
**ઇંડાં મૂકીને અહોનિશ, કરે છે સોર બકોર ॥**
**અડગ પગે તે ઉભા રહ્યા, વળી જાય ન આવે ક્યાંય ।**
**જાણે પંખીને પીડા ઉપજશે, એવી દયા ઘણી દિલમાંય ॥**

કાન પાસે અખંડ શોર બકોર થાય... છતાં પણ કંટાળીને આડા અવળા થાય નહિ. વૃક્ષની જેમ રાતને દિવસ ઊભા રહે... ઝાડની જેમ સ્થિર થઈ ગયા સતત હરિસ્મરણ, હરિધ્યાન કરવાથી સમયની ખબર રહેતી નથી. દેહદશા ભૂલાઈ ગઈ છે. દેહ સ્થિર થાય તો મન સ્થિર થાય છે. ભગવાનને મૂકીને કોઈ ઉંધે માથે તપ કરે તો પણ કલ્યાણ થાય નહિ... ભગવાન શ્રી સ્વામિનારાયણ ભગવાનનો આશરો હશે અને શ્રધ્ધાથી ભગવાનની ભક્તિ કરતા હશે, તો જરૂર અક્ષરધામના અધિકારી થશે. પાણી વલોવ્યાથી માખણ નહિ મળે... તેમ ગમે તેટલું તપ કરશે... પણ જો ભગવાનનો આશરો નહિ હોય... હરિની શરણાગતિ નહિ હોય... તો એના કલ્યાણમાં ખામી રહેશે માટે બળ પૂર્વક પ્રભુનો ભરોસો રાખવો... સાચા સંતને મળીને એમની પાસેથી ભક્તિ માર્ગની રીત ભાત શીખી લેજો... આવો યોગ વારંવાર નહિ મળે...



**શ્રી ભુજ નગરમાં શ્રીનરનારાયણદેવની છત્રછાયામાં આપણે બેઠા છીએ.**

સદાય કથા કીર્તન અને ઉત્સવ સમૈયાનો અખંડ યોગ મળ્યો છે... તો આળસ તજીને સત્સંગ કરવો જોઈએ... શ્રીજીમહારાજે અનેક વખત આ કચ્છની ભૂમિમાં સંતો અને ભક્તોને લઈને વિચરણ કર્યું છે... વર્તમાન કાળમાં પણ નંદ સંતો જેવા સંતો આપણી કચ્છની ભૂમિમાં પાવનકારી પગલાં પધરાવતા ફરે છે. નરનારાયણદેવની ધજા અખંડ ફરકી રહી છે...

જાજળીઋષિના અંતરમાં દયાભાવ કેટલો બધો છે. કે હું હાલચાલ કરીશ તો પક્ષીનાં ઈંડાં મરી જશે... ત્યારે આજના માણસો જંતુનાશક દવા છાંટીને જંતુને મારી નાખે છે. ક્યાં જાજળીઋષિની દયા અને ક્યાં આજના દયાહીન માણસોની ક્રૂરતા... અજાણતા કાંઈક પાપ થઈ જાય... જેમ કે તમે ચાલ્યા જતા હો... તમારા પગ નીચે કીડી મકોડી કચડાઈ જાય તમને ખબર નથી... સુક્ષ્મ દોષ લાગે... એ દોષ ભજન ભક્તિ વ્રત અને તપ એના પુણ્ય બળથી ધોવાઈ જાય... પણ જાણીને હિંસા કરે તો ચોક્કસ પાપ લાગે છે... કર્યાં કર્મ ભોગવવાં જ પડે છે... જેવું વાવો તેવું લણો...

**ચારે દિશે જાય ચણ્ય સારું, વળી આવી રહે ત્યાં રાત ।**
**પછી ઇંડાં મટી ઇંડજ થયાં, ગયાં ઉડી પ્રભાત ॥**
**તોય જાજળી જોઇ રહ્યા, દિન કેટલાક સુધી વાટ ।**
**પાછાં ન આવ્યાં પંખી જ્યારે, ત્યારે તજ્યો મન ઉચ્ચાટ ॥**

જાજળીઋષિના કાનમાં પક્ષીએ માળા બાંધ્યા... ઈંડાં મટીને પક્ષી થઈ ગયા... ઊડી ગયાં... છતાં વાટ જુએ છે... કે કદાચ માળામાં ઈંડાં હશેને હું હાલ ચાલ કરીશ તો મરી જશે... પક્ષી પાછા ન આવ્યા ત્યારે પછી માળાનું ઘાસ ફેંકી દઈને સ્નાન કરીને પ્રભુનામના મંત્રનો જપ કરે છે...

નિષ્કુળાનંદસ્વામી કહે છે, પાપથી અટકોને હિંસાથી બચો... જાજળીઋષિના જેવી દયા દિલમાં રાખવી અતિ ધરી ધીર... નાના મોટા જીવજંતુનું રક્ષણ કરવું. પણ હિંસા કરવી નહિ... શરીર છે ક્યારેક વિપતિ આવે તો સહન કરી લેવી... આપણી સહન શીલતાને કારણે જીવનું રક્ષણ થતું હોય તો થોડું કષ્ટ સહન કરી લેવું... અને જીવ પ્રાણી માત્ર ઉપર દયા રાખવી... દયા ધર્મનું મૂળ છે... ઉપકારને ભૂલો નહિ...

વૃધ્ધ મા બાપ ઉપર દયા રાખવી.. ગરીબ હોય... ગુરુ હોય સૌના પ્રત્યે દયા રાખવી... મધુર વાણીથી બોલાવવાં, મદદ કરવી પણ હૈયામાં દુ:ખ લાગે તેવાં કડવાં વચન બોલીને કોઈને દૂ:ભાવવાં નહિ... કોઈ કડવાં વચન બોલી... મા બાપનાં, ગુરુનાં હૈયાં બાળે છે... તેને હિંસા બરાબર પાપ લાગે છે... મા બાપની આંખમાં આંસુ આવે એવા દીકરા અને દીકરાની પત્નીને ધિક્કાર...

એક શેઠ હતા... વ્યવહારે શ્રીમંત હતા... પ્રભુના પરમ ભક્ત હતા... દિવસે ધંધો કરે અને સાંજ સવાર પ્રભુની કથા સાંભળી સંતસમાગમ કરી જીવનને ધન્ય બનાવે... સંતસમાગમ કરવાથી જીવનમાં આનંદ અને સંતોષ રહેતો... ચાર દીકરા હતા... શેઠ વૃધ્ધ થયા... ત્યારે ચારે દીકરાને ૨૫- ૨૫ હજાર રૂપિયા રોકડા આપી દીધા... બાકીનું ધન હતું તે સાંચવી રાખ્યું... કે પરાધીન અવસ્થામાં જે સેવા કરશે તેને દ્રવ્ય આપીશ...

સમય જતાં બીમાર થયા. કાગળ પોતાના હાથે લખ્યો કે મારી મિલકત બચે તેમાંથી પચાસ હજાર જુનાગઢના રાધારમણદેવને ભેટ અર્પણ કરજો. બાકીની મિલકતમાંથી ત્રણ દીકરાને ભાગે વહેંચી આપજો ત્રણ બંગલા છે. તે પણ ત્રણ દીકરાને આપજો. આવું લખી પછી પોતાની સહી કરી. પછી તે કાગળ પોતાના મિત્રને આપ્યો અને કહ્યું મારા મૃત્યુ પછી આ કાગળ વાંચજો. અત્યારે કોઈ વાંચશો નહિ. સાચવી મૂકો.

પંદર દિવસ થયા પછી શેઠ બીમાર થયા... અખંડ સ્વામિનારાયણ.. સ્વામિનારાયણ સ્મરણ કરે છે... આંખ બંધ કરી હરિનું ધ્યાન કરે છે.

**અન્તકાલે ચ મામેવ સ્મરન્મુક્ત્વા કલેવરમ્ ।**
**યઃ પ્રયાતિ સ મદ્ભાવં યાતિ નાસ્ત્યત્ર સંશયઃ ॥**

શ્રીકૃષ્ણ ગીતાજીમાં કહે છે... જે માણસ અંતકાળે હરિ સ્મરણ કરતો કરતો શરીર છોડીને જાય છે. તે પરમ ગતિને પામી જાય છે. તેમાં કોઈ સંશય નથી. પ્રભાતના પાંચ વાગ્યાને સમયે શ્રીજીમહારાજ વિમાન લઈને તેડવા પધાર્યા. અદ્ભુત વિમાન દિવ્ય મણિમય રત્ન જડિત સ્થંભ છે. મધ્યભાગમાં શ્રીજી મહારાજ વિરાજમાન છે. અંદરના ભાગમાં અનેક નાના મોટાં સોનાનાં સિંહાસનો છે. તેમાં સુંદર દિવ્ય શરીર ધારી મુક્તો બેઠા છે. પ્રભુના ચરણના નખમણિમાંથી કરોડો સૂર્ય અને ચંદ્રને ઝાંખા કરે તેવો પ્રકાશ ચારે દિશે છવાઈ ગયો. પુણ્યશીલ શેઠના આત્માને દિવ્ય શરીરમાં પધરાવી વિમાનમાં બેસાડી પ્રભુ ધામમાં તેડી ગયા...



એક મહિના પછી કાગળ વાંચ્યો... બધા વિચાર કરતા થઈ ગયા... શેઠના ચાર દિકરા છે. ને કાગળમાં લખ્યું છે કે માલ મિલ્કતમાંથી ત્રણ ભાગ કરજો. હવે શું કરવું ! ક્યા દીકરાને ભાગ ન આપવો. જો ભાગ ન આપે તો ઝગડા થાય. માર કૂટ થાય. હવે આનો રસ્તો કેમ કરવો! શેઠજીના અભિપ્રાયમાં કાંઈક સમજવા જેવું હશે. રાજાને વાત કરી. રાજા વિચાર કરતા થઈ ગયા.. ત્યારે એક ખેડૂતે કહ્યું... અન્નદાતા મને આજ્ઞા આપો તો આ વાતનો હું કાંઈક નિર્ણય કરું...

ખેડૂતે કહ્યું... તમારા બાપુજીનો ફોટો લઈ આવો!... ફોટો એક રૂમમાં રાખ્યો, મોટા દિકરાને બોલાવ્યો... બીજા ત્રણ દીકરાને બહાર બેઠા છે. ખેડૂત શેઠના મિત્ર અને રાજા રૂમમાં બેઠા છે... ખેડૂતે કહ્યું, " આ તારા બાપનો ફોટો છે... તેને ધોકો માર તો તને બધી મિલકત મળશે... ને જલસા કરજે... કમાવા જાવું નહિ પડે... મોટો દીકરો બોલ્યો, "બાપના ફોટાને ધોકો મરાય નહિ... મને મિલ્કતની કોઈ જરૂર નથી... કમાઈને ખાઈશ પણ મારા પિતાજીના ફોટાને ધોકો મારીશ નહિ... ખેડૂતે કહ્યું તો તમે બહાર જાવ... આ વાત કોઈને કહેજો નહિ...

**મા-બાપને જેણે સુખી કર્યા નથી, તેને મિલ્કત લેવાનો અધિકાર નથી.**

પછી બીજા દીકરાને બોલાવ્યો તેને કહ્યું, "તું તારા બાપના ફોટાને એક જોરથી ધોકો માર... જો ધોકો મારીશ... તો તમામ મિલકત તને આપશું... વગર મહેનતે બધું મળી જાશે. બીજો દીકરો બોલ્યો. પૈસા કમાઈ લઈશ પણ મારા બાપના ફોટાને મારીશ નહિ. તો તું રૂમથી બહાર જા. પછી ત્રીજો દીકરો આવ્યો. ખેડૂતે કહ્યું, "તારા બાપના ફોટાને ધોકો માર તો તને લીલા લહેર થશે. લાખો રૂપિયા ને ત્રણ બંગલા વગર મહેનતે મળી જશે... ફોટાને મારવામાં શું વાંધો છે...

ત્રીજો દીકરો બોલ્યો, "લાખો રૂપિયાનો હું ભૂખ્યો નથી... હું ફોટો જોઉં છું તેમાં મારા બાપ દેખાય છે... આંખમાં આંસુ આવી ગયાં... મારા બાપ જીવતા હતા ત્યારે એક શબ્દ પણ કડવો બોલ્યો નથી..

મારા બાપની ખૂબ સેવા કરી છે. તેમના ઉપકારનો બદલો હું વાળી શકું તેમ નથી.. મને ભણાવ્યો પરણાવ્યો. સારા સંસ્કાર આપી અમારા જીવનને ધન્ય બનાવ્યું છે. માટે આવું ક્રૂર કર્મ હું નહિ કરું. તો તું રૂમથી બહાર જા...

પછી ચોથા દીકરાને રૂમમાં બોલાવ્યો, ખેડૂતે કહ્યું, "તારા બાપના ફોટાને ધોકો માર તો તને બધા પૈસા અને માલ મિલકત મળી જશે. ચોથો દીકરો રોફથી

બોલ્યો, ''ધોકો મારવામાં શું વાંધો છે. આ તો મારા બાપનો ફોટો છે... જીવતા હતા ત્યારે મેં બે ત્રણ વખત થપાટું મારી બોલતા બંધ કરી દીધા હતા, ફોટાને ધોકો માર્યો... ફોટો ફૂટી ગયો... મુર્ખ ખડખડાટ મંડ્યો હસવા...

રાજાએ અને ખેડૂતે નિર્ણય કર્યો કે શેઠની મિલ્કતમાંથી ત્રણ દીકરાના ભાગ કરો. આ કુપાત્ર પાપીને ભાગ આપવાનો નથી. એ આ બાપાની ચીઠીનો હાર્દ છે. દેવ સમાન માતા પિતાને સુખી નથી કર્યા તેને મિલકત લેવાનો કોઈ અધિકાર નથી. સમય જતાં તે પાપી પુત્ર રિબાઈ રિબાઈને મરી ગયો. મનુષ્ય જન્મ હારી ગયો..

**મા-બાપને દુઃખી કરનારો, જમપુરીમાં ધકેલાઈ ગયો.**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, રણમાં ભટકતો પ્રવાસી તરસથી તરફડતો હોય અને જો વિશાળ વૃક્ષની શીતળ છાયા મળે ખને મીઠી વીરડીનું પાણી મળે ત્યારે કેટલી હાશ વર્તાય ! તેમ સંસારના રણમાં અટવાતા જીવાત્માઓ માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને સત્સંગરૂપી શીતળ વૃક્ષની છાયા આપી છે. તેમાં મીઠી વીરડી જેવાં શાસ્ત્રો છે. તે અંતરની તરસ મટાડે છે. ભાવથી શાસ્ત્રોનું પાન કરો અને એના ધ્યેયનું પાલન કરો. એ જ ખરું કરવાનું છે... સ્વામી કહે છે, જાજળીઋષિના જેવા દયાવાન થવું અને નિર્દય પ્રકૃતિ તજી દેવી...

**એના જેવી દયા દિલમાં, રાખવી અતિ ધરી ધીર ।**
**ઝિણા મોટા જીવનું સહેવું, સુખ દુઃખ તે શરીર ॥**
**આપણે અંગે પીડા આવતાં, જો થાય સામાને સુખ ।**
**તો ભાવે કરી ભોગવિયે, દિલમાં ન માનિયે દુઃખ ॥**

સ્વામી ભલામણ કરે છે, કોઈ માણસને સાનુકૂળતા થતી હોય તે સુખી થતા હોય, તો મદદરૂપ બનવું.. થોડુંક સહન કરી લેવું... ગરીબને દબાવી, કલ્પાવી... પૈસા ભેગા કરી બંગલા બનાવે... ગાડીમાં ફરે... રાજી થાય કે હું કેવો હોશિયાર છું, અભિમાનમાં ફરે, હું કેવો પૈસાદાર છું... જલસા કરૂં છું.. પણ રહેવા દે... તારો વટ ઉતારનાર ભગવાન હાજર ઊભા છે. આવા પાપી જીવાત્મા જમપુરીમાં જાય ને જમદૂતોનો માર ખાય છે...

**પેટની ભૂખ માણસને લાચાર બનાવે છે.**
**પૈસાની ભૂખ માણસને ક્રૂર બનાવ છે.**

સ્વામી કહે છે, સારા કામમાં મદદરૂપ બનજો, પણ પથ્થરરૂપ બનશો નહિ...



કર્મ પ્રમાણે સુખ દુઃખ આવે છે... આ જગતની અંદર જે દુઃખી છે, રિબાય છે... લૂલા, લંગડા, રોગી, બહેરા, આંધળા તેઓએ પૂર્વ જન્મમાં પાપ કરેલાં છે. તેથી દુઃખી છે. વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે. ભગવાન, સંત અને ભગવાનના અવતાર કુરાજી થાય એવું કંઈક કર્મ થઈ જાય તો આને આ દેહે મૃત્યુલોકમાં જમપુરી જેવું દુઃખ ભોગવે... ભગવાન અને સંતને કુરાજી કરે ને તેણે જો સ્વર્ગમાં ગયા જેવું કર્મ કર્યું હોય તો પણ નાશ થઈ જાય, ને નરકમાં પડવું પડે... માટે ભગવાનના ભક્તનો... સંતનો દ્રોહ કરવો નહિ. પુણ્ય થાય તો પુણ્ય કરવું પણ પાપથી ડરતા રહેવું...

**અલ્પ જીવ ઉપર વળી, રાખવો નહિ એક રોષ રતિ ।**
**સ્થાવર જંગમ જીવ ઉપર, પરહરવી હિંસક મતિ ॥**
**પરને પીડા કહું કરવી, એતો કામ છે કસાઇનું ।**
**સર્વેને સુખ થાવા ઇચ્છવું, એહ કૃત્ય છે સંત સુખદાયિનું ॥**

પરને પીડા કરવી તે તો કામ છે કસાઈનું... સર્વેને સુખ થાય તેવા વિચાર કરવા તે કામ છે સંત સુખદાયનું.....

**થોડા કાળ જીવવું અને પરલોક શા માટે બગાડો છો ?**

બીજાના સુખનો વિચાર કરે એ સજ્જન...એ બીજાનાં દુઃખનો વિચાર કરે... બીજાને દુઃખી જોઈને રાજી થાય તે દુર્જન... જે બીજાનું ભલું કરે છે. તેનું ખુદ ઈશ્વર ભલું કરે છે... જીભથી બહુ પાપ થાય છે... અને જીભથી બહુ પુણ્ય પણ થાય છે, જીભ પાસે જે કરાવશું તે કરશે.. સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપ કરાવશો તો તે જીભ કરશે... ના નહિ પાડે... ગાળું બોલાવશો તો ગાળું બોલશે... કેવી રીત ચાલવું... કેવી રીતે બોલવું... કેવી રીતે જમવું વિગેરે આપણા હાથમાં છે...

**એહ મત ખરો હરિભક્તનો, નવ પીડવાં પ્રાણધારીને ।**
**નિષ્કુલાનંદનો નાથજી રિઝે, એવું કરવું વિચારીને ॥**

પીડવા નહિ પ્રાણધારીને તે વિચારી લેવું મનમાંઈ... દુખિયારાના દિલમાં ઘા વાગે એવાં કડવાં વચન શું કામ બોલો છો ??... ગરીબને કરડી આંખ કરીને શા માટે બિવરાવો છો ??. દુઃખી કરો છો?? જમપુરીમાં કરેલાં કર્મની સજા ભોગવવી પડે છે... વજ્ર સરીખી ચાંચવાળા ગીધ પક્ષીઓ કાગડા વિગેરે પક્ષીઓ પાપી જીવાત્માની આંખમાં ટોચા ભરાવી આંખ બહાર કાઢી લે છે... લોહીની ધાર થાય... પાપી પોકાર

કરે છે.. મૂકી દો... મૂકી દો... હવે એવાં પાપ નહિ કરું... વિચાર કરજો જરાક કચરો પડી જાય તો પણ કેવો ખૂંચતો હોય... કાગડાને ગીધ આંખમાં ટોચા મારશે ત્યારે કેવી દશા થશે... માટે ચેતી જાવ... અને પાપ કરતાં અટકી જાવ...

## ધૌમ્ય ઋષિના શિષ્ય આરુણી અને ઉપમન્યુ

નિષ્કુળાનંદસ્વામી શિષ્યની કથા લખે છે.. પુત્ર થવું સરળ છે, પરંતુ સાચા શિષ્ય થવું કઠણ છે. નીતિ શાસ્ત્રમાં લખ્યું છે કે પુત્ર સોળ વર્ષનો થાય પછી પિતાએ તેની સાથે મિત્રની જેમ વર્તવું.. પણ શિષ્ય માટે એવું કાંઈ કોઈ શાસ્ત્રમાં લખ્યું નથી... પોતાનું સંપૂર્ણ જીવન સમર્પણ કરે તે શિષ્ય કહેવાય... આવા સમર્પિત શિષ્યની કથા અતિ સરસ છે. સમજવા જેવી કથા છે...

**અરુણી ઉપમન્યુ આપત્ય ધૌમ્યના શિષ્યજી,**
**ગુરુ આગન્યામાં વરતે અહોનિશજી ।**
**જાય અન્ન જાચવા હરખે હમેશજી,**
**આણી આપે ગુરુને નાપે ગુરુ તેને લેશજી ॥**

આપણો ભારતદેશ ઋષિમુનિઓનો દેશ છે... ગુરુ ધૌમ્યઋષિનો ખૂબ વિશાળ આશ્રમ હતો... અનેક શિષ્યો હતા, કોઈ પણ કાર્ય સિધ્ધ કરવું હોય તો પ્રથમ ગુરુની જરૂર પડે છે... શિલ્પકળા શીખવી હોય તો કોઈ સારા શિલ્પીને ગુરુ કરવા જોઈએ... સંગીત શીખવું હોય તો સારા ગાયક પાસે શીખવું જોઈએ. વૈદુ શીખવું હોય તો સારા વૈદ્ય પાસે શીખવું જોઈએ... સદ્વિદ્યા શીખવી હોય તો સાચા શ્રેષ્ઠ સંત પાસે શીખવી જોઈએ... જેને જન્મ મરણના ફેરાથી મુક્ત થવું હોય તેણે સાચા શ્રેષ્ઠ સંતને ગુરુ કરવા જોઈએ... એનું શરણું સ્વીકારવું જોઈએ...

## ગુરુ કર્યા વિના કોઈ કાર્ય સરતું નથી.

ધૌમ્યઋષિના આશ્રમમાં હજારો ગાયો હતી.. બાજુમાં વિશાળ જંગલ હતું.. તે જંગલમાં શિષ્યો ગાયો ચારવા જાય.. આરુણી અને ઉપમન્યુ બે ધૌમ્યઋષિના આશ્રમમાં આવ્યા... વિનંતિ કરીને કહ્યું, ''અમને તમારા શરણે રાખો.. સમગ્ર જીવન તમારા ચરણમાં સમર્પિત કરવું છે. ધૌમ્યઋષિએ કહ્યું, બહું સારું... પણ અમારી અનુવૃત્તિ સાતવવી પડશે. અમે જેમ કહીએ તેમ તમારે કરવું જોઈશે... ત્યાગી થઈને રહેવું અતિ કઠણ કામ છે... સમયસર જમવા નહિ મળે... સવારે વહેલા ૪ વાગે ઊઠી પૂજા, પાઠ વિગેરે સત્સંગ કરવો જોઈશે... પૃથ્વીપર સૂવા મળશે... ગાયોને



જંગલમાં ઘાસ ખાવા માટે લઈ જવું પડશે...

આરુણી અને ઉપમન્યુએ કહ્યું, ''ગુરુદેવ ! તમે જેમ કહેશો તેમ કરશું તેઓ આશ્રમમાં રહ્યા. ગુરુને વિચાર થયો. પરીક્ષા લેવી પડશે. ભગવાન ભજવા માટે કેટલી ગરજ છે. ઘડતર કર્યા સિવાય કીમત વધતી નથી. શિષ્ય આરુણીને કહ્યું, ''વાડીમાં રંજકો (ઘાસ) વાવ્યો છે. ત્યાં તમે પાણી વાળવા (પાવા) જાવ. તરત આજ્ઞાને સ્વીકારી લીધી. વાડીમાં આવ્યા. પણ ખબર નથી કે ક્યારામાં પાણી ભરાઈ જાય પછી કેવી રીતે બીજા ક્યારામાં પાણી લઈ જવાય. પાવડીથી રેતી આડી દેવાય આવી ખબર નથી...

ક્યારો જયારે પાણીથી ભરાઈ જાય ત્યારે ક્યારામાં પાણીમાં પ્રવેશ કરતું હોય ત્યાં કીચડમાં આડો સુઈ જાય. એટલે પાણી બીજા ક્યારામાં ચાલ્યું જાય. બીજો ક્યારો પાણીથી છલકી જાય ત્યારે આડો સુઈ જાય... એટલે પાણી આગળ જાય... આખો દિવસ આવી રીતે કર્યું... સાંજ પડી અંધારું થયું. છતાં પાણી પાવાનું ચાલુજ રહ્યું. સૂર્ય અસ્ત થયા... રાત્રિ થઈ ગઈ છતાં આરુણી આશ્રમમાં આવ્યો નહિ... ગુરુદેવે પૂછ્યું, ''આરુણી દેખાતો નથી... હજુ આવ્યો નથી.. ના...ગુરુદેવ આવ્યો નથી!...

ગુરુદેવ વાડીમાં આવ્યા.. અંધારામાં કાંઈ દેખાતું નથી.. હવે શું કરવું કાંઈ સૂઝ પડતી નથી.. તેથી ગુરુદેવે જોરથી બૂમ પાડી. આરુણી.. ઓ.. આરુણી તું શું કરે છે ! ને ક્યાં છે.. અમે તને શોધીએ છીએ. આરુણી બોલ્યો, '' ગુરુદેવ હું પાણી વાળું છું.. ધીરે ધીરે ગુરુ તેની નજીક ગયા... તો આરૂણી કાદવ કીચડ ને પાણીથી લથબથ થઈ ગયો છે... બનેલી હકીકત કહી... સંભળાવી... ગુરુદેવ રાજી થયા કે આજ્ઞા પાલક શિષ્ય છે... ગાફલ અને આળસુ નથી... જ્ઞાનદાન આપવાને લાયક છે... સમય જતાં દેહદર્શી નહિ પણ આત્મદર્શી થશે... બાથમાં લઈને ભેટીને રાજીપો વ્યકત કર્યો. સુખેથી આશ્રમમાં રહો. ને હરિ ભજન કરો. તમે પરીક્ષામાં પાસ થયા.

## શિષ્ય આરુણી પરીક્ષામાં પાસ થયા.

બીજા શિષ્યનું નામ ઉપમન્યું છે... હવે તેની પરીક્ષા લેવાનું શરૂ કર્યું... ગુરુદેવ કહે છે, ઉપમન્યુ તમે ગામમાં ભિક્ષા માગવા જાવ... અને જે મળે તે લઈ આવો !... ઉપમન્યુ ભિક્ષા માગવા ગયા... જે કાંઈ અન્ન મળે તે ગુરુને અર્પણ કરે... ગુરુદેવ બીજા શિષ્યોને યથાયોગ્ય ભોજન આપે... પણ ઉપમન્યુને કાંઈ પણ આપે નહિ... દરરોજ ઉપવાસ થાય...

**લેશ ન આપે જ્યારે શિષ્યને, શિષ્ય જાચે અન્ન પછી જઇ ।**
**ત્યારે ગુરુ કહે ગરીબ ગૃહસ્થને, ફરી ફરી પીડવા નહિ ॥**

ભિક્ષાલાવેતેમાંથી જમવાનું નમળે એટલે ઈપમન્યુ બીજી વાર ભિક્ષાલઇ આવી જમી લેતો. તેથી ગુરુ ધૌમ્યઋષિ કહે છે, એક વખત ભિક્ષા માંગવા જવાનું છે... વારંવાર ભિક્ષા માગવા જવાય નહિ... ઉપમન્યુને ભોજન જમવા કાંઈ નથી આપતા તેથી તેનું શરીર સાવ કૃશ થઈ ગયું... છતાં પણ કોઈને કાંઈ પણ કહે નહિ... કે મને ગુરુ જમવા નથી આપતા... જરાય અભાવ લેતા નથી... ધીરજ રાખી હરિ સ્મરણ કરતા ભિક્ષા માગવા જાય... આવી રીતે ત્રણ દિવસ પસાર થયા... પણ પોતાની મેળે ભિક્ષામાં જે મળ્યું હોય તે જમે નહિ... ગુરુને અર્પણ કરે...

**સાચા શિષ્ય બનવું કઠણ છે, ખોટા શિષ્ય તો ઘણા હોય.**

ઉપવાસ ચાલુ છે. ખૂબ ભૂખ લાગી છે. ગુરુ કહે છે... ઉપમન્યુ તારે દરરોજ ગાયો ચારવા જવાનું છે... ઉપમન્યુ જંગલમાં ગાયો ચારવા ગયા... વાછરડાં દૂધ ધાવે તે જોઈને ઉપમન્યુને વિચાર આવ્યો. ગુરુજીએ મને ખાવાની ના પાડી છે. પણ દૂધ પીવાની તો ના નથી પાડીને. પાંદડાનો પડિયો બનાવી ગાયો દોહિને બે ત્રણ પડિયા ભગવાનનું નામ લઈને દૂધ પી જાય. આવી રીતે ચાર દિવસ દૂધ પી ને પસાર કર્યા.

**ત્યારે પય પળી પીને વળી, કરે છે તેહ નિરવાહ ।**
**ત્યારે ગુરુએ પય વત્સફીણની, પાડીછે ચોખી નાહ ॥**

ગુરુજીએ કહ્યું, ‘‘ઉપમન્યુ...તું દરરોજ જંગલમાં ગાયો ચારવા જાય છે... ભૂખ નથી લાગતી ?? ઉપમન્યુ બોલ્યો, ‘‘ગુરુદેવ ભૂખ લાગી હતી તેથી આજ ચાર દિવસ થયા ગાયનું દૂધ પી લઉં છું... અરે મારી આજ્ઞા સિવાય તારાથી દૂધ પિવાય નહિ... દૂધ ઉપર વાછરડાંનો અધિકાર છે, તેથી દૂધ પીવાનું બંધ કર્યું... હવે શું કરવું... દરરોજ જંગલમાં જાય ભૂખનું દુઃખ સહેવાતું નથી... તેથી વાછરડું ગાયને ધાવતું હોથ તેના ગલાફામાંથી દૂધની ફીણ નીચે પડતી જાય તે ફીણ પાંદડામાં લઈ ને ચાટી જાય... પણ દૂધ પીવે નહિ... ગુરુની આજ્ઞા લોપે નહિ... રાજી થઈને આજ્ઞાનું પાલન કરે છે...

ગુરુએ પૂછ્યું, ‘‘ઉપમન્યુ તને ભૂખ નથી લાગતી !. ગુરુદેવ ભૂખ લાગે છે.... તેથી ફીણ ચાટી જાઉં છું... ગુરુએ કહ્યું, ‘‘આજથી તારે ફીણ ચાટવાનાં નથી... આવી કઠણ કસોટી લે છે... પણ શિષ્યનું મન પાછું હઠતું નથી... સંકલ્પ પણ થતો નથી કે



આવા નિર્દય ગુરુની પાસે રહેવામાં માલ નથી... ચાલો, બીજા પાસે ચાલ્યો જાઉં... જિંદગી કેમ વિતાવવી... આવો વિચાર થતો નથી.. ધન્ય છે આવા શિષ્યને..

તડકામાં આખો દિવસ ગાયોની પાછળ ફરે છે... બહુ ભૂખ લાગી છે... રહેવાતું નથી... ભૂખ સહન થતી નથી... તેથી આકડાના વૃક્ષનાં પાંદડાં ચાવીને થોડાંક ખાઈ ગયા... એને ખબર નથી કે આકડાનું છીર સખત ગરમ હોય... દેહને નુકશાન કરશે...

**પછી ખાધાં તેણે ક્ષુધા માંહિ, અર્ક પાન થયા તેથી અંધ**
**વનમાં આવતા વાટમાં, પડી ગયા છે કૂપ મધ્ય.**

આકડો બહુ ઝેરી હોય છે. તેથી ઉપમન્યુને ઝેર ચડ્યું... તરત જ આંખે દેખાતું બંધ થઈ ગયું... આંધળા થઈ ગયા.... સાંજ પડી એટલે ગાયોની સાથે આશ્રમ તરફ ચાલતા થયા... રસ્તામાં અવાવરૂ કૂવામાં પડી ગયા... કૂવામાં બેઠા બેઠા ૐ નારાયણાય નમઃ... ૐ નારાયણાય નમઃ જપ કરે છે. ગાયો આશ્રમમાં પહોંચી ગઈ... ગાયો આવી ગઈ અને ઉપમન્યુ કેમ ન આવ્યો !... શું થયું હશે !... રાત્રિનો સમય છે... ભૂખ્યો દુઃખ્યો ક્યાં ગયો હશે... ગુરુને ચિંતા થાય છે... બીજા શિષ્યોને કહ્યું, ‘‘ મોટી મશાલ સળગાવીને મારી સાથે ચાલો... ઉપમન્યુને શોધવા જઈએ... જંગલમાં સૂનકાર વાતાવરણ છે... અંધારી રાત છે...

**આવ્યાની વેળા વહી ગઇ, ત્યારે ગોતવા ગુરુ નિસર્યા ।**
**પોકાર કરતાં પડેલ કૂવામાં, સામસામા સાદ કર્યા ॥**

ગુરુ બુમો પાડે, ‘‘હે ઉપમન્યુ! તું ક્યાં છે? જ્યાં હો ત્યાંથી જવાબ આપ.’’ ગુરુનો સાદ સાંભળી ઉપમન્યુ બોલ્યા, ‘‘હે ગુરુદેવ, હું કૂવામાં પડી ગયો છું પણ તમે ચિંતા ન કરજો. ભગવાનની કૃપાથી અને તમારા આશીર્વાદથી મને કાંઇ વાગ્યું નથી. કૂવામાં બેઠો છું ને હરિ સ્મરણ કરૂં છું.’’ ગુરુ દોડતા આવ્યા. બધા શિષ્યો સાથે મળી દોરડુ લઇ આવ્યા અને ઉપમન્યુને કૂવામાંથી બહાર કાઢ્યા.

ગુરુદેવ ઉપમન્યુને બાથમાં લઇને ભેટી રાજીપો વ્યક્ત કરતા બોલ્યા, ‘‘બેટા ઉપમન્યુ! ધન્ય છે તારી ભક્તિ અને ધીરજ શક્તિને. તું કેમ કૂવામાં પડી ગયો હતો? શું થયું?’’ ‘‘ગુરુદેવ, સતત ભૂખ લાગવાથી મેં આકડાનાં પાંદ ખાધાં ને તુરંત આંધળો થઇ ગયો. કાંઇ દેખાતું નથી તેથી અચાનક કૂવામાં પડી ગયો.’’ ગુરુની આંખમાં આંસુ આવી ગયાં. કેટલી કઠણ પરીક્ષા લીધી છતાં બીલકુલ અભાવ આવ્યો નથી. વાત

કરવી સહેલી છે પણ ગુરુની અનુવૃત્તિ સાંચવવી તે ભારે કઠણ છે.

**ઉપમન્યુ પરીક્ષામાં પાસ થયા.**

ભગવાનની પરીક્ષામાં જે પાસ થાય છે તે માયાના ચક્કરમાંથી બહાર નીકળી જાય અને અક્ષરધામ સુધી પહોંચી જાય. ગુરુ કહે છે, ''ઉપમન્યુ, હું તારા ઉપર ખૂબ રાજી થયો છું. તું જે માગે તે આપું.'' ''ગુરુદેવ, તમે રાજી થયા એથી વિશેષ શું હોય?! મને તમારો ક્યારેય પણ અભાવ ન આવે દાસ ના દાસ થઈને સર્વે સંતોની સેવા કરું, પ્રભુમાં અતિશે પ્રેમભાવ વધતો રહે એવા આશીર્વાદ આપો.'' ''તથાસ્તુ! તમારા માગ્યા મુજબ થશે. તદ્‌ઉપરાંત મારી પાસે જે આધ્યાત્મિક જ્ઞાન છે, તપનું ફળ છે તેને હું તને અર્પણ કરું છું. તમને સદાય બ્રહ્મવિદ્યાની સ્ફુર્તિ રહેશે.'' એમ કહી બાથમાં લઈને ભેટીને રાજીપો વ્યક્ત કર્યો અને ઉપમન્યુની આંખ ઉપર હાથ ફેરવ્યો કે તુરંત દેખતો થઈ ગયો. શરીર સશક્ત થઈ ગયું.

**કેળવ્યા વગર કોઈ વસ્તુ કામ લાગતી નથી.**

શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, ભગવાન આપણને કસણીમાં રાખે તેમ તેમ વધું રાજી થવું જોઈએ. ભગવાન જેમ જેમ મને વધુ દુઃખ દેશે તેમ તેમ વધુ મારે વશ થશે. પળ માત્ર મારાથી છેટે નહિ રહે. એવું સમજીને જેમ જેમ ભગવાન અતિ કસણી દેતા જાય તેમ તેમ રાજી થવું પણ કોઈ રીતે દુઃખ દેખીને અથવા દેહના સુખ સારું પાછો પગ ભરવો નહિ.

**એમ ગુરુની આગન્યા , જે પાળે પરમ સુજાણ ।**
**નિરવિઘન તે નર થઇ, પામે પદ નિરવાણ ॥**

દેહના સુખને નહિ ગણકારી ગુરુને ખૂબ રાજી કર્યા તો વિના સાધને વિના મહેનતે બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થઈ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, તન ગમે તે ક્રિયામાં હોય પરંતુ મન તો અખંડ હરિની મૂર્તિમાં રાખવું. મનને સતત મૂર્તિમાં રાખવું તેને જ સાચું ભજન કહેવાય. જેનું મન ભગવાનમાં રહેવા લાગ્યું તે શ્રીજીમહારાજની અતિ નજીકમાં નજીક થાય છે. અને તે મુક્ત બને છે. શ્રી હરિનું ભજન કીર્તન કરનાર જ મહાન બને છે.

શ્રીજીમહારાજ કહે છે, ભગવાનના ચરિત્રરૂપ જાળાને વિશે પોતાના મનને ઘુંચવી મેલવું. ભગવાનના અખંડ ઘાટ કર્યા કરવા. એક શમ્યો ને બીજો કરવો. બીજો શમ્યો ને ત્રીજો કરવો. એમ મનને ઘડી પણ નવરું રહેવા દેવું નહિ. નવરા માણસને



ખોટા વિચારો તથા ઉદ્વેગ વધી જાય છે. નવરા તો રહેવું નહિ. નોકરી ધંધો કરતાં કરતાં અખંડ પ્રભુને સંભાળવા. કીર્તન ગાવાં, શાસ્ત્રોનું વાંચન કરવું. પણ નવરું રહેવું નહિ. સમય કીંમતી છે. ખોટા ખરચા બિલકુલ બંધ કરી દેવા. સર્વોપરી અને સર્વકર્તા શ્રી સ્વામિનારાયણ ભગવાનનું શરણું મળ્યું છે તેનો જોરદાર કેફ રાખવો.

**મન ગમતું મેલી કરી, રહે આજ્ઞાને અનુસાર ।**
**તેજ શિષ્ય સાચા ખરા, બીજા સરવે સંતાપનાર ॥**

મનનું ધાર્યું મૂકવું અને હરિનું ધાર્યું કરવું. મનને કાબુમાં રાખો તો મોક્ષ અને મનને છુટું મૂકો તો બંધન છે. અનાદિકાળથી માણસને મનનું ધાર્યું કરવાનો સ્વભાવ છે. મનને મેરુ પર્વત સમાન મજબૂત રાખવું જોઈએ. મન સાથે લડાઈ કરવી તે શૂરવીરનું કામ છે. મન વિના પ્રયોજને ચાળા કરે છે. દિવ્ય દૃષ્ટિથી જગતને જુઓ તો ક્યારેય પણ મનમાં ખોટી અસર થશે નહિ.

ગુરુ વાળે તેમ વળવું, તજી અહંતા ને અભિમાન. સદ્‌ગુણોનો અહંકાર ન આવે એ સાચા સાધુ છે. જે પાણી ડુબાડે છે તે પાણી તારે છે. જે અગ્નિ દઝાડે છે તે જ ઠંડી ઉડાડે છે. જે મન મુઝાવે છે તે જ મન મુક્તિ અપાવે છે. એનો ઉપયોગ કરતાં આવડવો જોઈએ.

**કુક્કર કાનના કીટ સરિખા, શિષ્ય ન થાવું સમઝી ।**
**ગુરુ વાળે તેમ વળવું, અહંતા મમતા મનની તજી ॥**

કૂતરાના કાનમાં કીડા પડે ત્યારે કૂતરાનું જ લોહી પીવે અને કૂતરાનું મગજ સડવી નાખે ને મારી નાખે. સ્વામી કહે છે, ભલા થઈને કૂતરાના કાનમાં કીડા પડે તેવા શિષ્ય થાશો નહિ. ગુરુનું લોહી પીને હૈયાને બાળીને હેરાન કરજો નહિ.

**ગુરુને કાંકરા ખવરાવ્યા.**

સત્સંગની મા સમાન મુક્તાનંદ સ્વામીને શરીરે ક્ષયરોગ હતો, તેથી ગળ્યું ચીકણું કાંઈ જમી શકાય નહિ. કેવળ મગની ખીચડી જમતા. બીમાર માણસ માટે મગ છે તે ઉત્તમ ખોરાક છે. શ્રીજીમહારાજે એક સાધુને કહ્યું, ''તમે મુક્તાનંદસ્વામીની સેવામાં રહો. એમને રૂચે એવું જમાડજો ને ખૂબ ભાવ શ્રધ્ધાથી સેવા અને અનુવૃત્તિ સાચવીને રાજીપે સેવા કરજો.'' સાધુરામને મુક્તાનંદ સ્વામીનો મહિમા નહિ. રજોગુણી પ્રકૃતિ હતી. બહારવૃતિ હતી તેથી સ્વામીને કાંઈ પૂછે નહિ. પગ દાબે નહિ. અહંકારમાં ફર્યા કરે. વડીલ સંતો પ્રત્યે ભાવ નહિ. સાવ સૂકા હ્રદયનો હતો.

મગ સાફ કર્યા વગર ખીચડી રાંધી આપે. ક્યારેક ખીચડી કાચી હોય. ક્યારેક દાઝી ગઇ હોય છતાં સ્વામી કાંઇ બોલે નહિ. ભગવાનનું નામ લેતાં જમી લે. સાધુરામ જલદી જલદી ખીચડી રાંધીને સ્વામીને આપી દે. પછી વિધ્યાભ્યાસ કરવા ચાલ્યા જાય. એક વખત મુક્તાનંદ સ્વામી જમતા હતા ત્યારે નિત્યાનંદ સ્વામી દર્શન કરવા આવ્યા. પગે લાગીને બેઠા. સ્વામીને કહ્યું, ''મને પ્રસાદીની ખીચડી આપો.'' મુક્તાનંદ સ્વામીને થયું જો નિત્યાનંદ સ્વામીને ખીચડી આપીશ તો સાધુરામને ઠપકો આપશે તેથી પ્રસાદીની ખીચડી આપી નહિ. નિત્યાનંદ સ્વામી કહે છે, ''સ્વામી! આજે મને પ્રસાદી આપવી જ પડશે.''

બહુ હઠ કરી ત્યારે પોતાના પાત્રમાંથી પ્રસાદીની ખીચડી આપી. જ્યાં નિત્યાનંદ સ્વામીએ મુખમાં ખીચડી નાખી... કાંકરા હોવાથી ગળે ઉતરે નહિ. દાઢ અંબાઇ ગઇ. ઊઠીને થૂંકી આવ્યા. સાધુરામને ઠપકો આપ્યો. ''આવી જીણી કાંકરી સ્વામીને ખવરાવો છો?! મગ કેમ સાફ કરતા નથી?! બીમાર સંતને આવી ખીચડી ભાવે? બીમારીમાં વધારો કરો છો?!'' ત્યારે સાધુરામ જોરથી બોલ્યા, ''હું નવરો નથી!''

### "મગ સાફ કરું તો ભણું ક્યારે?!"

''ભૂખ લાગશે તો પોતે ખાઇ જશે.'' આવો ઉધ્ધત જવાબ આપ્યો તેથી નિત્યાનંદ સ્વામી બોલ્યા, ''તમારા બદલે બીજા સંતને સેવામાં રાખવા જોઇશે.'' ''રાખી લ્યોને! હું તો છૂટો થાઉં. મને બંધન ગમતું નથી. મને ભણવું ગમે છે.'' આટલું બોલી ચાલ્યો ગયો. નિત્યાનંદ સ્વામીએ પછી એક સાચા સેવાભાવી મહિમાવાળા અનુપાનંદ સ્વામીને કહ્યું, ''સ્વામી! તમે આ મુક્તાનંદ સ્વામીની સેવામાં રહેશો?'' અનુપાનંદ સ્વામીએ કહ્યું, ''મારા એવાં ભાગ્ય ક્યાંથી કે મને આવા મહાન સંતની સેવા મળે. હું ખૂબ ભાવથી સેવા કરીશ. તમે ચિંતા ન કરો.'' નિત્યાનંદ સ્વામી બહુ રાજી થયા.

ઉધ્ધત સાધુને મુક્તાનંદ સ્વામીનો અવગુણ આવી ગયો. જ્યાં જાય ત્યાં અભાવ લીધા કરે. પોતે દ્રોહ કરે ને બીજાને દ્રોહ કરીને ભરાવે. નસેનસમાં મુક્તાનંદ સ્વામીનો અવગુણ ભરાઇ ગયો. એક વખત મુક્તાનંદ સ્વામીને શરીરે સારૂ નહોતું. તેથી અનુપાનંદ સ્વામીએ ખારો પુડલો બનાવ્યો. ઠાકોરજીને જમાડીને મુક્તાનંદ સ્વામીના પાત્રમાં જમવા માટે આપ્યો. દ્રોહી સાધુ ત્યાંથી પસાર થયો. પાત્રમાં પુડલો જોયો અને મુક્તાનંદ સ્વામીને કહ્યું, જોરથી બોલ્યો, ''ઓ હો હો! સભામાં બધાને રસાસ્વાદ જીતવાની વાત કરે છે. પોતે પુડલા ખાય છે.''



રગેરગમાં અભાવ છવાઇ ગયો. બધા સાધુ સંતો ભક્તોની પંક્તિમાં ફરતો જાય ને ફજેતી કરતો જાય, ''શ્રીજીમહારાજની આજ્ઞા પાળતા નથી ને મોટા થઇને પૂજાય છે. આવા સાધુને પગે લાગે તે મૂર્ખ છે!'' મનમાં ફુલાતો ફરે કે હું કેવો હોંશીયાર ને ડાહ્યો છું. શ્રેષ્ઠ સંતનો અભાવ લેવાથી પુણ્ય બળીને ભસ્મ થઇ ગયાં. કર્યાં કર્મ ભોગવવાનો વારો આવી ગયો.

દ્રોહી સાધુ સખત બીમાર થઇ ગયો. ખાવા પીવાનું કાંઇ ભાવતું નથી. પેટમાં ભોજન ટકતું નથી. જે વસ્તુ જમે તેમાં ઇયળ દેખાય છે. પેટમાં સખત પીડા ઉપડી. દુઃખનો કોઇ પાર નથી. ખૂબ રિબાય છે. પાણી વિના માછલી તરફડે તેમ તડફડીયાં મારે છે. પગ ઘસીને ઊંચે સાદે રડે છે. શરીર સાવ ફિક્કું થઇ ગયું. રાત્રે નિદ્રા આવતી નથી. હવે શું કરવું? કાંઇ સૂઝતું નથી. ઊઠવાની શક્તિ નથી. મરવા જેવો થઇ ગયો. ગોપાળાનંદ સ્વામીને વાત કરી. ''મને આ દુઃખથી મુક્ત કરો.'' ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, ''તમે મુક્તાનંદ સ્વામીનો ખૂબ અભાવ લીધો છે તેથી દુઃખી થાવ છો. કર્યાં કર્મ ભાગવો છો.''

### વિદ્વાન સંતો સંપ્રદાયની શોભા છે.

''મુક્તાનંદ સ્વામી પાસે જાવ ને માફી માગો તો કાંઇક સારું થશે નહિંતર વગર મોતે મરી જશો.'' પછી તે દ્રોહી સાધુએ મુક્તાનંદ સ્વામી પાસે આવી રડતાં રડતાં માફી માગી. ''મને ક્ષમા કરો.'' સ્વામીએ કહ્યું, ''શ્રીજીમહારાજ સારું કરશે.'' માફી માગવાથી સેજ સારું થયું પણ પહેલાંના જેવું શરીર રહ્યું નહિ. ઊંચે પગથીયે ચડેલો જીવાત્મા નીચે પછડાઇ ગયો. જન્મ હારી ગયો. સાક્ષાત પુરુષોતમ નારાયણનાં દર્શન થયાં છતાં મોક્ષથી વંચિત રહી ગયો. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આવા શિષ્ય છે તે કૂતરાના કાનમાં કીડા પડે એવા છે. મરીને અનેક વખત કીડાની યોનિમાં ભટકે છે. માટે ચેતી જાવ ને પાપથી અટકી જાવ. નહિંતર ભયંકર સજા ભોગવવી પડશે.

જે બીજાને સુખી કરે છે તે પોતે સુખી થાય છે.
જે બીજાનું ભલું કરે છે તો તેનું ચોક્કસ ભલું થાય છે.
જે બીજામાં દિવ્ય ભાવ રાખે છે તે પોતે દિવ્ય બની જાય છે.
જે બીજાને મુક્ત માને છે તો તે પોતે મુક્ત બની જાય છે.

શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે, ભગવાનના સાચા સંતો અને ભક્તો છે તે કેવળ બ્રહ્મની મૂર્તિ છે. તેમાં મનષ્ય ભાવ લાવવો નહિ. વિદ્વાન સંતો સંપ્રદાયની

શોભારૂપ છે. હરિ ચરણમાં સ્નેહ તે જ સાચો મોક્ષ છે.

**મંદિરનો આત્મા પ્રભુની મૂર્તિ છે.**
**તેના પ્રાણ વર્તનશીલ સંતો છે.**

વચનામૃતમેં શ્રી હરિ કહતે હૈં, ભગવાન ઓર ભગવાનકે સંતકો કુરાજી કરતે હૈં, યદ્યપિ સ્વર્ગમેં જાને યોગ્ય કર્મ કિયા હો તો ભી ઉશકા નાશ હો જાય ઔર નરકમેં ગિરના પડે. પરંતુ સંતકો રાજી કરતે હૈ તો કર્મમેં નરકમેં જાનેકા પ્રારબ્ધ હો તો ઉસકે અશુભ કર્મ નાશ હો જાતે હૈં ઔર પરમપદકો પાતે હૈં .

**ગુરુકૃપાએ સુખ પામીયે, ગુરુકૃપાયે ઉપજે જ્ઞાન ।**
**નિષ્કુલાનંદ ગુરુ કૃપા કરે, તો આપે અવિચળ દાન ॥**

ગુરુ કૃપાથી સાચા સુખની પ્રાપ્તિ થાય છે. જ્ઞાન ગુરુ કૃપાથી મળે છે. ગુરુ કોને કહેવાય? અંધકારમાંથી પ્રકાશમાં લઈ જાય તેને ગુરુ કહેવાય. અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશમાં લઈ જાય તેને ગુરુ કહેવાય. માયામાં રમતા મનને મોહનવરમાં રમતું કરી દે તેને ગુરુ કહેવાય. એક વાત સમજવા જેવી છે. ગુરુની સેવા કર્યા વિના જ્ઞાન માટેની પાત્રતા આવતી નથી. શ્રી કૃષ્ણ ભગવાને સાંદીપનિ ઋષિને ત્યાં રહીને વિધ્યાભ્યાસ કર્યો છે અને સેવા પણ કરી છે. ભગવાન સ્વામિનારાયણે ગુરુ રામાનંદ સ્વામીની ખૂબ ભાવથી સેવા કરી છે. રામાવતારમાં ભગવાને ગુરુ વશિષ્ઠજીની સેવા કરી છે.

**ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણું : ગુરુ દેવો મહેશ્વર:**
**ગુરુ: સાક્ષાત્ પરંબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમ:**

બ્રહ્માજી સૃષ્ટિનું સર્જન કરે છે તેમ ગુરુ આપણા ચિત્તમાં અધ્યાત્મિક જ્ઞાનનું સર્જન કરે છે. વિષ્ણુ સૃષ્ટિનું પાલન કરે છે તેમ ગુરુ અધ્યાત્મિક સંસ્કારનું પાલન કરે છે. મહેશ્વર (શિવ) સૃષ્ટિનું સંહાર કરે છે તેમ ગુરુ અહંભાવ, વિકાર, દુઃખદ ગ્રંથીનો સંહાર કરે છે.

ગુરુ સાક્ષાત પરંબ્રહ્મ... બ્રહ્માજીના હૃદયમાં જે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે, શિવના હૃદયમાં જે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે, તે પરબ્રહ્મ નારાયણ મારા સદ્‌ગુરુ છે. તેને હું નમસ્કાર કરું છું.

**ગુરુ કેવા હોવા જોઇએ?!**

ગુરુ શિષ્ય બેય હિમાલયની યાત્રાએ જાય છે. હિમાલયની યાત્રા એટલે કઠિન યાત્રા. ચાલીને જવાનું. હમણાંની માફક વાહન નહિ. વાહન જઇ શકે તેવા રસ્તા



નહિ. ચારે બાજુ હીમથી ભરેલી ધરતી. ઠંડા પર્વતોની સખત શીતળ હવા. સીધાં ચઢાણ બહુ કપરા ડુંગર ચડવાને ઉતરવા. ગુરુએ તો આવી અનેક વાર યાત્રા કરેલી પણ શિષ્ય સાવ નવો. એની આ પ્રથમ યાત્રા. શિષ્ય થાકી ગયો. ગળું સૂકાવા લાગ્યું. ઠંડો પવન બરછી જેવો લાગે છે. શિષ્ય ગુરુની પાછળ પાછળ ચાલ્યો જાય છે. બે દિવસ માંડ માંડ ચાલ્યો, પછી થોડી થોડી વારે નીચે બેસી જાય. સખત તરસ લાગી છે. હવે શું કરવું? આજુ બાજુ ક્યાંય પાણી નથી. નિરાશ થઈ એક પથ્થર પર બેસી ગયો.

ગુરુએ પાછળ નજર કરી તો શિષ્ય ઘણો પાછળ રહી ગયો છે. ગુરુ બાજુમાં આવ્યા. ''બેટા, કેમ બેસી ગયો છે?'' ''ગુરુદેવ! મને ખૂબ તરસ લાગી છે. પાણી વિના મને ચક્કર આવે છે. પાણી નહિ મળે તો મારું મૃત્યુ આંહી નિશ્ચિત છે.'' ''બેટા, આગળ ચાલ તો પાણીનો બંદોબસ્ત થઈ જશે.'' ''ગુરુજી, જરાય ચલાય તેમ નથી.'' આટલું કહી શિષ્ય બિચારો ત્યાં ને ત્યાં બે શુધ્ધ થઈ ફસકાઈને ૨ડી પડ્યો. ગુરુએ તેને ઉપાડીને એક ઘટાદાર વૃક્ષની છાયામાં સુવાડ્યો. આજુ બાજુ નજર કરી ત્યાં દૂર એક ઝૂંપડું દેખાયું ત્યાં ગયા. અને સંન્યાસી પાસેથી પાણીનું તુંબડું લઇ આવ્યા.

શિષ્યને પાણી પાયું. થોડુંક ભોજન કરાવ્યું. પછી નિરાંતે આરામ કર્યો. સવાર પડી, પૂજા પાઠ કરીને પ્રભુ સ્મરણ કરતા કરતા થયા ચાલતા. ત્યાં નદી આવી. ગુરુને તરતાં આવડે છે પણ શિષ્યને તરતાં નથી આવડતું. એટલે શિષ્યને પોતાના ખભા ઉપર બેસાડીને નદી પાર કર્યો. યાત્રા ધીમે ધીમે આગળ વધી. રસ્તા બહુ ઊંચાણ વાળાને નીચાણ વાળા. પંથ કઠિન છે. યાત્રા પંથથી શિષ્ય બીમાર થઇ ગયો. ગુરુ બહુ જ સારા ને ધીરજશાળી ને દયાળુ છે. તેથી પોતાનાં કપડાં ધૂએ તેની સાથે શિષ્યનાં પણ કપડાં ધોઇને સૂકવી મૂકે.

આજુ બાજુથી ભિક્ષા માગીને શિષ્યને જમાડે. નજીકના ગામમાંથી વૈદ્ય પાસેથી ઔષધ લેવા જાય. આઠ દિવસ સુધી એક જગ્યાએ રોકાઇ ગયા. પરંતુ શિષ્ય બીમારીને લીધે અશક્ત બની ગયો. વધુ રોકાવાય એમ નથી. એટલે યાત્રા ધીરે ધીરે આગળ વધારી. પગે ચાલતા થયા. શિષ્યથી પૂજાની ઝોળી ઉપાડાય તેવી શક્તિ નથી. તેથી ગુરુએ પોતાની ઝોળીની સાથે શિષ્યની ઝોળી ઉપાડી. સામાનનું પોટલું ઉપાડ્યું અને શિષ્યના જોડા (પગરખાં) ઉપાડીને ચાલતા થયા. આટલી બધી સેવા કરતા જોઇને શિષ્ય બહુ જ શરમિંદો બની ગયો. પણ લાચાર! શું કરે? રડતાં રડતાં કહે છે, ''હે ગુરુદેવ! હું તમને ખૂબ ભારરૂપ થાઉં છું.''

વાંસા ઉપર હાથ ફેરવતા ગુરુ કહે છે, "તું જરાય રડીશ નહિ. દીકરા! ધીરજ રાખ. બધા દિવસો સરખા ન હોય. એક બીજાની સેવા કરવી તે સૌની ફરજ છે. તું જરાય ખોટું ન લગાડીશ. તું તો મારો દીકરો છો. બાપની ફરજ છે દુઃખમાં ભાગીદાર થાવું." શિષ્યની આંખ ભરાઇ આવી. "ગુરુદેવ! હું જોઇ નથી શકતો. આપ આ બધું રહેવા દો. તમારી સેવા મારે કરવી જોઇએ તેને બદલે સેવા કરાવું છું. ગુરુદેવ, મને ક્ષમા કરા!"

"બેટા, જરાય રડીશ નહિ. તું સાજો થઇ જાય ને પછી મારી સેવા કરજે." શિષ્યથી રહેવાયું નહિ. ઊંચે સાદે રડી પડ્યો. ધીમે સ્વરથી બોલ્યો, "ગુરુદેવ! હું બીમાર થઇ ગયો છું તેથી તમારી યાત્રા બરાબર થઇ શકતી નથી. તો આપ એમ કરો, હું આંહી રોકાઇ જાઉં. શરીર સારૂં થઇ જશે ત્યારે પૂછતો પૂછતો આપની પાછળ આવી જઇશ."

**ફક્ત સેવા સ્વીકારો નહિ, સમો આવે ત્યારે સેવા પણ કરો.**

"ના બેટા! તને બીમારી વખતે મૂકીને જાઉં તો તારી સંભાળ કોણ લે? અશક્ત અનુયાયીને આ પરિસ્થિતિમાં મૂકીને જવું એ તો પાપ છે." "ગુરુદેવ! આપે ક્યાં સેવા ઓછી કરી છે! આજ કેટલા બધા દિવસથી આપ ભિક્ષા ભોજન લાવી મારા દુર્બળ દેહને પોષી રહ્યા છો. મારા શરીરને ખભા ઉપર ઉંચકીને નદી પાર કર્યું છે. મારા અશક્ત શરીર માટે ત્રણ ચાર ગાઉ ચાલીને ગામમાં જઇ વૈદ પાસેથી ઔષધી લાવી આપો છો. મારો સામાન તમે ઉપાડો છો. અરે, બીજુ તો ઠીક પણ મારા જોડા પણ તમે ઉપાડો છો. ગુરુદેવ! હવે બસ કરો. મને આંહી મૂકી જાવ. સાજો થઇશ ત્યારે શોધતો શોધતો ભેગો થઇ જઇશ."

વાત્સલ્યપુર્ણ હાથ ફેરવતાં ગુરુજી બોલ્યા, "બેટા! મને ખબર છે, હું તારી સેવા કરું છું તેથી તારું દિલ દુભાય છે. તને ક્ષોભ થાય છે પણ દીકરા, આવી દુઃખી સ્થિતિમાં તને અધવચે છોડીને હું આગળ વધુ તો મારું સંતત્વ લાજે. માટે એવો વિચાર મનમાં લાવીશ નહિ." થોડા દિવસ ત્યાં જ રોકાઇ ગયા. એક મહિના પછી શિષ્યને સારું થઇ ગયું ને હિમાલય પહોંચી ગયા.

બદ્રિનારાયણ ભગવાનનાં દર્શન કર્યાં. ગંગાજીમાં સ્નાન કર્યું. જે શિષ્ય બીમાર થઇ ગયા હતા તે શિષ્ય બીજા કોઇ નહિ પણ તે સંત છે આપણા ભારતના સ્વામી વિવેકાનંદજી. અને જે ગુરુએ સેવા કરી તે સંત છે સદાનંદજી. ધન્ય છે આવા ગુરુને



અને ધન્ય છે આવા શિષ્યને જેણે આખા જગતને માર્ગ દર્શન આપ્યું સેવા કરવાનું. ફક્ત સેવા સ્વીકારો નહિ. સમો આવે ત્યારે સેવા કરો પણ.

વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, જેને પરમેશ્વર ભજવા હોય તેને ભગવાનની અથવા ભગવાનના ભક્તની સેવા ચાકરી મળે ત્યારે મોટું ભાગ્ય માનીને સેવા કરવી.

**એ કહ્યા સરવે પરોક્ષ હરિજનજી,**
**એને કેને પ્રગટ નથી મળ્યા ભગવનજી ।**
**તોય કોઇ મોળા ન પડિયા મનજી,**
**કહું વાર હજાર એને ધન્યધન્યજી ॥૧॥**

નિષ્કુળાનંદસ્વામી ધીરજશાળી ભક્તજનોને ધન્યવાદ આપે છે. ધન્ય ધન્ય એહ જનને, જેણે શિશ સાટે સોદો કર્યો, તન મનની આશ તજીને, ભજ્યા શ્રી ભગવાન. મોક્ષ માર્ગની સંપૂર્ણ સિધ્ધિ મેળવવા માટે પ્રભુની આજ્ઞા અને ઉપાસના બે મુખ્ય બાબતો માનવામાં આવી છે. પ્રભુની સમીપમાં રહેવાની પ્રબળ ઇચ્છા હોય તો પ્રભુના અને સાચા ગુરુના ગમતા પ્રમાણે રહીને પ્રત્યેક આજ્ઞાનું યથાર્થ પાલન કરશું તો શ્રીજી મહારાજ અખંડ પોતાની મૂર્તિનું સુખ આપશે.

**પ્રસન્ન ચિતવાળાની બુધ્ધિ જલદી સ્થિર થાય છે.**

બગ હોય ત્યાં હંસ પણ હોય. કાગ હોય ત્યાં કોયલ પણ હોય. ચોર હોય ત્યાં શાહુકાર પણ હોય. સૂર્ય હોય ત્યાં ચંદ્ર પણ હોય. પુણ્યવાન હોય ત્યાં પાપી પણ હોય. ખોટું હોય ત્યાં સાચું પણ હોય. આ જગતની અંદર જૂઠું ને સાચું બેય હોય પણ શિષ્યને વિચારીને મન સોંપવું જોઇએ.

**આગળ ચાલતાં આનંદ અતિ, આવે ઝટ દઇ ૧રણઝુંપરે ।**
**એક લડી મરે એક બળી ટળે, માને બેઉ વાત અનૂપરે ॥૪॥**
**તેમજ સાચા સંતને, તજી જોઇએ તે તનની આશ ।**
**દેહ રખા કાયરના, તેતો કેદિ ન હોય હરિદાસ ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, શૂરવીર ભક્તો હિંમત હારતા નથી. સતી અને શૂરાની રીત એક જ છે. શૂરવીર સંતને તનની તજવી આશ. દેહ રખા અને કાયરતા દૂર કરો ને થાવ હરિના દાસ. અંતરશત્રૂને દબાવવીને વર્તતા હોય એવા શૂરવીર થવા

માટે શૂરવીર સંતને તમારો હાથ સોંપો. સમજવા જેવી કથા છે. બગલા ઘણા હોય, હંસ ઓછા હોય. બધી જગ્યાએ અસત્ય ન હોય. કોઇ જગ્યામાં સત્ય પણ હોય. જેટલા સંતો છે તે બધા અસત્ય ન હોય. તેમાં નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી જેવા પણ હોય. વસ્ત્ર કલર પરથી માપ નીકળી શકે નહિ. કલર તો બગલાનો ધોળો છે ને હંસનો પણ ધોળો છે.

હંસ ક્યાં રહે છે? હંસ માનસરોવરના કિનારે રહે છે. ભૂલે ચૂકે પણ ગટર અને ઉકરડા જેવા કુસંગમાં જતા નથી. નિષ્કુળાનંદ સ્વામીનો કહેવાનો મુખ્ય હેતુ એ છે કે હંસ જેવા પરમહંસનો સંગ કરજો. પણ કાગડા જેવા બગલા જેવા દંભીનો સંગ ભૂલે ચૂકે પણ કરશો નહિ.

**હરિદાસને હોય હિંમત ઘણી, ગણે તનને તરણા તોલ ।**
**લાલચ મેલી આ લોકસુખની, પામવા વસ્તુ અમોલ ॥**
**અચળ સુખમાં આવી ઘણી, પૂરણ વળી પ્રતીત ।**
**અસત્ય સુખ પણ ઓળખ્યું, જાણ્યું જેવી છે એની રીત ॥**

લાલચ મેલી આ લોકના સુખની ગણે તરણા સરખો સંસાર. અસત્ય સુખથી મન ઉતર્યું, લાગે સ્વપ્ના જેવો સંસાર. હરિદાસને હિંમત પૂર્વક ભજન કરી ઉતરવું ભવપાર. અનંત કોટી બ્રહ્માંડના ધણીને રાજી કરવા હોય તો શું કરવું? આપણને સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનનો યોગ થયો છે તેથી અમારૂં કલ્યાણ થઇ જશે. કેવળ માની લેવાની જરૂર નથી. એમને પૂરેપૂરા ભાવથી સેવવા જોઇશે. એમની મરજી સાચવવી જોઇશે. એમને શું ગમે છે તે સમજવું પડશે. ભગવાન સ્વામિનારાયણનો દઢતા પૂર્વક આશ્રય રાખવો જોઇશે. જેને ભગવાનનો નિશ્ચય છે તે જીવાત્મા જગદીશ સાથે પરણી ચૂક્યો. પ્રતિકુળ સંજોગોમાં ભોજન છૂટે પણ ભજન ન છૂટે તેની ભક્તિ સાચી છે.

**પડયું પોતાને પારખું, ખરા ખોટાનું ખરાખરું ।**
**સુખ ઘણું માન્યું ઘનશ્યામમાં, મેલ્યું અલ્પ સુખ અળગું પરું ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, અલ્પ સુખને પરહરો ને હરિમાં હેત કરો. આ જગતની અંદર મનુષ્યોનો એક મોટો અવિવેક છે. તેમને સંપત્તિ અને સંતાનમાં સુખ દેખાય છે. જો સંપત્તિ અને સંતાનમાં સુખ હોય તો મોટા મોટા શેઠીયા કરોડપતિ સુખી હોવા જોઇએ. તેમને પુછી જુઓ સુખી છો? આપણને એમ છે કે સગવડતા વાળા



સુખી હશે. પરંતુ સુખી નથી. સુખી જેવું દેખાવું અને સુખી હોવું આ બન્ને વસ્તુ જુદી છે.

**મરવાથી મોક્ષ થતો નથી.**
**વાસના મારવાથી મોક્ષ થાય છે.**

શ્રી સ્વામિનારાયણ ભગવાને ગઢપુરમાં પરમ વિશ્વાસુ ભક્ત દાદાખાચર પાસે સાત વખત દીવાલ પડાવી. એ દીવાલ નહોતા પડાવતા પરંતુ તેનું મન પારખતા હતા. પરીક્ષા લેતા હતા. દાદાખાચરને જરાય અવગુણ આવ્યો નહિ.

**શિદને ખાય ખાટી છાશને, મેલી પીયુષ રસ પ્રવાહ ।**
**પટુ પાંબરી પરહરીને, કરે કોણ ચરમની ચાહ ॥**
**તેમ ભક્ત જક્તનાં સુખ જોઇને, લોભાય નહિ લગાર ।**
**નિષ્કુલાનંદ તેહ ભક્ત સાચા, ફેર નહિ રતિ ભાર ॥**

જેને ભગવાનનું મહા અલૌકિક સુખ મનાયુ છે તે આ જગતના પંચ વિષય સુખ માટે માયા અને મોહમાં દોડાદોડ કરતા નથી. તેમની તમામ જવાબદારી શ્રી હરિ નિભાવે છે. નિષ્કુળાનંદસ્વામી કહે છે, શિદને ખાય ખાટી છાસને, મૂકી અમૃતરસની આશ. અમૃત જેવો સત્સંગમાં ભક્તિનો, કથા કીર્તન ધ્યાન ભજનનો રસ મળે છે. તેને મૂકીને તુચ્છ વિષયમાં કોણ બંધાય? મૂર્ખ હોય તે અમૃત તજીને ખાટી છાશ પીવા જાય. સ્વામી કહે છે, પટુ પાંબરી પરહરીને કરે કોણ ચરમની ચાહ. સરસ મજાની રેશમ જેવી શાલ મૂકીને મરી ગયેલા પશુના ચામડાને કોણ ઓઢે. સોના જેવો સત્સંગ મૂકીને માયાના કાદવ કીચડમાં કોણ પડે! મૂર્ખ અને અજ્ઞાનીને આ વાત સમજાતી નથી.

**ભગવાન સન્મુખ વાળવાનો ઉપદેશ**
**નિષ્કુળાનંદ સ્વામી આપે છે.**

દાસપણું અને દીનપણું આવે છે તેની ભક્તિ ભગવાનને બહુ ગમે છે. પણ દાસપણું આવવું ઘણું કઠણ છે. શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે, કથા કીર્તનાદિક કરતા હોઇએ ત્યારે એવી મસ્તાઇ આવે છે જે જાણીને દિવાના થઇ જવાશે. પ્રભુમાં ગુલતાન થઇને ભજન કરવું.

**સાચા ભક્તની રીત સર્વે સાચી સહી, સાચાં સર્વે આચરણ એનાં ।**
**ખાતાં પીતાં સુતાં જાગતાં જાણિયે, ઉપદેશ રૂપ અનૂપ તેનાં; સાચા. ॥**

સાચા સંત અને સાચા ભક્તની રીત સાચી જ હોય છે. કોઇ ખોટી રીત બતાવતા

નથી. સાચો રસ્તો બતાવે છે. સંપૂર્ણ ભરેલો ઘડો કોઇ દિવસ અવાજ કરતો નથી. પણ અધૂરો ઘડો અવાજ કરે છે. ડચકે છે. જે માણસના અંદર સદ્‌ગુણો રહ્યા છે તે કોઇ દિવસ બહુ બોલ બોલ કરે નહિ. એ કાર્ય કરી બતાવે. બોલે ઓછું અને કામ ઘણું કરે. ઘણા માણસો બોલે ઘણું પણ કામ એનાથી કાંઇ થાય નહિ.

નિષ્કુળાનંદ સ્વામી સાચા ભક્તના એંધાણ કહે છે, હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં, બોલતાં પારખી લઇએ, સાચા આચરણ તરત જણાઇ આવશે. વાણી ઉપરથી તરત ઓળખાઇ જાશે. એમની વાણીમાં વિવેક હશે. અને આંખ કરુણારસથી ભરી હશે. એમના વસ્ત્રમાં સાદાઇ જોવા મળશે. જગત સંબધી વિષયથી દૂર રહેશે. સાચા સંતો અને ભક્તોનો નિશ્ચય મેરુ સમાન હોય છે. તે દુઃખમાં ડગી જાય નહિ. સુખમાં છકી જાય નહિ.

મેરુ પર્વત કદાચ ડીગ સક્તા શાયદ પરંતુ સચ્ચે ભક્તજનોં કે મન કભી નહિ ડીગતે. લડાઈમેં યોધ્ધા હર કદમ શત્રુસે લડતા હૈ ઔર અપને દેશકી આઝાદી ચાહતા હે. વૈસે હી સચ્ચે સંત અંતરશત્રૂ કે સાથ લડત લેતે હૈ ઓર ખુદકે આત્મારૂપી દેહકો મોક્ષધામમેં પહૂંચાતે હૈ.

**નિર્વાસનિક ભક્ત પિંડ બ્રહ્માંડમાં ક્યાંય બંધાતા નથી.**

**જેજે આચરણ સાચા સંત આચરે, તેતે સર્વે છે વળી સુખકારી ।**
**અખંડ ધામમાં એજ પોં'ચાડે, નિષ્કુલાનંદ કહેછે વિચારી; સાચા. ॥**

સાચા સંતો સુખકારી અને મોક્ષના દાતા છે. શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, શિવ બ્રહ્માદિક ડાહ્યા છે. તે અનેક વાતની યુક્તિ લાવીને પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંત તેને જ કલ્યાણના દાતા બતાવે છે. સોનાને કાટ ન લાગે, અગ્નિને ઉધઇ ન લાગે. સાચા સંતોને માયા ન લાગે. સંતો દીવાદાંડી રૂપ છે. ઠંડી મીઠી વડલાની છાયા સમાન છે. તેની છાયામાં વિસામો લ્યો અને જીવન સફળ કરો. સાચા સંતો દરેક ક્રિયામાં ભગવાનને સાથે રાખે છે. એક ક્ષણ પણ ભગવાનને ભૂલતા નથી. અને જગતની માયામાં લોભાતા નથી. સંપૂર્ણ પણે અષ્ટ પ્રકારે ધન સ્ત્રીનો ત્યાગ રાખે છે. પ્રલોભનમાં લોભાતા નથી. ખોટા રૂપિયા ઉપર મોહ થતો નથી. તેમ ખોટા જગત ઉપર આસક્તિનો અભાવ રાખે છે.

**દયાળુ મુદ્‌ગલ ઋષિ.**

**સુણો એક મૃદ્ગલ ઋષિની રીતજી, વીણે અન્ન દિન પંદરલગી નિત્યજી**



**કરી પાક જમાડે અભ્યાગત ઘણે હિતજી,**
**વધે અન્ન તેહ જમે કરી અતિ પ્રીતજી**

એક મુદ્‌ગુલ ઋષિ હતા. અખંડ પ્રભુનું સ્મરણ કરે. વાડી અને ખેતરમાંથી ખેડૂત મોલ કાપીને ખરવાડમાં લઇ જાય પણ વાડીમાં જે દાણા ઢોળાઇ ગયા હોય તે અન્નના દાણા મુદ્‌ગલ ઋષિ વીણતા જાય ને પ્રભુનું નામ લેતા જાય. અખંડ જપ ચાલુ છે. ચૌદ દિવસ સુધી અનાજના દાણા વીણે ને પંદરમે દિવસે વીણેલા અનાજમાંથી રસોઇ બનાવે. ભગવાનને જમાડીને પછી વાટ જુએ. કોઇ અતિથિ અભ્યાગત આવે તો જમાડીને પછી જમીશ. કોઇ ભિક્ષુક આવી જાય તો પ્રેમથી તેને જમાડે ને રાજી થાય. મારો દાખડો સફળ થયો.

શીલોચ્છ વૃતિથી અન્ન એકઠું કરે. પંદરમા દિવસે રસોઇ બનાવી જમવાની તૈયારી કરે છે ત્યાં કોઇક અતિથી આવી જ જાય. ઋષિ સમાજમાં મુદ્‌ગલ ઋષિની કીર્તિ વધવા લાગી. મુદ્‌ગલ ખૂબ દયાળુ છે. દાણો દાણો કરીને અનાજ વીણીને ભિક્ષુકને જમાડીને રાજી થાય છે.

**કરી પ્રીત અતિ જમતો, ત્યાં દુર્વાસા ઋષિ આવિયા ।**
**અતિ આદર દઇ બ્રાહ્મણે, જમવાને બેસારિયા ॥**

આ વાતની દુર્વાસા ઋષિને ખબર પડી. એની કીર્તિ કેમ વધતી જાય છે? ગમે તેમ કરીને પાછો પાડીશ. જ્યાં જમવાની તૈયારી કરે છે ત્યાં દુર્વાસા ઋષિ મુદ્‌ગલ ઋષિના આશ્રમમાં આવ્યા. મુદ્‌ગલ ઋષિએ વિવેક પૂર્વક આવકાર આપ્યો. "પધારો ઋષિરાજ, પધારો." નમસ્કાર કરી આદર સહિત જમવા બેસાડ્યા. જેટલું ભોજન પીરસેલું હતું તે બધું જમી ગયા. પછી પૂછ્યું, "હજુ ભોજન છે?" "હા છે. પાંચ અતિથિ જમે તેટલું છે." "જલદી લઇ આવો. મને ભૂખ લાગી છે."

**જમી અન્ન જે વધ્યું હતું, તે ચોળી પોતાને તન ।**
**ચટક દઇ ચાલી નિસર્યા, ગયા શિવને ભવન ॥**

દુર્વાસા ઋષિએ વિચાર કર્યો, હવે પેટમાં ભૂખ નથી પણ ભોજન બાકી રહેવા દેવું નથી. કાંઇક યુક્તિ કરું. આપણે જેમ શરીરમાં સાબુ ઘસીને સ્નાન કરીએ તેમ રાંધેલું ભોજન પોતાના આખા શરીરે ચોપડી દીધું. પછી કૈલાસ પર્વત તરફ ચાલ્યા ગયા. મુદ્‌ગલ ઋષિ ભૂખ્યા રહ્યા પણ દુર્વાસા ઋષિ ઉપર જરાય ક્રોધ કર્યો નહિ. ધીરજ રાખીને હરિ ભજન કરે છે. ૐ નારાયણાય નમઃ નામ બોલતા જાય ને દાણા

વીણી ભેગા કરે. પંદર દિવસ પછી રસોઇ બનાવી જમવાની તૈયારી કરે છે ત્યાં પાછા દુર્વાસા ઋષિ પહોંચી આવ્યા. મીઠો આવકાર આપ્યો. "ભલે પધાર્યા. શાંતિથી બેસો."

**પછી પંદર દિવસે વળી, ભેળું કર્યું બ્રાહ્મણે અન્ન ।**
**તે પણ તેમનું તેમ કર્યું, તોય રહ્યા મુદ્ગલ મગન ॥**

જમાય તેટલું જમે ને બીજું શરીરે ચોપડીને ચાલ્યા જાય. દર પંદર દિવસે દુર્વાસા ઋષિ હાજર થઇ જાય. આવી રીતે એક વર્ષ સુધી આવ્યા. મુદ્ગલ ઋષિના એક વર્ષ સુધી ઉપવાસ થયા. વિચાર કરો! કેટલી ધીરજ અને સહન શકિત. આપણે જમવા બેઠા હોઇએ અને કોઇક ભિક્ષુક માંગણી કરે કે મને ખૂબ ભૂખ લાગી છે, કોઇ રોટલો આપો. ભગવાન તમારું ભલુ કરશે. તો આપણે શું કરીએ. અંતરમાંથી શું જવાબ આવે છે?

દુર્વાસા ઋષિના હ્રદયમાં વિચાર થયો. એક વર્ષ સુધી મુદ્ગલ મહર્ષિ ભૂખ્યા રહ્યા. ધીરજથી ડગાવવા માટે મેં ઘણી કોશિશ કરી પણ ધીરજથી ડગ્યા નહિ. નિરાશ થયા નહિ. તેમ છતાં મારો અભાવ પણ આવ્યો નહિ કે દુર્વાસા ઋષિ નિર્દય છે. મને હેરાન કરે છે. તેથી હું ખૂબ રાજી થયો છું. જગતમાં એની કીર્તિ અને યશ ગવાય છે તે યોગ્ય જ છે. માણસની પ્રસંશા થતી નથી પણ એના હ્યદયમાં રહેલા સદ્ગુણોની પ્રસંશા થાય છે. 'ગુણાઃ પૂજયન્તે ગુણીષુ..'

**આત્મ સંયમ એટલે આત્મિક કેળવણી.**

દુર્વાસા ઋષિ કહે છે, "હે મુદ્ગલ ઋષિ! ધન્ય છે તમારી ધીરજ શક્તિને. બે ચાર મહિના સુધી કદાચ ખાધા પીધા વિના ધીરજ રાખી શકાય પણ તમે તો બાર બાર મહિના સુધી ધીરજ રાખી ઉપવાસ કર્યા છે. તેથી રાજી થઇ કહે છે...

**ત્યારે દુર્વાસા કહે ધન્ય દ્વિજ તું, ધન્ય ધીરજ તારી નિદાન ।**
**તેહ સમામાં તેડવા, આવ્યાં વિબુધનાં વિમાન ॥**

દુર્વાસાજી મહાન તપસ્વી અને સિધ્ધ છે. કોઇને શિક્ષાને અર્થે ક્રોધ રાખેલો પણ સાચા તપસ્વી અને ભક્તિશીલ છે. ભગવાનને હ્રદયમાં ધારીને સોળસો ગોપીઓના થાળ એકલા જમી ગયા. મહાદેવજીના અંશાવતાર છે. દુર્વાસા ઋષિ કહે છે, "હે મુદ્ગલ મહર્ષિ! તમારું આયુષ્ય પૂરું થયું છે. મેં મારા તપની તાકાતથી સ્વર્ગલોકમાંથી વિમાન મોકલ્યું છે. સાથે અનેક દેવતાઓ આવ્યા છે તો વિમાનમાં બેસી જાવ ને સ્વર્ગલોકમાં પહોંચી જાવ."

મુદ્ગલ મહર્ષિએ દેવતાઓને કહ્યું, "તમારું સ્વર્ગલોક કેવું છે? કાયમી શાશ્વત



સુખ છે કે નાશવંત સુખ છે?"

**ત્યારે પૂછ્યું સુખ દુઃખ સ્વર્ગનું, કહ્યું કંઇક ચઢે પડે પણ ખરાં ।**
**ત્યારે મુદ્ગલ કહે નહિ આવું એ ધામે, લઇ જાઓ વિમાનને પરાં ॥**

દેવતાઓ કહે છે, "અમારું સ્વર્ગલોકનું સુખ અખંડ અવિચળ નથી પણ નાશવંત સુખ છે. એમાં પુણ્યશાળી જીવાત્મા ત્યાં આવે ખરા અને પાછા જાય પણ ખરા. કાયમ ત્યાં રહેવા મળે નહિ. પુણ્ય ખૂટે એટલે સ્વર્ગલોકથી પડે અને જન્મ મરણના ચક્કરમાં ફરે. ભવબંધનથી મુક્તિ મળતી નથી."

**"ક્ષિણે પુણ્યે મર્ત્ય લોકે વિશન્તિ."**

ત્યારે મુદ્ગલ ઋષિ કહે છે, "મારે એવા નાશવંત લોકમાં જાવું નથી. મારે તો અખંડ અલૌકિક શાશ્વત અવિનાશી મોક્ષધામમાં જાવું છે. તમારા વિમાન પાછાં લઇ જાવ. મને સ્વર્ગલોક પસંદ નથી." મુદ્ગલ મહર્ષિ દુર્વાસા ઋષિને પગે લાગીને નમ્રતા પૂર્વક કહ્યું, "તમે તમારા આશ્રમમાં જાવ. મને સાક્ષાત પરમેશ્વર લેવા આવશે ત્યારે હું ભગવાનની સાથે ધામમાં જઇશ." દુર્વાસા ઋષિ પોતાના આશ્રમ તરફ ચાલ્યા ગયા.

પછી મુદ્ગલ ઋષિ તપની સાથે પ્રભુ નામના જપ શરૂ કર્યા. કેવળ તપ કરવાથી મોક્ષ થતો નથી. તપની સાથે ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનો સાથ જોઇશે. અખંડ પ્રભુનું સ્મરણ કરે છે. જગત વિસરાઇ ગયું. પ્રભુના સ્મરણમાં તલ્લીન બની ગયા. અંતરવૃતિ કરી નેત્ર મીંચી પદ્માસન વાળી બન્ને હાથ ખોળામાં રાખી બેઠા છે.

**પછી અવધે તન તજી કરી, ગયા તે અખંડ ધામમાં ।**
**નિષ્કુલાનંદ કહે સહ્યું કષ્ટ જેહ, તેહ આવિયું કામમાં ॥**

શીતળ શાંત પ્રકાશ મધ્યે પ્રભુ પુરુષોતમ નારાયણ સુવર્ણમય પુષ્પક વિમાન લઇ પ્રગટ થયા. મુદ્ગલ ઋષિને પુષ્પનો હાર પહેરાવી સ્વાગત કર્યું. મુદ્ગલ ઋષિના આત્માને દિવ્ય વિમાનમાં બેસાડીને પ્રભુ પોતાના મોક્ષધામમાં તેડી ગયા.

**હરિ ચરણમાં સ્નેહ તે સાચો મોક્ષ છે.**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, મુદ્ગલ ઋષિના જેવી કદાચ ધીરજ ન રાખી શકાય પણ સમજી રાખવું કે ધીરજ મોટો ગુણ છે. તે ભગવાનના ભક્તોમાં હોવો જોઇએ. ધીરજશાળી શુભ કાર્ય કરી શકે છે. કોઇ વિચિત્ર વાત સાંભળીને અકળાઇ જવું નહિ. આદરેલું સત્તકાર્ય ધૈર્યથી ચાલુ રાખવું.

## દુનિયા તણાં દો રંગના, ધોખા કદી ધરશો નહિ.

દુનિયા દોરંગી છે. ફાવે તેમ બોલશે. એક વખત બાપ દીકરો એક ગામથી બીજે ગામ જાય છે. સાથે એક નાનુ ઘોડું (ટ્ટુ) છે. તેના ઉપર વીસ વર્ષનો યુવાન દીકરો બેઠો છે. બાપ સિત્તેર વર્ષના હતા તે પગે ચાલ્યા આવે છે. એક ગામના ભાગોળથી પસાર થયા. ત્યાં અનેક નવરા માણસો વૃક્ષ નીચે છાયામાં બેઠા છે. તેણે આ દશ્ય જોયું. તેથી યુવાન દીકરાને કહ્યું, ''અલ્યા યુવાન! તને શરમ નથી આવતી? યુવાન થઈને ઘોડા ઉપર બેઠો છે ને વૃધ્ધ બાપાને પગે ચલાવે છે. કાંઈ અક્કલ છે કે નહિ? સાવ દયા વગરનો ક્રૂર લાગે છે. નીચો ઉતર ને બાપ ઉપર દયા રાખ.''

દીકરો ઘોડા ઉપરથી નીચો ઉતરી ગયો. આગળ ચાલતા થયા. દીકરો બોલ્યો, ''પિતાજી, તમે ઘોડા ઉપર બેસો. હું પગે ચાલતો આવીશ.'' બાપાએ કહ્યું, ''મને ચાલવાનું બહુ ફાવે છે. તું ઘોડા ઉપર બેઠો છે તે બરાબર છે.'' દીકરાએ કહ્યું, ''આ જગતના માણસો મારી ટીકા અને મશ્કરી કરી મને ધિક્કારે છે. તે યોગ્ય ન કહેવાય. તમે ઘોડા ઉપર બેસો.'' બાપાને ઘોડા ઉપર બેસાડ્યા. ત્યાંથી ચાલતા થયા. બીજું ગામ આવ્યું. ત્યાંના માણસોએ આ દશ્ય જોયું ને મોઢું મચકોડીને બોલ્યા, ''અરે બુઢ્ઢા! અકલ વગરના. તું સાવ નિર્દય છે. કોમળ ફૂલ જેવો દીકરો પગે ચાલતો આવે છે ને તું આવો વૃધ્ધ ઘોડા ઉપર બેઠો છે. બાપ છે કે દુશ્મન છે? કાંઈક શરમ રાખ શરમ.''

વૃધ્ધ બાપા શરમાઈ ગયા તેથી ઘોડા ઉપરથી ઉતરી ગયા. હવે શું કરવું? દીકરાએ કહ્યું, ''તો એમ કરીએ, બે બાપ દીકરો ઘોડા ઉપર બેસી જઈએ.'' ઘોડાને ખાવા રંજકો આપ્યો. પછી પાણી પાયું. પોતે જમ્યા, વિશ્રાંતિ લીધી. પછી બન્ને થોડાપણ બેસી થયા ચાલતા. વળી ત્રીજુ ગામ આવ્યું. ત્યાંના ચોરા વચ્ચેથી રસ્તો હતો. ત્યાંના માણસોએ આ દશ્ય જોયું ને બોલ્યા, ''આ અક્કલ વગરના બે જણ દુબળા ઘોડા ઉપર બેઠા છે. વજનને લીધે બિચારા ઘોડાના પગ ફરી જાય છે છતાં પણ દયા આવતી નથી. સાવ કસાઈ જેવા લાગે છે. દિલમાં દયા નથી.'' ગામની સ્ત્રીઓ કહે છે, ''અક્કલના બારદાન! નીચા ઉતરો નીચા. ઘોડા ઉપર કાંઈક દયા રાખો. પાપનાં કર્મ શા માટે બાંધો છો? બીજા જન્મે ઘોડા થાશો ને આની માફક વજન ખેંચશો ત્યારે ખબર પડશે.''

બાપ દીકરો ઘોડા ઉપરથી નીચા ઉતરી ગયા. ઘોડાની લગામ પકડીને દીકરો ચાલ્યો જાય છે ને બાપા ઘોડાની પાછળ ચાલે છે. ત્યાં ચોથું ગામ આવ્યું. ત્યાંના રહેવાસી લોકો કહે છે, ''આ માણસો સાવ અક્કલના ઊંટ જેવા છે. સાથે ઘોડો છે છતાં બેસતા



નથી. પગ તોડતા ચાલ્યા જાય છે.'' આવું સાંભળી બાપાએ કહ્યું, ''ગમે તેમ વર્તન કરશું છતાં પણ જગતનું બરાબર નહિ સમજાય. ગમે તેવા સારા માણસો પરોપકારી હશે, નિસ્વાર્થ ભાવે સેવા કરતા હશે, તેને જગતના માણસો સારા છે એમ નહિ કહે. ફાવે તેવી ટીકા કરશે. દ્રોહ ને નિંદા કરશે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ દેખાશે.''

જગતને કોઈ રાજી કરી શક્યું નથી ને રાજી કરશે પણ નહિ. જગતને રાજી કરવું કઠણ છે પણ પરમાત્મા જગદીશ્વરને રાજી કરવા એટલું બધું કઠણ નથી. દુનિયા દોરંગી છે. મન ફાવે તેમ બોલશે પણ તેની દરકાર કરવી નહિ. જગતના અણસમજુ માણસો ભગવાનને પણ ફાવે તેવું બોલે છે, તો આપણને ફાવે તેવું બોલે તેમાં શું નવાઈ? આપણને હિંમત હારી જવી નહિ. જગતરૂપી દરિયાનાં મોજાં સુખ દુઃખ, માન અપમાન, હર્ષ શોકનાં મોજાં ઉછળતાં રહે અને ભક્તિરૂપી અને સત્સંગરૂપી ગંગાજીમાં સ્નાન કરી લેવું.

## તનની તાજગી ને મનને શાંતિ આપે એવો આ ગ્રંથ છે.

વચનામૃતમાં હિંમત રાખવાની વાત શ્રીજી મહારાજ કહે છે કે જે એમ સમજતો હોય જે ચાહે કોઈ મારી ઉપર ધૂળ નાખો, ચાહે કોઈ ગમે તેવું અપમાન કરો, ચાહે કોઈ હાથીએ બેસાડો, ચાહે કોઈ નાક, કાન કાપીને ગધેડે બેસાડો, તેમાં મારે સમભાવ છે. તથા રૂપવાન, યૌવાન તથા કુરૂપવાન સ્ત્રી અથવા વૃધ્ધ સ્ત્રીને વિષે તુલ્યભાવ રહે, તથા સુવર્ણનો ઢગલો હોય તથા પથ્થરનો ઢગલો હોય તે બેયને જે તુલ્ય જાણે એવી જાતના જ્ઞાન,ભક્તિ,વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ યુક્ત જે ભક્ત હોય તેના હ્યદયમાં ભગવાન નિવાસ કરે છે.

એમ સમજવું કે આ મારો કાંઈ પહેલો જ જન્મ નથી. પૂર્વે ચોરાસી લાખ જન્મમાં મારે મા-બાપ, સ્ત્રી, છોકરાં થયાં હતાં તેવાં જ આ દેહનાં પણ છે.પૂર્વનાં સબંધીની જેમ અત્યારે મમતા નથી, તેમ આ દેહનાં સગાંની પણ મમતા ન રાખવી. પ્રગટ ભગવાન અને સંતમાં પોતાના જીવને જોડી દેવો.

## શિલોઝ્છ વ્રતધારી મહાત્મા

નિષ્કુળાનંદ સ્વામી એક શિલોચ્છ વ્રતધારી મહાત્માજીની કથા કહે છે. શિલોઝ્છ વૃતિ એટલે કચ્છી ભાષામાં ઓહલો કહેવાય. ગુજરાતી ભાષામાં સલો કહેવાય.

**વળી કહું એક શિલોન્છવૃત્તિધારીજી, વીણે એક કણકણ ધર્મ વિચારીજી**
**ઋષિ ઋષિસુત ઋષિનારી સુતનારીજી,**

**જમે દિન આઠમે એહ મળી વળી ચારીજી ॥**

ખેડૂત પોતાના ખેતીવાડીમાંથી ધાન્યના પાકને ખરવાડમાં રાખે. ધરતીમાં અનાજનાં ડુંડા રહી જાય. અન્નના દાણા ઢોળાઈ જાય. તેને જે વીણે તેને છૂટ હોય. ગરીબ માણસો દાણા વીણવા જાય. કણ કણ વીણે તેને શિલોઞ્છ કહેવાય. અને એવા વીણેલા દણા વડે નિર્વાહ કરે તે શિલોઞ્છ વૃત્તિવાળા કહેવાય. એવા એક શિલોઞ્છ વૃતિવાળા ઋષિ ગૃહસ્થાશ્રમી હતા. પોતે, પોતાના પત્ની, પુત્ર અને તેના પત્ની આ ચાર જણા દરરોજ ઓહલો કરવા ખેતીવાડીમાં જાય. દાણા વીણતા જાય અને અંતરમાં પ્રભુનું નામ સ્મરણ મુખથી જપતા જાય. ૐ નારાયણાય નમઃ, ૐ નારાયણાય નમઃ.

સાત દિવસ સુધી દાણા વીણે. આઠમે દિવસે રસોઈ બનાવી ભગવાનને જમાડીને પછી જમવા બેઠા. ત્યાં એક અતિથી અન્ન માગવા આવ્યો. ''ખૂબ ભૂખ લાગી છે. જમવાનું આપો.''

**ચારે બેઠાં જ્યારે જમવાને, હતો સાથુ શેર જુગલ ।**
**ત્યાં ધર્મ ધરી રૂપ દ્વિજનું, તક જોઇ આવ્યા તેહ પલ ॥**
**આવી કહ્યું આપો અન્ન મને, હું ભૂખ્યો છઉં બ્રહ્મન્ન ।**
**ત્યારે ઋષિયે આદરે આપિયું, પોતાના ભાગનું અન્ન ॥**

ખુદ ધર્મરાજ ઋષિની કસોટી કરવા ગરીબ જેવા બ્રાહ્મણનું રૂપ લઈને આવ્યા હતા. એના હ્યદયમાં કેટલી દયા અને પરોપકારી વૃતિ છે? તેની પરીક્ષા કરીએ. કરૂણ સ્વરે બોલ્યા, ''ખૂબ ભૂખ લાગી છે. કાંઈક ભોજન હોય તો આપો. ભગવાન તમારું ભલુ કરશે. ગરીબના અંતરને ઠારશો તો ભગવાન તમારું અંતર ઠારશે ને સુખીયા કરશે.'' આર્તનાદ સાંભળી ઋષિએ અતિથિને આદર આપ્યો. ''પધારો પધારો અતિથિ દેવ.'' સારો મીઠો આવકાર આપ્યો. પછી આસન ઉપર બેસાડ્યા અને અતિથિના ચરણ પાણીથી ધોયા. પછી ચાર જણાનું ભોજન હતું તે ભાવ પૂર્વક ગરીબ બ્રાહ્મણને અર્પણ કર્યું.

ગરીબ બ્રાહ્મણ હાથ ધોઈને ભોજન જમવા બેઠા. આનંદથી જમે છે ને ચાર જણ રાજી થાય છે. આજ આપણી મહેનત સફળ થઈ. અન્નદાન શ્રેષ્ઠ દાન છે. ગરીબ બ્રાહ્મણ જમ્યા પછી ચળુ કર્યું અને પાણીથી હાથ ધોયા ને તે પાણી પૃથ્વી ઉપર ઢોળી નાખ્યું. ત્યાં એક આશ્ચર્ય સર્જાયું.



**આપ્યું અન્ન અભ્યાગતને, જળ ઢળ્યું ધોયેલ કર ચર્ણનું ।**
**તેમાં આળોટ્યો આવી નોળીયો, થયું અર્ધું અંગ સુવર્ણનું ॥**

અચાનક એક નોળિયો ત્યાં આવ્યો. ભોજન જમ્યા પછી ચળુ કરેલું પાણી પૃથ્વી પર ઢોળ્યું છે. તે પવિત્ર જળમાં નોળિયો આળોટ્યો કે તુરંત અડધું અંગ નોળિયાનું સોનાનું થઈ ગયું. સૌ જોતા જ રહી ગયા. વિચાર કરો. શિલોઞ્છવૃતિ ઋષિનું અન્ન કેટલું પવિત્ર હશે! અન્નના કણ કણ વીણતાં પ્રભુનું નામ લીધું છે. પ્રભુના નામ જપથી તે ભોજનમાં દિવ્યતા આવી ગઈ અને નોળિયાનું અડધું અંગ સોનાનું થઈ ગયું.

આપણે ભોજન જમતાં જમતાં કોળિયે કોળિયે મનમાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપ કરશું તો ગમે તેવું કટાયેલું હ્યદય હશે, કામ, ક્રોધ, લોભ, રાગદ્વેષથી ભરેલું હ્યદય હશે તો જપ કરવાથી સોના જેવું ચળકતું હ્યદય થશે અને તેવા હ્યદયમાં સાક્ષાત પરમેશ્વર નિવાસ કરીને રહેશે. રાત દિવસ માયાની વાતો કરશો તો હ્યદયમાં માયા ભરાશે. જગતમાં આસ્થા રહે તેને આસક્તિ કહેવાય અને ભગવાનમાં આસ્થા રહે તેને ભક્તિ કહેવાય. વેશમાં પરિવર્તન લાવવું સરળ છે પણ વિચારોમાં પરિવર્તન લાવવું કઠિન છે.

**સાત્વિક આહારથી સાત્વિક વિચાર જાગે છે.**

લૌકિક સ્વાદમાં જેનું મન ફસાય તે બરાબર ભક્તિ કરી શકે નહિ. બહુ બોલવાથી શક્તિનો નાશ થાય છે. અને બહુ જમવાથી પણ શક્તિનો નાશ થાય છે.

**એવું શુદ્ધ અન્ન એહનું, તે જમિયા વૃષભ વળી ।**
**રાજી થયા ઋષિ ઉપરે, જાણું આપું સમૃદ્ધિ સઘળી ॥**
**ત્યારે દ્વિજ પલટી ધર્મ થયા, માગો માગો તમે મુજ પાસ ।**
**ત્યારે દ્વિજ કહે ધન્ય ધર્મ તમે, આપો તમારા ધામમાં વાસ ॥**

દ્વિજ પલટી ધર્મરાજ થયા. કહે ''માંગો માંગો. મુજ પાસ.'' ધર્મ બ્રાહ્મણનું રૂપ ધરી કસોટી કરવા આવ્યા હતા. તે દ્વિજ મટી ને મૂળરૂપે ધર્મ પ્રગટ થયા. ''ધન્ય છે ઋષિરાજ તમને. ધન્ય છે તમારી ધીરજશક્તિ, દયાળુતા અને ભક્તિની શક્તિને. તમારું પવિત્ર ભોજન હું જમ્યો. મને ખૂબ આનંદ થયો. પવિત્ર ભોજનના પ્રભાવથી નોળિયાનું અડધું શરીર સોનાનું થઈ ગયું. તમે પરીક્ષામાં પાસ થયા.''

''માંગો, આપને હું શું આપું? જે કહો તે આપું.'' ઋષિરાજ, ઋષિપત્ની અને પુત્ર અને પુત્રવધુ હાથ જોડી બોલ્યા, ''હે ધર્મ! તમે પ્રસન્ન થયા પછી બીજું શું જોઈએ.''

ધર્મે બહુ આગ્રહ કર્યો ત્યારે ઋષિ કહે છે, ''અમારો પ્રભુના મોક્ષધામમાં નિવાસ થાય એવા આર્શીવાદ આપો.'' ''તથાસ્તુ! તમારા માગ્યા મુજબ થશે.''

**પ્રભુનું ચરણામૃત પીવાથી શિકારીની બુધ્ધિ પવિત્ર થઇ.**

એક મહાત્માજી જંગલમાં વૃક્ષ નીચે બેસીને અખંડ પ્રભુનું સ્મરણ કરે.પૂજા કરે ત્યારે દરરોજ ભગવાનની મૂર્તિને પવિત્ર જળથી સ્નાન કરાવે. તે ચરણામૃત કમંડળમાં રાખે. જયારે તરસ લાગે ત્યારે ચરણામૃત પીવે. પ્રભાતનો સમય છે, ઠંડો મીઠો પવન વાય છે. નેત્ર મીંચીને હરિનું ધ્યાન કરતાં માળા ફેરવે છે. દેહ દશા ભૂલાઇ ગઇ. બ્રહ્મભાવના પ્રગટ થઇ. પ્રભુનાં સ્વરૂપમાં તલ્લીન બની ગયા છે. બાજુમાં ચરણામૃતનું કમંડળ ભર્યું છે.

ત્યાં એક શિકારી શિકાર કરવા જંગલમાં પાપ કરવા ભટકે છે. શિકાર શોધે છે પણ કોઇ પશુ પક્ષી હાથમાં આવ્યું નહિ. થાકી ગયો. ખૂબ તરસ લાગી છે. હવે શું કરવું? પાણીની શોધ કરે છે ત્યાં તેણે મહાત્માજીને ધ્યાનસ્થ સ્થિતિમાં વૃક્ષ નીચે બેઠેલા જોયા. તેમની નજીક ગયો. ધીરેથી કમંડળમાંથી પાણી પીધું. શિકારી ભાગ્યશાળી કે પ્રભુનું પવિત્ર ચરણામૃતનું પ્રસાદીનું જળ પીવા મળ્યું. ચરણામૃત પીને રવાનો થઇ ગયો. પવિત્ર જળપાન કરવાથી શિકારીને સદ્‌વિચારની સ્ફુરણા ખીલી.

મારું સમગ્ર જીવન પાપ કરવામાં ગયું. અનેકના પ્રાણ હરી લીધા. જીવતા મારી નાખ્યા. કોઇને જીવિતદાન ન દઇ શક્યો પણ અનેક નિર્દોષ પ્રાણીઓનાં જીવન સમાપ્ત કરી નાખ્યાં. માંસ ભક્ષણ કર્યું. વાસના જાગી ત્યારે વાસનાને સંતોષી પ્રભુએ મને અમૂલ્ય માનવ દેહ આપ્યો પણ મેં એક પણ સત્કર્મ કર્યું નહિ. ધિક્કાર છે મને. મારું જીવન કસાઇના જેવું ગયું. હું હજુ પ્રભુ પ્રેમમાં ડૂબ્યો નહિ. સત્સંગ કર્યો નહિ. અંતરમાંથી પ્રેરણા થઇ. પાપ કરતાં અટકી જા અને સત્સંગને માર્ગે ચડી જા.

ભગવાનની ભક્તિ વિના મારું જીવન વૃથા ગયું. ક્રોધ કરીને મેં મારા ઘરના સભ્યોને ખૂબ દુઃખી કર્યા છે. મારા પાપનો કોઇ પાર નથી. ખૂબ પસ્તાવો થાય છે. રડતે હૃદયે ઘરે આવ્યો. પોતાની પત્નીને વાત કરી. પત્નીએ કહ્યું, ''વનમાં જવું હોય તો સુખેથી જાવ. હું રાજીપે રજા આપું છું. તમારા ત્રાસથી અમે કંટાળી ગયા છીએ. કોઇ દિવસ ઘરમાં શાંતિ મળી નથી. હવે શાંતિથી જીવન વીતાવશું.''

શિકારી મલીન વસ્ત્રો ઉતારી ઋષિ પોષાક પહેરી હાથમાં માળા લઇ જંગલમાં ચાલતો થઇ ગયો. મહાત્માજીને શોધતાં શોધતાં મહાત્માજી પાસે આવ્યો. મહાત્માજી



ધ્યાનસ્થ સ્થિતિમાં હરિ સ્મરણ કરે છે. ત્યાં આવ્યો, પગે લાગીને બેઠો.

**આહાર વિહાર પવિત્ર થાય તો અંતઃકરણની મલીનતા જાય.**

હાથ જોડી નમ્રતા પૂર્વક બનેલી તમામ બાબત કહી સંભળાવી. મને તમારી સાથે રાખો. દાસનો દાસ થઇને રહીશ ને હરિભજન કરીશ. ખૂબ ભાવથી સેવા કરે છે. વહેલી સવારે બ્રાહ્મમુહૂર્તમાં જાગીને નાહી ધોઇને પૂજા પાઠ કરે. માળા ફેરવે. મહાત્માજીની અનુવૃતિ પ્રમાણે સત્સંગ કરે. જીવન ધન્ય બની ગયું. આ છે સંતનો અને હરિના ચરણામૃતનો પ્રતાપ. ભરાડીમાંથી ભક્ત થઇ ગયો.

નિષ્કુળાનંદસ્વામી કહે છે, આહાર પવિત્ર કરજો. અને દરરોજ ચરણામૃતનું પાન કરી પછી ભોજન જમવું. આહાર બગાડશો તો અંતઃકરણ બગડશે. અંતઃકરણ બગડશે તો વિચાર બગડશે. વિચાર બગડશે તો જન્મ બગડી જશે. જો ફેરો સુધારવો હોય તો જેમ શાસ્ત્રમાં કહ્યું છે તેમ કરવાનું રહેશે. મહાત્માજી ઉપદેશ આપતાં કહે છે, ''ઉત્તમ કુળ, ઉત્તમ સંગ મળે પણ મનની મલીનતા જાય નહિ તો ચોરાશી લાખ ખાણમાં ભટકતો થઇ જાય છે.''

**ભગવાનને માર્ગે નહિ ચાલે તો જમના ગોદા ખાવા પડશે.**

''સાપ, વીંછી કે સિંહને પકડવાનું કોઇ દિવસ મન થાય છે? નથી થતું. ઈલેકટ્રિકના ખુલ્લા વાયરને પકડવાનું મન થાય છે? નથી થતું. શા માટે મન નથી થતું? એમાં મોત દેખાય છે. તેથી પકડવાનું મન થતું નથી. તેમ પાપ કરવાથી ભયંકર દુઃખ થાય છે. તેનું ભાન હોય તો પાપનો ધંધો બંધ કરી દે અને કુસંગથી દૂર રહે. જેમ સંજવારી કાઢવાથી ઘર સાફ થાય છે તેમ સત્સંગ કરવાથી મન પર મોહ, માયા અને ભયંકર પાપની ધૂળ ચડી ગઇ હોય તો સાફ થાય છે.''

સત્સંગ કરવાથી ખરાબ પાપી વ્યક્તિ પણ સુધરી જાય છે. જેમ પારસમણિના સ્પર્શથી લોખંડ સોનું બની જાય છે તેમ સત્સંગ કરવાથી પાપી પુનિત બની જાય છે. મહાત્માજીના સંગથી હિંસક પાપી શિકારી પુનિત બની ગયો. શ્રીજી મહારાજ વચાનમૃતમાં કહે છે જે, પાંચ ઈન્દ્રિયો દ્વારા જીવ જે આહાર કરે છે તે આહાર જો શુધ્ધ કરશો તો અંતઃકરણ શુધ્ધ થશે. અને જો પાંચ ઈન્દ્રિયોના આહારમાંથી એક પણ આહાર મલિન થશે તો અંતઃકરણ મલીન થઇ જાય છે. માટે પવિત્ર આહાર કરવો. સંસારના મહાસાગરમાં આપણે ફરીએ છીએ. જો દીવાદાંડી જેવા સંતોનો યોગ મળી જાય, સંત પ્રત્યે ભાવ અને શ્રધ્ધા જાગી જાય, તે કહે તેમ કરવા મંડી જાય તો તે

અક્ષરધામને કિનારે સહી સલામત પહોંચી જાય.

**તમારા જીવનનું ખાતું ચોખ્ખું રાખજો.**

માયામાં ખૂબ ખૂંચેલા હોય, વાસનિક જીવાત્મા હોય પછી મૃત્યુનો સમય આવે ત્યારે વલોપાત કરે. ભય પેસી જાય. અ.. હો... હો... મારાં સગાં સંબંધી મૂકીને મારે એકલાને જાવું પડશે. પણ ધ્યાન રાખજો. મોતથી કોણ ડરે? જેના ખાતામાં ગડબડાટ હોય, પાપ કર્યા હોય તેને બીક લાગે. મારૂં શું થશે? પણ જેના જીવનનું ખાતું ચોખ્ખું છે તેને બીલકુલ ડર હોય નહિ. તે રાજી થાય. આત્મા ને પરમાત્માનું મિલન થશે. અક્ષરધામના મુક્તોનાં દર્શન થશે. આનંદ થાય. ધામમાં જવા જેવું કર્યું હોય તો રાજી થાય ને! ખોટા ઉંધા ધંધા કર્યા હોય, અન્યાય, અનીતિ પાપ કર્યા હોય તે શું ધૂળ રાજી થાય!

આ ગ્રંથ પાપી સાંભળશે તો ડરશે. પુણ્યશીલ સાંભળશે તો ખુમારી વધશે કે મારું ભગવાનને ઘરે ખાતું ચોખ્ખું છે. મને ભગવાન ચોક્કસ તેડવા પધારશે. મને કોઇ ચિંતા નથી. આ ગ્રંથ અદ્‌ભૂત છે.

**વરસો વરસ વાંચશે તો જીવનમાં સુધારો થાશે.**

ધીરજાખ્યાનની કથા વાંચશે તો ખ્યાલ આવશે કે હું આટલું ખોટું કરું છું. ખોટાં કર્મ કરતાં અટકી જવાશે અને સાચો માર્ગ પકડી લેવાશે. અંતરમાં ધીરજ રહેશે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, મને જેવી ભગવાને આજ્ઞા કહેલી છે તે પ્રમાણે મેં મારી મતિ પ્રમાણે લખ્યું છે. હૈયે ધારીને શાસ્ત્ર પ્રમાણે વર્તશો તો મહા સુખને પામશો. આવા આશીર્વાદ સ્વામી આપે છે.

આ કથા વાંચીને વર્તમાનકાળે આપણે શું કરવું જોઇએ? આ ઋષિની જેમ આપણે અન્નનો દાણો દાણો વીણવા જવાનો નથી. એવી શક્યતા નથી, સમય નથી પણ વર્તમાન સમયમાં એટલું અવશ્ય કરવું કે ભૂખ્યાને યથાશક્તિ પ્રમાણે અન્ન દાન આદરથી આપવું. મીઠી નજર રાખવી, નિષ્કુળાનંદ સ્વામી કહે છે...

**એમ સમે આવી કોઇ અન્ન જાચે, વળી હોયે ક્ષુધાએ આતુર ।**
**પો'ચ્ય પ્રમાણે આપવું, રાજી થઇ જન જરૂર ॥**

કોઇક યાચક ઘેર આવે તો શક્તિ પ્રમાણે અન્ન આપવું. રાજી થઇને આપજો. કચવાઇને મુઝાઇને ખીજઇને આપશો તો તે તામસ દાન ગણાશે.

**સાચું દાન કોને કહેવાય?**

જમણા હાથે દાન આપીએ તેની ડાબા હાથને ખબર ન પડવી જોઇએ તે સાચું



દાન છે. બાકી માન મોટપ વધારવા કે અહંકારથી કરેલા દાનનું કાંઇ ઝાઝું ફળ નથી. બલીરાજાએ અંતરની ઉદારતાથી દાન આપ્યું તો ભગવાન તેના દ્વારે સેવક બનીને રહ્યા અને લક્ષ્મીજી દાસ બનીને રહ્યાં. આ છે દાન કર્યાનો પ્રતાપ. અભિમાન સાથે આપણે ગમે તેટલું દાન કર્યું હોય તો તેનું ફળ માત્ર તક્તિ લાગે તેટલું જ છે. આપણે આપણાં સ્ત્રી, પૂત્ર પરિવારને ગમે તેટલું આપીએ, શણગાર કરીને સોનાના દાગીના પહેરાવીએ, તેમાં કોઇ દિવસ તક્તિની ઇચ્છા રાખીએ છીએ? નથી રાખતા. તો આંહી પણ એમજ કરવું.

નિષ્કુળાનંદસ્વામી કહે છે, સંત પુરૂષની સેવામાં, મંદિરની સેવામાં વાપરી અનેરો આનંદ અનુભવાય તે ખરી કમાણી છે. કોઇ દુઃખી ગરીબની આંખનાં આંસુ લૂછવામાં વાપરી શકાય. અનાથ બાળકો માટે, ગૌમાતાને ઘાસચારો ઉદારતાથી આપી અંતરનો આનંદ અનુભવી લેજો. નીતિથી કમાવું, રીતિથી વાપરવું અને પ્રીતિથી દાન કરવું.

**અન્ન ન આપે ઉત્તર આપે, કાં તો સંતાપે કઠણ કહી ।**
**નિષ્કુલાનંદ હરિજનની, એવી રીત જોઇએ નહિ ॥**

અભ્યાગતને કાંઇ અન્નદાન આપે નહિ. સામા ફાવે તેવા શબ્દો સંભળાવે, કાંતો કઠણ વચન કહી સંતાપે. સ્વામી કહે છે, ભગવાનના ભક્તોને એવી ખોટી રીત રાખવી નહિ. શક્તિ પ્રમાણે વિવેક પૂર્વક દાન આપો પણ કોઇના દિલને દુઃભાવો નહિ અને અતિ લોભ પણ રાખવો નહિ. લોભ છે તે પાપનો બાપ છે. એક સંન્યાસી સાધુ હતા. બોલવામાં ખૂબ ચતુર હતા. વાણીથી માણસને આકર્ષણ થઇ જાય. માગી માગીને ખૂબ પૈસા ભેગા કર્યા. સાધુને સાચી હકીકતમાં હરિના દાસ થવું જોઇએ. તેના બદલે માયાના દાસ થઇ ગયા. હંમેશા માયાની જ વાતો કરે, તેથી હ્રદયમાં માયા ભરાઇ ગઇ. ઉંમર સાઇઠ વર્ષની છે. પોતાની સ્થિતિ ભૂલાઇ ગઇ અને સાચી સમજણ વિસરાઇ ગઇ, કે મેં ભગવાનની ચુંદડી શા માટે પહેરી છે?

પૈસા સાચવવા ક્યાં? કોઇને ખબર પડી જાય તો લાજ જાય તેથી પૈસામાંથી સોનામહોર લીધી. સાઇઠ સોનામહોર મળી. સાચવવી ક્યાં? વિચાર કરે છે. માથા ઉપર મોટી જટા છે, તે તિજોરી જેવી કામ લાગશે. કાળા કપડામાં સોનામહોર બાંધી જટામાં રાખી દીધી. સ્નાન કરતાં, ખાતા પીતાં, સુતાં જાગતાં સોનામહોરની ખૂબ સંભાળ રાખે. બાકીના પૈસા પોતાની પાઘડીમાં રાખે. સોનામહોરની ફિકરમાં હરિ સ્મરણ ભુલાઇ ગયું તેથી વૃતિ ડહોળાઇ ગઇ.

વહેલી સવારે સંન્યાસી બાવો સરયુનદીમાં સ્નાન કરી પછી કપડામાં બાંધેલી સોનામહોર ગણતો હતો. તે બધું એક ધુતારો જોઇ ગયો. ધૂતારો બાવાજીની પાસે આવી નમસ્કાર કર્યા. પગે લાગીને બાજુમાં બેઠો. ભાવથી બોલ્યો, ''આજે મારે ઘેર ભોજન કરવા પધારો, અને સેવકની ઝૂંપડીને પાવન કરો. તમારા જેવા સંન્યાસી જમે તો અમારી કમાણી લેખે લાગે અને જીવન સફળ બને.'' અતિ આગ્રહ કર્યો તેથી બાવાજી ધુતારાને ઘેર આવ્યા. બાવાજીને ખબર નથી કે આ ધુતારો છે. એને એમ થયું કે સાચો ભાવિક ભક્ત છે, તેથી આગ્રહ કરે છે.

**માયા ગાફલને મારે ને જગતમાં ફસાવે છે.**

બાવાજી તેમના ઘેર આવ્યા. દૂધપાક પૂરી ને માલપુવા જમાડ્યા અને બે ઘડી વિશ્રાંતિ લીધી. પછી બાવાજી થાકી ગયા હતા તે સૂઇ ગયા. ધુતારે બધી વાત પોતાની પત્નીને કરી. ''આજે વગર મહેનતે સોનામહોર મળશે. તને ધમકાવીશ. તું માઠું ન લગાડજે.'' સવારના પાંચ વાગ્યા ને ધુતારો પોતાની પત્નીને મંડ્યો ધમકાવા. ''મેં સોનામહોર આ ગોખલામાં રાખી હતી તે ક્યાં ગઇ?'' ''મને ખબર નથી.'' ''અરે! ખબર કેમ નથી? તારાં વસ્ત્રોમાં સંતાડી હશે.'' વસ્ત્રો તપાસ્યાં. આખા ઘરમાં તપાસ કરી. ક્યાંય સોનામહોર મળી નહિ તેથી લાકડી લઇને સ્ત્રીને મંડ્યો મારવા. ''સોનામહોર આપી દે! નહિંતર મારી નાખીશ.'' સ્ત્રી જાણી જાણીને રડે છે. પછી પકડ્યો સંન્યાસી બાવાને. બાવો મંડ્યો ફફડવા. મુઝાઇ ગયો. હવે શું કરવું? ધૂતારે ઝપાટ મારી. કેશની જટા છૂટી કરી તો અંદરથી સાઇઠ સોનામહોર નીકળી. બાવાજીને ધક્કા મારી ઘરથી બહાર કાઢી મૂક્યા. ''આ વાત કોઇને કહેશો તો મારી નાખીશ!'' આકરી ધમકી દીધી.

સાધુ ઢીલે મોઢે ચાલતો થઇ ગયો. નિષ્કુળાનંદસ્વામી કહે છે, સંસાર ચક્રમાંથી ઉગરવા માગતા હો તો ભગવાને જેમ કહ્યું છે તેમ કરજો. ધર્મને મજબૂત કરવા માટે આ ગ્રંથ સ્વામીએ લખ્યો છે. ભગવાન પુરુષોતમ નારાયણને રાજી કરવા હોય તો ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યને પરિપક્વ કરવા જોઇએ. ધર્મ જો પરિપક્વ હોય તો ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય ટકે છે.

**ક્ષમાવાન ભક્ત કવિ જયદેવજી.**

જયદેવ કવિ આપણા ભારત દેશમાં બહુ પ્રસિધ્ધ ભક્ત હતા. જ્ઞાતિએ બ્રાહ્મણ હતા. શાસ્ત્રીય સંગીતમાં બહુ કુશળ હતા. ઉદાર વૃતિ હતી. તેથી ભાવથી ખૂબ દાન



કરતા. એવા દાનેશ્વરી જયદેવજી ભક્તની કથાનો પરિચય નિષ્કુળાનંદ સ્વામી આપે છે.

**વળી કહું એક જયદેવજીની વાતજી, સાંભળ્યા સરખી છે સારી સાક્ષાતજી**
**જેને ઘેર પદ્માવતી વિખ્યાતજી, કરે હરિભક્તિ દોય દિવસ ને રાતજી**

પતિપત્નિ સાથે બેસીને દરરોજ સત્સંગ કરે. ભાવથી કીર્તન ભજન ગાય. અનેક મુમુક્ષુ જીવાત્માને આત્મા પરમાત્મા સબંધી જ્ઞાન આપે. અનેક ભક્તજનો કથા સાંભળવા આવે. સાચા ભક્તો કહે છે, ''હે પ્રભુ! અમોને રિધ્ધિ સિધ્ધિ જોઇતી નથી. અમોને તો સર્વ શક્તિનો માલિક તું પોતે જ જોઇએ છે.'' આપણે જોઇએ છીએ કે ઘણા માણસો ત્યાગી થાય છે, ભક્ત થાય છે. પ્રભુ માટે બહુ મોટો ભોગ આપે છે છતાં પણ તેઓ કાંઇક વસ્તુ મેળવવાની આશામાં રહી જાય છે. શા માટે તમારા ત્યાગ વૈરાગ્ય ઉપર પાણી ફેરવો છો ને વિશ્વાત્મા પરમેશ્વરથી વિખૂટા થઇ જાઓ છો?

**પોતાના આત્માનો ઉધ્ધાર કરવો તેસૌથી મોટો પરમાર્થ છે.**

એક મુમુક્ષુ કવિ જયદેવને પૂછે છે, ''હે ગુરુદેવ! જીવનમાં પરોપકાર કરવો જોઇએ. બીજાને મદદરૂપ થવું જોઇએ. પણ મારી પાસે કાંઇ નથી. હું ગરીબ છું. શું કરું? દાન પુણ્ય કરવા માટે મારી પાસે પૈસા નથી. મને ચિંતા થાય છે. પરલોકનું ભાતું મેં કાંઇ કર્યું નથી. હું કોઇનું કાંઇ પણ ભલુ કરી શક્યો નથી. અમૂલ્ય જિંદગી મળ્યા છતાં મારાથી કાંઇ પણ પરમાર્થ થયો નથી.'' આટલું બોલતાં હ્યદય ભરાઇ આવ્યું. આંખમાં આંસુ આવી ગયા.

જયદેવજીએ સરસ સમજવા જેવો જવાબ આપ્યો, ''પોતાના આત્માનું કલ્યાણ કરવું એ મોટો પરમાર્થ છે કારણ કે એથી ચોરાશી લાખના ફેરાથી છૂટાય છે. વિચાર કરો કે કોઇ જીવ ચોરાસી લાખ વખત જન્મે અને ચોરાસી લાખ વખત મરે એ કેટલું બધું દુઃખ છે? કોઇને મરતાં બચાવીએ તે મોટો પરોપકાર છે. કોઇને જેલમાંથી છોડાવીએ તો કેટલો ઉપકાર કર્યો કહેવાય. હવે તમે તમારા આત્મા ઉપર ઉપકાર કરો. મરતાં બચાવો. જીવાત્મા ચોરાસી લાખ વખત મરતાં બચે એનાથી બીજું મોટું પુણ્ય કયું હોઇ શકે? એ મોટો પરોપકાર છે.

સૌથી મોટામાં મોટો પરોપકાર કરવો હોય તો તમારા આત્માનું કલ્યાણ થાય અને જન્મ મરણના ચક્કરથી મુક્ત થવાય તેમ કરો. પ્રભુની શ્રધ્ધાથી ભક્તિ કરો. પૂજા પાઠ, જપ તપ, દાન પુણ્ય અને સત્સંગ કરો. કથા સાંભળવામાં શ્રધ્ધા રાખો. પ્રભુ મંત્રના જપ કરો. એટલે ચોરાસી લાખ જીવાત્માને બચાવવાનું પુણ્ય મળશે. એ

જ મોટો પરમાર્થ છે.'' મુમુક્ષુ જીવાત્માને દિવ્ય જાગૃતિ આવી ગઇ તેથી સત્યનો માર્ગ પકડી લીધો. અનેક ભક્તજનો જયદેવના શિષ્ય થયા.

**બ્રાહ્મણને વળી ભક્ત હરિના, જાણી શિષ્ય થયાં કંઇ જન ।**
**એમ કરતાં ક્યારેક કાળ પડયો, જડે નહિ જાચતાં અન્ન ॥**

જયદેવ કવિ બંગાળ વિસ્તારમાં રહેતા હતા. સમય જતાં તે દેશમાં દુષ્કાળ પડ્યો. ક્યાંય પણ અન્ન મળતું નથી. ભૂખના દુઃખથી માણસો રિબાય છે. હવે શું કરવું? જયદેવથી આ દુઃખ જોવાતું નથી. મનમાં વિચારે મારા હજારો શિષ્યો છે. સ્થિતિ બરાબર છે. પૈસે ટકે સુખી છીએ. તેથી તેમને કહ્યું, ''તમારી પાસે અન્ન હોય તે લાવો.

દુઃખી મનુષ્યને સહાયતા કરો. પૈસા જોઇશે તો હું આપીશ.'' અનાજનાં ગાડાં ભરીને શિષ્યો ગુરુ જયદેવ પાસે લાવે છે. તેમાંથી મનુષ્યોને અન્નનું વિતરણ કરે છે. એક વખત ગાડા અનાજનાં ભરાવીને પોતાના દેશ તરફ મોકલાવ્યાં. પોતે એકલા રસ્તામાં ભજન કીર્તન ગાતા ગાતા ચાલ્યા આવે છે.

**રાધા માધવ હો ગિરધારી, વિશ્વપતિ તમારી બલિહારી ।**
**સમગ્ર બ્રહ્માંડના અધિકારી, સદાય શરણમાં રાખો મુરારી ॥**

રસ્તામાં પ્રભુને યાદ કરે છે. ''હે પ્રભુ! અમે તમારા ચરણે ને શરણે છીએ.'' ત્યાં સામે ચાર ચોર હથિયાર લઇને લૂંટવા માટે આવ્યા. જોરથી પડકાર કર્યો, ''ત્યાંજ ઊભો રહી જા. તારી પાસે જે છે તે બધુંજ અમને આપી દે નહિંતર મારી નાખશું!'' ચોર રસ્તામાં આડા ઊભા રહી ગયા. જયદેવ ધ્રુજી ગયા. ''ઓ હો હો! ઓચિંતુ આ શું થયું? હવે શું થશે? નક્કી આજ મૃત્યુ આવ્યું લાગે છે.'' મનમાં શ્વાસોશ્વાસ હરિ સ્મરણ ચાલુ છે.

**આવતાં ઓળખી એહને, જયદેવે વિચારી વાત ।**
**આપું ધન તો તન ઉગરે, નહિ તો થાશે બેઉની ઘાત ॥**
**કટાણે ને કઠેકાણે, તક જોઇ આવ્યા છે તેહ ।**
**જરૂર મારશે જીવથી, એ વાતમાં નહિ સંદેહ ॥**
**એમ જયદેવે વિચારી જીવમાં, આપી દીધું રાજી થઇ ધન ।**
**ત્યારે ચારે ચોરે વિચારિયું, કાંઇક કપટ છે એને મન ॥**

જયદેવ બે હાથ જોડી ઉદાર ભાવથી કહે છે, ''તમને પૈસાની જરૂર છે તો મારી



પાસે જેટલા પૈસા છે તે ખુશીથી લઇ જાવ.'' પાપી દુષ્ટ લોકોએ પૈસા લઇ લીધા. પછી ઉદારતાનો અવળો અર્થ કર્યો. ''આ જયદેવ દગાખોર છે! સામેથી કોઇ પૈસા આપે નહિ. કાંઇક એના મનમાં કપટ દગો છે. આપણને ઓળખી ગયો છે. તેથી પકડાવીને જેલમાં પૂરશે અથવા મારી નાખશે. માટે ચેતવા જેવી બાબત છે.''

ત્યારે એક ચોર બોલ્યો, ''ગભરાવ છો શા માટે? જયદેવને મારી નાખો. એટલે વાત થાય પૂરી. જીવતો હોય તો આડો આવે ને!'' હથિયાર કાઢી જ્યાં જયદેવના ગરદન પર જીકવા જાય ત્યાં એક રાક્ષસ જેવો ચોર બોલ્યો, ''અલ્યા! મારજે નહિ. મારી નાખ્યા કરતાં જયદેવના હાથ પગ કાપીને ઊંડા ખાડામાં ફેંકી દો. રિબાઇ રિબાઇને મરી જાશે.''

**પછી પગ કાપી હાલિયા, મહાપાપીને નહિ મે'ર ।**
**તિયાં આવ્યો એક નૃપતિ, વે'લ્યે બેસારી લઇ ગયો ઘેર ॥**

મહાપાપીને નહિ મહેર... જયદેવે સદ્ભાવથી પૈસા આપી દીધા છતાં પણ દુષ્ટ ચોર લોકોએ જયદેવના તલવારથી હાથ પગ કાપી નાખ્યા અને રસ્તાની બાજુમાં ઊંડો ખાડો હતો તેમાં ફેંકી દીધા અને પૈસા લઇ હસતા હસતા ચાલ્યા ગયા. વિચાર કરો! ભક્ત જયદેવની કેવી દશા હશે? કેવી વેદના અને દુઃખ થતું હશે? છતાં પણ હરિ સ્મરણ ચાલુ છે. ''હે પ્રભુ! મને બચાવો. રક્ષણ કરો. દુઃખહર દીનદયાળ, મારે વહારે પધારો!''

એક રાજાના મગજમાં પરમાત્માએ પ્રેરણા કરી. ''તમે તે રસ્તે જાવ અને જયદેવની સેવા કરો.'' તે દેશનો રાજા રથમાં બેસીને જતો હતો. જયદેવના કરૂણ રૂદનનો અવાજ સાંભળ્યો. ''અરે કોઇ દુઃખિયારો મનુષ્ય બરાડા પાડે છે! સેવકો, તમે જલદી જાવ અને દુઃખી આત્માની સંભાળ લ્યો.'' સેવકોએ ઊંડા ખાડામાં જોયું તો જયદેવ તરફડીયાં ખાય છે. રાજાને વાત કરી. ''જલદી રથમાં બેસાડી દો.'' જયદેવને રાજમહેલમાં લઇ આવ્યા. વૈદને બોલાવી પાટા પીંડી કરાવી સારવાર ચાલુ કરી દીધી.

**પછી રાજાએ એને ઓળખ્યા, જાણ્યા ભક્ત આ તે જયદેવ ।**
**નિષ્કુલાનંદના નાથના વા'લા, જાણી કરેછે બહુ સેવ ॥**

રાજા ઓળખી ગયા કે, ''આ જયદેવ છે. મારા રાજ્યમાં રહે છે. ઉત્તમ કવિ-રાજ અને ઉત્તમ ભક્ત છે. સારી સેવા કરાવે છે.'' જમવા માટે ઉત્તમ પ્રકારનાં ભોજન જમાડે છે. સમય જતાં જયદેવ કવિ સાજા થયા. પછી રાજાએ જયદેવનાં પત્નીને

બોલાવી રાજ્યમાં રહેવા માટે તમામ સગવડ કરાવી દીધી.

**પછી એના શિષ્ય થયા ભૂપાળજી,**
**એમ કરતાં પાછો પડી ગયો કાળજી ।**
**આવ્યા એ ચોરટા સાધુ થઇ ઘાલી માળજી,**
**તેને ઓળખ્યા જયદેવે તતકાળજી ॥**

રાજા કહે છે, ''આજથી તમે મારા ગુરુ છો.'' રાજાને દરરોજ આત્મા પરમાત્મા સંબંધી આધ્યાત્મિક જ્ઞાન આપે છે. રાજાએ ખૂબ તપાસ કરાવી કે આવું કુકર્મ કરનાર કોણ છે પણ ચોર પકડાયા નહિ. બે ચાર વરસ પછી બંગાળ દેશમાં ફરીથી દુષ્કાળ પડ્યો. વરસાદ વિના સૌ દુઃખી થાય છે. જયદેવ રાજાને કહે છે, ''પોતાની પ્રજાનું પુત્રવત પાલન કરવું તે રાજાનો ધર્મ છે તો તમે ઠેકઠેકાણે અન્નક્ષેત્ર ચાલુ કરો. જે પરોપકારાર્થે વાપરે છે તેના ભંડાર કદી ખાલી થતાં નથી.'' રાજાએ કહ્યું, ''ગુરુદેવ, તમે વ્યવસ્થિત સદાવ્રતની સંભાળ રાખો અને માપ પ્રમાણે સૌને અન્નદાન કરો.''

**પરોપકારાર્થે વાપરે છે તેના ભંડાર કદી ખાલી થતા નથી.**

અન્નક્ષેત્ર ચાલુ કર્યાં. જયદેવ અન્નક્ષેત્રમાં આસન ઉપર બેઠા છે. રાજાના સેવકો જયદેવના કહેવા મુજબ અન્ન આપે છે. ગરીબ લોકોની લાઇન લાગી ગઇ. દુષ્ટમતિના પાપી ચાર ચોર જેમણે જયદેવના હાથ પગ કાપી નાખ્યા હતા તે ભગવાં વસ્ત્રો પહેરી સાધુ થઇને હાથમાં માળા લઇને ભીખ માગવાં માટે લાઇનમાં ઊભા છે. ખાવા માટે કાંઇ નથી. જયદેવ ઓળખી ગયા. મારા હાથ પગ કાપી નાખનાર ચોર સાધુના વેશમાં માગવા આવ્યા છે.

**તતકાળ તેને ઓળખી, બહુ બહુ કરાવેછે સેવ ।**
**ત્યારે ચોરટે પણ જાણિયું, આ ખરો ખૂની જયદેવ ॥**

''આ જયદેવ રાજાનો માનીતો લાગે છે.'' ચોર અંદરો અંદર વાત કરે છે. ''આ જયદેવ ખરો ખૂની છે.'' ખૂની પોતે છે અને જયદેવને ખૂની કહે છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ દેખાય. એક ચોર કહે છે, ''આપણને પકડાવશે તો? જેલમાં પૂરી દેશે.'' બીજો કહે, ''આપણને ઓળખ્યા નથી. ઓળખ્યા હોત તો જમાડે નહિ. મારી કૂટીને બહાર કાઢે.'' ત્યારે ત્રીજો ચોર કહે છે, ''વાટેલી દવા ઓળખાય નહિ. તેમ ભગવાં કપડાં પહેરનાર જલદી ઓળખાય નહિ.'' ચોથો ચોર બોલ્યો, ''મને બીક લાગે છે. ચાલો, જમીને જલદી જલદી નાસી જઇએ.



હાથમાં આવશું તો માર્યા વિના મૂકશે નહિ.'' પાપીને પાપ પોતાનાં આવ્યાં નજરે તે તત્કાળ. જવા માટે તૈયાર થયા ત્યારે નોકર કહે છે, ''ઉતાવળ ન કરો. અમારા જયદેવ શેઠની આજ્ઞા છે. ચાર દિવસ સુધી રોકાઇ જાવ. પછી નિરાંતે જાજો.'' ચોર મંડ્યા ધ્રુજવા. પાપ કર્યું છે તેની બીક લાગે છે. પકડાઇ જશું તો મૃત્યુ દંડ થશે. સાધુના વેશમાં ચોર આવ્યા છે તે કહે છે, ''અમારા સાધુ લોકો એક જગ્યાએ બહુ દિવસ સુધી રહે નહિ. અમારે અનેક જગ્યાએ સત્સંગ કરાવવા જાવું હોય.'' ત્યારે દયાળુ જયદેવ નોકરને કહે છે, ''બે ગાડાં ઘઉંનાં ભરો. અને સાધુઓનો જ્યાં આશ્રમ હોય ત્યાં પહોંચતાં કરી આવો.''

**ધન્ય છે જયદેવની ક્ષમા વૃતિ અને પર ઉપકારને.**

વિચાર કરો! આટલી બધી દયા રાખવી કેટલી કઠણ બાબત છે. આવી ક્ષમા સાધારણ મનુષ્ય રાખી શકે નહિ. તલવારથી હાથ પગ કાપી રાખનારને પ્રેમથી જમાડે અને ઘઉંનાં ગાડાં ભરીને કોણ આપે! ધારે તો રાજા દ્વારા પકડાવીને ફાંસીએ ચડાવી દેવા જયદેવ માટે આસાન હતું. ધારે તે કરી શકે તેમ છે. પણ બૂરાઇનો બદલો લેવા ઇચ્છતા નથી. ભયંકર ત્રાસ આપનાર ઉપર કેવો ઉપકાર કર્યો.

પથ્થર સોનાના પ્યાલાને તોડી શકે છે. તેથી પથ્થરની કીમત વધતી નથી. અને સોનાના પ્યાલાની કીમત ઘટતી નથી. ત્રાસવાદી દુર્જનો મહાન ગણાતા નથી અને સહન કરનારા મહાપુરુષોની મહત્તા ઘટતી નથી. બે ગાડા ઘઉંનાં ભરીને જાય છે. તેની પાછળ આ ચાર સાધુના વેશમાં ચોર પણ ચાલ્યા જાય છે. રાત્રિ થાય ત્યાં વિશ્રાંતિ કરે. વળી ચાલતા થાય. ગાડાં ચલાવનાર ખેડૂત ચોરને કહે છે, ''અમારા જયદેવ શેઠ ન્યાય નીતિમાં બહુ કુશળ છે. કોઇને ઓછું ન આપે. કોઇને વધુ પણ ન આપે. ઘણા બધા સાધુ મહાત્મા આવે છે. તેમને બધાને માપીને અનાજ આપે છે.

તમે ભાગ્યશાળી છો, તમને બે ગાડાં ઘઉંનાં ભરીને આપ્યાં. બાર મહિના સુધી માગવા જાવું નહિ પડે. નિરાંતે આશ્રમમાં રહીને સત્સંગ કરાવજો.'' ત્યારે ચોર બોલ્યા, ''બે ગાડાં ઘઉંનાં ભરીને દીધાં તેમાં કાંઇ નવાઇ નથી કરી. ઉપકાર નથી કર્યો. પોતાનું પાપ છુપાવવા માટે અમને ઘઉં આપ્યા છે.'' પાપી ચોરની બોલવાની ચાલાકી જુઓ. ગાડા વાળા ખેડૂત ચમકી ગયા. ''હેં? જયદેવ શું પાપી માણસ છે?'' ''હા હા પાપી છે, અને હલકી જાતનો છે. તમે બધા તેને બ્રાહ્મણ થઇને પૂજો છો! ગળામાં માળા પહેરી લીધી ને કપાળમાં મોટું તિલક કરવાથી, ખભે જનોઇ લટકાવવાથી બ્રાહ્મણ

નથી થઇ જવાતું. જયદેવ તો પાપનો પર્વત, ધૂતારો, અધર્મી અને ઝાંપડો છે.''

**જયદેવ જાતનો ઝાંપડો, રાજાના ગુન્હામાં આવ્યો હતો ।**
**અમને સોંપ્યો હતો મારવાને, ત્યારે અમે મેલ્યો એને જીવતો ॥**
**તે ગુણે આપ્યાં ઘઉંનાં ગાડલાં, વળી બીન્યો પણ મનમાં સહી ।**
**જાણ્યું એમ મારી જાતનું, રખે રાજાને આપે કહી ॥**

સાધુના વેશમાં ચોર બનાવટી વાત કરે છે, ''ખેડૂત બાપા! સાંભળો, જયદેવ એક વાર રાજાનો મોટો ગુનો કર્યો હતો. રાજાએ અમને કહ્યું, દૂર જંગલમાં લઇ જાવ અને ઊંચા ડુંગર ઉપરથી ફેંકી દો. મારી નાખો. પણ અમે સાધુ છીએ તેથી દયા આવી ગઇ. તેથી જયદેવને માર્યો નહિ અને જીવતો જવા દીધો. તેથી અમને ઘઉંનાં ગાડાં ભરીને આપ્યા છે. બાકી કાંઇ ઉપકાર કર્યો નથી. અમે એને જીવતો રાખ્યો નહિંતર મરી જાત.'' આવું હળાહળ ખોટું બોલ્યા. તે પાપ ધરતીમાતાથી સહન થયું નહિ.

**એમ કહેતાં ફાટી અવનિ, પહોંચ્યા ચોર ચાર પાતાળ ।**
**ગાડાં વાળી ઘેર લાવિયા, કહ્યું વૃત્તાંત થયું તેહ કાળ ॥**

ધણણણ કરતો ધરતીકંપ થયો. ધરતી ફાટી. મોટી ચિરાડ પડી. તેમાં ચારે ચોર ચિરાડમાં ઊંડા ઉતરી ગયા અને જમપુરીમાં પહોંચી ગયા. જમના દૂતોએ બરાબર જેવા ધોકાવ્યા. ''અલ્યા પાપી! તમે ભક્ત જયદેવને ખૂબ દુઃખી કર્યા છે.'' એમ કહી લોઢાના ધોકા પગમાં મારી અધમૂવા કરી નાખ્યા. કારમી ચીસો પાડે છે.

**ખોટા ધંધા કર્યા છે...માણસ છો કે રાક્ષસ છો?**

''બચાવો બચાવો! દુઃખ ખમાતું નથી.'' જમદૂતો કહે છે, ''અરે પાપી! રડતો બંધ થા. આંહી કોઇ નહિ બચાવે. હસી હસી કર્યાં જે પાપ, રોઇ રોઇ ભોગવજો આપ. કર્યા કર્મ ભોગવો. કર્મ કરતાં વિચાર કરવો હતો ને!'' પછી ખેડૂત બાપા ઘઉંનાં બે ગાડાં પાછા લાવ્યા. જયદેવ કવિએ પૂછ્યું, ''ગાડાં કેમ પાછા લઇ આવ્યા? શું થયું?'' ખેડૂતે વિસ્તારથી વાત કહી સંભળાવી. જયદેવ વાત સાંભળી ધ્રૂજી ગયા. ''અરરર! બિચારા ચાર યુવાનો ધરતીમાં ચંપાઇ દબાઇ ગયા?'' એમ કહી ધરતી ઉપર પોતાના હાથ પગ મંડ્યા ઘસવા. ''બહુ ખોટું થયું.'' ત્યાં એક નવીન આશ્ચર્ય સર્જાયું.

**ત્યારે જયદેવે ઘસ્યા કર ચરણને, થયા સાજા તે સમયે સોય ।**
**જુવો વિચારી જન મને, એવા ક્ષમાવાન કોણ હોય ॥**



**સાચા જન તેને જાણિયે, ખરી ક્ષમા રાખે મનમાંયે ।**
**નિષ્કુલાનંદના નાથને, એથી વા'લું નથી બીજું કાંયે ॥**

જયદેવજી વલોપાત કરતાં પોતાના ઠૂંઠા હાથ અને પગ ધરતી ઉપર ઘસ્યા. તે વખતે ભગવાનની કૃપાથી જયદેવના હાથ પગ જેવા પહેલાં હતા તેવા જ થઇ ગયા. સર્વાંગ સુંદર બની ગયું. ચાલવા લાગ્યા. તમામ દુઃખ દૂર થઇ ગયાં. જયદેવ આકાશ સામે નજર કરી કહે છે, ''હે કૃપાસાગર! તમારી દયાનો કોઇ પાર નથી.'' આવા ક્ષમાવાન ભક્તો ભગવાનને બહુ વહાલા લાગે છે. સજ્જન અને ધાર્મિક માણસ તેને જ કહેવાય જે બીજાની વેદનાને લક્ષ્યમાં રાખે. જીવનમાં ક્ષમા રાખતાં શીખવું. ક્ષમાવાન સંત અત્યંત સુખ ભોગવે છે.

**ક્ષમાવંત સંત અત્યંત સુખ ભોગવે, પામે દુઃખ ક્ષમાની ખોટવાળા ।**
**સોનું રૂપું જેમ સહે ઘણા ઘાવનેરે, જોઇએ કાચને વળી રખવાળા; ક્ષમા૦**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, સોની હથોડાના ઘા મારી સોનામાંથી દાગીના બનાવે છે ત્યારે તેની કીમત વધે છે અને લોકોના શરીર ઉપર શોભારૂપ થાય છે. પણ કાચને સેજ હથોડી મારો તો તરત તૂટી જાય અને કોઇના પગ નીચે આવે તો પગને કાપે. સોના જેવા સંતો અને ભક્તોને ગમે તેટલાં સંકટ આવે છતાં હિંમત હારતા નથી. કાચ જેવા માણસો હિતની વાત પણ સમજતા નથી. આશરે આવેલાનું ભલું કરવું એ મોટી વાત છે. સ્વામી સ્વભાવ સુધારવાની વાત કરે છે. સર્પ જેવો ક્રોધીલો સ્વભાવ હશે તો નડતરરૂપ થશે.

**માણસનું મુખ્ય શણગાર મૃદુલ સ્વભાવ છે.**

રૂપથી માણસ શોભતો નથી. સદ્‌ગુણોથી શોભે છે, મર્યાદાથી શોભે છે અને મધુર વાણીથી શોભે છે.

**એ જેવી કે'વી દેવી નંદવાણા તણી, રુઠે તુઠે આપે સંતાપ સરખો ।**
**નિષ્કુલાનંદ કહે ન થાય ઓરતોરે, જો પહેલા વહેલા એના પગ પરખો; ક્ષમાવંત. ॥**

નંદવાણાની દેવા રાજી થાય તો દુઃખ અને નારાજ થાય તો પણ દુઃખ છે. સ્વામી કહે છે, જેના જીવનમાં ક્ષમારૂપી ગુણ નથી તેવા માણસથી દૂર રહેવું. નિષ્કુળાનંદ સ્વામી ધીરજાખ્યાનનો ઉપસંહાર કહે છે.

**થોડી થોડી વાત કહી રાય ઋષિની કથીજી,**
**જેમ છે તેમ તે કહેવાણી નથીજી ।**
**વિસ્તારે વાત સુણજો પુરાણથીજી,**
**એ જેવા થયા કૈ અધિક એક એકથીજી ।**

ભગવાન બહુ દયાળુ છે. પહેલાનાં ભક્તોના જેવી કસોટી ભગવાન લેતા નથી. પરંતુ ક્યારેક વિપરિત પરિસ્થિતી ઊભી થાય તો ભજન ભક્તિ, ઉપાસના, સત્સંગ, સેવા, શ્રધ્ધા ડગમગે નહિ. શ્રી હરિમાં દઢ નિશ્ચય રાખવો. કઠણ કસણી સહી શરીરે કાઢવો મેલ માયાતણું. તમામ વૃતિનો પ્રેમનો પ્રવાહ ભગવાનમાં વળી જાય તો જીવન ધન્ય બની જાય.

**માલ મળ્યો મોટો ઘણો ઘરમાં, તેના અમલના આનંદ રહે ।**
**મેલી ચંદન મળીયાગરુ, વળી વેઠે કોયલા કોણ વહે ।।**

સ્વામી કહે છે, મલિયાગર ચંદન જેવો સત્સંગ મૂકીને કોલસારૂપી માયાને પકડવા કોણ દોડે? આ જગતની માયા કોલસા જેવી છે. આપણા બધાના સ્વભાવ કેવા? એક બે મિનિટ ક્ષમા રહે પછી તરત ગરમી આવી જાય. ક્ષમા એટલે શું? જતું કરી દેવું એને ક્ષમા કહેવાય. ગમે તેટલા આપણા ગુના કર્યા હોય છતાં એને માફી આપી દેવી તેને કહેવાય ક્ષમા. વહુનો વાંક હોય, શિષ્યનો વાંક હોય, સાસુનો વાંક હોય તો જતું કરતાં શીખજો. વાતને પકડી ન રાખજો. માણસ સમજે છે કે જતું કરીએ તો વટ જાય પણ ઊંડાણમાંથી વિચારજો, જતુ કરીએ તો વટ જાય નહિ... વટ રહી જાય. ક્ષમા રાખે તે સુખી થાય.

સ્વામી ચોખ્ખી વાત કરે છે, આ સંસારનાં સુખ કુવેચ સમાન છે. વળી ન આપે સુખ નિદાન. કુવેચ એટલે (કૂતેલાં) વળગે તો ખંજવાળ બહુ આવે. લોહી નીકળે. તેનાથી દૂર રહેવાય તેટલા સુખિયા થવાય.

**એવા સુખને અભાગિયા, રાત દિવસ રૂવેછે રહ્યા ।**
**પણ વાત નથી વિચારતા, જે ઠાલે હાથે કૈક ગયા ।।**

અભાગિયા જીવ મિથ્યા નાશવંત શરીર સુખ માટે રાત દિવસ રડ્યા કરે છે. પણ વિચારતા નથી જે અનેક મનુષ્યો લાંબે રસ્તે ઠાલે હાથે ચાલ્યા ગયા છે ને મારે પણ જવાનું છે. મોટર ખપે, મકાન ખપે, વાડી લાડી ને ગાડી ખપે, ઘણા બધા રૂપિયા ખપે. આવી રીતે ખપે ખપેમાં પોતે જ ખપી જાય. જેટલું મળે તેમાં સંતોષ ન રાખે.



**જેટલો વ્યવહાર વધારશો તેટલી ઉપાધી વધશે.**

સમય કાઢીને સર્વેશ્વરનું સ્મરણ કરો, સત્સંગ કરો. મહા દુઃખે જે સુખ મળે તે પણ ટળી જાય. એવા તુચ્છ સુખમાં જે લોભાય તે મૂર્ખ કહેવાય. સંસારનાં સુખ એવાં ઝાંઝવાનાં પાણી જેવા. ઝાંઝવાનાં પાણીથી સ્નાન ન થાય. તરસ ન મટે. ખાલી આભાસ માત્ર હોય. સદાય ટકતાં નથી. એક ક્ષણમાં નાશ થઈ જાય છતાં વૈરાગ્ય ઉપજતો નથી.

**વૈરાગ્ય વિના તનસુખ ન તજાયજી,**
**તનસુખ તજ્યા વિના હરિ ન ભજાયજી ।**
**હરિ ભજ્યા વિના ભક્ત ન નિપજાયજી,**
**લીધી મેલી વાતે ભક્તપણું લજાયજી ।।**

વૈરાગ્ય એટલે શું? ભગવાન સિવાય બીજા પદાર્થમાં પ્રીતિ નહિ તેને વૈરાગ્ય જાણવો. વૈરાગ્ય હ્યદયમાં આવે તો શું કરે? માયાથી છૂટા કરે. ભક્તિ હ્યદયમાં આવે તો શું કરે? ભગવાનમાં જોડે. સંસારની ભોગ બુધ્ધિમાંથી અરૂચી થયા વિના તૃષ્ણા મટતી નથી. ઊલટા અન્નની પેઠે હ્યદયમાંથી અભાવ થઈ જાય એ જ સાચો વૈરાગ્ય છે. સ્વામી કહે છે, અત્યારે આખું જગત ભૌતિક વાદ તરફ આંધળી દોટ મૂકી દોડે છે. ગજા ઉપરાંત મહેનત કરી થાકી જવા છતાં કોઈ જાતનું ફળ ન મળતાં નિરાશા અનુભવે છે.

કેટલાક લોકો ઓછી મહેનતે સુખ સમૃધ્ધિ મેળવે છે. તેમને પૈસા માટે દોડાદોડ નથી ને ભાવીની ચિંતા નથી. કારણ કે તેઓએ પોતાનું જીવન પ્રભુ ચરણમાં સમર્પિત કર્યું છે. ઈશ્વર સાથે એકાત્મ ભાવ કેળવેલો છે. સર્વ સુખના ધામ માત્ર ભગવાન છે. સાચી કમાણી કરી લેજો.

**જેમ સતી ચાલી બા'રે બળવા, ભેળાં ભરી લિયે જળ માટલાં ।**
**આગ્ય લાગે ઉઠી ભાગશે, હોલવી તરણનાં ત્રાટલાં ।।**

સ્વામી દૃષ્ટાંત આપે છે. સ્વામી પાસે ઢગલા બંધ દૃષ્ટાંતો છે. સતી થાવા જાય, સાથે પાણી ભરીને માટલાં લઈ જાય અને અગ્નિ દેખીને આગને ઓલવી નાખે તેનાથી સતી થવાય નહિ. સતી થવા માટે કુરબાની જોઈએ. એમ ભક્ત થઈ ભગવાનનો વળી કહેવાય સહુથી ભલો, પણ શરીર સુખરૂપી રાખીઓ મોટો મિયાંનો ગોખલો. એક પૈસાદાર મિયાંએ હવેલી વેચી નાખી પણ અંદર ગોખલો પોતા માટે રાખ્યો. તેમ આખી જિંદગી ભગવાનને અર્પણ કરી પણ આ જગતમાં વિષય વાસનારૂપી ગોખલો

પોતા માટે રાખ્યો.

**એવા ભમરાળા ભક્ત ન થાયે, થાયે ભક્ત આગળ કહ્યા એવા ।**
**જ્યારે સાત ભાત્યની કરી સુખડી, ત્યારે ન બગાડિયે કાચલિયે વિ'વા**

ભમરાળા ભક્ત કોને કહેવાય? કોરી વાત કરે તેને. બીજા પાસે વાત કરે કે કથા એકાગ્રતાથી સાંભળવી જોઈએ ને પોતે આડુ અવળું જોયા કરે. વાતું કર્યા કરે. લક્ષ્યાર્થ ન હોય. કેવળ વાચ્યાર્થ હોય. બીજાને કહે એકાદશીનો ઉપવાસ કરવો જોઈએ, ન કરે તે પાપી કહેવાય, તે જીવતા છતાં નરકમાં પડેલો છે. પોતે ફરાળ ન કરે. દાળ ભાત રોટલી અનાજ ખાઈ જલસા કરે. બોલે બીજું અને કરે બીજું. એવો સ્વભાવ જેનો હોય તેને ભમરાળા ભક્ત કહેવાય.

સ્વામી કહે છે, સાત ભાતની સુખડી કરી ન બગાડીએ કાચરીયે વિવાહ. એક શ્રીમંત શેઠને ત્યાં દીકરીના લગ્ન પ્રસંગનો મંગળ અવસર આવ્યો. સરસ મજાની સાત ભાતની મીઠાઈ બનાવી. લાડુ, પેંડા, બરફી, સાટા, મોહનથાળ, જલેબી, ટોપરા સાથે બદામપાક બનાવ્યો. વરરાજા, કન્યા, જાનૈયા ને સગા વહાલા ભરપેટ જમ્યા. પછી પૂછ્યું કે, ''વેવાઈરાજ! મુખવાસ આપો.'' ત્યારે કોઠીબાની સુકવેલી કાચરી આપવા લાગ્યા.

બધા માણસો જોતા જ રહી ગયા. આ શું? આવો મુખવાસ? શોભે નહિ. જમણવારમાં જયજયકાર કર્યો અને મુખવાસમાં પાણી ફેરવી નાખ્યું. સ્વામી દૃષ્ટાંત આપે છે, વિવેક અને સદ્‌વિચાર વગરના ભક્તો સાત ભાતની સુખડી જેમ સેવા કરે, ભજન કરે પણ છેલ્લે વિષય વાસનારૂપી કાચરી છોડી શકતા નથી. તેથી ભજન ભક્તિ અને જયજયકાર ઉપર પાણી ફરી જાય છે. વિવાહની મજા ઉડાડી દીધી. તેમ સારીય જિંદગી વાસનામાં ડૂબાડી દીધી. જે કરવાનું હતું મોક્ષનું કાર્ય તે ભૂલાઈ ગયું.

**મૂળમાંથી વાસના નીકળી જાય તો પ્રભુ સાથે સગપણ થાય.**

દીધું આધણ જ્યારે દૂધનું તેમાં મીઠું ઓરવું નહિ. ખાતા ન ખવાય દૂધ જાય. કહો તેમાં કમાણી શું થઈ! દૂધમાં મીઠું નખાય નહિ. તેમાં સાકર નખાય. મીઠું નાખવાથી દૂધ બગડે તેમ સદાચારનું પાલન કર્યા વિના જીવન બગડે.

**ભલી ભક્તિ આદરી, પામવા પુરુષોત્તમ સહિ,**
**પછી પંડ સુખને ઇચ્છવું, એતો વાત બને નહિ ॥**

ભલી ભક્તિ આદરવી એટલે નિસ્વાર્થ ભાવે મહિમા સહિત ભક્તિ કરો. ભક્તિ



કરતાં કરતાં કોઈ આશા રાખવી નહિ. ભક્તિનું ફળ ભોગ નથી. ભક્તિનું ફળ ભગવાન છે. સુખમાં માણસ ભાન ભૂલે છે. સ્વામી કહે છે, ખાવો ભૈરવ જપને જ્યારે ત્યારે ખસતું ન મેલવું અંગ. નિષ્કુળાનંદ જેમ દીવો દેખી, પાછો ન વળી પતંગ. પ્રાચીન સમયમાં એવી કોઈકની માન્યતા હતી કે ઊંચા પર્વત ઉપરથી પડે તેનો કૈલાસમાં વાસ થાય. અંધ શ્રધ્ધાળુ આપઘાત કરતાં. પર્વત ઉપર ચડે ખરા પણ ઊંડી ખાઈ દેખીને ભાગે. પડશું તો ભૂકા નીકળી જશે પણ પતંગ દીવો દેખીને યા હોમ થઈ જાય છે. પાછો ન હટે. કુરબાન થઈ જાય. સ્વામી કહે છે શૂરવીર ભક્ત થવાની જરૂર છે.

**હરિજનને છે એક મોટું જ્યાનજી, જો આવી જાયે અંગ અભિમાનજી ।**
**તો ન ભજાય કેદી ભગવાનજી, પંડ્ય પોષવા રહે એક તાનજી ॥**
**તાન રહે એક પંડ્ય પોષ્યાનું, ખાન પાનને રહે ખોળતા ।**
**મળે તો મહાસુખ માને, ન મળે તો નાસે આંખ્યો ચોળતા ॥**

અભિમાનરૂપી ગાંઠ છોડવાની છે. ધીરે ધીરે અંતરશત્રુને ટાળવાનો અભ્યાસ રાખવો. તોડશો તો ફરી ફણા કાઢશે. વાર ભલે લાગે પણ મૂળમાંથી કાઢજો. ગાજર કે મૂળા ધરતીમાંથી ઉખેડવા હોય તો હચમચાવીને ધીમે ધીમે ખેંચીએ તો મૂળમાંથી નીકળી આવે અને છકી દઈને ખેંચો તો હાથમાં પાંદડા જ આવે. મૂળ અંદર રહી જાય.

**કર્મવશ કોટિ કષ્ટ સહે, રહે રાત દિવસ રરોસિવડો ।**
**પણ સત્સંગમાં લેશ દુ:ખ સહેતાં, જાય છે એનો જીવડો ॥**

મુશ્કેલી આવે ત્યારે શાંતિ રાખવી. સત્સંગમાં થોડું કષ્ટ આવે, વિપત્તિ આવે તો મતિ ફરી જાય. અમે દાન પુણ્ય ને માળા ફેરવીએ છીએ, પૂજા પાઠ સત્સંગ સમૈયા કરીએ છીએ ને અમને દુઃખ આવી પડ્યું, ભગવાન અમારી કેમ રક્ષા કરતા નથી? રાત દિવસ ફરે થઈ રોષીવડો. રોષ રાખીને ફર્યા કરે. માણસો આગળ વાત કર્યા કરે. સાવ ઢીલો થઈ જાય. હિંમત રાખી ભજન કરો. કોટી કોટી શાસ્ત્ર સાંભળ્યાં, વળી કોટી કોટી સાંભળશે. અજ આવી ઉપદેશે તોયે ભૂલ્ય એની કાંઈ ટળશે?

પથ્થર જેવું જેનું હૈયું થઈ ગયું છે તે કરોડ વખત શાસ્ત્ર વાંચશે, સાંભળશે, ખુદ બ્રહ્મા ઉપદેશ આપશે છતાં પણ એને પોતાની ભૂલ સમજાશે નહિ. કારણ કે અહંકાર તેને સવળુ સૂઝવા દેશે નહિ.

**ગુરુ સહસ્રઘણું ઘણું, સમઝાવેછે સર્વે મળી ।**
**પણ પકડ્યું પુચ્છ નરે ખરનું, નથી મૂકતો વણશેલ વળી ॥**

સ્વામીના શબ્દો તીખા ચાબખા જેવા છે. હૈયામાં સોંસરા આર પાર થઇ જાય એવો ઉપદેશ આપે છે. પકડ્યું પુચ્છ નરે ખરનું, નથી મૂકતો વણસેલ વળી. એક મુર્ખે ગધેડાનું પુછડું પકડ્યું. ગધેડે મારી લાત. વાગ્યું મોઢામાં સૂજ આવી ગઇ. દાંત ખખડી ગયા. દુઃખી દુઃખી થઇ ગયો. પોતાનું (મનગમતું) ધાર્યું કરવાનો સ્વભાવ હોય તે ગધેડાનું પૂછડું પકડવા જેવું છે. મનગમતું મૂકીને હરિ ગમતામાં રહો. કોઇ જાતનું અભિમાન રાખવું નહિ. અભિમાન માણસને અક્કડ બનાવે છે.

**મૂઠી વાળી જેમ મરકટે, ચપટી ચણાને કાજ ।**
**નિષ્કુલાનંદ ફંદ પડિયો ગળે, પરવશ થયો પશુરાજ ॥**

મદારીને વાંદર પકડવો હોય તો શું કરે ખબર છે? જંગલમાં જાય. એક ઘડામાં શેકેલા ચણા રાખે. મદારી ઝાડ ઉપર સંતાઇ જાય. પછી વાંદરા આવ્યા. ઘડામાં હાથ નાખી ચણાને મૂઠી વાળી. પછી બહાર કાઢવા ખેંચા ખેંચ કરે પણ ઘડાથી બહાર હાથ નીકળતો નથી. ત્યાં મદારી આવે અને વાંદરાને પકડી કંઠમાં દોરડી બાંધી ચાલતો થઇ જાય. વાંદરો પરવશ પરતંત્ર થઇ ગયો. જો મૂઠી ખોલી નાખત તો છૂટી જાત પણ ચપટી ચણાના લોભમાં મૂઠી ખોલી નહિ. તેથી કાયમ પરાધીન થઇને મદારી સાથે રહેવું પડે છે.

**Remember nothing but God.**

બીજા કશાનું નહીં, માત્ર પ્રભુનું સ્મરણ કરો. અભિમાનની અને સંસારના તુચ્છ સુખની અપેક્ષા છોડી દો. મૂઠી વાળી રાખશો તો ભવસાગરમાં ભટકશો અને પરાધીન બની જાશો. કુબુધ્ધિને દૂર કરો. ખેતરમાં અનાજ વાવવું હોય તો ખેતરને સાફ કરવું પડે. અંદરથી બોરડી અને થોરીયા વિગેરે વૃક્ષને કાઢવાં પડે પછી વાવણી થાય. તેમ પહેલાં જીવમાંથી કૂડકપટ, કામ, ક્રોધ વિગેરે દૂષણોનાં ઝાંખરાંને સાફ કરવાં જોઈએ. પછી ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનું વાવેતર થાય છે.

**ધીરજાખ્યાન છે આનું નામજી, ધીરજવાળાનું સારશે કામજી ।**
**ગાશે સાંભળશે કરી હૈયે હામજી, તેહ જન પામશે પ્રભુનું ધામજી ॥**
**ધામ પામશે પ્રભુ તણું, જિયાં કાળ માયાનો કલેશ નહિ ।**



**અટળ સુખ આનંદ અતિ, તેતો કોટિ કવિ ન શકે કહી ॥**

નિષ્કુળાનંદ સ્વામી આશીર્વાદ આપે છે, ધીરજાખ્યાન ગ્રંથ શ્રધ્ધાથી સાંભળશે, ભાવથી ગાશે, મનન કરી જીવનમાં ઉતારશે તેહ જન પામશે પ્રભુનું ધામ. અક્ષરધામ કેવું છે? જ્યાં કાળ માયાનો કલેશ નથી. અખંડ, અચળ, અવિનાશી, દિવ્ય ધામ છે.

**દિવ્ય ભૂમિ દિવ્ય મંદિર, દિવ્ય દેહધારી ત્યાં જન રહે ।**
**દિવ્ય પદારથ દિવ્ય વસ્તુ, દિવ્ય સુખ તે સહુ લહે ॥**
**દિવ્ય વસન દિવ્ય ભૂષણ, દિવ્ય સરવે સાજ સમાજ ।**
**દિવ્ય સિંહાસન ઉપરે આપે, બેઠા શ્રીમહારાજ ॥**

દિવ્ય મંદિર, દિવ્ય ભૂમિ, દિવ્ય મુક્ત આનંદ કરે. દિવ્ય પદાર્થ, દિવ્ય ભૂષણ, દિવ્ય વસ્તુ સાજ સમાજ. દિવ્ય સિંહાસન ઉપર બેઠા છે શ્રીજીમહારાજ. દિવ્ય છત્રમાંથી ઝીણી બુંદે ચંદનનો વૃષ્ટિ થાય છે. તેની સુગંધ ચારે દિશે પ્રસરી રહી છે. અનંત મુક્તો પૂજા કરવા માટે પધારે છે.

**લઇ પૂજા નિજ જનજી, થઇ પ્રસન્ન પુરુષોત્તમ ।**
**પછી અમૃતભરી આંખ્યશું, જુવે છે સહુને પરબ્રહ્મ ॥**

અક્ષરધામમાં જવું હોય તો પરમાત્મા સાથે પ્રેમ કરો. સબંધ વિના પ્રેમ થાય નહિ. પરમાત્માને પિતા માનો તમે પુત્ર બનો. પરમાત્માને સ્વામી માનો, તમે સેવક બનો. પ્રભુ સાથે સંબંધ જોડી રાખો. અંતકાળમાં બહુ કામ આવશે.

**એહ સુખ સહજે પામિયે, સંત વાળે તેમ જો વળીયે ।**
**નિષ્કુલાનંદ નિર્ભય સુખથી, તુચ્છ સુખસારું શીદ ટળીયે ॥**

અક્ષરધામમાં અલૌકિક સુખને પામવું હોય તો સંત વાળે તેમ વળજો. શરીરનો રોગ મટાડવો હોય તો ડોક્ટર વાળે તેમ વળવું પડે. ભવરોગ મટાડવો હોય તો સંત કહે તેમ કરવું જોઇએ. એ ધામ કેવું છે? ત્યાંથી કોઇને પાછું પડવું પડતું નથી. જન્મ મરણના ફેરાથી મુક્ત થઇ જાય છે.

**ધન્ય ધન્ય ધન્ય કહું સાચા સંતને, જેણે રાજી કર્યા રાધા રમાપતિ ।**
**માન અપમાનમાં મન હટક્યું નહિરે, સમ વિષમે રહિ એક મતિ; ધન્ય.**

સ્વામી સાચા સંતોને ધન્યવાદ આપે છે. ધન્ય છે શ્રેષ્ઠ જ્ઞાની સંતોને અને એમની નિષ્ઠાને. ભક્તોને ધીરજ રહે તે માટે આ કીમતી ખજાનો અદ્‌ભૂત ગ્રંથ પ્રકાશિત કર્યો

છે. હાર જીતને હાણ વૃધ્ધિમાં હર્ષ શોક કરવો નહિ. પ્રાચીન કાળમાં ભક્તોએ કેટ - કેટલું સહન કર્યું છે. ખૂબ ધીરજવાન બનો.

**રાગ ધોળ – આજ આનંદ મારા ઉરમાં, મળી મને મહામોંઘી વાત રે.**
**કોટી કષ્ટ કરે હરિ નવ મળે, તે તો મને મળ્યા સાક્ષાત રે. .આજ.**
**રમાડ્યા જમાડ્યા રૂડી રીતશું, મળ્યા વળી વારમવાર;**
**હેતે પ્રીતે નિત્યે સુખ આપિયાં, તે તો કહેતાં આવે કેમ રે. .આજ.**

નિષ્કુળાનંદસ્વામી આનંદમાં આવી ગાય છે. મને અમૃતનો સાગર મળી ગયો છે. સ્વપ્નામાં ખબર નહોતી આવા પુરુષોતમ નારાયણનો સાક્ષાત યોગ મળશે. રમાડ્યા, જમાડ્યા રૂડી રીતશું, મળ્યા બાથમાં લઈને મહારાજ, ચરણ છાપ દીધી છાતીએ, વળી આપ્યાં સુખ અપાર. કોઈકને આપી અમરાવતી, કોઈને પુર કૈલાસ, કોઈને સત્યલોક આપીયું, કોઈકને વૈકુંઠ વાસ. આજ તો અઢળ ઢળ્યા અલબેલડો, આપ્યું સહુને અક્ષરધામ, આજ આનંદ મારા ઉરમાં.

**સુખ સુખ સુખ જ્યાં સુખ ઘણું, તે તો મુખે કહેતાં ન કહેવાય રે;**
**નિષ્કુળાનંદ એ આનંદમાં, હરખી હરખી ગુણ ગાય રે.**
**આજ આનંદ મારા ઉરમાં, મળી મને મહામોંઘી વાતરે. . . આજ.**

સુખ સુખ જ્યાં સુખ ઘણું, જ્યાં દુઃખનો નથી લવ લેશ એવું છે અક્ષરધામ. વૈરાગ્ય મૂર્તિ નિષ્કુળાનંદ સ્વામી એમણે જે શાસ્ત્રો લખ્યા છે તે વાંચીને હ્રદય પુલક્તિ થઈ જાય તેવું લખ્યું છે. ખરા ખપવાળા આ કથાનો તરત સ્વિકાર કરશે. ભગવાનને ધીરજાખ્યાન ગાવાની ઈચ્છા થઈ. તેથી નિષ્કુળાનંદ સ્વામીને નિમિત્ત બનાવી આ ગ્રંથ પ્રકાશિત કર્યો છે. આ ગ્રંથ ક્યારે રચ્યો છે?

**ચોસઠ કળવા સાત એક સિંધુડો, છે ચરણ વળી સોળ;**
**તેની ઉપર એક છે, વધામણું ધોળ.**
**સંવત્ અઢાર નવાણુંવો ચૈત્ર વદી, દશમી દન;**
**રચ્યો ગ્રંથ ગઢપુરમાં, સુણી સમરો શ્રી ભગવાન ॥**

નિષ્કુળાનંદસ્વામી છેલ્લી પંક્તિમાં કહે છે, આ ગ્રંથમાં ચોસઠ કડવાં અને સોળ પદ અને એક વધામણું છે. સંવત અઢારસો નવાણું (૧૮૯૯) ચૈત્ર વદ દશમના આ ગ્રંથ પ્રકાશિત કર્યો છે.



**સત્યપ્રિય વ્યક્તિ, સત્ય માટે સર્વસ્વનું**
**બલિદાન આપવા ઉત્સુક હોય છે.**

આ ગ્રંથ જે વાંચશે, સાંભળશે, પૂજન કરશે, મનન કરી અંતરમાં ઉતારશે તો તેના હ્રદયમાં ભક્તિની વૃધ્ધિ થશે અને હ્રદયમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનનો નિવાસ થશે અને અંતે ઉત્તમ ગતિને પામશે. માણસ મટી મુક્ત બનાવે એવો આ ગ્રંથ છે. સંસારના વિષય સુખમાંથી વૈરાગ્ય થાય અને વિકટ સ્થિતિમાં હિંમત પૂર્વક ધીરજ રાખી શકાય. જગતના જીવાત્માના હિત માટે આ ધીરજાખ્યાન નામનો ગ્રંથ બનાવ્યો છે.

**॥ ઈતિ શ્રી નિષ્કુળાનંદ મુનિ વિરચિત ધીરજાખ્યાન સંપૂર્ણ ॥**

# ॥ ધીરજાખ્યાન સમાપ્તમ્ ।

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

# હરિસ્મૃતિ અમૃતધારા

---

ભગવાનને યાદ કરવાથી આપણું મંગળ થાય છે. વરસોની સાધના પછી સ્વામીને જે અનુભવ થયો છે, તેનો નીચોડ આ ''હરિસ્મૃતિ''નો ગ્રંથ છે.

હરિસ્મૃતિ એટલે હરિને યાદ કરવા. સ્વામીએ આ કથા આગવીશૈલીમાં પોતાના હૃદયના પ્રેમને નિમિત્ત બનાવી રજુ કરેલ છે. વચનામૃતની શરૂઆતમાં શ્રીજીમહારાજ બોલ્યા છે. કઠણમાં કઠણ સાધન શું છે?. ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ સાધન નથી. પાઈલટ, ડોક્ટર, પ્રાઈમમિનિસ્ટર, કે વડાપ્રધાન થવું સહેલું છે. પણ અખંડ હરિસ્મરણ કરવું કઠિન છે. ન થઈ શકે તેમ પણ નથી. અભ્યાસ રાખીએ તો હરિસ્મૃતિ અખંડ થઈ શકે છે. વખતો વખત શ્રીજી મહારાજની નિકટમાં આત્મીયતા પૂર્વક રહી વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદસ્વામીએ મહારાજનાં ચિહ્નો સહિત અંગોઅંગ નીરખીને જોયાં છે. શ્રીજીને વિવિધ કીમતી પોષાક તથા રત્નજડિત સુવર્ણ અલંકાર ધારણ કરેલ જોયા છે. શાક-પાક-ચટણી-અથાણાં આદિ વ્યંજનો જમતાં જોયા છે. તે સાથે સ્વામીએ ભગવાનનાં દિવ્ય લીલાચરિત્રો, માહાત્મ્ય, અવતારી કાર્યો, પ્રગટ પુરુષોત્તમ ભગવાનની મૂર્તિનું સાકાર પણુ વગેરેનો પ્રત્યક્ષ અનુભવ કર્યો છે.

સ્વામીએ પોતે સ્વનજરે જે નીરખ્યું અને અંતઃકરણમાં અનુભવ્યું છે તેનું 'હરિસ્મૃતિ'માં શબ્દચિત્ર દ્વારા કરેલું નિરૂપણ હૃદયમાં પ્રગટપ્રભુની સાકાર મૂર્તિનું સ્મરણ કરાવે છે. એજ છે 'હરિસ્મૃતિ'.

**મૂર્તિ સંભારવા સારુ, મનસૂબો કરતું મન મારું,**
**તે તો પૂરણ થયો પ્રમાણ, કર્યાં મૂર્તિનાં વખાણ.**
**હરિસ્મતિ થાય હૈયે, માટે હરિસ્મૃતિ કહિયે**



નિષ્કુળાનંદસ્વામીએ માત્ર ૩૫૧ કડીના લઘુગ્રંથમાં પ્રગટ પ્રભુની અચરજકારી મૂર્તિનું લીલાચરિત્રનું તથા અવતારી કાર્યોનું દિવ્ય આલેખન કર્યું છે. સ્વામી કહે છે-

**એવી કેટલીક વાતો કરીયે આ પ્રગટમૂર્તિની વખરીયે,**
**ઘણી વાત થોડામાં કહી આચરજકરી છે.**

સ્વામીએ થોડામાં કહી દીધેલી ઘણી વાતોની હરિસ્મૃતિનો એકથી સાત ચિંતામણિમાં આનંદ લઈશું. આઠે પહોર પરબ્રહ્મ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાનમાં લીન રહેનારા વૈરાગ્ય મૂર્તિ નિષ્કુળાનંદસ્વામી હરિસ્મૃતિની શરૂઆતમાં મંગલાચરણ કરે છે.

**દોહા– મનોહર સુંદર મૂરતિ, સહજાનંદ સુખરૂપ ।**
**નખશિખ સુધી નિરખતાં, આવે આનંદ અનૂપ ।।૧।।**
**પ્રથમ પ્રભુ પ્રગટને, રાખું હૃદયામાંય ।**
**અંગોઅંગ અવલોકીને, અંતર રહું ઉછાય ।।૨।।**

મનોહર સુંદર મૂર્તિ શ્રી સહજાનંદ સુખરૂપ (નખશિખ) ચરણથી મસ્તક સુધી સમરું સદાય અનુપ, અંગો અંગ નીરખતાં અંતર થાય સુખરૂપ, ભગવાનને પામવા માટે ત્રણ વસ્તુની જરૂર પડે છે. ઈષ્ટદેવ પ્રત્યે પ્રીતિ, વિશ્વાસ અને દઢતા. પોતાના ઈષ્ટદેવમાં પ્રીતિ કરવી જોઈએ. એ શીખવાનો આ ગ્રંથ છે.

**ચોપાઇ – પુરુષોત્તમ પરમ દયાળ, નાથ નિરખ્યા છે ।**
**શ્રી ભક્તિધર્મના બાળ, નાથ નિરખ્યા છે ।**
**સુખદાયી સહજાનંદ, નાથ. સત્સંગીના સુખકંદ નાથ. ।।૩।।**
**અંગોઅંગમાં અવિનાશ, નાથ. તેણે હૈયે છે હુલાસ, નાથ. ।।**
**પ્રથમ પેખીને બે પાવ, નાથ. આવે અંતરે ઉછાવ, નાથ. ।।૪।।**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, મેં સાક્ષાત મનુષ્ય શરીરે પરમેશ્વરનાં દર્શન કર્યાં છે. તે છે શ્રી ભક્તિ ધર્મના બાળ શ્રી સહજાનંદ સ્વામી. તેમને હું વારંવાર નમસ્કાર કરું છું. અંગોઅંગ નીરખીને મનમાં ચિંતવન કરીને અંતરમાં ઉતાર્યા છે.

**મન જે સ્વરૂપનું વારંવાર ધ્યાન કરે છે,**
**તેનો આકાર મનમાં સ્થિર થઇ જાય છે.**

અંતરવૃત્તિ કરીને અંતરમાં ભગવાનનું ધ્યાન કરવાનો અભ્યાસ રાખવો, જ્ઞાન કરતાં ધ્યાન શ્રેષ્ઠ છે. ધ્યાન કરવાથી જલદી માયામાંથી છૂટાય છે. અને પ્રભુની

પ્રાપ્તિ થાય છે. મહા અલૌકિક ભગવાનની મૂર્તિના સુખનો ખજાનો હાથ આવે છે. શ્રીજીમહારાજના જમણા ચરણના તળિયામાં નવ ચિહ્ન છે. અંબુજ અરુણ વર્ણ બે ચરણ, હરિભક્તના ભય હરણ. તેમાં શોભે ચિહ્ન સોળ. સાંભળતાં આવે સુખ અતોલ,

**જમણા ચરણનાં ચિહ્ન જોઇ, નાથ. સ્વસ્તિક અષ્ટકોણ છે સોઇ, નાથ.**
**વજ અંકુશ ને ધ્વજ, નાથ. જવ જાંબુ કહિયે કંજ, નાથ. ॥૬॥**
**પગ બેહુમાં ઉર્ધ્વરેખ, નાથ. શોભે અતિશય વિશેષ, નાથ. ॥**

શ્રીહરિના ડાબા ચરણમાં સાત ચિહ્ન છે જે સદા સાક્ષાત સુખ આપનાર છે. મત્સ્ય, ત્રિકોણ, વ્યોમ, કળશ, ધનુષ, ને સોમ, ગોપદ સોતાં ગણિયે સાત. સોળ ચિહ્નનું સારી પેઠે ધ્યાન ધરવું પછી અંગો અંગનું ધ્યાન ધરવું હરિ સ્મરણ કરવાથી નિજાનંદ પ્રગટ થશે. એ આનંદ એવો છે કે એ મળ્યા પછી કદી આનંદ ટળતો નથી.

અમૃત પીવે તે અમર થાય છે. તેમ હરિ સ્મરણ છે તે અમૃત છે. ભગવાને કલ્યાણ કરવા માટે અનેક રસ્તા રાખ્યા છે. ચિહ્ન, તિલનું ધ્યાન કરો. સેવા પૂજા કરો અને મનથી પ્રભુનું નામ લ્યો. દેહ સાજો ન હોય તો સૂતાં સૂતાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલો. જાણપણારૂપ દરવાજે રહીને આપણા અંતરમાં શ્રીજી મહારાજની મૂર્તિ વિના જગતની માયા પેસી ન જાય, તે ખાસ કાળજી રાખવી. આઠે પહોર શ્રીહરિના સ્વરૂપના સ્મરણમાં ગુલતાન રહેવું.

શ્રીહરિના પાવલિયા ગુલાબ જેવા ગુલાબી છે પુનિત. જોઇ ચોટી જાય છે ચિત્ત. નખમણિ ઉપડતા ને રમ્ય છે. આંગળિયું ઉપર ઝીણી રોમાવલી શોભે છે, ગોળ રંગચોળ બે પેની શોભે છે. હસ્તકમળનાં કાંડાં અતિ કોમળ છે, પિંડી અતિ સુંવાળી ને રૂપાળી છે.

**જોયા જેવા છે બે જાનું, નાથ. ઘુંટણ નામ ધામ શોભાનું, નાથ. ॥**
**ડાબા જાનુપર ચિહ્ન જોઇ, નાથ. મારું મન રહ્યું છે મોહી, નાથ. ॥૧૪॥**
**ઉરુ શોભે સુંદર સુંવાળા, ના. રંભાસ્થંભ સાથળ રૂપાળા, નાથ. ॥**

જાનું, ઉર, સાથળ છે શોભાનું ધામ, નીરખી ભક્ત થાય નિષ્કામ, કોમળ કટી કહીએ કેવી ! જોઇ અંતર ધાર્યા જેવી. પ્રભુની કેવી ટેવ છે ?

**ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવાનો પ્રતાપ -**

અગત્રાઇના પર્વતભાઇ શ્રીજીમહારાજના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખતા, તો તે જે સંકલ્પ કરે, તે તરત જ થતું. એક વિચાર થયો કે નૃસિંહ અવતાર ભગવાને



ધારણ કર્યો હતો. તે કેવો હશે ! ત્યાં તો એક નહિ, પણ ચોવીસ અવતારનાં દર્શન થયાં. અને ચોવીસ અવતાર સ્વામિનારાયણ ભગવાનમાં સમાઇ ગયા (લીન થઇ ગયા) પ્રગટ ભાવથી જે ભજન કરે છે તેની સાથે ભગવાન સાક્ષાત હાજર રહે છે.

**ઉંડી નાભિ ગોળ ગંભીર, નાથ. જોઇ જીવ ધરે છે ધીર, નાથ. ॥**
**પેટ રૂડું ને રૂપાળું, નાથ. પિપળપાન સમ સુંવાળું, નાથ. ॥**
**ત્રિવળી પડે છે જો તેમાં, ના. પોયણ સમ શીતળ સુખ જેમાં, નાથ. ।**
**નળ નિરખિ મોહ્યું મન, નાથ. શોભે સુંદર શ્યામ સ્તન, નાથ. ॥**
**છબીદાર ઉપડતી છાતી, નાથ. પો'ળી રૂપાળી રંગરાતી, નાથ. ॥**
**હેતે ભર્યું અતિ હૈયું, નાથ. તે કેમ કરી જાય કહ્યું, નાથ. ॥૧૯॥**

શ્રીજીમહારાજની નાભી ઊંડી ગોળ ગંભીર જોઇ જીવ ધરે છે ધીર. પેટ પીપળના પાન જેવું. ત્રિવળી પડે છે. છાતી પહોળી ને ઉપડતી છે બે સ્તનની વચ્ચે શ્રી વત્સનું ચિહ્ન છે. સ્વામી કહે છે. ભગવાનમાં મન રાખો. યાદ કરો. આપણને આખા દિવસમાં ભગવાન કેટલીવખત યાદ આવે છે. તે હૃદયમાં તપાસ કરો ! અનેક વાસના ભરી છે તેથી ભગવાન યાદ આવતા નથી. બીજુ બહુ યાદ આવે છે.

ભાવનગરના આત્મારામ નામે દરજી પરમ ભક્ત હતા, સંતોના યોગથી સમાગમ કરવાથી સત્સંગી થયા. પ્રભુનું અખંડ સ્મરણ કરે. સ્થિતિ સુદામા જેવી ગરીબ હતી. પણ આધ્યાત્મિક રીતે શ્રીમંતના પણ શ્રીમંત હતા. ભજન કીર્તન ભાવ ભક્તિ અને શ્રદ્ધા રૂપી ધન અખૂટ હતું. કારીગર પણ સારા હતા. શ્રીજી મહારાજ માટે એક સરસ નવલી ભાતથી ભરત ભરીને હેતના દોરથી ડગલી બનાવી. તેમાં સાંધો દેખાય નહિ. તેવી કળાથી સીવી. તે ડગલી લઇને ગઢપુર પગ પાળા ચાલ્યા આવે છે, રસ્તામાં કીર્તન ગાય છે, ભાવવિભોર બની ગયા છે.

**મનમાની મોહન તારી મૂરતી રે, એક નિમિષ ન મેલું મારા ઉરથી રે. મન.**
**મને નેહડો જણાણો તારા નેણમાં રે, રઢ લાગી ન ભુલું દિન રેણમાં રે. મન.**
**જોયું રૂપ તારું રળિયામણું રે, બીજું સરવે થયું છે અળખામણું રે. મન.**
**હું તો ગરક થઇ તારા ગીતમાં રે, ચઢ્યો કેફ અલૌકિક ચિત્તમાં રે. મન.**
**પિયા પ્રેમેથી સેજ પધારજો રે, બ્રહ્માનંદને ઘડી ન વિસારજો રે. મન.**

લીંબવૃક્ષની નીચે ગાદી તકિયા પર શ્રીહરિ બિરાજમાન છે. સામે સંતો અને ભક્તો બેઠા છે. આત્મારામ પ્રભુને પગે લાગીને ડગલી અર્પણ કરી, શ્રીજી મહારાજે

ભાવ જોઈને તરત ધારણ કરી અને રાજીપો વ્યક્ત કરતાં કહ્યું, બરાબર માપસર બંધબેસતી ડગલી થઈ છે. શ્રીજીમહારાજે સ્મિત હાસ્ય કરતાં પૂછ્યું. તમે માપ ક્યારે લીધું ? આત્મારામે સરસ જવાબ આપ્યો. હે પ્રભુ સવારે દરરોજ બે કલાક ધ્યાન કરું છું પછી માનસી પૂજા કરું છું ત્યારે તમારાં પ્રત્યક્ષ દર્શન થાય છે. તેથી માપ મળી જાય ને !! આપ અમારા અંતરમાં સદાય નિવાસ કરીને રહો છો. તેથી માપ લેવું સરળ થાય છે.

આવું સાંભળી શ્રીજીમહારાજ અતિશય રાજી થયા. તુરંત ઊઠીને ભક્ત આત્મારામને બાથમાં લઈને મળ્યા, આત્મારામના માથા ઉપર શ્રીહરિ પોતાના પવિત્ર હસ્ત ધરાવી બોલ્યા. ધન્ય છે તમારા ભક્તિ ભાવ અને સમજણને. શ્રીજીમહારાજ કહે છે.

**આત્મારામ ! તમારા જેવા ભક્તો તો મારા આત્માનો શ્વાસ છે.॥**

આ વાતની ભાવનગરના રાજા વજેસિંહને ખબર પડી. તેથી આત્મારામ ભક્તને બોલાવીને કહ્યું, તમે સ્વામિનારાયણ ભગવાનને ડગલી આપી છે તેવીને તેવી ડગલી મારા માટે બનાવી આપો ! ત્યારે આત્મારામ ભક્ત બોલ્યા, શ્રીજી મહારાજનું સ્મરણ કરું છું ત્યારે હેત ઊભરાય છે. સતત સ્મરણ કરતાં કરતાં હૈયાના હેતના ટેભાથી ડગલી બનાવી છે. તેવો હેતભાવ હવે લાવવો ક્યાંથી ? રાજા સમજી ગયા. હરિહેતની વાત જુદી છે.

આવું સાંભળી રાજા રાજી થયા. કે આવા મહાન ભક્તરાજ મારા રાજ્યમાં રહે છે. તે મારાં મોટાં ભાગ્ય છે. એવું વિચારી આત્મારામ ભક્તને સરપાવ અને દ્રવ્ય આપીને ખૂબ ભાવથી સન્માન કર્યું. પછી આત્મારામ ભક્ત ઘેર આવ્યા તે દ્રવ્ય અનેક ગરીબો અને સાધુ, સંતો, ગાયોને અર્થે વાપરીને દાન પુણ્ય કર્યું. પણ એક પૈસો ઘરમાં રાખ્યો નહિ. આવા નિઃસ્વાર્થી ભક્ત આત્મારામ.

**સુમિરન ઐસા કીજીયે ખરે નિશાને ચોટ,**
**ઐસે ઈશ્વરમેં લીન હો, મિટે વિષયકા કોટ;**

સૂર્યના પ્રકાશથી જેમ અંધકાર દૂર થાય છે, તેમ ભગવાનના સ્મરણથી દોષ માત્ર ટળી જાય છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે. કુખ પડખાંને બે બગલું જોઈ સુખ આવે ભલું, ખભા ખૂબ જોયા મેં ખાંતે નીરખું બેસીને એકાંતે. ભુજા, બાહુ, કાંડાં, રાતી હાથ હથેળી સુંદર શોભે, જોઈ મારું મનડું લોભે હસ્તની અંગળીયું નખમણી લાલ વેઢ વીંટી જોઈ નિહાલ. અંગો અંગની શોભા નીરખી સ્મરણ કરે છે. તેનાં જન્મ મરણ ટળી જાય



છે.

**કંઠ કંબુ સમ અવલ, નાથ. તેના ખાડા વિચ્ચે તલ, નાથ.**
**ગળું રૂપાળું છે ઘણું, નાથ. રૂડું સુંદર સોહામણું, નાથ.**
**દાઢી દેખી દિલડું ઠરિયું, નાથ. જોઇ વિષય સુખ વિસરિયું, નાથ.**

કંઠના ખાડા વચ્ચે એક તિલ છે. ગળુ રૂપાળું ને સોહામણું છે. શ્રીહરિના અંગો અંગનું સ્મરણ કરવાથી વિષય સુખ વિસરાઈ જાય છે. સાકરનો સ્વભાવ છે. જેના મુખમાં જાય ત્યાં મીઠાશ પ્રસરાવે છે. હરિ સ્મરણનો પણ એવોજ પ્રતાપ છે. હરિનું સ્મરણ કરવાથી જીવન પવિત્ર થાય છે. ભજન સ્મરણથી વ્યક્તિ હળવો ફુલ જેવો થઈ જાય છે. અને સત્સંગ અને સમાજમાં આદરણીય બને છે.

શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, ગમે તેવો પાપી હોય અને જો અંત સમયે સ્વામિનારાયણ નામનું ઉચ્ચારણ કરે તો સર્વે પાપ થકી છૂટી જાય છે, વિષય વાસનાથી મુક્ત થાય છે. અને બ્રહ્મમહોલનો નિવાસી થાય છે. શ્રીજીમહારાજનાં ચિબુક, અધરોષ્ઠ, દાડમના દાણા જેવા દાંત, સુંદર ગુલાબી જીહ્વા તેનું ચિંતવન કરવું. રસનાએ છે રૂડી વાણી, તરત ચિત્ત વૃત્તિ જાય તણાઈ, પ્રભુની વાણી કેવી છે ? સૂણી ભલભલાનાં મન ખેંચાઈ જાય છે.

શ્રીહરિની વાણી મધુર મીઠી અને સત્યથી ભરેલી છે, ચોખ્ખું સ્પષ્ટ અને ચતુરાઈથી બોલે છે. વિદ્વાન પણ સમજી શકે, ને ભણેલ હોય કે અભણ હોય, બધા સમજી શકે છે, જુઓ વચનામૃતમાં કેવી સરસ ભાષા બોલે છે. વેદ, વેદાન્ત અને ઉપનિષદોના જ્ઞાનથી વચનામૃત ભરપૂર છે. પ્રભુ એટલી સાદી ભાષા બોલ્યા છે કે ગામડાના અભણ જનો પણ સમજી શકે.

**મુખભર્યું મનોહર હાસે, નાથ. જોઇ જનમ મરણદુઃખ નાશે, નાથ. ॥**
**નાસા અણિયાળી છે એવી, નાથ. શુકચંચુ દીપશગ જેવી, નાથ. ॥**
**તે પર શિળી ચિહ્ન નિહાળો, ના. જમણે ગાલે તિલ રૂપાળો, નાથ. ॥**
**ગૌર કપોળ છે ગોળ, નાથ. જોઇ આવે સુખ અતોલ, નાથ. ॥**
**કર્ણ હરણ દુઃખના કહિયે, નાથ. જોઇ મોટા સુખને લઇએ, નાથ. ॥**
**વામ કાને બિંદુ શ્યામ, નાથ. અતિ શોભે શોભાધામ, નાથ. ॥**

મનોહર મુખારવિંદ નાસિકા પોપટની ચાંચ જેવી, જમણા ગાલમાં તિલ રૂપાળો. વામ કાને બિંદુ શ્યામ, અત્તિ શોભે છે સુખધામ, પ્રભુની સ્મરણ ભક્તિ એવી

છે કે જગતને ભૂલાવે છે. જગતમાં રહેવું છે ને જગતને ભૂલવું છે. એ કેમ બનશે ? સંસાર છોડીને જશો ક્યાં ?? જ્યાં જશો ત્યાં સંસાર સાથે જ છે. સંસારને છોડીને જવાનું નથી પણ સંસારને મનમાંથી કાઢી નાખવાનો છે. સંસારની આસક્તિથી અલગ થઇ જવાનું છે.

**સંસારનું સંપૂર્ણ વિસ્મરણ અને પ્રભુનું અખંડ સ્મરણ એજ મુક્તિ છે.**

શ્રીજીમહારાજ ગ.મ. ૫૫ મા વચનામૃતમાં કહે છે, ભગવાનના જે એકાંતિક ભક્ત હોય તે અખંડ ભગવાનના સ્વરૂપનુંજ ચિંતવન કરે. વાણી ભગવાના યશને જ ગાય હાથ ભગવાન અને ભગવાનના ભક્તની સેવા પરિચર્યાને જ કરે, કાન અખંડ ભગવાનના યશનેજ સાંભળે.

**વાંસો લાસો વા'લો લાગે, ના. જોઇ તિલ મોટો દુઃખ ભાગે, નાથ. ॥**
**આંખ્યો મનગમતી મર્માળી, નાથ. રાતી રેખાયે રૂપાળી, નાથ. ॥**
**અતિ ભરી છે અમૃતે, નાથ. નિહાળી જોઇ છે મેં નિરાંતે, નાથ. ॥**
**પાંપણ ઉપર કરચલિયો, ના. સારી શોભે છે બે ભલિયો, નાથ. ॥**

શ્રીહરિનો વાંસો કેવો છે ? લીસો છે. પ્રભુનાં નેત્રો કેવાં છે ? કમળની પાંખડી જેવાં છે અને નેત્રોમાં કરુણા ભરી છે. ભાલમાં ઊર્ધ્વપુંડ્ર તિલક છે. મસ્તક પર કાળા તેજસ્વી રેશમ જેવા કેશ છે. શિખા સુંદર રૂપાળી ધારું અંતરમાં ઉતારી નાથ નીરખ્યા છે.

આપણે જગતમાં કે વ્યવહારમાં લાંબા થવા નથી આવ્યા. પણ આપણે તો જગતમાંથી ટૂંકા થઇ ભગવાનમાં જોડાવા આવ્યા છીએ, બહારવૃત્તિ વાળાને જગતની માયામાં જોડાવું ગમે છે. ભગવાનને ભૂલી જવાય તેવા વેગે સહિત વ્યવહાર કરવો નહિ.

**મૂર્તિ ઘણી છે ઘનશ્યામ, નાથ. શાંત સ્વભાવે સુખધામ, નાથ. ॥**
**મહારાજની મૂર્તિ ન્યારી, નાથ. કરચરણાદિક પર વારી, નાથ. ॥**
**અંગોઅંગે અવલોકી, નાથ. આવે આનંદ અલોકી, નાથ. ॥**
**નખશિખા સુખની ખાણી, નાથ. જીભે જાય નહિ વખાણી, નાથ. ॥**
**એવી મૂર્તિ મનરંજન, નાથ. ચિત્તે ચિંતવું છું નિશદિન, નાથ. ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે. પ્રભુનો સ્વભાવ કેવો છે ? શાંત સ્વભાવે યુક્ત છે. ક્ષીર સાગરમાં શેષનાગ પર સૂવે તોય શાંત.. નાગનો સ્વભાવ ઝેરીલો ને ક્રોધી હોય પણ શાંત મૂર્તિના સ્પર્શથી શેષનાગ પણ શાંત થઇને બેઠા હોય છે.



**શાન્તાકારં ભુજગશયનં પદ્મનાભં સુરેશં**
**વિશ્વાધારં ગગનસદશં મેઘવર્ણં શુભાંગમ્ ।**
**લક્ષ્મીકાન્તં કમલનયનં યોગિભિર્ધ્યાનગમ્યં**
**વંદે વિષ્ણું ભવભયહરં સર્વલોકૈકનાથમ્ ॥**

જેમ પાણીનો સ્વભાવ શીતળ છે, ગમે તેટલું તમે પાણી ગરમ કરશો પણ પછી તે ઠરી જશે પાણીનો મૂળ સ્વભાવ શીતળ છે, તેવી રીતે પ્રભુને ગમે તેવી પરિસ્થિતિ ઊભી થાય પણ તે સદાય શાંત જ રહે છે. કોઇ ઉદ્વેગ નહિ. આધિ વ્યાધિ નહિ. શ્રીજીમહારાજ રાત્રે પોઢી જાય. વહેલી પ્રભાતે જાગૃત થઇ દેહક્રિયા કરી આવે હાથ મૃતિકાએ ધોઇ આવે. પછી દાતણ કરતા શ્યામ, વળી સ્નાન કરે ઉન્હે નીરે. લુતા લાસે પટ શરીરે, બીજાુ પહેરે કોરું વસ્ત્ર, ચઢતા ચાખડીયે ચટ ,નાથ નીરખ્યા છે.

સ્વામી કહે છે મેં મારી નજરે પ્રત્યક્ષ શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં છે. આપણે જ્યારે બેઠા હોઇએ, કે હાલતા, કે સૂતા હોઇએ ત્યારે શ્રીહરિ મારી સાથે બેઠા છે. ચાલે છે, એવું સ્મરણ કરવું પણ એકલા રહેવું નહિ.

**ઓઢી પછેડી પાવન, નાથ. આવ્યા જીમવાને જીવન, નાથ. ॥**
**બેઠા ચાકળે અવિનાશ, નાથ. હતો નિષ્કુળાનંદ પાસ, નાથ. ॥**

આજથી પ્રતિજ્ઞા કરો ! ભગવાનનું ધ્યન ભજન કરું. ત્યારે અખંડ મારું મન ભગવાનમાં રહેવું જોઇએ. આ દુનિયામાં ભગવાનની સ્મૃતિ સિવાય બીજી કોઇ શ્રેષ્ઠ વસ્તુ નથી, અને હરિસ્મૃતિ ગ્રંથમાં ભગવાન સિવાય બીજી કોઇ વાત આવતી નથી. શ્વેત પછેડી પહેરી પ્રભુ જમવા પધાર્યા. બેઠા ચાખળે અવિનાશ, હતો તે વખતે હાજર હરિનો દાસ;

**ઈતિ શ્રી નિષ્કુળાનંદ મુનિ વિરચિતહરિસ્મૃતિમધ્યે**
**પ્રથમ ચિંતામણી ॥૧॥**

---------------------

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. સંસારમાં દુઃખ પડે ત્યારે ભગવાનને ખૂબ યાદ કરે. પછી સુખ થઇ જાય ધંધા સારા ચાલવા માંડે ત્યારે ભગવાન ભૂલાઇ જાય. તેને ભગવાનના ભક્ત ન કહેવાય, તેને સ્વાર્થી ભક્ત કહેવાય મન શ્રીહરિમાં લીન હોવું જોઇએ એને કહેવાય હરિ સ્મૃતિ.

**ભોજન બહુ રસે ભર્યાં, જુગતે કરિયાં જેહ ।**
**આણ્યાં ચોકી ઉપરે, તાજાં જમવા તેહ ॥**
**પાક બહુ પ્રકારના, વિધ વિધનાં વ્યંજન ।**
**પુર્યા કટોરા પ્રેમશું, જુગતે જમે જીવન ॥**
**મોદક મગદળ ને મોતિયા, જમતાં જોયા છે ।**
**લાખણસાઇ ને સેવૈયા, જમતાં જોયા છે ।**
**તળિયા બળિયા માંય તેજાના, જ. કાજુ કળિના મનમાન્યા, જમ. ॥**
**પેંડા પતાસાં ને પુરી, જમતાં. સુતરફેણી ને સાબુડી, જમતાં. ॥**
**શક્કરપારા સેવસુંવાળી, જમતાં. પુરી કચોરી રૂપાળી, જમતાં. ॥**

શ્રીજીમહારાજ જમવા બેસે ત્યારે કાન ઉઘાડા રાખીને જમવા બેસે છે. પેટ ઉપર હાથ ફેરવે. જમતાં જમતાં વચ્ચે પાણી પીવાની ટેવ છે. જમણો ચરણ ઊભો રાખીને તેને માથે જમણો હસ્ત મૂકે અને ડાબા પગની પલાંઠી વાળીને બેસે છે. હલવો, ગેબર, ગુંદરપાક, ગગન, ગાંઠિયા સારા. શીરાની સાથે ચણા, મેસુબ, બરફી, બીરંજ, બાજરાના રોટલાની સાથે કળી, દૂધપાક માખણ મીસરી, દહીંવડાં, પૂડલા, પૂરણપોળી, નીરના મઠના રોટલા જમતાં જોયા છે. ભગવાનને યાદ કરો હું ભગવાનને જમાડું છું, મારી સામે પ્રભુ બેઠા છે. હું જોઈતી વસ્તુ આપું છું. હરિ સ્મરણ વિશેષ થઈ શકે તે માટે આપણા સંપ્રદાયમાં પાંચ માનસી પૂજાની પ્રવૃત્તિ કરેલ છે. કોળીયે કોળીયે સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ લ્યો.

**સિંહ સામે બકરી ઘાસ ખાઇ ન શકે**
**હરિ સ્મરણ ચાલુ રાખે તો પાપ ન થઇ શકે.**

અણુ પરમાણુમાં પરમાત્મા છે. ઘણા એમ કહે છે, તો મૂર્તિ શા માટે પૂજાય છે. મૂર્તિ અધિષ્ઠાન છે. મનને કેન્દ્રિત કરવા માટે મૂર્તિની જરૂર છે. પૂજા કરવાથી મનને એકાગ્ર થવાનો અભ્યાસ થાય છે, સ્નાન, વસ્ત્ર, આભૂષણ તિલક, પુષ્પના હાર અને આરતી આ બધું કરવાથી મન કેદ્રિત થાય છે. મન મૂર્તિમાં લગાવવું જ પડે નહિતર પૂજા નહિ થઈ શકે ! મૂર્તિ પૂજા એ સંપૂર્ણ વૈજ્ઞાનિક અભિગમ છે.

એક શેઠ બહુ લોભી હતા, પૈસા ઘણા. રહેવા માટે મહેલ મોટા પણ મન સાવ નાનું હતું, દરરોજ સત્સંગ કરવા આવે, સંતો કહે છે ભગવાને તમને ખૂબ ધન



આપ્યું છે તો કાંઈક દાન પૂણ્ય કરવા જોઈએ. શેઠ બોલ્યા, ''શું કરું ?'' એકપણ પૈસાનો ખર્ચન થાય તેવું હોય તો બતાવો ! સંતે કહ્યું, માનસી પૂજા કરવામાં એક ટકાનો ખર્ચ નથી. શેઠે કહ્યું. દીવો તો કરવો પડે ને ! નૈવેદ્ય ધરાવવું પડે તો એમાં પૈસાનો ખર્ચ થાય જ ને ! સંત બોલ્યા માનસી પૂજામાં બધું મનથી અર્પણ કરવાનું હોય. શાંતિથી બેસો તમને શીખવાડું નાહી ધોઈ પલાંઠી વાળીને ઉત્તર અથવા પૂર્વ દિશા સામે બેસીને મનથી ધારણા કરવાની કે મારી સામે ઠાકોરજી બેઠા છે મનથી સ્નાન કરાવવાનું પછી વસ્ત્ર અલંકાર ધરાવવાના, વાઘા પહેરાવવા શેઠે કહ્યું, વાઘા બનાવવામાં ખર્ચ થાય ને ! સંતે કહ્યું મનથીજ પહેરાવવાના છે. કાંઇ ખર્ચ નથી. તમે ચિંતા ન કરો.. !

પુષ્પના હાર પહેરાવવાનાં તુલસી પત્ર અર્પણ પછી ભોજનના થાળ જમવા આપવાના. હાં આ રીત બરાબર છે. કાલથી જ આ બધું હું ચાલુ કરી દઈશ. દરરોજ માનસી પૂજા કરે. એમ કરતાં બાર મહિના થયા. ધીરે ધીરે શેઠનું મન એકાગ્ર થવા લાગ્યું હૃદયમાં આનંદ વધતો ગયો. તેથી વધારે સમય સુધી નિરાંતે માનસી પૂજા કરે.

એક દિવસ માનસી પૂજા કરતાં દૂધમાં સાકર વધારે પડી ગઇ. લોભી સ્વભાવ એટલે મનમાં થયું. ખાંડના ભાવ ચડતા જાય છે તેથી દૂધમાંથી ખાંડ કાઢવા ગયો. ભગવાન પ્રગટ થઈને લોભીનો હાથ પકડી લીધો. તમારું શું જાય છે. ભલે ખાંડ વધારે પડી. આંખ ઉઘાડી જોયું. તો તેજનાં કિરણો મધ્યે ભગવાન દૂધ પીવે છે. અહાહા. સાક્ષાત પરમાત્માએ એમને દર્શન આપ્યાં. પગે લાગી નમસ્કાર કરવા જાય ત્યાં પ્રભુ અદશ્ય થઈ ગયા. આજે મારી માનસી પૂજા સિદ્ધ થઈ.

**માનસી પૂજા કરવાથી લોભીનું મન એકાગ્ર થયું.**
**જીવન ધન્ય બની ગયું.**

લોભ વૃત્તિ ટળી ગઇ. ઉદાર દિલથી પરોપકારાર્થે ખૂબ દ્રવ્ય વાપરે અને એક કલાક સુધી દરરોજ પૂજા કરે. સંતનો સંગ થવાથી આલોક અને પરલોક સુધરી ગયા. શેષ જીવન ભગવદ્ ભક્તિમાં જ પસાર કર્યું. વચનામૃતમાં શ્રીહરિ કહે છે. અમારે તો ભગવાનની કથા વાર્તા કે કીર્તન ભજન, ધ્યાન એમાંથી કોઈ કાળે મનની તૃપ્તિ થતી જ નથી. ને તમારે સર્વેને એવી રીતે વર્તવું.

**રોટલી ને ગળવાણું, જમતાં. અવલપાક આંબલવાણું, જમતાં. ॥**
**રાતાં મરચાં ને રોટલા, જમતાં. મગ ચણાના પુડલા, જમતાં. ॥**

**અડદ મગ ચણાની દાળ, જમતાં. તુવેર મેસુરની દયાળ, જમતાં. ॥**
**વાલ મઠ ને વટાણા, જમતાં. કાજુ કળથી ચોળા દાણા, જમતાં. ॥**
**વૃંતાક વાલોળ વળી, જમતાં. સારાં સુરણ ઘીમાં તળી, જમતાં. ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે. રૂડાં રતાળુ, પતાળુ, કેરાં, કારેલાં ને ચીભડાં, ગલકાં, ગવાર ને ઘીસોડાં, ભીંડા, દૂધી, રાઈતાં, કુબી વિગેરેનાં શાક જમતા જોયા છે. જીવણ ભક્ત મઠનો રોટલો અને ભાજીનું શાક અર્પણ કર્યું, તો પ્રભુએ પ્રેમથી સ્વીકાર્યું. વખાણ કરતા જાય ને જમતા જાય. આ રોટલામાં અમૃત જેવો સ્વાદ છે અમને ખૂબ ભૂખ લાગી છે. મેવા મિષ્ટાન્ન જમીને થાકી ગયા છીએ. આવું સાંભળી જીવણ ભક્તના આનંદનો પાર ન રહ્યો આજે મારો સંકલ્પ પૂરો થયો.

બ્રહ્માનંદસ્વામીને થયું, બ્રાહ્મણનો ભાવ જોઈને જમે છે. પણ પેટમાં દુઃખશે. કાંઈક યુક્તિ કરવી જોઈશે હે પ્રભુ ! અમને પ્રસાદી આપો તો ખબર પડે કેવો સ્વાદ છે ! એમ કહી રમૂજ કરતાં હાથમાંથી રોટલો લઈ લીધો અને સર્વે સંતો અને ભક્તોને પ્રસાદ આપ્યો. ભાવ છે તે મહાન બાબત છે. મેથી, મોગરી, લુણી, ચીલ ને ચણેચી વિગેરે જમતાં જોયા છે.

નિષ્કુળાનંદસ્વામી કહે છે, લાડુબા અને જીવુબા સરસ મજાની શ્રીજીમહારાજ માટે રસોઈ બનાવે. અળવીનાં પાંદ, લીસા અજમાના પાંદ, રતાળુ અને વંતાકનાં ભજીયાં બનાવે. ફાફડા, વડાં, વડી ગાંઠીયા, પાપડ, મઠના મઠિયાં, બરફી, કંસાર અને પકવાન બનાવ્યાં, મુકુંદ બ્રહ્મચારી પીરસે તેવી લીલાનાં વર્ણનનું કીર્તન સ્વામી પ્રેમાનંદજી ગાય છે.

**બેઠા જમવા ઓરડે અલબેલડો,**
**છત્રીશ ભોજનનો ધર્યો આગે થાળ જમે રંગ છેલડો.**
**પ્રેમાનંદ કહે બરફી ને કંસાર છે,**
**હરીસો હલવો મોતીચૂર દાળ, ભોજન સરસ સાર છે.**

પરમાત્માના સ્વરૂપનો આનંદ ન આવે ત્યાં સુધી એને ધ્યાન ભજનમાં આળસ બહુ આવે. અનેક માણસો આ જગતની અંદર છે. ભગવાનમાં કોઈ દિવસ જોડાય જ નહિ. ભગવાનમાં મન જોડવાનું તાન રાખવું ભક્તજનોએ.

શ્રીજીમહારાજ ભોજન સાથે અનેક પ્રકારનાં અથાણાં જમે છે. કેરી, લીંબુ મરચાં, આમળાં અને આદુ, ખારેક ખજુર છે સ્વાદુ. ગુવારની ફળી, કોઠીબાની



કાંચરિયું. ચટણી, તલસાંકળી, દૂધ દહીંની તર જમતાં જોયા છે. શ્રીજીમહારાજ સંતોને પ્રસાદી આપે છે. એવી લીલાનું સ્મરણ કરો. લોકો ભક્તિ કરે છે પણ પાપ છોડતા નથી. ભક્તિ કરે છે પણ એક બીજાની નિંદા બહુ કરે છે. તેથી આનંદ આવતો નથી. ખોટું બોલે છે અને ન ખાવાનું ખાય છે. તેથી ભજન કીર્તનમાં આનંદ આવતો નથી મન સુધરશે તો જ ભજન સ્મરણમાં આનંદ આવશે. જીવની અવળાઈનો પાર નથી..

**હરિ સ્મરણ કરવાથી અંતરનું તોફાન ધીરે ધીરે શાંત થાય છે.**

આ જગતમાં નાશવંત સુખ શરૂઆતમાં બહુ સારાં લાગે, પણ પરિણામે ઝેર જેવાં કડવાં હોય છે. સુખની ખોટી ભ્રાંતિ છે. એક ભક્ત હતા. ૮૦ વરસની ઉંમર થઈ, દર્શન કરવા દરરોજ આવે પાંચ માળા ફેરવી પછી ઘેર ચાલ્યા જાય. આખો દિવસ માયાની વાતું કરે અવસ્થા વધતી ગઈ ને ભક્તિ ઘટતી ગઈ. મંદિરે દર્શન કરવા આવતા નથી. એક મહિના પછી લાકડીના ટેકે માંડ માંડ મંદિરે આવ્યા. પગ ભાંગી ગયો હતો.

ગોપાળાનંદસ્વામીએ પૂછ્યું, ભક્ત કેમ હમણાં દેખાતા નથી, પગમાં શું થયું છે ? ભકતની આંખ ભરાઈ આવી. રડતાં રડતાં બોલ્યા, મારો છોકરો સાવ ઉદ્ધત છે. ભણાવ્યો, ગણાવ્યો, પરણાવ્યો. માલ મિલ્કત બધી સોંપી દીધી. બે બાળકોનો બાપ છે. છતાં ધંધામાં ધ્યાન દેતો નથી. મોંઘવારી વધતી જાય છે. બાળકો ભણે છે મારી કમાણી ઉપર ગાજે છે. જાતે પુરુષાર્થ કાંઈ કરતો નથી. મેં કહ્યું, ખેતી વાડીમાં ધ્યાન દઈને ખેડ કર. સારી ભલામણ કરી તે તેને ગમી નહિ. ખીજાઈને બોલ્યો હું ફાવે તેમ કરું તમે ખોટો બકવાદ કરશો તો માર ખાશો. એમ કહી મને ધક્કો માર્યો, હું નીચે પડી ગયો, અને પગ ભાંગી ગયો.

હવે પૂછવા પણ આવતો નથી બોલતો નથી. મેં એના પાછળ મારી આખી જિંદગી ઘસી નાખી. હવે વૃદ્ધાવસ્થામાં મારું શું થાશે. ગોપાળાનંદસ્વામીએ કહ્યું, એવા છોકરા શું કામના, મા-બાપને મારે, કડવાં વેણ બોલી સંતાપે તેવા દીકરા જીવતાં છતાં મરેલા જેવા જ છે. બાપા ! હવે તમે કુટુંબ પરિવારમાંથી માયા છોડો ને ભગવાનમાં માયા રાખો. અંતે એજ કામ આવશે, સગાં બધાં સ્વાર્થી હોય છે. સાચા સગા એક ભગવાન છે. ભગવાનના નામની માળા ફેરવો ને ભજન કરો.

આવું સાંભળી બાપાનો મગજ છટક્યો. સાધુરામ ! વિચારીને બોલજો મારા દીકરાને મુવા જેવો ને કાફર કહો છો ? ખબરદાર મારા છોકરાને એવું બોલ્યા છો તો

! ગમે તેમ તોય મારો દીકરો છે. સ્વામીએ કહ્યું. જીવતાં દીકરાનો મારા ખાજો ને મર્યા પછી જમદૂતોનો માર ખાજો. આ જગતના માણસોનો આવો મધની અંદર માખીની જેમ સંસારમાં ચોટી જવાનો સ્વભાવ છે.

**જ્યાં કાયમ રહેવું ત્યાંની તૈયારી કરજો.**

માતાપિતાને દુઃખી કરવાથી. તે દીકરાની બુદ્ધિ બગડી. ગામના લોકો અને સગાસંબંધી સાથે અણબનાવ થયો. તેથી કુસંપ અને કલેશ વધી ગયો. કુટુંબ ખેદાન મેદાન થઈ ગયું. ભયંકર રોગ થયો, હવે પસ્તાવો થાય છે. મેં મારા માતાપિતાનો ફાવે તેમ તિરસ્કાર કર્યો છે. કોઇ દિવસ પ્રેમભાવથી બોલાવ્યાં નથી તેમના અપાર ઉપકારને હું ભૂલી ગયો. તેનું પરિણામ ભોગવું છું કર્યા કર્મ ભોગવવાં જ પડે છે. રિબાઇ રિબાઈને મરી અને જમપુરીમાં ધકેલાઇ ગયો. જમદૂતોએ બરાબર સજા કરી. ધોકા ફટકાર્યા.

નિષ્કુળાનંદસ્વામી કહે છે, આત્માને વિશ્રાંતિ પામવાનું સ્થાન પરમાત્મા છે. આધિ વ્યાધિથી ઘેરાયેલો માનવી જો ભાવથી હરિસ્મરણ અને હરિધ્યાન કરે તો મનમાં હરિનો પ્રવેશ થાય, ત્યારે પૂર્ણ શાંતિ થાય છે અને પરમ સુખિયો થાય છે. ખરું એજ કરવાનું છે. સ્વામી કહે છે. હાથે કરીને શું કામ દુઃખી થાવ છો !.

સ્વામી કહે છે, શ્રીહરિ લીંબુનો રસ, શેરડી, કાથો, ચૂનો, લવીંગ, સોપારી, પાંદબીડાં વિગેરે મુખવાસ જમે છે ને સંતો પ્રસાદ ભક્તોને આપે છે. તેનું સ્મરણ કરવું. આપણી પાસે લાખો રૂપિયાની કીમતી વસ્તુ હોય. કોઇ જગ્યાએ રાખી હોય તેના ઉપર કેટલી તાણ વૃત્તિ રહે છે ! કાંઇક ખખડાટ થાય તો તરતજ તે વસ્તુ કોઇ ચોરી ન જાય તેવી વૃત્તિ રહે છે. તેમ મોંઘા એવા ઘનશ્યામ મહારાજ આપણા અંતરમાં અખંડ સંભારી રાખવા. જો ભૂલ્યા તો ઘણી ખોટ આવશે.

પછી શ્રીહરિને ફળ જમાડવાં બપોર પછી ચાર વાગ્યાનો સમય થયો છે. સોનાના મોટા ત્રાંસમાં વિવિધ પ્રકારનાં ફળ સુધાર્યા છે, પ્રભુ જમે છે, હું બાજુમાં બેસીને વાયુ ઢોળું છું. જાંબુ, લીંબુ, પાકી કેરી, સોનેરી કેળાં, દાડમ, સીતાફળ, જામફળ, રામફળ, પિલુ, શેતુ, નારંગી, ખારેક, ખજુર, ટોપરાં, કાજુકળિયા, લીલી દ્રાક્ષ, બદામ, પિસ્તા, ચીભડાં, મૂળા અને મોગરી, ચીકુ, વિગેરે ફ્રુટ પ્રભુ જમે છે. હું નીરખીને દર્શન કરું છું મને પણ પ્રભુએ પ્રસાદ આપ્યો. એવી રીતે સ્મરણ કરવું.

**પોંક બાજરા ઘઉંનો, જમતાં. ચણા ગુદલીનો ઉંનો, જમતાં. ॥**
**મકાઇ ને બહુ મેવા, જમતાં. પ્રદેશી મગ ચણા કેવા, જમતાં. ॥**



**કાજુ કરા ટાઢા હીમ, જમતાં. કોમળ નિર્મળ લૈલિમ, જમતાં. ॥**
**પાકાં ચીભડાં રસાળું, જમતાં. પાકી આંબલી દયાળું, જમતાં. ॥**
**ફણસ બીજોરાંના કળિયા, જમ. લાગે અન્નારસના ગળિયા, જમતાં. ॥**

બાજરાના પોંક, મકાઇ, ફણસ અને અનારસ પ્રભુ જમે છે. મીઢીઆવળ ને રાતાં મરચાં સાથે બાજરાનો રોટલો જમતાં જોયા છે. નિષ્કુળાનંદસ્વામી કહે છે. પ્રભુની લીલાનો કોઇ પાર નથી. મનને પ્રભુનાં લીલા ચરિત્રોમાં ગૂંચવી મૂકવું. નવરું રહેવા દેવું નહિ.

**હરિસ્મરણ માયામાં ફસાયેલા જીવને બંધનથી મુક્ત કરે છે.**

હરિસ્મરણ સમાન બીજું કાંઇ થઇ શકતું નથી. જપ કરે, તીર્થ કરે યોગ સાધના કરે. અનેક યજ્ઞો કરે, પણ ભગવાનમાં હેત નથી ભાવ નથી, તો તેનો કોઇ અર્થ નથી. ઉપવાસ કરે, ઉદાસ ફરે, જંગલમાં રહે. કેવળ ફળ ફૂલ ખાય. કોઇ કેવળ દૂધપાન કરે. કોઇ ખૂબ દાન કરે. કોઇ હિમાલયમાં તપ કરે, પણ જો પ્રભુમાં સ્નેહ ભાવ નથી. હરિસ્મરણ નથી, તો તેનો કોઇ અર્થ નથી. જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિને વધારવા માટે હરિની સ્મૃતિ કરો. નાવિક વગરની નૌકા નકામી, હરિસ્મરણ વિના જીવન નકામું છે. જીવન તો એટલુંજ જીવેલું કહેવાય જે ભગવાનના સાન્નિધ્યમાં જીવાયું હોય, સત્યની રાહે જીવન જીવાય તે જ મહત્વનું છે.

**ઈતિ શ્રી નિષ્કુળાનંદ મુનિ વિરચિતે શ્રીહરિસ્મૃતિ મધ્યે**
**દ્વિતીય ચિંતામણી. ॥૨॥**

---

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સોના જેવો સર્વોપરી સત્સંગ મળ્યો છે. નંદ પંક્તિ જેવા સંતો મળ્યા છે, ભગવાન ભજવામાં મેરુ પર્વત સમાન નિશ્ચય રાખવો. તે દુઃખથી ડગી જાય નહિ. મેરુ પર્વત કદાચ ડગે પણ સાચા ભક્તજનો ક્યારે પાછી પાની કરતા નથી. લડવૈયા જેમ સામે પગલે શત્રુ સાથે લડે અને પોતાના દેશની આઝાદી ઈચ્છે તેમ સાચા સંતો અંતઃશત્રુ સાથે લડે અને પોતાના આત્માને પરમાત્માના અક્ષરધામમાં પહોંચાડે છે. આત્માની આઝાદી ઈચ્છે છે.

**દોહા – કર પતર થાળી થાળમાં, ત્રાંસળી કટોરા ત્રાંસ ।**
**પનવાડાં પડીયા વાટકા, જમ્યા કનક ઠામે અવિનાશ ॥**
**અબખોરા કટોરા કળશિયા, કઠારી ઝારી તુંબ કમંડળ ।**

**ચળુ કરી ચતુરાઇશું, પીધાં નિરમળ જળ ॥**

સ્વામી કહે છે એક બાજોઠ ઉપર શ્રીહરિ વિરાજમાન થયેલા છે. તેમની સામે સોનાના નંગજડિત બાજોઠ ઉપર સોનાની થાળીમાં ભોજનના થાળ પીરસાયા છે. બાજુમાં કનકના કટોરામાં જળ ભર્યું છે.

**ચોપાઇ– દાંત સુધારી બેઠા પાટે, ભૂધર ભાળ્યા છે ।**
**આવ્યા જન પૂજવા માટે, ભૂધર ભાળ્યા છે ।**
**ચરચે ચંદન મળિયાગરે, ભૂધર. કુંકુમ કસ્તુરી કેસરે, ભૂધર. ॥**
**સારી સુખડ શરીરે, ભૂધર. જને ચર્ચી ધીરે ધીરે, ભૂધર. ॥**

ગઢપુરમાં ગોપીનાથજી મહારાજનું મંદિર બંધાતું હતું. મજુરોના પગાર ચડી ગયા. શ્રીજીમહારાજના શરીરે મંદવાડ હતો. તેથી અક્ષરઓરડીમાં સૂતા હતા. એવામાં ખોલડીયાદથી ખેંગાર ભક્ત પ્રભુનાં દર્શન કરવા આવ્યા. મહારાજે પૂછ્યું, ભગત તમારો વ્યવહાર કેવો ચાલે છે. મહારાજ વ્યવહાર સારો ચાલે છે. ખેંગાર ભક્તે ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું, શ્રીજીમહારાજે બે ત્રણ વખત મને પૂછ્યું, તમારો વ્યવહાર કેવો ચાલે છે ? મહાપ્રભુને કાંઇક કામ છે કે શું ! સ્વામીએ કહ્યું, હા કડિયાના પગાર ચડી ગયા છે. માટે પૂછ્યું હશે.

ખેંગાર ભક્ત ઘેર ગયા. ૫૦૦ રૂપિયા લઇ આવ્યા. પ્રભુના ચરણમાં મૂક્યા, પગે લાગીને કહ્યું, ૩૦૦ રૂપિયામાંથી કડિયાના પગાર ચૂકવજો એક સો રૂપિયા તમારી બીમારી માટે ઔષધ લેજો સો રૂપિયામાંથી સંતોની રસોઇ કરજો, પછી દરબારમાં પંક્તિ થઇ. પ્રભુ ખુરશી ઉપર બેઠા અને મુક્તાનંદ સ્વામીને પીરસવાની આજ્ઞા કરી. ખૂબ સારી રીતે સંતોને જમાડ્યા. પછી ભક્તજનો અને સંતો શ્રીહરિ પાસે આવ્યા. મુક્તાનંદસ્વામી ચંદનનો વાટકો લઇ આવ્યા. ખેંગાર ભગત ! શ્રીજીમહારાજની પૂજા કરો. પ્રભુને ઠંડુ ન લાગે માટે ચરણનાં અંગુઠાની પૂજા કરો.

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા આ ચંદન વસમું લાગે એવું નથી. પ્રભુએ ચોફાળ ઓઢ્યો હતો તે એક બાજુ મૂકીને કહ્યું, ખેંગાર ભગત અમારા આખા શરીરમાં ચંદનનું લેપન કરો.

**કર્યા કુંકુમના ચાંદલા, ભૂધર. શોભે ચોખા ચોડ્યા ભલા, ભૂધર. ॥**
**હૈયે લલાટે બે હાથે, ભૂધર. કર્યાં તિલક ચંદ્ર સાથે, ભૂધર. ॥**
**અંગે અંબર વિના રે'તા, ભૂધર. દિગંબર દર્શન દેતા, ભૂધર. ॥**



ચંદન ચર્ચી આરતી ઉતારી ખૂબ રાજી કર્યા. પ્રભુએ કહ્યું, ચાલો ખેંગાર ભગત આપણે મળીએ. પ્રભુ બાથમાં લઇને મળ્યા. ખૂબ પ્રસન્ન થયા. તમે અમારી અનુવૃત્તિને સમજીને સેવા કરી છે. રાજીપો વ્યક્ત કર્યો.

દીધાં દર્શ દયાળે, ખેસ ધોતી પો'તી પહેરી. ગુઢે રેંટે બેઠા લે'રી, કશી કમર દુસાલે, પહેરી અંગરખી દયાળે. ડગલી સોનેરી, રૂપેરી, ટોપી શોભે છે ફૂલની, ગુલાબ ગુલદાવદી માલે, ચંપા ચમેલી વિશાલે. સોના પાઘ સોના ઝરમરિયાં, છોગાં માથે ફૂલનાં ધરિયાં ભૂધર ભાળ્યા છે.

**પે'રી રૂપાની ચાખડિયે, ભૂધર. એવા દીઠા છે આંખડિયે, ભૂધર. ॥**
**ઘમકે ઘુંઘરિયો ખડાયે, ભૂધર. ચડતાં પગથિયે ચડાયે, ભૂધર. ॥**
**મોજડી ઓખાઇ અણવાણે, ભૂ. ખાટ્ય પાટ્ય ને પલંગે, ભૂધર. ॥**
**બેઠા ઢોલિયે ઉમંગે, ભૂધર. છપરપલંગ ખાટલે, ભૂધર. ॥**

શ્રીહરિએ ઘુઘરી વાળી ચાખડી પહેરી છે. મંદિરનાં પગથિયાં ચડતા જાય છે.

શ્રીજીમહારાજ સંતો ભક્તોની સાથે બિરાજમાન છે. પ્રભુના મુખમાંથી નીકળતા જ્ઞાનામૃતનું પાન કરે છે. વારં વાર આવી રીતે હરિ સ્મરણ કરવાની ટેવ પાડો, તો મન બગડશે નહિ. જગત બગડ્યું નથી, મન બગડ્યું છે. આ જગતને કોઇ સુધારી શક્યો નથી, પરંતુ જેણે દૃષ્ટિ સુધારી છે, તેની સૃષ્ટિ દિવ્ય બને છે. જેની દૃષ્ટિ દિવ્ય તેને સૃષ્ટિ દિવ્ય. જ્યાં નજર કરે, ત્યાં તેને પરમાત્માજ દેખાય છે. જેને ભગવાન ભજવા હોય, જીવનું કલ્યાણ કરવું હોય તેને જીવનમાંથી આળસ અને ઊંઘને ઓછાં કરવાંજ પડે, ઊંઘ અને આળસ ભજનમાં વિઘ્નરૂપ છે.

**જે ભગવાનના સ્વરૂપનો મહિમા જાણે છે**
**તેને ભગવાનનું અખંડ ચિંતવન થાય છે.**

મસ્તક ઉપર સોનેરી પાઘ ધારણ કરી છે. પુષ્પના તોરા લટકાવ્યા છે. હસ્તકમળમાં સોનાનાં માદળીયાં, પોંચી, વેઢ, વીંટી હીરા, સાંકળી, શોભે છે. કાને કુંડળ માથે મુગટ એવા મનોહર મૂર્તિ અંતરમાં ધારીને દર્શન કરવાં. નૂપુરમાં ઘૂઘરી, ચરણે ચાખડી પહેરી છે, ચટ-ચટ ગજગતિ ચાલે ચાલ્યા જાય છે. હું પણ તેમની સાથે છું એવું સ્મરણ કરવું.

ગંગાજીમાં સ્નાન કરીએ તો પાવન ચોક્કસ થવાય, દેહ પવિત્ર થાય પણ મનને જો સ્નાન કરાવવું હોય તે હરિ કથા અને હરિસ્મરણની જ્ઞાન ગંગામાં સ્નાન

કરાવો. મન પવિત્ર કરવામાટે તો કથા ગંગા જ પાવનકારી છે. હરિસ્મૃતિ ગ્રંથ વાંચવાથી અને સાંભળવાથી જ્ઞાન અને વૈરાગ્ય જાગૃત થાય છે. જ્ઞાન અને વૈરાગ્ય આપણા હૃદયમાં છે. પણ અજ્ઞાનને કારણે અને મોહ મમતાને કારણે ઊંઘી જાય છે. તે ઊંઘતા જ્ઞાન વૈરાગ્યને જાગ્રત કરવા માટેની આ કથા છે. જ્ઞાન, વૈરાગ્ય, પ્રગટ થાય તો પછી ભક્તિ ઉત્પન્ન થાય. હરિનું સ્મરણ આનંદથી થાય.

**મેડે મંચે ડોલે હીંડોલે, ભૂધર. ગોખ વા'ણ વંડી દેવાલે, ભૂધર. ॥**
**કૂબા ઘર મેડી હવેલી, ભૂધર. બેઠા બંગલે શંકા મેલી, ભૂધર. ॥**
**મંદિર મંડપ પદલિચાદેરે, ભૂધર. તંબુ રાવટીએ બહુવેરે, ભૂધર. ॥**
**અટારી અગાશી જાળિયે, ભૂ. બેઠા મોહનજી માળિયે, ભૂધર. ॥**
**ઓટે ઓસરી પડસાળે, ભૂધર. દીધાં ત્યાં દરશન દયાળે, ભૂ. ॥**
**બેઠા ચોક ફળી ચોતરે, ભૂધર. છાંટી ભૂમિ ફુવારા ભરે, ભૂધર. ॥**

ભૂમિ ઉપર પાણી છોડ્યું છે. અને વિશાળ ચોકમાં શ્રીજીમહારાજ સિંહાસનમાં બિરાજે છે, આજુ બાજુ પાર્ષદો છડી પોકારે છે. ભગુજી પ્રભુ ઉપર છત્ર ધરી રહ્યા છે, શ્રીહરિ સોનાના હિંડોળામાં હીંચકે છે, મુક્તો આરતી ઉતારે છે, આવી લીલાને યાદ કરવી. હિંડોળાનાં દર્શન કર્યાં હોય તેને અંતરમાં ધારીને શાંતિથી કીર્તન ગાવાં. પ્રેમાનંદ સ્વામી ગાય છે :-

**વડતાલની ફુલવાડીએ રે, હિંડોળો આંબાની ડાળ.**
**બાંધ્યો આંબલીયા ડાળ, વહાલો મારો હીંચે હીંડોળે આંબાની.**

ધીમે ધીમે હિંડોળો ચાલે છે. ઘૂઘરીનો રણકાર થાય છે. હું પ્રેમથી હીંચકાવું છું ને અંતરમાં મૂર્તિ ઉતારું છું. ભક્તજનો આરતી ઉતારે છે. આવી રીતે હરિનું સ્મરણ કરવું. જેમ ઝાડનું મૂળ જમીનમાં રહે છે. ડાળ પાંદડાં ઊંચાં રહે છે. તેમ ભક્તજનો વ્યવહારમાં ફેલાયેલા હોય પણ તેનું મન તો સ્વામિનારાયણ ભગવાનમાં જ જોડાયેલું રહે છે. પક્ષીઓ હંમેશાં ઝાડ ઉપર જ રહે, રમે ને કિલકિલાટ કરે, જ્યારે તેમને ભૂખ લાગે ત્યારે દાણા ખાવા માટે નીચે આવે છે, તેમ સાચા ભક્તો જરૂરિયાત જેટલો જ સંસારનો સંબંધ રાખે છે, બાકી તો એમનું મન ઉર્ધ્વગામી બનીને પ્રભુમાં જ રમતું હોય છે. પ્રભુના સ્મરણ અને કીર્તનનો કિલકિલાટ કર્યા કરે.

નિષ્કુળાનંદસ્વામી કહે છે. શ્રીજીમહારાજ ઘણી વખત ગાડી, વેલ, રથ, પાલખી, ગાડુ, સુખપાલ વિગેરે જુદાં જુદાં વાહન ઉપર બિરાજમાન થયા છે. સેવક



સેવા કરે છે. ભક્તજનો પૂજા કરવા આવ્યા. વસ્ત્ર ઘરેણાં પહેરાવી, ચરચ્યાં ચંદન લાવી. ધૂપ દીપ પુષ્પ હારે. કરી પૂજા બહુ પ્રકારે પછી ઉતારી આરતી. કરી ધૂન સ્તુતિ અતિ, પછી પ્રભુ થયા પ્રસન્ન, મળ્યા નિજજનને જીવન, ચરચ્યાં ચરણ બે ચંદને, આપ્યાં છાતીએ મન મગન. ભૂધર ભાળ્યા છે.

**બેઠા પંગતે મુનિરાજ, ભૂધર. આવ્યા પીરસવા મહારાજ, ભૂધર. ॥**
**પીરસે પંગતમાં હરિ પોતે, ભૂધર. જન તૃપ્ત ન થાય જોતે, ભૂ. ॥**
**લાડુ જલેબી લઇને, ભૂધર. જાય જોરા જોર દઇને, ભૂધર. ॥**
**બહુ પીરસે પ્રેમે કરી, ભૂધર. ફરે પંગતમાં ફરીફરી, ભૂધર. ॥**

ગઢપુરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને અન્નકૂટ ઉત્સવ કર્યો, પછી સંતો ભક્તોની પંક્તિ થઇ. મર્યાદાથી સૌ બેસીને સ્વામિનારાયણ-સ્વામિનારાયણ ધૂન કરે છે. શ્રીહરિ કમર કસી શેલું બાંધીને ભોજન પીરસવા પધાર્યા, સંતોએ લાડુનો ત્રાંસ પકડ્યો છે. પ્રભુ ઝડપથી પીરસતા જાય છે, પંક્તિમાં બેઠેલા ભક્તજનોને એવું દેખાય છે. જાણે શ્રીહરિ અનેક રૂપે પંક્તિમાં પીરસી રહ્યા છે. લઇ લઇ ભોજનનાં નામ આપે હેતે ઘણે ઘનશ્યામ. લાડુ લ્યો લાડુ, સાટા, પેંડા, બરફી લ્યો. આવી રીતે પંક્તિમાં બૂમો પાડે છે. શ્રીજીમહારાજના લલાટે પરસેવાનાં બિંદુઓ મોતી જેવાં ઝળકે છે, પ્રભુનો પ્રસાદ થોડો જમવો હોય તો પણ વધારે જમાય છે. સંતો ના ના કહે તો પ્રભુ એક લાડુ પાત્રમાં મૂકી દે. દૂધ દહીં, પણ ખૂબ પીરસ્યાં છે. ના પાડે તો સંતોના માથા ઉપર દૂધ દહીં રેડીને ખૂબ હસાવે ને રાજીપો વ્યક્ત કરે.

**ફરે પગંતમાં બહુ ફેરા, ભૂધર. પીરસે પાક પોતે ઘણેરા, ભૂધર. ॥**
**એમ જોરે જન જમાડે, ભૂ. પીરસી પીરસી હાર પમાડે, ભૂધર. ॥**
**એમ જમાડ્યા જન જ્યારે, ભૂધર. કર પગ ધોયા તે વારે, ભૂધર. ॥**
**પછી ઉતારે પધાર્યા, ભૂધર. નિજજન મન મોદ વધાર્યા, ભૂધર. ॥**
**ત્યાં ઢોલિયો ઢાળેલે, ભૂધર. તે પર પાથરણાં પાથરેલે, ભૂધર. ॥**

શ્રીહરિ શિયાળામાં સગડી રાખી તાપતા હોય. ઉનાળામાં નદીમાં સ્નાન કરવા જાય. ભક્તજનો ઠંડું મીઠું પાણી આપે. ઉતારે પધારે ત્યારે સંતો શ્રીહરિનાં ચરણ ચાંપે, મુકુંદ બ્રહ્મચારી પંખાથી વાયુ ઢોળે, સુંદર મજાની ઓઢી કામળીયું, સુંદર ધારી છતરી, રૂપાળા આવી બેઠા સભામાંય. જન સર્વે લાગ્યા પાય. બેઠા તકિયાને

ઓઠીગણ નીરખી જન મન મગન થયાં ભૂધર ભાળ્યા છે.

**હરિસ્મરણ પરમ પદની યાત્રા છે.**

શ્રીજીમહારાજે સંતોને કહ્યું તમે વિચરો દેશ વિદેશ. આપો સૌ જનને ઉપદેશ. બે સંતો ફરતા ફરતા ગામ ભાદરા આવ્યા. ત્યાં પરમ એકાંતિક ડોસાભાઇ ભક્ત રહેતા હતા. દેહથી કામ કાજ કરે અને અખંડ પ્રભુ સ્મરણ કરે, મસ્ત બની કીર્તન ગાય.

**નારાયણ નામ, રટું આઠો જામ રે, મારા સ્વામી,**
**અંતરજામી. મારા રાજ**
**શોભાના ભંડાર, જાઉ બલિહાર રે, ભુજા જોઇ,**
**મન રહ્યું મોહી. મારા રાજ**

સંતો ગામમાં ભીક્ષા માગવા આવ્યા. ડોસાભાઇને ઘેર આવી બોલ્યા, નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભુ. ડોસાભાઇ તે વખતે જમતા હતા. તે બોલ્યા જય સ્વામિનારાયણ, પધારો. આપનાં પવિત્ર પગલાંથી આમારું ઘર તીર્થ રૂપ થયું છે. આસન આપી મીઠો આવકાર આપ્યો. પછી ઘી-ગોળ, લોટ, દાળ, શાકભાજી વિગેરે સીધું અર્પણ કર્યું. સંતો બેઠા પછી બોલ્યા. ભક્તરાજ ! તમે અમને પાકું સીધું આપ્યું ને તમે લૂખું કેમ જમો છો ? ઘી, ગોળ, શાક કે દહીં દૂધ કાંઇ નથી. ફક્ત બાજરાનો રોટલો ને છાશ દેખાય છે. ભક્તરાજે સરસ જવાબ આપ્યો. સ્વામીજી ! હું લૂખું નથી જમતો. કોળીએ કોળીએ ચાર પાંચ વખત સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલું છું.

ભગવાનને હૃદયમાં ધારીને જમું છું. મૌન રાખી ભગવદસ્મરણ કરતાં કરતાં જમે છે તેને ઉપવાસનું ફળ મળે છે. લૂખું કોને કહેવાય ખબર છે ? સાટા પેડા, બરફી, દૂધપાક, શીરો પુરી વિગેરે પાંચ પ્રકારનાં ભોજન જમતો હોય. પણ હરિ સ્મરણ વિના જમે છે તે લૂખું ખાય છે. આવું સાંભળી સંતો ખૂબ રાજી થયા. ધન્ય છે ડોસાભાઇની સમજણને આપણે સૌ આજથી નિયમ લઇએ ભોજન જમતાં હરિ સ્મરણ ચાલુ રાખશું. વચમાં કાંઇ બોલશું નહિ.

વચનામૃતમાં શ્રીહરિ કહે છે એકાંતિક ધર્મવાળા જે ભક્ત તે આ સમામાં સત્સંગમાં ઘણા છે અને જે ભગવાનના ભક્ત હોય, તેને ખાતાં, પીતાં, નાતાં ધો'તાં, હાલતાં ચાલતાં સર્વ ક્રિયાને વિષે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું અને ભગવાનની મૂર્તિ સામે જોઇ રહેવું. ગ.પ્ર. ૨૧

નિષ્કુળાનંદસ્વામી કહે છે, પછી ત્યાગી ગૃહી દાસે પૂછ્યા પ્રશ્ન પ્રભુ પાસે,



તેના ઉત્તર સરસ આપે; અને ભક્તજનનાં દુઃખ કાપે, ઊઠીને બાથમાં લઇને મળે, છાતીમાં ચરણારવિંદ આપે, ત્યારે ભક્તજનોની સુખની સીમાનો પાર ન રહે. સુખ પામી રે સખી સુખ પામી, હું તો શામળીયાને શરણે જાતાં સુખ પામી. આવું કીર્તન મુખમાંથી મસ્ત બની ગાયા કરે.

**એવા અલૌકિક સુખ દેતાં ભૂધર ભાળ્યા છે.**
**આનંદ નિષ્કુળાનંદ લેતાં ભૂધર ભાળ્યા છે.**

નિષ્કુળાનંદસ્વામી આનંદમાં આવી ગયા છે. આજે મને અમૃતના સાગર મળી ગયા. સ્વપ્નામાં ખબર નહોતી કે આવા સર્વોપરી પુરુષોત્તમ નારાયણનો યોગ મળશે. સ્વામી એક ક્ષણ પણ ભગવાનનાં દર્શન વગર રહી શકતા નહિ. દુનિયા ભૂલો અને ભગવાનને યાદ કરો, નખથી શિખા સુધી નીરખીને પ્રભુનાં દર્શન કરવા અખંડ સ્મરણનો અદ્‌ભૂત પ્રતાપ છે. આઠે પહોર આનંદ જેના અંતર રહે છે. રાત દિવસ જેનું મન ભગવાનમાં રમતું હોય. ભજન, ભક્તિ, કથા કીર્તનમાં મસ્ત હોય તે અલૌકિક આનંદનો કેફ જુદો હોય છે. મોટાં ભાગ્ય હશે તે પુરુષોત્તમ નારાયણનું અખંડ સ્મરણ કરશે અને શ્રીહરિના ચરણ કમળમાં દાસના દાસ થઇને રહેશે.

**ઇતિ શ્રી નિષ્કુળાનંદ મુનિ વિરચિતે શ્રીહરિસ્મૃતિ મધ્યે**
**તૃતીય ચિંતામણી ॥ ૩॥**

---------------------

ભગવાનને રાજી કરવા દાસના દાસ થઇને ભક્તિ કરો. ઊંડાણથી વિચારજો. આપણે મોક્ષ માર્ગમાં ભૂલ તો નથી કરતા ને ! આપણી જાતને ડાહ્યા ને હોશિયાર સમજી રખેને ગાંડાપણું તો નથી આચરતા ને ! આમ વારંવાર વિચાર કરી જીવનમાં મોક્ષરૂપી લક્ષ્ય સિદ્ધ કરી લેવું જોએ. સંસારના વિષય સુખમાં વૈરાગ્ય થાય અને પ્રભુ પ્રત્યે પ્રેમ જાગે એ હરિસ્મૃતિ ગ્રંથનો મૂળ હેતુ છે. આપણું અંતર ભક્તિથી રંગાઇ જવું જોઇએ.

**સ્મરણ ભક્તિ વગર અંતરની ભક્તિ ખીલતી નથી**

જેમ સૂર્ય ઉગવાથી અજવાળું થાય છે. તેમ હરિસ્મરણ કરવાથી સત્ય જ્ઞાનનો ઉદય થય છે. સદા સુખી થવાનું ઘર ભક્તિ છે. ભક્તિથી રંગાઇને કથા, કીર્તન આદિક સત્સંગ કરે તો માયામાંથી જલદી મુક્તિ મળે છે.

**દોહા— પછી વાજાં લઇ વિધવિધનાં, કર્યું ગવૈયે ગાન ।**

**તે ભેળા ભળી હરિ, ત્રોડે ત્રુગટિ તાન ॥૧॥**
**સંત સહુ ઉભા થઇ, રચ્યો મનોહર રાસ ।**
**ફરે કરે કીરતનને, તે ભેળા ફરે અવિનાશ ॥૨॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે. સંત સહુ ઊભા થઈ, રચ્યો મનોહર રાસ. પંચાળામાં રાસોત્સવ કર્યો. શ્રીજીમહારાજ સંતો ભક્તોની સાથે પંચાળા ઝીણાભાઈને ત્યાં પધાર્યા. ઉતરવાની જગ્યા નહોતી તેથી ગામની આથમણી બાજુ ખાખરાનું વન હતું. ત્યાં સંતો ભક્તોના ઉતારા હતા. સંતો અને ભક્તોને ભાવથી જમાડ્યા. પછી શ્રીહરિ બોલ્યા, આજે સોળે કળાએ પૂર્ણિમાનો પૂર્ણચંદ્ર આકાશમાં શોભી રહ્યો છે. ચાલો આપણે રાસ રમીએ. પ્રભુએ ઝરીયાનાં વસ્ત્રો ધારણ કર્યાં, ચરણમાં ઝાંઝર પહેર્યાં, ઠમકતી ચાલે રાસ રમવા માટે તૈયાર થયા.

રાસલીલાનો આરંભ થયો, સંતોએ સૂરીલું સંગીત ચાલું કર્યું. પહેલાં મંડળમાં એક સંત અને એક શ્રીજીમહારાજ. બીજા મંડળમાં ચારે બાજુ બ્રહ્મચારી અને હરિભક્તો અને વચ્ચે શ્રીજીમહારાજનો એવો રાસ જામ્યો કે પ્રેમી ભક્તો નાચતા જાય, કૂદતા જાય. સાથે કીર્તનમાં સૂર પૂરતા જાય. આખી સૃષ્ટિ આનંદમાં મગ્ન બની ગઈ. પાતાળમાં શેષ-નારાયણ ડોલવા લાગ્યા. સંતો મસ્ત બની વાજિંત્ર વજાડે છે. પંચાળા ગોકુળ બની ગયું.

**સખી ગોકુળ ગામના ચોકમાં રે, ખાંતે માંડ્યો રસીલે ખેલ.**
**રમે રાસ રંગીલો રંગમાં રે.**

ભક્તજનો દેહનું ભાન ભૂલી પ્રભુ પ્રેમમાં ઉપડતી જોરદાર તાલીપાડે છે આકાશમાં તેત્રીસ કરોડ દેવતાઓ અને અક્ષરધામના મુક્તોનાં વિમાનની ઠઠ લાગી ગઈ. જય જયકાર કરી પુષ્પોની વૃષ્ટિ કરી. બોલો સ્વામિનારાયણ ભગવાનકી જય. રાત્રિના બે વાગ્યા છતાં પ્રભુએ એમ ન કહ્યું. હવે રાસ રાખો. પછી બ્રહ્માનંદ સ્વામીએ યુક્તિ કરી એક માણસને શીખવ્યું તું દૂર જઈને બૂમ પાડ કે ચોર આવ્યો ચોર આવ્યો માણસે તેમ કર્યું રાસ વિખરાઈ ગયો. શ્રીહરિ હસતાં હસતાં બોલ્યા. આ કામ બ્રહ્માનંદ સ્વામીનું લાગે છે. રચ્યો મનોહર રાસ તે ભેળા ફરે અવિનાશ દ્રગે દીઠા છે. મેં પોતે મારી આંખે દીઠા છે.

**ચોપાઇ ધ્રુવપદી– દીવો દીવીને અજવાળે, દગે દીઠા છે ।**
**હાંડી ફાનસે રૂપાળે, દગે દીઠા છે ।**
**ઝાડ મેતાબ ઉજાસે, દગે. શશિ સૂરજને પ્રકાશે, દગે. ॥૩॥**



નિષ્કુળાનંદસ્વામી કહે છે. વસંત પંચમીના દિવસે શ્વેત વસ્ત્રો ધારણ કરીને ખાંતે ખેલ કરતા, અતિ અબિર ગુલાલ નાખતા, કર લઈ ગુલાલ ગોટા નાખે, ભક્ત જનો પર પિચકારી, રંગભીનો રમતા રંગે, પોતાના સખાએ સંગાથે. દ્રગે દીઠા છે. મેં મારી નજરે દીઠા છે. મને પણ લાભ મળ્યો છે. સર્વે સખાને રંગમાં રસ બસ કરે છે. તાલી પાડી ધૂન બોલે છે. ભક્તજનો જયજય કાર કરે, ઘોડા ઉપર બેસીને સ્નાન કરવા જાય. નાહતાં નાહતાં સખા સાથે બહુ નીર ઉછાળે હાથે. પછી નાહી નીસર્યા બહાર પહેર્યાં કોરાં વસ્ત્રો. દ્રગે દીઠા છે.

**કર્યો કુંકુમનો ચાંદલો, દગે. બહુ શોભે છે તે ભલો, દગે. ॥**
**નાહી નાથ આવ્યા ઉતારે, દગે. કર્યાં દાસે દરશન ત્યારે, દગે. ॥**
**ના'તા નદી નદ તલાવે, દગે. કુંડ કૂવા સાગર વાવે, દગે. ॥**
**સમૈયા ઉત્સવ કરતાં, દગે. મેળા માંહિ ઘોડે ફરતાં, દગે. ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે. અનેક વખત શ્રીહરિએ ચોરાશી કરી બ્રાહ્મણોને ભોજન જમાડી ખૂબ દક્ષિણાઓ આપી છે. ફૂલેકામાં ફરતાં મેં જોયા છે. ક્યારેક ઢાલ તલવાર ધારણ કરતા. વળી ચાલતી હરિ વાટે, સરિતા સાગરને ઘાટે. વરસતા વરસાદમાં ચાલ્યા જાય. આંબા આંબલીની છાંયે આસોપાલવ બોરડી વિગેરે વૃક્ષ નીચે બેઠા હોય. સામે ભક્તજનો બેઠા હોય, તેમને સરસ મજાનો ઉપદેશ આપે. અનેક ભક્તજનો દર્શન કરવા આવે એવાં દર્શન મને થયાં છે. ભગવાનના સ્વરૂપમાં મનને સતત જોડી રાખવું. મન ભગવાનમાં ક્યારે જોડાય ? ભગવાનનો મહિમા સમજાય ત્યારે, પ્રીતિ થાય તો પ્રભુમાં મન જોડાય. પ્રેમભક્તિ તો શિરોમણી ભક્તિ છે. પ્રભુએ જે જે લીલા કરી છે તેને નિત્ય સંભાળી રાખવી.

### હરિસ્મરણ વિના સંસારની આસક્તિ ઘટતી નથી

ભોજનની જેમ ભજન સમયસર કરવું. ઉત્સવ સમૈયાનાં અવલંબન માટે સ્વામિનારાયણ ભગવાને મોટાં મોટાં મંદિર બનાવ્યાં છે. મંદિર છે તે મોક્ષનું દ્વાર છે. યોગભૂમિ છે ને શાંતિનું સ્થાન છે.

**ઠાકોર મંદિર કરવા કાજે, દગે. લીધી માથે ઇંટ્ય મહારાજે, દગે. ॥**
**પથ્થર કેલ મૃત્તિકા માથે, દગે. લઇ ચાલે સખા સાથે, દગે. ॥**
**એમ હરિ મંદિર કરાવી, દગે. માંહી મૂર્તિયો પધરાવી, દગે. ॥**

**વળી હરિમંદિરને ફરતા, દગે. સો સો પ્રદક્ષિણા કરતા, દગે. ॥**
**જોતાં મૂર્તિ સુંદર સારી, દગે. ધાતુ પાષાણ પટ પ્યારી, દગે. ॥**
**તેને દંડવત જો કરતા, દગે. વળી સામું જોઇ બહુ રે'તા, દગે. ॥**

મંદિરને આપણું ઘર જાણીને સેવા કરવી. શ્રીજીમહારાજ પોતે પોતાની સોનેરી પાઘ ઉપર પથ્થરો ઉપાડીને મંદિરમાં લાવે. જાતે સેવા કરે છે. સંતો પથ્થરની ખાણેથી પથરા ઉપાડીને આવે ખાણ દૂર હતી. ત્યારે શ્રીજીમહારાજ સંતોને રોટલા તથા ઘી ગોળ પીરસીને ભાવથી જમાડે. પથ્થરોનો મોટો ઢગલો થઇ જાય. શ્રીજીમહારાજે કહ્યું સંતો તમે દૂરથી પથ્થરો માથા ઉપર લાવ્યા છો. તેથી માથાં તપી આવ્યાં હશે. લ્યો, માથા ઉપર ચરણારવિંદ આપું. એમ કહી એક એક સંતના માથા ઉપર ચરણારવિંદ પધારાવે. સંતો રાજી રાજી થઇ ગયા, જન્મોજન્મનો થાક ઉતરી ગયો. સ્વામી કહે છે. શ્રીહરિ પોતે મૂર્તિઓની સન્મુખ દંડવત કરતા અને બહુ વાર સુધી મૂર્તિ સામે જોઇ રહેતા અને પ્રદક્ષિણા પણ કરતા. તે મેં દ્રગે દીઠા છે.

સ્વામી કહે છે. શ્રીહરિ જમતા, પ્રીતે પીતા દૂધ તે રૂડી રીતે. વારંવાર સમૈયા ઉત્સવ કરાવી ભક્તજનોને ઉત્સાહિત બનાવતા. જેણે ઉત્સવ સમૈયાનાં દર્શન કર્યાં, તેણે લાવો ભલો લીધો અને જન્મ સફળ કરી લીધો. શરીરિક રોગ માટે હોસ્પિટલની જરૂર છે. ભવરોગ મટાડવા માટે મંદિરોની જરૂર છે. મંદિરે દરરોજ દર્શન કરવા જાય તો ભલે તત્કાલીન સુધરી જતો નથી પણ ધીરે ધીરે તેનામાં બીજબળ ઉત્પન્ન થાય છે. લાંબે ગાળે માનવ પવિત્ર જીવન જીવતો થાય છે. જુનાગઢમાં એક પરમ એકાંતિક ભક્ત હતા. નામ હતું રામજીભાઇ. યોગાનંદ સ્વામીનો સમાગમ કરવાથી સત્સંગનો પાકો રંગ લાગી ગયો. ખેતીવાડીનું કામ કરે. વ્યવહારે સ્થિતિ ગરીબ હતી. પણ ભજન ભક્તિરૂપી અલૌકિક ધન હતું. દરરોજ મંદિરે જાય દર્શન કરે પ્રદક્ષિણા કરે. અને સ્વામિનારાયણ સ્વામિનારાયણ કહીને દશ માળા ફેરવે.

ભગવાનના ભક્તોની વહેલા ઊઠવાની ટેવ હોય છે. નિત્ય નિયમ કરી પૂજા પાઠ કરી પછી ભગવદ્ સ્મરણ કરતાં કરતાં જમે, મંદિરે દર્શન કરવાનો નિયમ હતો. એમ કરતાં ચોમાસુ આવ્યું. વાડીએ વાવણી કરવા જાય. ખેડ કરવા જાય રાત્રે મોડું થઇ જાય. હવે શું કરવું ભગવાન પોઢી જાય અને મંદિરના દરવાજા બંધ થઇ જાય, સવારે દર્શન કરવા આવ્યા. રામજીભાઇએ ગુરુ યોગાનંદજીને વાત કરી. સ્વામીજી રાત્રે મોડું થઇ જાય છે. મારો નિયમ છે દર્શન કરી પછી પાણી પીવું હવે તમે કહો તેમ કરું.



**કચ્છદેશમાં નરનારાયણદેવની ધજા અખંડ ફરકી રહી છે.**

સ્વામીએ કહ્યું ચિંતા ન કરો ! પ્રેમભાવથી મંદિરનાં શિખર અને ધજાનાં દર્શન કરી લેજો, તમારાં દર્શન ભગવાન સ્વીકારી લેશે. તમે સંસારી છો. ધંધો કરવો પડે. ધજા અને શિખરનો મહિમા અપાર છે. ખૂબ મહત્વ છે. પછી ક્યારેક મોડું થઇ જાય તો રામજી ભગત શિખર અને ધજાનાં દર્શન કરી, મંદિરના દરવાજે બેસીને દશ માળા ફેરવીને પછી ઘેર જાય. નિયમ સદાય ટકાવી રાખ્યો. સમય જતાં વ્યવહારિક સ્થિતિ સારી થઇ અને બહુ સુખી થયા. પછી ભક્તિ વધારી દીધી. પહેલાં દશ માળા ફેરવતા હવે દરરોજ પચાસ માળા ફેરવે ને પ્રભુનું ધ્યાન કરે.

**જોઇનાથ સમાધિ થઇ દ્રગે. પડ્યા પ્રાણ નાડી વિના કંઇ દ્રગે.**

ભગવાન સ્વામિનારાયણે માંગરોળમાં સમાધિ પ્રકરણ ચાલું કર્યું. સમાધિ જેને તેને થાય નહિ. અષ્ટાંગયોગ સાધતાં વર્ષો વીતી જાય, તોય સમાધિ થાય નહિ. સમાધિ થવી કાંઇ સહેલી નથી. યોગ ક્રિયા શીખવી પડે. પણ શ્રીજીમહારાજની કૃપાથી સહેજે સહેજે સમાધિ થાય. કાંઇ કરવું ન પડે, ને સમાધિ થાય ભગવાન ધારે તે કરી શકે. નાડી પ્રાણ એના હાથમાં છે.

માણસોનાં ટોળે ટોળાં માંગરોળમાં આવે. અમને અમારા ઈષ્ટદેવનાં દર્શન કરાવો. કોઇને જપ દ્વારા. કોઇને સમાધિ દ્વારા. જેમ ગોદડાંની થપી કરે એમ બધાને ખડકી મૂકે. કોઇને બે દિવસ સમાધિમાં રાખે કોઇને પંદર દિવસ કોઇને મહિનો કોઇને બે મહિના થાય. સમાધિમાં શું દેખાય છે ?.

**વળી દેખે અક્ષરધામ, દગે. લીયે ગોલોકનું નામ, દગે. ॥**
**શ્વેતદ્વીપ વૈકુંઠ દેખે, દગે. બ્રહ્મપુર કૈલાસ પેખે, દગે. ॥**
**જગાડે સમાધિમાંથી જ્યારે, દગે. કરે વાત ધામની ત્યારે, દગે. ॥**
**તે સાંભળી સુખધામ, દગે. હસે મંદમંદ ઘનશ્યામ, દગે. ॥**

કોઇને અક્ષરધામનાં દર્શન થાય. કોઇને ગોલોક, વૈકુંઠ વિગેરે ધામનાં દર્શન કરાવે. નામ લઇ લઇને બોલાવે બધા વારા ફરતી સમાધિમાંથી જાગી જાય. દોડતા પ્રભુના ચરણમાં નમસ્કાર કરી દંડવત પ્રણામ કરે. હે પ્રભુ તમે સાક્ષાત પરમેશ્વર છો. અમે તમારા ચરણે ને શરણે આવ્યા છીએ અમને સત્સંગની રીત ભાત શીખવાડો. સત્સંગ કરે ને બીજાને કરાવે અનેક મુમુક્ષુ જીવાત્માને સાધુ કર્યા અને કહ્યું કે તમે દેશ દેશાંતરમાં ફરો ને સ્વામિનારાયણ ભગવાનની ઓળખાણ કરાવો.

નિષ્કુળાનંદસ્વામી કહે છે. શ્રીહરિ કાવ્ય કવિતા સાંભળતા. તુલસીની માળા ફેરવતા. કોઇ એક ભગત ગામમાં રહેતા ત્યાં પણ દર્શન આપવા જાય. રાજા રાંકને ભૂવને, શેઠ શાહુકારને સદને. બ્રહ્મસભા કરે ત્યાં સારી, આપે ઉપદેશ ગિરધારી. ભૂખ્યો પ્યાસો હોય કોઇ પ્રાણી, આપે અન્નજળ દુઃખિયો જાણી. દીન હીન ઉપર દયા ઘણી, જેનો કોઇ ન હોય ધણી. દ્રગે દીઠા છે. શ્રીજીમહારાજ ઘેલા નદીમાં સ્નાન કરીને દરબારમાં આવતા હતા રાત્રિના નવ વાગ્યા છે, જીવાખાચરની ડેલી પાસે એક ભિખારી બેઠો છે. ને બૂમો પાડે છે. હું ભૂખ્યો છું. તાવ આવે છે. કાંઇક જમવાનું આપો. ભગવાને તેને રોટલો ને અથાણું આપ્યું. પછી રાજી થઇને છાતી ઉપર જમણો ચરણારવિંદ મૂક્યો. મોક્ષનું દાન આપી દીધું. આવા દયાળુ છે.

**માંદાને જોવા જાતાં, દગે. વળી વઢતાં ને વારતાં, દગે. ॥**
**સબળ નિર્બળને સંતાપે, દગે. તેતો ખમી ન શકે આપે, દગે. ॥**
**દુઃખી ગરીબની ખબર લેવી, દ. હરિની સહજ પ્રકૃતિ એવી, દ. ॥**
**કે'ને પ્રસાદી આપતાં, દગે. દર્શન દઇ દુઃખ કાપતાં, દગે. ॥**
**કે'ને ફુલહાર દિયે વસ્ત્ર, દગે. ઘોડાં ઘરેણાં ને શસ્ત્ર, દગે. ॥**

સ્વામી કહે છે, હરિની પ્રકૃતિ એવી દુઃખીયાની ખબર લેવી. કોઇને ગાય દાનમાં આપી દે. કોઇને ઘોડો આપી દે. કોઇને રૂપિયા આપે વાવ્ય કુંડ કૂવા તલાવે. તે તો પ્રભુ પોતે ગળાવે. અનેક જગ્યાએ સદાવ્રત બંધાવ્યાં. અનેક મુમુક્ષુ જીવાત્માઓને જ્ઞાન વૈરાગ્ય ને ધર્મ, કહેતા ભક્તિનો વળી મર્મ. પંચ વિષય પરાજય કરી, ભક્તજનોને હરિ ભજવાની આજ્ઞા કરી. પાપ પહેલું આંખ દ્વારા પ્રવેશ કરે છે. પછી તેનું મનમાં મનન થાય, પછી સંકલ્પ વિકલ્પનો કદોળો ઊઠે, તેથી ગતાગમની કાંઇ ખબર રહેતી નથી. માટે આંખને કાબુમાં રાખવી. તાકી તાકીને કોઇનું રૂપ જોવું નહિ. નીરખી નીરખીને ભગવાનનું સ્વરૂપ જોવાની ટેવ રાખો. નેણામાં રાખવા જેવા એક શ્રીહરિ છે.

**ધીરા ઉતાવળા પગ ધરતાં, દગે. વળી કરનાં લટકાં કરતા, દગે. ॥**
**આસન કરતાં મુન્ય ગ્રહેતાં, દગે. ઉદાસી રહે સૂઇ જાગતાં, દગે. ॥**

નાસ્તિકને જોઇને, પાપ કરતા જોઇને, ક્યારેક પ્રભુ ઉદાસ થઇ જતા. મેં એમને કીમતી મનુષ્ય જન્મ આપ્યો અને ધર્મનો ત્યાગ કરીને પાપ કરે છે. તપસ્વીના વેશે એમ બહુ જીવને ઉપદેશે શ્રીહરિ નાસાગ્રે વૃતિ રાખી ધ્યાન કરે. આંખ્ય મટકુ ન



ભરતી, પ્રાણાયામ કરતા ને યોગ શિખતા. યોગકળા દેખાડી દેતા દ્રગે દીઠા છે.

**એવી અનેક રૂડી રીતે, દગે. ચિંતવું છું મૂર્તિ ચિત્તે, દગે. ॥**
**સૂતાં બેઠાં ને જાગતાં, દગે. જાય દન એમ ચિંતવતાં, દગે. ॥**
**તેણે રહે છે અતિ આનંદ, દગે. એમ કહે નિષ્કુલાનંદ, દગે. ॥**

સ્વામી કહે છે. શ્રીજીમહારાજના લીલાચરિત્રને હું ચિંતવું છું ચિત્ત તેણે આનંદ રહે છે. હંમેશ ભગવાનના એક એક અંગનું ચિંતવન કરવું તેને ધ્યાન કહેવાય ચિંતવન કરીને હૃદયમાં ધારી રાખવા તેને ધારણા કહેવાય. હૃદય ભુવનમાં પ્રભુનો પ્રકાશ લાવવો હોય તો નિત્ય ભાવ વિભોર થઇ હરિસ્મરણ કરવું.

**હરિસ્મરણ એ તો શિરોમણી ભક્તિ છે.**

પ્રભુ કહે છે. જેના અંતરમાં પ્રભુ પ્રેમ છે, ભક્તિ છે, ચિત્તની સરળતા છે. હૈયાનું હેત છે, એવા ભક્તના હૃદયમાં હું રહું છું..

**ઈતિ શ્રી નિષ્કુળાનંદ મુનિ વિરચિતે શ્રીહરિસ્મૃતિમધ્યે**
**ચતુર્થ ચિંતામણી ॥૪॥**

---

નિષ્કુળાનંદસ્વામીને સ્વામિનારાયણ ભગવાનનો સાક્ષાત્કાર થયો છે. ભગવાનની હયાતીમાં એ ભગવાનની સાથે રહ્યા છે. તેથી તેનો આનંદ અને અનુભવ ગજબનો હોય. જેમ નીરોગી માણસને ભૂખ બહુ લાગે છે. તેમ પવિત્ર ભક્તોને હરિસ્મરણ કરવાની બહુ ઈચ્છા થાય કરે છે. નખથી શિખા સુધી પ્રભુનું ધ્યાન કરો.

**દોહા– એમ નખશિખા મૂર્તિ નાથની, સમરતાં સુખ થાય ।**
**અહોનિશ ઉરમાં ધારતાં, કરવું રહે ન કાંય ॥**
**ચરિત્ર સર્વે ચિંતવી, મૂરતિ ધારે મન ।**
**કાળ માયા કર્મનું, વ્યાપે નહિ વિઘન ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે. મનને લીલાચરિત્રોમાં જોડી દેવું ચંચળ મનને જગતની વસ્તીઓથી પાછું વાળવું. તેને જીતવાનું સાધન નવધા ભક્તિ છે. ભક્તિ કર્યા વગર નવરું રહેવું નહિ. શ્રીજીમહારાજ સુખકારી છે અને અવતારના અવતારી છે.

**ચોપાઇ ધ્રુવપદી– મૂરતિ તમારી સુખકારી, જીવન જાણું છું ।**
**છો અવતારના અવતારી, જીવન જાણું છું ।**

**મહાસમર્થ છો મહારાજ, જી. વળી આપે રાજાધિરાજ, જીવન. ॥**
**પુરુષોત્તમ પૂરણબ્રહ્મ, જીવન. તમને નેતિ કહે નિગમ, જીવન. ॥**
**વાસુદેવ દયાળુ સ્વભાવ, જીવન. મહાપુરુષ મહાનુભાવ, જીવન. ॥**

જે માણસે આ જીવનમાં પાપ જ કર્યાં હોય, કોઇ સત્કાર્ય ન કર્યું હોય, એવો પાપી મનુષ્ય મરણ પથારીએ પડ્યો હોય અને હમણાંજ પ્રાણ પંખેરું ઉડી જશે આવી સ્થિતિ હોય, એના ખાટલાની આજુ બાજુ જો બેસીને સ્વામિનારાયણ મંત્રનો જપ કરે તો ગમે તેવો પાપી હોય, છતાંય તાકાત નથી કે જમદૂત એને અડી શકે, એવો સ્વામિનારાયણ નામનો પ્રભાવ છે. મહા સમર્થ છે મહારાજ.

ભગવાન નિર્વિકારી અને મંગળકારી છે. પોતાના આશ્રિતને અભયદાન આપે છે. કલ્યાણ કારી મૂર્તિ છે અને ભક્તિ ધર્મના બાળ છે. સ્વામી કહે છે. તમે કાળ માયાના નિયંતા, ગુણસાગર, ભવ બ્રહ્માના સ્વામી, અકળ અંતરજામી, પતિતપાવન અશરણના શરણ અને અધમ ઉદ્ધારણ છો.

ગામ ઉપલેટામાં એક વેરાભાઇ નામે ગરાસિયા ક્ષત્રિય રહેતા હતા. દુરાચારી માણસોનો સંગ કરવાથી દુરાચારી થઇ ગયા. દારૂ માંસનું ભક્ષણ કરે ચોરી કરવા જાય ત્યારે અનેક નિર્દોષ માણસોને મારી નાખે લૂટફાટ કરે.

ઉપલેટાની ભાગોળે સંતો પધાર્યા મનમોહક મધુર ઢાળથી કીર્તન ગાય છે. જન્મ ધરીને શું શું કીધું ભાતુંજી, મહારાજને વિસારી મૂક્યા કીધી બીજી વાતુંજી. વેરાભાઇ પોતાના ખેતર તરફ જાય છે, અતિ સુંદર કીર્તન સાંભળવા ઊભા રહી ગયા. સંતોએ મીઠો આવકાર આપ્યો પધારો પધારો દરબાર થોડી વાર બેસો વેરોભાઇ શાંતિથી કથા સાંભળે છે. સંત દર્શનથી પાપ બળવા લાગ્યાં સાચી સમજણ આવી. તેથી દરરોજ કથા સાંભળવા આવે. પાપનો પસ્તાવો થાય છે.

સંતોને પગે લાગી, દિલ ખોલીને વાત કરે છે. મારો અમૂલ્ય મનુષ્ય અવતાર પશુની જેમ વ્યર્થ ગયો. દીર્ઘકાળ સુધી સુખ શાંતિમાં રહી શકાય એવી મોટી કમાણી કરવી જોઇએ તેના બદલે મેં અનેક પાપ કર્યાં છે. અનેક નિર્દોષ માણસોને મારી ને લૂટફાટ કરી છે. ન ખાવાનું ખાધું છે. ન કરવાનું કર્યું છે. ખૂબ ચોરી કરી છે, એ પાપમાંથી કયારે છૂટીશ. સંતોએ આશ્વાસાન આપ્યું. જાગ્યા ત્યાંથી સવાર સમજીને હવે બાકીનું જીવન ભગવદ પરાયણ કરશો તો તમારું જીવન સફળ થશે.

સંતોએ વર્તમાન ધરાવી કંઠી પહેરાવી, ધર્મ નિયમની રીતભાત અને પૂજા



પાઠ કરતાં શિખવાડ્યું. વેરાભાઇ નિર્માની થઇને ભજન ભક્તિ કરે છે. ઘરનાં સભ્યોને સત્સંગનો રંગ લાગી ગયો. સંતો ત્યાંથી બીજે ગામ ચાલ્યા ગયા. શ્રીજીમહારાજ જુદા જુદા પ્રદેશમાં ઉત્સવ કરે, અનેક ભક્તજનો તે સમૈયામાં આવે, વેરાભાઇ પણ સમૈયામાં જાય, કથાકીર્તન કરે. અને રાત્રી દિવસ ખડેપગે ચોકી પહેરો કરે ઉતારાની સગવડ કરી આપે. ખૂબ ઉત્સાહ પૂર્વક સેવા કરે.

વેરાભાઇ વારંવાર શ્રીજીમહારાજને પ્રાર્થના કરે, હે પ્રભુ ! મારા હૃદયમાંથી કામ, ક્રોધ, લોભ, રાગ, દ્વેષ વિગેરે અંતરશત્રૂ દૂર થઇ જાય, જગતનું બંધન તૂટી જાય અને કાયમ તમારી સેવામાં રહેવાય એવી કૃપા કરજો. વેરાભાઇ વ્યવહારે ખૂબ સુખી હતા. ગામ, ગરાસ, ધન, માલ, પુત્રપરિવારથી ઘર ભરપૂર હતું. કુટુંબ ઘણું મોટું હતું. કુલ મળીને ત્રેવીસ માણસો હતાં. ખૂબ સંપીને રહે ને સાથે બેસીને સત્સંગ કરે. સમય જતાં ગામમાં ભયંકર રોગ પ્રસરી ગયો. બીમાર માણસોની વેરાભાઇ ખૂબ સેવા કરે છે. દવા કરે, પણ જરાય ફરક પડતો નથી. તમામ સંપત્તિ બીમારીમાં ખર્ચાઇ ગઇ.

ગરીબ સ્થિતિ થઇ ગઇ. અને એક વરસની અંદર બાવીસ માણસોનું મૃત્યુ થઇ ગયું. એક વેરાભાઇ બાકી રહ્યા. દુઃખનો કોઇ પાર નથી. હવે શું કરવું ! હિંમત રાખી હરિભજન કરે છે. બીજાની જો આવી પરિસ્થિતિ થાય તો મુઝાઇ જાય ને રડવા બેસી જાય. ગાંડો થઇ જાય. પણ વેરાભાઇ જ્ઞાની છે. તે સમજે છે કે આ જગતની અંદર સૌ એક એક થઇને આવે છે ને એક એક થઇને જાય છે. કર્મ સંસ્કારે સૌ ભેળાં થાય. કર્મ ખૂટે એટલે ચાલ્યાં જાય છે. સગાં સંબંધી અન્ય લોકો વેરાભાઇના ઘરે આવે અને રડતાં રડતાં કહે . વેરાભાઇ તમારા ઉપર દુઃખના ડુંગર તૂટી પડ્યા છે. ઘરમાં એક પણ માણસ નથી. હવે તમે શું કરશો ! મોટી આફત આવી પડી. પ્રભુને જરાય દયા ન આવી, સાવ નિર્દય છે.

**પ્રભુ સ્મરણ છે તે દુઃખની દવા છે.**

ત્યારે વેરાભાઇ કહે છે, તમારી ગેરસમજ છે. ભગવાન ઉપર દોષ મૂકાય નહિ. પ્રભુતો મહા દયાળુ છે. આપણા પ્રારબ્ધમાં જેમ લખ્યું હોય તેમ થાય હિંમત ભરી વાત કરી પણ જરાય નિરાશ થયા નહિ. તેથી સૌને વેરાભાઇ પ્રત્યે પૂજ્યભાવ રહેતો. વેરાભાઇ વિચાર કરે છે. હવે ઘરમાં એકલો રહીને શું કરું તેથી તમામ વસ્તુ અને ગાય, ગામ-ગરાસ અને મકાન જે કાંઇ હતું તે વેચી તેના પૈસા જે મળ્યા તે અને ઘરેણાં લઇને ગઢપુર આવ્યા.

શ્રીજીમહારાજ સભામાં વિરાજમાન છે. પગે લાગીને તમામ સંપત્તિ જે લાવ્યા છે તે પ્રભુના ચરણમાં સમર્પિત કરી, બે હાથ જોડી કહ્યું, હે પ્રભુ! આપની કૃપાથી હું સંસારના બંધનમાંથી છૂટો થયો છું. મને સાધુ કરો અને તમારી સેવામાં રાખો! પ્રભુ ઊભા થઈ બાથમાં લઈ મળીને પુષ્પનો હાર પહેરાવી રાજીપો વ્યક્ત કરતાં બોલ્યા, ધન્ય છે તમારી સમજણ શક્તિ અને ભક્તિને. ઉત્તમ વૈરાગ્યવાનને માયાનું બંધન નડતું નથી. વેરાભાઈને એક વર્ષ સુધી પાર્ષદ તરીકે રાખ્યા. પછી ભાગવતી દીક્ષા આપી પરમાનંદ સ્વામી નામ ધારણ કરાવ્યું. પ્રભુ પતિતપાવન અને અધમ ઉધ્ધારણ છે. વેરાભાઈ ભરાડીમાંથી ભક્ત થયા, આ છે સત્સંગનો પ્રતાપ. આનંદથી હરિ સ્મરણ કરો.

**આનંદરૂપ અનુપમ એવું, જી. સૌ જનને જોયા જેવું, જીવન. ॥**
**આનંદ વસન ભૂષણ અંગે, જી. આનંદ આપો છો ઉછરંગે, જી. ॥**
**કૃપાસિંધુ છો ઘનશ્યામ, જી. ક્રોધ લોભ નિવારણ કામ, જીવન. ॥**
**પરમાત્મા પૂરણબ્રહ્મ, જીવન. નીલકંઠ કહે નિગમ, જીવન. ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે. હે પ્રભુ ! તમે ક્ષર અક્ષરથી છો પર અક્ષરબ્રહ્મ તમારું ઘર. તમારા એક એક રૂંવાડામાં અનંત બ્રહ્માંડ ઉડતાં ફરે છે તમે કાળના પણ કાળ અને જીવ પ્રાણી માત્રના નિયંતા છો. અંતરની વાત જાણનારા અંતરજામી છો. માયાના ગુણથી પર છો અખંડ અવિનાશી અને સુખરાશી છો, ચાર મુખે બ્રહ્મા તમારા ગુણ ગાય છે. સહસ્ત્ર મુખે શેષજી તમારા ગુણાનુવાદ ગાય છે. ગાય ગણેશ તો પણ પાર ન પામે લેશ, ગુણ તમારા ગવાય, વેદ સ્તુતિ ઉચ્ચરે સદાય. એવા સમર્થ સૌના સ્વામી સહુ રહે છે શિશ નામી. જીવન જાણું છું.

**તમારા ભયથકી સાક્ષાત, જી. વાસવ વરસાવે વરસાત, જીવન. ॥**
**તમારા ભયથી સૂર્ય શશિ, જી. ફરે કાળશક્તિ અહોનિશી, જી. ॥**

તમારી આજ્ઞાથી આકાશમાં સૂર્ય અને ચંદ્ર ફરે છે. પ્રકાશ આપે છે. બ્રહ્મા, વિષ્ણુ, શારદા, શિવ રહે છે મરજીમાં તતખેવ. તમામ દેવતાઓ નમાવે છે શિશ. તમે સર્વેના છો નિયંતા, સહુ રહે છે તમથી ડરતા એવા મોટા છો મહારાજ, તે મળ્યા છો મને આજ તમારી દયાનો કોઈ પાર નથી. તમે મહેર મુજપર કીધી, તમે બૂડતાં બાંય ગ્રહી લીધી. તમે ગર્ભવાસ ત્રાસ ટાળ્યો, એવો આડો આંક જ વાળ્યો. તમારી



કરુણાનો નહિ પાર, તમે કર્યા બહુ છે ઉપકાર.

**ઉપકાર તમારા ભારે રે, હે શ્રી નિવાસા,**
**હું નીરખું વારે વારે રે, હે શ્રી નિવાસા,**
**કાયા માણસની કેવી રૂડી કીધી. તેમાં યુક્તિ કેવી ભરી દીધી;**
**જગદીશે કરૂણા કીધી રે, હે શ્રી નિવાસા, ઉપકાર...**
**તાજુ દૂધ બાળકને કાજે, માના સ્તનમાં ભર્યું મહારાજે;**
**દાંત આપ્યા જમવા કાજે રે હે શ્રી નિવાસા...**

ખાધેલા અનાજને કોણ પચાવે છે ? ભગવાન પચાવે છે. પ્રભુ કહે છે. સુવાનું કામ તારું આખી રાત જાગીને પચાવવાનું કામ મારું. ન પચાવે તો શું થાય ? જાનનો જાય. શ્વાસો શ્વાસની રિધમ કોણ ચલાવે છે ? પ્રભુ ચલાવે છે. દિવસ ને રાત ભગવાન પવન રૂપી વીંઝણો ચલાવે છે. ઋતુ અનુસારે ફળ ફૂલ અને અનાજ કોણ પકાવે છે ? ભગવાન પકાવે છે. તમે પાણી પાયા જ કરો. પણ ભગવાનને ન પકાવવું હોય તો કાંઈ ન થાય તેથી ભગવાનનો ઉપકાર માનો અને ડગલે ને પગલે પ્રભુને યાદ કરો. ઉપકારને ભૂલો નહિ.

સ્વામી કહે છે. પળે પળે કરો પ્રતિપાળ, એવો બીજો કોણ દયાળ. વળી અંતકાળે આવો છો, રથ વે'લ વિમાન લાવો છો. અક્ષરધામના મુક્તો સહિત, પધારો છો પ્રેમ સહિત. તેને આપો છો અક્ષરધામ, થાય ભક્ત તે પૂરણ કામ. તમે છો દીનના દીનબંધુ, સુખકારી સુખના સિંધુ. તમે અનાથના છો નાથ, સદાય રાખજો સંગાથ. સ્વામી પ્રાર્થના કરે છે. તમે નોંધારાના આધાર છો. ભક્તવત્સલ ગુણ ભંડાર છો. તમે દાસ તણાં દુઃખ કાપો સદાય સદ્‌બુદ્ધિ અમને આપો ભક્તજનને પ્રેમ આપવા અને પ્રેમ લેવા આ ભૂમિપર અવતરિત થયા છો. તમને મળવું છે મોંઘું, તે આજ સોંઘું થયું છે.

**મળવું તમારું છે મોંઘું, જી. તે તો સહુને થયું છે સોંઘું, જીવન. ॥**
**કિયાં અમે કિયાં આપ, જીવન. કીડી કુંજરનો મેળાપ, જીવન. ॥**
**સહુના નાથ તમે નિયંતા, જી. સર્વાધાર સર્વના કરતા, જીવન. ॥**
**સર્વે પર છો સર્વેશ્વર, જીવન. સહુના પ્રેરક પરમેશ્વર, જીવન. ॥**
**ક્યાં તમે ને ક્યાં અમે, જીવન. તે તો કૃપા કરીછે તમે, જીવન. ॥**
**તમે અઢળ ઢળ્યા છો આજ, જી. મહા મે'ર કરી મહારાજ, જી. ॥**

સ્વામી પ્રાર્થના કરે છે, તેવી પ્રાર્થના આપણે કરવાની છે. જંગલના યોગી તપ કરીને થાકી જાય તો પણ તમારાં દર્શન થાય નહિ. તે અમને તમે મળ્યા છો, કીડીને કુંજરનો મેળાપ થાય નહિ. અમે કીડી જેવા છીએ. તમે સર્વેશ્વર છો હરિસ્મૃતિ લખતાં લખતાં સ્વામીના હૃદયનો પ્રવાહ શરૂ થઇ ગયો. ક્યાં તમે ને ક્યાં અમે. તમે કૃપા કરી તેથી તમારો યોગ મળ્યો છે. તમે અઢળક ઢળ્યા છો, આજ મોટી મહેર કરી મહારાજ, કરવા અનેકનો ઉદ્ધાર. સહુ જનની લેવા સાર. શેષજી સતત નારાયણનું નામ લે છે. સહસ્રમુખે રટન કરે છે એક તાર આખા બ્રહ્માંડનો ભાર શેષજીના મસ્તક ઉપર છે. છતાં સ્વામિનારાયણ ભગવાનના ગુણગાવાનું ચૂકતા નથી.

**પ્રત્યેક ક્ષણ શ્રીહરિનું ચિંતવન કરો.**

આપણા ઉપર એક કુંટુંબનો ભાર હોય તો પણ ભગવાનનું ભજન કરવાનું ચૂકી જઇએ છીએ. પછી કરશું, ક્યાં ઉતાવળ છે ! આવી રીતે આળસમાં જીવન પૂરૂં કરી નાખીએ છીએ. આ હરિસ્મૃતિ ગ્રંથ આપણને સાવધાન કરે છે. સ્વામી કહે છે, દુઃખ દરિયામાંથી તાર્યા, વળી અધમને ઉદ્ધાર્યા. હે પ્રભુ તમે સાચા સગા છો. મને તમારો ભરોસો છે. અને અચળ આશરો છે. જેને પરમાત્માનો અચળ આશરો હોય તેની ચિંતા ભગવાનને હોય છે. વચનામૃતમાં શ્રીહરિ કહે છે. ભગવાનનો દ્રઢ આશરો છે તે સર્વે સાધનમાં મોટું સાધન છે. નિષ્કુળાનંદસ્વામી શ્રીજીમહારાજને કહે છે. હે પ્રભુ !

**રાખીશ જીવ સાથે હું જડી, જી. નહિ મેલું હું અળગી ઘડી, જી. ॥**
**તેમ નહિ મુકાય તમ થકી, જી. કહે નિષ્કુલાનંદ નક્કી, જીવન. ॥**

તમને મારા જીવ સાથે જડી દીધા છે. એક ક્ષણ પણ અળગા નહિ મેલું. અમે તમને સાથે રાખશું, ને તમે પણ અમને અળગા નહિ મૂકો સદા સાથે રાખજો. ને સદબુદ્ધિ આપજો. સ્વામીની શ્રીહરિમાં અચળ શ્રદ્ધા ! સ્વામી હકથી કહે છે કે તમારાથી પણ મને નહિ મૂકાય.

**ઈતિ શ્રી નિષ્કુળાનંદ મુનિ વિરચિતે શ્રીહરિસ્મૃતિ મધ્યે**
**પંચમ ચિંતામણી ॥૫॥**

---

સ્વામી કહે છે. અતિશય લોભી માણસ પ્રતિપળ ધનનું ચિંતવન કરે છે. કામી સ્ત્રીનું ચિંતન કરે છે. જ્ઞાની ભક્ત પરમેશ્વરનું ચિંતન કરે છે. અને જે અખંડ



ભગવાનનું ચિંતન કરે છે. તેની બ્રહ્માકાર વૃત્તિ થઇ જાય છે. ભગવાનના સ્મરણમાં વૃત્તિ લીન રહે તો જ જ્ઞાન અને ભક્તિ પરિપક્વ થાય અને ત્યારે જ જીવ સંસાર વૃક્ષથી છૂટો થાય છે. અચળ ભરોસો ઉરમાં રાખવો સદાય શરણાગત ભક્તની પ્રભુ કરે છે સહાય.

**દોહા– એહ ભરોંસો ભીંતરે, અચળ છે ઉરમાંય ।**
**શરણાગતની શ્યામળા, સદા કરો છો સહાય ॥**
**સુખના સાગર શ્રીહરિ, સદા સર્વદા શ્યામ ।**
**નિજજનના નિધિ નાથજી, પુરુષોત્તમ પૂરણકામ ॥**
**ચોપાઇ ધ્રુવપદી– મૂર્તિ તમારી મહારાજ, સુખકારીજી, ।**
**સૌ જનનો સુખ સમાજ, સુખકારીજી, ।**
**સાકાર મૂર્તિ સુખ ભંડાર, સુ. સ્પરશી બહુ પામ્યા ભવપાર, સુખ. ॥**
**પ્રગટ મૂર્તિ પ્રતાપે, સુખ. સુરાસુર ઉદ્ધાર્યા આપે, સુખ. ॥**
**જેજે પ્રગટ પ્રસંગ પામ્યાં, સુખ. તેનાં સર્વે સંકટ વામ્યાં, સુખ. ॥**

શ્રીહરિના સંબંધથી અનેક જીવાત્મા પામ્યા છે ભવપાર. પ્રભુનું સ્મરણ કરતાં પ્રભાતમાં જાગવાથી માનસિક શક્તિ વધે છે. અને આખો દિવસ આનંદથી પસાર થાય છે. પ્રભાતે જાગતાની સાથે દેહનો સુખનો વિચાર કરવો નહિ. આજે વાડી જાવું છે. દુકાને જાવું છે, વિગેરે ડખાને યાદ કરવા નહિ. જાગતાંની સાથે હરિને યાદ કરવા. પહેલાં ઠેઠના વિચાર કરવા. પછી પેટના વિચાર કરવા.

નિષ્કુળાનંદસ્વામી કહે છે. શ્રીહરિની ચરણ રજનો અદ્‌ભુત પ્રતાપ છે, એમના ચરણ સ્પર્શથી ગંગાજી અનેકજનોને તારવા સમર્થ થયાં છે.

**વળી પદરજ સ્પરશી શલ્યા, સુ. થઇ ગૌતમ તરુણી અહલ્યા, સુ. ॥**
**એવો પદરજનો પ્રતાપ, સુખ. ટળ્યો તરત તેનો સંતાપ, સુખ. ॥**

ઈંદ્રરાજા ઋષિ પત્ની અહલ્યામાં મોહ પામ્યો, ગૌતમ ઋષિ ગંગાજીમાં સ્નાન કરવા ગયા. ઝૂંપડીમાં અહલ્યા એકલાં હતાં. ઈંદ્રરાજાની વિકારી નજર અહલ્યા ઓળખી ગયાં કે આ મને મોહ પમાડવા આવ્યો છે. ત્યાં તો ગૌતમ ઋષિ સ્નાન કરીને આવ્યા એટલે ઈંદ્રરાજા મીંદડો થઇને બહાર નીકળ્યો ગૌતમ ઋષિ બોલ્યા. મારી ગેરહાજરીમાં મારી પત્નીને છેતરવા આવ્યો છે. જા શાપ આપું છું, ૫રૂ પાચ વાળા

એક ભગમાં લોભાણો તો તારા આખા શરીરે હજાર ભગ થશે તરત આખા શરીરમાં કાણાં પડી ગયાં. તેમાંથી રૂધિર ને પાચ વહ્યા કરે. દુઃખનો કોઈ પાર નથી ગૌતમઋષિએ અહલ્યાને શાપ આપ્યો તું (પથ્થર) શલ્યા થઈ જા તરત શલ્યા થઈ ગયાં..

મર્યાદા પુરુષોત્તમ રામચંદ્રજી ભગવાન વનમાં ગયા અને એ શલ્યા ઉપર પદરજનો સ્પર્શ થયો કે તુરંત શલ્યામાંથી અહલ્યા થઈ ગયાં. બે હાથ જોડી અહલ્યા સતી પ્રાર્થના કરે છે. મને એમ હતું કે ગૌતમઋષિએ શાપ આપ્યો છે. પણ સાચી હકીકતમાં આશીર્વાદ આપ્યો છે. મને તમારાં દર્શન થયાં. મારું જીવન સાર્થક થયું. આવો છે પ્રભુ ચરણરજનો પ્રતાપ. તરત ટાળ્યો અહલ્યાનો સંતાપ.

**વૃંદાવનનાં વેલી વન, સુખ. થયાં પદરજથી પાવન, સુખ. ॥**
**ઉદ્ધવ અક્રુરને મન પ્યારી, સુખ. એવી પદરજ છે તમારી, સુખ. ॥**
**પગ પાવન પ્રીતે જોઇ, સુખ. તુલસી રહી છે ત્યાં મોઇ, સુખ. ॥**
**એવાં ચરણ સદા સુખકારી, સુખ. ધરે ધ્યાન તેનું ત્રિપુરારિ, સુખ. ॥**

ઉદ્ધવજી કહે છે. હે પ્રભુ ! મને વૃંદાવનમાં મનુષ્યનો અવતાર મળે એટલાં મારા પુણ્ય નહિ હોય. પણ વૃન્દાવનમાં વૃક્ષ, લતા કે ઝાડ તરીકે જન્મ મળે તો પણ ઘણું છે. મારા ઉપર પ્રભુના ચરણની રજ ઉડી ઉડીને પડશે. તેથી હું કૃતાર્થ થઈ જઈશ. વચનામૃતમાં કહ્યું છે, ઉદ્ધવજી કેવા ડાહ્યા હતા, ભગવાનના ચોવટિયા હતા. ભગવાનનો મહિમા જાણતા હતા. તો પ્રભુના ચરણ રજ પામવા માટે વન વેલીનો અવતાર માગ્યો. અક્રૂરજી ગોકુળની પવિત્ર રજમાં આળોટીને આનંદિત થયા છે.

સ્વામી કહે છે, શ્રીહરિના ચરણ સેવે છે સહુ. લક્ષ્મીજી ભાવ પૂર્વક નારાયણનાં ચરણ ચાંપે છે. ધીરા ધીરા સુખકારીજી. નાભિ ઊંડી ને ગંભીર છે. તેમાંથી બ્રહ્મા પ્રગટ થયા છે. ગળામાં કૌસ્તુભમણિ શોભે છે. મુખમાં સરસ્વતી દેવી રહ્યાં છે. મુખારવિંદ રૂપાળું છે. સુખનું ધામ. પૂર્ણિમાના ચંદ્ર સમાન તેજસ્વી છે. એવું મુખ સુખનું દેનાર, જેથી સુખ પામ્યા નરનાર. મળી તાપ તનના હરિયા, કરને લટકે કારજ કર્યાં. કર આંગળી છે રૂપાળી. જેણે ધાર્યો ગોવર્ધન અતિ ભાવે. ગોવર્ધન પર્વત નીચે રાખ્યાં ગાય ગોપી ને ગોવાળ, કરી વ્રજજનની પ્રતિપાળ. સુખકારીજી.

**હાથે દાસતણાં દુઃખ હરીયાં, સુ. આપી સુખ સુખિયાં કરીયાં, સુ. ॥**
**એમ સાકાર મૂર્તિ સંબંધે, સુ. સુખિયા આદિ અંત્યે મધ્યે, સુખ. ॥**
**મૂર્તિ વડે મોટપ સહુની, સુખ. કોણ તપસી ઋષિ મુનિ, સુખ. ॥**



**તમે જનના સુખને કાજ, સુખ. સદા સાકાર છો મહારાજ, સુખ. ॥**
**સાકાર વિના ન સરે કામ, સુ. માટે સાકાર છો સુખધામ, સુખ. ॥**
**ચાર વેદ વદે એ વાત, સુખ. પ્રભુ પ્રગટ છો સાક્ષાત, સુખ. ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે. હે પ્રભુ ! તમે સદાય સાકાર છો. ભગવાનનું સ્વરૂપ અમાયિક અને દિવ્ય છે. માયિક નથી પ્રભુ સાકાર છે. તેથી પૃથ્વીમાં બધા મનુષ્યો સાકાર રૂપે દેખાય છે. ભગવાને આ જગતને પોતાનાં જ આયુધમાંથી રચના કરેલી છે. ભગવાન નારાયણના હાથમાં ચાર આયુધો છે. શંખ, ચક્ર, ગદા, અને પદ્મ. ચક્રમાંથી તેજ પ્રગટ કર્યું. અને ગદામાંથી વાયુ પ્રગટ કર્યો છે. આપણે બધા ભગવાન સાકારના ઉપાસક છીએ તેથી સાકાર સ્વરૂપનું ધ્યાન પૂજન કરવું. સાકાર ભગવાનનું ચિંતવન કરીએ તો જ મન તેમાં ચોટે. નિરાકારમાં કેમ મન ચોટાડવું ? કોનું ધ્યાન કરીએ ? કોને જમાડીએ ?

સ્વામી કહે છે સહુને ધર્મ મર્યાદામાં રાખવા માટે આપ પ્રગટ થાઓ છો. તમે હરિજનને સુખ આપો ધર્મ સારુ ધરાપર આવો, ધર્મ પાલક ધર્મકુમાર, તમે સંત જનના છો શણગાર. દાસના દોષને નિવારણ કરો છો. અધર્મીનો નાશ કરો છો. તમારી મૂર્તિ ચિંતામણી જેવી છે. સાચા ભક્તજનોના શુભ મનોરથ પૂરા કરો છો.

ભગવાનનું સ્વરૂપ મંગળકારી છે. પ્રભુનું મુખ, કુખ, કર, ચરણાદિક સમગ્ર શરીર મંગળરૂપ છે. તેમનું શાંતિથી ધ્યાન કરવું.

**મંગળ મૂર્તિનું ધ્યાન ધરતાં, સુ. થાય અંતરમાં સુખ સમતાં, સુ. ॥**
**મંગળ મૂર્તિના ગુણ ગાવતાં, સુખ. માટે મેં નથી મૂકાતાં, સુખ. ॥**
**મંગળ મૂર્તિ જોઇ મનરાતો, સુખ. તેણે રહું છું ફુલાતો, સુખ. ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે. કોઈની પાસે ખૂબ પૈસા હોય તો તે ફુલાતો ફરે, હું પણ ધનવાન છું. મને સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ મળ્યા છે. તેના ગુણ ગાવા મળ્યા છે. તેથી મારો આનંદ સમાતો નથી. ભગવાનનાં દર્શન કરીને હું આજે પૂર્ણકામ થયો છું. વરસોની સાધના આજે સફળ થઈ. મૂર્તિનાં વખાણ સુખકારીજી.

**હરિસ્મૃતિ થાય હૈયે, સુખ. માટે હરિસ્મૃતિ કહિયે, સુખ. ॥**
**કે'તાં સુણતાં મટે ભવફંદ, સુખ. એમ કહે નિષ્કુલાનંદ, સુખ. ॥**

પ્રભુને પામવા માટે મહેનત કરવી પડે, ખેતીવાડીમાં ધાન્ય ઉગાડવું હોય તો

મહેનત કરવી પડે. પણ ઘાસ તો એમને એમ થાય, તેમાં મહેનત કરવી પડતી નથી. વાડીમાં વાવી આવીએ પછી કોઇ દિવસ સંભાળ લેવા જાય નહિ, તો હાથમાં કાંઇ આવે નહિ. ઘેટાં બકરાં મોલને ચરી જાય, એમ માયા આપણા ભક્તિરૂપી ખેતરમાં વાસના રૂપી ઘેટાં બકરાં મૂકીને ચરી જાય. પછી શું હાથમાં આવે ? માટે સદાય જાગતા રહેવું. પરમાત્માનું બળ રોમરોમમાં વ્યાપી જાય તો આત્મા અને પરમાત્મા સ્વરૂપ સમજાઇ જાય. હૈયામાં બિરાજમાન હરિનું સ્મરણ કરી જાગતા રહેવું.

**ઈતિ શ્રી નિષ્કુળાનંદ મુનિ વિરચિતે શ્રી હરિસ્મૃતિ મધ્યે**
**ષષ્ઠ ચિંતામણી ॥૬॥**

----------------------

**દોહા– અલૌકિક મૂર્તિ આજની, ધરી ધર્મકુમાર ।**
**જોતાં ના'વે જોડમાં, આ સમ અન્ય અવતાર ॥**
**સમર્થ મૂર્તિ સુખ ભરી, ધરી ન ધરશે કોય ।**
**સર્વોપરી છે શ્રીહરિ, સહજાનંદ પ્રભુ સોય ॥**
**ચોપાઇ ધ્રુવપદી– પ્રગટ પ્રબળ મૂર્તિ, અચરજકરી છે ।**
**જેને નેતિ નેતિ કહે શ્રુતિ, અચ. ।**
**અકળ અનુપ અમાપ, આચ. કોઇ કરી શકે નહિ થાપ, અચ. ॥**
**અગમ અતોલ અપાર, આચ. નિગમે ન થાય નિરધાર, અચ. ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, શ્રી સહજાનંદ સ્વામી અલૌકિક મૂર્તિ છે અને અલૌકિક રીત ચલાવી છે (અવતારના) અવતારી એ કાર્ય ખૂબજ દીપાવ્યું છે. જાતિભેદ અને ધર્મના ભેદ સંબંધી ખોટા ખ્યાલો દૂર કર્યા લોકોમાં વર્ણાશ્રમ ધર્મની શાસ્ત્રીય સમજણ આપી ભાવાત્મક એકતા સ્થાપી અને પરસ્પર ભ્રાતૃભાવ જગાવ્યો. નીચલા સ્તરના લોકોને આચારશુદ્ધ બનાવ્યા. અનેક લોકોને સત્સંગનો રંગ લગાડવાનું કાર્ય ભગવાન શ્રી સ્વામિનારાયણે કર્યું છે.

હે આશ્ચર્યકારી સ્વરૂપ શ્રીહરિ ! તમે ધાર્મિક ઈમારતનો પાયો મજબૂત કરવા માટે બહેનો પોતાના અલગ મંદિરમાં કથા વાંચી શકે અને કીર્તન ગાઇ શકે એ માટે બહેનોનાં મંદિરો જુદાં બનાવ્યાં. સ્ત્રીઓને આધ્યાત્મિક ઉપદેશ આપવા સ્ત્રીઓનીજ નિમણૂક કરી. સાંખ્ય યોગી ધર્મનું પાલન કરવાનો આદેશ આપ્યો.



**શિવ બ્રહ્મા સરખા કહે છે, અચ. તોય અતિ અપાર રહે છે, અચ. ॥**
**પ્રગટ મૂર્તિનો મહિમાય, અચ. સર્વે સુખતણી સીમાય, અચ. ॥**

હે શ્રીહરિ શિવ, બ્રહ્મા, શ્રુતિઓ તમને નેતિ નેતિ કહીને વર્ણવે છે. તમારો અપાર મહિમા છે. બહુ બહુ થાય ચમત્કાર તેનો કહેતાં ન આવે પાર અનેક ભક્તજનોને સમાધિ થાય. ધામમાંથી અલૌકિક વસ્તુ લાવે. પ્રસાદી વસ્ત્ર અલંકાર લાવે, અનેક પરચા થાય. જોઇને સૌને આશ્ચર્ય લાગે. સંતદાસે જળમાં ડૂબકી મારી. સીધા ગયા બદરિકાશ્રમ મોઝાર. તિયાં દોઢ માસ રઇ, ત્યાંની ખબર લઇ આવ્યા. વિચાર કરો. કઇ રીતે બદરિકાશ્રમમાં ગયા હશે. પ્રભુના પ્રતાપથી તેમનામાં ગજબની શક્તિ આવી ગઇ. એહ સામર્થી શ્રીજીની છે.

એક સચ્ચિદાનંદ સંત, મહા મોટા સાધુ અત્યંત. તેને રુંધ્યા ઘરમાં ઘાલી, દરબારમાં તાળાં બંધ કરી દીધાં. તેમાંથી નીસરી ગયા, તાળાં તેમનાં તેમ રહ્યાં. કોઇ આવરણ નડ્યાં નહિ. નિષ્કુળાનંદસ્વામી વ્યાપકાનંદસ્વામીની વાત કરે છે.

**એક વ્યાપકાનંદ મુનિ, અચ. તે પર મે'ર મોટી પ્રભુની, અચ. ॥**
**સદા રહે મૂર્તિમાંઇ, અચ. હરે ફરે હરિ ઇચ્છાઇ, અચ. ॥**
**વળી જે જે બોલે જીહ્વાય, અચ. તેતો તેમનું તેમ થાય, અચ. ॥**
**એક મુઇ જીવાડી ઘોડી, અચ. એહ વાત નહિ કાંઇ થોડી, અચ. ॥**

શ્રી સ્વામિનારાયણ ભગવાને સંતોને કહ્યું, તમે વિચરો દેશ વિદેશ, આપો સૌને રૂડો ઉપદેશ. વ્યાપકાનંદ સ્વામી ફરતા ફરતા ગામ બોટાદ હમીરખાચરને ઘરે આવ્યા. ત્યાં ઘરના સભ્યો બધા રડતા હતા. સ્વામીએ પૂછ્યું. કેમ શું થયું ! બધા કેમ રડો છો ? હમીરખાચર બોલ્યા. સ્વામીજી અમારી ઘોડી મરી ગઇ છે. તેથી બધા રડે છે. સ્વામીએ કહ્યું જન્મે છે તેનું મરણ નિશ્ચય હોય છે. આ જગતનો કાયદો છે. આવ્યા છે તે જવાનું છે. ઘોડી મરી જાય એમાં રડવાનું હોય નહિ. ઘોડી માંથી માયા છોડો. ને ભગવાનમાં માયા રાખો.

હમીરખાચર કહે છે. સ્વામીજી ! ઘોડી મારા દીકરા જેવી વહાલી છે. એમ કહી ધ્રુસકે ધ્રુસકે મંડ્યા રડવા. રડતાં રડતાં બોલ્યા. ભેખમાં ભગવાન હોય છે. તમે કાંઇક દયા કરો ને દાસનું દુઃખ કાપો તો સારું થાય, સ્વામીને દયા આવી ગઇ તેથી સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલતાં બોલતાં હરિને સંભાળીને મૃત્યુ પામેલ ઘોડી

ઉપર પાણીનો છંટકાવ કર્યો એક મચ્છર ઉડતું હતું, તેનો જીવ લઇને ઘોડીમાં નાખી દીધો. ઘોડી હણહણાટ કરતી બેઠી થઇ ગઇ. દરબારમાં આનંદ આનંદ થઇ ગયો.

હમીરખાચરે સ્વામીને પગે લાગીને કહ્યું. સ્વામીજી તમે તો સાક્ષાત્ પરમેશ્વર છો. ભગવાન સિવાય કોઇથી મરેલાં જીવતાં થાય નહિ. સ્વામીએ કહ્યું. અમારાથી કાંઇ થઇ શકે નહિ. આ બધો પ્રતાપ શ્રીજીમહારાજનો છે અમે તો એમના દાસ છીએ. ત્યાંથી વ્યાપકાનંદ સ્વામી ચાલ્યા તે ગામ ઝીંઝાવદર આવ્યા, પ્રભુને પગે લાગીને બેઠા શ્રીજીમહારાજે મુકુંદ બ્રહ્મચારીને કહ્યું, અમારા ભગવાન આવ્યા છે, તેના માટે થાળ બનાવજો. બ્રહ્મચારીએ પૂછ્યું. અનંતકોટી બ્રહ્માંડના નિયંતા તમે છો. ને તમારા ભગવાન વળી કોણ હોય !

આ વ્યાપકાનંદ સ્વામી અમારા ભગવાન છે. આવું સાંભળી સ્વામી દિલગીર થઇ ગયા. હે પ્રભુ ! હું તમારો ભગવાન નથી, પણ દાસનો દાસ સેવક છું. પ્રભુ મર્મથી બોલ્યા, ભગવાન હોય તે મરેલાને જીવતા કરે. તમે ઘોડી જીવતી કરી દીધી. સ્વામી આપણે મરેલાને જીવતા કરવા નથી આવ્યા. આપણે દરેક જીવાત્માને પરમાત્માનું સાચું જ્ઞાન આપી મોક્ષ કરવા આવ્યા છીએ. માટે સાવધાન થઇ જાવ.

સ્વામી નમ્રતા પૂર્વક કહે છે, હે પ્રભુ ! મારી ભૂલ થઇ છે માફ કરો. હવે ફરીથી આવું કામ નહિ કરું. શ્રીહરિ કહે છે, 'સ્વામી' તમારી પાસે મરેલા માણસોનો મેળો ભરાશે. આ બધાને જીવતા કરો ! બીજુતો ઠીક પણ કદાચ રાજાના કુંવરનું મૃત્યુ થશે ને તમને કહેશે, કુંવરને જીવતો કરો ! અને નહિ થાય તો મારશે ને જેલમાં પૂરી દેશે. તો પછી શું કરશો ! વિચારીને કામ કરવું પણ કોઇ પ્રકારનો ચમત્કાર બતાવવો નહિ. વ્યાપકાનંદ સ્વામીએ કહ્યું. હવેથી આવું કાર્ય કયારેય નહિ કરું મને ક્ષમા કરો !.

**વળી વાડવસુત જીવાડ્યો, અચ. પ્રગટ પ્રતાપે ઉઠાડ્યો, અચ. ॥**
**તે સામર્થી સહજાનંદની, અચ. કહિ કેમ જાય આનંદકંદની, અચ. ॥**
**વળી વ્યાપકાનંદે એક, અચ. કાપી કષ્ટ ઉગાર્યો વણિક, અચ. ॥**
**એવાં અનેક અલૌકિક કાજ, અચ. કર્યાં સંત દ્વારે મહારાજ, અચ. ॥**

રાજા મુસલમાન હતો અને દીવાન વણિક હિંદુ હતો, તેથી રાજા દીવાન ઉપર રોષ રાખતો ખોટો આરોપ મૂક્યો કે તેં રાજ્યનો ગુન્હો કર્યો છે. એક મહિનાની અંદર એક કરોડ રૂપિયા દંડ ભરવો પડશે. નહિ ભરે તો હિંદુ મીટાવી મુસલમાન કરી



નાખશું. હવે શું કરવું. ઘર વખરી વેચી નાખી પણ કરોડ રૂપિયા ક્યાંથી થાય. તેથી દીવાન જંગલમાં જતો રહ્યો. આપઘાત કરીને મરીશ પણ મુસલમાન નહિ થાઉં. કૂવામાં પડવાનો વિચાર કરે છે ત્યાં ફરતા ફરતા વ્યાપકાનંદ સ્વામી આવ્યા. વણિકે પગે લાગીને રડતાં રડતાં વિસ્તારથી વાત કહી સંભળાવી, હવે કરોડ રૂપિયા મારે ક્યાંથી લાવવા ?.

સ્વામીએ કહ્યું. ચિંતા ન કર હિંમત રાખી પ્રભુને અંતરમાં ધારી સ્વામિનારાયણ સ્વામિનારાયણ અખંડ જાપ કર ! ભગવાન બધું સારું કરશે. એક મહિનામાં બે દિવસ ઓછા છે. સંતનું વચન સત્ય કરવા પ્રભુ વણિકના વેશે રૂપિયાની કોથળીયું ભરીને પહોંચી આવ્યા જે શેઠ જામીન પડ્યા હતા તેની પાસે રૂપિયાની કોથળિયો મૂકી. લ્યો, આ કરોડ રૂપિયા. રાજાની તીજોરીમાં જમા કરો અને મને પહોંચ લખી આપો. તમે કોણ છો ? અમે દીવાનના માણસો છીએ. શેઠ આશ્ચર્ય પામી ગયા કમાલ છે. વણિકના નોકરો બહુ વફાદાર અને પ્રતાપી લાગે છે.

પ્રભુ પહોંચ લઇને આવ્યા દીવાન પાસે લ્યો આ પહોંચ. ચિંતા ન કરજો તમારા પૈસા રાજાના દરબારમાં પહોંચી ગયા છે. દીવાન રાજી રાજી થઇ ગયો. નાચતો જાય કુદતો જાય ને સ્વામિનારાયણ સ્વામિનારાયણની ધુન કરતો જાય ધન્ય છે સંતને મને મૃત્યુના મુખમાંથી બચાવી ગયા અને સત્ય રસ્તો બતાવી ગયા. હવે તે સંતને મળું અને તેમનો સમાગમ કરી મારું જીવન સફળ કરું. સંતને શોધે છે. અને ભજન કરે છે. સારી જીંદગી સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપ ચાલુ રાખીને, અંતે ઉત્તમ ગતિને પામ્યા.

**મોક્ષ માર્ગના ભોમિયા સાચા સંતો છે.**

આ છે સંતનો પ્રતાપ. દીવાન વણિકનું કામ થઇ ગયું. સંતો દ્વારા અનેક અદ્ભૂત ઐશ્વર્ય થાય છે ને વર્તમાન કાળે પણ થાય છે. નંદપંક્તિ જેવા સંતો અત્યારે છે. જો દિવ્ય દૃષ્ટિ હોય તો ઓળખાય છે. અને મહિમા સમજાય. અંતર મલિન હોય તો ભગવાન સાથે રહેતા હોય તો પણ ઓળખાય નહિ. સમજણ યુક્ત દૃષ્ટિ જોઇએ.

**વળી સંત સ્વરૂપાનંદ, અચ. જેને અંતર સદા આનંદ, અચ. ॥**
**કરી સમાધિ સંયમીની ગયા, અચ. દીઠા જીવ દુઃખિયા તિયાં, અચ. ॥**
**નરકકુંડમાં નરનાર, અચ. પાપી પીડાતા અપાર, અચ. ॥**
**તેને દેખી દયા આવી, અચ. બોલ્યા હરિમૂર્તિ બળ લાવી, અચ. ॥**

**નિસરો નરક થકી સહુ બા'ર, અચ. પ્રગટ પ્રતાપે નરનાર, અચ. ॥**

સ્વરૂપાનંદ સ્વામી પોતાની ઇચ્છા પ્રમાણે સર્વે લોકમાં અને સર્વે ધામમાં જઇ શક્તા. એકવાર શ્રીજીમહારાજે કહ્યું, સ્વામી ! ચક્રવર્તી રાજા ગાદીએ બેસે ત્યારે મોજમાં આવીને ગુનેગારોને કેદમાંથી છોડી મૂકે છે. જેલમાંથી છૂટા કરે છે, અમે આ લોકમાં પધારી ધર્મની ગાદી પર આરૂઢ થયા છીએ. જમપુરીમાં પાપી જીવાત્માને કેદમાં પુર્યા છે. તેને છૂટા કરવા જાવ. ઊંચા સ્વરે સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલતા જાવ. સ્વરૂપાનંદ સ્વામી જોરદાર તાલી બજાવતા જાય ને મસ્ત બનીને ઊંચે સ્વરે સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલતા જાય.

સ્વામિનારાયણ મહામંત્ર પાપી જીવાત્માને કાને સંભળાયો, કે તુરંત આશ્ચર્ય થયું. બધા પાપી જીવાત્માઓ દિવ્ય શરીરવાળા બની ગયા. ત્યાં અનંતવિમાનો હાજર થયાં. તમામ જીવાત્માઓ વિમાનમાં બેસી સ્વર્ગમાં ગયા. નર્કના કુંડ ખાલી થઇ ગયા. જમદૂતો નવરા આંટા મારે છે. મુક્તાનંદ સ્વામી ગાય છે. પ્રભુના આશ્ચર્યનો કોઇ પાર નથી.

**સર્વે નરકના કુંડ ખાલી કર્યા, ભૂખ્યા જમગણ રે કર ઘસી પસ્તાય;**
**બદ્રીપતિ પ્રબળ પ્રતાપ છે.**
**પામ્યા અનંત જીવ હરિના ધામને, તેની ગણના રે કહેતાં શેષ લજાય;**
**બદ્રીપતિ પ્રબળ પ્રતાપ છે.**

નિષ્કુળાનંદસ્વામી કહે છે. બીજા અનેક અવતાર પ્રભુએ ધારણ કર્યા છે, પણ સ્વામિનારાયણ ભગવાન પર વારી જાઉં છું.. હવે પરમ એકાંતિક ભક્ત પર્વતભાઈની વાત કરે છે.

**એક હરિજન પર્વતભાઇ, અચ. સદા રહે હરિમૂર્તિમાંઇ, અચ. ॥**
**એક દિન વિચાર્યું એવું, અચ. વારાહરૂપ હશે વળી કેવું, અચ. ॥**

અગત્રાઇ ગામના પર્વતભાઇ પરમ એકાંતિક ભક્ત હતા. અખંડ હરિનું સ્મરણ કરે. એક દિવસ ખેતી કરવા ખેતરમાં ગયા. વિચાર આવ્યો વરાહઅવતાર કેવો હશે ? ત્યાં શીતળ શાંત પ્રકાશ છવાઇ ગયો. તેજના સમૂહમાં ચોવીસ અવતારનાં જુદી જુદી આકૃતિમાં દર્શન થયાં, પછી ચોવીસ અવતારો શ્રીજીમહારાજના સ્વરૂપમાં લીન થઇ ગયા. રત્નો કરે ધ્યાન કરતાં ધંધો. તેને આપી દિવ્ય ગતિ એવા અનંત ચમત્કાર પ્રગટ મૂર્તિમાં અપાર અચરજ કારી છે.



મેઘજી હલવાઇ હતો. તે ઉકળતા તેલમાં ભજીયાં તારે. પણ ઝારાની જરૂર ન પડે. પોતાના હાથેથી. ઉકળતા તેલમાંથી ભજીયાં કાઢી લે. જરા પણ દાઝે નહીં. એવાં આશ્ચર્ય સ્વામી કહે છે મેં ઘણાં જોયાં છે. તેમાં રતિ ન દાઝે હાથ એ છે શ્રીહરિનો પ્રતાપ હવે ડોસાભાઇની વાત સ્વામી લખે છે.

**વળી એક ડોસો યવન, અચ. તેને થયું હરિનું દર્શન, અચ. ॥**
**રહી મૂર્તિ અંતરમાંઇ, અચ. ભૂલ્યો દેહ દિસે નહિ કાંઇ, અચ. ॥**
**તેને બાપે બાંધ્યો બંધે, અચ. રોક્યો ઘરમાં ઘાલી સંબંધે, અચ. ॥**
**આપ્યાં કમાડ દીધાં તાળાં, અચ. બેઠાં બારણે રખવાળાં, અચ. ॥**

અમદાવાદમાં ડોસાભાઇ નામે એક મુસલમાન રહેતા હતા, ખેતીવાડીનો ધંધો કરે. શ્રીજીમહારાજ કાઠી દરબારોની સાથે અમદાવાદ તરફ આવે છે. માણકી ઘોડી ઉપર સવાર થયા છે. કાને કુંડળ મસ્તક પર સોનેરી પાઘ શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં છે. ગુલાબના પુષ્પનો હાર કંઠમાં શોભે છે. ચરણમાં મખમલની ચાખડી અને હાથમાં ઘોડીની લગામ, મંદહાસ્ય યુકત મુખારવિંદ અદ્‌ભૂત શોભેછે, શ્રીહરિની સાથે કાઠીઓ પણ ઘોડા ઉપર શ્વેત વસ્ત્રો પહેરી માથા ઉપર મોટી મોટી પાઘડીઓ બાંધીને સજ્જ થયા છે. પુરજોસમાં ઘોડા ચાલ્યા જાય છે.

ડોસાભાઇ પોતાના ખેતરની ભીત ઉપર ઊભા રહિને આ બધું જુવે છે. વિચાર કરતા થઇ ગયા. આ કોણ આવે છે ? કોઇ રાજા મહારાજા આવતા લાગે છે. વટેમાર્ગુને પૂછ્યું, આ કોણ આવે છે ? આ સ્વામિનારાયણ ભગવાન આવે છે. સાથે એમના સેવકો છે ! સ્વામિનારાયણ નામ સાંભળી સ્તબ્ધ થઇ ગયા. ભગવાનનું સ્વરૂપ અને નામ હૃદયમાં સ્થિર થઇ ગયું. નીરખી નીરખી ને દર્શન કર્યાં. મૂર્તિ અંતરમાં ઉતરી ગઇ ભગવાનને મળવા માટે અંતર અધીરું બની ગયું. ધીરા અવાજે સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ સ્મરણ થયા જ કરે છે. જલદી જાઉં ને ભગવાનને મળું.

અમદાવાદમાં મંદિરમાં આવ્યા. શ્રીજીમહારાજ ઢોલીયા ઉપર વિરાજમાન થયા છે. ચારે બાજુ સંતો અને ભક્તજનો બેઠા છે. એક નજરે નીરખી નીરખીને દર્શન કરે છે. ત્યાં સમાધિ થઇ ગઇ. અક્ષરધામનાં દિવ્ય દર્શન થયાં બે કલાક પછી જાગ્યા. પ્રભુને પગે લાગીને કહ્યું મને તમારો આશ્રિત કરો. હું તમારા ચરણે ને શરણે આવ્યો છું, પ્રભુએ વ્રતમાન ધરાવ્યાં અને પૂજા પાઠની બધી રીત ભાત શીખવાડી. પછી ડોસાભાઇ પોતાના ઘેર આવ્યા.

સગાં સંબંધીને સત્સંગ રાખે છે તે ગમતું નથી, આપણે મુસ્લીમ છીએ અને હિંદુનો ધર્મ આપણાથી પળાય નહિ. મૂકી દે, નહિંતર અમારી સાથે રાખશું નહિ. ખૂબ ખીજે છે. એક દિવસ મારી કુટીને અંધારા ઓરડામાં ચાર પાંચ દિવસ સુધી પુરી મૂક્યા, કાંઇ ખાવા પીવાનું આપતા નથી. ડોસાભાઇ અખંડ સ્વામિનારાયણ સ્વામિનારાયણ જાપ કર્યા કરે છે. ભક્તિની શક્તિથી પોતાની મેળે દરવાજા ખૂલી ગયા. બહાર બેસીને માળા ફેરવે છે. બધાંને આશ્ચર્ય થયું કેવી રીતે બહાર આવ્યો હશે.

પછી પાછા ઓરડામાં પૂરી દીધા. દોરડાથી જકડીને થાંભલા સાથે બાંધી દીધા. દરવાજા બંધ કરી તાળુ વાસી દીધું હવે કેમ નીકળશે. પોતે ઢીલો થઇ જશે ને હિંદુ ધર્મ તજી દેશે. આઠ દિવસ સુધી કાંઇ પણ જમવા કે પાણી પીવા આપતા નથી. ડોસાભાઇ અખંડ સ્વામિનારાયણ સ્વામિનારાયણ મનમાં બોલ્યા જ કરે છે. જપની શક્તિથી દોરડાં છૂટી ગયાં, દરવાજો ખૂલી ગયો નિરાવરણ દૃષ્ટિ થઇ ગઇ અને ગામ ધોળકા પહોંચી ગયા, ત્યાં સગાંસંબંધી હતાં. તે પાછા અમદાવાદ મૂકી આવ્યાં. હવે સગાંસંબંધીનો ક્રોધ વધી ગયો. તેથી પોતાના ખેતરમાં જમીનમાં ખાડો ખોદી દીધો. બેસી જા ! આ ખાડામાં ? ડોસાભાઇ સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલતાં ખાડામાં બેસી ગયા.

**હરિ શરણાગત જે થયા તેનો બેડો પાર.**

નિર્દય સગાસંબંધીએ તેના ઉપર ધૂળ વાળી દીધી, ધરતીમાં જીવતા દાટી દીધા. બધા ઘેર જતા રહ્યા. હવે ઢીલો થઇ જશે ને હિંદુ ધર્મ તજી દેશે. પણ રામ રાખે તેને કોણ ચાખે. ભગવાનની કૃપાથી ફુલની જેમ બહાર નીકળી ગયા. ઘરમાં બેઠા બેઠા માળા ફેરવે છે. એ આપણાથી પહેલાં આ ડોસાભાઇ આંહી આવી ગયા. બધા આશ્ચર્ય પામી ગયા, વિચાર કરે છે. આ કોઇ સાધારણ ભક્ત નથી. એના ઉપર ખુદાની પૂરેપૂરી મહેર છે. તેથી માફી માગતાં કહે છે. અમે તમને ખૂબ દુઃખી કર્યા છે. તે અમારું અજ્ઞાન છે. અમને ક્ષમા કરો અને તમે જે કરો છો તે બરાબર છે.

પછી ડોસાભાઇ અમદાવાદના મંદિરમાં આવ્યા. શ્રીજીમહારાજના પાર્ષદ તરીકે મંદિરમાં રહ્યા. ખૂબ સેવા કરે છે. જીવન ધન્ય બની ગયું. આ છે પ્રભુ નામનો પ્રતાપ. સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપ્યા કરો ને હરિનામ રટ્યા કરો. અંતે ખરું એજ કરવાનું છે. જીવન સાર્થક થશે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

**આ મૂર્તિ છે અલૌકિ, અચ. માનો માન મનનું મૂકી, અચ. ॥**
**આ મૂર્તિનો મહિમાય, અચ. કોટિ કવિયે કેમ કહેવાય, અચ. ॥**



**એવી મૂર્તિ છે આજની, અચ. હરિજનના સુખ સાજની, અચ. ॥**
**સહુને પાર આવ્યા છે પોતે, અચ. જન સુખિયા થાય સહુ જોતે, અચ.**
**એવી મૂર્તિ સુખમય સારી, અચ. તે તો દ્વિજ ધર્મ ઘર ધારી, અચ. ॥**

નિષ્કુળાનંદ સ્વામી શ્રીજીમહારાજનો મહિમા ગાય છે. ભગવાન અલૌકિક અને સુખમય છે. વેદ પુરાણો અને સ્મૃતિઓ પ્રભુના અહર્નિશ ગુણ ગાય છે. આ જગતની અંદર પ્રભુ જેવા તો એક પ્રભુજ છે. એના જેવો બીજો કોઇ થશે નહિ આ જગતમાં સૂર્ય જેવા એક સૂર્ય જ છે. બીજો એના જેવો કોઇ નથી.

**ધન્ય ધન્ય દ્વિજ ધર્મકુમાર, અચ. કર્યા બહુ જીવ ભવપાર, અચ. ॥**
**તે ગણતાં ન ગણાય, અચ. કહ્યો મૂર્તિનો મહિમાય, અચ. ॥**
**મોટપ્ય કહેવા મૂર્તિતણી, અચ. હતી હામ હૈયામાં ઘણી, અચ. ॥**
**પુરી થઇ પામ્યો આનંદ, અચ. એમ કહે નિષ્કુલાનંદ અચ. ॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. મને ઘણા દિવસથી શ્રીસ્વામિનારાયણ ભગવાનનો મહિમા ગાવાની અને લખવાની હૈયામાં ઘણી હામ હતી તે આજે પૂરી થઇ. ખૂબ આનંદ થયો. હરિ સ્મૃતિ ગ્રંથ અંતરની આંખ ઉઘાડે છે. જીવનનું સાચું ધન શાંતિ અને આનંદ છે.

**આ ગ્રંથ પ્રગટ ઉપાસકને સારો લાગશે.**

સ્વામી હૃદયપૂર્વક આશીર્વાદ આપે છે. ભગવાન સ્વામિનારાયણની કૃપાથી અને સંતોના આશીર્વાદથી જે કાંઇ સમજાયું એવું તમારી આગળ રજુ કર્યું છે. આ ગ્રંથનો પાઠ કરશે, વાંચશે, સાંભળશે, કથા કરાવશે, તે દેહના અંતે અક્ષરધામને પામશે. ભગવદ ભક્તોને આવા આશીર્વાદ આપી નિષ્કુળાનંદ સ્વામી. હરિસ્મૃતિના રસામૃતની અમૃતધારા શ્રીહરિના ચરણે સમર્પિત કરે છે.

આ ગ્રંથ કરવામાં કાંઇ પણ ક્ષતિ રહી ગઇ હોય તો ભગવાન સ્વામિનારાયણ ક્ષમા આપો. એવી પ્રાર્થના.

**ઈતિ શ્રી નિષ્કુળાનંદ મુનિ વિરચિતે શ્રીહરિસ્મૃતિ મધ્યે**
**સપ્તમ્ ચિંતામણિ-૭**

**હરિસ્મૃતિ સમાપ્ત**

---

।। સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।

# અરજીવિનય અમૃતધારા

નિષ્કુળાનંદ સ્વામી શ્રીહરિની અરજી વિનય ગ્રંથની શરુઆતમાં મંગલાચરણ કરી શ્રીજીમહારાજની સ્તુતિ કરી ગુણગાન ગાય છે.

**છપયછંદ – જયજય મંગળરૂપ અનુપ જય જગવંદ, જય જગકારણ તારણ ભવ ભંજન દુઃખદ્વંદ્વ । જયજય મહારાજ અધિરાજ અકળ અજીતં, જયજય કંદન કાળ દયાળ નરતન નીતં । જય જનરંજન ભય ભંજન બુદ્ધિ દેણ મુદા, શ્રીસહજાનંદ આનંદકંદ વારમવાર વંદુ સદા ।।**

વારંવાર નમસ્કાર કરું છું. જે ભક્તજન હરહમેશ ભગવાનની જય બોલે છે.. તેની જય થાય છે.. હે પ્રભુ તમે આનંદકંદ છો.. શેષ, શારદા, નારદ, ઈંદ્ર, ચંદ્ર, સૂર્ય. સદાય તમોને વંદન કરે છે.. તમે સંકટ હરો છો.. સદા સખરૂપ છો.. તમારું ભજન સ્મરણ કરે છે. તે કદી કંગાલ હોતા નથી. સહસ્રફેણથી શેષનારાયણ તમારા ગુણ ગાય છે. તમારો અપાર મહિમા છે. તેનો પાર નથી.. શ્રી સહજાનંદ આનંદ કંદ વારંવાર વંદુ સદા.

**છંદ મોતીદામ –**

**અપાર અપાર અપાર ગોપાળ, અપાર અપાર અપાર દયાળ ।**
**અપાર અપાર અપાર અજીત, અપાર અપાર કો પાર ન લીત ।।**

નિષ્કુળાનંદ સ્વામી અરજી કરે છે. તમારી અપાર લીલા છે.. તમે અનેક અવતાર ધારણ કરો છો.. ભક્તજનની બાળકની જેમ રક્ષા કરો છો.. બાળક જેવા નિખાલસ બનીએ તો ભગવાન રક્ષા કરવા તૈયાર છે..

**અપાર અપાર કૃષ્ણ અવતાર, કિયે રાસ ક્રિડા અમિત અપાર ।**



**અપાર બને બુદ્ધ બળ અનંત, જેણે જગઅઘ આણ્યો સબ અંત ।।**

કૃષ્ણાવતારમાં રાસક્રીડા કરી ગોપ ગોપીને ખૂબ સુખ આપ્યાં છે.. ભક્તના ભીડ ભંજન છો.. સદા સુખધામ કરુણાનિધિ પૂરણ કામ સુખ સાગર શ્યામ સુજાણ જય પ્રેમી જનના જીવનપ્રાણ..

**જય રસરૂપ રેલાવર રાજ, કરે રસરૂપ નિજ્જન કાજ ।**
**જય રસરૂપ મૂરતિ રસિક, ઠેરો રૂપ ઠાકુર હૃદયે ઠીક ।।**
**જય રસરૂપ કરો રસરેલ, આવી મુજ પાસ વસો અલબેલ ।**

નિષ્કુળાનંદ સ્વામી અરજી કરે છે. સહજાનંદ સ્વામી સમસ્ત બ્રહ્માંડોના મહારાજાધિરાજ છે. અક્ષરધામ તેમનો દરબાર છે. એ દરબારમાં અરજી કરનાર કોઈ દુઃખી રહેતું નથી. નિષ્કુળાનંદ સ્વામી પણ શ્રીહરિના દરબારમાં પોતાનું દુઃખ દૂર કરવા અરજી કરે છે. સ્વામીને ભગવાનનો અતિશય વિયોગ થયો છે. અને ભગવાનના દર્શન વિના ઉદાસીનતાથી પીડાય છે. એ પીડાને નિવારવા નિષ્કુળાનંદ સ્વામી સહજાનંદ સ્વામીના દુઃખભંજન દરબારમાં પોકાર કરી અરદાસ :- અરજી કરે છે, હે પ્રભુ પુરો મમ આશ અહોનિશ દરશ વિના ઉદાસ. કરગરું તુંજ આગે કરજોડ, હરિ રંકસાથે ન કીજિયે હોડ.. આયો તુજ શરણમેં હું અનાથ. હરિ કરી હેત ગ્રહો મમ હાથ.. આવ્યો હું અનાથ તુંજ દરબાર, મહેર કરો હવે મોરાર.. પ્રભુ નહિ તરછોડીયે પાર. શામળીયા કરી જોશે સાર. અલબેલા તમે મારા આધાર.. નિષ્કુળાનંદ સ્વામી ગદગદિત થઈ ગયા છે.. અંતરમાંથી ઉદ્ગાર સરકી જાય છે..

**અવગુણ એક ન જોશો અમારો, તમે ગુણ નાથ ગ્રહેજો તમારો ।**
**દુરબળ દાસ જોઈ દયાળ, કૃપા હવે કરી જોશે જો કૃપાળ ।।**
**પડ્યો તુંજ પલ્લે હું પ્રાણ આધાર, વિશ્વંભર હરિ કરો મુજ વા'ર ।**

હે પ્રભુ મારી અરજી ઉરે ધરો.. અમારામાં અનેક અવગુણ હશે. તમે દાસના અવગુણ જોશો નહિ.. તમારા શરણે ને ચરણમાં આવ્યો છું.. તમે મારા પ્રાણના આધાર છો.. એક વાતનું ધ્યાન રાખજો.. સ્વભાવ સુધારવો જોઈશે.. નહિતર ભવના ફેરા ટળશે નહિ..

શ્રીજીમહારાજે એક વખત બે પાર્ષદને કહ્યું. તમે ભાવનગર વજેસિંહ રાજા પાસે જાવ. દાદાખાચરના ગામગરાસ વિષે કામ છે તે કરી આવો. બે પાર્ષદો દરબારમાં આવ્યા. રાજા કચેરીમાં બેઠા છે. કામ કાજ પતાવી લીધું. વજેસિંહ રાજા કહે છે.

અમારી પાસે એક કૂતરો છે. કોઈને વળગતો નથી, મારતો નથી, ભસતો નથી. અભક્ષ ખાતો નથી. કોઈના એંઠા રોટલા ખાતો નથી. નિર્માની થઈને બેઠો હોય છે. તમે તે કૂતરાને ગઢપુર લઈજાવ. દાદાખાચરને આપજો ત્યાં સુખી થાશે ને પ્રભુનાં દર્શન થાશે. બે પાર્ષદોએ તે કૂતરો લાવીને દાદાખાચરને આપ્યો. શ્રીજીમહારાજ સભામાં વિરાજમાન છે. કૂતરો એક નજરે શ્રીજીમહારાજ સામે જુવે છે. માથું હલાવી નમસ્કાર કરે છે.

**જાણે કહેતો હોય કે મારો મોક્ષ કરો**

દાદાખાચરે પૂછ્યું. હે પ્રભુ ! આ કૂતરાનાં એવાં શું પુણ્ય હશે કે સાક્ષાત પરમેશ્વરનાં દર્શન થયાં. આ પવિત્ર ચરણરજમાં બેસવા મળ્યું. પ્રભુ બોલ્યા. આ પૂર્વજન્મમાં ઋષિ હતો. ભક્તિ ભજન કરતો તેના પુણ્યથી દાદાખાચના દરબારમાં આવ્યો છે. કુતરો ભાગ્યશાળી છે. પ્રગટ પુરુષોત્તમનો યોગ પ્રાપ્ત થયો. દાદાખાચરે પૂછ્યું હે પ્રભુ ! પૂર્વજન્મમાં ઋષિ હતો તો કૂતરાનો અવતાર કેમ લેવો પડ્યો. શ્રીજીમહારાજે કહ્યું. ઋષિ હતો પણ ક્રોધી અને માની સ્વભાવને લીધે સંતો અને ભક્તોનો ખૂબ દ્રોહ કરતો. અપમાન કરતો. અભિમાનના લીધે મનમાં ફુલાતો કે મારા જેવો કોઈ હોશિયાર નથી. હું ગુણવાન છું.. મારાથી બધા ડરે છે. કૂતરાની જેમ બીજાથી ઝગડા કરતો તેથી બીજો જન્મ તેને કૂતરાનો મળ્યો છે. હવે પસ્તાવો થાય છે ને રાત દિવસ રડ્યા કરે છે. મેં મોટી ભૂલ કરી. ઊંચે કુળે અવતાર પામી મેં મારો સ્વભાવ સુધાર્યો નહિ. તેથી પશુયોનીમાં રખડું છું..

**સંતોની નિંદા કરતો ગયો , બીજે જન્મે કૂતરો થયો.**

માણસને સારા કાર્યનું માન બહુ નડે છે. તેથી બીજાનો તરત અભાવ આવી જાય છે. આપણે એકાદશીનો ઉપવાસ કરીએ. અને બીજા ફરાળ કરે તો તરતજ તેનો અભાવ આવે. આવી રીતે ગુણ અને સાધનનું માન બીજાનો દ્રોહ કરાવે છે. તેથી પોતાનું જ પતન થાય છે. ભલાઈમાં ભાગ રાખવો અને બીજાનું ભલું કરવું.. નિંદા નરકમાં નાખે છે. સંતોની નિંદા માતા પિતાના અપરાધ.. અવતારોની નિંદા તેની પ્રાયશ્ચિતથી પણ શુધ્ધિ થતી નથી. નીચ યોનીમાં ભટકે છે. ને કર્યાં કર્મ ભોગવે છે..

**દોહા – સૂણો પોકાર શ્યામળા, અમતણી અરદાસ ।**
**ભવદુ:ખ ભંજન ભેટતાં, દુ:ખી રહે કેમ દાસ ॥**
**તમે સદન છો સુખનું, મદનમૂર્તિ મહારાજ ।**
**કષ્ટ સબ કંદન કરો, વદન દેખાડી વ્રજરાજ ॥**



**સંભારતાં સંકટ ટળે, ચિતવતાં ચિત્ત લોભાય ।**
**નયણે નિરખું નાથજી, ત્યારે તાપ સમાય ॥**
**શાંતિ વળે શરીરમાં, મુખ જોતાં મહારાજ ॥**

નિષ્કુળાનંદસ્વામી કહે છે. મૂર્તિ તમારી માવજી. સુંદર સુખ ભંડાર વણ દીઠે વ્યાધિ વધે, અંતર જલે અપાર.. મુખ જોતાં માવજી શાંતિ વળે શરીર.. જેના રગરગમાં ભક્તિ નિવાસ કરીને રહે છે. તે વ્યક્તિ નિર્ધન હોવા છતાં પણ ધન્યવાદને પાત્ર છે. કારણકે ભક્તિરૂપી દોરીથી બંધાઈને સ્વયં પરમાત્મા પોતાના ધામને છોડીને ભક્તોના મધ્યમાં આવી નિવાસ કરે છે. ભગવાનની નિષ્કામ ભક્તિ મુક્તિ કરતાં પણ મહાન છે. જઠરાગ્નિ ખાધેલા અન્નને પચાવે છે. નિષ્કામ ભક્તિ વાસનાને બાળીને ભસ્મ કરી નાખે છે.

પ્રભુનું સ્મરણ કરવાથી આધિ, વ્યાધિ ઉપાધિ દૂર થાય છે. ભાવથી ભક્તિ કરે છે તેની ભક્તિ ભગવાન સુધી પહોંચી જાય છે. ભગવાન સાથે સતત સંબંધ રાખવો. અંગો અંગ સંભાળતાં થાવું સદાય સનાથ . છંદ મોતીદામ –

**શોભે પગતળે સદા ચિહ્ન સોળ, આવે અવલોકતાં સુખ અતોલ ।**
**સ્વસ્તિ અષ્ટકોણ સોયે અતિસાર, જવ જાંબુ જોયે હોયે જયકાર ॥**
**વજર પતાક અંકુસ વિશેખ, આપે જો આનંદ અંબુજ ઉધ્વરેખ ।**
**દક્ષણહિ પાવ નવે ચિહ્ન દેખ, વામ પાયે સાત શોભે જો વિશેખ ॥**

સ્વામી કહે છે, સોળ ચિહ્નનું જે સ્મરણ કરે છે. તેનાં પાપ બળી જાય છે, ચરણ, પેની, ઘૂંટી, કાંડાં, ગોઠણ, ઉદર, નાભિ, કંઠ, ચિબુક, શોભે પોંચો આંગળી સહિત. ચિંતવતાં પાપી થાય પુનિત. મંદ મંદ હસીને મહારાજ.. દયાળુ હરો છો દિલની દાઝ.. જેના હૃદયમાં પરમાત્માનો દિવ્ય ભક્તિનો પ્રકાશ પથરાય તેના હૃદયમાં આઠે પહોર આનંદ રહ્યા કરે છે. તે છતે દેહે અક્ષરધામના જેવું સુખ ભોગવે છે.. પણ એક શરત ! અનન્યભાવથી પરમાત્મામાં જોડાઈ જવું જોઈએ. સિંહની હાક વાગે અને શિયાળીયાં નાસી જાય. તેમ પરમાત્માની ભક્તિનો નાદ જાગે તો પાપ ભાગે છે.

**નખશિખ શોભા કહી કેમ જાય, અપાર અપાર અપાર કે'વાય ।**
**મનોહર સુંદર મૂરતિ માવ, ભાળી મુજ ભિતર આવિયો ભાવ ॥**
**ચોટ્યું ચિત્ત ચિંતવ્યે ચંદ ચકોર, મળ્યું મન મેઘ મળે જેમ મોર ।**

**જળ વિના મીન ન રહે જો જેમ, પ્રભુ તમ સાથે થયો મારે પ્રેમ ॥**

સ્વામી કહે છે. પાણી વિના માછલી જીવી ન શકે તેમ હે પ્રભુ તમ સાથે થયો મારે પ્રેમ. ચકોર પક્ષીના જેમ અમને તમારા સાથે પ્રેમ થયો છે. સ્વામી દ્દષ્ટાંત આપે છે. ચકોરને ચંદ્ર ઉપર પ્રેમ છે. ચંદ્ર ન દેખાય તો ચકોરના દુઃખનો પાર ન રહે. માછલાંને પાણીમાં પ્રેમ છે. પાણી વિના તરફડીને મરી જાય છે. પતંગિયાને અગ્નિમાં પ્રેમ છે ચાતકને સ્વાતિ નક્ષત્રના બુંદમાં પ્રેમ છે. પિયુ પિયુ કરીને પોકારે છે. પણ બીજુ પાણી પીતો નથી, વરસાદ વરસે તો જ પાણી પીવે. નહિતર પિયુ પિયુ કરીને મરી જાય. નિષ્કુળાનંદની આવી સ્થિતિ છે. ભગવાન સિવાય રહી શક્તા નથી. ભગવાનમાં મન રાખવું પડતું નથી.. રહી જાય છે.

સ્વામી શ્રી હરિને પોકાર કરે છે.. મને એવો ભક્તિનો પાકો રંગ ચડી ગયો છે.. જેમ પડી પટોળે ભાત. સુખદેણ સુંદર શ્યામ સુજાણ, પ્રભુ તમે મારા છો જીવન પ્રાણ; બાંધી પ્રીત તુજ સાથે બળવાન, દીજે હવે દયાળુ દર્શન દાન. નવ રહિયે અમથી અળગા નાથ. શ્યામળિયા સદાયે રહેજો સાથ..

**સુખનું મૂળ પ્રભુ સ્મરણ અને પ્રાર્થના છે..**

શ્રીજીમહારાજ ગઢપુરમાં લીંબવૃક્ષ નીચે સભામાં ગાદી તકિયા પર વિરાજમાન થયા છે. ચારે બાજુ સંતો અને ભક્તો બેઠા છે. નીરખી નીરખી ને દર્શન કરે છે. પ્રભુ સૌને ઉપદેશ આપે છે. સ્વામિનારાયણ..સ્વામિનારાયણ મહા મંત્ર છે.. કાયમ રટણ કરે છે તેનાં દુઃખ હરાઈ જાય છે. કેવા દુઃખને પ્રભુ હરે છે. ? દેહનાં દુઃખ.. મનનાં દુઃખ અને જન્મ મરણ ગર્ભવાસનાં દુઃખોને હરે છે. અજાણતાં અગ્નિને અડો.. તો પણ એ દઝાડે છે. ને જાણીને અડો તો પણ દઝાડે છે. તેમ અજાણે ભગવાનનું નામ લેશે. તેનાં સર્વે પાતક બાળી જાશે. રોગી રોગથી અને દુઃખી દુઃખથી મુક્ત થાય છે. માનવીના મનમાં જ્યાં સુધી કામ હશે. ક્રોધ લોભ અહંકાર ઈર્ષા હશે, અને હરિનો રસ નહિ હોય, હરિસ્મરણ નહિ હોય ત્યાં સુધી એના દુઃખનું મૂળ ચાલુ રહેશે..હરિ સ્મરણ પરમપદની યાત્રા છે.. લીંબતરૂ પર હજારો પક્ષીઓ મીઠો ક્લરવ કરે છે. શ્રીજીમહારાજ બોલ્યા, દાદાખાચર !. આ પક્ષી અન્નના દાણા માગે છે. જુવારના દાણાના સૂંડલા ભરી લાવો.. દાદાખાચરે પૂછ્યું. કેટલા દાણા લઈ આવીએ..

શ્રીજીમહારાજે કહ્યું પંદર વીસ મણ દાણા લાવો. શ્રીહરિ પોતાના હાથે ખોબા ભરી ભરીને પક્ષીઓને દાણા નાખે છે. ટોપલા ભરીને જોરથી વૃક્ષ ઉપર ફેંકે કે



પક્ષીઓ અધ્ધરાધ્ધર દાણા ઝીલીલે. પાંદડાં ઉપર હોય તે તરત ચણી જાય. મીઠો મધુર ક્લરવ કરતાં જાય. શ્રીજીમહારાજ સામે જોતાં જાય.. દર્શન કરતાં જાય ને આનંદથી દાણા ખાતાં જાય. પક્ષીઓ આજે ભાગ્યશાળી થઈ ગયાં.

દાણા ખાઈને તૃપ્ત થયાં ત્યારે શ્રીજીમહારાજે બે હાથની જોરથી તાળી પાડી કે તુરંત તમામ પક્ષીઓ ફરરર કરતાં આકાશ માર્ગે ઉડી ગયાં, આગળ જતાં અદ્રશ્ય થઈ ગયાં. એક પક્ષી બાકી નથી. ત્યારે દાદાખાચર બોલ્યા, હે મહારાજ ! પક્ષીઓ અદ્રશ્ય થઈ ગયાં તે કોણ હતાં ? શ્રીજીમહારાજ કહ્યું. સ્વર્ગના દેવતાઓ (તેત્રીસ કરોડ) અને અક્ષરધામના મુક્તો અમારાં અને સંતસભાનાં નિત્ય દર્શન કરવા આવે છે.. ઘણા દિવસોથી અરજી કરતાં હતાં કે અમને તમારાં દર્શન અને પ્રસાદનો લાભ આપો.. તેથી તેઓ પક્ષીઓનાં રૂપ ધરીને અમારાં દર્શન કરવા આવ્યા હતા.. આ છે પ્રસાદીનો પ્રતાપ...

નિષ્કુળાનંદની કલમ જોતાં એમ લાગે છે કે શ્રીજીમહારાજ પોતાની લીલા સંકેલી અક્ષરધામાં ગયા. ત્યાર પછીના વિયોગમાં સ્વામી શ્રીજીમહારાજને અરજી કરતાં વિનવે છે. હે પ્રભુ . !

**પે'લી હરિ કરી તમે બહુપ્રીત, અમપર હેત કરીયું અમિત ।**
**વિધવિધ વા'લા દેખાડી જો વા'લ, નેક રીતે જો કેમ નંદલાલ ॥**
**પરહરો પ્રભુ લહી કેમ પ્રાણ, શ્યામળિયા નાથ ન ઘટે સુજાણ ।**
**તમ વિના બુઝે કેમ તનતાપ, અમારે જો અંતર રે'છે ઉતાપ ॥**
**દિઠા વિના દીલ દાઝે જો દયાળ, જોયા વિના જીવન ન સમે ઝાળ ।**

આંખ તમને મળવા અકળાય છે દીઠા વિના દિલ દાઝે છે સ્વામી કહે છે. જેવું શ્રીજીમહારાજે મોક્ષનું કાર્ય કર્યું છે. તેવું દુનિયામાં બીજા કોઇ અવતારે કર્યું નથી. પાંચસો પરમહંસો સાથે લઈને આવ્યા હતા સંતો દ્વારે અનેકનાં કલ્યાણ કર્યાં. છે સંતો અને ભક્તોને યાદ કરતાં સ્વામી રડી પડે છે. ઉત્સવમાં આપણી સાથે રમતા-જમતા હેતથી બોલાવતા. હાર પહેરાવી રાજીપો વ્યક્ત કરતા.. બાથમાં લઈને ભેટતા.. આવી લીલાને યાદ કરતાં આંખમાં આંસુ આવી જાય છે. નિષ્કુળાનંદ સ્વામીની કલમમાં કરુણભાવને વ્યક્ત કરવાની અદ્દ્ભુત શક્તિ હતી. શ્રીજીના વિયોગમાં પોતે રચેલાં કરુણભાવ ભર્યાં કીર્તન સભામાં જ્યારે ગાતા ત્યારે હજારો ભક્ત ચોધાર આંસુએ રડી પડતા. સ્વામી કહે છે :-

એક ક્ષણ યુગ જેવી જાય છે. આવો.. પ્રભુ આવો.. અંગોઅંગ ભેટું આવોને અલબેલા. રસિયાજી આવી કરો રસરેલ નિરખુ હું નયણ ભરી જો નાથ શ્યામળિયા થાઉ ત્યારે હું સનાથ.. હે પ્રભુ ! અણદીઠે અંતર મારું ઉદાસ રહે છે .. આવો પ્રભુ આવો.. પ્રીતે રહો મારા અંતરમાં અવિનાશ.. હે કેશવ ભવસાગરમાં ડૂબતાં તમે અમારા હાથ ઝાલીને બહાર કાઢ્યા છે. હવે એવાં લાડ ક્યારે લડાવશો. આવાં કલ્યાણ કારી લીલા ચરિત્રોને યાદ કરી તાજાં કરે છે. સમે સમે શ્રીજીની શરણાગતિ માગે છે. આપણને શીખવવા માટેની કથા છે.

**કદાચિત હોય મુજ કઠણ કર્મ, શરણે આવ્યો શ્યામ રાખીયે શર્મ ।**
**ન કરશો નાથ એવી મુજમાથ, આવ્યો તુંજ શરણ હું જ અનાથ ।**
**રાખીયે રાખીયે શરણે હો રાજ, લક્ષ્મીવર તુજને છે જો લાજ ॥**
**કર્યાં જેમ આગે અનેકનાં કાજ, એમ હરિ અમારું કરીયે આજ ।**

નિષ્કુળાનંદસ્વામી કહે છે. હે લક્ષ્મીના પતિ.. હું તમારે શરણે આવ્યો છું. હે શરણાગત પ્રતિપાળ તમે અનેક ભક્તોની રક્ષા કરી છે. પ્રહ્લાદજીને ઉગારી લીધા. ધ્રુવજીને અવિચળ પદ આપ્યું. અહલ્યાનો ઉધ્ધાર કર્યો. ભીલડીનાં બોર જમ્યા. વિભીષણને લંકાનું રાજ્ય આપ્યું. કાગભુશંડીની સહાય કરી.. જટાયુ ગીધરાજને ગતિ આપી મિત્ર સુદામાની ગરીબી દૂર કરી. અક્રૂરજીને યમુનાધરામાં દર્શન આપ્યાં. વૃજવાસીને દાવાનળથી બચાવી લીધા, કુબજાના મનોરથ પુરા કર્યા. ઉગ્રસેનને મથુરાનું રાજ્ય અપાવ્યું, જરાસંધનો નાશ કર્યો..

પાંડવોની સહાયતા કરી. દ્રૌપદીજીની ભરી સભામાં લાજ રખી. પરીક્ષિત રાજાની ગર્ભમાં રક્ષા કરી. અજામિલનો ઉધ્ધાર કર્યો. એક ભક્તના કારણે પ્રભુ તમે લીધો અવતાર તમારાં બાળકો છીએ. છોરું કછોરું થાય. માવતર કુમાવતર થાય નહિ.. હોય હરિ જો ગુના હજાર. અમને નભાવજો રાજા ધિરાજ .સાંભળો સાંભળો. શ્યામ સુજાણ. બરકી બરકી કરું બુંબરાણ. સ્વામી બે હાથ જોડી અંતરમાં પ્રભુને સંભાળી કહે છે,

**પ્રભુ હવે કરી રહ્યો હું પોકાર, વાલમ મન આવે તો કરજો વા'ર ॥**
**રાજ દરબાર કરી જો મેં રાવ, નજરમાં આવે તો કરજો ન્યાવ ।**
**અમે કરી છુટયા અમારો ઉપાય, શ્યામ હવે સુઝેતો કરજો સહાય ॥**



**પો'ચાડી પોકાર પ્રભુ તમ પાસ, અલબેલા અમતણી અરદાસ ।**
**અરજી એ સુણી દયા દલ આણ, શ્યામળીયા સજ થાયો જો સુજાણ ॥**

વિરહની વેદનાથી પ્રભુમાં પ્રીતિ ઉત્તરોત્તર વધી ગઈ. બોલી શકાતું નથી. કંઠ રૂંધાઈ જાય છે. દર્શન માટે જીવ તલપી રહ્યો છે પોકાર કરું છું તમ પાસ. અલબેલા અમતણી અરદાસ. આંખથી પ્રભુનાં દર્શન કરતા, કાનથી પ્રભુની કથા સાંભળતા, હાથથી સ્પર્શ કરતા. હવે અમને એવા દિવસ પાછા કયારે આવશે. તમારી વાણી સાંભળવા હું ઝંખું છું.

કવિત એકવીસો– ધાયે દ્રૌપદીકે કાજ રાખી હે મારા'જ લાજ, ગ્રહે જબ ગજરાજ કાજ હરિ ધાયે હો। ધાયે અજામેલ વા'ર આયકે કિયો ઉધ્ધાર, પતિત ઉતારે પાર વાર નહિં લાયેહો।

ગજરાજે પોકાર કર્યો. હે પ્રભુ ! બચાવજો. ઝુંડે મારો પગ પકડ્યો છે. પ્રભુ તમે તેને બચાવી લીધો. એવા દયાળુ છો. ગુણકાનો ઉધ્ધાર કર્યો. પાપ કરતાં અટકી ગઈ ને સત્ય માર્ગ સ્વીકારી લીધો.

છંદ ભુવન મંડેલ એ ઢાળ છે –

**જય જગવંદ કહે મુનિવૃંદ, જન ચકોર ચંદ સ્વે સુખકંદ ।**
**હરો દુઃખદ્વંદ બાલમુકુંદ, શ્રીસહજાનંદ આપો આનંદ ॥**
**સુખદ કારણં ભવ તારણં, જનોદ્ધારણં ભયનિવારણં ।**
**મોહમારણં કોપતારણં, શ્રીસહજાનંદ આપો આનંદ ॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, વન વગડે ભટક્તા તૃષાતુર થયેલા ને પરબ મળી જાય, પાણી મળી જાય, કાળઝાળ તાપથી તપ્ત થયેલાને ઘેઘૂર વૃક્ષની શીતળ છાયા મળી જાય, મધદરીયે ડૂબતાને હોડીનો આશરો મળી જાય તો તેને કેટલો આનંદ હોય ! એનાથી વધુ અને દિવ્ય આનંદ હે શ્રીજીમહારાજ તમારાં દર્શન સ્પર્શ અને પૂજનથી થાય છે. એવા શ્રી સહજાનંદ પ્રભુ આપો આનંદ. તમે ભવદુઃખ તારણ અને ભયનિવારણ છો. મોહ મમતાને દૂર કરનારા છો..

**જે પ્રભુના નામનો આશ્રય લે છે તેને**
**એક દિવસ પ્રભુનો સાક્ષાત્કાર જરૂર થાય છે.**

હે મહારાજ ! હું તમારો બાળક છું. તમે મારા પરમ પિતા છો. શ્રીજીમહારાજ

વચનામૃતમાં કહે છે. કોઈ અમને સાચો થઈને મન અર્પે અને લેશ માત્ર અંતરાય રાખે નહિ. તો તેમાં અમે કોઈ જાતની કસર રહેવા દેતા નથી પોતાના શરણાગત ભક્તનો શ્રીહરિ ઉધ્ધાર કરવા તત્પર છે. અંતરમાંથી મોહ મમતા અને વાસના જાય તો અક્ષરધામમાં જવાય..

એક કબો વણિક હતો, પુત્ર, પરિવાર માલ, ધનમાં માયા ઘણી હતી. કોઈ દિવસ સત્સંગ સભામાં જાય નહિ. પૂજા પાઠ કરે નહિ, સત્શાસ્ત્રો વાંચીને વર્તનમાં ઉતારે નહિ. સત્સંગ છે તે અધ્યાત્મિક શાળા છે. જે અનાસક્ત જીવી શકે તે ભક્તિ માર્ગે ચઢી શકે છે. કૂડ કપટ કરીને પૈસા ભેગા કર્યા. સમય જાતાં પુત્ર અને પત્નીનું મૃત્યુ થઈ ગયું. પુત્રની પત્ની એને રસોઈ કરીને જમાડે. કબા વાણિયાની પંચાસી વર્ષની ઉંમર થઈ છે.

પુત્ર અને પત્નીને અખંડ યાદ કરી કરીને રડ્યા જ કરે. પણ ભગવાનને યાદ કરે નહિ. દેવ દર્શન જાય નહિ. તેથી ગાંડો થઈ ગયો. બજારમાં ત્રાજવાં લઈને બેસે. પલ્લામાં ધૂળ નાખીને જોખે. આખી જિંદગી જે કર્યું હોય તે યાદ આવે ને ! ને જોરથી બોલે ધી..લઈ..જાવ..ધી.. વળી ધૂળ ઠલાવીને બે છાબડામાં કાંકરા ભરે.. ને રાડો પાડે.. સાકર લઈ.. જાવ..સાકર.. આવી રીતે દરરોજ રાડો પાડે ને રખડ્યા કરે, ચીંથરે હાલ થઈ ગયો..

શ્રીજીમહારાજ ગાદી તકીયા પર બેઠા છે. સંતો અને ભક્તો સાથે છે. પ્રભુએ પૂછ્યું. આ કોણ રાડો પાડે છે. ભક્ત જનોએ કહ્યું. કબો વાણિયો ગાંડો થઈ ગયો છે. પુત્ર અને પત્નીનુ મૃત્યૃ થઈ ગયું છે. તેથી મગજ ફરી ગયું છે. ને ત્રાજવામાં ધૂળ ભરીને જોખે છે ને રાડો પાડે છે. શ્રીજીમહારાજે કહ્યું. ભગવાન ભજતા નથી ને વાસના તજતા નથી. જ્ઞાન વૈરાગ્ય સહિત ધર્મનું પાલન કરતા નથી. તે બધા કબા વાણિયા જેવા ગાંડા છે ડાહ્યા હોય. તો તો ખબર હોય કે મારા અસલી માલિક કોણ છે ? ક્યાંથી આવ્યો છું.. ક્યાં જવાનું છે. આવી ગતાગમનો જેને ખ્યાલ નથી, તે મનુષ્ય જન્મ હારી જાય છે. ને જમપુરીમાં ધકેલાઈ જાય છે. બાજી હારી ગયો રે મનુષ્ય જન્મ પામી. પ્રભુ સુખનાધામ છે. તેનું શરણું સ્વીકારી લ્યો..

**સર્વે સુખધામ સંત વિશ્રામ, કરો મમ કામ સુંદર શ્યામ ।**
**પૂરો હરિ હામ કૌ'કરભામ, શ્રીસહજાનંદ આપો આનંદ ॥**
**જે જોઉં હું મુખ તો થાયે સુખ, જાયે દિલ દુ:ખ જો દેખું રુખ ।**



**ભાગે ભવભૂખ થાયે સંતોખ, શ્રીસહજાનંદ આપો આનંદ ॥**
**સ્વામી કરો સા'ય મહા દુ:ખમાંય, કરો વેળ્ય કાંય ગ્રહો હરિ બાંય ।**
**પ્રભુ લાગું પાય શ્રીરંગરાય, શ્રીસહજાનંદ આપો આનંદ ॥**

જેણે ભગવાનનું ભાવથી શરણું લીધું છે. તે સર્વે નિર્ભય થઈ ગયા છે. વડા પ્રધાન કે કલેક્ટર સાથે ગાઢ પ્રીતિ અને ઓળખણ હોય તો તેને લોકો હેરાન કરે નહીં. કેમકે તેને ડર હોય, જો તેને હેરાન કરશું તો પેલો વાયરો કાઢી નાખશે. તેમ આપણે ભગવાન સાથે પ્રીતિ રાખશું, ઓળખાણ રાખશું, તો ચોક્કસ નિર્ભય થઈ જઈશું. કામ ક્રોધાદિક અંતરશત્રુની તાકાત નથી. કે તમને હેરાન કરી શકે. સમજવા જેવી કથા છે. સહી વિનાનો ચેક બેન્કમાં સ્વીકારાતો નથી. તેમ પ્રેમ વિનાના હૈયાને પરમાત્મા કેમ સ્વીકારે. ! શ્રી સહજાનંદ સ્વામી આનંદકારી મૂર્તિ છે. નોધારાના આધાર છે.

**નિષ્કુલાનંદના નાથ એ સુણી ગાથ, શ્યામ રહો સાથ તો હું સનાથ ।**
**ભરીધરી બાથ મળી જે નાથ, શ્રીસહજાનંદ આપો આનંદ ॥**

॥ ઈતિ અષ્ટકં સંપૂર્ણમ્ ॥

સ્વામી કહે છે.. આવો મહારાજ. બાથમાં લઈને અમને ભેટો.. સનાથ કરો. સ્વામિનારાયણ ભગવાનને ધીરજાખ્યાન, હરિસ્મૃતિ તથા અરજીવિનય ગાવાની ઈચ્છા થઈ તેથી નિષ્કુળાનંદ સ્વામીને નિમિત્ત બનાવી આ ગ્રંથ પ્રકાશિત કર્યો છે. અદ્‌ભુત ગ્રંથ છે. સ્વામીએ અમૃતનો દરિયો સત્સંગીના હાથમાં આપ્યો છે.

**દોહા –દરદ મારે દરશનનું, દિઠે દુ:ખ પલાય ।**
**દયા કરી હરિ દીજીયે, રાજી થઈને રાય ॥**
**નયણાં ભરી નિરખશું, મોહન જ્યારે મુખ ।**
**ટળશે તનતાપ તયે, જ્યારે જોશું રુખ ॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે, તમારાં દર્શન થયાં તેથી તનના તાપ દૂર થયા. દિલની વાતો દિલમાં, કહીએ કેની પાસ. તમે હસીને બોલાવો નહિ, ત્યાં સુધી દિલ છે ઉદાસ.. અરજી એહ અમતણી સૂણી લ્યો અવિનાશ. હે હરિ તમારા શરણે રાખો. અમે છીએ તમારા દાસ.

**પદ પ્રબંધ છંદ । તમપર મારી તાન છે, કહે નિષ્કુળાનંદ ॥**
**શું લખી સંભળાવિયે, નથી નાથ અજાણ ।**

**અંતર બાહેર અમતણી, સબ જાણો સુજાણ ॥**
**તમે સદા સુખધામ છો, તમે સદા સુખકંદ ।**
**તમે સદા સુખરૂપ છો, જય જય સહજાનંદ ॥**

નિષ્કુળાનંદ કાવ્ય શાસ્ત્ર મૂળ ભાષામાં સમજવું સરળ નથી અતિ ગહન છે. પરંતુ આનંદની વાત એ છે કે અત્યારે તમારા હાથમાં નિષ્કુળાનંદ કાવ્ય અમૃતધારા કથા સાર છે તે ખૂબજ મધુર અને સમજવામાં સરળ થશે. દરેક સત્સંગીને ઈષ્ટદેવ શ્રી હરિની સર્વોપરી ઉપાસના અને ભક્તિની પુષ્ટિ માટે આ ગ્રંથ ખૂબ ઉપયોગી બનશે .

**અક્ષરધામના મુક્તનો રચેલો આ ગ્રંથ છે**

ભગવાનની કૃપાથી અને સંતોના આશીર્વાદથી જે કાંઈ સમજાયું એવું તમારી આગળ રહસ્ય રજુ કર્યું છે. વ્યાખ્યાન કરવામાં કાંઈ પણ ક્ષતિ રહી ગઈ હોય તો ભગવાન ક્ષમા આપે, અને જે કાંઈ સારું લાગ્યું હોય તો તે ભગવાનની કૃપાનું ફલ છે.

જે કોઈ ભક્તજન આ ગ્રંથનો અભ્યાસ કરશે. વાંચન, શ્રવણ અને મનન કરશે. કથા કરાવશે. તે અંતે ઉત્તમગતિને પામશે. નિષ્કુળાનંદ સ્વામી આશીર્વાદ આપી. અરજી વિનય અમૃતધારા રસામૃતની કથા શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણમાં સમર્પિત કરે છે..

**ઈતિ શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિત**
**અરજીવિનય ગ્રંથ : સંપૂર્ણ :**

---------------------

**કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા બુધ્યાત્મના વા પ્રકૃતેઃ સ્વભાવાત્ ।**
**કરોમિ યદ્ યદ્ સકલં પરસ્મૈ, નારાયણાયેતિ સમર્પયામિ ॥**

શરીરથી, વાણીથી, મનથી, ઈન્દ્રિયોથી બુધ્ધિથી, પ્રકૃતિના સ્વભાવથી જે કાંઈ કરુંછું છે તે સ્વામિનારારાયણ ભગવાનના ચરણમાં સમર્પણ કરું છું.
શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય, શ્રી નરનારાયણ દેવની જય.

**ધીરજાખ્યાન, હરિસ્મૃતિ, અરજીવિનય, અમૃતધારા સંપૂર્ણા.**

૨૭૮ ૨૭૯
૨૮૦
૨૮૧
૨૮૨
૨૮૩
૨૮૪
૨૮૫
૨૮૬
૨૮૭